

[illegible]
[illegible]

અમદાવાદ—શ્રી "ડાયમંડ જ્યુબીલી" પ્રિન્ટિંગ પ્રેસમાં
પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું

શુદ્ધિપત્ર.

પૃ.	લીટી.	અશુદ્ધ.	શુદ્ધ.
૧૨	૧૨	આધ	આશ
૧૩	૧	તારે ડુબાડે	તારે કે ડુબાડે
૨૩	૪	પોતાની	પિતાની
૨૭	૧૭	વખત	એક વખત
૨૬	૧૬	અસાધ	સવાલ
૩૧	૧	શિખરો	શિખવો
૪૦	૨૫	ખર	ખરા
૪૧	૬	અમને	સૌને
૪૨	૩	અને પરિસ્થિતિઓને	પરિસ્થિતિઓને
૪૪	૨૧	પરમ શુદ્ધત્વ	પરમ શુદ્ધ તત્ત્વ
૮૪	૨૧	અહાચાર	આહાચાર
૮૬	૧૦	કાર્પી	સર્પી
૯૦	૧૫	જાણશે	ભણશે
૯૦	૨૦	કળીયુગમા પણ	કલિયુગમા પણ છે.
૯૧	૨૩	આપવા કર્યો	આપ-લે કર્યો
૯૭	૫	વાક્યોનો દેખાવ	શબ્દોનો સ્વર
૧૧૪	૨	હાથ	લક્ષણ
૧૩૩	૧૦	રંધા હતો	રહ્યા હતા
૧૮૯	૧૫	સત્સંગ	સત્સંગમાં
૧૯૭	૨૩–૨૪	અંતઃરણમાંથીજ	અંતઃકરણમાંથીજ

ગ્રંથ સ્વીકાર.

ગ્રંથમાળાના ' મનારના સુખ " ના જન્મામાં પછીથી નીચેના પુસ્તકોની પહોંચ આભાર સાહિત સ્વીકારવામાં આવે છે. ખરીદવા ઇચ્છનારે આ સંસ્થાપર ન લખતાં પ્રસિદ્ધ કર્તાને જ લખવું.

નંદનવનને આંગણે—યોજનાર હરિનાથ દ્વારકાદાસ સંઘવી, પ્રકાશક મહેતા ગુલાબચંદ વજરાજ મુ અમરેલી. સોળપેજી પૃષ્ઠ ૧૪૦, ગ્લેજ કાગળ, સાદું પૂઠું મૂલ્ય રૂ. ૧)

પાંડવગુપ્ત નિવાસ—અનુવાદક કૃષ્ણલાલ વીમાવાળા, પ્રકાશક નટવર એમ. વીમાવાળા મુ સુરત સોળપેજી પૃષ્ઠ ૮૯, ગ્લેજ કાગળ, સાદું પૂઠું, મૂલ્ય રૂ ૦॥

ડૉ. મહાદેવપ્રસાદનો અમેરિકાનો પ્રવાસ અને ડૉ. કુહ્‌નેનું રૂપ પરીક્ષા શાસ્ત્ર—પ્રકાશક ભોગીલાલ ત્રિકમલાલ વકીલ–અધિપતિ 'ધન્વંતરી' મુ વિસનગર. રોયલ સોળપેજી પૃષ્ઠ ૧૫૨, મૂલ્ય રૂ. ૧)

મારો જેલનો અનુભવ—લખનાર મહાત્મા ગાંધીજી, પ્રકાશક ઇશ્વરલાલ વીમાવાળા મુ સુરત. રોયલ સોળપેજી પૃષ્ઠ ૧૧૨, રફ કાગળ, મૂલ્ય રૂ ૦॥

ભારતીય શિક્ષણનો ઇતિહાસ—લેખક અને પ્રકાશક–ચિમનલાલ માણેકલાલ જાની અને બાળકૃષ્ણ ચુનીલાલ જોશી મુ. વડોદરા. ક્રાઉન સોળપેજી પૃષ્ઠ ૨૦૮, ગ્લેઝ કાગળ, બોર્ડ પૂઠાનું પૂઠું, મૂલ્ય રૂ. ૧॥

...સ્વર્ગનું [illegible] સાહિત્ય—[illegible] [illegible] [illegible]
[illegible], પ્રકાશક [illegible] [illegible] [illegible], [illegible]
[illegible] શ્રી. અમદાવાદ પૃ ૧૪. મૂલ્ય ૨ [illegible]
[illegible] અને [illegible] [illegible]—પ્રકાશક [illegible] [illegible] શ્રી.
[illegible] પૃ ૫૮, મૂલ્ય [illegible]
[illegible] [illegible] [illegible] [illegible] [illegible]
[illegible]—પ્રકાશક [illegible] [illegible] [illegible]. શ્રી. સુરત. પૃ ૭૪.
[illegible] આપ્યું નથી.
[illegible] તથા [illegible] [illegible] [illegible]—અનુવાદક [illegible]
[illegible] [illegible] શ્રી. [illegible] પૃ ૧૬, મૂલ્ય આપ્યું નથી.
[illegible] [illegible] અને [illegible] [illegible] [illegible]—પ્રકાશક
[illegible] [illegible], [illegible] શ્રી. [illegible], પૃ ૪૮, [illegible]

રિપોર્ટો.

કોરવાડ-[illegible] લાયબ્રેરીનો અને ૧૯૨૦ નો.
અમદાવાદ—[illegible] [illegible] અને ૧૯૧૮-૧૯ નો.
અમરેલી-[illegible] મંડળ અને વિદ્યાર્થીઓનો ૧૯૨૦-૨૧ નો.
[illegible]-જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક [illegible] ૧૯૧૮-૧૯-૨૦ નો.
[illegible] હિંદુ અનાથાશ્રમ—[illegible] [illegible] ૧૯૨૨ નો.
[illegible] હિંદુ અનાથાશ્રમનો અને ૧૯૨૦ નો.

સંપાદકનું નિવેદન.

येन केन प्रकारेण यस्य कस्यापि देहिनः ।
संतोषं जनयेद्राम तदेवेश्वर पूजनम् ॥

પરોપકારનો મહિમા સમજાવતાં યોગવાસિષ્ઠમાં મહર્ષિ વસિષ્ઠ કહે છે કે, "હે રામ! ગમે તે પ્રકારે કોઈ પણ પ્રાણીને સુખી કરવું તેજ ઈશ્વરની પૂજા છે." બીજાને સુખી કરવાના આ પ્રભુપૂજાના અનેક પ્રકાર છે; પરંતુ સર્વને માટે સર્વોત્તમ સુખદાયક એવું જે મોક્ષપદ કે જેના કરતાં ઉત્તમ વસ્તુ અથવા લાભ બીજો કોઈ પણ કલ્પી શકાય તેમ નથી; જેના આગળ જગતની ઉત્તમોત્તમ વસ્તુ-સ્થિતિઓ પણ હિસાબમાં નથી; તેવી ઉત્તમ વસ્તુનો લાભ પ્રાણી-ઓને કરાવવો અથવા તેમને તે લાભને માર્ગે દોરવા; એના જેવી જનસેવા, પ્રભુપૂજા કે પુણ્ય કર્મ આ જગતમાં બીજું કોઈ પણ નથી. જ્ઞાનદાન અથવા આત્મદાન રૂપ આ જનસેવા કે પ્રભુપૂજનનો મહિમા આટલો બધો હોવા છતાં બીજા પ્રકારના દાન પૂજનની પેઠે આ દાનપૂજન પણ તેજ મનુષ્ય ખરા અર્થમાં કરી શકે છે કે જે તે મહા વસ્તુ અથવા આત્મધનને મેળવીને પૂર્ણકામ થઈ ચૂક્યો હોય. જે પોતેજ તરી ન શક્યો હોય તે બીજાને ક્યાંથી તારી શકે?

આવા અનુભવસિદ્ધ મહાત્માઓ જગતમાં વિરલજ હોય છે; તો પણ પરમપૂજ્ય ઋષિમુનિઓની પદરજ ધરાવનાર રત્નપ્રસૂતા ભારતભૂમિમાં અન્ય દેશ કરતાં એવા મુક્તાત્માઓનું પ્રમાણ વધારેજ રહેલું આવ્યું છે.

આપણા ચરિત્ર નાયક સ્વામી વિવેકાનંદજી તેમજ તેમના

ગુરૂદેવ ભગવાન રામકૃષ્ણ પરમહંસ પણ એવા બ્રહ્મવેત્તાઓજ હતા. એવા બ્રહ્મવેત્તાઓના મહત્વ વિષે અમે હવે કેટલુંક જણાવીશું.

દરેક મનુષ્ય-પ્રાણી તે પામર કોટીનો હોય કે મુક્ત કોટીનો હોય, પરંતુ તે જે કાંઇ વિચાર, નિર્ણય, ઇચ્છા, ક્રિયા વગેરે કરે છે, અને તેના જે કાંઇ શુભાશુભ ફળ ભોગવે છે, તે સઘળું ખરૂં જોતાં તેની ત્રિગુણાત્મક પ્રકૃતિ યાને દેહત્રયી વડેજ થાય છે આત્મા તો આ દેહત્રયીરૂપી નાટકશાળામાં મન-બુદ્ધિયાદિ ગુણો વડે નચાવ કરેના અનેક પ્રકારના નાચને નચાવનારો નિયામક છે.

મુક્તાત્માઓએ જીજ્ઞાસુ અવસ્થામાંજ રૂપનું મય તમજી પછી પોતાના મન-બુદ્ધિયાદિની અસાર વસ્તુસ્થિતિઓ તરફથી હવે સાર-ભૂત આત્મવસ્તુ તરફ [illegible] અને [illegible] પરાગ વડે [illegible] અજ્ઞાનમય [illegible] [illegible] ગુણો વડે [illegible] આત્મ [illegible] જીવન મુક્ત [illegible] [illegible] તાપસોમાં [illegible]

તે પરમ [illegible] [illegible]

પ્રકાશ કરે છે; તેમ એવા આત્મજ્ઞાનીના શરીરનું પણ બને છે. તેની શરીરસ્થિતિના મૂળ કારણરૂપ કારણ શરીર છેદાઈ જઈને અનાત્મામાંથી આત્મબુદ્ધિ છૂટી જવા છતાં પણ, પૂર્વનાં અજ્ઞ દશા સમયનાં વિવિધ ફલોન્મુખ થએલાં જે કર્મ-ઇચ્છા વગેરે પ્રારબ્ધોએ તેને વર્તમાન શરીરાદિ પ્રાપ્ત કરાવી આપ્યું હોય છે; તે પ્રારબ્ધનો વેગ જ્યાં સુધી પહોંચે ત્યાં સુધી તેનાં સ્થૂલ અને સૂક્ષ્મ શરીર પણ જીવતાં રહે છે. આત્મામાંજ આત્મબુદ્ધિ જ્ઞાનીની થએલી હોય છે તો પણ સ્વેચ્છા, પરેચ્છા કે અનિચ્છાપૂર્વક એ શરીરોને પોતાના પ્રારબ્ધ પ્રમાણે સર્વ કાર્ય કરવું અને ભોગવવુંજ પડે છે+

મુક્તાત્માએ ક્ષણ માત્રને માટે પણ મેળવેલો આત્મમયતાનો અનુભવ એટલો તો અદ્ભુત, અવર્ણનીય અને અનુપમ હોય છે કે જેથી કરીને તેની આત્મમયતા બને તેટલી વધુ ભોગવવામાંજ સ્વપ્રકૃતિનું તેમજ અન્ય જનોનું સુખ અને હિત વધુ રહેલું તે સ્પષ્ટ સમજી શકે છે. તેથી કરીને તે વિપરીત પ્રારબ્ધ વેગને પણ બને તેટલા ઓછા ને આછા કરવા મથીને તે સ્વાત્મજ્ય પદમાં જેટલું બને તેટલું અધિષ્ઠિત થઈ રહેવાનું તથા તેમ થવામાં જે જે સાધન-સંયોગો સહાયભૂત થાય તેવા હોય તેને સેવવાનુંજ તેને વધારે ગમે છે

ઉપર પ્રમાણે હોવાથીજ અનેક મુક્તાત્માઓ મને ત્યે જ્ઞાની

+ વર્તમાન શરીરમાં આ[illegible] થી વૃત્તિ થાયલાં [illegible] અને અ[illegible]-તની અસર [illegible] શરીરના [illegible] અને [illegible] સ્વભાવોને [illegible] સ્વભાવે [illegible] હોય [illegible] ભગવાન શ્રી કૃષ્ણ કહ્યું [illegible] —

सदृशं चेष्टते स्वस्याः प्रकृतेर्ज्ञानवानपि ।
प्रकृतिं यान्ति भूतानि निग्रहः किं करिष्यति ॥

એકાંત, મૌન, અપરિચય, અપ્રસિદ્ધિ વગેરે સ્થિતિઓને તેમજ બા
જડ, ઉન્મત્ત, પિશાચ વગેરેના જેવી વિલક્ષણ વૃત્તિઓને સેવવા
વધારે સારૂં ગણે છે. નિવૃત્તિ પ્રધાન પ્રારબ્ધવાળા મુક્તાત્માઓ એ
સાધન સંયોગને અને એવી સ્થિતિ અને વૃત્તિને વધારે સેવી શક
હોવાથી જીવન મુક્તિના વિલક્ષણ સુખને પણ તેઓ વધારેજ મા
શકે છે પ્રવૃત્તિના પ્રારબ્ધી મુક્તાત્માઓની પણ સમજણ અને રૂ
તો એવીજ હોય છે; પરંતુ પ્રારબ્ધની વિપરીતતા અનેક પ્ર
બાધક થઇને તેમને એવા સાધન-સેવનાદિ યથેચ્છ કરવા દેતી ન
અને તેથી જીવન મુક્તિના વિલક્ષણ આનંદનો પણ તેઓ ઓ
અથવા સામાન્યજ ઉપભોગ લઇ શકે છે.

કહેવાની મતલબ એજ કે સર્વ મુક્તાત્માઓની વિદેહમુક્તિ
સમાનજ હોઇને આત્મસાક્ષાત્કારના સમયથીજ તે નિર્બાધ ચૂકી હે
છે ને માત્ર તેમની જીવનમુક્તિમાંજ રહે છે. ઉપર જણાવ્યું
તેમની પ્રવૃત્તિ પરાયણતા, નિવૃત્તિ પરાયણતા અને જીવનમુક્તિના વિ
લક્ષણ આનંદની ન્યુનાધિકતાનો સઘળો આધાર તે તે વ્યક્તિઓના પ
પોતાના પ્રારબ્ધપરજ રહેલો હોય છે; અને દઢ પ્રારબ્ધ તો અનિવાર્ય
હોય છે, એટલે જીવનમુક્ત પુરૂષો પોતાનું શેષ આયુષ્ય તથા પ્રાર
પ્રવૃત્તિ પ્રધાન કે નિવૃત્તિ પ્રધાન ગણાતું હોય તેને માટે એમજ ર
છે કે, ' યુ બી વાહવાહ ઓર વુ બી વાહ વાહ. " જીજ્ઞાસુ દશ
આત્મા અનાત્માના વિવેકવાળી ભેદ બુદ્ધિ અને તેના પરિણામ
બંધનની તીવ્ર આમદવાળી ત્યાગગ્રહણની વૃત્તિ તથા કર્તવ્ય પ્રાપ્ત
બુદ્ધિ એ સર્વે પણ મુક્તાત્મામાં જ્ઞાન થઇ જઇને તેનું સ્થાન સમ
તથા કૃતકૃત્યતાજન્ય અનાગ્રહ વૃત્તિએ લીધેલું હોય છે. આથીજ ઘ
ખરા મુક્તાત્માઓ જીજ્ઞાસુઓના જેવા આગ્રહી, ઉપરામ, કે સા
પણ હોતા નથી; અને કેટલાક તો લૌકિક બાહ્યાચાર વગે
બે પરવાહ બની રહે છે.

થા અને તે સર્વશ્રેષ્ઠ વસ્તુસ્થિતિ પ્રાપ્ત થતાં સુધી તેને માટે પ્રયત્ન કરે.

આત્માનુભવીની અને અનાત્મ પ્રેમીની લોકસેવામાં પણ મોટો ફરક હોય છે. આત્મપરાયણ વ્યવહાર કરતો થકો પણ પોતાના મૂગા જ્ઞાન-ચારિત્ર વડે પોતાની આસપાસનાઓમાં ઉચ્ચ જ્ઞાન ચારિત્રને શીખવી રહ્યો હોય છે; ત્યારે અનાત્મ પ્રેમી દેવદર્શન કે દાન પૂજન કરતો થકો પણ પોતાની આસપાસનાઓમાં (કેમકે આસપાસના મનુષ્યો તેના હેતુ, આસક્તિ વગેરેથી વધારે પરિચિત હોય છે અને મોટા કરે તેને સારૂં ગણી તેનુ અનુકરણ કરવાનો માનવ સ્વભાવ તો પ્રસિધ્ધજ છે) લોભ લાલચ તથા પ્રપંચ પાખંડજ શીખવી રહ્યો હોય છે.

ખેડુતોનું ખોસવીને ગબ્બર બનવા માગતો શ્રિમ વણીક પણ જાત જાતના જે ભભકાદાર કપડા, રમકડા, વગેરેમા લોકોને ફસાવી પૈસાનું પાણી કરાવી રહ્યો હોય છે, તેમા તે "ગામડીયાઓને ગામ-ડામા ન મળતી વસ્તુઓ મહા મહેનતે પુરી પાડવા" ની જન-સેવાજ બજાવી રહેલો પોતાને ગણાવે છે. દર મહિને એકનો સવા લેનાર કાબુલી કે મારવાડી પણ પૈસા ધીરીને સામાનું કામ કહાડી આપવારૂપ સેવાજ કરતો પોતાને સમજાવે છે. સેકડે સો બસો ટકા સુધી નફો ગટગટાવી જનાર મીલવાળો પણ લોકોને વિલાયતી માલમાથી બચાવવાની શેખાઇમા સમાતો નથી. આખા દેશના દેશ હોઇયાં કરી જધ ગુલામ બનાવી મૂકનાર યુરોપી ગૌરંગો પણ બીજાની રક્ષા અને આબાદી કરવા સારૂજ સ્વર્ગ સમા સ્વદેશનો સંન્યાસ કરી દુરદરાજ દેશમા દયાના માયાજ પોતાને ઉતરી આવવું પડ્યાનું દર્શાવે છે. શ્રીમદ્ ભાગવતમા કહ્યું છે કે તેર (વધઘટ સુધારી લેવી.) પાપ થાય ત્યારે એક પૈસો પેદા થાય છે; પરંતુ "એક દાન, સો પુણ્ય" એવું પણ કહેવાતું હોવાથી પૈસા મેળવવાના અનેકવિધ પાપોના પંજામાથી પોતાનો પડ છોડવવા માટે કેટલાકો

... કરા દાન પુણ્ય પણ કરતા હોય છે. આવાઓને જોઈ
... કહેવત ઠીક ધીરમે છે કે "એરણની ચોરી ને સોયનું દાન, તેનું
... આવે વિમાન." પણ તેનો વિચાર કરવાનું તેવા દાનેશ્વરીઓ
... કર્મને અહીં જ રહેવાનું એવું કે તેઓ પોતાનાં પાપ-
... કર્મને અહીં જ રહેવાનું છે કે જે પંથ ખર્ચતા હોય છે; છતાં
... જગ ધોવડાવવા સારુ એ તેઓ પંથ ખર્ચતા હોય છે; છતાં
... પ્રતિષ્ઠાને કે કોઈ સંસ્થાને કાંઈક આપતી વખતે તેઓ પણ નામે
... કીર્તિ મહેરબાની અને સેવાજ કરી રહ્યા હોય તેમ દેખાડે છે.

દુનિયામાં એમજ કે અનાત્મયોગીની ખુમી અને ખુથી વગેરે સર્વ
પોતાના સ્વાર્થીને પણ પરોપકાર મનાવવામાં, સેવા છતાં આપનાર મનાવ-
વામાં, કૃતિ થોડી અને બહાર વધુ મારવામાં, અને વ્યક્તિની
સ્વરૂપતાપર જાદુ, આડંબર અને વાચાળતાની કપટ ભરીના
ચક્કર ઘર ચલાવે ત્યારે તેને ક્ષણવ્યુષ્ટ દર્શાવવાજ રહેલા હોય છે;
ત્યારે બીજી તરફ મોટા મોટા પહેલવાન, ધનવાન અને સત્તાવાનો
તથા દર્શનની અને કરજની વાતો કર્યાં કરનારાઓ કરતાં વધુ
ઉપકારક થવા છતાં પણ કર્તાપણાની બુદ્ધિ વિનાના આત્માનુભવીની
ખુમી અને ખુથી તો:-

प्रकृतेः क्रियमाणानि गुणैः कर्माणि सर्वशः ।
अहंकारविमूढात्मा कर्ताहमिति मन्यते ॥*

એ સત્યને અનુસરીને પોતાને અકર્તા સમજવામાં અને પ્રકૃતિ,
સ્વભાવ, પ્રારબ્ધ કે પ્રભુને જ કર્તા તરીકે મનાવવામાં રહેલી હોય છે.

* અર્થ તું આ જગતમાં પ્રકૃતિના ગુણો રોજ સર્વ કર્મ કરાવે છે.
છતાં શરીરાદિ અનાત્મ પદાર્થોમાં આત્મબુદ્ધિ હોવા રૂપ મિથ્યાભિમાનમાં
મૂઢ થયેલા મનુષ્યો "હું કરું છું" એમજ વૃથા માની લે છે

तद् विद्धि प्रणिपातेन परिप्रश्नेन सेवया ।
उपदेक्ष्यंति ते ज्ञानं ज्ञानिनः तत्त्वदर्शिनः ॥

ઉપરના ભગવદ્ વાક્યમાં કહ્યા પ્રમાણે પ્રણિપાત, પરિપ્રશ્ન અને સેવાપૂર્વક જે જીજ્ઞાસુજનો એવા મુક્તાત્માઓનો સત્સંગ સેવે છે, તેઓ કુદરતી રીતેજ (નદી—નવાણુની પાસે જઈ નીચા નમી પાણી પીનારની તૃષા ટળે છે તેમ) તેમના અદ્‌ભુત જ્ઞાન, ચારિત્રનો લાભ મેળવી શકીને પરિણામે—દીવે દીવો પ્રગટે તેમ—સ્વાત્મજ્યોતિને પ્રકટાવી કૃતકૃત્ય બની રહે છે. આવા પુરૂષોનો ભાવપૂર્વક સત્સંગ સેવનાર સામાન્ય મનુષ્યો પણ ક્રમમાં ક્રમ એકાદ કક્ષા જેટલા તો અવશ્ય આગળ વધીને પામરમાંથી વિષયી અને વિષયી (નીતિપૂર્વક વિષય મેળવનાર—ભોગવનાર) હોય તો જીજ્ઞાસુ (અસાર વસ્તુસ્થિતિથી ઉપરામ અને સારરૂપ પરમાત્મ પદની ઇચ્છાવાળા) જરૂર બની રહે છે આ પ્રમાણે આવા મુક્તાત્માઓ સેંકડો અને હજારો મનુષ્યોનું જે ઉચ્ચ પ્રકારનું હિત સ્વભાવથીજ સાધી શકે છે, તેવું કર્તવ્ય બુદ્ધિવાળા અનાત્મ પ્રેમી રાજા મહારાજાઓથી પણ બની શકતું નથી.

નિવૃત્તિપરાયણ અને પ્રવૃત્તિપરાયણ એવા સામાન્ય કોટીના મુક્તાત્માઓની જે હકીકત ઉપર જણાવી તે ઉપરાંત અસામાન્ય પ્રકૃતિ ભાગવાળા અસામાન્ય કોટીના મુક્તાત્માઓની વાત તો વળી ઓરજ છે મુક્તાત્મા કે જીજ્ઞાસુ તો શું પણ અસામાન્ય પ્રકૃતિ ભાગવાળા પામર કે વિષયી જીવો પણ કોઈ કોઈ આ જગતમાં એવા અસામાન્ય પાકે છે કે આખા દેશ અને દુનિયામાં મોટી હલચલ મચાવી મૂકે છે. અસામાન્ય મનુષ્યની વાતજ એવી છે કે તે મુક્ત, જીજ્ઞાસુ, વિષયી કે પામર એમાંના જે પણ કોટીમાં તે હોય તે કોટીને શોભાવનાર

અતિ પ્રાચીન સમયે પુણ્યક્ષેત્ર ભારતવર્ષમાં રાજ્યકર્તાઓ જ્યારે રાજ્યધર્મને ભૂલી અનીતિના પંથે પળ્યા ત્યારે ભગવાન પરશુરામે પ્રગટ થઈ પૃથ્વીને એકવીસવાર નક્ષત્રી કરી. ફરી ફરીને પાછા બ્રાહ્મણોએ સ્વધર્મ ચૂકી સ્વસત્તાનો દુરૂપયોગ કરવા માંડ્યો અને તેમના કુળમાંના રાવણ જેવા દુષ્ટ રાજા બની જઈ ત્રાસ અને અધર્મ વર્તાવી મૂક્યો ત્યારે ભગવાન રામચંદ્રે પ્રકટ થઈ અધર્મીઓનો નાશ કરી ચક્રવર્તિ રામરાજ્ય સ્થાપન કર્યું. એ પછી ફરી ફરીને ક્ષત્રિય રાજાઓ વળી પાછા મહો માંહે લડાઈઓ કરવામાં અને વિષય વિલાસમાં પડી જઈ અધર્મ પ્રવર્તાવી રહ્યા ત્યારે પૂર્ણ પુરૂષોત્તમ ભગવાન શ્રીકૃષ્ણે પ્રકટ થઈ અધર્મના ઉદ્ભવ સ્થાનરૂપ તે દુષ્ટ રાજાઓનો અને રાજ્યકુળોનો ઉચ્છેદ કર્યો. એ પછી પરિક્ષીત અને જન્મેજય જેવા પરમ ધાર્મિક રાજાઓ, શુકદેવ જેવા આદર્શ ધર્મગુરૂઓ અને તેમની ધર્મપરાયણ પરંપરાના શાસન નીચે ભારતવર્ષની અનેક શતાબ્દીઓ સુખ સંપત્તિમાં વીતી; પરંતુ વળી પાછા રાજા અને રાજગુરૂઓ, તેમજ राजा कालस्य कारणं એ નિયમને અનુસરીને જનસમાજ પણ ધર્મના આત્માને ભૂલી જઈ માત્ર બાહ્યાચાર, હિંસાત્મક કર્મકાંડ અને અધર્મ્ય વિષય લોલુપતામાં ફસી ગયા. આ પ્રસંગે ભગવાન બુદ્ધદેવે પ્રકટ થઈ પોતાના અસામાન્ય ત્યાગ અને જ્ઞાનચારિત્ર્યના પ્રભાવથી સર્વને શ્રેયસ પ્રેયસના સત્ય માર્ગે વ   અનેક શતાબ્દિઓ એવી સુદશામાં વીત્યા પછી પાછી બૌદ્ધ ધર્મગુરૂઓની પરંપરા પણ મૂળપુરૂષના જ્ઞાન ચારિત્ર્યને ભૂલતી ચાલીને અધર્મના પંજામાં સપડાઈ ગઈ, અને તેના કુદરતી પરિણામરૂપે "यद्यदा चरति श्रेष्ठ तत्तदेवेतरो जनः" એ સ્વાભાવિક ન્યાય પ્રમાણે જનસમાજ પણ અધોગતિના પંથે પળવા લાગ્યો. પૂજ્યપાદ ભગવાન શંકરાચાર્યે આ

પ્રસંગે પ્રકટ થઇ દેશનો તે દુર્દશામાંથી ઉદ્ધાર કર્યો અને સેંકડો વર્ષ સુરક્ષાનાં ગયાં; પરંતુ તે પછી ભારતવર્ષના દૈવે જાણે કોઇ સામ્રાજ્ય પાપે સળગી ઉઠીને દેશના રાજાઓમાં કુસંપ, દ્વેષ વગેરે એવાં તો ફેલાવી દીધા કે જેને પરિણામે વિધર્મી અને વિદેશી રાજ્યને તેમાંનાજ એકે જાઇને બોલાવી આણ્યું. સેંકડો વર્ષથી હવે તેને તેજ દશા દેશની રહેતી આવી છે.

એવા વિકટ વખતમાં પણ રામાનુજ, ચૈતન્ય, રામાનંદ, કબીર, નાનક, જ્ઞાનેશ્વર, રામદાસ વગેરે જેવા અનેક અસામાન્ય મહાત્માઓ પ્રકટ થતાજ રહ્યા; અને તેમણે ધર્મ ભૂમિના ધર્મપ્રદીપને ઓલવાઇ જવા ન દેતાં બન્યો તેટલો સતેજ અને સુરક્ષિત રાખ્યા કર્યો. છેવટે વિદેશી બ્રીટીશ રાજ્યસત્તા જામી અને તેની પ્રતીકૂળ નીતિ તથા કિસ્મતને પ્રતાપે હોઠે શરીરે શાન્ત (પાણી વગરના) અને મગજે ભ્રાન્ત બનતા ચાલી વિદેશીઓના અનુકરણમાંજ સર્વ સુધારણા અને ઉન્નતિ રહેલી જોવા લાગ્યા. ગોરાંગ વ્યાપારીઓની સાથે તેમના પાદરીઓના પણ ટોળાના ટોળા ઉતરી આવીને તેમણે "હિંદનો ધર્મ, ધર્મગ્રંથો, પ્રાચીન સંસ્કૃતિ, તેમજ હિંદનું જે હોય તે બધુંજ ખરાબ; અને પશ્ચિમનું બાહ્યબળ, ઈશુનેશ્વરપણું, શિક્ષણ, ધર્મ અને રીત રિવાજ વગેરે બધુંજ સારૂં" એવા મંત્રથી હિંદના ભણેલા જુવાનોને પણ મોહિત કરી દઇને પાશ્ચાત્ય સંસ્કૃતિના સકંજામાં સપડાવવા માંડ્યા. ગોરાઓના પ્રતાપેજ પોતાનો ધંધો અને રોટલો ખોઇ બેઠેલા દેશના હાથ પગરૂપ ગરીબ અને અંત્યજ વર્ગને પણ તાત્કાલિક મીઠી લાલચોથી તેઓ ખ્રિસ્તી બનાવવા લાગ્યા. સામાન્ય હિંદુ વર્ગ પણ સ્વસંતાનોને અંગ્રેજી ભણાવી દેશનું ઘર ઘાલનારી અમલદારીને પોતાના ઘરમાં ઘાલવાના કોડે લલચાઇને તેમને મિશનરી બાપજીઓના આશ્રયમાં, પાશ્ચાત્ય સંસ્કૃતિના પ્રભાવમાં તેમજ ચોખલીયા વિદ્યાના વખતમાં

નાખી દઈને તેમને શરીરના નાતવાન, અક્કલના બારદાન અને સ્વધર્મ તથા સ્વદેશના કુસંતાન બનાવવા લાગ્યા. ખરેખર, આ એક દેશને માટે અતિ સૂક્ષ્મ તથા દીર્ઘદૃષ્ટિથીજ પરખી શકાય એવો બહુજ અનીતિનો વખત હતો. આગળ કોઇ મુસલમાન રાજાના વખતમાં જોરજુલમથી લોકોને વટલાવવામાં આવતા ત્યારે તો સામાન્ય જનવર્ગ ઉલટો ઓળખાઇને વધારે સાવચેત તથા વિરોધી બન્યા કરતો; પણ આમાં તો ઉંદરની પેઠે એવી તો મીઠી મીઠી રીતે ભારતવાસીઓનું ભારતીયત્વ હરાતું ચાલ્યું કે નુકશાનની જરાય ખબર પડે નહિ અને પરિણામે અમેરિકાના રેડઇન્ડીઅનોની પેઠે તેમની જાતિ, ધર્મ કે સંસ્કૃતિ, એમાનું કશુંજ રહેવા નહિ પામતાં હિંદ અને હિંદીઓનું નામ નિશાન સુદ્ધાં પણ જગતમાંથી ડુબી જાય. આવી રીતે મીઠી મોટી મિશનરી સંસ્થાઓ, વિપરીત શિક્ષણ પદ્ધતિઓ અને વિઘાતક વ્યાપારનીતિ વડે ભારતના ભવ્ય પ્રદેશ અને ઘુરંધર ધર્મની નીચે જે ભયંકર સુરંગો ખોદાઇ રહી હતી; તેનું કશુંજ ભાન ભારતના ભણેલા તેમજ સામાન્ય જનસમાજને નહિ આવતાં ઉલટું તેણે તો એ સુરંગોને ઘર નીચે ભોંયતળીયું ઉમેરાતું હોય તેવી સુખ સગવડ વધારનારી જ માની હતી.

અસ્પર્શ્ય ઠરી હડધૂત થયેલા અજ્ઞાન અંત્યજો પણ પરધર્મમાં વટલી જવાથી હિંદુ જાતિને કેટલું ભયંકર નુકશાન છે; તેની સમજણને બદલે હિંદુ લોકો તો ઉલટા એ વખતે અંત્યજ વગેરેના જે ટોળે ટોળાં ખ્રિસ્તી બની જતા હતા તેમના સરઘસો જોઇને એક પ્રકારનો આનંદ જ મેળવતા !

હિંદુ જાતિનું અને ભારતવર્ષનું જુલમની રીતો કરતાં પણ મીઠી મીઠી રીતોથી ઉલટું જે નુકશાન થાય તેમ હતું; તે ભાનની તે વખતે દેશમાં કોઇને પડી ન હતી અને મોટપીઠીવાળા પાશ્ચાત્ય શિક્ષણના મોટેમોટા ભણી ગણી બેઠેલાઓની બુદ્ધિ તો વળી

ક્યારની એવી ગોટપોટ થઇ ગએલી કે તેઓ તો ઉલટા પાખંડીઓના જેવાજ ધર્મસમાજો સ્થાપી તેમનાજ પ્રકારનાં પ્રાર્થના મંદિરો ઊભાં-વાને તથા તેમાં તેમનીજ પેઠે જની કોઈને ઈન્સી રૂપે પ્રાર્થના થઇ શકે એવું કરવાને મંડી પડવા હતા. સંયમ અને જ્ઞાનભક્તિના આધારરૂપ જુગ મહાત્માઓની પરંપરામાં ઉતરી આવવા સાથે સ્વાર્થ, ઢોંગ અને દુરાચારના ખાડામાં પણ ગબડવા સુધી ઉતરી પડેલા પંડ ઢૂંઢેર ધર્મગુરૂઓને અથવા તો ધર્મ ઓઠામાં પોષે દિવસે મરાએલા ધમાલીને આરતીઓ ઉતરાવવા કરનારા આર્યોને તો જાણે કે તે વાતની પંચાત પ્રથમથીજ ન હતી !

ભગવાન દયાનંદ સરસ્વતીએ આવા જગતના સમયે પ્રકટ થઇ લોકોને અપૂર્વ ચેતના અને ધાર્મિક સ્વધી તરફ વાળ્યા. ચારિત્ર-નાશક વિરુદ્ધ ભેગાવવાની ચાર પદ્ધતિઓ દર્શાવીને તથા દુઃખી, અંત્યજ, અનાથ, શુદ્ર, વગેરે તરફ લક્ષ ખેંચીને આર્યજનતાના તે આધાર રૂપ હાથ પગોને પરધર્મી પાદરીઓના આઘાતો વડે કપાઇ જતા અટ-કાવવાનું સમજાવ્યું. પાખંડીઓની પોપલીલા અને પ્રપંચ ખુલ્લાં પાડ્યાં અને એવા બીજા અનેક પ્રકારના અસામાન્ય ઉપકારો કર્યા. મંદિરો અને તીર્થોના સ્વાર્થી સાધુઓ તેમને માટે ઝેરના પ્યાલા ભરે તેમ ખટપટ કરે પણ લાજપત, મુન્શીરામ, હંસરાજ વગેરે જેવા અનેક અસામાન્ય ધર્માભિમાની દેશભક્તો દેશને આપનાર આર્ય સમાજના સ્થાપક, અને ગુરૂકુળ જેવી ઉપકારક સંસ્થાઓના પ્રેરક તેમજ નિઃસ્વાર્થ સેવાનો સળગતો સ્થંભનાદ સર્વથી પ્રથમ ગજાવનાર એ અદ્ભુત મહાપુરૂષે અંધકારમાં અટવાઇ રહેલા ભારતીય જનસ-માજને તેની જે દિશાભૂલ દર્શાવી આપી છે; તેમજ સત્યના શુભ માર્ગો તરફ તેને વળવું આપીને પોતાનું સમગ્ર જીવન તેની સેવામાંજ ગાળવાની સાથે મરણ પણ જેણે તેનેજ ખાતર ભોગવ્યું છે; આવા

આવા એ અદ્દભુત વ્યક્તિના અસામાન્ય ઉપકારો ધીમે ધીમે સમયજ સર્વ કોઇને સમજાવશે.

સ્વામી દયાનંદજીના સમયમાંજ બંગાળા તરફ બીજો એક વિશુદ્ધ બ્રહ્મપુત્ર કલકત્તાથી થોડાક માઇલ દૂર ગંગા કિનારે આવેલા એક એકાંત સ્થળમા પોતાના જ્ઞાન ચારિત્રના અદ્દભુત પ્રકાશ વડે પ્રકાશી રહ્યો હતો. એ પ્રકાશની પ્રભાએ કલકત્તાનિવાસી પુષ્કળ ભરકારી હૃદયોને સાનંદાશ્ચર્યમા નાખી પોતા તરફ ખેચ્યાં હતાં અને દીવાથી દીવો પ્રકટે તેમ તેમાના અનેક ઉન્નત હૃદયો પરમાત્મ સાક્ષાત્કારને પામી કૃતકૃત્ય થયાં હતા. એમા આપણા ચરિત્ર નાયક સ્વામી વિવેકાનંદ સર્વથી મુખ્ય હતા. રાત્રિના સમયે ચંદ્ર જેમ દૃશ્વોથી દૂર હોવાને લીધે સૂર્યના પ્રકાશનો ભોક્તા બની શકે છે, એટલુંજ નહિ પણ પૃથ્વીપરના ગાઢ અંધકારમા ડુબેલા અસંખ્ય મનુષ્યોને પણ પરાવર્તનરૂપે તે પ્રકાશનો લાભ આપી શકે છે, તેજ પ્રમાણે જગતના મોહ મમતાથી દૂર રહીને પરમહંસ દેવ જેવા આદર્શ ગુરૂ પાસેથી નરેન્દ્રે (પૂર્વાશ્રમમા સ્વામી વિવેકાનંદનું એ નામ હતું) પોતાના બાળક જેવા સરલ, સુકોમળ અને વિશુદ્ધ હૃદયમા, તેમના અસામાન્ય જ્ઞાન ચારિત્રનો પ્રકાશ ઝીલી લઇને મુક્તભાવ પ્રાપ્ત કર્યો હતો, અને એમ આપ્તકામ બનીને પછી પૃથ્વીના પૂર્વ ગોળાર્ધ અને પશ્ચિમ ગોળાર્ધમા તેના પરીવર્તનરૂપે એ જ્ઞાન પ્રકાશને પૂર્ણિમાના ચંદ્ર જેવી પૂર્ણ કળાથી, પૂર્ણ નિષ્કામનાથી, અને પૂર્ણ ઔદાર્યથી પુરો પાડ્યો હતો.

સ્વામી દયાનંદજી તેમજ સ્વામી વિવેકાનંદજી બંને અસામાન્ય કોટિના સંન્યાસીઓ હતા. દિનદિન ભારતભૂમિના ભગ્ન ભાગ્યાકાશના આ બંને અદ્દભુત આશાકો હતા. ભારતવાસીઓની દુર્દશાથી બંનેના હૃદય ચીરાઇ જતા હતા. હિંદુ જાતિરૂપી મહાવૃક્ષના ધર્મરૂપી મૂળ

અને અર્ધરૂપી હાડ ઉપર ચોતરફથી ચાલી રહેલા કુઠારાઘાતને પરિ-
ણામે તેનો સર્વનાશ નજીક આવતો તેમણે પોતાની સુતીક્ષ્ણ દ્રષ્ટિ-
થી સમયેજ જોઇ લઇને તેના ઉપાયો શોધવા, સાધવા અને ઉપદે-
શવા માટેજ બંનેએ પોતાનાં જીવન ગાળ્યાં હતાં.

ભારતવાસીઓમાં અત્યારે બ્રહ્મચર્ય અને નિષ્કામ સેવા ધર્મની
જે મોટી જરૂર જણાય રહી છે; તે બાબત તરફ પોતાની જાતના
ભોગથી, વિરોચિત સહનશીલતાથી, સતત અપ્રમાદપણાથી,
અને અસરકારક ઉપદેશોથી દેશને પ્રથમ સ્વામી દયાનંદ સરસ્વતીએ
દોરવ્યા પછી સ્વામી વિવેકાનંદજીએ પણ એ બાબતનો વરર જન-
સમાજની આંખો ખોલવામાં બાકી રાખ્યું નથી. આ બંને મહાપુરુષો
જેમ અખંડ બ્રહ્મચારી તરીકે અસામાન્ય હતા તેમ તેઓ વાગ્મીત્વ
શક્તિમાં, વિદ્વતામાં, યોગ સાધનમાં, શરીરના મજબૂત બાંધામાં,
ભવ્ય અને પ્રતિભાપૂર્ણ ચહેરામાં, ભારતના ભૂત ગૌરવને
અભિમાને સ્મરી તેવું ભાવી પણ તેવુંજ ભવ્ય બનાવ તેમ કરવામાં અને
દેશનો સર્વ નાશ કરવાને ભિન્નતા વેરી મંડી પડેલાં સત્વોને સવેળા
ઓળખી લઇ તેમના પંજામાંથી તે વહેલું છૂટે તેમ કરવામાં પણ
તેઓ અસામાન્યજ હતા.

આમ છતાં જનસમાજ પ્રત્યે આ વ્યક્તિઓને જે કામ બજા-
વવાનું હતું તેના પ્રકાર જુદા હતા. જ્વરપીડિતને દવા ઘુંટી પાવા
એ પણ સેવા; અને જ્વર મુક્ત થયા પછી શક્તિ માટે ધીરે ધીરેનો
ખોરાક જમાડવો એ પણ સેવાજ છે; પરંતુ એક સેવામાં દરદીની
નાડીજ પકડવાની હો છે, ત્યારે બીજા પ્રકારની સેવામાં તે જુદ જુદ
રૂપ જણાય છે. આમાંનું પહેલા પ્રકારનું કાર્ય સ્વામી દયાનંદજીને ભાગે
આવ્યું હતું અને બીજા પ્રકારનું કાર્ય વિવેકાનંદજીને બજાવવાનું હતું.
જે ધર્મના પોતે સ્તંભ ગણાય અને જે તીર્થો તથા દેવમંદિરો ધર્મનાં

મુખ્ય સ્થાન ગણાય, તેજ તીર્થો અને મંદિરોદ્વારા ધર્મને બદલે અધર્મ
આચરી મહા અનર્થ ઉપજાવી રહેલા લોકોની અને તેમણે સાધનરૂપ
બનાવેલા ધર્મ ગ્રંથોની પોલ ખોલીને અજ્ઞાનની ગાઢ નિદ્રામાં ઘોરતા
ધર્મઘેલા જનસમાજને સજાગ કરવાનું અતિ દુર્ઘટ કામ સ્વામી દયા
નંદજીને બજાવવાનું હતું. ધર્મ ઠગોનેજ ધર્મના સ્તંભ માની તેમને
વશ વર્તી રહેલા લોકો આ મુદ્દો સમજવાને બદલે ઉલટા તેમની [illegible]
ઉશ્કેરણીથી આ મહાત્મા તરફ અપમાન, ગાળો અને કેટલીકવાર ઇંટ
પથ્થરનો વર્ષાદ પણ વરસાવતા પરંતુ ક્ષમા અને વીર્યની આ સાક્ષાત્
મૂર્તિ જરા પણ ક્રોધને અવકાશ ન આપતાં અડગપણે સઘળું સહન
કરીને ઉલટી દરગુજર કરતી. કેટલીકવાર પોતાના મતવાળાઓ તોફા-
નીને પકડી લઈને સ્વામીજી પાસે તેની શિક્ષાની જુબાની મેળવવા
માગતા ત્યારે પણ હું લોકોને બંધનમુક્ત કરવા અહીં આવ્યો છું,
બંધનમાં નાખવા નહિ આવાં અમૃતમય વચનો વદી સર્વને
ચકિત કરતા.

સ્વામી દયાનંદજીના મંતવ્યમાં અગત્યનું પરંતુ વિવેકાનંદજીનું
મંદિર તીર્થ અને મૂર્તિપૂજા વગેરેના ખંડન તથા ઉદ્ધારકનું
વધુ દેશમાં સર્વત્ર ચાલી રહેલ ગીતા પાઠ સાથે નવગ્રહ પથેના
સેવાવમનું જ્ઞાન કરાવી ઉપનિષદ ઉપાસનાની અને કર્મકાંડની અસારતા
સમજાવવાનું વેદાંતના શુદ્ધ સ્વરૂપને અને તેને વ્યવહારમાં ઉતારવાની
આવશ્યકતાને દર્શાવી આપવાનું જગતના સર્વ મુખ્ય ધર્મોમાં રહેલી
એકજ ઉંડી ઉંચી તેમજ સર્વ મહત્વનું પરસ્પરમાં અવિરૂદ્ધપણું
સાબીત કરવાનું અને સર્વ દર્શનશાસ્ત્રને એકજ સીડીના પગથીયા
રૂપે વર્ગીકૃત કરવાનું કામ બજાવવાનું હતું આમ હોવાથી લોકો
તેમને સર્વત્ર અપૂર્વ માન આપતા હતા. આ વર્ગણે જનસમાજને
સજાગ અને સુપથગામી કરવાનોજ બન્નેનો ઉદ્દેશ અને મંથન હેતા

તો જનસમાજ માંડલિક ઉપર વધી જતા નિંદા અને ગાળને સહે છે; પરંતુ મોટા સાધુ અને સંન્યાસીઓ પણ કોઈ સારું કાર્ય કરીને લોકો તેમને તે બાબતનું કહે ત્યારે કે અભિમાન ધરતું નહિ. આવા તકરીમાં ભવાઈના માનાપમાન વિષે એક મહાત્મા કહે છે કે:—

> नारायण तुं काम कर, कहा करेंगे कूर;
> स्तुति निंदा जगतकी, दोनों के शिर धूर.

આમ સમજીને કેટલાક મુખ્યપણાથી સ્વામી દયાનંદજીની દયાળુતા ઉપરી વધી જોઈને તેમની જનસેવામાં ઓછી પુરતી; તો વિવેકાનંદજીમાં લોકસત્કાર તેમનામાં નમ્રતા અને વાત્સલ્ય વધારી ભક્તિભર્યા આપતો. વળી સ્વામી વિવેકાનંદજીને પણ અમેરિકામાં પાદરીઓ તરફથી અપમાન થયું હતું. સૌ મૂર્તિના સત્કાર કરતાં એક પ્રભુનો સત્કાર જે વિશેષ મહત્વ ધરાવે છે તેવો સત્કાર પણ આ બે વ્યક્તિઓને અનેક મોટા મોટા વિચારકો, પુરાધીશો, અમીરો અને રાજા મહારાજાઓ વગેરે તરફથી પ્રાપ્ત હતો. સ્વામી દયાનંદજીને બ્લેવેટ્સ્કી બાઈના સમયમાં, તો સ્વામી વિવેકાનંદજીને મિસેસ બાઈના સમયમાં થીઓસોફીકલ સંસ્થા તરફ આકર્ષવામાં આવ્યા હતા; પરંતુ આર્યધર્મના આદર્શરૂપ અને ઋષિમુનિના અવતાર જેવા આ બન્ને મહાત્માઓ ઉદાસનથી પણ શકે એવા નહિ, ત્યાં આ ગોરા લોકમાં તો આવેશ ક્યાંથી? ગોરા પાદરીઓના કાન પકડાવવાને અને ગોરા વિદ્વાનો અને વિદુષીઓનાં શિર ઝુકાવવાને જન્મેલા આવા અસામાન્ય આત્માઓ આજીરીના સપાટામાં સિદ્ધ આવી શકે તેજ એવાં આકર્ષણોમાં આવી શકે!

આ લખનાર કોઈ આર્યસમાજનો મેમ્બર નથી; સ્વામી વિવેકાનંદજીનું જીવનચરિત્ર રજુ કરતી વખતે તેમની અગાઉ એક મહાન સંન્યાસી તરીકે સ્વામી દયાનંદ સરસ્વતીએ જે અસામાન્ય લોકસેવા બજાવીને ભૂમિકા તૈયાર કરી હતી, તે વાત વાંચકોના લક્ષ બહાર રહી જાય નહિ એટલા માટે તે વિષે અહીં આટલો ઉલ્લેખ આવશ્યક હતો.

સ્વામી વિવેકાનંદજીના પ્રભાવશાળી વ્યાખ્યાનો કથોપકથનો, પત્રો, વગેરેને લગતા જે પુસ્તકો આ સંસ્થાદ્વારા નિકળી ચુક્યાં છે. તે ઉપરથી એ અસામાન્ય વ્યક્તિનું મહત્વ ગુજરાતી વાચકવર્ગે જાણ્યું છેજ; પરંતુ એ ઉપરાંત એવા અસામાન્ય પુરૂષોની બાલ્યાવસ્થા, વિદ્યાર્થી અવસ્થા, સાધકાવસ્થા, તેમના લોકસેવાના કામો, તેમની રહેણી, તેમની દીનચર્યા, તેમના પર્યટણો, તેમના અનુભવો, વગેરે બીજી પણ અનેક બાબતો ખાસ જાણવા જેવી અને બોધપ્રદ છે.

સ્વામી વિવેકાનંદજીના જીવનને લગતા અંગ્રેજીમા પ્રસિદ્ધ થએલા અનેક પુસ્તકો ઉપરથી શ્રીયુત્ રામપ્રસાદ કાશીપ્રસાદ દેસાઇએ એવી અનેક હકીકતો બનતા શ્રમ અને કાળજીપૂર્વક મેળવીને આ પુસ્તકમા ગુથી છે. સ્વામીજીના વ્યાખ્યાનો વગેરેનું ઘણુંખરૂં સાહિત્ય આ સંસ્થા તરફથી અગાઉ નિકળી ચુકેલું હોવાથી તેને લગતા ઉતારાઓ તેમજ બીજા કેટલાક સામાન્ય વર્ણનો અને વિવેચનો વગેરે તેમણે આમા કેટલુક ટુંકાવીનેજ લખ્યુ હતું, છતા સંપાદક તરિકે એમા આ સેવકે પણ જ્યા જ્યા વિશેષ વધઘટ, ઠીકઠાક વગેરે કરવા જેવુ લાગ્યુ ત્યા ત્યા તેમ કરવાની ઘટતી છૂટ લીધી છે વળી ધાર્મિક મહાત્માઓને અવતાર બતાવી તેમનુ મહત્વ વધુ દેખાડવામા કાંઇ નહિ તો લોકો માટે ઉચ્ચ સ્થાન ચારત્રની અશક્યતા દેખાડવા જેવુ તો અવસ્ય બને છેજ, આથી કરીને અંગ્રેજી ગ્રંથોમાની એવી હકીકત આમા લેવાઇ નથી આ રીતે આ ગ્રંથ તેના હાલના આકારમ તૈયાર થઇ વાચકવર્ગની સેવામા રજુ થયો છે અનુભવી સજ્જનોને એમાં જો કાંઇ ન્યૂનતા જેવુ અથવા વધઘટ કરવા જેવુ લાગે, તો તે બાબત તૈયાર કરી મોકલીને બીજી આવૃત્તિ વખતે તેનો આભાર સહિત સદુપયોગ કરવા સગવડ આપવાની તેમને નમ્ર પ્રાર્થના છે.

શ્રાવણી પૂર્ણિમા—સં. ૧૯૭૭. ભિક્ષુ—અખંડાનંદ.

લેખકનો ઉપોદ્ઘાત.

આ જગતમાં કોઇ પણ મનુષ્ય એકની એકજ સ્થિતિમાં સર્વદા રહી શકતો નથી. કાં તો તે પોતાના જ્ઞાન અને આચરણને ઉન્નત કરતો જતો હોય સમાન બનતો જાય છે; અથવા તો તે સ્વાર્થ, લોભ અને પ્રમાદાદિને વશ વર્તતો આગળ અધમતાને પ્રાપ્ત કરતો જાય છે. આથીજ રીતે પ્રત્યેક મનુષ્યે પોતાના જીવનનું લક્ષ્યબિંદુ યાને આદર્શ બહુજ વિચારપૂર્વક નક્કી કરવાની અને પછી તેનેજ અનુસરીને પોતાનું જીવન ગાળવાની આવશ્યકતા છે. કોઇ પણ ઉચ્ચ લક્ષ્ય વગર જીવન-નૌકાને જેમ તેમ ધસડાઇ જવા દેવી એતો આપઘાત કરવા જેવુંજ છે.

મનુષ્યના વ્યાવહારિક જીવનનો આધાર પણ તેના લક્ષ્યબિંદુ ઉપરજ રહેલો છે. તે લક્ષ્યબિંદુને અનુસરીનેજ મનુષ્યનું હાલનું જીવન ઘડાયેલું છે અને વર્તમાનમાં જેવું તેવું લક્ષ્યબિંદુ હશે તેને અનુસરીનેજ તેનું ભાવી જીવન ઘડાશે. આ પ્રમાણે હોવાથી મનુષ્યે કોઇ સર્વોત્કૃષ્ટ વસ્તુસ્થિતિનેજ પોતાના જીવનના આદર્શ તરીકે રાખવી જોઇએ અને પછી એવે રસ્તે પોતાના જીવનને વાળવું જોઇએ કે જેથી તે ઉત્તમ સત્વરે પ્રાપ્ત થઇ જીવન સર્વોત્કૃષ્ટ બની રહે.

આત્મસાક્ષાત્કારદ્વારે પ્રાપ્ત થતી "નૈતિક અને આધ્યાત્મિક પૂર્ણતા" એજ આપણા શાસ્ત્રોનો સર્વોત્કૃષ્ટ આદર્શ છે. વિશ્વના સર્વ પ્રજાઓએ માન્ય કરેલું છે કે આથી ઉચ્ચતર આદર્શ બીજો ભાગ્યે જ હોઇ ન શકે. આ પૂર્ણતા સર્વ દેશ અને સર્વ સમયમાં એકજ હોવા છતાં જુદા જુદા દેશ કાળમાં તે જુદા જુદા પ્રકારે વર્ણવાયલી છે. આ આત્મસાક્ષાત્કાર થયા પછી મનુષ્યમાં એક એવા અલૌકિક જ્ઞાન અને શુદ્ધિ પ્રકટ થાય છે કે જે બીજા કોઇપણ સાધનથી પ્રકટ થાય તેમ નથી.

પણ ક્ષણિક સુખો ભોગ ધારે છે કે સુધારો એટલે 'યાંત્રિક' શક્તિઓનું દેવર્ષ્ય લાભ મેળવું; રેલ, તાર અને એવાં અનેક સુખનાં સાધનો સ્થળે સ્થળે સ્થાપિત કરવાં; અને પાશ્ચાત્ય વિજ્ઞાનશાસ્ત્રના જ્ઞાનથી લોકોના ઐહિક સુખમાં વધારો કરવો. પણ સુધારો એ શબ્દનો અર્થ ખરૂંજ શું છે. ખરો સુધારો તો એ છે કે જે મનુષ્યને 'અં' વસ્તુસ્થિતિઓ તરફની દોડધામથી પાછો વાળીને ઉપર અંતરની સચ્ચિદાનંદમય સંપૂર્ણતાનો સાક્ષાત્કાર કરવા તરફ પ્રેરે છે; અને જીવાત્મા જે દિવ્ય શક્તિથી છૂટો પડી ગયો છે તેને તે શક્તિ તરફ અંતર્મુખ દોરે છે. પરમાત્મ સાક્ષાત્કાર પણ એનુંજ નામ છે. 'ભગવતી શ્રુતિ આ સાક્ષાત્કારને ઉદ્દેશીને કહે છે કે યલ્લાભાન્ન પરોલાભો યત્ સુખાન્ન પરં સુખમ્ ।' અર્થાત્ જે લાભ કરતાં વધે તેવો કોઈ પણ લાભ નથી, અને જે સુખ કરતાં વધે એવું કોઈ સુખ નથી. મનુષ્ય જ્યારે એ અનુપમ લાભને અનુભવે છે ત્યારેજ તેનો આનંદ-જન્મ સાર્થ થાય છે; અને એવા માણસનેજ ખરા અર્થમાં સુધરેલો કહી શકાય તેમ છે. આવા સત્ય અને નિત્યસુખનું ભાન કરાવી મનુષ્યોને તે તરફ વાળવા એનું નામજ સત્ય સુધારો કહી શકાય.

આવા સર્વોત્કૃષ્ટ આદર્શના આવિર્ભાવ અને વિકાસ રૂપેજ આ જીવનકથાના નાયકનું જીવન હતું. યુવાવસ્થામાંથીજ સંસારની સર્વ લાલસા અને વાસનાઓનો ત્યાગ કરી શમદમાદિ સાધનસંપન્ન થઈ બ્રહ્મનિષ્ઠ ગુરૂનાં ચરણને સેવી, અધ્યાત્મવિદ્યાના ગુહ્ય તત્ત્વોને સુલભ કરી, યોગને સાધી, પ્રથમ આત્માનો સાક્ષાત્કાર તેમણે કર્યો હતો; અને તે પછીજ જગતનું કલ્યાણ કરવા નીકળી પડીને તેમણે પોતાનું સઘળું જીવન વેદાન્તના રહસ્યો ફેલાવવામાં અને પરોપકારના કાર્યો કરવામાં ગાળ્યું હતું. હિંદુધર્મના પ્રતિનિધિ તરીકે અમેરિકા અને ઈંગ્લાંડાદિ પાશ્ચાત્ય પ્રદેશોમાં જઈ સનાતન આર્યધર્મનો ભમરો ગુંજા

તે પ્રદેશોમાં તેમણે ફરકાવ્યો હતો. અમેરિકામાં ફેલાવેલા વેદાન્તના બોધની સ્નેહદૃષ્ટિ અને પોતાના ચારિત્ર્યના દાખલાથી સમસ્ત હિંદુ પ્રજાને તેમણે દર્શાવી આપ્યું હતું કે હિંદની સઘળી પ્રજાઓમાં શ્રેષ્ઠ અને માનનીય પદવી મેળવીને તેઓના શિક્ષકો થવાને હિંદવાસીઓને પુરેપુરી તક અને સાધન છે. વેદાન્તનાં તત્ત્વોને પોતાના જીવનમાં રગે રગે તેમણે ઉતાર્યાં હતાં અને તેમનું આખું જીવન વેદાન્તમય બની રહ્યું હતું. ધાર્મિક શિક્ષક તરીકે તેમણે વેદાન્તનો બોધ આપી બીજા પણ અનેક પ્રવાસ કર્યા હતા. અશિક્ષિતને શિક્ષણ, નિરાધારને આધાર, ભુખ્યાને અન્ન, નગ્નને વસ્ત્ર, અનાથને મદદ, રોગીને ઔષધ, અજ્ઞાનીને જ્ઞાન, એમ અનેક પ્રકારે જનસમૂહની સેવા બજાવી, "अहं सेवा ते च मयि" એ ભગવદ્ ગીતાના મહાન સિદ્ધાંત પ્રમાણેજ તમામ જીવન ગાળ્યું હતું. એક બાજુએથી જોતા આર્યમુનિઓની માફક તેમનું જીવન સાદું, પવિત્ર, વૈરાગ્યશીલ અને ધ્યાનપરાયણ હતું; અને બીજી બાજુએથી જોતા તે પાશ્ચાત્ય સાધુઓની માફક સદ્પ્રવૃત્તિમય, પરોપકારપરાયણ, સ્વદેશભક્ત અને માનવજાતિની સેવામાં પોતાનો પ્રાણ પણ અર્પવાને તૈયાર હતું.

સ્વામી વિવેકાનંદનું જીવન " જુના અને નવા વિચારોના મેળાપરૂપ હતું. જુનું અને નવું, એ બે સરિતાઓનો આશ્ચર્યજનક સંગમ તેમના જીવનમાં બની રહ્યા હતા. [illegible] પ્રવૃત્તિ કે [illegible] નિવૃત્તિને તે સ્વીકારતા નહોતા, પણ "શિવ અને [illegible]" [illegible] મહાન સિદ્ધાંત હતો. પ્રવૃત્તિ અને નિવૃત્તિ, આ બંનેનો [illegible] જાણે કે પોતાના જીવનરૂપી રથના ચક્ર હોય અને [illegible] સારથિ હોય, તેમ પ્રવૃત્તિ અને નિવૃત્તિના [illegible] મધ્યમાં વેદાન્ત- आत्मनोमोक्षार्थं जगद्धिताय च—તે અનુસરીને [illegible] સમગ્ર જીવન ગાળ્યું હતું.

જીવનની મહત્તા અને તેમાં રહેલી ગુપ્ત શક્તિઓ કેવી અને કેટલી છે; તેનું તે ભાન કરાવે છે. શ્રીરામકૃષ્ણ પરમહંસ જેવા ગુરૂઓની આવશ્યકતા, પ્રાચીન ભાવનાઓનું ગૌરવ અને, આપણી શુદ્ધ ભાવનાઓથી નીપજતાં ઉત્તમ પરિણામોનો તે સર્વોત્કૃષ્ટ ચિતાર આપે છે. હિંદના અગ્રગણ્ય પુરૂષો કેવા જ્ઞાનચરિત્રસંપન્ન જોઇએ અને તેમણે સર્વભાવથી સેવાધર્મમાંજ કેવું સમર્પિત થઇ રહેવું જોઇએ; તેનો તે આબેહુબ નમુનો છે. ધર્મજ હિંદનું જીવન છે; ધર્મજ તેનું લક્ષ્ય છે; ધર્મજ તેનો હેતુ છે, ધર્મજ તેનો નેતા છે; ધર્મજ તેનું સાધન છે અને તેના કલ્યાણનો ઉપાય પણ ધર્મજ છે; એ સુત્રનો તે ચીરો છે.

"" જેણે વિષયલોલુપતાને અને ભોગવૃત્તિને જીતી તેણે સર્વ જીત્યું " એ સિદ્ધાંતની તે સિંહગર્જના છે. બ્રહ્મચર્યના પ્રભાવનો તે શ્રેષ્ઠ નમુનો છે. વિવેકયુક્ત વૈરાગ્યની તે પરાકાષ્ઠા છે. માતૃસ્નેહ અને સ્વદેશ પ્રીતિનું તે ઉચ્ચતર સ્વરૂપ છે. સ્વાશ્રય અને અડગ આત્મશ્રદ્ધાનો તે ઉત્તમ દાખલો છે નિષ્કામ કર્મની તે મૂર્તિ છે. આધ્યાત્મિક બળની તે સાબિતી છે નિવૃત્તિ અને સદ્‌વર્તનના મેળાપનું તે સ્થાન છે પ્રભુપરાયણતા અને સ્વાર્થત્યાગની તે અવધિ છે. જડવાદ અને ઇંદ્રિયસુખ તરફ ચેતવનારી તે દીવાદાંડી છે અધ્યાત્મવાદનો તે જયઘોષ છે. અહંતા અને મમતાનું તે વિરોધિ છે. સાદુ જીવન અને ઉચ્ચ વિચારનું તે મધ્યબિંદુ છે જગમાં, સ્થાવરમાં, કાષ્ઠમાં કે પાષાણમાં, જીવસૃષ્ટિ કે નિર્જીવસૃષ્ટિમાં, સર્વત્ર બ્રહ્મ સ્વરૂપને અનુભવનારની તે લીલા છે પૂર્વ અને પશ્ચિમનું તે સંમેલન છે. પ્રાચીન અને અર્વાચીન વિચારોનો તે હસ્તમેળાપ છે પ્રાચ્ય અને પાશ્ચાત્ય વિદ્યાનો તે અપૂર્વ સંગમ છે. પવિત્રતાનું તે શિખર છે ઉચ્ચ ભાવનાઓનું તે કેન્દ્રસ્થાન છે. શ્રેષ્ઠ સંન્યાસનો તે નમુનો છે. ભારતીય ધર્મ વિચારોનું તે ગૌરવ છે પ્રવૃત્તિમય પાશ્ચાત્ય પ્રજાઓમાં

ભારતવર્ષના નિઃસીમ પરમાર્થ જ્ઞાનની ઉંડી છાપ પાડનારી તે
અલૌકિક આર્ય શક્તિ છે. સનાતન ધર્મના ઉદ્ધારનું તે પ્રતિબિંબ છે.
હિંદની ભાવી ઉત્કર્ષની તે અગાધ શ્રદ્ધા અને રૂપરેખા છે. અપ્રતિમ
વૈરાગ્યાભિમાનની તે ખરી દિશા છે. સર્વ સામાન્ય તત્વો શીખવ-
નારો તે ગુરુ છે. હિંદની ઉન્નતિનું તે સૂચન છે. સત્ય સુધારણાનો
તે માર્ગ છે અને શુદ્ધ આર્યજીવનનો તે પ્રાદુર્ભાવ છે. સત્ય સનાતન
ધર્મનો તે વિકાસ છે, જ્ઞાન, ભક્તિ અને કર્મનો તે યોગ છે. વેદાન્તની
ઉદારચરિતતાનો તે પુરાવો છે. અદ્વૈતવાદની તે વિજયપતાકા છે.
ઋષિમુનિના સિદ્ધાંતોનો પશ્ચિમમાં દિગ્વિજય છે. જગદેવ હરિઃ
હરિરેવ જગત્ એ મહા સત્યનું તે અનુસરણ છે. શિવ અને
જીવની તે એકતા છે. લોકસેવા માટે જન્મ લેનાર યોગી પુરુષનું તે
નિષ્કામ કર્મ છે. આધ્યાત્મિક જગતનું તે વીરત્વ છે. ગીતામાં વર્ણવેલો
તે કર્મયોગ છે. ઉપનિષદોના સિદ્ધાંતોનું તે રહસ્ય છે.

આ મહાન સાધુએ ભારતવર્ષની ઉન્નતિનો માર્ગ આંક્યો છે.
સ્વદેશ, ભાવિ કઇ દિશાએ જવું તે દર્શાવ્યું છે. ભારતવર્ષનો આત્મા
ક્યાં રહેલો છે તે જણાવ્યું છે. હિંદની જીવન સરિતા ક્યાં વહે છે
અને તેને ક્યાં વહેવડાવવી તેનો નિશ્ચય કર્યો છે. વેદાન્તરૂપી ભિત્તિ
ઉપર પૂર્વ અને પશ્ચિમનો દૃઢ મેળાપ થઇ શકશે અને ભારતવર્ષ
સમસ્ત જગતના ગુરુ તરીકે લેખાશે, તે ગુરુપદ અનેકકાળ તે ભોગ-
વશે અને તેનું ગૌરવ વધશે; એમ આ દીર્ઘદર્શી મહાત્માનું નિશ્ચય
માનવું હતું અને તેજ નિશ્ચય પ્રમાણે તેમનું વર્તન હતું. પ્રાચીન-
કાળથી દરેક પ્રજાએ અમુક તત્વને જીવનના મંત્રરૂપ કરી લીધું છે.
ગ્રીકોએ રાજનીતિ, રોમ પ્રજાએ વ્યાપાર સુધારણા અને અમે
રિકનોએ સ્વતંત્ર વિચાર અને સત્ય શિક્ષણને જીવનના સૂત્રરૂપે
સ્વીકાર્યાં છે; પરંતુ આર્યપ્રજાએ તો ધાર્મિકતાનેજ પ્રથમથી જીવનના

સુત્રરૂપ ગણી છે જે દેશનુ જે જીવન સુત્ર હોય તેમાંજ તેના જીવનને વહેવરાવવામા આવે તોજ તેની ઉન્નતિ થાય છે. તે જીવન સુત્રને વિકાસ કરો એટલે પ્રજા પણ વિકાસને પામશે અને તેના ક્ષય કરો એટલે પ્રજા પણ ક્ષય પામશે, એ સિદ્ધાંત, આ મહા જીવને સર્વને આપેલો મહામંત્ર છે.

આર્ય ઋષિમુનિઓના સિદ્ધાંતોમાં સ્વામીજીને સંપૂર્ણ શ્રદ્ધા હતી. જે પ્રજામા આવો ધાર્મિક ખજાનો છે, તે પ્રજાનો ઉદ્દયજ થશે એવી તેમની દૃઢ માન્યતા હતી વ્હેમ, કુરિવાજ અને મિથ્યા અંધતોપીજ આર્યધર્મનુ ખરૂ સ્વરૂપ હણાયુ છે એમ તેમનો પોકાર હતો. જગતના મહાન પુરૂષો અને ઉદારાત્માઓ ધાર્મિકજ હોય છે; ખરા ધાર્મિક પુરૂષનુ ધૈર્ય આધ્યાત્મિક બળ, વસુધૈવ કુટુમ્બકમ્ એ તત્વને અનુસરનારી સમદર્શિતા અને અખિલ વિશ્વનુ કલ્યાણ કરવાની શક્તિ એ સર્વ અનુપમજ હોય છે, એમ તેમનુ જીવન સુચવી રહ્યું હતું.

આપણો વેશ ગયો, આપણો વ્યાપાર ગયો, આપણી રૂઢિ ગઇ, આપણા રિવાજ ગયા, આચાર ફેરવાયા, વિચાર બદલાયા, ચારિત્ર ઘસાયુ, શારીરિક બળ હણાયુ, આર્યજીવન નાશ પામ્યું, આર્યવિદ્યાને તિલાંજલી મળી, આર્યધર્મ નષ્ટ થવા બેઠો પાદરીઓનો બોધ અંતરમા પેઠો, અને પાશ્ચાત્ય પ્રજાઓની દ્રષ્ટિએ આપણે માલ વગરના તથા પાતાલવાસીઓને મન અજાણ્યુ અને જંગલી જણાયા. આવી અધમ દશાના સમયમા અગાધ ધૈર્ય ધરી અદ્વૈતનો ભગવો ઝૂડો હાથમા ગ્રહી સ્વામીજીએ આ દેશમા કાશ્મીરથી તે કન્યાકુમારી સુધી અને વળી પરદેશોમા પણ સોના મનમા ઠસાવ્યુ છે કે–હિંદનુ' સ્થૂલ શરીર ગમે તેવી સ્થિતિમા હોય, તેના શહેરો ગમે તેવાં મૂર્ખ અને ધૂંદણીવાં બની ગયા હોય, પણ તેના અંતરાત્મા કે જે ગામો અને ઝુંપડીઓમા વસી રહેલો છે તે હજી મરી નહિ જતા હયાતજ

વિસ્તૃત જીવનચરિત્ર હિમાલયમાં આવેલા અદ્વૈત આશ્રમમાંથી બહાર પાડ્યું. ગુજરાતી પ્રજાને પણ તેમના વિસ્તૃત ચરિત્રનો લાભ આપવો જોઈએ એમ આ લેખકનો નિશ્ચય થવાથી ગુર્જરગિરામાં જીવનકથા લખવાનું કાર્ય આરંભાયું. સ્વામીજીના સિદ્ધાંતો સર્વ કોઈ તેમનાં વ્યાખ્યાનો વાંચે છે પણ તેમના વિષે ગેરસમજુતી ઘણી વખત થાય છે એમ જાણી તેમના સિદ્ધાંતોનું રહસ્ય તેમના જીવનના પ્રસંગોથી સ્પષ્ટ કરવાની આવશ્યકતા લેખકના ધ્યાનમાં હતી. આથી કરીને તેમની જીવનકથાનું રહસ્ય જનસમૂહથી સમજાય અને તેના ભાવો હૃદયમાં ઉતરાય એ હેતુ લક્ષમાં રાખીને આ પુસ્તકમાં દરેક બનાવ નરમ ભાષામાં વર્ણવવામાં આવ્યો છે અને બને તેટલા અવતરણ અને મનનપૂર્વક આ જીવનકથામાંના પ્રસંગો અને બીજી હકીકતો આલેખવા યત્ન કર્યો છે."

આ પુસ્તક કોઈપણ ગ્રંથનું સીધેસીધું ભાષાંતર નથી, પણ તે અનેક ગ્રંથોને આધારે એક મૂળ પુસ્તક તરીકેજ લખવામાં આવેલું છે.

આ કાર્ય હાથમાં લેવ પછી તેની પ્રસિદ્ધિ માટે "સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય"ના મંત્રી સ્વામી શ્રીઅખંડાનંદજીને પ્રાર્થના કરવામાં આવી અને તેમણે તેનો સ્વીકાર કર્યો, તેથી લેખક તેમનો આ સ્થળે આભાર માને છે વળી અદ્વૈત આશ્રમ (હિમાલય)માંથી પ્રસિદ્ધ થયેલા અંગ્રેજી જીવનચરિત્રમાંથી કેટલાક બનાવો આ પુસ્તકમાં આધારરૂપે લેવાને અદ્વૈત આશ્રમના પ્રમુખને અરજ કરતાં તેમણે કૃપા કરી તે પ્રમાણે કરવાની પરવાનગી તારીખ ૨૩-૮-૧૯૨૨ના પત્રથી આપેલી છે, તેથી તેમનો પણ અત્રે ઉપકાર માનવામાં આવે છે.

આ પુસ્તક રચવામાં લેખકે નીચેના અંગ્રેજી પુસ્તકોનો મુખ્ય આધાર લીધેલો છે.

Life of Swami Vivekanand, by his Eastern

[illegible] Writers disciples (Advaita Ashrama Himalayas) Parts I, II, III, IV

The Master as I saw him, by Sister Nivedita.

Several numbers of Prabuddha Bharata.

Several numbers of Brahmavadin.

Several numbers of Vedanta Kesari.

[illegible] Mahatma by Max Muller

Ramakrishna Paramahansa by P. C. Mozumdar

[illegible] Review, Indian [illegible] The Bengali, The [illegible]

[illegible]

[illegible]

स्वामी विवेकानंद

भाग १ मो.

સવિસ્તર જીવનચરિત્ર.

પ્રકરણ ૧ લું - કુલ વૃત્તાંત

[illegible]

જેમનું વદન સ્વામીજીના મુખને તદન મળતું હતું તેમણે પચીસ વર્ષની ભર યુવાવસ્થામાં સંસારનો ત્યાગ કર્યો હતો. તેમનું નામ દુર્ગાચરણ દત્ત હતું. તેઓ ફારસી અને સંસ્કૃતમાં પારંગત હતા. જગતના ધન-વૈભવ સંપાદન કરવાની પુષ્કળ યોગ્યતા ધરાવવા છતાં તેની અસારતા અને ક્ષુદ્રતા તેમના મનમાં વસી રહી હતી. ધર્મ અને નીતિના ઉચ્ચ સિદ્ધાંતો તેઓ પુરેપુરા સમજતા અને ઇશ્વર એકલોજ તેમને સત્ય, સુખરૂપ અને પ્રાપ્ત કરવા યોગ્ય લાગ્યો અને એ વિચાર તેમના મનમાં એવો પ્રબળ થઇ ગયો કે તે કોઇ રીતે રોકી શકાયો નહિ! હિંદુશાસ્ત્રો કહે છે કે સંસારમાં પુત્રની પ્રાપ્તિ થયા પછી મનુષ્ય પિતૃ-ઋણથી મુક્ત થાય છે અને સ્ત્રી જાયા—માતા બને છે; માટે તે પછી પુરૂષે વિષયી ન રહેતાં નિર્વિષયીપદને પ્રાપ્ત કરવા માટે વાનપ્રસ્થ થવું. દુર્ગાચરણ સ્ત્રી, પુત્ર, સંસાર સુખ—સર્વસ્વનો દઢ ભાવે ત્યાગ કરી જંગલમાં ચાલતા થયા!

તેમના સ્ત્રી અને પુત્રની સંભાળ સગા વહાલાઓએ લીધી. તેમની સાધ્વી આર્ય પત્ની સઘળું સમજી ગઇ અને પતિના આ તપાચરણને લીધે તેમના તરફ વધારે પૂજ્યભાવ રાખવા લાગી. આર્ય સંસારની રચના શુભ તત્ત્વોને આધારે સ્થાપલી છે. તેનું બંધારણ સત્ય સિદ્ધાંતોના પાયા ઉપર બંધાયલું છે. હિંદુ સંસારમાં ધાર્મિક સત્યોનો આવિર્ભાવ છે તેનું લક્ષ્યબિંદુ પરમેશ્વર છે. પતિપત્ની આ ક્ષેત્રમાં એક બીજાને ઉચ્ચ કોટિએ લાવવાનાં સાધનરૂપ બની શકે છે. આ પ્રીજ પતિના વા અન્ય સંબંધીના સંસાર ત્યાગને તેની સ્ત્રી અને અન્ય કુટુંબીઓ પોતાને માથે તેથી કષ્ટ વેઠવું પડે તોપણ ઉંડી ધર્મ બુદ્ધિથી અહોભાગ્ય માનીને સ્વીકારે છે અને તેથી પોતાના કુળને ગૌરવ મળેલું સમજે છે. જે આર્ય સ્ત્રી પતિનું વિશ્વગમન પણ વેઠી શકતી નથી, તે આવા સ્તુત્ય હેતુથી થએલા સદાકાળના વિયોગને

રહેવામાં પોતાને પુણ્યશાળી માનીને, સંસારમાં પતિનું રાજ્ય કરતી પોતાના દિવસો હિંમતથી, શાંતિથી અને દિવ્ય ભાવનાઓમાં ગાળે છે!

દુર્ગાચરણજીની સાધ્વી સ્ત્રી પણ એજ પ્રમાણે મનથી સંસારને ત્યાગ કરીને વધારેને વધારે ભક્તિપરાયણ થવા લાગી!

દુર્ગાચરણ વકીલાતનો ધંધો કરતા હતા અને તેમાં તેમણે ઘણા પૈસા મેળવ્યા હતા. આથી કરીને તેમનો સંન્યાસ વિચારપૂર્વક અને અત્યંત ભક્તિભાવને લીધે હતો. સમૃદ્ધિવાનનો ત્યાગ, એજ ખરો ત્યાગ છે. પૂર્વ અને પશ્ચિમના સાધુઓ આવા સંન્યાસનેજ માનનીય ગણે છે.

હિંદમાં અનેક પવિત્ર સ્થળો છે! ભગવાન બુદ્ધે જ્યાં સત્યનું દર્શન કર્યું તે બુદ્ધગયા, શ્રીકૃષ્ણની બાલક્રિડાઓ અને ગોપીઓના રાસનું સ્થાન વૃંદાવન, ગુરુનાનક દેવનું સ્થાન અમૃતસર, અનેક ઋષિમુનીઓની તપોભૂમિરૂપ નાશીક ત્ર્યંબક, હિમાલયના દ્વારરૂપ હરદ્વાર અને હૃષીકેશ, નર્મદા કિનારે આવેલું વ્યાસ નામનું મનોહર સ્થાન, શ્રીશંકરાચાર્યે સ્થાપેલાં વિદ્યાપીઠનાં ચાર મુખ્ય ધામ, તુકારામ મહારાજનું પંઢરપૂર, જ્ઞાનેશ્વર મહારાજનું આલંદી, ગૌરાંગનું નુદીવા, વિદ્યાનું ધામ કાશીપુરી વ. સ્થળો કે જે અત્યારે પણ પ્રાચીનકાળના આર્યગૌરવના ભણકાર યાત્રીઓના હૃદયમાં જગાડવા કરે છે. આવાં આવાં અનેક પવિત્ર સ્થળો સંન્યાસીને પ્રિય હોય છે. અને અહાહા! તે સ્થળોનો એકાન્તવાસ! ત્યાં પ્રસરી રહેલી શાંતિ! સૃષ્ટિ સૌંદર્ય! અને તે સૌંદર્ય પ્રકૃતિરાણી, પવિત્ર જળવાયુ વાળી અને અનેક ઋષિમુનિઓની પદરજથી પવિત્ર થએલી ભૂમિપર શાંતિમાં રહી પરમાત્માના વિચારમાં એકાગ્રતા' તેનુંજ ધ્યાન, તેના પદને પામેલા સંત - ગુરુનો અને પામવા મથી રહેલા જીજ્ઞાસુઓનો સત્સંગ, પરમાત્માનુંજ મનન, તેનુંજ નિદિધ્યાસન' આ સઘળું જે ભાસે છે તે ઇશ્વરજ

તેમજ અમલ્ય અને યુનીવર્સીટીની પદ્ધોશાળાઓ જીંદગીના અંતના દિવસો ગાળવાને આ પવિત્ર સ્થળમાં આવી રહ્યા છે. હિંદુ ધર્મનું તે મધ્યસ્થળ છે! તેમાં દેવાલયો એટલાં બધાં છે કે મુસાફરો તેને "દેવાલયનું શહેર" કહે છે. જુદે જુદે સ્થળેથી આવેલા, જુદા જુદા વિચારના, પંથના, સંપ્રદાયના, જુદી જુદી ન્યાતના અને જુદી જુદી જાતના હિંદુઓનું તે હિન્દુસ્થાન છે.

દુર્ગાચરણની પત્ની કલકત્તાથી કાશી સુધી પાયસેં માઈલ ગંગા નદીમાં હોડીમાં બેસીને નવા શહેરો, નવા દેખાવો, નવા રીત-રિવાજો અને નવા મનુષ્યો વગેરે જોતાં જોતાં અને મહાભારતાદિના વાંચનમાં શ્રીરામ અને કૃષ્ણાદિનાં ચરિત્રોના કથનમાં દિવસો ગાળતાં ગાળતાં છ અઠવાડીએ કાશી પહોંચ્યા હતા.

તેમણે પોતાના પુત્ર વિશ્વનાથને પણ યાત્રામાં સાથે લીધો હતો. દરરોજ ગંગાનું સ્નાન અને પાન, આરોગ્યપ્રદ હવા, દરરોજનો સુંદર સૂર્યોદય અને સૂર્યાસ્ત, અજવાળી રાતનો સુંદર ચંદ્રપ્રકાશ અને અંધારી રાત્રિનો અસંખ્ય ચળકતા તારાઓનો અદ્દભુત દેખાવ, નિરજન પ્રદેશની અપૂર્વ શાંતિ અને તે દરમ્યાન માછીઓનાં હલેસાં વાગવાથી થતો અવાજ, માછીઓનાં અને સ્વમાતા તેમજ અન્ય યાત્રીઓનાં રાત્રિ દિવસ આઠે ધર્મભાવપૂર્વક ચાલ્યા કરતાં ભજન, સ્તવન અને વંદન, આ સર્વની છ અઠવાડીયાના સતત્ પ્રવાસ દરમ્યાન દરરોજની જે પ્રબળ અસર બાળક–વિશ્વનાથ–વિવેકાનંદના ભાવી જીવનના મન ઉપર થઇ તે તેમના જીવન પર્યંત રહી હતી.

દિવસો જવા લાગ્યા તેમ તેમ યાત્રાળુઓની હોડી કાશીની નજદીક આવવા લાગી. એક દિવસ વિશ્વનાથ હોડીના એક ખુણા ઉપર જઇને રમવા લાગ્યો. ત્યાંનું એક પાટીયું છુટું હોવાથી તે તુટી ગયું અને તે નદીમાં પડ્યો. માતાએ તે જોયું અને પોતાને તરતાં નહોતું

આવડતું નહોતું તે તરતજ કૂદીને તેની પાછળ પાણીમાં પડયા ! છોકરો હાથમાં આવ્યો અને તેને તેમણે મજબૂત પકડી રાખ્યો, પણ તેમને તરતાં આવડતું નહિ હોવાથી બંને જણ ડૂબવા લાગ્યા. હોડી ઉપરના માણસો બ્હાવરા બની ગયા. માત્ર થોડા કાળ વાગતજ પાણી ઉપર દેખાયાં ! એક જણ કૂદીને અંદર પડ્યો. પાછળ બીજાએ ભૂસકો માર્યો અને મા દીકરાને મહા મહેનતથી બેઉને કહાડયાં ! બીજે દિવસે કાશી આવ્યું અને અહો ! વિશ્વનાથની માતાનો હર્ષ ! વિશ્વેશ્વરના દેવાલયમાં તે ઘણા દિવસ સુધી ગયાં અને શિવના ભક્ત—તેમના પતિ દુર્ગાચરણના ક્ષેમ કલ્યાણને માટે તીવ્ર આરાધના કરી. ઘણા સાધુઓનાં તેમને અહીં દર્શન થવા લાગ્યાં. સાધુઓનાં ટોળાં નિહાળતાં ત્યારે 'રખેને આ—તેમના પતિ—તો આમાં નહિ હોય !" એમ વિચાર એમના મનમાં ફુરતો. એક દિવસ ગંગાના ઘાટ ઉપર સ્નાન કરીને વિશ્વનાથના દેવાલય તરફ તે જતાં હતાં, એટલામાં એક સાધુને નિહાળી "એ તો એજ ! એ તો એજ !" એમ બોલતાં સ્તબ્ધ બની જઈ જમીન ઉપર પડયાં. તે સાધુએ મુખ ફેરવી "**जहा माता गौर गई!**" પરંતુ એટલામાંજ તેમણે સાધ્વીને ઓળખી લીધાં અને "અરે ! માયા ! માયા" એમ કહેતા નાઠો ચાલતો થયો ! આ પછી દુર્ગાચરણના સ્થાનનો પત્તો મેળવી તેમનાં પત્ની ન સમજી શક્યાં અને સન્યાસીના ધર્મને વિચાર કરી તેઓ [illegible] તે [illegible] તેને [illegible] દર્શન [illegible] તેમનો [illegible] એ [illegible] વિશ્વનાથને [illegible]

થોડા દિવસ પછી વિશ્વનાથ અને તેની માતા કલકત્તે પાછાં [illegible] વિશ્વનાથ [illegible] મહાનામ [illegible] થયા [illegible]

[illegible] વિશ્વનાથની માતા ગુજરી ગયાં [illegible] વિશ્વનાથે [illegible] થયા પછી કાયદાનો અભ્યાસ કરી

અને વકીલાતનો ધંધો આરંભ્યો. તેમાં તેમની ખ્યાતિ વધી. બાપે તેમને વારસામાં દ્રવ્ય આપ્યું હતું તે ઉપરાંત પોતે પણ ઘણું કમાયા. તેમની ખ્યાતિ ચારેપાસ પ્રસરવા લાગી. એક ભવ્ય મકાન તેમણે બંધાવ્યું અને તેમાં ઘણા ઠાઠથી રહેવા લાગ્યા. આથી કરીને તેમનું કુટુંબ "રાજેશ્રી દત્ત કુટુંબ" એ નામથી ઓળખાવા લાગ્યું. મકાનની આસપાસ સુંદર બગીચો અને કમ્પાઉન્ડ કરાવી દીધું હતું. મકાનના મુખ્ય દ્વાર પાસે એક ઓરડીમાં એક દરવાન સદાએ બેસતો. આમલા ખંડની અંદરની બાજુએ દ્વાર પાસેજ એક આરામ ખુરશી પડી રહેતી. તે ખુરશી ઉપર વિશ્વનાથ અને તેમના પછી તેમનો પ્રખ્યાત પુત્ર વિવેકાનંદ બેસતા. એ ખુરશી હાલમાં ભાંગી તુટી સ્થિતિમાં છે તો પણ તેની તેજ જગ્યાએ પવિત્ર યાદગીરિ તરીકે સંભાળી રાખવામાં આવી છે. આમલા ખંડની પછવાડે પથ્થરથી બંધાવેલો મોટો ચોક હતો. એ ચોકની અંદર દુર્ગાપૂજાનો મોટો ઠાઠ થતો. ચોકની આગળ રસોડું અને પૂજા કરવાની ઓરડી આવેલાં હતાં. તેની પાસે સ્ત્રીઓ અને પુરૂષોને રહેવાના જુદા જુદા ભવ્ય ભાગના ખંડ હતા. મકાન ઘણું વિશાળ અને કોતરકામથી અલંકૃત હતું. વિશ્વનાથ તેમાં રહી ઘણી સ્વતંત્રતા અને વિલાસ ભોગવતા, પણ તેમના વિલાસ ઉત્તમ પ્રકારના હતા. તેમને વ્યસન માત્ર વિદ્યાનું હતું. વિદ્યાની સાથેજ તે રમત રમતા. ઇતિહાસ તેમનો ખાસ વિષય હતો, તેમાં ઉંડા ઉતરી અનેક શોધો કરવાને તે ઘણા આતુર હતા. જગતની સમસ્ત પ્રજાઓના ઇતિહાસનો અભ્યાસ કરી, તેમાંથી સર્વ સામાન્ય નીતિને ઉપજાવી કહાડવી એ તેમનો મુખ્ય આશય હતો. તેમનું હૃદય ઘણુંજ દયાર્દ્ર હતું અને તેથી તે ઘણો પૈસો પરોપકારમાં વાપરતા. તે એટલું બધું દાન કરતા કે તે ગરીબના પિતા કહેવાતા. તેમની આવક સાધારણ રીતે સારી હતી, પણ તેમની પરોપકાર વૃત્તિને

લીધે તેમની કમાણી કુટુંબના ખર્ચ માટે જેમ તેમ કરીને પુરતી થઇ રહેતી તેથી તેમના મૃત્યુ પછી તેમણે પોતાના છોકરાને માટે વારસામાં આવકાદની મિલકત સિવાય પોતાની જાતની ક્રમાણીમાંનું કાંઈ પણ રાખ્યું નહોતું

પ્રકરણ ૨ જું-ભુવનેશ્વરી.

વિશ્વનાથની પત્ની-વિવેકાનંદની માતાનું નામ ભુવનેશ્વરી દેવી હતું. તે વિચારવંત, ધૈર્યશીલ અને દેખાવમાં ભવ્ય હતાં. ઉપવાસ, વ્રતાદિ તે બહુ કરતાં અને અત્યંત ધર્મિષ્ઠ હતાં. સવારે વહેલા ઉઠીને તે પૂજા પાઠ કરતાં અને સાંજે પણ ઇશ્વર સ્મરણમાં કેટલોક વખત ગાળતાં પોતાની તીવ્ર સ્મરણશક્તિને માટે તે ઘણાં પ્રખ્યાત હતાં બપોરે ઘરનું કામ પરવાર્યા પછી રામાયણ, મહાભારતાદિ ગ્રંથો તે વાંચતાં હતાં અને તે એટલે સુધી કે તેમાંના કાવ્યોના મોટા મોટા ફકરાઓ તેમને કંઠે થઈ ગયા હતા તેમની યાદદાસ્ત એટલી જબરી હતી કે જો તેમની આગળ એકજવાર એક ગીત બોલવામાં આવે તો તે તેનો રાગ, શબ્દો અને તાલ એકી વખતેજ ગ્રહણ કરી લેતાં જીવનના ઘણાખરા પાઠો વિના તેમણે જમાનાના અનુભવો-માંજ ગાળ્યા હતા કુંતાની માફક દુઃખમાં ધૈર્ય ધરવું અને વિપત્તિ સમયે ઇશ્વરમાં શ્રદ્ધા રાખી નીતિ અને ધર્મમાં જરા પણ શિથીલ ન થતાં હિમ્મતથી દુઃખ સામે થવું અને વખત આવે હિંદુ સ્ત્રીઓને યોગ્ય પુરૂષાર્થ દાખવવું એ આ મહાન સ્ત્રીના ખાસ ગુણો હતા. તેમનું બોલવું, ચાલવું એક રાજાની રાણી માફક દેખાતું હતું અલબત્ત તે એક રાણીજ હતાં. કારણ કે તેમના પતિ-વિશ્વનાથનું જીવન

એક રત્ન જેવું હતું. હિંદુ રમણીની સ્વાભાવિક પણ શુદ્ધિ-શાળી, અત્યંત પવિત્ર અને ધર્મિષ્ઠ, ગંભીર અને ઉચ્ચશ્રેણીની ગૃહિ-ણીઓ કે જે સર્વદા ગૃહમાં પ્રમુખપદે બિરાજે છે અને માતા તરીકે ગૃહરાજ્ય કરે છે તેમનાં દર્શન અને સત્સંગ કરવાને જેઓ ભાગ્ય-શાળી થયા હોય એવા માણસોનેજ ભુવનેશ્વરીના ચારિત્રનો ખ્યાલ આવી શકશે. પ્રભુપરાયણ, ધીર, વિદુષી આર્યસન્નારીઓનાં દર્શનો જેમની દૃષ્ટિ આગળ આવ્યાં હશે તેમનેજ તે સમજાશે.

ભુવનેશ્વરી દેવીમાં બહાદૂર હિંમતનો પણ ગુણ હતો. પતિના મરણ પછી કુટુંબ ઉપર એકદમ રાજ્યદ્વારી આફત આવી પડી હતી. તે વખતે આ પ્રૌઢ વિચારની સ્ત્રીએ પરદાનો ત્યાગ કરી, બહાર નીકળી પોતાના વક્તૃત્વ અને ચારિત્રના પ્રભાવથી પોતાનો બચાવ કર્યો હતો. સર્વદા તે પરદો પાળતાં પણ વખત આવે તેનો ત્યાગ પણ કરતાં. પરદામાંજ તેમણે પોતાની બુદ્ધિને ખીલવી હતી, પરદા-માંજ તેમણે પોતાનું ચારિત્ર ઘડ્યું હતું અને પરદામાં રહીનેજ તેમણે વિવેકાનંદ જેવા અસામાન્ય પુત્રને ઉછેરી જગતને પોતાના પ્રતિબિંબ-રૂપે વારસામાં આપ્યો હતો.

પરદામાં રહે તો પણ આર્યસન્નારી શું શું કરી શકે તેનું ભુવ-નેશ્વરી દેવી એક જ્વલંત દૃષ્ટાંત છે. સ્વભાવે તે આનંદી હતાં. તેમનો બાહ્ય દેખાવ [illegible] પણ તેમની અન્તર્વૃત્તિ [illegible], [illegible] અને ધાર્મિક [illegible] હતી. [illegible] અન્ય સ્ત્રીઓ તેમની [illegible] અને તેમના [illegible] વિચારોને [illegible]. આ હિંદુ [illegible] મુખ [illegible], ગાંભીર્ય અને [illegible] પ્રભા [illegible]. [illegible] તેમને [illegible] [illegible]. [illegible] મુખ [illegible] પણ પડી નહોતી. [illegible]

પાસે બેઠો હોય તેમ ભાસ થતો. રામાયણ, મહાભારતાદિ જે આર્યોના આદર્શોની ઉત્કૃષ્ટ ભાવનાઓ, ચારિત્ર્ય અને શિક્ષણથી ભરપૂર છે તે આ [illegible] રીતે કાયમ રહેલાં તેમના [illegible], ભારત એ [illegible] તેમના હૃદયમાં સ્વાભાવિક રીતે વસ્યો હતો અને તે એવા ભાવ અને ઉત્સાહથી [illegible]

[illegible]

પ્રકરણ ૩ જું—જન્મ અને બાલ્યાવસ્થા.

ઘણા લાંબા વખત સુધી ભુવનેશ્વરી દેવીને પુત્રની પ્રાપ્તિ થઇ નહોતી. ઇશ્વરે તેમને બે પુત્રીઓ આપી હતી પણ પુત્ર પ્રાપ્તિ માટે તે ઘણાં આતુર હતાં. પુત્રની પ્રાપ્તિ માટે કાશી જઇ વીરેશ્વરની પૂજા ભક્તિભાવથી કરવી એમ તેમની ઉત્કટ ઇચ્છા હતી, પરંતુ તેમ બની શક્યું નહિં; તેથી કાશીમાં તેમનાં એક વૃદ્ધ બ્હેન રહેતાં હતાં. તેમને તેમણે તેમની વતી વીરેશ્વર મહાદેવની રોજ પૂજા અને ભક્તિ કરવાનું લખ્યું. તેમનાં બ્હેન તે પ્રમાણે કરવા લાગ્યાં. હંમેશ સાડી ધોઇને તે ગંગા કિનારે જતાં અને ત્યાંથી ગંગાજળ લાવી, પુષ્પ અને બિલ્વ પત્રથી તે રોજ મહાદેવની પૂજા કરતાં. ભુવનેશ્વરીને તેમણે આ ખબર લખી મોકલી અને તેમનો જીવ આશામાં પડ્યો. ઇશ્વર પ્રત્યેનો તેમની શ્રદ્ધા અડગ હતી. પ્રત્યેક રાતમાં તે ઇશ્વરની સહાય માગતાં. એક ન્હાનું બાળક જેમ પોતાની માતા પ્રત્યે હર વખત જુવે તેમ તે પ્રભુ પ્રત્યે મન લગાવી રહેતાં. અને પુત્રને માટે પ્રાર્થના કર્યાં કરતાં દિવસો વ્યતીત થવા લાગ્યા. તેમનો અંતઃકરણમાં પ્રકાશ દેખાવા લાગ્યો. તેમનું ચિત્ત શાન્ત બની પૂજામાં પરાયણ રહેવા લાગ્યું. તેમના વિચાર કાશીમય બની ગયા. તેમનું હૃદય શિવમંદિરમાં જ રહ્યું. મનમાં તેમને ભાન થવા લાગ્યો [illegible] તેમને [illegible] [illegible] ભક્તિમાં પ્રાર્થના કરતાં [illegible] [illegible] [illegible] પૂર્ણ વિશ્રામ [illegible] [illegible] હતી, તેમ તેમને પણ [illegible] [illegible] [illegible] [illegible] થઇ હતી અને તે [illegible] બની જતાં. તે વખતે તેમનાં ઘરનાં [illegible] કુટુંબના મનુષ્યો હાલમાં કહે છે કે, તે સમયમાં આખા ઘરમાં ભક્તિભાવની

અને બાળક તે શ્લોકોને થોડાજ સમયમાં કંઠે કરી નાખતું અને આથી કરીને એમ કહેવામાં આવે છે કે, જ્યારે બાળક ૭ વરસનું થયું ત્યારે લગભગ અર્ધો અમરકોશ તે મોંએ બોલી જતું હતું !

આ અવસ્થામાં પણ પવિત્રતા અને ભક્તિ તરફ તેનું મન આકર્ષાતું અને ધાર્મિક ક્રીયાઓ કરવાને તે આતુર બની જતું. નિશાળેથી પાછા ફરતા રસ્તામાં તે મુક્તિફોજના માણસોને જતા જુએ તો પુસ્તકોને રસ્તામાં ફેંકી દઇ તેમની પાછળ એક ગાંડા માણસની માફક તે જાય. સાધુ, વૈરાગીને માટે તે અત્યંત પ્રેમ દર્શાવતું અને ભિક્ષા માગવાને માટે જો કોઇ સાધુ તેને ઘેર આવે તો તેને પોતાનું પહેરેલું કપડું પણ તે આપી દેતું. એક વખત તેને નવી ધોતી પહેરાવવામાં આવી હતી. એક સંન્યાસી "નારાયણ હરિ ! નારાયણ હરિ !" બોલતો બોલતો ઘર પાસે આવ્યો. નરેન્દ્રના હર્ષનો પાર રહ્યો નહિ. સાધુએ એક કપડાની ઇચ્છા દર્શાવી. તરતજ નરેન્દ્રે પોતાની નવી ધોતી તેને કહાડી આપી. આથી કરીને કોઈ સાધુ બારણા આગળ આવે તો ભુવનેશ્વરી દેવી નરેન્દ્રને કલાકના કલાક સુધી ઘરમા પુરી રાખતા અને આગળ આવેલા સાધુથી તેને દૂર કરી દેતા, પણ આથી બાળક રોકાતું નહિ. ઘરમા પુરી રાખવામા આવે ત્યારે મેડી ઉપર ચઢી બારીઓ અને જાળીઆમાંથી જે પાસે વસ્તુ હાથમા આવે તેને તે સાધુ તરફ ફેંકતો !

ભુવનેશ્વરી દેવી શ્રીરામ અને સીતાની કથા દરરોજ નરેન્દ્રને કહેતા. તે ઘણા વિશ્વાસથી આખી કથા સાંભળતો. ભુવનેશ્વરી દેવી અને આખું કુટુંબ શ્રીરામ અને સીતાની પ્રતિમાઓની પૂજા, ચંદન અને પુષ્પ વડે રોજ કરતા. આ સઘુ નરેન્દ્ર પ્રત્યક્ષ નિહાળતો. આથી નરેન્દ્રને પણ શ્રીરામની પૂજા કરવાનું મન થયું. માતાએ તેને તે બાબતમાં જરા જરા દોર્યો હતો. પોતાના એક બ્રાહ્મણ મિત્રની સાથે

ખશી નહોતી. રસ્તામાં જતી ગાડીઓની લાંબી હાર જોવાનો તેને અત્યંત શોખ હતો. વારે ઘડીએ ઘરમાંથી તે ન્હાસી જાય અને બજારમાં ઉભો ઉભો ગાડીઓને તે જોયા કરે! ગાડી ઉપર બેઠેલા ગાડીવાનો, તેમના હાથમાં ઝાલેલી ચાબુકો, તેમનો નિસ્પૃહી સ્વભાવ અને તેમનું એકાદ ગીતનું લલકારવું આ સઘળું તેને અત્યંત પ્રિય થઇ પડતું એક દિવસ ગાડીમાં બેઠે બેઠે વિશ્વનાથે તેની આવી પ્રીતિ જોઇ અને સવાલ કર્યો: "મારા દિકરા, તું મોટો થઇશ ત્યારે કોણ થઇશ?" નરેન્દ્રે જવાબ આપ્યો: "અશ્વમન, ગાડીવાન!" કેવો બાળકનો નિર્દોષ સ્વભાવ! જે વાત હાથમાં ધરવી તે વાતમાં તદ્રુપ બની તેનેજ શ્રેષ્ઠ માનવી અને મનાવવી! આ સ્વભાવને લીધેજ નરેન્દ્ર મોટો થયો ત્યારે પણ તે જે જે વિષયને હાથમાં ધરતો તે તે વિષયના શ્રેષ્ઠપણાનું ભાન સર્વને કરાવતો.

પ્રકરણ ૪ થું—સરસ્વતી દેવીને અર્પણ.

નરેન્દ્ર ૭ વર્ષનો થયો ત્યારે તેને એક ગામડી સંસ્કૃત પાઠશાળામાં મુકવામાં આવ્યો જે દિવસે નિશાળની શરૂઆત કરી તે દિવસે ઘરમાં મોટા ઠાઠથી સરસ્વતી દેવીનું પૂજન થયું વદના અનેક મંત્રો ભણવામાં આવ્યા અને અંતઃકરણોએ એકત્ર થઇને પ્રાર્થના કરી અને માતાપિતાએ પોતાના બાળકને સરસ્વતી દેવીને અર્પણ કર્યું! કેવા ભાવથી, કેવી શ્રદ્ધાથી અને કેવા વિશ્વાસથી બાળક અર્પણ થયું હશે કે સરસ્વતી દેવીએ તેને પોતાનુંજ કરી લીધું શુદ્ધ અને શ્રદ્ધાવંત અંતઃકરણોની આશીષ અને ઇચ્છા સત્વર ફળીભૂત થાય છે. કેટલાં માબાપો આવી શ્રદ્ધાથી પોતાના બાળકોને નિશાળે મુકે છે અને સરસ્વતીને અર્પણ કરે છે. હિંદુશિક્ષણના તત્ત્વો કાંઇક જુદાંજ છે!

અમેરિકામાં તેના સંસ્કૃત અભ્યાસને લીધે પણ તે ઘણા અમેરિકનોનાં હૃદયોને જીતી લઈ શક્યો.

ઘરમાં વિશ્વનાથદત્તનો એક સગો સંસ્કૃતનો પંડિત હતો તેની પાસે નરેન્દ્રને હવે રાખવામાં આવતો. રાતે તેનું સૂવાનું પણ તે પંડિતની પાસેજ હતું. આ વિદ્વાનનું ધારવું હતું કે બાળકની સ્મરણ-શક્તિ ખીલવવાને અને તેનું ચારિત્ર ઘડવાને સંસ્કૃતના કેટલાક શ્લોકો અને પાઠ તેને કંઠે કરાવવા. આથી સૂતાં પહેલાં તે અનેક પ્રકારના ઉત્તમોત્તમ શ્લોક તેને કંઠે કરાવવા લાગ્યો. નરેન્દ્રને તે સહેલાઈથી કંઠાગ્ર થઈ જતા.

ભુવનેશ્વરી દેવીએ તેને હવે અંગ્રેજી ભાષાના અક્ષરો શિખવવાની શરૂઆત કરી. જે અંગ્રેજી ભાષાદ્વારા આખા જગતને મુગ્ધ કરવાને નરેન્દ્ર એક વખત શક્તિમાન થયો હતો તે ભાષાનું શિક્ષણ આપવાની માતાએજ શરૂઆત કરી. સાથે સાથે ભુવનેશ્વરીએ પાંડવોની દંતકથા, તેમના પરાક્રમ અને યુદ્ધ વગેરેથી ભરપૂર એવી આખી મહાભારતની કથા પણ તેને સંભળાવવાની શરૂ કરી. નરેન્દ્ર અત્યંત ભાવથી તે સાંભળતો. એક તરફ અંગ્રેજી ને બીજી તરફ પ્રાચીન સંસ્કૃતિ? કેવો સરસ સંયોગ! નરેંદ્ર જ્યારે વિવેકાનંદ તરીકે પ્રખ્યાત થયો ત્યારે તેનામાં દૃષ્ટાંત તરીકે વાર્તાઓ કહેવાની જે અદ્ભુત કળા આવી હતી તે કળા ભુવનેશ્વરી દેવી પાસેથીજ તે શિખ્યો હતો. વળી આ કુમળી વયમાંજ ભુવનેશ્વરી દેવીએ તેનામાં દેવપૂજા કરવાનો સંસ્કાર નાખ્યો.

ખરી પ્રાથમિક કેળવણી તો આ પ્રમાણે માતાને હાથેજ મળી શકે! સાધુ સંતોના અનુભવોની વાણી ભરી પુષ્કળ કથાઓ હિંદુસ્તાનમાં પ્રચલિત છે. ઋષિમુનિઓના તે હિંદુ પ્રજાને અમૂલ્ય વારસો છે. તેજ આધ્યાત્મિક વિચારો તે પાયો છે. તેમના ચારિત્ર ઘડતરીજ

હિંદુ સમાજનું બંધારણ બંધાયલું છે. સમાજના મૂળ બંધારણની પાછળ તે ગુપ્ત તત્ત્વ રૂપે રહેલું છે હિંદુ સમાજમાંની અનેક ઉત્તમ રૂઢિઓએ સૂક્ષ્મ તત્ત્વોનાજ સ્થૂળ આવિર્ભાવ છે આટલાજ હાય અનેક વેશધારીઓ વધી જવા છતા પણ સાધુ સંતોનું હિંદુ સમાજમાં ઉચ્ચ પદ ગણાય છે અને જેઓ જ્ઞાન અને ઉચ્ચ ભાવનાઓના ભંડાર સમાન છે તેમનું ચારિત્ર હિંદુ સમાજના જીવનનું તારતમ્ય અને અંતિમ આદર્શ છે તેમના આધ્યાત્મિક અનુભવો અને ઉપદેશ શ્રવણ કરવાને દરેક સંસ્કારી હિંદુ સદા આતુર હોય છે. નરેન્દ્ર પણ સ્વાભાવિક રીતે ઇશ્વરના દર્શન પામેલા હોય એવા સંત પુરૂષોની વાતો ઘણા ઉલ્લાસથી સાંભળતો અને ઘણી વખત અરણ્યમાં જઈ એક ભક્ત અથવા [illegible] માફક [illegible] ધ્યાન કરવાને આતુર બનતો. બીજા બાળકોના સાથે રમતે રમતે પણ " ચાલો આપણે ઇશ્વરનું ધ્યાન ધરીએ " એમ બોલી ઇશ્વરનું ધ્યાન ધરવા બેસી જતો અને બીજાને તેમ કરવાનું કહેતો સંસારની વાતોથી તે દૂર રહેતો. બાલ્યાવસ્થાથીજ તેનામાં વૈરાગ્યવૃત્તિ દેખાતી હતી

એક બનાવ એવો બન્યો કે જેથી તેની વૈરાગ્યવૃત્તિને પોષણ મળ્યું. ઘોડા અને ગાડીઓનો તે શોખીન હતો, તેથી ઘણુંખરૂં ઘોડાઓના તબેલામાં તે જતો, ઘોડાઓને પંપાળતો અને [illegible] સાથે વાતચીત કરતો [illegible] સંસાર [illegible] છે, દુઃખના દરીઆ છે એમ કહેતા કહેતા તે પોતાનો અનુભવ કહેવા લાગ્યો [illegible] વખતમાં પડ્યું, સ્ત્રી અને છોકરાની કરજ [illegible] [illegible] એવી મુશ્કેલીઓ [illegible] સંસારી જીવનમાં અનેક દુઃખ વેઠ્યાં. નરેન્દ્ર તેની વાત સાંભળતો અને ઊંડા વિચારમાં પડી જતો. એકવાર આ [illegible] સાંભળીને તેણે નિશ્ચય કર્યો કે " હું કદી પરણનાર નથી. [illegible] જીવનજ

મારે જોઇએ ! હું સાધુ થઇશ અને સ્વતંત્રપણે આખા હિંદમાં પર્યટન કરીશ." આ નિશ્ચયની અસર તેના દરેક કૃત્યો ઉપર થઈ. ભુવનેશ્વરી દેવી રામ અને સીતાનાં ઉપાસક હતાં. તેથી નરેન્દ્ર રામ અને સીતા તરફ અત્યંત ભક્તિભાવ દર્શાવતો અને તેમની પવિત્ર કથા સાંભળતાં સાંભળતાં તેનો આત્મા પવિત્ર વાસનાઓથી ઉભરાઇ જતો અને તે આવેશમાં આવી જતો; પણ રામ અને સીતા પરણેલાં ! શ્રી રામ સંસારી ! શ્રી રામ–સાક્ષાત ઇશ્વરનો અવતાર તે પણ સંસારના બંધનમાં ! આ વિચાર તેના મનમાં ખુંચવા લાગ્યો. ભુવનેશ્વરીએ તેને સીતાસ્વયંવરની કથા કહી હતી. તેમનો દામ્પત્ય પ્રેમ તે વખાણતો અને રામના પરાક્રમોનું તે આનંદથી મનન કરતો. રામ અને સીતા બંનેનાં ચારિત્રને તે સર્વોત્કૃષ્ટ ગણતો પણ–પણ તે પરણેલાં! બસ, ત્યારે બધુંએ નકામું !

શ્રીરામ અને સીતાની મૂર્તિને તે દરરોજ પૂજતો પણ હવે ઉપલા વિચારને લીધે તેને તેના ઉપર અશ્રદ્ધા થવાનું કારણ મળ્યું. ભક્તિભાવમાં ખલેલ પહોંચ્યું અને પોતાનો આદર્શ ફેરવવાનો સમય આવ્યો ! નરેન્દ્ર રોતા જેવો થઇ ગયો. તેની આંખમાંથી આંસુ નીકળી પડયાં ! દેવતા બધાએ સંસારી ! હવે કોનું પૂજન કરવું એ વિચારે તેને અકુળ મુંઝવ્યો. તેને દુઃખમાં સહાય કરનાર, તેની શંકાઓનું સમાધાન કરનાર, ભુવનેશ્વરી દેવી ડગલે ડગલે તૈયારજ હતાં. ભુવનેશ્વરી નરેન્દ્રનું સર્વ વાતે વિશ્રામ સ્થાન હતાં. કાંઇ પણ કારણ બને કે તરતજ નરેન્દ્ર તેનાં પાસે દોડી જતો અને ભુવનેશ્વરી તેનું તત્કાળ સમાધાન કરી તેના મનને એવું તો ઉમદા વલણ આપતાં કે નરેન્દ્રના ભાવી ચારિત્રના ખાતર એક પછી એક તેના હૃદયમાં ઉંચા રોપાતા જતાં. નરેન્દ્ર આ પ્રસંગે પણ પોતાની મા પાસે ગયો. ભુવનેશ્વરી રોવાનું કારણ પૂછવા લાગ્યાં. નરેન્દ્ર ચૂપ રહ્યો અને ડુસકાં

આવા લાગ્યો. માતાએ તેને છાતી સરસો ચાંપ્યો. નરેન્દ્રના હૃદયનો ભાર ઓછો થતાં અને તેણે પોતાની સઘળી વાત કહી. ભુવનેશ્વરીના મનમાં [illegible] વીરેશ્વરની આરાધનાનો વિચાર આવ્યો. મહાદેવનું સ્મરણ થયું અને તેમણે [illegible] પુત્રને "વીરેશ્વર" ના નામથી બોલાવીને [illegible] આજે તું મહાદેવની પૂજા કર!" તરતજ [illegible] નરેન્દ્ર [illegible] ગયો. [illegible] પૂજાની ઓરડીમાં તેણે પ્રવેશ કર્યો. [illegible] તે જરા અટક્યો, પણ પછી તરતજ તે મૂર્તિનું [illegible] તેને રસ્તા ઉપર ફેંકી દીધી! બીજે દિવસ સવારમાં શિવની મૂર્તિ ખરીદવાને તે બજારમાં ગયો. ભુવનેશ્વરીએ તેને પૈસા આપવા ના પાડી. તરતજ તે મહાદેવની મૂર્તિ [illegible] રામ-સીતાની મૂર્તિ બેસાડી હતી તેમજ [illegible] તેનું ધ્યાન ધરવા લાગ્યો.

[illegible] વિનોદ-ખેલ ધ્યાન અથવા સમાધિ કરે છે. અત્યારે આપણામાં ધ્યાન, [illegible] સમાધિ એ જુના વખતની વાતો થઈ પડી છે. એ હમણાં [illegible] આપણા મગજમાં પ્રાચીન સમયના [illegible] સાધુઓ અરણ્યમાં રહી, [illegible] [illegible] આપવા [illegible] છે. [illegible] થાડી [illegible] પ્રાપ્ત કરી, [illegible] વિચારનું [illegible] [illegible] [illegible] [illegible] દેખો [illegible]! [illegible] અને [illegible] તેમના [illegible] છે.

નરેન્દ્રને એવા સાધુઓ અને તેમની વાતો ઘણાંજ પ્રિય હતાં. સાધુઓ વિષે તે સઘળું જાણતો. તેઓ કેવી રીતે ધ્યાન ધરે છે તે એ સમજતો. ઘરનાં માણસો પૂજા કરવાને કેવી રીતે બેસતાં તે એ જોતો. એક દિવસ એક વડીલે સંતોની વાતો કહેતે કહેતે ગમ્મતની ખાતર કહ્યું કે, જે સાધુઓની માફક ધ્યાન ધરે તેના વાળ વધીને મોટી જટા જેવા બની રહે! નરેન્દ્રે એ વાતને સાચી માનીને શરીર ઉપરનાં સઘળાં વસ્ત્ર કહાડી નાખ્યાં. એક ભગવી લંગોટી તેણે વાળી અને પદ્માસન વાળીને એકાંતમાં ધ્યાન ધરવા લાગ્યો! ભુવનેશ્વરીએ તે જોયું ત્યારે તે બોલી ઉઠયાં, "અલા આ શું કરે છે!" માતાની પાસે દોડતો દોડતો તે હર્ષભેર ગયો અને ગર્વ ધરી બોલવા લાગ્યો: "જુવો, હું ધ્યાન કરૂં છું—હું ધ્યાન કરૂં છું." હાથ જોડી, આંખો મીંચી, પોતાની બાળબુદ્ધિ પ્રમાણેનું ધ્યાન તેણે એક કલાક સુધી કર્યું. એટલામાં તેના વાળ વિષે તેને વિચાર આવ્યો. વાળને તપાસતાં તે વધેલા માલુમ પડયા નહીં અને તેથી ગભરાઇ ઉઠીને તે પોતાની માતા તરફ દોડી જઇ વાળ નહીં વધવાનું કારણ પૂછવા લાગ્યો. માતાએ તેને સમજાવ્યો કે છોકરાંના વાળ કંઇ તરત વધે નહિ. મોટો થઇશ એટલે તે વધશે. પણ તે પોતાના અનુભવની વાત કરવા લાગ્યો. "માડી સવારમાં શિવજી પાસે બેસીને હું ધ્યાન ધરતો હતો પણ તેમાં ચિત્ત લાગ્યું નહી, તેથી મને તમારા શબ્દો સાંભર્યા કે મેં તોફાન કર્યું તેથી શિવે મને કૈલાસમાંથી કહાડી મુક્યો છે! હું ધારૂં છું કે આગ પાછલા જન્મમાં હું સાધુ હોઇશ ને મેં તોફાન કર્યું હશે તેથીજ મને શિવજીએ કહાડી મુક્યો હશે! જો હું હવે ભલો સાધુ થાઉં તો શિવ મને ફરીથી કૈલાસમાં આવવા દેશે?" ભુવનેશ્વરીએ જવાબ આપ્યો, "હા" પણ તે મનમાં ગભરાવા લાગ્યા કે તેના દાદા દુર્ગાચરણની—માફક તે પણ કદાચ સાધુ

પાશ્ચાત્યોના અનુકરણમાં સર્વસ્વ આવી રહેલું માનનારાઓ હિંદુ જાતિમાંથી આ કુદરતી શક્તિને કહાડી નાંખી નવુંજ શોધી દાખલ કરવા માગે છે; પણ વ્યાધિની પરિક્ષા વગરના ઉંટવૈદની પેઠે એવા ઉપાય નકામાજ છે !

• નરેન્દ્રની બાલ્યાવસ્થાના આ સમયમાંજ એક અલૌકિક વાત એ બનતી હતી કે રાત્રે પથારીમાં સુતા પછી તે જ્યારે ઉંઘી જવાની તૈયારીમાં હોય ત્યારે તેની આંખો ઉપરનાં બે ભવાંના વચલા ભાગની સામે એક આસમાની રંગનો પ્રકાશ તેને દેખાતો.

નરેન્દ્ર દસ વર્ષનો થયો ત્યાંસુધી એમજ સમજતો કે ઉંઘી જતી વખતે બધાએ આ પ્રમાણે પ્રકાશ જોતા હશે ! પછીથી તે સમજ્યો કે દરેકને તે જોવાનું ભાગ્ય હોતું નથી. આ જ્યોતિદર્શન તેના અવસાન સુધી કાયમ રહ્યું હતું. આ પ્રકાશદર્શન ધ્યાનનું ફળ છે. નરેન્દ્ર તે બાલ્યાવસ્થામાંથીજ જોતો હતો, તેથી સાબિત થાય છે કે તેના પૂર્વ જન્મમાંજ ધ્યાનાવસ્થા તેને સિદ્ધ થએલી હતી. આથીજ ધ્યાન તેને મન એક રમત જેવું થઇ રહ્યું હતું.

પ્રકરણ ૫ મું—અંગ્રેજી નિશાળમાં.

સાત વર્ષની ઉમ્મરે નરેન્દ્રને અંગ્રેજી નિશાળે મૂકવામાં આવ્યો. તેને કહેવામાં આવ્યું કે હવે તેને અંગ્રેજી શિખવું પડશે. નરેન્દ્ર "ના" કહેવા લાગ્યો. "તે મ્લેચ્છ ભાષા શા માટે હિંદુઓએ શિખવી જોઇએ" એમ તે કહેવા લાગ્યો. આપણે તો આપણી ભાષામાં પારંગત થવું જોઇએ એમ તે વિચારવા લાગ્યો. "અંગ્રેજી ભાષા હું નહીં શિખું" એમ તે દૃઢપણે દર્શાવવા લાગ્યો. નિશાળેથી તે પાછો આવતો રહ્યો. તેના માબાપે તેને સમજાવ્યો કે તે રાજ્યભાષા છે

અને સૌથી આવશ્યક છે. તે પણ તે માને નહિ. તેના બાપનો એક [illegible] તેને એક ખુણામાં લઈ જઈને ખુબ [illegible] માને નહિ. [illegible] તેના મનમાં [illegible] શિખામણ માની અને [illegible] પોતાના મનનું સમાધાન થતા [illegible] એ આ બાળકનો સ્વભાવ હતો, અને સમાધાન થયા પછી [illegible] તેમાં તે પ્રવીણ [illegible] વિદ્યમાન હોય પણ પછી તેમાં [illegible] પાશ્ચાત્ય વિદ્વાનોને તેમની સ્વભાવમાં પણ તે આજ નાખતો અને આખી દુનિયામાં [illegible] એક સમર્થ [illegible] કહેવાની ખાસ જરૂર છે કે નરેન્દ્રને [illegible] એક થયું નહોતો. [illegible] નિવારણ કર્યું કે એટલે [illegible] છે કેટલાક [illegible] એટલે. [illegible] પૂર્ણ છે, પણ તેના ચરિત્ર [illegible] તેમની બિલકુલ [illegible] નહિ. [illegible] છે [illegible] છે. [illegible]

શ્લોકો કંઠે કરાવ્યા હતા. બંગાળી ભાષાનું સાહિત્ય પણ
ાનગી શિક્ષક મારફત શિખવાતું. આથી કરીને ઘણાં બંગાળી
નરેન્દ્ર મ્હોઢે બોલી જતો. ખાસ કરીને રામાયણ અને મહાભારત
'બાળપણથી તેને શિખવવામાં આવ્યાં હતાં. આથી કરીને કેટ-
વૈરાગીઓ, હાથમાં એકતારો લઈને રામાયણમાંની કવિતાઓ
તા બોલતા તેના ઘર પાસે આવતા. ત્યારે તેમને નરેન્દ્ર ધ્યાન
સાંભળતો અને વખતે તેઓ ભૂલ કરતા તો તે સુધારા-
. તેઓ તેની પ્રશંસા કરતા અને પાછા ફરતા. કોઈ પણ સ્થળે
ાયણની કથા કહેવાય તો ત્યાં નરેન્દ્ર જરૂર જાય. ભજન થતું
ય તો ત્યાં પણ જાય, ભજન ગાવા મંડી અને પ્રભુ નામની ધુન
ાલનો બોલતો કુદવા મંડે. હનુમાનનું ચારિત્ર તેને અત્યંત પ્રિય
ઈ પડતું. હનુમાન! બાલ બ્રહ્મચારી! વજ્રાંગ! મહાવીર! મહા-
બળ! આજ્ઞાંકિત સેવક! શ્રીરામના નામ વગરની મુક્તામાળા પણ
જેને તુચ્છ લાગી! આવા શબ્દો બાર ગણી મૂકીને તે બોલતો અને
મસ્ત બની જતો! એક કથાકારે એને કથામાં કહ્યું કે હનુમાન કેળાની
ઘટામાં હજી પણ રહે છે. નરેન્દ્ર તરતજ શ્રીહનુમાનનાં દર્શન
કરવાને આતુર બની ગયો! તે બોલી ઉઠ્યો, "મને દર્શન દેશે?"
કથાકારે જવાબ આપ્યો, "હા, તમને પણ દર્શન થશે!" રસ્તામાં
આવતાં આવતાં કદળી વૃક્ષની ઘટા તેની નજરે પડી. નરેન્દ્ર તેમાં
જઈને બેઠો અને ધ્યાન ધરવા લાગ્યો. ઘણો વખત થયો પણ
કંઈ દર્શન બર્શન થયું નહિં. તે બહુજ નિરાશ થયો અને ઘેર
પાછો આવ્યો. ઘરના માણસોએ તેને સમજાવ્યો અને તેના બાળક
હૃદયને શાંત પાડવાને માટે કહ્યું ' રામનો સંદેશો લઈને તે પરગામ
ગયા છે. " આથી તે શાંત થયો. કેવું બાળક હૃદય! કેવી નિર્દોષતા!
બાળક નરેન્દ્રને મન તો પૃથ્વી ઉપર દેવતાઓ વસી રહ્યા હતા!

હતો! શાબાશ છે એ શુદ્ધ આશયોને! ધન્ય છે એ આદર્શ માતાને! નરેન્દ્રનું મહદ્ ભાગ્ય હતું કે આવી વીર વિદુષી માતા તેને મળી હતી!

અફસોસ! કેટલો બધો વિનિપાત! ભુવનેશ્વરી દેવી જેવી લલનાઓ પણ જે માતૃભાષાની હિમાયત કરે, તેની કેવી દુર્દશા! આધુનિક સમયમાં કોલેજના વિદ્યાર્થીઓને એક કાગળ લખવો હોય તો તે ઇંગ્રેજી ભાષામાંજ લખવાનું વધારે પસંદ કરે અને તે ભાષામાંજ સારી રીતે લખી શકે! માતૃભાષામાં લખતાં તેમને શબ્દો જડે નહીં, વાક્ય રચના ઓછરતાં મુશ્કેલી થાય અને વિચાર સ્પષ્ટપણે દર્શાવતાં આવડે નહીં! ભણભણ્યા ગ્રેજ્યુએટો પણ તેમાં કંઇ જ્ઞાન ધરાવતા ક્વચિતજ જણાય! રે, તેને માટે પસંદગી કે તેની આવશ્યકતા દર્શાવતા ભાગ્યેજ દેખાય! જ્યાં માતૃભાષાની આવી અવગણના ત્યાં સારાં ભાગ્યોની આશાજ શી!

પ્રકરણ ૬ ઠું-વિદ્યાર્થીજીવન.

મેટ્રોપોલિટન ઇન્સ્ટીટ્યુશન નામની અંગ્રેજી નિશાળમાં નરેન્દ્રને મુકવામાં આવ્યો હતો. નિશાળમાં તે એક જગ્યાએ સ્થિર બેસી રહેતો નહિ. પ્રવૃત્તિમયતા, દયાળુતા અને સ્વતંત્ર વિચાર, ખાસ કરીને આ ગુણો તેનામાં ન્હાનપણથીજ માલમ પડતા હતા અને જેમ જેમ તે મોટો થતો ગયો તેમ તેમ તે ગુણો વધારે ને વધારે ખીલતા ગયા. જ્યારે તે રમવાને જતો ત્યારે તે ખુબ રમતો, તે ઘણું કૂદતો, દોડતો અને કુસ્તી કરતો. તે ઉંદરાઓના નામ પાડતો અને તોફાન કરતો. રમતમાં પણ તે સૌનો સરદાર થઇ રહેતો. નવી નવી રમતો તે શોધી કહાડતો અને તેમાં મશગુલ થઇ જતો. ઉપરથી તે સૌને રમતીયાળ અને તરંગી જણાતો, પણ તેનું અંતઃકરણ ધાર્મિકજ હોવાથ

મોટો વાદ થતો, તેમાં વખતે પિતા અને વખતે પુત્ર જય મેળવતો. નરેન્દ્રની આ વૃત્તિને વિશ્વનાથ કદી દબાવી દેતા નહિ. તેને જે પૂછવું હોય તે પૂછવા દે અને તેનું સમાધાન કરે. વાદવિવાદમાં જ્યારે પુત્ર જય મેળવતો ત્યારે ભુવનેશ્વરી ઘણાં ખુશી થતાં. મોટી વયે પણ તે એજ વાત સર્વેને કહેતો હતો કે "પુસ્તકમાં વાંચો કે તરતજ માનશો નહિ. જાતે સત્યને ખોળી કહાડો. જાતે અનુભવ કરો!" અંધશ્રદ્ધા નહિ, પણ સ્વાનુભવ, એ એના ઉપદેશનું લક્ષ્યબિંદુ થઇ રહ્યું હતું.

નાનપણથીજ સાહસબુદ્ધતા અને નિડરતાનાં ચિન્હ તેનામાં કેટલેક અંશે દેખાઇ આવતાં હતાં. તે નીચેના ઉદાહરણ ઉપરથી સહજ સમજાશે. તે લગભગ છ વર્ષનો હતો અને તેના મિત્ર સાથે મેળામાં ગયો હતો. લાખો માણસ ત્યાં એકઠાં થયાં હતાં. તેણે શિવની મૂર્તિ-ઓ ખરીદ કરી હતી. તેને તે જીવ સમાન સાચવતો હતો. ભીડ ઘણી હોવાથી એ અને એનો મિત્ર બંને જુદા પડી ગયા. તેનો મિત્ર ભીડમાં અથડાવાની તૈયારીમાં હતો. શિવની મૂર્તિઓને સંભાળવી અને તેના મિત્રને ભીડમાંથી શોધી બહાર કહાડવો એ બંને વાતો બનવી મુશ્કેલ હતી. એવામાં એક ઘોડાગાડી દોડતી આવી અને તેનો મિત્ર ઘોડાના પગ વચ્ચે આવી જતાં તેણે બૂમ પાડી. નરેન્દ્ર તે બૂમ દૂરથી સાંભળી કે તરતજ તેની પાસે દોડી આવ્યો. એક હાથમાં શિવની મૂર્તિઓ તેણે પકડી અને બીજે હાથે તેના મિત્રને તેણે ખેંચી કહાડયો! પ્રેક્ષકોએ તેને શાબાશી આપી અને તેની પીઠ થાબડી. માતા ભુવનેશ્વરીએ આ વાત જાણી ત્યારે તેમણે હર્ષનાં આંસુ પાડયાં અને બોલ્યાં: "મારા દિકરા, હમેશાં એવુંજ પુરુષાર્થ દાખવજે." જ્યારે તે નવ કે દસ વર્ષનો હતો ત્યારે પણ તેણે નિડ-રતા બતાવી હતી. એક વખત કેટલાક વિદ્યાર્થીઓને લઇને વનસ્પતિ વિજ્ઞાનશાસ્ત્રને માટે બનાવેલા એક બાગમાં તે ગયો હતો. આ બાગ

[illegible]

[illegible]

પોતાની ન્યાતનો હુક્કો લઈને ગગડાવતા. નરેન્દ્ર કોઈ કોઈ વખતે તેમની પાસે બેસતો અને તેમના ગપાટા સાંભળતો. અસીલો તેમને ઘેર આવવા જાય ત્યારે નરેન્દ્ર વારાફરતી દરેક હુક્કો ગગડાવીને તેનો સ્વાદ ચાખી જોતો! જુદા જુદા હુક્કામાંથી જુદા જુદા સ્વાદ આવે છે એમ તે માનતો. પોતાની ન્યાતનો હુક્કો પીવાય અને બીજી ન્યાતનો ન પીવાય એ વિચારથી તેને આશ્ચર્ય લાગતું! "શું બીજાનો હુક્કો પીએ તો મરી જવાય? શું ઘરનું છાપરું માથે તૂટી પડે? મને અજમાવી જોવા દો" એમ કહેતો કહેતો નરેન્દ્ર દરેક હુક્કાનો સ્વાદ ચાખતો અને પછી બોલતોઃ "જુઓ, હું તો કંઈ મરી જતો નથી! માથા ઉપર કંઈ મેડી તૂટી પડતી નથી!" તેના ઘરના તેની તરફ જોઈ રહેતાં અને તેના આ કૃત્ય સામે તિરસ્કાર દર્શાવતા. એટલામાં એક દિવસ વિશ્વનાથ જાતે ત્યાં આવ્યા અને પૂછવા લાગ્યાઃ "આ શું કરે છે?" નરેન્દ્રે જવાબ આપ્યોઃ "બીજી ન્યાતનો હુક્કો પીએ તો શું થાય તે હું અજમાવી જોઉં છું!" વિશ્વનાથ ખડખડ હસ્યા અને પોતાની ઓરડીમાં ચાલ્યા ગયા. બાળકની આ બાળક્રીડામાં જ્યું જાતે જોવું, અનુભવવું, પછીજ માનવું, એ સિદ્ધાંતજ કૃતિમાં મૂકાતો હતો.

ફરીથી એક વાર નરેન્દ્ર પેલા ચંપક વૃક્ષ ઉપર ચઢીને બેઠો હતો. તેનો માસ્તર તેને ફરીથી જોઈને કંટાળીને પુછવા લાગ્યોઃ "આટલા મોટા થઈ તું તે શું આખો દિવસ રમતો ફરે છે; કાંઈ વાંચતો કેમ નથી?" નરેન્દ્ર જવાબ આપ્યોઃ "હું વાંચું છું અને રમું પણ છું!" માસ્તર વિદ્વાન હતો. તેણે નરેન્દ્રને પાસે બોલાવ્યો અને તેની પરીક્ષા લીધી. તેના અભ્યાસ વિષે તેની ખાત્રી થઈ. પછી તેણે પુછ્યુંઃ "તું ક્યારે વાંચે છે અને તારી ઉપર દેખરેખ કોણ રાખે છે?" નરેન્દ્રે જવાબ આપ્યોઃ "હું સવારમાં વાંચું છું અને મારી મા

થયા હતા. તેમની માતાઓ ઉચ્ચ સંસ્કારવાળી ન હોત તો તેઓ મહત્તાને પ્રાપ્ત કરી શક્યા નહોત. તેની માતા વગર નેપોલિયન પ્રખ્યાતિમાં આવ્યો નહોત. મહાન અંગ્રેજ ગ્રંથકાર કાર્લાઇલ, ઇંગ્લાંડનો વડો પ્રધાન ગ્લેડસ્ટન અને બંગાળાના પ્રસિદ્ધ ધાર્મિક પુરૂષ કેશવચંદ્રસેન તથા ઇશ્વરચંદ્ર વિદ્યાસાગર, વર્તમાન મહાત્મા ગાંધીજી, મૌલાના મહમદઅલી અને શૌકતઅલી, આ સર્વ અસામાન્ય પુરૂષો તેમની માતાઓના બોધ વગર પ્રસિદ્ધિમાં ભાગ્યેજ આવ્યા હોત.

નરેન્દ્રના જન્મ પહેલાંજ પુત્ર થાય તો સુપુત્ર થાય એમ ભુવનેશ્વરી દેવી હૃદયથી ઇચ્છતાં! તેના જન્મ પછી "નરેન્દ્ર એક મહાન ધાર્મિક પુરૂષ થાય" એમ તેમની તીવ્ર ઇચ્છા હતી અને તે ઇચ્છા પુરી પાડવાને દરરોજ તે પ્રભુ પ્રાર્થના કરતાં અને અનેક સાધનો યોજતાં. તેની બાલ્યાવસ્થામાં અને તેની યુવાવસ્થામાં તેના મનનું વલણ વાળવામાં, હિંદુ ધર્મના સિદ્ધાંતો મુજબ તેનું ચારિત્ર ઘડવામાં અને તેના મનમાં રામાયણ અને મહાભારતની વાર્તાઓ ઠસાવવા પાછળ તે મંડયાં ને મંડયાંજ રહેતાં. લક્ષ્મીને તે તુચ્છ ગણતાં અને તેના કરતાં સત્શીલ જીવન વધારે કિંમતી ગણતાં. શાળાના અભ્યાસ ઉપર તે ઘણીજ દેખરેખ રાખતાં અને પોતાના ચારિત્ર અને ધાર્મિક જીવનથી પુત્રનું ધાર્મિક જીવન ઘડતાં અને તેના હૃદયમાં નૈતિક અને આધ્યાત્મિક બળ રેડતાં. આવું નૈતિક અને આધ્યાત્મિક બળ પોતાનાં બાળકોના હૃદયમાં રેડતી માતાઓ હાલમાં કેટલી હશે!

કોલેજમાં ગયા પછી પાશ્ચાત્ય વિદ્યાના સંસર્ગથી નરેન્દ્રના મનમાં અનેક વિચારોનું તુમુલ યુદ્ધ મચી રહ્યું હતું. તે વખતે પણ ભુવનેશ્વરી પ્રભુને પ્રાર્થના કરતાં કે તેના ચિત્તમાં જલદીથી સમાધાન થાય. તેના ગુરૂની પાસે નરેન્દ્ર જ્યારે બોધ ગ્રહણ કરવા લાગ્યો ત્યારે તે

પ્રકરણ ૮ મું.–મહત્તાનું ભાન.

જેઓ પ્લેટો અને એરીસ્ટોટલની માફક જગતના વિચારોને ફેરવવાને શક્તિમાન થયા છે, જેઓ અલેક્ઝાંડર અને સીઝરની પેઠે વિશ્વનું ભાવી બદલી શક્યા છે તેઓને પોતાની મહત્તાનું ભાન નાનપણથીજ હોય છે. નરેન્દ્ર કે જેણે હિંદુસ્તાન અને અમેરિકાનું ભવિષ્ય અમુક ચોક્કસ દિશામાં વાળ્યું તે પોતાની મહત્તા નાનપણથીજ સમજતો હતો. હવે તે હાઈસ્કૂલમાં આવ્યો હતો અને ઉપલા ધોરણો –છઠ્ઠા સાતમામાં અભ્યાસ કરતો હતો. આ વખતે પોતાનામાં એક પ્રકારની સત્તા છે એમ તેને લાગતું હતું. પોતાના વિદ્યાર્થી જીવનમાં તે સર્વદા પ્રવૃત્તિમય જણાતો; પણ સાથે સાથે ધ્યાનમાં બેસવાનું તે ચૂકતો નહિ. જીવનની અનેક કળાઓમાં નિષ્ણાત થવું અને સાથે સાથે મોક્ષને પગથીયે ચડતા જવું એવું તેના મનનું વલણ હતું, અને તેથી કરીને જ મોટી વયે જનક રાજાની માફક નિવૃત્તિ અને પ્રવૃત્તિનો અદ્ભુત સંયોગ કરી, આ નિવૃત્ત–પ્રવૃત્તિમય જીવનને અનેક રૂપમાં તે વહેવરાવી શક્યો હતો.

વિદ્યાર્થી અવસ્થામાં જાહેર હિંમત નરેન્દ્રમાં કેટલે અંશે હતી તે નીચેના બનાવ ઉપરથી સમજાશે. એક વખત તે નાટક જોવા ગયો હતો. ત્યા એક પોલીસ અમલદાર નાટક જોનારાઓમાંના એક જણને પકડવાને વારંટ લઇને આવ્યો હતો. તે અમલદારે પેલા માણસને પકડવા માંડ્યો અને નાટકમાં ભંગાણ પડવાનો સમય આવશે એમ સૌને લાગ્યું. એકદમ નરેન્દ્ર ઉભો થયો અને તે અમલદારને ધમકાવવા લાગ્યો. "ઉભા રહો! ખેલ પુરો થાય ત્યાં સુધી ઉભા રહો! આ પ્રમાણે બધાનું જોવાનું કેમ બગાડો છો? તમે શું સમજો છો?" એટલે બીજા પણ વીસ જણ તેની પાછળ બોલી ઉઠયા.

જીત મેળવતો. આ સમયમાં નરેન્દ્ર જે જે કળાઓ શિખ્યો તે સર્વમાં ગાયનકળા પ્રથમ પદ લેતી હતી. તેનાં માબાપની સહાયથીજ તેને ગાયન શિખવવામાં આવ્યું હતું અને સંગીતમાં તે એટલો બધો કુશળ થયો કે ક્વચિત્ ક્વચિત્ પોતાના શિક્ષકને પણ તે હરાવી દેતો. શરીરના સૌંદર્યની સાથે કુદરતે તેને મધુર સ્વર પણ આપેલો હતો. કોઈ પણ મનુષ્ય તેને એકજ વાર ગાતાં સાંભળતો કે પછી તેને ભુલી શકતો નહિ. પોતાનાં માતાપિતા આગળ તે ઘણુંખરું ગાતો અને તે ખુશી થતાં. તે ગવૈયાના જેવું ગાઈ શકતો એટલુંજ નહિ પણ કોઇ પણ વાદ્યને તે વગાડી શકતો. મુખ્યત્વે કરીને વીણા તેને ઘણીજ પ્રિય હતી. ગાવું, વાજીંત્ર વગાડવું અને નરતાનો ઠેકો આપવો એ ત્રણે કામ તે સાથેજ કરતો. આગળ જતાં મોટી વયે આ ગુણ એટલો બધો ખીલી નીકળ્યો હતો કે મદ્રાસની હાઇકોર્ટના જજ સર શંકર નેર જેવા મનુષ્યોએ વર્તમાનપત્રદ્વારા વિવેકાનંદનાં સંગીતવેત્તા તરીકે ઘણાંજ વખાણ કર્યાં હતાં.

જગતની બાહ્યવિચારણામાં તે આ પ્રમાણે આગળ વધતો જવાની સાથે આંતરજીવનમાં પણ તેનું મન ધીમે ધીમે ધ્યાનની ઉચ્ચકોટિએ ચઢતું હતું અને વધારે વધારે આધ્યાત્મિક શક્તિ પ્રાપ્ત કરતું હતું.

આ સમયમાં તેનું આધ્યાત્મિક જીવન કેવું હતું તે વિષે અનેક વાતો કહેવાયલી છે. એક દિવસ તેનું આખું કુટુંબ રાયપુર જતું હતું. બળદ ગાડીમાં બેસીને સૌને જવાનું હતું. મોટાં જંગલોમાં થઇને રસ્તો જતો હતો. રસ્તામાં તેઓ મુકામ કરતા કરતા જતા હતા; કારણકે તેમને ઘણા દિવસ મુસાફરી કરવાની હતી. રસ્તામાં હવા સ્વચ્છ આવતી હતી અને સૃષ્ટિસૌંદર્ય જોઇને નરેન્દ્ર અત્યંત આનંદ ભોગવતો હતો. જ્યાં જ્યાં મુકામ કરવામાં આવે ત્યાં ત્યાં સૌ શારીરિક ક્રિયાઓ કરતાં અને ધાર્મિક વાતોમાંજ દિવસ ગાળતાં. નરેન્દ્રના આનંદનો

એ સમયે પાર રહેતો નહિ. તેની ધાર્મિક વૃત્તિઓ ઉછળી આવતી ઘડીકમાં તે યોગીઓના યોગી શ્રી મહાદેવ વિષે બોલે, ઘડીકમાં શ્રી કૃષ્ણની બાલ્યાવસ્થા વર્ણવે, ઘડીકમાં સાધુઓની વાતો કરે અને આવી રીતે આખો દિવસ તેનું મન આધ્યાત્મિક દશાના શિખર ઉપર ચઢેલું જ રહેતું એક દિવસ તો નરેન્દ્રે આખો દિવસ ધાર્મિક કથાઓમાંજ ગાળ્યો અને સાંજે ભજન ગાતાં ગાતાં ભાવસમાધિમાં આવી જઇ નીચે ઢળી પડ્યો હતો.

નરેન્દ્ર મૂળથીજ આનંદી અને વિનોદી સ્વભાવનો હતો. તેના શિક્ષક ઘણી વખતે તેને ક્લાસ સોંપીને જતા. વિનોદ માટે તે કોઇ ઉપર જુદો જુદો ગુસ્સો કરતો અને પછીથી હસી પડતો. બે વર્ષ સુધી તેને નરમ તબીયતને લીધે નિશાળ છોડવી પડી હતી તેથી તે સોળ વર્ષની ઉમ્મરે મેટ્રીકમાં પાસ થયો અને ફર્સ્ટ ક્લાસમાં આવ્યો. મેટ્રોપોલિટન ઇન્સ્ટિટ્યુશનમાં ફર્સ્ટ ક્લાસમાં આવનાર તે એકલોજ હતો અને તેનાથી તેની હોંશિયારીની કીર્તિ ટકી રહી આ પ્રમાણે નરેન્દ્રનું વિદ્યાર્થી જીવન પણ અસાધારણ પ્રકારનુંજ હતું.

પ્રકરણ ૯ મું—કોલેજનું જીવન.

કોલેજના વિદ્યાર્થી તરીક વિદ્યાર્થી જીવનની જે રૂપરેખા નરેન્દ્રે આલેખી બતાવી છે તે અત્યંત અનુકરણીય છે. વિદ્યાર્થી તરીક તેણે જે જે લક્ષણો દર્શાવ્યાં છે તે પ્રશંસા પાત્ર છે તેનું અત્યંત સાદું જીવન હાલના વિદ્યાર્થીઓની ટાપટીપને ઠપકો દઇ રહ્યું હતું પરિક્ષાને માટેજ કોલેજમાં ભણવાનું નથી, પણ ઉંડુ જ્ઞાન, નૈસર્ગિક શક્તિ અને ખરૂં મનુષ્યત્વ સંપાદન કરવાને જ માટે છે એમ તે કહી રહ્યું

હતું. પૌર્વાત્ય અને પાશ્ચાત્ય વિચારોનું તે અદ્ભુત સંમેલન હતું. ઋષિમુનિઓના સિદ્ધાંતરૂપી પાયા ઉપર પાશ્ચાત્ય વિચારોની તે ઇમારત હતું. બ્રહ્મચર્યનો પ્રતાપ તે દર્શાવતું હતું. સ્વદેશાભિમાનના રોમ રોમ ફુરસાની તે મૂર્તિ હતું. સ્વાભિમાનનું તે સુચન હતું. આવું જીવનનું મૂળ ક્યાં છે, આવું જીવન શેનું બનેલું છે, આવું જીવનને કઇ રસ્તે ઘડેવરાવવું, તેનું તે ડિંડિમ હતું. આ દેશની આધુનિક સમયની કેળવણીમાં શારીરિક, નૈતિક અને આધ્યાત્મિક કેળવણીની ખામી છે તે પુરવાર કરી આપતું હતું! ખરા સુધારાની દિશા તે દર્શાવતું હતું. ખરૂં શિક્ષણ આત્મ સુધારણા છે, ખરો સુધારો આધ્યાત્મિક છે એ શાખસો તે પુરો પાડતું હતું.

વિદ્યાર્થીએ જ્ઞાનની કોઇપણ શાખાની અવધિએ પહોંચવું એ સૂત્રનું તેમાં યથાર્થ પાલન હતું. આમ કરવામાં ભારતવર્ષના પ્રાચીન કાળની શિક્ષણ પદ્ધતિને તે અનુસરતું હતું. આપણા ઋષિમુનિઓ જ્ઞાનની કોઇ શાખામાં પારંગત થવાનેજ અધ્યયન કરતા હતા. સાદું જીવન અને ઉચ્ચવિચાર, એ તેમના જીવનનો હેતુ હતો. જ્ઞાનપિપાસા તેમની અભિલાષા હતી. તેમના ઉંચા જ્ઞાનને લીધેજ ભારતની એ સમયે ચડતી કળા હતી.

મેટ્રીકમાં પાસ થયા પછી નરેન્દ્ર કોલેજમાં દાખલ થયો. હવે તેના રમવાના દિવસો ગયા. સંસ્કૃતમાં તેની ઉમ્મરના પ્રમાણમાં તેણે ઘણો સારો અભ્યાસ કર્યો હતો. દેશનો ઇતિહાસ પણ તેને સારો આવડતો હતો. હવે તેણે સામાન્ય ઇતિહાસ, ખગોળવિદ્યા, ઇત્યાદિ અંગ્રેજી સાહિત્યને પણ ખૂબ વાંચવા માંડ્યું. સાથે સાથે વાતચિત કરવાની કળા અને વાદ વિવાદની શક્તિને પણ તે ખીલવવા લાગ્યો. સભામાં બોલવાની હિંમત અને છટા તેણે કેળવવા માંડી અને તેમાં એટલે સુધી ફાવ્યો કે આગળ જણાવ્યું તેમ સુરેન્દ્રનાથ બેનરજી જેવા

નીકળે ગાળો અને ક્લાસમાં તેને આગળ કરી; તેમ તે ન રાખ્યો ત્યારે પ્રોફેસરીને ધમકાવવા લાગ્યો ને આખરે તેને પ્રિન્સિપાલ સાહેબની ઑફિસ કહેવરાવી ' આ પ્રમાણે પેલા કહેવિગત વિદ્યાર્થીની ઇચ્છા નરેન્દ્રે પુરી કરી. તેનો સ્વભાવ આનંદી હતો અને વિદ્યાર્થીઓના આનંદ પ્રમોદોમાં તે રસ લઈ ભાગ લેતો. પાછળનો તે દીપ્તિમાન હતો અને એ વિષયમાં ઘણો પ્રવીણ થયો હતો. પોતાના વિદ્યાર્થી મિત્રો સાથે ગાડીમાં બેસીને બહાર ફરવા જતો ત્યાં પણ અનેક ગાયનો ગાતો. પ્રોફેસરના આવવા પહેલાં ક્લાસમાં પણ ગાતો ગીતો અને તબલાંનો અને પ્રોફેસર ક્લાસ તરફ આવતે આવતે તેના મધુર સ્વરનું પાન કરતા અને પોતાના મુખ ઉપર હાસ્યના ચિહ્ન સહિત ક્લાસમાં પ્રવેશ કરતા !

પરીક્ષાના દિવસોમાં અને તેની પહેલાં બે ચાર દિવસથી કદા-ચિત તંબુરો થઈ. કદાચિત તંબુરો લીધા વગર તે ભજન ગાતો ગાતો અહીં તહીં ફરતો.'

મહાત્માઓની વૃત્તિઓ સ્વભાવિક હોય છે. પવિત્રાત્માઓ જગતની દૃષ્ટિએ કાર્ય કરે છે પણ તેમનો અંતરમાં ઉંડો જુદો જ પ્રકાશ હોય છે. નરેન્દ્ર કૉલેજનો અભ્યાસ કરતો પણ તેના અંતરમાં કાંઈક અદ્ભુત વસ્તુને શોધતો. [illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

મિત્ર લખે છે કે " નરેન્દ્ર સાથે વાત કરવાનું અમને ઘણુંજ ગમતું; તેના વિચારો અમને પ્રિય લાગતા; તેનો સ્વર વીણા જેવો મીઠો હતો; તેના વિચારો જાણવાને અમે ખાસ કરીને કોઇ વાત ઉપાડતા અને તેના વિચારોમાં હમેશ કંઇક નવિનતાજ ભાસતી! તેની સાથે વિચારોની આપ લે કરીને તેની પાસેથી અમે ઘણું શિખતા. કદી કોઇ તેની વિરૂદ્ધ પોતાનો મત દર્શાવે તો નરેન્દ્ર પોતાની બુદ્ધિ અને ભાષાના પ્રભાવથી તરત તેનું સમાધાન કરી દેતો.

હિંદમાં ઘણા વિદ્યાર્થીઓ માત્ર વાંચવામાંજ પોતાનો બધો સમય ગાળે છે અને એક ખુણે ભરાઇ રહે છે. કોઇ પણ રમતગમત કે કસરતમાં તેઓ ભાગ લેતા નથી. એનું પરિણામ એ આવે છે કે હિંદી વિદ્યાર્થીઓની શારીરિક સ્થિતિ દિન પ્રતિદિન નબળી થતી જાય છે. નરેન્દ્રના માબાપ સમજતા હતાં કે શારીરિક કેળવણી વગર કેળવણી અધુરી છે અને તેથી કરીને તેઓ તેને પોતાનું બળ વધારવાને અનેક સગવડો કરી આપતાં. નરેન્દ્ર ક્રીકેટની રમત ઘણી રમતો અને લકડી પટા ખેલવામાં તેની હોશીયારી ઘણીજ વખણાતી. કસરતના અખાડામાં પણ તે જતો અને શરીરના અવયવો મજબુત થાય એવી કસરતો કરતો. એક બાજુએ જેમ અભ્યાસમાં તે ઉંડો ઉતરતો તેમ બીજી બાજુએ ઉપર જણાવ્યું તેમ શરીરને દૃઢ અને મજબુત બનાવવાને અનેક પ્રયાસ કરતો. લકડી પટાની રમત તેને બહુ પ્રિય હતી. મુસલમાન ઉસ્તાદો પાસેથી તે એ રમત શીખ્યો હતો. તે મેળામાં જતો અને ગમે તેની સાથે લકડી પટા ખેલતો. તેમાં તે એટલો બધો પ્રવીણ થયો હતો કે તે માત્ર દસ વરસની ઉમ્મરનો હતો ત્યારે એક મેળામાં લકડી પટા ખેલવાને તેને બોલાવવામાં આવ્યો હતો અને ત્યાં હોશીયારમાં હોશીયાર ખેલાડી સાથે લકડી પટા રમી તેને હરાવી તેની લાકડીના બે કટકા તેણે કરી નાંખ્યા હતા! તેની

સાથે રમનાર માણસ તેનાથી મોટો અને મજબુત હતો પણ પોતાની યુક્તિથી નરેન્દ્રે તેને હરાવ્યો અને પહેલું ઇનામ પોતાને હાથ કર્યું. આ સિવાય દોડવામાં, કુદવામાં, કુસ્તી કરવામાં, ગંમામાં હોડીઓ ચલાવવામાં તે સૌથી શ્રેષ્ઠ ગણાતો. શારિરીક બળને માટે આટલું કરી તેણે પોતાનું શરીર સુદૃઢ બનાવ્યું હતું. તેનો બાંધો મજબુત દેખાતો હતો અને આકૃતિ સુંદર અને ભવ્ય રૂપ ધારણ કરી રહી હતી. કોલેજના દિવસોમાં જ્યાંથી ત્યાંથી ઉંડું જ્ઞાન મેળવી લેવું અને સાથે સાથે શારિરીક બળ અત્યંત વધારવું, આ બે બાબતો નરેન્દ્રનું લક્ષ્યબિંદુ થઇ રહી હતી.

નરેન્દ્રની જ્ઞાન તૃષ્ણા અગાધ હતી. કોલેજનો અભ્યાસક્રમ તેની તૃષ્ણા મટાડે એવો નહોતો. તેના વિષયોને તે બહુ મહત્વના ગણતો નહિ. આથી કરીને કોલેજના અભ્યાસની તે બહુ દરકાર રાખતો નહિ. કોલેજના અભ્યાસક્રમનો કેટલોક ભાગ તેની ઇચ્છાને અનુકુળ થતો અને કેટલોક પ્રતિકુળજ ભાસતો! આથી પરિક્ષા પહેલા માત્ર બે મહિનાજ પાસ થવા પુરતું વાચતો; અને બાકીનો બધો વખત કોલેજ બહારના વિષયો શિખવામાં, જાહેર ભાષણો સાંભળવામાં અને એ સમયના મહાન વિચારકોના વિચારોનું મનન કરવામાં તે ગાળતો. વર્તમાનપત્રો, માસિકો અને નવલકથાઓ તથા સમકાલિન લેખો તે તે પુષ્કળ વાંચતો. નવા નવા વિચારો તે શોધતો. જ્ઞાનની અનેક શાખાઓનું એક મૂળ શોધી કહાડવું અને નૈસર્ગિક શક્તિ પ્રાપ્ત કરવાને માનસિક શક્તિઓને અત્યંત ખીલવવી, આ તેના અભ્યાસનો ખાસ હેતુ હતો. પોતાના આશયને નરેન્દ્ર મરણપર્યંત વળગી રહ્યો હતો, અને પોતે મુકરર કરેલા અભ્યાસક્રમ પ્રમાણે તે આખી જીંદગી સુધી એક નિત્ય કર્મની માફક વાચ્યાજ કરતો! તેના મનના આ વલણથી તે ખરા જ્ઞાનની માહીતિનો જાણે કે એક ફુવારો હોય એમ થઇ રહ્યો હતો!

...ન તૃષ્ણાની સપાટી નીચે તેને દાબી રાખનાર, તેને
...ધિક ભાગ આપનાર, તેના આખા જીવનમાં અને તેની
...ત્રતાનો પટ બેસાડનાર તેનું ઉચ્ચ ચારિત્ર હતું. પવિત્રતા
...નું મુખ્ય અંગ હતું. તેનું એવું ચારિત્રજ તેની જ્ઞાન તૃષ્ણાને
...ારતું અને ખીલવતું. આ ચારિત્ર સ્વભાવસિદ્ધ હતું. પવિ-
...મેં હતાની તે જાણે કે એક ઝગઝગતી જ્યોતિ હોય એમ અમને
...વિત્રતા તેના આચારમાં, તેના વિચારમાં સદાકાળ વાસ કરી
...એ પવિત્રતાએજ એને જ્ઞાનની અવધિએ પહોંચાડીને પરાકા-
...ાપ્તિ કરાવી હતી. પવિત્રતા અને જ્ઞાનને ગાઢ સંબંધ છે.
...ા વગરનું જ્ઞાન ગમે તેટલું હોય તો પણ તેથી મનુષ્ય ખરા
...ને જાગતો નથી.

...ધ્યાન અને જ્ઞાન એ કાર્યસિદ્ધિરૂપી રથનાં બે ચક્રો છે! તે
...સંયોગ વગર ઐહિક કે પારમાર્થિક સિદ્ધિ પ્રાપ્ત થતી નથી.
...આચરણ, ઉચ્ચ આશયો અને મહત્વાકાંક્ષાનું સતત ભાન તેજ
...ન! એ ઉચ્ચ આશયોના ભાનથીજ, ગ્લેડસ્ટન, રાનડે, બર્ક,
...ાસે, ગાંધી જેવા મહાન પુરૂષો અને શંકર, બુદ્ધ, દયાનંદ જેવા
...દાત્માઓ, જ્ઞાનને હૃદયમાં ધારી, કરાવીને બીજાના ઉપર ઉંચી જાય
...ી જગતમાં વિજયી થયા છે. આ ધ્યાન જ્યાં નથી ત્યાં ખરૂં જ્ઞાન
...ંપણ નથી. જ્યાં એકનો અભાવ ત્યાં બીજાનો અભાવ જ છે. એ બેના
...યોગ વગરનું જ્ઞાન પથરાના આચરા જેવું છે. આ ધ્યાન, પવિત્રતા
અને જ્ઞાનના સંયોગથી નરેન્દ્રના મુખ ઉપર, તેની બંને ભુજાઓમાં અને
તેના આખા શરીરમાં પુરૂષાર્થનો અનુપમ જુસ્સો જણાઈ આવતો.
ને શા માટે આપણું અને જોયા હતો. પણ તેની બધાઇ અસમર્થો
મંદિર સાધુ જેવી નહોતી! એ બધાઇ તેનામાં સાત્વિક અને ક્ષમા-
શીલ ભાવરૂપે વસી રહેલી હતી અને તે જગતનું પોષક તેનું અખંડ

ગાવાથી તેનો અવાજ ઘડાઇને મિષ્ટ અને ખુરશે થયો અને તે તેને આગળ ઉપર વક્તા તરીકે ઘણોજ કામ લાગ્યો. સ્વામી વિવેકાનંદ તરીકે તે પોતાના વિચારો પોતાના અવાજ ઉપરના કાબુને લીધે પણ વધારે સ્પષ્ટતાથી અને વધારે જુસ્સાથી દર્શાવી શકતો હતો. પશ્ચિમમાં અનેક મનુષ્યો તો તેના મધુર અવાજને લીધેજ આકર્ષાઇને તેના ભાષણો સાંભળવાને આવતા. આ સમયમાં વળી દરરોજ સંધ્યાકાળે તે એક નાના ટટ્ટુ ઉપર સ્વારી કરતો અને ઘોડે બેસતાં શિખતો. પોતાના અભ્યાસકાળમાં તે એકજ વખત એક પુસ્તકને વાચતો અને પછી આખી જીંદગી સુધી તેનો મતલબ તેને મ્હોડે થઇ રહેતી.

પોતાનાં માતાપિતા આગળ નરેન્દ્ર ઘણુંખરૂં ગાતો અને તેઓ સાંભળીને ખુશી થતાં. કોઇ પણ મનુષ્ય તેને એકજ વાર ગાતાં સાંભળતો એટલે ફરી તેને ભૂલી શકતો નહિ. તે ગવયાના જેવું ગાઇ શકતો. ગાયનકળા વિષે પૂર્વ અને પશ્ચિમના સંગીતની તુલના કરી બંનેના ગુણ દોષ તે દર્શાવતો અને તેના વિચાર સપ્રમાણ ગણાતા. અનેક વાદ્યો તે વગાડતો. મુખ્યત્વે કરીને વીણા તેને ઘણીજ પ્રિય હતી અને એ વગાડવામાં તે ઘણોજ પ્રવીણ હતો. ગાવું, વાજીંત્ર વગાડવું અને નરઘાનો ઠેકો આપવો એ ત્રણે કામ તે સાથે સાથેજ કરતો. મદ્રાસ હાઇકોર્ટના જડજ શંકર નેર જેવા મનુષ્યોએ વર્તમાન પત્રદ્વારા વિવેકાનંદના સંગીતવેત્તા તરિકે ઘણુંજ વખાણ કરી આ વાતને સિદ્ધ કરી આપી હતી.

પ્રકરણ ૧૦ મું-ભાવિ જીવનનું ભાન.

પોતાની યુવાવસ્થા વિષે વાત કરતા સ્વામી વિવેકાનંદ કહેતા કે, "તે સમયમાં હું ભગવદ્ગીતા વાંચતો અને તેમાંના કેટલાક વિચારો રાત દિવસ મારા મગજને હલાવી નાખતા. શ્રીમદ્ ભગવદ્ગીતા હિંદુ ધર્મનું ઉમદા રહસ્ય સમજાવે છે. ખરો વેદાન્ત ધર્મ તે બહુજ સુંદર રીતે પ્રતિપાદન કરે છે' આર્યોનો આત્મા વિષેનો અનુભવ તેમાં દર્શાવેલો છે તેમાં વર્ણવેલો ધર્મ કોઇ એક દેશનો, જાતિનો, વ્યક્તિનો કે સંસ્થાનો નથી. તે ધર્મ સ્ત્રીનો નથી કે પુરૂષનો નથી, પણ જાતિ રહિત, વર્ણ રહિત દેશ રહિત, સંસ્થા રહિત આત્માનો છે. તે ધર્મ સર્વ સામાન્ય છે, તે સર્વને લાગુ છે તેના સિદ્ધાંતો દેશકાલાદિથી અબાધિત છે તે નિત્ય છે ખેદયુક્ત અર્જુન યુદ્ધમાં ઉભેલો છે અને શ્રીકૃષ્ણ તેને આત્માનું ખરૂં સ્વરૂપ સમજાવી સ્વધર્મમાં પ્રેરે છે. શ્રીમદ્ ભગવદ્ગીતા આત્માનું શુદ્ધ સ્વરૂપ સમજાવનાર, સ્વધર્મમાં યોજનાર અને મોક્ષના દ્વારમાં લઇ જનાર એક અનુપમનીય સ્વર્ગીય ગાન છે"

નરેન્દ્ર ભગવદ્ગીતાનું દરેકે દરેક પ્રકરણ વચનો અને તેમાંનું અગાધજ્ઞાન, અદ્ભુત આધ્યાત્મિક પ્રકાશ અને મહર્ષિઓનો અપૂર્વ અનુભવ, તેના વાચનમાં નરેન્દ્રની નજરે આવતો. ભગવદ્ગીતા જાણે કે એક વ્યક્તિ હોય, તેનો મિત્ર હોય તેમ તેને તે વહાલો થઇ ગયો. તેને મન તે સર્વ શાસ્ત્રોનું એક શાસ્ત્ર હતું. રણભૂમિના અસંખ્ય પોકારોની વચમાં અત્યંત શાંતિને અનુભવનાર પરમાત્મા શ્રીકૃષ્ણનું, ખેદયુક્ત જીવ—આત્મા—અર્જુન પરનું આત્મકથન હતું. સંસારરૂપી રણભૂમિ ઉપર સ્વધર્મમાં પ્રવૃત્ત થવા, આત્માના અંતઃપ્રદેશમાં પેસીને પોકારનો જાણે કે તે શોધનાર હોય તેમ નરેન્દ્રને

લાગતું. "કર્મો કર્મને માટેજ કરવાનાં છે, ભયથી કે સ્પૃહાથી કરવાનાં નથી." "જે મારી પાસે આવે છે તે સંસારરૂપી સાગરને તરે છે." વગેરે ગીતાના વાક્યોમાં અગાધ ઉંડું તત્ત્વ સમાયલું છે એમ તેને ભાસવા માંડ્યું, અને એ સત્યોની અસર એવી તો તેના હૃદય ઉપર થઈ કે "લોક કલ્યાણ એ પોતાનુંજ કલ્યાણ છે, જગતનું ભલું કરનાર પોતાનુંજ ભલું કરે છે, જગત ઉપર તે ઉપકાર કરે છે એમ તેણે ધારવાનું નથી." આવા આવા અનેક સિદ્ધાંતો તેના મનમાં ઠસ્યા અને તે તેના જીવન પર્યંત તેના હૃદયમાં સામ્રાજ્ય ચલાવી રહ્યા. ગીતાનાં રહસ્યોમાં હિંદુ જીવનની ચોકખે ચોકખી ભાવના તેને જણાઈ. ગીતાએ તેને અસમાન્ય પુરૂષાર્થ સમર્પ્યું, અને એ દિવસથી તે હિંદુ ધર્મનો બહાદુર રક્ષક બની રહ્યો. એક પુત્ર પોતાની માતાને માટે લાગણી ધરાવે તેમ નરેન્દ્ર હિંદુ ધર્મને માટે લાગણી ધરાવવા લાગ્યો. ગીતાએ તેને હાજર જવાબી બનાવ્યો અને ખ્રિસ્તિ પાદરીઓના બોધ સામે હિંદુ ધર્મની મહત્તા દર્શાવી આપવાનો જુસ્સો તેનામાં આવ્યો.

એક દિવસ એક પાદરી જાહેર રસ્તા ઉપર હિંદુઓના એક મોટા ટોળાને બોધ કરતો હતો. તે બોલ્યો: "હું મારી લાકડીથી તમારા દેવની મૂર્તિને મારૂં તો તે શું કરે?" શ્રોતાઓ સૌ ચૂપ રહ્યા. જવાબ આપવાને કોઇ શક્તિમાન નહોતું. નરેન્દ્ર તેના મિત્રો સાથે તેજ રસ્તે થઇને જતો હતો તેણે એ સાંભળ્યું. પાદરીને તેણે જવાબ આપ્યો: "હું તમારા દેવને ગાળ દઉં તો તે મને શું કરી નાખશે?" પાદરીએ કહ્યું: "તમે મરશો ત્યારે તમને નર્કના અગ્નિમાં નાંખશે!" નરેન્દ્રે જવાબ આપ્યો: "ત્યારે મારા દેવની મૂર્તિ પણ તમે મરશો ત્યારે તમને બાંધીને સતાવશે!" પાદરી સાહેબ ખીજવાઇ ગયા અને ચૂપ થઇને છાનામાના ચાલ્યા ગયા. નરેન્દ્ર

પણ અસાવધાન થઇ નહિ. ભૂખ, તરસ અને ટાઢની અસર તેના શરીર ઉપર દેખાતી હતી, પણ તેના મન ઉપર તેની અસર જણાઇ નહિ. તેના ભવ્ય કપાળ ઉપર વૈરાગ્યનું તેજ પ્રસરી રહ્યું હતું. તેની આંખો જાણે કે બે તેજસ્વી સૂર્ય હોય તેમ એવી તો જાગી રહી હતી કે તેના પ્રકાશ આગળ જગતનો ઝળકાટ નહિવત લાગતો. તેનાં આતર-ચક્ષુઓ આત્મજ્યોતિના ઉચ્ચ પ્રદેશમાં ઉડી રહ્યાં હતાં.

જાગૃત અવસ્થામાં પણ આવાં સ્વપ્નો—આવાં દર્શનો તેને થઇ આવતાં. આવાં દર્શન—સ્વપ્ન આધ્યાત્મિક દશાની અમુક સ્થિતિ સૂચવે છે. આવું દર્શન-ઉદ્દભવતું ત્યારે નરેન્દ્ર મહાન આનંદમાં આવી જતો અને સંસારી દશાને બંધન સમજતો. તેનું મન આ વેળાએ વિવિધ પ્રકારની અદ્દભુત સ્થિતિઓ અનુભવતું. કેટલીક વખત તેને પોતાનું શરીર સ્વપ્નના શરીર જેવું લાગતું. તે ઘણીવાર શરીરનું ભાન ભૂલી જતો અને કોઇ કોઇ વખત જાહેર બાગની અંદર ફરતાં પોતે આત્મા છે એ વિચારમાં તે એટલો બધો લીન થઇ જતો કે પોતાનું શરીર હયાતીમાં છે કે નહિ તેની ખાત્રી કરવાને પોતાનું માથું આડ વા બીજી કોઇ વસ્તુ સાથે અફાળી ખાત્રી કરી લેતો ! પૂર્વ જન્મની ભાવનાઓ અને અનુભવો મનુષ્યના વર્તમાન જીવનમાં અનાયાસે જ દૃશ્યમાન થાય છે. કેટલાક મનુષ્યોને કેટલાક વિચારો અને ગુણો જન્મથીજ પ્રાપ્ત હોય છે. કેટલાક મનુષ્યો ઉપર અન્ય મનુષ્યોને સ્વાભાવિક પ્રેમ ઉત્પન્ન થાય છે, કેટલાંક સ્થળ કોઇને વગર જોયે પણ પરિચિત હોય એવો ભાસ થાય છે. નરેન્દ્રની બાબતમાં તેમજ હતું. કેટલાક આધ્યાત્મિક અનુભવો, ત્યાગીનું જીવન, તે જીવનની મહત્વાકાંક્ષાઓ, વિવેક, વૈરાગ્ય વગેરે જાણે કે તેણે પૂર્વજન્મમાં સિદ્ધ કર્યાં હોય તેમ તેના વર્તમાન જીવનમાં સ્વાભાવિક દશાએ પરિપક્વ થયેલા માલુમ પડતા હતા અને તેનું આદિ જીવન સૂચવતાં હતાં.

પ્રકરણ ૧૧ મું બુદ્ધિનો વિકાસ.

જ્ઞાનની અનેક શાખાઓમાં નરેન્દ્રનું મન પરોવાયલું હતું. કૉલેજનો અભ્યાસ તો તે કરતો જ હતો, પણ તેની સાથે બીજા ઘણા વિષયોમાં પારંગત થવાની તે ઇચ્છા રાખતો હતો. ગણિતશાસ્ત્ર અને ખગોળવિદ્યામાં તે ઘણો આગળ વધ્યો. સંસ્કૃત તેને બાલ્યાવસ્થાથી જ પ્રિય હતું. બાર વર્ષની ઉમ્મરે તે સંસ્કૃત વ્યાકરણ શિખ્યો હતો અને સત્તર વરસની વયે તો સંસ્કૃતમાં શ્લોક બનાવવા લાગ્યો! પોતાની બંગાળી ભાષાને પણ તેણે એટલી બધી કેળવવા માંડી કે આગળ જતાં બંગાળી લેખક તરીકે તે ઉચ્ચ પદ પ્રાપ્ત કરી રહ્યો.

નરેન્દ્રની સ્મરણશક્તિ અલૌકિક હતી. તેની માતા તરફથી વારસામાં તેને તે મળી હતી. વિશ્વનાથના એકાએક મૃત્યુએ જન્મ અને મરણના ગુહ્ય સત્યો તરફ તેના મનને ખેંચ્યું હતું યુવાન નરેન્દ્ર હવે ખરેખરો હિંદુ બની રહ્યો, એટલું જ નહિ પણ હિંદુત્વને માટે આગ્રહી બન્યો. હિંદુ તત્વજ્ઞાનનાં પુસ્તકો હવે તેણે વાચવા માડયાં. તેમના ઉપર લખાયલી ટીકાઓ હિંદુ વિચાર પ્રમાણે સપૂર્ણ હતી, પણ પાશ્ચાત્ય શિક્ષણથી કેળવાયલા વિદ્યાર્થિને મન તે અનુકુળ થઈ નહિ. આથી કૉલેજમાં તેણે તત્વજ્ઞાનનો વિષય પસંદ કર્યો અને પાશ્ચાત્ય તત્વવેત્તાઓના સિદ્ધાંતો જાણવાનો પ્રયાસ કર્યો. હર્બર્ટ સ્પેન્સરના સિદ્ધાંતોમાં તેને રસ પડયો. તેના અધ્યયનથી તેની મનનશક્તિ, તર્ક અને બુદ્ધિ ખૂબ વિકાસ પામ્યા. સાથે સાથે કેન્ટ, શોપનહોર, મિલ અને કાંટનો અભ્યાસ પણ શરૂ કર્યો. એરીસ્ટોટલ પણ વંચાયો. એ સર્વ સાથે ઉપનિષદોનો અભ્યાસ પણ તેણે જારી રાખ્યો હતો. પાશ્ચાત્ય સિદ્ધાંતોની કસોટીથી ઉપનિષદના સત્યોને તે તપાસતો રહેતો. લાંબા અધ્યયન અને મનન પછી તેને પાશ્ચાત્ય

સિદ્ધાંતોની અપૂર્ણતા દેખાવા લાગી. આર્યઋષિઓએ શોધી કાઢેલાં મહાન સત્યો આગળ પાશ્ચાત્ય સિદ્ધાંતો તેને માત્ર આભાસ જેવા જ જણાયા અને હિંદુ તત્વજ્ઞાનની મહત્તા તેના મનમાં ઠસી રહી. પરંતુ વેદાન્તનાં કેટલાંક સત્યો બુદ્ધિથી અગમ્ય હોઈ અનુભવગમ્ય છે. નરેન્દ્રમાં તે અનુભવની ખામી હોવાથી તેના મનમાં કદાચિત્ શંકા થતી કે, "વેદાન્તથી પણ અધિક સરળ અને શ્રેષ્ઠ માર્ગ કોઈ હશે ખરો ?"

તત્વજ્ઞાનની સાથે નરેન્દ્ર ઇતિહાસનું પણ ઉંડું અધ્યયન કરતો હતો. અંગ્રેજી પ્રજાની ઉત્ક્રાન્તિઓ, તેનાં મહાન્ લક્ષણો, રાજદ્વારી ઉથલ પાથલો, અગત્યના બનાવો અને રાજદ્વારી પુરૂષોનાં મહાન ચારિત્રોનો તેણે ઉંડો અભ્યાસ કર્યો. ગ્રીનનો બનાવેલો "અંગ્રેજ પ્રજાનો ઇતિહાસ" તેણે ખંતથી વાંચ્યો અને ઇંગ્રેજ પ્રજાનું બંધારણ કેવી રીતે બંધાયું તેની પુરેપુરી માહિતી મેળવી. આખા યુરોપનાં રાજ્યોનો ઇતિહાસ તે શિખ્યો. ફ્રેન્ચ રેવોલ્યુશન–ફ્રેન્ચ પ્રજાની ઉત્ક્રાન્તિનું ઉંડું અધ્યયન કર્યું અને તે વખતની રાજકિય હિલચાલો લક્ષ્યમાં લીધી. પણ સૌથી વિશેષ અભ્યાસ જે પુસ્તકનો તેણે કર્યો તે તો મહાન ઇતિહાસકાર ગીબનનું બનાવેલું "રોમન રાજ્યનો અસ્ત અને નાશ" એ હતું. આ પુસ્તકનું અધ્યયન અને મનન તેણે એટલું બધું કર્યું કે પ્રાચીન રોમન મહા પ્રજાનું ગૌરવ તેના મનમાં સર્વદા રમી રહ્યું અને રોમ વિષે વાત કરતા તેનો આબેહુબ ચિતાર શ્રોતાજનોની દૃષ્ટિ આગળ તે ખડો કરી દેતો. સ્વામી વિવેકાનંદની સાથે જેઓ રોમ ગયા હતા તેઓ કહે છે કે એ પ્રાચીન ભૂમિની નષ્ટ કીર્તિ વિષે વાત કરતા તેમના મુખમાંથી એવા જુસ્સાથી ઉદ્ગારો નીકળતા અને એ ભૂમિનો એવો તો તાદૃશ ચિતાર અપાતો કે શ્રોતૃવર્ગને એમજ લાગતું કે સ્વામીજીએ પ્રાચીન સમયમાં કેટલાક વર્ષ રોમમાં જ ગાળ્યા હશે! રોમન રાજાઓ, તેમના કૃત્યો,

તે પ્રજાસત્તાક રાજ્યના મહાન હિસ્સો, વ્યક્તિઓનો પરસ્પર સંબંધ એ સર્વ માનુષી દૃષ્ટિથી અને ઐતિહાસિક દૃષ્ટિથી એવી સુક્ષ્મ રીતે વર્ણવાતા કે જેથી જાણે સઘળું રોમન રાજ્ય શ્રોતાજનોની નજર આગળ હાલતું ચાલતું હોય એમ થઈ રહેતું. નરેન્દ્રની દૃષ્ટિમાં ઇતિહાસ, મહા પ્રજાઓની મહત્વાકાંક્ષાઓ, અનુભવો, અંતઃસ્ફુરણાઓ અને ઉચ્ચ જીવનનું હજારો વર્ષનું જીવનચરિત્ર રમી રહેલું હતું.

સર્વ ઇતિહાસોમા આર્યભૂમિનો ઇતિહાસ તેને અત્યંત પ્રિય હતો. હિંદના મહાન પુરૂષોનાં ચારિત્રો જાણે કે તેમના સહવાસમા તે આવ્યો હોય તેમ, બહુ જ સુક્ષ્મ અને સચોટ રીતે તે વર્ણવતો. આગળ ઉપર પોતાના પાશ્ચાત્ય શિષ્યોને મુગલ બાદશાહોની અને ગુપ્તવંશના રાજાઓની કથાઓ એવી બારીકીથી સમજાવતો કે એ રાજાઓ અને બાદશાહોને તેઓ દૃષ્ટિ આગળ પ્રત્યક્ષ જોતા હોય અને એ રાજાઓના સમયમા જ જાણે કે તેઓ રહેતા હોય એવો તેઓને ભાસ થતો! કોઇ અંગ્રેજ ઇતિહાસકાર જે જુસ્સાથી ઇંગ્લાંડની ચડતી–પડતીનું વર્ણન કરે તે જુસ્સાથી હિંદની પ્રખ્યાત વ્યક્તિઓના પરાક્રમો તે વર્ણવતો. હિંદના પ્રાચીન ગૌરવવાળા સ્થળોને તે નિહાળતો ત્યારે તેની માતૃભૂમિની ભૂતકાળની ભવ્યતાના ભણકારા તેને વાગી રહેતા. તેની પવિત્રતાનું ચિત્ર તેના મનમા એકદમ ખડું થતું અને તે ચિત્રમા હિંદની ભાવિ મહત્તાનું આશાજનક સ્ફુરણ તેને થઈ આવતું!

નેપોલિયનને તેના શૌર્ય અને બળને લીધે નરેન્દ્ર એક વીર પુરૂષ ગણતો. નિર્બળતાને તે અત્યંત ધિક્કારતો, બળ વગર મહત્તા મળતી નથી એમ તે માનતો. શૌર્ય અને સામર્થ્ય—શારીરિક બળ, માનસિકબળ, આધ્યાત્મિકબળ તેના આખા જીવનના મુખ્ય સિદ્ધાંતો બની રહ્યા હતા. આગળ જતાં તત્વજ્ઞાનના વિવરણમા પણ પોતાના અગાધ આત્મબળનો જુસ્સો તેણે રેડ્યો હતો અને તેમા રહેલા

સામર્થ્યનું ભાન તેણે સર્વને કરાવ્યું હતું.

યુવાવસ્થામાં મનુષ્યોને કવિતા ઘણી પ્રિય હોય છે; કારણ કે કવિતા યુવાનોની દૃષ્ટિ આગળ અનેક આદર્શો રજુ કરે છે. મનુષ્ય પોતાના જીવનમાં કોઈપણ આદર્શને અનુસરે છે. યુવાવસ્થામાં મન નિર્મળ હોય છે અને તેમાં નવી સૃષ્ટિની કલ્પનાઓ ઉત્પન્ન થાય છે. દુનિયામાં આમ કરવું અને તેમ કરવું એવો ઉત્સાહ જુવાનના મનમાં રહે છે. તેના મનમાં અનેક ઉચ્ચ તરંગો હોય છે, અનેક ઉચ્ચ આશાઓ રચાય છે અને અનેક ઉચ્ચ ભાવનાઓ બંધાય છે. આ ભાવનાઓ, આશાઓ અને આદર્શોનો જીવંત ચિતાર કવિતા પૂરો પાડે છે અને યુવાનના આકુંચિત હૃદયને તે અમૃત અર્પે છે. [illegible] આવું હતું કે કવિતા આવા આશાઓ, ભાવનાઓ અને આદર્શોના ભવ્ય અને જીવંત ચિતાર આપે છે. આવા કોઈપણ આદર્શનું ભાન મનુષ્ય જીંદગીના મુખ્ય પાયો છે એમ ન ધારતા પ્રતિહાસ, તત્ત્વજ્ઞાન, કવિતા કે [illegible] વિષયમાં અમુક આદર્શ [illegible] ન માનવ. [illegible]

[illegible]

[illegible] અનેક વિચારો [illegible] યુદ્ધ મચી રહે છે. [illegible] વિચારોમાં [illegible] અને [illegible] યુવકને આ અવસ્થા આવે તેથીજ તે મનમાં [illegible] છે.

શંકાશીલતા છે એમ ઉપરટ તેને જણાયું. કાન્ટના ગ્રંથોમાં તેને કાંઇક અવલંબન મળ્યું. જનસેવા, મારાગુતાના વિચારોને ટેકો મળ્યો અને આ અસર તેના વિચારોમાં જીવનપર્યંત રહી. પાશ્ચાત્ય તત્વજ્ઞાનની અનેક શાખાઓ તે હવે ફરીથી તપાસવા લાગ્યો. હીગલ, શોપન હોર અને મિલ વાંચવા લાગ્યો. પારમાર્થિક સત્યનું ભાન કરાવે, આત્માને ઓળખાવે, તેને અનુભવાવે, તેજ ખરૂં તત્વજ્ઞાન છે અને આવી શક્તિઓ જેમાં નથી તે તત્વજ્ઞાન નથી એમ તે માનવા લાગ્યો. પાશ્ચાત્ય તત્વજ્ઞાનનો અભ્યાસ તેણે એટલો બધો કર્યો કે તેમાંથી ફકરાઓના ફકરાઓ તે મ્હોડે બોલી જતો !

આ વખતે તે બી. એ. નો અભ્યાસ કરતો હતો. તીવ્ર બુદ્ધિ અને અલૌકિક સ્મરણશક્તિને લીધે તે એક પુસ્તક એકજવાર વાંચતો અને તે તેને યાદ થઇ જતું. આથી કરીને અભ્યાસ સિવાયની બીજી પણ ઘણી બાબતોમાં તે લક્ષ્ય આપી શકતો.

આ વખતે ફરીથી તેણે હર્બર્ટસ્પેન્સરના ગ્રંથો વાંચવા માંડ્યા અને તેના તત્વજ્ઞાનની કેટલીક ખામીઓ તેણે હર્બર્ટસ્પેન્સરને લખી મોકલી. હર્બર્ટસ્પેન્સરે નરેન્દ્રના ખુબ વખાણ કર્યાં અને જવાબ આપ્યો: "બીજી આવૃત્તિમાં હું તે ખામીઓ જરૂર સુધારી લઇશ." નરેન્દ્રને આથી ઘણુંજ ઉત્તેજન મળ્યું. નરેન્દ્રનો અંગ્રેજી પ્રોફેસર ડબલ્યુ. ડબલ્યુ. હેસ્ટી કે જે એક મોટો વિદ્વાન હતો તે કહેવા લાગ્યો: "નરેન્દ્રનાથદત્ત એક મહાન બુદ્ધિશાળી પુરૂષ છે. મેં ઘણી મુસાફરી કરી છે, પણ એના જેવો બુદ્ધિશાળી છોકરો મેં જર્મન યુનિવર્સીટિઓમાં પણ કોઇ જોયો નથી. નક્કી, તે જગતમાં પ્રખ્યાત થશે." નરેન્દ્ર પોતે પણ હવે માનવા લાગ્યો કે ઇશ્વરે તેને મહા પુરૂષ થવાનેજ સરજેલો છે.

આ પ્રમાણે રમતમાં એક બાળક જેવો, સંગીતમાં એક પ્રવીણ ગવૈયા જેવો, વિદ્યામાં પંડિત જેવો, જગતને નિહાળવામાં તત્ત્વવેત્તા જેવો, વાદવિવાદમાં એક સિંહ જેવો, એમ જુદી જુદી યોગ્યતાઓનું કેન્દ્રસ્થાન બની કંઈક નવીનજ સ્વરૂપમાં નરેન્દ્ર આસપાસના યુવાન વિદ્યાર્થીઓમાં વિરાજતો હતો. તે કૉલેજમાં સખત અભ્યાસ કરતો અને ક્વચિત્ ક્વચિત્ સંસારની અસારતાના વિચારોએ ચઢી વૈરાગ્યને ધારણ કરતો તથા વિવિધ પ્રકારનું જ્ઞાન મેળવવાને મથ્યા કરતો. તે બી. એ. ના પાસ થઇ ફર્સ્ટ ક્લાસમાં આવ્યો. હવે તે એલ. એલ. બી. ને માટે અભ્યાસ કરવા લાગ્યો.

પ્રોફેસર વૃજેન્દ્રનાથ સીલ એમ એ. કે જે નરેન્દ્રની સાથે કૉલેજમાં અભ્યાસ કરતા હતા તે નરેન્દ્ર વિષે લખે છે; " તે ખરેખરો એક ઇશ્વરી બક્ષિસવાળો યુવાન હતો, તેની રીતભાત સ્વતંત્ર હતી. છતાં સૌની સાથે તે ભળી જતો, હળી જતો તે એક મધુર ગવૈયો હતો અને સમાજમાં પ્રિય થઇ પડેલો હતો. વિવાદ કરવામાં તે ઘણોજ બુદ્ધિશાળી જણાતો. જગતની મિથ્યા ટાપટીપ અને ડોળની સામે તે સખત ટીકાઓ કરતો અને પ્રાણિમાત્ર તરફ અત્યંત પ્રેમભરી દૃષ્ટિથી જોતો......એક મિત્રે તેને હ્યુમ અને હર્બર્ટસ્પેન્સરના ગ્રંથો વાંચવાનું કહ્યું પણ તેથી તેની અશ્રદ્ધાએ ઉલટું નાસ્તિકતાનું રૂપ ધારણ કર્યું......તેણે મને પોતાની સરળી રચનાઓ દર્શાવી અને પરમતત્વને પહોંચવાની નિરાશા જણાવી... ..મેં તેને શેલીની કવિતાઓ વાંચી સંભળાવી......જગતમાં એક સર્વસામાન્ય પરમશુદ્ધતત્ત્વ વ્યાપી રહેલું છે તે વિષે મેં તેને કહ્યું...પણ તેથી તેના આત્માને શાંતિ વળી નહિ."

પ્રકરણ ૧૨ મું—વિપત્તિનું દર્શન અને સત્યની જીજ્ઞાસા.

મહાનભક્ત કવિ નરસિંહ મહેતા કહે છે કે "સુખદુઃખ મનમાં ન આણીએ, ઘટ સાથે રે ઘડીયાં." મનુષ્યના શરીરની સાથેજ સુખ અને દુઃખ સરજાયલાં છે, મનુષ્યમાત્રના જીવનમાં દુઃખના દિવસો આવે છે. વળી એક મહાન ગ્રીક તત્વવેત્તા કહે છે તે પણ ખરાબર છે કે "જેણે વિપત્તિનું દર્શન કર્યું નથી તે ભાગ્યહીન છે!" મનુષ્ય જીવનમાં વિપત્તિ આવશ્યક છે, વિપત્તિ વગર ચારિત્ર ઘડાતું નથી. વિપત્તિ વગર મનુષ્યની શક્તિઓ પૂર્ણ વિકાસને પામતી નથી. મનુષ્યમાં રહેલી શુભ શક્તિઓને વિપત્તિ બહાર ઘસડી લાવે છે અને મનુષ્ય વિકાસને પામી પોતાના મનુષ્ય સ્વરૂપમાં પૂર્ણપણે પ્રકાશી શકે છે. વિપત્તિ વગર મહત્તા પ્રાપ્ત થતી નથી. જગતના મહાન પુરૂષોનાં ચારિત્ર વિપત્તિઓથી ઘડેલા છે. નિષ્ફળતા, નિરાશા; નિર્ધનતા અને એવાં એવાં અનેક મોજારૂપી ખાડાઓમાં તેઓ રખડયા છે, અટક્યા છે, અથડાયા છે અપમાન આમ ભટકવું પડે છે; પણ સામાન્ય જીવોજ એવી વિપત્તિઓથી દબાય છે; મહાન પુરુષો તો ઉલટા તેનાથી ઘડાય છે.

દિવસ પછી રાત્રિ આવે છે, અને પાછી રાત્રિ તેને દોરી લે છે. આ જમાને ઉદય અને અસ્ત દરેક વસ્તુને—પ્રાણીને, મનુષ્યને, પ્રજાઓને, મહાપ્રજાઓને, રાજ્યોને, મહારાજ્યોને, પણ લાગુ છે. જેને આદિ છે તેનો અંત છેજ.

નરેન્દ્રના કુટુંબની સમૃદ્ધિનો સૂર્ય અત્યારસુધી પૂર્ણપણે પ્રકાશી રહ્યો હતો, તે હવે એકાએક અસ્ત થવાનો સમય આવ્યો. જે કુટુંબ કલકત્તામાં નામાંકિત અને સમૃદ્ધિવાન કુટુંબ તરીકે પ્રખ્યાત હતું તે કુટુંબમાં અમને અને ઇતને વેર થવાનો પ્રસંગ આવ્યો.

વિશ્વનાથનું મૃત્યુ થયું. વિશ્વનાથનો સ્વભાવ બહુ ઉદાર અને ખર્ચાળુ હતો અને તેમનું મરણ અણુધાર્યું થયું તેથી તેમની પાછળ કુટુંબના નિર્વાહ પુરતો પૈસો રહ્યો નહિ. તેમના અચાનક મૃત્યુથી કુટુંબમાં કોઇ કમાનાર રહ્યું નહિ, અને અત્યાર સુધી વૈભવમાં ઉછરેલા કુટુંબને હવે દ્રવ્યની તંગી પડવા લાગી. ઘરમાં સૌ શોકાતુર બની રહ્યું. સૌ નરેન્દ્ર સામું જોવા લાગ્યું, કારણ કે તેજ સૌ છોકરામાં મોટો હતો. નરેન્દ્રે સૌને દિલાસો આપ્યો. કુટુંબના નિર્વાહનો ભાર એકાએક હવે તેને માથે પડ્યો. પણ અત્યારે તેની લાયકાત શી! ક્યાં વિશ્વનાથની કમાણી અને ક્યાં કુટુંબનો ગંજાવર ખર્ચ! નરેન્દ્ર બી. એ. થયો હતો, પણ હજી તે ન્હાનો હતો. કમાઇ કમાઇને તે કેટલું કમાય! અત્યારે તેની લાયકાત કુટુંબને માત્ર એક વખત સાદું ભોજન આપી શકે એટલીજ હતી. તેને બે ભાઇઓ અને બે બ્હેનો હતી, સર્વ ન્હાના હતાં. વિશ્વનાથની કમાણીનો પૈસો થોડાક દિવસ તો ચાલ્યો પણ પછી કુટુંબને ઘણીજ હાડમારી વેઠવી પડી. આ વખતે નરેન્દ્ર એલ. એલ. બી. નો અભ્યાસ કરતો હતો. એક વખત જે ઘોડા ગાડીમાં બેસીને કોલેજમાં જતો હતો તે હવે પગે ચાલીને જવા લાગ્યો! એક વખત જે પોતાના પગે કિંમતી જોડા પહેરતો હતો તેને હવે ઉઘાડા પગે જવાનો પ્રસંગ આવ્યો! બારીક અને કિંમતીને બદલે હવે સાદા અને જાડા કપડા તેને શરીરે ધારણ કરવા પડયા! ઘરના માણસોને ખાવામાં તંગી પડશે, એમ ધારી તે ઘણી વખત ભુખ્યોને ભુખ્યોજ કોલેજમાં જતો! ઘણી વખત તેના મિત્રો તેને પોતાને ઘેર બોલાવતા અને તેની આ દશા જાણીને તેને કંઇ કંઈ ખવરાવતા, પણ પોતાના મિત્રોને ઘેર જમતી વખતે તેને પોતાના કુટુંબની હાડમારીનો વિચાર આવ્યા વગર રહેતો નહિ. તેનું હૈયું ભરાઇ આવતું, અને તે કંઇક બ્હાનું કહાડીને જમ્યા વગરજ

ડી જતો પેર ખાઈને પણ તે પુરૂં પેટ ભરીને ખાતો નહિ; કારણ કે બીજાને માટે પુરતું ખાવાનું રહેશે નહિ એમ તેને લાગતું. પ. પતિના મૃત્યુથી ભુવનેશ્વરી દેવીએ પણ સાધુ જેવું જીવન ગાળવા માંડ્યું. વૈરાગ્યવૃત્તિ ધારણ કરી અનેક વ્રત તે કરવા લાગ્યાં. હિંદુ શાસ્ત્રોએ દર્શાવેલું તપોમય જીવન તેમનું થઈ રહ્યું. પ્રભુનું શરણ તેમણે લીધું અને તેમનાં ધાર્મિક હૃદયે સાથે ભારી પીડા મહાન વિપત્તિને અંતરમાં સમાવી. એક મહાન પણ નિર્ધન કુટુંબનું ધૈર્ય તેમણે ધર્યું. આ અલૌકિક ધૈર્યનાં ચિન્હ તેમનાં ભવ્ય કપાળ ઉપર સદૈવ દેખાઈ આવતાં હતાં. આ કપરા દિવસોમાં જે પવિત્રતા, ધૈર્ય, સહનશીલતા, ઉચ્ચ ચારિત્ર, આત્મભાન, પ્રભુપરાયણતા અને નિડરતા તેમણે રાખ્યાં હતાં તે અત્યંત સ્તુતિપાત્ર છે.

દુઃખના સમયમાં એક પછી એક અનેક દુઃખો આવીને પડે છે. આખરામાં પુરું જે ઘરમાં નરેન્દ્ર રહેતો હતો તે ઘરની માલિકી વિષે વાંધો દાવો અને તે બાબત કચેરીમાં કેસ આવ્યો.

નરેન્દ્રના કોઈ સગાંએ તેના ઘરમાં તેનો ભાગ છે, અને તે ઘણો મોટો અને સારો ભાગ છે એમ કોર્ટમાં દાવો માંડ્યો. નરેન્દ્ર અને તેની માતાના મનપર આથી સખ્ત આઘાત થયો. પણ છેવટે તેઓ ધૈર્ય ધારણ કરી આ આપત્તિને ટાળવા કટિબદ્ધ થયા.

પ્રખ્યાત બેરીસ્ટર બ્યોમેશચંદ્ર બેનરજી કે જે તેના બાપના મિત્ર હતા તેમણે તેનો દાવો લડવાનું કામ માથે લીધું. દાવો ઘણા દિવસ ચાલ્યો. આ દાવાની દરમીયાન ઘણા બનાવો બન્યા, કે જે નરેન્દ્રનો તેજ સ્વભાવ અને વર્તન દર્શાવી રહ્યા. સામી બાજુના બેરિસ્ટરે જાહેર કર્યું કે નરેન્દ્ર એ "ચેલો છે." બેરિસ્ટર યુરોપિયન હતો અને તે "ચેલો" એટલે શું તે સમજતો નહોતો. તેના મનમાં ચેલો એટલે ભોળો માણસ એમ હતું અને આથી આપ માણ-

સના હક્ક ઉપર ભરોસો રાખવો નહિ એમ તે કોર્ટને અરજ કરવા લાગ્યો. નરેન્દ્ર એકદમ પોતે જાતે આગળ ધસી આવ્યો અને તે બેરીસ્ટરને પુછવા લાગ્યો ' સાહેબ, ચેલો એટલે શું તે તમે જાણો છો? અલબત્ત હું ચેલો (શિષ્ય) છું" આમ કહીને શ્રીરામકૃષ્ણનો તે શિષ્ય છે એમ જણાવવા લાગ્યો. બેરીસ્ટર સાહેબને તો તેણે એવા ઉધડા લીધા કે તેના સવાલ જવાબ સાંભળીને અને તે કાયદાનો અભ્યાસી છે એમ જાણીને જડજ સાહેબ એકદમ બોલી ઉઠ્યા. "યુ મેન માણસ! તમે એક ઘણા સારા વકીલ થશો." દાવાનો ચુકાદો નરેન્દ્રના લાભમાં થયો તેણે એકદમ ઘેર જવા માંડ્યું પણ સામા પક્ષના પેલા યુરોપીયન બેરીસ્ટરે તેને ઉભો રાખ્યો તેના હાથ સાથે પોતાનો હાથ મીલાવ્યો અને બોલ્યા જડજ સાહેબનું કહેવું બરાબર છે ખરેખર કાયદો તમારો ધંધો છે હું તમને મુબારકબાદી આપુછું"

નરેન્દ્ર દોડતો દોડતો ઘેર ગયા ઘરનું બારણું ઉઘાડ્યું અને એક કુદકો મારીને ચોકમાંથી પગથીઆ ઉપર તે દાદરે ચડ્યો, વળી બીજો કુદકો મારીને ભુવનેશ્વરીની ઓરડીમાં ગયા ને બોલી ઉઠ્યો "મા મા ઘર બચ્યું છે" ભુવનેશ્વરી દેવીના હર્ષનો પાર રહ્યો નહિ તેમણે નરેન્દ્રને માથે હાથ મુક્યા અને આશિર્વાદ આપ્યો આમ માતા અને પુત્ર સુખની ઘડી અનુભ[illegible]

આ પ્રમાણે ઘર તો જતું રહ્યું નહિ પણ પરંતુ આર્થિક બાબતોમાં તો કેટલાક વર્ષ સુધી ઘરમાં વિપત્તિ જ રહી ખવાને માટે ઘણો સાદો અને હલકો જ ખોરાક તેઓ પામતા અને પહેરવાને માટે જાડાં કપડાં જ હતાં. જીવનના આ દિવસોમાં સાદું ભોજન પણ બે વખત મેળવવું તેમને કઠણ થઇ પડ્યું ઘણી વખત નરેન્દ્ર ભુખ્યો રહેતો અને ઘરનો નિર્વાહ કરવાને દરેક પ્રયાસ કરતો

ભાગવતની આશાથી તે કમીશન થયો, વિદ્યાસાગરની એ

। ભારતીર થયો. ભાગ્ય આગ્યા અનેક પ્રયાસ તે કરતા
:પ્રભુની ઇચ્છા કેવિક જુદીજ હતી. કુટુંબમાં ભાગ અને
ઈ રહ્યું હતું. આ દુઃખના નિસાસેનું સ્મરણ નરેન્દ્રને તેના:
રહ્યું હતું. ધૈર્યશીલ માતાએ અને શુરવીર પુત્રે આ
રો કેવી રીતે ગાળ્યા તે કોઇના જાણવામાં આવ્યું નથી;,
નું વર્ણન માતા અને પુત્રના હૃદયમાં જ રહ્યાને માટે
છે; કારણ કે ભુવનેશ્વરી દેવી અને નરેન્દ્ર-માતા અને
। બાબતમાં એવાં તો ખમીર હતાં કે પોતાના મનની
કદી પણ કોઇને દર્શાવતાં નહિ.
ી ભોજનને લીધે અને અન્ય નાની ઉમરનાં સંતાનોને
ક ભાગ રહે તેટલા માટે કેટલીકવાર માતા વગીચરા
। કહીને નરેન્દ્રના આગ્રહ છતાં જમતી નહિ; તો કેટલીક
મિત્રોને ત્યાં જમવાને બહાને માતાના આગ્રહ છતાં
ડી વાગતો! પરમાત્મન! અસામાન્ય મનુષ્યોપર આવી
આવવામાં તારી દયા અને તેટલી હિતાવહ હશે; પરંતુ
ણ માનવો તો આવા પ્રસંગો વાંચીને પણ કંપતું હાય
ા નથી. આ વિપત્તિઓએ માતા અને પુત્ર વચ્ચેના
જ કર્યો. નરેન્દ્ર સારા ખોરાકનો મહિમા સમજ્યો;
ણની તરીકેના ભારી સાદા-સહનશીલ-જીવન માટે અજાણ્યો,
. ભુવનેશ્વરી દેવી આ દુઃખકારક અવસ્થા કોઇ આગળ
રીતે પણ કહેતા કે કબુલ કરતાં નહિ અને નરેન્દ્રનું
પોતાનું જોઇને અસંત ગૌરવ માનતાં. નરેન્દ્રને પ્રથમથી
આસનાનો તિરસ્કાર હતો. આગાઉ તેને જુદા જુદા દેવોની
મૂર્તિઓનો શોખ હતો ત્યારે પણ ખરીદ કર્યા પછી જો
માલમ પડે કે અમુક દેવને સ્ત્રી હતી તો તે દેવની મૂર્તિને

હવે તે અત્યંત આતુર થઈ રહ્યો.

ઈશ્વરને જોયો હોય એવા સમર્થ ગુરુને શોધવાનો તેણે નિશ્ચય કર્યો. હવે સ્થળે સ્થળે તે આથડવા લાગ્યો.

બ્રહ્મસમાજનો તે સભાસદ થયો. આ વખતે બંગાળામાં મહાન દેવેન્દ્રનાથ ઠાકુર (કવિવર રવિન્દ્રનાથ ઠાકુરના પિતા) એક મોટા ધાર્મિક પુરૂષ ગણાતા હતા. બ્રહ્મસમાજવાળાઓ તેમને મહર્ષિ કહેતા. તેઓ એક ધનાઢ્ય પુરૂષ હતા, પણ બાળપણથી તેમનામાં સુખ અને હાલચાલનું નહિ જોવાથી અત્યંત ધર્મિષ્ઠ અને વાસ્તવ સત્ય અને ઇશ્વરને શોધતા રહ્યા હતા. આથી દુર એકાંત સ્થળમાં રહીને રોજ તેઓ ઈશ્વરનું ધ્યાન ધરતા હતા. કેશવચંદ્રસેન જેવા અસાધારણ પુરૂષને પણ ધાર્મિક ઉપદેશ કરનાર આ મહર્ષિજ હતા. નરેન્દ્ર તેમની પાસે ગયો. મહર્ષિ ધ્યાનમાં બેઠા હતા. મહર્ષિએ તેને ધ્યાનની ક્રિયા હમેશ કરવાનું કહ્યું. યોગ શિખવવાને મહર્ષિએ પોતાને ઘેર કેટલાક છોકરાઓનો વર્ગ બનાવ્યો હતો તે વર્ગમાં બેસીને સૌ ધ્યાન ધરતા અને પોતાનો અનુભવ એક બીજાને કહેતા. નરેન્દ્ર એ વર્ગમાં બેઠો અને આંખ ઉઘાડી બે ભમરોની વચ્ચેનો બરાબર મધ્ય પ્રદેશ જે જ્ઞાનચક્ષુનું સ્થાન કહેવાય છે તેમાં પોતાનું ચિત્ત સ્થિર કરવા લાગ્યો. પ્રથમ તેને એક અસ્થિર પ્રકાશ જણાવા લાગ્યો. પછીથી તે પ્રકાશ સ્થિર થઈ રહેલો જણાયો. આ સ્થિર પ્રકાશમાંથી અનેક ચળકતા રંગ કિરણરૂપે પથરાતા જણાયા. અને કોઈ નવીન અલૌકિક પ્રદેશમાં તેનું મન ઉડવા માંડ્યું. પરંતુ થોડો વખત એવું રહ્યા પછી પાછી તેની એકાગ્ર વૃત્તિ નષ્ટ થઈ જતી અને મન ઐહિક પદાર્થો તરફ ખેંચાઇ જતું. મહર્ષિ નરેન્દ્રને ઉત્તેજન આપવા લાગ્યા અને તેની શક્તિના વખાણ કરવા લાગ્યા. પણ "જો ઈશ્વર હોય તો મારે તેને અવશ્ય જોવોજ જોઇએ" આ વિચાર રાત દિવસ નરેન્દ્રના મનમાં ઘોળાયા કરતો હતો.

એક દિવસ તે ઉતાવળો ઉતાવળો મહર્ષિને ઘેર ગયો. ઘર્નું બારણું ઉઘાડ્યું. મહર્ષિ એ સમયે પોતાના અભ્યાસમાં હતા. નરેન્દ્રના જવાથી ધ્યાનમાં વિક્ષેપ પડ્યો. એકદમ નરેન્દ્રે સવાલ પુછ્યોઃ "મહર્ષિ, તમે ઈશ્વરને જોયો છે?" નરેન્દ્રનું મુખારવિંદ ગંભીર દેખાયું, તેના હોઠ જુદા પડી રહ્યા અને તેની બંને આંખો અંગારાની માફક ચળકવા લાગી. મહર્ષિ એકદમ ચમક્યા, તેમના મનમાં અનેક વિચાર થવા લાગ્યા. એકવાર, બીજીવાર, ત્રીજીવાર જવાબ આપવાનો તેમણે પ્રયત્ન કર્યો, પણ અપાયો નહિ. આખરે તે બોલ્યાઃ "છોકરા, તારી આંખો યોગી જેવી છે!"

નરેન્દ્ર પાછો ગયો, તેની ખાત્રી થઇ કે મહર્ષિએ પણ ઈશ્વરને જોયો નથી ત્યારે હવે ઈશ્વરને ક્યાં ખોળવો? તેની ખાત્રી થઇ કે જગતનું સઘળું તત્વજ્ઞાન તે માત્ર અવર્ણનીય ઈશ્વરને વર્ણવાના અપૂર્ણ પ્રયાસજ છે! અને તેથી સઘળાં પુસ્તકો હવે તેણે ફેંકી દીધાં. પુસ્તકોમનું સત્ત્વ તને ચૂસાય તેટલું ચૂસી લીધેલું હોવાથી હવે તેને તે ફુસકા જેવાં લાગતાં હતાં. નરેન્દ્ર હવે બ્રહ્મસમાજના સ્થાપક કેશવ ચંદ્રસેનના સમાગમમાં આવ્યો. રામકૃષ્ણાર્પણની લીનાઓ તેઓ નજ વતા. નરેન્દ્ર પણ તે કાર્યમાં ભાગ લેવા લાગ્યા. તેનો કંઠ મધુર હતો તેથી બ્રહ્મસમાજની પ્રાર્થનાઓ ગાવામાં તેને અગ્રસ્થાન મળ્યું. આ સમાગમથી તેની માનસિક અને નૈતિક શક્તિના વધારે ખીલવી આવી અને તેનામાં નવ શક્તિનો વધારો થયો. મહાત્માના સમાગમનું અને તે બ્રહ્મસમાજીઓનું આદર્શ હતું તેના તેમના સમાગમથી હિન્દુ નવીન જોસ્ત, જુસ્સો, પવિત્રતા, પવિત્ર અને મુક્તિભિન્ન અને લાગણીઓ, ઈચ્છાઓ જેવી સ્વતંત્ર અને શુદ્ધ અંતઃકરણાના આ પુરુષો આ સર્વ તેની માનસિક દૃષ્ટિમાં મદ થવા લાગ્યાં. તાતાના ઘરમાં અને મિત્રોમાં પણ તે આત્મિક વાતો કરતા નવો મહાન રત્નના સમાનવ્યું આત્માને તેની દૃષ્ટિમાં ગમી ગયું

ઉપર બ્રહ્મોસમાજના વિચારોથી પણ નરેન્દ્રને સંતોષ વળ્યો નહિ. માત્ર પ્રાર્થનાઓ ઓથીજ તેના મનનું સમાધાન થયું નહિ. ઇશ્વરનાં સાક્ષાત્ દર્શન કરવાની તેને તીવ્ર ઇચ્છા હતી. તે દરેક બ્રહ્મ ભાઈઓને પુછવા લાગ્યો: "તમે ઈશ્વરને જોયો છે?" પણ સઘળાએ નાજ કહી. આથી તેને લાગ્યું કે "જેને તેમણે કદિપણ જોયો નથી તેઓ કેવી રીતે ભજતા હશે?" હવે તેનું મન વધારે અધરૂં બન્યું. જગતમાં ધાર્મિક ગણાતા અનેક પુરૂષોને ઘેર તે આથડવા લાગ્યો. અનેક ઘેર તે ફર્યો, ઘણા જણની પાસે ગયો, પણ દંભ સિવાય તેને કંઇ પણ માલમ પડ્યું નહિ. પછીથી વિદ્યાથી ઉદ્ભવેલી અવિશ્વાસ અને ધર્મને નામે થતા પ્રપંચો જ્યાં ને ત્યાં તેની નજરે પડ્યા. પણ તેની સત્ય શોધવાની જીજ્ઞાસા હજી પણ મંદ થઈ નહિ. તે દરેક જણને પુછવા લાગ્યો. સાધુ સંતોના વેશમાં ફરતા અને મોટા ભક્ત કે ઉપદેશક કહેવાતા પુરૂષોમાં પણ જ્યારે તેને પ્રપંચ માલમ પડ્યો ત્યારે તે ઘણોજ નાઉમેદ થયો. નિર્ભયતા—પ્રમાણિકપણું તે પ્રથમ માગતો હતો. હિંદુ, ક્રિશ્ચન, મુસલમાન, એમ દરેક ધર્મના ઉપદેશકોનો બોધ સાંભળવાને તે જતો અને તેમને પુછતો: "તમે જે વસ્તુનો બોધ કરો છો તે વસ્તુ ખરી છે એમ શા ઉપરથી કહો છો? તમે તેનો સાક્ષાત્કાર કર્યો છે?" દરેક જણ પાસેથી તેને એજ જવાબ મળ્યો કે "ના; પુસ્તકોમાં એવું લખેલું છે. શાસ્ત્રો એમ કહે છે." તેના અંતઃકરણે તે માન્યું નહિ અને સત્ય શોધવાને કલકત્તાની આસપાસનાં અનેક સ્થળોમાં પણ તે ફરવા લાગ્યો. કોઈ ઈશ્વરનો સાક્ષાત્કાર પામેલા ગુરૂની શોધમાં તે ફરતો હતો. આખરે તે જે માગતો હતો તે તેને મળ્યું. યોગ્ય સદ્ગુરૂ તેને કેવી રીતે મળી આવ્યા અને તેના જીવન પર્યંત તેના આદર્શરૂપ બની રહ્યા; આ વિષય હવેનાં પ્રકરણોમાં આવશે.

અને સ્ત્રીઓ સંઘરાતા ચાલીને માત્ર બાહ્ય ક્રિયાઓમાં અને યજ્ઞ યાગાદિમાંજ સર્વે ધાર્મિકતા રહેલી સમજી-સમજાવીને વામમાર્ગે તરફ વળી ગયા, ત્યારે ભગવાન બુદ્ધે અવતાર લઈ અજ્ઞાન અને દુરાચાર સામે પોકાર ઉઠાવ્યો. અને માત્ર ઉચ્ચવર્ણું માટેજ નહિ પણ સર્વેને માટે મોક્ષના દ્વાર ખુલ્લાં છે એમ દર્શાવી આપ્યું. યજ્ઞમાં પશુવધ કરવા સામે તેમણે જે પોકાર કર્યો તેની અસર અદ્યાપિ પર્યંત હિંદુ ધર્મમાં જણાઈ આવે છે. અનેક સૈકાઓ સુધી બુદ્ધદેવની સંસ્કૃતિ પ્રવર્ત્યા પછી બુદ્ધ ભિક્ષુઓ પણ કથળ્યા. એમ થતાં હિંદુ ધર્મમાં ઘણો અજ્ઞાનનો અને કર્મનો સુધારો કરનાર, અદ્વૈતવાદને ફેલાવનાર, મહા બુદ્ધિશાળી ભગવાન શંકરાચાર્ય ઉત્પન્ન થયા. લગભગ છઠ્ઠા સૈકામાં બુદ્ધધર્મમાં સડો વધી જતાં તેઓ પ્રગટ થયા. હિંદુધર્મ અને હિંદુ જીવન ઉપર તેમણે જે છાપ પાડી છે તે ઘણીજ ઊંડી અને તેની અસર કાયમની છે. તેમણે પોતાના ટુંકા જીવનમાં પણ હિંદુધર્મમાં પેસી ગએલા વહેમ અને દંભની સામે સખત લડત ચલાવીને વિકૃત બુદ્ધિના વંચકોમાં ક્યારથી આર્યપ્રજાના માનસિક વાતાવરણ અને આચરણમાં મોટો ફેરફાર કરી નાખ્યો. યજ્ઞ ક્રિયાઓ સુધારી, વર્ણ-વ્યવસ્થાને સારા પાયા ઉપર આણી, આર્યદર્શનશાસ્ત્રોનું તેમણે અતિ સૂક્ષ્મબુદ્ધિ પૂર્વક પૃથક્કરણ કર્યું, અને પ્રજાને ધર્મનો ખરો બોધ આપવાને સંન્યાસીઓના મઠો સ્થાપ્યા. એ પછી અનેક સૈકાઓ બાદ આ અદ્વૈતવાદનાં મુખ્ય પગથીઆં રૂપ જે સદાચાર અને પ્રભુ ભક્તિ તે ઘટતાં ચાલી અનધિકારે અદ્વૈતવાદ દુરાચારના અને આચાર ભ્રષ્ટતાના એક રૂપે વપરાવા લાગ્યો, ત્યારે અગીઆરમા સૈકામાં ભગવાન રામાનુજ વિશિષ્ટાદ્વૈતવાદ દ્વારા કર્મ, ભક્તિ અને પવિત્ર આચાર ફેલાવવાને પ્રવર્ત્યા. આ વખતે મુસલમાન સત્તાએ હિંદમાં પ્રવેશ કર્યો હતો. એ પછી લગભગ સોળમા સૈકામાં ત્યારે

પ્રજાના ખાસ જીવનનું તેઓ અનેક પ્રકારે અનુકરણ કરવા લાગ્યા. હિંદુ જીવન, હિંદુ ધર્મ નષ્ટ થવાનો પ્રસંગ આવ્યો. પાશ્ચાત્ય રીત-રિવાજો પ્રજામાં ઘુસવા લાગ્યા, અને આ સ્થિતિ જો વધારે વખત ચાલી હોત તો પૃથ્વી ઉપરથી હિંદુ એવું નામ પણ ભુંસાઇ જવાનો પ્રસંગ આવ્યો હોત.

એક બાજુએ પ્રજા જીવનમાં આવો ફેરફાર થઇ રહ્યો હતો અને બીજી બાજુએ અંગ્રેજી ભણેલા યુવકો ધર્માચાર્યો, સાધુ સંન્યાસીઓ અને પંડિતો તથા શાસ્ત્રીઓ વગેરે ઉચ્ચવર્ગો પણ શિથીલ તેમજ કનકકામિનીના પ્રેમી બનતા જાતા હતા. પ્રજા પણ તેમના તરફ હવે માનની દૃષ્ટિથી જોતી નહિ. પ્રજા અને તેના ધર્મરક્ષકો ઉભયની આવી સ્થિતિ થઈ રહી હતી. એટલું સારૂં હતું કે ભારતવાસીઓ ઉપર સેંકડો વર્ષથી પરધર્મીઓએ રાજ કર્યું; પરદેશી આચાર વિચારના પ્રહારો તેમના ઉપર પરાણે થયા; પણ હિંદુ ધર્મમાં એવું તો કંઇક આકર્ષક જેવું તત્વ રહેલું છે કે હિંદુ પ્રજાના હૃદયમાંથી તેની ભાવનાઓ કેમે કરી નિર્મૂળ થઇ શકી નહિ. પાશ્ચાત્ય સુધારાના વાવાઝોડા વચ્ચે પણ, પેશાવરથી તે કન્યાકુમારી સુધી અને કલકત્તાથી તે કરાંચી સુધી આખા આર્યાવર્તમાં હજી સુધી રામાયણ, મહાભારત, ગીતા, વેદ, ઉપનિષદ્ વગેરે આર્યશાસ્ત્રોના સાચા અભ્યાસીઓ અહીં તહીં નજરે પડે છે. હિંદુ ધર્મનો એવો અદ્ભુત પ્રભાવ છે.

પ્રકરણ ૧૪ મું-શ્રીરામકૃષ્ણપરમહંસ.

આગલા પ્રકરણમાં જણાવ્યા મુજબના જમાનામાં થઇ રહેલા ધાર્મિક ખળભળાટ અને ફેરની વચમાં એક સાદો અને નમ્ર સન્યાસિ અને તમ ... જે ... ના પાસે આવે તેને હિંદુ ધર્મના ગુપ્ત તત્ત્વનો ... નો ... તેનું જીવન જેટલું સાદું અને નિ... હતું તેટલાજ તેના વિચારો ... અને ઉંડા હતા. હિંદુ ધર્મનો પ્રકાશ સાત હોય છે પણ તે સ્થિર અને નિત્ય હોય છે. તેને બાહ્ય ઝપકાની જરૂર નથી તેના ... તની શક્તિ એવી તે અગાધ છે કે તે નવીન ... ન ... મ ... રીતે રસરે છે છતાં અલૌકિક પ... મ ... ન મળા ... તો અદ્ભુત છે. તેના રક્ષકો કાં ... અજ્ઞાત વા ખબ્બુ ... જન્મ પામે છે છતાં તેના ... જનત આ નિત્ય ... રહેવાને ... શામાં રહેનારી થ... છે આ રક્ષક ... વાસના ... જેવ ... ચૂક નથી હોતો, પણ સૂર્યના તેજ જેવો નિત્ય અને ... હોય છે ... પણ તે સૂર્ય જેવો ઉગ્ર નહિ હોતાં ચ...ની ... જેવા શીતળ અને સુખદાયી હોય છે.

હુગલી પરગણામાં આવેલા કમરપુ... નામના ન્હાના ગામડામાં આ પુરૂષનો જન્મ થયો હતો ... આ ... પરમભક્ત હતા. કલકત્તાથી ચારેક મ... ના ... નામનું સ્થાન છે નદીના કિનારા ... તે આવેલું છે ... તેમ રાણી રાસમણીએ બંધાવેલું કાળીમાતાનું ભવ્ય અને સુંદર મંદિર છે તે મંદિરની આસપાસ એક મોટો બાગ આવેલો છે જે કાળીવાટિકાને નામે ઓળખાય છે આ બાગની વચમાં આવેલું આ દેવાલય હિંદની પ્રાચીન નકશીનું ભાન કરાવે છે. અંદર જવાના દરવાજામાં પેસતાં બંને બાજુએ બંધાવેલા શિવાલયો નજરે પડે છે આ બાગમાં એ સમયે

સેંકડો સાધુ સંતો આવી રહેતા અને ભજન તથા ભોજન કરતા. એક પાસેજ રાણી રાસમણીનો જંગલો છે. મંદિરની આસપાસ વૃક્ષોની ઘટાઓ આવી રહેલી છે. આ ઘટાઓમાં ઘણા સાધુઓએ યોગ સાધેલો હોવાની દંતકથાઓ પ્રચલિત છે. દક્ષિણેશ્વર, કાળીમાતાનું ભવ્ય મંદિર, કાળીવાડિકા અને તેની આસપાસ આવેલી વૃક્ષોની ઘટાઓ, ધાર્મિકતા, સાધુતા અને પવિત્રતાના વાતાવરણથી ભરપુર થઇ રહેલાં છે. શ્રીરામકૃષ્ણના નામ સાથે જોડાઇને આ સર્વ સ્થળો હાલમાં વધારે પ્રખ્યાત થઇ રહ્યાં છે.

દક્ષિણેશ્વરના બાગમાં પંચવટી નામની એક વૃક્ષોની ઘટા છે. તેની છાયા નીચે બેસીને શ્રીરામકૃષ્ણ યોગ સાધતા. પાસે એક બીલીનું ઝાડ છે. મહાદેવને જેનાં પત્ર અત્યંત પ્રિય છે એવા આ ઝાડની નીચે તેના મૂળ આગળ યોગ સાધવાનું એક બીજું સ્થાન તે સંન્યાસીએ નક્કી કર્યું હતું. સર્વ ઇંદ્રિયોનું દમન કરીને તે આ સ્થળમાં બેઠેલા હતા. ખરેખરા મુમુક્ષુની માફક તેમનું અંતઃકરણ સત્યની શોધને માટે અહર્નિશ મથતું હતું અને સંસારની સર્વ વાસનાનો તેમણે ત્યાગ કર્યો હતો. આત્મજ્યોતિમાં તે લીન થઇ રહ્યા હતા અને આત્મામાં આત્માથીજ સંતુષ્ટ હતા. આત્મદર્શનથી ઉદ્ભવેલી ભવ્યતા તેના મુખ ઉપર તરવર્યા કરતી હતી, આત્માના તેજથી તેમનું શરીર છવાઇ રહેલું હતું. આત્માનોજ અભ્યાસ અને આત્માનુંજ ધ્યાન કરીને પોતાના આત્માને અંતરાત્મામાં સમાવી દઇને પોતે સમયમાં અહંબ્રહ્માસ્મિ એ પદને તેઓ પહોંચી ગયા હતા. સર્વ દેવતાઓ જુદા જુદા મનુષ્યોએ પોતપોતાની પ્રકૃતિ પ્રમાણે માની લીધેલાં એકજ પરબ્રહ્મનાં સ્વરૂપ અને શક્તિઓ હોઇને મનુષ્યોને ધર્મિષ્ઠ બનાવવામાં તે સાધનરૂપ થાય છે અને મનુષ્ય જેવા સ્વરૂપમાં ભગવાનને ભજે છે તેવાજ સ્વરૂપમાં ઇશ્વર તેની આગળ પ્રત્યક્ષ થાય

છે, એવો તેમનો અનુભવ અને ઉપદેશ હતો.

શ્રીરામકૃષ્ણ આધેડ ઉમ્મરના અને મધ્યમ કદના હતા. તેમનો ચહેરો સહજ શ્યામવર્ણનો હતો. તે બહુ જાડા નહોતા તેમ પાતળા પણ નહોતા. તેમનો દેખાવ બહુ આકર્ષક નહોતો. તેમની કેડે એક સાદું ધોતીયું જેમ તેમ વીંટેલું રહેતું. તેમની આંખો ઘણી મોટી હતી અને તેમની દ્રષ્ટિમાં સમાગ તરફ બેદરકારી દેખાતી હતી. તેઓ એક ગામડીયા જેવા જણાતા હતા. તેમનો પોશાક કોણી જેવો થઈ ગતો હતો [illegible] જેવા તે સરળ અને સાદા હતા, પણ તેમના ત[illegible] દૃષ્ટિ [illegible]નાર ફરીથી એકવાર તેમના જરા નિહાળીને જોતો કે ત[illegible] તેમના ચારિત્ર[illegible] પ્રભાવ અને મોહિનીથી તે અંજાઈ જતો અને [illegible] જેમ [illegible] થતું કે તે કોઈ દેવની સંનિધિમાં આવીને ઉભો છે [illegible] ના તો [illegible] વિચારો આ સાધુના મુખારવિંદ ઉપર [illegible] હોય તેમ તે જોતો. શ્રીરામકૃષ્ણ સામાના મનના [illegible] વિચારોને તરતજ [illegible] જતા [illegible] તથા કોઈ પણ મનુષ્ય એક [illegible] ના વિચારો તેમની [illegible] છુપાવી શકતો નહિ [illegible] ના [illegible] મનની વાત તે બીજાને કદી [illegible] મૂનિ[illegible] મુખ્ય વસ્તુઓ, [illegible] મનુષ્યને પોતાનું સ્વરૂપ ઓળખવામાં [illegible] રામકૃષ્ણે પુરેપુરો ત્યાગ [illegible] હતો [illegible] નિરંતર [illegible] સ્થિત થઈ નિ:સીમ આનંદના અધિકારી બ[illegible] લોકો તેમને શ્રીપરમહંસ દેવ કહેતા હતા.

પરમહંસ એક ખરેખરા મહાત્મા હતા જો કે પોતે એક અક્ષર પણ લખી કે વાંચી જાણતા નહોતા તોપણ શ્રદ્ધા ભક્તિ અને વૈરાગ્ય અભ્યાસવડે ગુહ્યમાં ગુહ્ય પારમાર્થિક સત્યોને સમજી તેમાં ઉંડા ઉતરી શક્યા હતા. તેમનું સાદું જીવન, નિર્દોષ ચારિત્ર્ય, પરમાત્મનિષ્ઠાથી

પૂર્વે બ્રહ્મચર્યવ્રતથી આકર્ષાઇને પણ વિદ્વાન મનુષ્યો તેમની પાસે
તા અને તેમને દેવ સમાન પુજતા.

આ અલૌકિક સાધુમાં વધારે આશ્ચર્યજનક એ હતું કે પરા,
ા ભક્તિ અને આત્મદર્શન વિષે બોલતાં, અત્યંત ભાવથી તે
ધમાં આવી જતા અને વારંવાર તેમનો આત્મા પરમાત્મામાં
ર થઇ જઇને આસપાસનું ભાન ભુલી જતા. ધર્મનાં કેટલાંક
અને અગમ્ય તત્વો તેઓ ઉચ્ચારતા તેથી પંડિતો પણ વિસ્મ
. આવા પવિત્ર મહાત્માના દર્શન માત્રથી પણ અનેકોના હૃદ
વિત્રતાનો વાસ થતો, મનની મલિનતાનો નાશ થતો, અને
ા આસ્તિક બની જતા. મદ્યપાન અને વ્યભિચારમાં ગરક થઇ
યલા નાસ્તિક પુરૂષો, તેમનો સાચો ભાવ, ભક્તિ અને
રણ જીવન જોઇને સદ્‌ગુણી બની ગયા છે. પાશ્ચાત્ય પ્રજાનું
 કરવા સામે તેનું જીવન સખત પોકાર કરી રહ્યું હતું. માત્ર
, નહિ પણ પોતાના ઉત્તમ ચારિત્ર અને અનુભવથી તે
સત્યો સૌના મનમાં ઠસાવી રહ્યું હતું. હિંદુ ધર્મમાં પેસી
કેટલાંક ખરાબ લોકાચાર, વ્હેમ અને દંભ સામે તે ખડું સત્ય
રહ્યું હતું. પરમહંસ જુના વિચારના બ્રાહ્મણકુલમાં જન્મ્યા
જુના વિચારમાંજ ઉછર્યા હતા, છતાં આધુનિક સમયને
પોતાના જીવન અને વિચારોમાં ઘટતો ફેરફાર તેમણે કર્યો
ા તે કલકત્તામાં આવેલા કાળીમાતાના ઉપાસક હતા, પણ
પ્રત્યે તેમને એટલો બધો પ્રેમ વધ્યો હતો કે દરેક પુરૂષ
પદાર્થમાં તે ઇશ્વરનુંજ સ્વરૂપ જોતા. તેમનું ચિત્ત હમેશ
પરથ રહેતું. તેમની આગળ ઇશ્વરનું નામ લેતાં તેમની
પ્રેમનાં અશ્રુ નીકળતાં અને જગતનું ભાન પણ ખર
ઓ નરમાંથી નારાયણ બની રહ્યા હતા. સર્વોત્તમ ધાર્મિક

છે તેનું એક જ્વલંત દૃષ્ટાંત પરમહંસ દેવના જીવને વર્તમાન યુગને પૂરું પાડ્યું છે.

પરમહંસજી આવા સાચા વિદ્વાન હતા. અપૂર્વ અગાધ આત્મ મનથી સાચા ધનિક તેઓ બનેલા હોય તેના તેઓ અતિ ઉદાર દાતા પણ હતા. એ ધન વાને કિંમત જ્ઞાન આદિઅની બિચારિ મોટા મોટા યુનિવર્સિટીના પદવીધરો, ધર્માચાર્યો, પંડિતો અને વિદ્યાર્થીના ઉપાસકો તેમની પાસે આવીને પગે પડતા અને પોતપોતાની પાત્રતા પ્રમાણે તેનાથી જેટલું પણ બને શકાય તેટલું લઈ જતા.

પશ્ચિમ પુરુષોમાં અગ્રગણ્ય બંગાળાના જગપ્રસિદ્ધ અને સમર્થ પંડિત કેશવચંદ્રસેન એક શિષ્યની માફક આ અભણ પરમહંસના ચરણની પાસે બેસતા અને તેના મુખમાંથી જે કાંઈ નીકળતું તે માન અને શ્રદ્ધાપૂર્વક શ્રવણ કરતા. તેમનાથી બીજા નંબરના બ્રહ્મસમાજના આગેવાન અને કેશવબાબુના જેવાજ વિદ્વાન તથા પ્રસિદ્ધ પ્રતાપચંદ્ર મજુમદાર પરમહંસ વિષે અભિપ્રાય આપતા લખે છે કે,

જ્યાં જ્યાં તે અદ્ભુત માણસ (રામકૃષ્ણ) જાય છે ત્યાં ત્યાં તે એક અલૌકિક વાતાવરણ ઉત્પન્ન કરે છે. એ વાતાવરણના વિચાર મારા મનમાં કોતરાઈ જઈને ચોંટી રહે છે, તે મારાથી કદી ભૂલાતો નથી. જ્યારે જ્યારે તે મને મળે છે ત્યારે ત્યારે મારા મનમાં એક અવર્ણનીય ભાવ ઉત્પન્ન કરે છે, અને તે ભાવ મારા મનમાંથી ખસતો નથી. મારા અને એના વચ્ચે કશી સમાનતા નથી. હું કોણ? હું એક ફેશનેબલ, સુધરેલો અને આધુનિક વિચારનો માણસ છું અને પરમહંસ એક તદ્દન અભણ, ગરીબ, રોગીષ્ટ, ક્ષણપલટી પાગલ, મૂર્તિપૂજક હિંદુ ભક્ત છે. ક્યાં મને તેમનો બોધ સાંભળવાની મોહિનિ શા માટે લાગી છે? શું મેં મિલ્ટન, કેન્ટ, કોમ્ટ અને હીગ-

પરબ્રહ્મની જુદી જુદી શક્તિઓ છે, અને આ દરેક શક્તિ તે તે રૂપ ધારણ કરીને આત્મા અને પરમાત્માનો સંબંધ દર્શાવી રહી છે."

"મહાદેવનો દાખલો લ્યો. શ્રી રામકૃષ્ણ મહાદેવને ધ્યાન અને યોગનો અવતાર માને છે. સાંસારિક ચિંતાઓથી રહિત, સમાધિમાં મગ્ન થયેલા અને પરબ્રહ્મ પરમાત્માનું ધ્યાન ધરતા તે તેમને જણાય છે. દુઃખ, સુખ, શ્રમ, એકાંતવાસને મહાદેવ ગણના નથી ઇશ્વરના ધ્યાનમાં તે મગ્ન છે. અલૌકિક આનંદ તે ભોગવે છે. તે શાન્ત, દાન્ત અને સમાહિત ચિત્તવાળા છે. હિમાલય જેવા તે અચળ છે. ધ્યાનસ્થ પુરૂષોના તે આદર્શ છે. સાંસારિક પ્રપંચ અને દુઃખરૂપી સર્પો તેમના શરીરે વીંટળાઇ રહ્યા છે પણ તેમને ઇજા કરી શકતા નથી. દરેક જાતના ભયભિત રૂપો ધારણ કરી મૃત્યુ તેમની આસપાસ ફરે છે પણ તે બ્હીતા નથી. આખા વિશ્વનું દુઃખ તે પોતે હરી લે છે અને બીજાઓને અમરત્વ આપવાને પોતે ઝેરનું પાન કરે છે. બીજાઓને માટે મહાદેવ સઘળા દ્રવ્ય અને વૈભવનો ત્યાગ કરે છે. માત્ર પોતાની પત્નીને સાથે લઇ જાય છે, અને ભસ્મ તથા વ્યાઘ્રચર્મ પોતાને શરીરે અલંકાર તરિકે ધારણ કરે છે. મહાદેવ યોગીઓના દેવ છે. આ ભલો માણસ શ્રીરામકૃષ્ણ મહાદેવના ગુણનું આવું વર્ણન કરતે કરતે તેમાં એટલો તો લીન થઇ જાય છે કે તે સમાધિમાં આવી જાય છે અને ઘણા લાંબા વખત સુધી પોતાનું ભાન પણ ભુલી જાય છે. "

"શ્રીરામકૃષ્ણ, કૃષ્ણ ભગવાનને પ્રેમનો અવતાર ગણે છે. તે કહે છે કે શ્રીકૃષ્ણનું મુખ જુઓ! તે પુરૂષના મુખને મળતું આવે છે કે સ્ત્રીના મુખને? કામનો અંશ પણ તેના ઉપર દેખાય છે? તેના ઉપર પુરૂષની કઠિનતા દેખાય છે? કૃષ્ણનું મુખ સ્ત્રીના જેવું કોમળ છે; તે મુખ ઉપર કુમાર અવસ્થાની કોમળતા અને કન્યાનું સૌંદર્ય

એકઠાં જગી રહ્યાં છે ! પોતાના અગાધ પ્રેમને લીધે તેણે ઘણાં સ્ત્રી પુરુષોનાં મન હરી લીધાં છે અને તેમને ભક્તિને માર્ગે દોર્યા છે. પવિત્ર માનુષી સંબંધમાં પણ પ્રભુ પ્રભુરી પ્રેમનો વાસ હોય શકે એમ સાબિત કરી બતાવવાને શ્રીકૃષ્ણનો અવતાર હતો. તેણે એક પ્રેમાળ બાળકની માફક ૨૯ મા બાપનો લાડ સંપાદન કર્યો છે. એક હેતાળ મિત્રની માફક પોતાના ગોઠીયા અને અન્ય જનોનો અપાર પ્રેમ મેળવ્યો છે, એક પ્રભાવ અને પુજ્ય ગુરૂ તરિકે પોતાના શિષ્ટ અને મધુ બોધથી અનેક સ્ત્રીઓને અગાધ પવિત્રતામાં વાસ કરાવ્યો છે; અને તેમ છતાં પણ શ્રીકૃષ્ણનું સુંદર અને માર્મિક ચારિત્ર હજી પણ અનિર્વચનિયજ છે ! આ મહાન શ્રીકૃષ્ણે ભારતવર્ષમાં ભક્તિમાર્ગ પ્રવર્તાવ્યો છે. પછી કેવી રીતે ભરવાડનો કે ભરવાડણનો પોશાક તે પોતે પહેરતા અને ગોપીઓની માફક કૃષ્ણનો પ્રેમ મેળવવાનો પ્રયાસ કરતા તે શ્રીરામકૃષ્ણ કહેતા. આ અમાનુષી પ્રેમની વાત કરતે કરતે તેમનાં સઘળાં ગાત્રો અને મુખ શાંત અને સ્તબ્ધ થઈ જતાં, તેમની આંખો મીંચાઈ જતી અને તેમાંથી પ્રેમના અશ્રુની ધારા વહી રહેતી. તે પોતાનું ભાન ભુલી જતા. આવી સમાધિમાં પોતાનાં આત્મામાં તે શું જોતા હશે અને તેમને શું લાગતું હશે તે કોણ કહી શકે ? ઇશ્વર તરફ અગાધ પ્રેમને લીધે ઉત્પન્ન થયેલી આ સમાધિ શું હશે તે કોણ કહી શકે ? પણ એટલું તો નક્કી છે કે સમાધિમાં તે કંઇક જુવે છે, સાંભળે છે અને અનુભવે છે. જો તેમ ન હોય તો સમાધિમાં તે શા માટે અશ્રુપાત કરે, પ્રાર્થના કરે, ભજનો બોલે, બોધ વચનો ઉચ્ચારે ? તેમની આ સ્થિતિ અને સમાધીમાં બોલાયલા વચનો કઠણમાં કઠણ હૃદયને પીગળાવી નાંખે છે અને તેની પાસે અશ્રુપાત કરાવે છે."

"પછી તે મહાત્મા વિષે વાત કરતાં, તેને તે પોતાની માતા

કહીને સંબોધતા. તે કહેતા કે મહાકાળી ઇશ્વરની શક્તિ છે, આ શક્તિ સ્ત્રીઓના ચારિત્રમાં જણાઇ આવે છે. પુરૂષની સાથે રહેલી તે પ્રકૃતિ છે. જુલમી મનુષ્યો ઉપર તે જુલમ ગુજારે છે જગતની તે માતા છે. તેવી મહાન શક્તિ બતાવે છે કે તે તેને શરણે જનારનું રક્ષણ કરે છે. દેવીની પૂજા કરવી એ સ્ત્રી માત્રમાં રહેલી શક્તિની પુજા છે; આથી કરીને શ્રી રામકૃષ્ણે સ્ત્રી માત્ર સાથેનો સંબંધ તજ્યો છે. તે પરણેલા છે પણ કદિ તેમણે સંસારમાં પ્રવેશ કર્યો નથી. સ્ત્રી જાતિ અજેય છે. જે તેના તરફ પુત્ર તરિકે જુએ છે તે તેને જીતે છે, અને ભાર્યા તરીકે તેના તરફ જોનારને ઇશ્વરથી વિમુખ કરે છે. મોટા મોટા સંતો પણ એવા મોહમાં ફસાઇને પતિત થયા છે. કામ ઉપર જય મેળવવો એ શ્રી રામકૃષ્ણનું જીવન સુત્ર છે. ઘણા વરસ સુધી તેમણે સ્ત્રીના મોહમાંથી છુટવાનો પ્રયાસ કર્યો છે. આ મોહમાંથી છુટવાને તેમણે ગંગાના કિનારા ઉપર જઇ હૃદયને ચીરી નાખે એવા પોકારો અને પ્રાર્થનાઓ કરી છે. તેમને રોતા સાંભળીને હજારો મનુષ્યો એકઠા થયા છે અને તેમનું રૂદન જોઇને તેઓએ આંખમાંથી આંસુ પાડયા છે અને તેમને આશિર્વાદ આપ્યા છે"

"આ પ્રમાણે કામ ઉપર તેમણે જય મેળવ્યો છે. જે મહાકાળીને તે ભજતા હતા તેણે તેમને દરેક સ્ત્રીને કાળીના અવતાર માનતા કર્યા છે, અને તેથી કરી તે હવે દરેક સ્ત્રીને પોતાની માતા તરિકે ગણે છે સ્ત્રીઓ આગળ તે પોતાનું માથુ નમાવે છે અને ન્હાની કન્યાઓને પણ તે નમસ્કાર કરે છે. જેમ એક પુત્ર પોતાની માની પુજા કરે તેમ તે સર્વ સ્ત્રીઓની પુજા કરે છે. સ્ત્રીઓ સાથેનો તેમનો સંબંધ અને સ્ત્રીઓ વિષેના તેમના વિચાર, ઘણાજ પવિત્ર અને પ્રશસનીય છે હિંદુઓ સ્ત્રીઓને માન આપે છે એ વાતને સિદ્ધ કરે છે અને હિંદુ પ્રજામાં આ ગુણ મૂળથી, પૂર્વકાળથી

સ્વરૂપને સંબોધતાં તે કહેતા કે મહાકાળી પ્રભુની શક્તિ છે. આ શક્તિ જીવોના ચારિત્ર્યમાં જણાઈ આવે છે. પુરુષની સાથે રહેલી તે પ્રકૃતિ છે. જીવમાં મનુષ્યો ઈશ્વર તે જીવમ ગુજારે છે. જગતની તે માતા છે. તેવા મહાન શક્તિ મનાય છે કે તે તેને [illegible] સ્પષ્ટ કરે છે [illegible] આ સ્ત્રી માતામાં રહેલી શક્તિની પૂજા જ [illegible] શ્રી રામકૃષ્ણે શ્રી મા સાહેબના સંબંધ તરીકે છે. તે [illegible] કદી તેમણે સંસારમાં પ્રવેશ કર્યો નહીં. શ્રી શક્તિ [illegible] તેના [illegible] પુત્ર તરીકે જુએ છે તે તેને [illegible] છે, અને માતા તરીકે તેના [illegible] જોનારાને પ્રભુના [illegible] છે. મોટા મોટા સંતો પણ એવા મોહમાં [illegible] થયા છે. [illegible]

[illegible]

ખરી ધાર્મિકતા, પવિત્રતાનો પ્રભાવ કેવો છે !

આ બનાવ બન્યા પછી એક દિવસ નરેન્દ્ર બ્રહ્મોસમાજમાં ગયો હતો. સઘળા ભેગા મળીને પ્રાર્થના ગાતા હતા. જરૂર ભજન પૂરું થયું કે તરત જ સમાજ મંદિરના બારણા આગળથી એક અવાજ સંભળાયો કે, "નરેન્દ્ર, નરેન્દ્ર !" તે વાણીનો દેખાવ ભવ્ય હતો, પણ બોલનારનું આખું શરીર ઉઘાડું હતું: માત્ર કેડથી ઢીંચણ સુધી એક ધોતીયું જેમ તેમ વીંટેલું હતું. તેના મુખ ઉપર અથાગ ચિન્હ દેખાતાં હતાં. તેને જોઈને આખી સમાજ સ્તબ્ધ બની ગઈ. આ માણસ કોણ હશે ? નરેન્દ્રે તેનો અવાજ સાંભળ્યો. તેમનો પોશાક જોઈને તે શરમાયો અને આખી મેદની સમાજમાં આવે વેશે આવીને તેને જ બોલાવતા શ્રીરામકૃષ્ણને જોઈ ગભરાયો ! તેમના તરફ તે ગયો. નરેન્દ્રને જોતાંજ તેમના મુખ ઉપર આનંદ છવાઈ ગયો. નરેન્દ્રને જોતાંજ તે બોલી ઉઠ્યા: "પછી પાછો કેમ આવ્યો નહિ ? હું તો તારી વાટજ જોયા કરતો હતો !"

નરેન્દ્ર તેમને બે માસ ઉપર મળ્યો હતો અને ત્યાર પછી શ્રીરામકૃષ્ણ તેને ફરીથી મળવાને બહુજ ઉત્કંઠીત થયા હતા તેને બોલાવવા પોતાને સમાજમાં આવી પહોંચ્યા હતા.

એક બાજુએ તેમનું ઉઘાડું શરીર, માત્ર કેડે વીંટેલું ધોતીયું અને સાદી સીધી રીતભાત નરેન્દ્રના મનમાં ખડા થયા અને બીજી બાજુએ સુશોભિત શિખર ઉપર બેઠેલા સમાજના સભાસદોનો પોશાક, ટાપ અને રીતભાત તેના મનમાં આવ્યાં. તે મનમાં બોલી ઉઠ્યો "તે સમાજમાં શા માટે આવ્યા ! શા માટે તેમણે આ તરખડ કરી મૂકી ! સમાજનું દરેક માણસ તેમને શું ધારશે !" નરેન્દ્ર હજી પણ બ્રહ્મસમાજના પરમ ભક્ત શ્રીરામકૃષ્ણને બરાબર સમજી શક્યો નહોતો. નિયમો અને કૃત્રિમ રીતભાતો બંધનમાં આવેલો

ફરીની આવામાં ક્યોં હતો. તેના મુખ ઉપર તીવ્ર વેદના અને દીર્ઘ [illegible]
ચિન્હ દેખાતાં હતાં. એને સત્ય યોગવાની ઉત્કટ પ્રબલ હતી. [illegible]
દેવાલયોના ઘંટનાદથી તેના અંતઃકરણમાં ટીકટ અભિમાન [illegible]
થયો હતો. પણ તેનું ચિત્ત શ્રીરામકૃષ્ણને પુરેપુરા સમજવાને [illegible]
હતું. આ અનુભ ને દેતા હતો, એમ વારંવાર તે પોતાના [illegible]
પૂછતો હતો. નિંદ્રામાં એક મનુષ્યને જોયો લોકો. [illegible]
થઈ પવિત્ર મંત્રાના [illegible] ઉપર તે મનુષ્ય [illegible]
[illegible] આકાશ તરફ જોતો ધીમે ધીમે [illegible]
અને [illegible] ઘણી લાગી પછી [illegible] નામ [illegible]
[illegible] તે [illegible] હોય એમ લાગ્યું હતું. [illegible] તેના મુખ ઉપર
આનંદનો [illegible] હતો. આ [illegible] તે [illegible]
[illegible] હતા. [illegible] ઘણો [illegible]
[illegible] હતો.

[illegible]

હસતે વદને તેના તરફ જોઈ રહ્યા હતા! નરેન્દ્ર એકદમ વિચારમાંથી જાગ્યો અને જોયું તો શ્રીરામકૃષ્ણ! એકદમ તે તેમને ચરણે પડ્યો. શ્રીરામકૃષ્ણે તેને ઉભો કર્યો. બંને એકલા હતા. આસપાસ સર્વત્ર શાંતિ વ્યાપી રહી હતી. માત્ર પાસે વહેતી પવિત્ર ગંગાના જળનો ખળખળ થતો અવાજ જરા જરા સંભળાતો હતો. આકાશમાં તારાઓનો ઝાંખો પ્રકાશ દેખાતો હતો. શ્રીરામકૃષ્ણના મુખ ઉપર હાસ્ય ભર્યું અલૌકિક તેજ છવાઇ રહ્યું હતું. "ચાલ, નરેન્દ્ર," શ્રીરામકૃષ્ણ બોલ્યા અને જે પવિત્ર બિલ્વવૃક્ષ નીચે બેસીને શ્રીરામકૃષ્ણે સિદ્ધિ પ્રાપ્ત કરી હતી ત્યાં આગળ તેને લઇ ગયા. ત્યાં બંને જણુ બેઠા અને મૃત્યુ, ભય, માનસિક અશાંતિ, વગેરે અનેક બાબતો ઉપર બંને વચ્ચે છુટથી ચર્ચા ચાલી આ પ્રમાણે આ મહાન ગુરૂ અને તેનો મહાન શિષ્ય એકાંતમાં મળતા, બેસતા અને જ્ઞાન, ભક્તિ, યોગ વગેરે વિષે અનેક વાતો કરતા.

આ સમયે નરેન્દ્રની ઉમ્મર વીસ વરસની હતી. તે એસ. એ. બી. નો અભ્યાસ કરતો હતો. તેના પિતા ગુજરી ગયા હતા. કુટુંબને સખ્ત હાડમારી વેઠવી પડતી હતી. આગળ જણાવવામાં આવ્યું છે તેમ નરેન્દ્ર અને તેનું કુટુંબ લગભગ ભૂખમરોજ વેઠતા હતા. ક્વચિત્ નરેન્દ્ર જે પણ મળે તે હલકા પગારની નોકરી લેતો અને બને તેટલું કમાઇ લાવતો, પણ આથી કુટુંબનું પૂરું થઇ રહેતું નહિ નરેન્દ્રનું મન અનેક ચિંતાઓથી ગ્રસ્ત રહેતું, પણ તેનું સાધુ જીવ તેને આ આપત્તિમાં ધૈર્ય આપતું વખતો વખત તે શ્રીરામકૃષ્ણ પાસે જતો અને શાંતિ મેળવતો. પણ ભુવનેશ્વરીને ચિંતા થતી નરેન્દ્ર વારે ઘડીએ શ્રીરામકૃષ્ણ પાસે જાય છે અને તે કદાચ સાં થઈ જશે તો? પરન્તુ નરેન્દ્રની રીતભાતથી તેમને નિરાંત વળતી કે નરેન્દ્ર તેમને છોડી જશે નહિ.

ભુવનેશ્વરીએ નરેન્દ્રને પરણાવી દેવાનો વિચાર કર્યો, પણ નરેન્દ્રે સર્વદા બ્રહ્મચારીજ રહેવાનો નિશ્ચય જાહેર કર્યો. નરેન્દ્રના પિતા વિશ્વનાથે પોતાના જીવનકાળમાંજ નરેન્દ્રનો વિવાહ એક પૈસાદારની કન્યા સાથે નક્કી કર્યો હતો પણ તેનું મૃત્યુ થવાથી તેમાં વિઘ્ન આવ્યું. ફરીથી ભુવનેશ્વરીએ તેને પરણાવવાનો આગ્રહ કર્યો ત્યારે નરેન્દ્ર બોલી ઉઠ્યો: "તમારે મને ડૂબાડી દેવો છે? પરણું એટલે પછી મારી બધી આશાઓનો અંતજ આવે!"

આ પ્રમાણે ખેંચતાણ કરતે કરતે ત્રણ વર્ષ વીતી ગયાં. ધીમે ધીમે હવે કુટુંબના ભરણપોષણનું સાધન કાંઇક ઠેકાણે થતું ચાલ્યું; અને નરેન્દ્ર શ્રીરામકૃષ્ણની પાસે વધારે વધારે જવા લાગ્યો. ધીમે ધીમે કુટુંબ સાથેનો સંબંધ તેણે ઓછો કરવા માંડ્યો.

પોતે અને પોતાના કુટુંબે વેઠેલી હાડમારીના અનુભવથી તેનું હૃદય દયાર્દ્ર અને સ્વદેશાભિમાની બની રહ્યું હતું. ભૂખમરો શું તે એ જાણતો હતો અને તેથી હિંદનાં અસંખ્ય ગરિબ માણસોનાં દુઃખથી તેનું હૃદય રડી રહ્યું હતું. તેની બે બહેનોને પણ આ જગતનો કડવો અનુભવ થયો હતો અને તે અકાળ મૃત્યુને વશ થઇ હતી; તેથી હિંદની સ્ત્રી જાતિની દુર્દશાનું પણ તેને બહુ ઉંડું ભાન થએલું હતું.

નરેન્દ્રે જ્યારે સંન્યાસ ગ્રહણ કર્યો ત્યારે તેના કુટુંબને ભરણપોષણની આશ્રય નથી એવી ખાત્રી તેના મનમાં થએલી હતી.

નરેન્દ્ર પરણ્યો હોત તો સારા કુટુંબની કન્યા તેને મળી હોત અને રૂઢિ પ્રમાણે કન્યાદાનમાં પુષ્કળ દ્રવ્ય પણ તેને મળ્યું હોત; કારણ કે મોટાં મોટાં પૈસાદાર કુટુંબો વિશ્વનાથની આબરૂ અને વિદ્વત્તાને લીધે નરેન્દ્રને પોતાના જમાઈ તરિકે પસંદ કરવાને ખુશી આતુર હતા. પણ ત્યાગની મૂર્તિ–શ્રીરામકૃષ્ણનો આદિ શિષ્ય–નરેન્દ્ર વિચાર પણ કર્યો નહિ.

પડતું હશે એ વિષે એકવાર તેમણે પોતાના એક શિષ્યને પૂછ્યું. શિષ્યે જવાબ આપ્યો કે "મહારાજ, મહાભારતમાં લખેલું છે કે પરમાત્મ દર્શનને પામેલા મહાત્માને પોતાની ઉત્થાન દશામાં સાત્વિક ગુણવાળા મનુષ્યોની સાથેજ વાતચિત્ કરવાથી વિશ્રાંતિ મળે છે. ખરેખરા ધાર્મિક પુરુષની સોબતમાજ તે વધુ આનંદ પામે છે." શ્રીરામકૃષ્ણ એ સાંભળીને ચૂપ રહ્યા.

શ્રીરામકૃષ્ણને બીજા અનેક શિષ્યો હતા અને તેઓ પણ સઘળા નારાયણનાં શરીર છે એમ તે માનતા; પરંતુ નરેન્દ્રને તે સૌ કરતાં તેઓ ચઢતી કોટીનો માનતા. નરેન્દ્રને જોઇનેજ કોઇવાર તો શ્રીરામકૃષ્ણ સમાધિમાં આવી જતા. નરેન્દ્રની યોગ્યતા વિષે વારંવાર તે વખાણ કરતા. એક બાળકની માફક ભોળાભાવે નરેન્દ્રની શક્તિઓને વર્ણવતા અને તેની શક્તિનું સ્મરણ કરાવતા. સઘળા શિષ્યો સમક્ષ પોતાની શક્તિઓનું વર્ણન થતું જોઇને નરેન્દ્રને જરાક શરમ આવતી, પણ શ્રીરામકૃષ્ણ ખુલ્લા હૃદયથી જે ખરૂં હતું તેજ કહેતા. આથી નરેન્દ્રને પોતાની શક્તિનું ભાન થતું અને તેને ઉત્સાહ અને બળ મળતા. ગુરૂ તરફથી આ પ્રમાણે અર્પાયલું બળ સ્વામી વિવેકાનંદના આખા જીવનમાં તેમને યાદ આવતું અને જગતનું જે મહાન કાર્ય તેમણે કર્યું છે તે કરવામાં તે પુરેપુરો જુસ્સો અને આત્મવિશ્વાસ તેમનામાં ઉત્પન્ન કરતું.

આ પ્રમાણે નરેન્દ્રનું ચારિત્ર શ્રીરામકૃષ્ણ ઘડતા હતા. નરેન્દ્રનો અધિકાર પણ સૌ શિષ્યોમાં ઉચ્ચ ગણાતો. ગુરૂની સેવા કરવાનું કામ બીજા શિષ્યો કરતા. નરેન્દ્રને શ્રીરામકૃષ્ણ કોઇ પણ જાતની સેવા કરવા દેતા નહોતા; પણ નરેન્દ્ર સેવા કરવાનો આગ્રહ રાખ્યાજ કરતો. આ પ્રમાણે નરેન્દ્રની ઉચ્ચ શક્તિ, ઉચ્ચ અધિકાર અને અત્યંત પવિત્રતા તેના મગજમાં ઠસાવવાને અને તેના મનને ઉચ્ચ સ્થિતિએ

પહેરાવવાને શ્રીરામકૃષ્ણ અનેક પ્રયાસ કરી રહ્યા હતા.

આવા પવિત્ર અને સમર્થ મહાત્મા શ્રીરામકૃષ્ણ પરમહંસના ચરણ આગળ બેસીને નરેન્દ્રે વેદાન્તના ગુહ્ય તત્વોનો અભ્યાસ કર્યો. હજી પણ શ્રીરામકૃષ્ણના શબ્દોમાં તેને પુરેપુરો વિશ્વાસ ચોંટતો નહિ. તે પ્રશ્નો પુછતો, વાદવિવાદ કરતો અને શ્રીરામકૃષ્ણ જે બોધ આપતા તે પ્રમાણે તેમનું પોતાનું આચરણ છે કે નહિ તે બારીકીથી તપાસતો. મહિનાના મહિનાઓ સુધી તેણે આ પ્રમાણે કર્યું; પણ શ્રીરામકૃષ્ણના અતિ ઉન્નત અને પરોપકારી જીવનનો પ્રભાવ તેના જોવામાં જ્યારેને ત્યારે આવ્યા જ કરતો. એ પ્રભાવની અસર એટલી બધી થઇ કે આખરે તેની તમામ શંકાઓ એની મેળેજ શાંત થઇ ગઇ અને તેનામાં આધ્યાત્મ ચેતન વ્યાપી રહ્યું. તેના મનમાંથી તાર્કિક દૃષ્ટિ નષ્ટ થઇ અને તેને સ્થાને આધ્યાત્મિક દૃષ્ટિ સ્થપાઇ. તર્ક જ્ઞાનને સ્થાને મહાનું અગાધ સામર્થ્ય મુકાયું. આમ નવું આધ્યાત્મિક ચેતન તેનામાં રવે રવે વ્યાપી રહ્યું. તેના હૃદયની પાંખડીઓ ખીલી ને પુરી ગઇ.

અવિવાહિત રહીને નરેન્દ્રે પોતાનું સઘળું જીવન વેદાન્તમય બનાવવાનો અને તેને વેદાન્તને માટેજ અર્પણ કરવાનો નિશ્ચય કરીને હવે તે પોતાના ગુરૂની પાસેજ અહર્નિશ રહેવા લાગ્યો. આ મહાન સાધુની પાસેથી એક ક્ષણવાર પણ ખસવું તેને હવે ગમતું નહિ.

"શ્રીરામકૃષ્ણ કહે મારો નરેન્દ્ર પવિત્ર છે; તેનામાં દુનિયાદારીનો અંશ પણ નથી; તેનામાં દૈવી પ્રકાશ પડેલો છે; તે ઋષિ છે!' આવા આવાં વચનો વડે તેના હૃદયને ઉચ્ચ વાતાવરણમાં સ્થાપિત કરતા અને તેની વૃત્તિઓને માર્ગે ભગાવી તેનું ચારિત્ર ઘડતા હતા. જ્યારે નરેન્દ્ર શ્રીરામકૃષ્ણના ગાઢ સમાગમમાં આવ્યો અને તેમનો શિષ્ય

થઇ રહેલો ત્યારે પરમહંસ તેના વિષે ભવિષ્ય ભાખવા લાગ્યાઃ " કેશવચંદ્રસેનમાં તો એકજ શક્તિ છે, પણ નરેન્દ્રમાં અઢાર શક્તિઓ છે; ઇશ્વરી જ્ઞાનનો પૂર્ણ પ્રકાશ તેનામાં પડેલો છે અને ઇશ્વરી પ્રેમનો જુસ્સો તેના હૃદયમાં પુરેપુરો ખીલી રહેલો છે પોતાની બુદ્ધિ અને આધ્યાત્મિક શક્તિઓવડે તે જગતને હલાવી મૂકશે "

જ્યારથી શ્રીરામકૃષ્ણને નરેન્દ્ર કંઇક કંઇક સમજવા લાગ્યો ત્યારથી તે બંને વચ્ચેનો પ્રેમ અવર્ણનીય થઇ રહ્યો. એક વખત નરેન્દ્ર ઘણા દિવસથી જણાયો નહોતો. શ્રીરામકૃષ્ણ તેને મળવાને જવા લાગ્યા. રસ્તામાં ગંગાના કિનારા ઉપર નરેન્દ્ર સામો આવતો દેખાયો. શ્રીરામકૃષ્ણ તેની પાસે ગયા અને તેનું મોં પકડીને ૐ નો ઉચ્ચાર કરતા કરતા સમાધિમાં આવી ગયા વળી જ્યારે ત્રીજી વખત દક્ષિણેશ્વરમાં બંનેનો મેળાપ થયો હતો ત્યારે શ્રીરામકૃષ્ણ સમાધિમાં આવી જઇને બોલવા લાગ્યાઃ " મેં શ્રી કાળી દેવીને કહ્યું કે કામ અને લોભ વગરના કોઇ પવિત્ર ભક્તની સાથે વાત કર્યા વગર હું એકલો શી રીતે રહી શકું ? તું કાલે રાતે આવ્યો અને મને જગાડીને કહ્યું' હું હવે આવ્યો છું " શ્રીરામકૃષ્ણની સંનિધિમાં નરેન્દ્ર પણ નવીજ અવસ્થા ભોગવતો. ઘણી વખત જ્યારે બધા શિષ્યો ભજન ગાતા અથવા તો શ્રીરામકૃષ્ણ વેદાન્તનો બોધ આપતા ત્યારે નરેન્દ્ર આનંદના આવેશમાં આવી જતો, તેની વૃત્તિઓ ઉંડાણ મારી રહેતી, તેના અંતરાત્મામાં નવીન શક્તિઓ જાગૃત થતી, તેનું હૃદયકમળ ખીલતું, તેમાં રહેલી સુવાસ આસપાસ પ્રસરાતી, અને મન બુદ્ધિ સહિત તેનું આખું શરીર કોઇ અવનવા આનંદમાં તરબોળ થઇ જતું.

શ્રીરામકૃષ્ણનો ત્યાગ, પવિત્રતા અને આધ્યાત્મિક જીવન અડગ અને વજ્ર જેવાં દૃઢ હતાં. આવું અડગ અને વજ્ર જેવું ચારિત્ર પોતાના શિષ્યોમાં અને ખાસ કરીને નરેન્દ્રમાં લાવવાને તે અનેક

યુક્તિઓ કરી રહ્યા હતા. માત્ર ધર્મનો ઉપદેશ કરીનેજ તે અટકતા નહોતા, પણ તે ઉપદેશ પ્રમાણે તેમનું ચારિત્ર ઘડવાને એક પ્રકારનો આધ્યાત્મિક જુસ્સો અને જાગૃતિ તેમનામાં ઉત્પન્ન કરતા. શ્રીરામકૃષ્ણનું જીવન, તેમના બોધનો પ્રવાહ, સહજ સહજ નિમિત્તોથી વારંવાર તેમનું સમાધિમાં આવી જવું, આ સઘળું શિષ્યોના અંતઃકરણ ઉપર ઊંડી છાપ પાડી રહ્યું હતું. બાર વરસ સુધી તેમણે યોગ સાધ્યો હતો અને તપાચરણ કર્યું હતું.

તેઓ એક હાથમાં સોનાનો કકડો લેતા અને બીજા હાથમાં માટીનું ઢેફું લઇ ગંગાના કિનારે બેસતા અને કહેતાઃ "આ સોનું જગતની વસ્તુઓ પ્રાપ્ત કરાવશે, પણ ઇશ્વરને ઓળખાવવાની તેમાં શક્તિ નથી. ઉલટું તે આડે આવે છે. જે વસ્તુ ઈશ્વર પાસે લઇ જાય નહિ તે ધૂળજ છે" એમ કહીને પેલો સોનાનો કકડો અને માટીનું ઢેફું બન્નેને તિરસ્કારથી ગંગામાં ફેંકી દેતા. ફરીથી શ્રી કાળીદેવીના પૂજારી તરીકે રહેવાનું અને મંદિરની મોટી આવક ભોગવવાનું તેમને કહેવામાં આવ્યું, પણ તેમણે જવાબ આપ્યોઃ "હું પૈસાને શું કરીશ? શા માટે શ્રી જગદંબા આવાં માણસોને મારી પાસે લાવે છે?" ઘણી વખત કેટલાક શિષ્યો તેમની પરીક્ષા કરતા. એક વખત એમને એક મકાનમાં લઇ જવામાં આવ્યા. તે મકાનમાં બે ત્રણ નાચનારી વેશ્યાઓ અગાઉથી રાખવામાં આવી હતી. શ્રીરામકૃષ્ણને એકલા મૂકીને સૌ શિષ્યો બહાર નીકળી ગયા. પેલી નાચનારીઓ તેમની પાસે આવીને ઉભી રહી. તેમને જોઇને શ્રીરામકૃષ્ણ બોલી ઉઠ્યાઃ "ઓ મા, ઓ મા, મને અહીંઆ ક્યાં આણ્યો?" તેમનું શરીર મડદા જેવું થઇ ગયું અને તેમને સમાધિ આવી ગઇ! સર્વત્ર પવિત્રતા વ્યાપી રહી. નાચનારીઓ મનમાં પસ્તાવા લાગી અને શ્રીરામકૃષ્ણને પગે પડી અને તેમને તે કહેવા લાગી. "તમે આ સાધુને અહીંઆં શા માટે આણ્યો છે?

એ તો શુકદેવ છે ! એ તો ઇશ્વરનો માણસ છે! અમને તો એ એક બાળક જેવો દેખાય છે." આવી આવી અમાનુષી લીલા નરેન્દ્ર જોતો અને વિસ્મય પામતો ! તે એકલોજ શ્રીરામકૃષ્ણનો મહિમા ઉંડાણથી સમજી શકતો. તે એકલોજ તેમના શબ્દો ઉપર ઉંડો વિચાર કરતો. તે એકલોજ વિવિધ પ્રકારની શંકાઓ કરતો. શ્રીરામકૃષ્ણ તેનું એ વિચાર સ્વાતંત્ર્ય અને જાહેર હિંમતનો ગુણ પસંદ કરતા, શિષ્યની શંકાઓ દબાવી દેવી એમ તે ઇચ્છતા નહોતા. "મા, મારા જાત અનુભવમાં પણ શંકા કરે એવો શિષ્ય મને આપજે." એમ માતા પાસે તેમણે યાચના કરી હતી અને તેવોજ શિષ્ય તેમની પાસે આવ્યો હતો, તેથી નરેન્દ્રની શંકાઓથી શ્રીરામકૃષ્ણ ઉલટા ઘણાજ રાજી થતા હતા. બુદ્ધિનો વિકાસ કરતાં હૃદયનો વિકાસ અને શુદ્ધ ચારિત્ર તે વધારે પસંદ કરતા. જે અમાનુષી પ્રેમનો પટ તેમણે તેમના શિષ્યોના ચારિત્રમાં બેસાડયો છે અને જે આધ્યાત્મિક જીવનનો પ્રવાહ તેમના જીવનમાં વહેવરાવ્યો છે તેનું માપ કહાડવું મુશ્કેલ છે.

નરેન્દ્ર શ્રીરામકૃષ્ણના જીવનના અનેક બનાવો જોઇને વિસ્મય પામતો અને તેની નજર આગળ ગળાતું અમાનુષી જીવન જોઇને તેનું ચારિત્ર ઘડાતું. શિષ્યોને સુધારવામાં એકલો બોધ શું કરે ? શુદ્ધ ચારિત્રજ તેમાં મુખ્ય સાધન છે ! ચારિત્રના પ્રભાવ વગરનો બોધ નકામો જાય છે ! શ્રીરામકૃષ્ણ વિદ્વત્તા કરતાં ચારિત્રને પ્રાધાન્ય આપતા અને શિષ્યોના મગજમાં ઠસાવતા કે જગતમાં ચારિત્ર એજ ખરી વસ્તુ છે. એ સિવાયનું બીજું બધે તે અને ગમે તેટલું હોય તોપણ તે બધું નકામું છે.

એક પછી એક એમ અનેક સવાલ નરેન્દ્ર પૂછવા લાગ્યો. તેણે અનેક તર્ક વિતર્ક કર્યા. વિવાદ કરવામાં તે સિંહ જેવી ગર્જના કરવા લાગ્યો. બધા શિષ્યો ચકિત થઇ રહ્યા. શ્રીરામકૃષ્ણની સમક્ષ

સૌની સાથે ધાર્મિક વિષયો ચર્ચવા લાગ્યો અને સર્વેને પોતાના જ્ઞાનથી હરાવવા લાગ્યો. પાશ્ચાત્ય તત્વજ્ઞાનમાંથી અને આર્યશાસ્ત્રોમાંથી સૂક્ષ્મ પ્રશ્નો પૂછીને સૌને ગભરાવવા લાગ્યો. તેનું જ્ઞાન જોઈ શ્રીરામકૃષ્ણ વિસ્મય પામતા અને સમાધિમાં આવી જતા. કેવળ પાંડિત્ય ઉપરાંત નરેન્દ્રમાં કંઇક વિશેષ તેમને ભાસતું. નરેન્દ્ર ખરા અંતઃકરણથી વાદવિવાદ કરતો. તેનામાં સત્યનિષ્ઠા જણાતી. આ સત્યનિષ્ઠા જોઇને શ્રીરામકૃષ્ણ તેના ઉપર અત્યંત રાજી થતા અને કહેતા કે "નરેન્દ્રમાં દૈવી શક્તિ છે." આ દૈવી શક્તિને શ્રીરામકૃષ્ણ જોઇ શક્યા અને તે શક્તિઓનું પરિણામ શું આવશે તે પણ જોઇ શક્યા. એક વખત તે કહેવા લાગ્યાઃ "જુવો, જુવો, નરેન્દ્રની આધ્યાત્મ દૃષ્ટિ કેવી જબરજસ્ત છે? કિનારા વગરના તેજના મહાસાગર જેવી તે અપાર છે!"

જેઓ શ્રીરામકૃષ્ણની પાસે બેસવાને ભાગ્યશાળી થયા હતા તેઓજ માત્ર જાણે છે કે શ્રીરામકૃષ્ણ અને તેમના શિષ્યોનો પરસ્પર સંબંધ કેવો હતો! તે સંબંધ ઘણોજ મધુર, પ્રેમાળ, સ્વાભાવિક અને કોઇ પણ જાતની કૃત્રિમતા રહિત હતો. કેટલાક ગુરૂઓમાં દેખાઇ આવતા ડાક કે મોટાઇ શ્રીરામકૃષ્ણમાં બિલકુલ નહોતાં. કોઇ પણ માણસ તેમની પાસે જઇ શકતું. કોઇ પણ તેમની સાથે વાત કરી શકતું. સર્વેને દરેક પ્રકારની છુટ હતી. તેમનો બોધ ગંભીર અને સચોટ હતો. તેમની આસપાસના વાતાવરણમાં સર્વત્ર જાણે કે પ્રભુનો વાસ હોય એમ સઘળાને લાગતું હતું. દક્ષિણેશ્વરના બાગની ઘટામાં ગુરૂ અને શિષ્યો વિહરતા, બેસતા, આરામ લેતા, શાંતિ સૌંદર્ય નિહાળતા અને જ્ઞાન વાર્તા કરતા. વળી થોડોક સમય નિર્દોષ ગમ્મતો અને ટુચકામાં પણ ગાળતા. આવી ગમ્મતની અંદર પણ શ્રીરામકૃષ્ણ વખતો વખત ઉત્તમ બોધ આપતા અને સામાન્ય વાતોના આનંદને ફેરવીને જ્ઞાનાનંદમાં લઇ જતા. ગંગા નદીને કિનારે પવિત્र

જળના ખળખળાટને સાંભળતા ચંદ્રમાના અજવાળામાં કોઈ કોઈ દિવસ સર્વ બેસતા, ભજન ગાતા અને ગુરૂના મુખમાંથી નીકળતા જ્ઞાનામૃતને ગ્રહણ કરતા. શ્રીરામકૃષ્ણની સંનિધિમાં રહેવું એ મહાન ભાગ્યરૂપ હતું. તેમની પાસે બેસનાર જગતના વિચારને વિસારતું અને આત્માના ઉચ્ચ પ્રદેશમાં વિચરતું અને અપૂર્વ આનંદને ભોગવતું. તેમની સંનિધિમાં સર્વ કોઈ સમાહિત ચિત્ત થઈ રહેતું અને એકાગ્રતાને પામતું. શ્રીરામકૃષ્ણના મુખમાંથી નીકળતા મિષ્ટ શબ્દોથી અને જે ભાવથી તે શબ્દો બોલાતા હતા તે ભાવથી શ્રોતાઓનો અંતરાત્મા ઉજ્જવળ થતો, પ્રફુલ્લ થતો અને ઇશ્વર તરફ વળી રહેતો. તે સ્થળની અપૂર્વ શાંતિ, અલૌકિક દેખાવ, સર્વત્ર પથરાયલી પવિત્રતા, શ્રીરામકૃષ્ણનું નિર્દોષ મુખારવિંદ, તે મુખ ઉપર છવાઈ રહેલી દિવ્ય શાંતિ, જ્ઞાનચર્ચાની ગર્જનાઓ, ભજનો, કિર્તનો, સર્વનો ઉલ્લાસ અને આનંદ આ સર્વ તેમના સહવાસમાં આવનાર મનુષ્યોના મન ઉપર ઉંડી છાપ પાડ્યા કરતા હતા.

આવા સમર્થ ગુરૂ અને ગુરૂની સમક્ષ થતા અનેક વાદવિવાદોની ગર્જનાઓમાં નરેંદ્રનો અવાજ સિંહનાદની માફક સંભળાતો. ગુરૂ પરના સર્વ [illegible] શ્રદ્ધા [illegible] અત્યાર સુધી મુઝાઈ રહેલા તેના હૃદયમાં આનંદનો અવકાશ અને [illegible] શ્રીરામકૃષ્ણના સહવાસમાં આવવાથી [illegible] પામ્યા; [illegible] સંપૂર્ણ રીતે દર્શાવનારી [illegible] નરેન્દ્ર ચર્ચા કરતો [illegible] તેમાં નરેન્દ્રના [illegible] છે માટે તે ખરું છે એમ માનતા નહિ. સર્વ [illegible] અનુભવ કરો.” આ પ્રમાણે શ્રીરામકૃષ્ણ સર્વના હૃદયમાં ત્યાગ, સાધુતા અને પવિત્રતાનો વાસ કરતા રહ્યા હતા.

[illegible] શ્રીરામકૃષ્ણની [illegible]
[illegible]

[illegible]

[illegible]

[illegible]

બ્રહ્મનો સાક્ષાત્કાર તમને મળશે નહિ; સ્વાનુભવથીજ તે જણાશે" એવો બોધ તે સર્વને કરતા. એ સ્વાનુભવ એટલે કે નિરાવરણ પર માત્મ સાક્ષાત્કાર પાંડિત્યમાં નથી, પણ ચારિત્રમાં છે, અને એ ચારિત્ર મોહ, મમતા અને વિષય વાસનાના ત્યાગમાં છે, એમ તે જણાવતા.

ફરીથી વળી એક દિવસ શિષ્યોએ વાદવિવાદ મચાવી મુક્યો હતો "શું શાસ્ત્રો ખરાં છે? વેદ ઇશ્વર પ્રેરિત છે કે? ઇશ્વર શું છે?" આમ તકરાર ચાલી રહી હતી. શ્રીરામકૃષ્ણ આઘે ઉભા ઉભા તે સર્વને જોઇને ખુશી થતા હતા. ધીમે ધીમે તે ગંગાના કિનારા ઉપર જવા લાગ્યા. સર્વે શિષ્યો તેમની પાસે ગયા. શ્રીરામકૃષ્ણ કિનારા ઉપર નજર કરી રહ્યા હતા. સર્વે શિષ્યો વાદવિવાદ કરીને થાક્યા હતા કિનારા ઉપર કેટલાક કુતરાઓ સામસામા લઢી રહ્યા હતા અને કેટલાક પોતાને મળેનું શાંતપણે ખાતા હતા. શ્રીરામકૃષ્ણે તે તરફ આંગળી કરીને બતાવ્યું, સર્વે શિષ્યો તેમના કહેવાનો ભાવાર્થ સમજી ગયા કે જ્યાં સુધી સત્ય વસ્તુ હાથ લાગી નથી ત્યાં સુધીજ સઘળો વાદવિવાદ રહે છે

શ્રીરામકૃષ્ણ શિષ્યોને વાદવિવાદ કરવા દેતા વિવાદથી તેમની શક્તિઓ ખીલતી અને તેમની વૃત્તિઓ સમજાતી શ્રીરામકૃષ્ણ બોધ આપવા કરતાં વધારે પોતાના ચારિત્રથીજ શિખવતા. શિષ્યોની શંકાઓનું સમાધાન શ્રીરામકૃષ્ણના અલૌકિક વર્તનથી જ થઇ જતું પોતાની સમક્ષ શ્રીરામકૃષ્ણનું અદ્ભુત ચારિત્ર તેમના શિષ્યો નિહાળતા અને તેથી વેદાન્તના સત્યોની ખાત્રી તેમને આપોઆપજ થતી. શ્રીરામકૃષ્ણની સંનિધિમાં રહેવું એ આત્માની ઉન્નતિની શાળામાં ભણવા બરાબર હતું

"અંધશ્રદ્ધા નકામી છે" એમ એક દિવસ નરેન્દ્ર વિવાદ કરતો હતો, તે સાંભળીને શ્રીરામકૃષ્ણ પાસે ગયા અને બોલ્યા: "નરેન્દ્ર, અંધશ્રદ્ધા

[illegible] શ્રીરામકૃષ્ણમાં તે પ્રત્યક્ષ જોતો અને તેથી [illegible] છે, શક્ય છે, તે માત્ર કલ્પનાનોજ વિષય નથી. એમ [illegible] એમ ગાતી ડોકીને [illegible] અને [illegible] સ્મોટામાંથી પાર ઉત- [illegible] દંભ વગરનો, [illegible] પ્રથમજ જોયો હતા. [illegible] કરાવનાર મહાત્મા [illegible] આવતી તે [illegible] શકાતી નહિ. શ્રીરામકૃષ્ણ [illegible] પ્રત્યક્ષ કરાવે, [illegible] ચિનાર શ્રોતા- [illegible] રહસ્ય સમ- [illegible] ઉત્પન્ન કરે. વળી [illegible] આમ તેઓ [illegible] અને સત્યતાની [illegible] જુવતા નહોતા [illegible] સિદ્ધિના [illegible] અને શ્રીરા- [illegible] ઉડી [illegible]

[illegible] પણ [illegible] નાસ્તિક [illegible] તેના [illegible] હતી [illegible] જે યુવક [illegible]

શ્રીરામકૃષ્ણના બોધ વિષે, આચાર વિષે, જીવન વિષે અનેક શંકાઓ કરતો હતો તેજ યુવક હવે જાતેજ શ્રીરામકૃષ્ણનો પ્રચાર કરવા લાગ્યો! હવે તે હિંદુ ધર્મનો પક્ષ ખેંચવા લાગ્યો; પરંતુ હજી પણ તેનામાં કેટલીક ખામી હતી.

નરેન્દ્રના મનમાં હવે ઉત્કટ વૈરાગ્ય વ્યાપી રહ્યો હતો. એક વખત પંચવટીમાં જ્યાં આગળ શ્રીરામકૃષ્ણે યોગ સાધ્યો હતો ત્યાં બેસી યોગ સાધવો એવો વિચાર તેણે શ્રીરામકૃષ્ણને જણાવ્યો. શ્રીરામકૃષ્ણે જાણી જોઇને પૂછ્યું કે "કાયદાનો અભ્યાસ તારે શરૂ રાખવો નથી?" અત્યંત લાગણીથી નરેન્દ્રે જવાબ આપ્યો "મહારાજ મહેરબાની કરીને મને એવી દવા આપો કે કાયદામાં શીખેલું બધુંજ હું ભૂલી જાઉં!" તે દિવસથી તે શ્રીરામકૃષ્ણનો ખાસ શિષ્ય થઇ રહ્યો. એક માતા તેના પુત્ર તરફ જે પ્રેમ દર્શાવે છે તેનાથી પણ અધિક પ્રેમથી શ્રીરામકૃષ્ણ નરેન્દ્રને ચહાતા હતા અને બંનેની વચમાં એવો તો અભાવથી પ્રેમ ઉત્પન્ન થયો હતો કે બેમાંથી એક પણ જરાક વેગળું ખસે તો બંનેને ચેન પડે નહિ.

જે નિરંજનની આગળ બેસીને શ્રીરામકૃષ્ણે યોગ સાધ્યો હતો તે રસની પાસે બેસી નરેન્દ્રે હવે યોગની અનેક ક્રિયાઓ સાધવા માંડી. હવે તેનું ચિત્ત શાંત થવા લાગ્યું. મન ઉપર જય મેળવાયો. આમ ઘણા દિવસ વીતી ગયા. ભાવ સમાધિમાં આવી જવા શ્રીરામકૃષ્ણ જેવા અનેક બાળકોના માફક ભાવસમાધિ તેને હજી સુધી કેમ પ્રાપ્ત થતી નથી એમ નરેન્દ્ર શ્રીરામકૃષ્ણને એક દિવસ પૂછવા લાગ્યો. શ્રીરામકૃષ્ણે કેટલીક સમજુત આપ્યા પછી તેને ધીરજ રાખવાનું કહ્યું અને સમજાવ્યું કે એવો પણ સમય આવશે કે જે વખતે ભાવ સમાધિ તો શું પણ નરેન્દ્રની આખી વ્યક્તિજ પરમાત્મ સ્વરૂપમાં લીન થઇ જશે!

શ્રીરામકૃષ્ણ પુરેપુરૂં જાણતા હતા કે નરેન્દ્ર પૂર્વનો કોઈ યોગ-ભ્રષ્ટ પુરૂષ છે અને ભવિષ્યમાં તે અસાધારણ જીવનમુક્ત નિવડશે. નરેન્દ્રને જોઇને તેમના હૃદયમા અનેક લાગણીઓ તરી આવતી અને તે ભાવ સમાધિમા આવી જતા. કોઈ મનુષ્ય નરેન્દ્રનું ભુડુ બોલે તો શ્રી રામકૃષ્ણ કહેતા કે ' નરેન્દ્રને માટે એકદમ કોઇએ અભિપ્રાય બાંધવો નહિ. એને પુરેપુરો હાલ કોઈ ઓળખી શકે તેમ નથી."

હવે નરેન્દ્ર શ્રીરામકૃષ્ણના પવિત્ર સહવાસમા દિવસના દિવસ ગાળવા લાગ્યો. શ્રીરામકૃષ્ણ તરફ તેનું ચિત્ત સંપૂર્ણ લાગી ગયુ અને તે શ્રીરામકૃષ્ણનીજ પાસે બેસી રહીને તેમના મુખ સામુ જોયા કરતો. કોઇ કોઇવાર સત્સંગ દરમ્યાનજ વિચારમા તે એટલો તો લીન થઇ જતો કે તેમનો બોધ તે સાંભળતો નહિ. એક વખત આવું જોઇને શ્રીરામકૃષ્ણ કહેવા લાગ્યા: "મારા દીકરા, મારૂં કહેવું બરાબર સાંભળ." નરેન્દ્રે જવાબ આપ્યો: "હું તમને વાતો કરતા સાંભળવાને આવ્યો નથી." શ્રી રામકૃષ્ણ બોલી ઉઠ્યા "ત્યારે તું શું કરવાને આવ્યો છે?" નરેન્દ્રે ઉત્તર આપ્યો "મારૂં મન તમારા તરફ આકર્ષાય છે, હું તમને અત્યંત ચાહું છું, તેથી હું તમને જોવાને આવ્યો છુ." શ્રી રામકૃષ્ણ તરતજ ભાવ સમાધિમા આવી ગયા અને પછીથી એકદમ ઉઠીને પોતાના શિષ્યને ભેટી પડ્યા! જાણે કે પ્રેમ પાશની છેડી ગાંઠ બંધાવાની બાકી હોય તેમ છેડી ગાંઠ બંધાઈ ગઇ!

નરેન્દ્રના મનમા ખાત્રી થઇ કે અગાધ પ્રેમનો આ મહાસાગર છે! એમની સમીપતા સર્વે તત્વજ્ઞાન કરતા પણ વધારે છે. તેઓ પોતેજ આધ્યાત્મિક જ્ઞાનની જીવન્ત મૂર્તિ છે! એવા પ્રતાપી સદ્-ગુરૂના સમાગમમા રહીને તેમના આધ્યાત્મિક અનુભવો, ઉપદેશો અને ઓજસનો લાભ લેતા ચાલીને નરેન્દ્ર પોતાનો અભ્યાસ આગળ વધારવા લાગ્યો.

પ્રકરણ ૧૭ મું–અભ્યાસી જીવન.

અજ્ઞાનનાં બંધનો મનુષ્યને અહંતા મમતામાં બાંધી લે છે. એ બંધનનું નામજ સંસાર છે. એ બંધનમાંથી છૂટવું સહજ નથી. પ્રથમ તો એ બંધન બંધન તરીકે પણ કોઈકનેજ જણાતું હોય ઘણા ખરા મનુષ્યો તો ઉલટું એ બંધનોનેજ સર્વ સુખનું સાધન માની રહ્યા છે. શ્રીરામકૃષ્ણનાં નિશ્ચય, સાધના અને આધ્યાત્મિકતા વજ્ર જેવાં દૃઢ હતાં. તેમણે એ બાબતોમાં જે અમાપ સામર્થ્ય દર્શાવ્યું છે તે પણ વજ્ર જેવું દૃઢ છે. ધાર્મિકતાની છેવટ પરમાત્મ દર્શન–સાક્ષાત્કારમાંજ રહેલી છે. દેહાદિમાં રૂપી અહંતા મમતા રૂપે બંધાયલાં બંધનોની પાર જવામાં અને પૂર્ણ સચ્ચિદાનંદમય સ્વાતંત્ર્ય પ્રાપ્ત કરવામાંજ તેની સફળતા અને કૃતકૃત્યતા છે. અનેક તુચ્છ વાસનાઓ, સ્વભાવો અને માન્યતાઓની સામે યુદ્ધ કરવામાંજ મનુષ્ય જીવનનો ખરો પુરુષાર્થ, મહિમા અને કીર્તિ છે. એ નિરપેક્ષ સ્વાતંત્ર્ય, એ અનુપમ મુક્ત દશા વા મોક્ષ એ સર્વ આ યુદ્ધનાંજ પરિણામ છે. સંસારની સર્વ તુચ્છ વસ્તુસ્થિતિઓથી પર એવું એ પરમપદ પરમાત્મદર્શનમાંજ રહેલું છે. સંસારના સુખ અનિત્ય હોવાનું ભાન જ્યારે મનુષ્યને થાય છે ત્યારેજ તે આવું યુદ્ધ પોતાની વાસનાઓ સામે મચાવી શકે છે. હજારોમાંથી કોઈકજ આ પ્રમાણેની સમજણ અને સાધના સાધી સાધુ–પવિત્રાત્મા થઈ શકે છે. ઉત્કટ નિરાશા, પવિત્ર ચારિત્ર અને બાધક વસ્તુસ્થિતિઓ પ્રત્યે ત્યાગવૃત્તિ, એ એમાં મુખ્ય હથીયારો છે. સંસારના તુચ્છ પદાર્થો, પ્રપંચો અને મોહજાળની સામે લડવામાં નરેન્દ્રે એ અમોઘ હથીયારોનો ઉપયોગ પૂર્ણ સામર્થ્યથી અને દૃઢ નિશ્ચયથી કર્યો હતો.

થયેલાં સત્યો ઉપર યુવાવસ્થામાં સંશય રૂપી છારી વળી રહી હતી
તે શ્રીરામકૃષ્ણની પવિત્ર સંનિધિમાં નાશ પામી અને તેનાં તેજ સત્યો
બુદ્ધિ અને તર્કની કસોટિએ ચડી વધારેને વધારે દિવ્ય ભાસવા
લાગ્યાં. હવે વખતો વખત પોતાનું અંતઃકરણ અનેક પવિત્ર લાગણી-
ઓથી ઉભરાઈ જતું નરેન્દ્રને ભાસતું અને સમાધિની દશામાં જાણે
કે ઘસડાઈ જતું હોય તેમ તેને લાગતું. જ્યારે નરેન્દ્રનો આત્મા
આમ ખીલી ઉઠતો ત્યારે તે ભક્તિરસથી પૂર્ણ એવા ભજનો ઉપરા-
ઉપરી ગાવામાં મસ્ત થઈ જતો. તે ગાયન કરતો અને તેના આ-
ત્માની ઉન્નત દશાનું ભાન સ્વાભાવિક રીતે સર્વને થઈ રહેતું. તે
ગાયન કરતો અને તેનો સમસ્ત પવિત્ર આત્મા ભજનની ધૂનમાં
પરોવાઈ રહેતો. તેનો સાદ શ્રોતાઓના હૃદયને ઉછાળી મૂકતો. આસ-
પાસ સર્વત્ર આધ્યાત્મિક પવિત્રતાની પ્રભા પથરાઈ રહેતી અને
શ્રીરામકૃષ્ણ સમાધિમાં આવી જતા!

વખતો વખત તેને લાગતું કે દક્ષિણેશ્વર આધ્યાત્મિકતાનું સ્થળ
છે. આ સ્થળમાં ઉદ્ભવતી પવિત્ર લાગણીઓ અને શ્રીરામકૃષ્ણના
સહવાસથી ઉત્પન્ન થતી આધ્યાત્મિક ચેતનાની ઉન્નત ઉર્મિઓથી
હિંદુધર્મની સત્યતા અને શ્રીરામકૃષ્ણની મહત્તાને સ્વીકાર્યા વિના તેને
છુટકોજ ન હતો.

આ પ્રમાણે અંગ્રેજી કોલેજનો અશ્રદ્ધાવાન વિદ્યાર્થી નરેન્દ્ર
હવે શ્રદ્ધાવાન બની રહ્યો. પાશ્ચાત્ય વિદ્યાનો વિલાસી હવે વેદાંતના
સ્તોત્રોમાંજ આનંદ માનવા લાગ્યો. હિંદુ જીવનને વખોડનાર
અને પાશ્ચાત્ય પ્રજાઓના રીતરિવાજનો સ્વીકાર કરનાર નરેન્દ્ર
હવે ખરેખરો હિંદુ બની રહ્યો. સઘળી પ્રજાઓનું અસ્તિત્વ, સંરક્ષણ,
તેમનું દીર્ઘાયુ પણ આ મહાન આર્યધર્મ ઉપરજ રહેશે; ઉપનિષદોનાં
મહાન સત્યો ઉપરજ અખિલ વિશ્વમાં શાંતિ, પ્રેમ અને દયાભાવ પ્રસ-

રહી, તે સત્યોના અધ્યયનથીજ સઘળી પ્રજાઓ એક બીજાની સા
હસ્તમેળાપ કરશે, ટુંકામાં વેદાન્ત ધર્મજ સમસ્ત જગતનું આદ
થવાને યોગ્ય છે, એમ નરેન્દ્રનું દૃઢપણે માનવું થયું અને હિંદુ
અને ભારતવર્ષ વિષે અત્યંત પ્રેમની લાગણીઓથી તેનું હૃદય ઉભ
મારી રહ્યું.

જ્યારે પહેલીજવાર શ્રીરામકૃષ્ણે નરેન્દ્રને ' अहं ब्रह्मास्मि
નો અર્થ સમજાવવા માંડ્યો ત્યારે નરેન્દ્ર બોલી ઉઠ્યો હતો
પ્રભુ છું. શિવ છું, " એમ કહેવું એ ઈશ્વરનું અપમાન કર
... કહીં ... આપણો અધમ ...

પ્રકાશ વિશુદ્ધ પ્રેમનો પ્રવાહ શ્રીરામકૃષ્ણમાં હતો. આમ પાંચે બાજુ તેઓ ગુપ્ત અધિકારયુક્ત પૂર્ણ આત્મા. ઉત્તમ ભક્તો, સિદ્ધો અને મહર્ષિઓની દૃષ્ટિમાંથી પણ કંઈ બાકી ન રહેતું, તેમ અનુભવ ઉપર પૂર્ણ સત્તા અને ગૌરવ આત્મા તરફનો વિશ્વાસ પ્રકટ કરેલો. આમ શ્રીરામકૃષ્ણની દૃષ્ટિથી અનાયાસે નરેન્દ્ર બાળક, વેદાન્તના સિદ્ધાંત સમજી શક્યા અને આત્મસાક્ષાત્કારની ભૂમિકા બાંધી હતી.

“ આ સઘળું બ્રહ્મ છે, જે દૃશ્ય છે અને જે અદૃશ્ય છે, જે જ્ઞાત છે અને જે અજ્ઞાત છે; સ્વર્ગ, પૃથ્વી; જે અંત છે અને જે અંત નથી તે પણ; જે આદિ છે અને જે આદિ નથી તે પણ; એ સઘળુંય બ્રહ્મ છે. અખિલ વિશ્વ બ્રહ્મ છે. કાળ બ્રહ્મ છે અને સઘળું બ્રહ્મ છે. બ્રહ્મ સિવાય બીજું કંઈ છેજ નહિ. આત્મા પણ બ્રહ્મ છે. દેવતાઓ પણ બ્રહ્મ છે અને પરમાત્મા પણ બ્રહ્મ છે. જે આ અનુભવે છે તેજ પરમ વસ્તુને પામે છે; તેજ ઋષિઓ અને મુનિઓ પહોંચ્યા છે. જેવી રીતે સર્વ પોતાની ગતિમાં આગળ વધતી સરિતાઓ સમુદ્રમાં જાય છે તેવી રીતે તે સર્વ પંથોને કહાડી નાખે છે અને જ્ઞાનની પૂર્ણ અવસ્થાનો હેતુ છે.” ઉપનિષદો આમ કહે છે. અને પોતે ચિન્તન દ્વારા સૂક્ષ્મ વિચારો વડે જે જ્ઞાન તેમ તેમ તેનો મહિમા ખોલે જેમ જેમ નરેન્દ્ર આ જગતના મુક્ત પદાર્થ અને વાસનાઓથી છૂટે ને છૂટે ત્યારે શ્રીરામકૃષ્ણ તો એવા પ્રશ્નો પૂછતા. આપ પણ સત્-ચિત્-આનંદ સ્વરૂપ તે જ્ઞાન કહેતા. ઉપનિષદો જે મહાન સત્યોને કહી રહ્યા છે તે સત્યો આ પરમાત્મવાદીના ઉપદેશો અને દૃષ્ટિઓ છે. તેમનું એવું સત્ય શ્રીરામકૃષ્ણ તેવી દૃષ્ટિઓમાં વારંવાર ભારી ભક્તિ ઉચ્ચારતા અને નરેન્દ્ર તેનું શ્રવણ કરતો, મનન કરતો અને નિદિધ્યાસન કરતો. આમ ઉપનિષદોનું અધ્યયન અને અહર્નિશ

શ્રીરામકૃષ્ણના આચરણની એકતા સધાતી અને તે એકતાના સાક્ષાત દર્શનથી ચકિત થતો થતો નરેન્દ્ર સર્વ શાસ્ત્રોનું, સર્વ ઉપનિષદોનું, સર્વ વેદાન્તનું રહસ્ય ગ્રહણ કરતો આધ્યાત્મિક વાતાવરણની પવિત્રતા આવી રીતે તેનામાં આવી રહી. હવે તે સંસારની તુચ્છ વાસનાઓથી સદાને માટે મુક્ત થઇને નિત્ય, શુદ્ધ, બુદ્ધ, મુક્ત, અવિનાશી આત્માનું જ રટણ—ધ્યાન કરવા લાગ્યો! शिवोऽहम् शिवोऽहम्। ब्रह्मसत्यम्, जगन्मिथ्या। अयं आत्मा ब्रह्म। તેના મનમાં—હૃદયમાં—આત્મામાં જાગૃતમાં, સ્વપ્નમાં, નિદ્રામાં સર્વત્ર એજ નાદ ચાલી રહ્યો.

પરણવાનો તિરસ્કાર તો તેને નાનપણથીજ હતો તે હવે પૂરેપૂરો દૃઢ થઇ તેને લાગ્યું કે તેનો જન્મ સંન્યાસી થવાને માટેજ છે અને તેનું ધારવું અનેક જન્માક્ષર જોનારા જોશીઓના તેમજ હસ્તરેખાદિ બાહ્ય ચિન્હો જોઇ ભવિષ્ય ભાખનારા ભવિષ્યવેત્તાઓના કથનને મળતુંજ હતું

પ્રકરણ ૧૮ મું—નરેન્દ્રની યોગ્યતા.

આગલા પ્રકરણમાં જણાવ્યા પ્રમાણે શ્રીરામકૃષ્ણ જેવા મહાત્માના પવિત્ર ચરણ સેવીને નરેન્દ્રે વેદાન્તનો અભ્યાસ કર્યો હતો તથા તેના તત્ત્વો ગ્રહણ કર્યા હતા સો વાદમાં અદ્વૈતવાદ હવે નરેન્દ્રને ઘણોજ પ્રિય થઇ પડયો હતો. તે વાદની પ્રૌઢતા, તેમાંથી મળતું મનોબળ, તેના અભ્યાસથી ઉત્પન્ન થતી અભયતા. शोकं तरति आत्मवित्, मोहं तरति आत्मवित्। नायं आत्मा बलहीनेन लभ्यो। अभयं वै जनक प्राप्तोऽसि ॥ વગેરે ઉપનિષદ્ વાક્યો નરેન્દ્રના હૃદયમાં ઉંડા ઉતરી જઇને તેને સંપૂર્ણ અદ્વૈતવાદી બનાવી દીધો.

નરેન્દ્ર પ્રવીણ છે. તે મિતાહારી છે અને સત્ય વક્તા છે. તે જાણે છે કે એક્લો પરમાત્મા જ સત્ય છે અને જગતના પદાર્થો મિથ્યા છે માટે તેના ઉપર આસક્તિ રાખવી નહીં નરેન્દ્રમાં ઘણા સદ્ગુણો છે."

ટુંકમાં કહેતા ગુરૂ અને શિષ્ય એક ઢાલની બાજુ કે બે જુદી દેખાતી બાજુઓ હોય તેમ બની રહ્યા હતા. શ્રીરામકૃષ્ણના તપ, ત્યાગ, આચરણ, સાધના, આચાર અને વિચાર નરેન્દ્રમાં ઉતર્યા હતા એટલો ફેર અવશ્ય હતો કે જૂના સમયના શ્રીરામકૃષ્ણ પોતાના વિચાર જૂની પ્રણાલિકા પ્રમાણે દર્શાવતા અને આધુનિક સમયનો નરેન્દ્ર—વિવેકાનંદ—તેના તેજ વિચારો—સત્યો—નવા વિચારના મનુષ્યોને અનુકૂળ થવાને નવા વિચારના સ્વરૂપમાં પ્રગટ કરતો. જનસમૂહના કલ્યાણમાં આડે આવનાર કાંચન અને કામિની ઉપર જય મેળવી શ્રીરામકૃષ્ણે દક્ષિણેશ્વરમાં આત્માનું રાજ્ય સ્થાપ્યું હતું અને આ રાજ્ય નરેન્દ્રને સઘળી પૃથ્વી ઉપર ફેલાવવાનું હતું આધ્યાત્મિક જ્ઞાનના મહાસાગરમાં શ્રીરામકૃષ્ણે ઉંડી ડુબકી મારી હતી અને તેમાંથી તેમણે જે ખજાનો બહાર કહાડ્યો હતો તે ખજાનો સમસ્ત જગતને નરેન્દ્રે બતાવવાનો હતો શ્રીરામકૃષ્ણ સ્વાનુભવની મૂર્તિ હતા, નરેન્દ્રે તે અનુભવના વક્તા બનવાનું હતું આથી કરીને નરેન્દ્રના—વિવેકાનંદના ચારિત્રને સમજવાનું શ્રેષ્ઠ સાધન શ્રીરામકૃષ્ણના ચારિત્રનું યથાર્થ જ્ઞાન જ છે

શ્રીરામકૃ[illegible]ની પવિત્ર સંનિધિમાં એક ક્ષણવાર પણ બેસવાનું [illegible] ભાગ્ય' અહો નરેન્દ્ર જેવા [illegible] તેના જેવી ઉચ્ચ [illegible] [illegible] નદીને કિનારે આવેલ દક્ષિણેશ્વર [illegible] ધાર્મિકતા, પવિત્રતા પ્રસરી [illegible] અહીંઆ [illegible] દુષ્ટ [illegible]નાઓને દૂર કરી આત્માની જ કથા ચાલી [illegible] [illegible] નમાજ કથા, [illegible] કથા કે ભોજન કથાનું નામ પણ અહીંઆ લેવાનું નહીં'

પાત્રો અને સર્વેનાં હાવ ભાવ અને કલાથી ઉભરાઈ રહેતા! રાસલીલા અને રામાયણના નાયકો—યુધિષ્ઠિર, અર્જુન, ભીષ્મ, દ્રોણ, હનુમાન, ઋષિઓનાં, બાળકોનાં અદ્ભુત સર્વેનો, કોઈ ભક્ત ખરી રીતે એમના શિષ્યો શ્રીરામકૃષ્ણને ચૈતન્યાદિ બેસતા અને વાર્તાલાપ કરતા! સમસ્ત આર્ય જીવન—ધાર્મિક, સામાજીક, ઐતિહાસિક—બધાંનો ચિતાર, અભ્યાસ અને તેના ભાવ જાણે એમના શિષ્યોનાં મન ઉપર ઓતપ્રોત રહેતા. શ્રીરામકૃષ્ણ કવચિત કવચિત અપૂર્વ સ્વાનુભવનું કથન કરતા અને શિષ્યો આનંદના રસમાં તણાઈ જઈ તરબોળ રહેતા! કોઈવાર મુસલમાન ફકીરો, ક્રિસ્ત ધર્મના અનુયાયીઓ અને ગુરૂ નાનકના શિષ્યો પણ શ્રીરામકૃષ્ણની પાસે આવતા. બંગાળાનો પ્રસિદ્ધ નાટકકાર ગિરીશબાબુ કે જેણે પોતાનું જીવન જેમ ફાવે તેમ મસાણી મોજમજા ભોગવવામાં જ ગાળ્યું હતું તે એક દિવસ શ્રીરામકૃષ્ણની પાસે આવ્યો. શ્રીરામકૃષ્ણ ભક્તજનોના મંડળમાં હતા અને શ્રીમાતાજીની સ્તુતિ કરી રહ્યા હતા. તેમનો સાચો ભાવ જોઇને ગિરીશબાબુ બોલી ઉઠ્યો "આ માણસ અમે તો એક પાકો ઠગ હોય કે સાધુ હોય!" ગિરીશબાબુએ શ્રીરામકૃષ્ણને સાધુ તરીકે કેવી રીતે ઓળખ્યા અને તે તેમનો શિષ્ય કેવી રીતે બની ગયો એ કથા ઘણી લાંબી છે. એક દિવસ ગિરીશબાબુ અત્યંત ભાવ ભક્તિથી શ્રીરામકૃષ્ણને પુછવા લાગ્યો કે "મારે તરવાનો કંઈ ઉપાય છે?" શ્રીરામકૃષ્ણે કહ્યું "તમે ભગવાનનું વા મારું નામ દરરોજ સાંજ સવાર ત્રણ વખત લેજો." એટલું પણ નહી બની શકે એમ જ્યારે ગિરીશે જણાવ્યું ત્યારે શ્રીરામકૃષ્ણે તેને બે વાર નામ લેવાનું કહ્યું. તેની પણ ના પાડી ત્યારે એકવાર લેવાનું કહ્યું અને તેની પણ ના પાડી ત્યારે શ્રીરામકૃષ્ણે કહ્યું કે તું જે જે કરે તે સઘળું પ્રભુનેજ સમર્પિ દે. આમ ગિરીશબાબુ કે જે એક-

તપશ્ચર્યાએ જે આપણુંને માલમ પડશે કે શ્રીરામકૃષ્ણના સઘળા ગુણોની તે બાળની આસતીક મૂર્તિરૂપ બની રહ્યા હતા. તેમનો નરેન્દ્ર સાથેનો પ્રેમ અને સ્વરૂપમાં દેખાતો શ્રીરામકૃષ્ણ ગુરુ હતો. આમ ગુરુ અને શિષ્યનો અમેદ સંઘરો હતો. શ્રીરામકૃષ્ણની સંનિધિમાં મનુષ્ય સ્વભાવના અનેક રંગોનું અવલોકન કરવાનો નરેન્દ્રને પ્રસંગ મળ્યો હતો અને મનુષ્ય સ્વભાવનું આ માર્મિક નિરીક્ષણ તેને આગળ ઉપર ઘણુંજ કામ લાગ્યું હતું.

શ્રીરામકૃષ્ણે એક વખત આપેલો બોધ અને પોતે આપેલો જવાબ નરેન્દ્ર વારંવાર યાદ કરી તેમના હૃદયની વિશાળતા તે મનમાં ધારણ કરતો. શ્રીરામકૃષ્ણે એક વાર કહ્યું હતું કે "ધાર્મિક મનુષ્યોની વિરુદ્ધ સંસારી મનુષ્યો અનેક રીતે બોલે છે, પણ ધાર્મિક મનુષ્યોએ રસ્તામાં ચાલતા હાથીની માફક વર્તવું જોઈએ. હાથી પાછળ કુતરાં ઘણુંએ ભસે છે, પણ હાથી તેની દરકાર ન કરતાં પોતાને રસ્તે ચાલ્યોજ જાય છે." કોઈ તારું ભુંડું બોલે તો તું શું કરે?" નરેન્દ્રે સરલ ભાવે જવાબ આપ્યો "હું તેમને ભસતા કુતરાંઓ ધારૂં." શ્રીરામકૃષ્ણ મુક્ત હસ્યા અને બોલ્યા "ના, ના, તારે એટલો બધો નીચો અભિપ્રાય બાંધવાનો નથી; તારે તેમની દરકાર કરવી નહી પણ દરેક મનુષ્યમાં નારાયણનું સ્વરૂપ જોવું. પરમાત્મા દરેક વસ્તુમાં વસે છે અને તેમાં રહી અનેક રીતે ક્રીડા કરે છે. એક સાધુ—નારાયણ હોય અને બીજો ખલ—નારાયણ હોય!"

સ્વામી વિવેકાનંદ તરીકે નરેન્દ્રે આ શિક્ષણ બરાબર અમલમાં મુક્યો હતો. કારણકે જ્યારે બીજા પંથના અનુયાયીઓ અને ક્રિશ્ચિયન પાદરીઓ તેમની અદેખાઈથી અત્યંત નિંદા કરતા હતા અને તેમની વિરુદ્ધ અનેક પગલાં ભરતા હતા ત્યારે પણ શ્રીરામકૃષ્ણ પરમહંસનો સાચો શિષ્ય નરેન્દ્ર—વિવેકાનંદ તે સઘળું શાંત

તેવી જમીન ઉપર શ્રી રામકૃષ્ણ ચાલતા નહોતા. લીલું ઘાસ જીવ છે અને તેવા ઘાસને દુઃખ થાય અને તેમાં રહેલો જીવ નાશ પામે એમ તે કહેતા. કોઈ અન્ય મનુષ્યને માર મારતા હોય તો તે જાણે કે પોતાનાજ શરીરને વાગે છે એમ કરીને એકદમ આંચકો ખાતા. શરીરને અશક્તતા અને અત્યંત દુઃખની લાગણી કરનાર રોગિષ્ટ અને દુઃખી મનુષ્યોને જોઈને તેમનો આત્મા કકળી ઉઠતો અને તેમનું દુઃખ મટાડવાને તે સર્વને વિનંતિ કરતા તથા ઘેર ઘેર ફરીને પણ કેટલીવાર તેને માટે યાચના કરતા.

સાચી સાધુતા, આત્મભાવ પ્રગટાવવામાં અને દીનદુઃખીઓના દુઃખે દુઃખી થવામાંજ રહેલી છે, એમ શ્રી રામકૃષ્ણનું ચરિત્ર સર્વને કહી રહ્યું હતું. પ્રભુપૂજામાં પડી એવડી માગણી અને પછી જપ વ્રત જગતના પ્રપંચમાં ડુબી રહેવું કે દુઃખીઓના દુઃખ તરફ ઉદાસીનતા દર્શાવવી એ તો પ્રભુપૂજાની મશ્કરી છે એમ તે કહી રહ્યું હતું. શ્રી રામકૃષ્ણ પોતાના જીવનથી આ બાબતમાં અદ્વૈતવાદી તેમજ પ્રભુ ભક્ત તરીકે અતિ ઉમદા દૃષ્ટાંત પુરૂં પાડીને દર્શાવતા હતા કે પૃથ્વી, પાષાણ, વૃક્ષ, પશુ, પ્રાણી, મનુષ્ય, સર્વમાં એકજ જીવ, એકજ જીવન, એકજ આત્મા વ્યાપી રહેલો છે; આ સર્વ પરમાત્માનાં જુદાં જુદાં સ્વરૂપ છે: તેમના સુખે સુખી થાવ. તેમના દુઃખે દુઃખી થાવ. જગત પરમાત્માનું વિરાટ સ્વરૂપ છે જન સેવા વગર પ્રભુ સેવા અધુરીજ છે, તેમજ પ્રભુ ભક્તિના રંગથી રંગાયા વગરની જન સેવા પણ પરમ કલ્યાણની સાધક નથી.

एकोदेवः सर्वभूतेषु गूढः सर्व साक्षि सर्व भूतांतरात्मा ।
आत्मवत् सर्व भूतेषु यो पश्यति स पश्यति ॥

આર્ય શાસ્ત્રોના આ અમૂલ્ય સિદ્ધાંતો શ્રી રામકૃષ્ણના જીવનમાં

મૂર્તિમંત થયેલા નરેન્દ્રે નિહાળ્યા, તે જીવનના બોધક બનાવો તેના હૃદયમાં કોતરાઇ રહ્યા, અને શ્રી રામકૃષ્ણની વિશાળ ભાવનાઓએ નરેન્દ્રના હૃદયને એટલું તો વિશાળ બનાવી દીધું કે જ્યારે તે સ્વામિ વિવેકાનંદ તરીકે બહાર પડ્યો ત્યારે તેણે શ્રી રામકૃષ્ણ મિશન એ નામની સંસ્થા સ્થાપી અને તેણે અને તેના શિષ્યોએ ભારતવર્ષના અનેક નિર્ધન, દુઃખી, નિરાધાર, વૃદ્ધ, રોગીષ્ટ, ક્ષુધાર્થી કે પ્લેગથી પિડાતા કે કોઇ પણ પ્રકારની આધિ, વ્યાધિ કે ઉપાધિમાં કચડાતા લાખો સ્ત્રી પુરૂષોને અનેક રીતે સહાય પહોંચાડી. પોતાના પ્રાણની પણ દરકાર કર્યા વગર સ્વામી વિવેકાનંદે પ્લેગના દરદીઓની સારવાર કરી છે અને તેમને આશ્વાસન આપ્યું છે. નિર્ધન અને નિરાધારને માટે અનાથાશ્રમો ખોલ્યા છે. રોગીઓને માટે દવાખાના ઉઘાડ્યા છે. તેમણે અનેક પારમાર્થિક કામો કરી જગતને દર્શાવી આપ્યું છે કે શ્રી રામકૃષ્ણની માફક વિવેકાનંદ પણ आत्मवत् सर्व भूतषु એ મહાન સિદ્ધાંતને પોતાના દરેક કાર્યમાં ક્ષણે ક્ષણે અનુસરે છે

નરેન્દ્ર હવે શ્રી રામકૃષ્ણના અગાધ પ્રેમનું પાત્ર બની રહ્યા હતો. તે હવે ઉચ્ચ અધિકારી બન્યો હતો. શરીર અને આત્મા જુદા છે એવું ભાન વારવાર તેને થતું. તે ધ્યાન ધરતો અને ધ્યાનની અમુક અમુક દશાઓની સામિનિઓ પણ તેને મળતી. ધ્યાનાવસ્થા તો તેની સ્વાભાવિક પ્રકૃતિજ બની રહી હતી. ચિત્તની એકાગ્રતા સધાઇ હતી આથી કરીને તે કોઇ પણ વિષયમાં ઘણોજ ઉંડો ઉતરી શકતો અને તેની ઉપર નવુજ અજવાળુ પાડતો.

પોતે પ્રાપ્ત કરેલી શક્તિઓ ખરી છે કે ખોટી તે હવે નરેન્દ્ર અજમાવી જોવા લાગ્યો. એક દિવસ તે પોતાના એક ગુરૂભાઇ (અભેદાનંદ) ઉપર પોતાની શક્તિ અજમાવવા લાગ્યો. દિવસ મહાશિવરાત્રીનો હતો. શિવપૂજન ચાલી રહ્યું હતું. ઘણા વખતથી ધ્યાન

પછીને નરેન્દ્ર મોટો હતો. ધ્યાનમાંથી ઉઠવા પછી તરતજ તે અભેદાનંદની પાસે આવીને બેઠો. તેને તેણે સ્પર્શ કર્યો. પોતાના સ્પર્શ માત્રથીજ અભેદાનંદને આત્માના આનંદની ઝાંખી કંઈક ઉત્પન્ન કરાવવી એવો તેનો વિચાર હતો. આ બનાવ વિષે અભેદાનંદ કહે છે “નરેન્દ્રે મને સ્પર્શ કર્યો કે તરતજ મારા આખા શરીરમાં એક પ્રકારની અદ્ભુત અસર થઈ ગઈ. વિજળીનો પ્રવાહ જાણે કે ચાલી રહ્યો હોય તેમ મને લાગ્યું. તરતજ હું પણ ઉંડા ધ્યાનને વશ થઈ ગયો અને અવર્ણનીય આનંદની લેહેરમાં મારા શરીર કે જીવનું પણ ભાન ભુલી ગયો.” આ પ્રમાણે નરેન્દ્ર પોતાની શક્તિઓની ખાત્રી પણ કરી જોતો હતો. હજી તેને ફક્ત નિર્વિકલ્પ સમાધિ પ્રાપ્ત થતી નહોતી. તે સમાધિ પ્રાપ્ત કરાવવાને તે વારંવાર શ્રી રામકૃષ્ણને વિનંતિ કરતો. શ્રી રામકૃષ્ણ વધારે વધારે સ્નેહથી તેને નિહાળતા અને કંઈ બોલતા નહિ. હજી પણ નરેન્દ્રને બીજું શિક્ષણ આપવાનું હતું અને ત્યાર પછી જ તેને સમાધિનો અનુભવ કરાવવાનો હતો.

પ્રકરણ ૧૯ મું-કાશીપુરમાં ગળાયલા દિવસો.

શ્રીરામકૃષ્ણનું જીવન હવે વધુ સમય ટકે તેમ નથી એમ લાગવાથી દક્ષિણેશ્વરમાંથી તેમને કલકત્તે લાવવામાં આવ્યા અને કાશીપુરમાં આવેલા એક બગીચામાં રાખવામાં આવ્યા. તેમના શિષ્યો તેમની સેવા કરવા લાગ્યા. તેમની સેવા કરવી એ તેમને મન પ્રભુની પૂજાજ હતી. શ્રીરામકૃષ્ણને ગળા ઉપર એક ગુમડું થયું હતું અને તેમને બોલતાં અડચણ પડતી હતી. તે બોલતા ત્યારે થોડી કકડ વહેતું. વૈદ્યો બોલવાની ના કહેતા. પણ ધાર્મિક પ્રશ્નો પુછવાને કોઈ પણ આવે તો તેમને નિરાશ નહિ કરવા એવો શ્રી રામકૃષ્ણનો આગ્રહ હતો.

નેથી એ વિચારથી નરેન્દ્ર પોતાનું મગજ પટકી નાંખવા લાગ્યો. તેમનું દુઃખ મટાડનાર કોઈ દેવતા પણ છે કે નહિ એ શોધવાને "શ્રીરામ શ્રીરામ" એમ મુખેથી પોકારતો તે આખા ઘરમાં ફરવા લાગ્યો. દેહનો અંત હવે પાસે આવ્યો છે એમ જાણી શ્રી રામકૃષ્ણે નરેન્દ્રને પાસે બોલાવ્યો અને કહ્યું "આમ કરવાથી શો ફાયદો છે? તારા જેવાજ પોકાર કરીને મેં બાર વરસ ગાળ્યાં હતાં. તે બાર વરસે એક પવનના સપાટાની માફક ચાલ્યાં ગયાં છે તો પછી તારી એક રાત્રીના પ્રયત્નથી શું થવાનું છે?" આ સાંભળીને એક જણ બોલી ઉઠ્યો "તમે કેટલા યોગી છો. તમે ધારો તો તમારી મેળેજ સાજા થઈ જાવ!" શ્રીરામકૃષ્ણે જવાબ આપ્યો "આ અપવિત્ર દેહ કે જે હાડકાનું એક પાંજરૂં છે તેમાં વધારે વખત જકડાઈ રહેવા તરફ મારા ચિત્તને હું શા માટે લગાડું?"

યુવાન નરેન્દ્રે હવે સંસારનો ખરેખરો ત્યાગ કર્યો હતો. દુનિયાદારીની વાસનાને તેણે દૂર કરી દીધી હતી. ભગવાં વસ્ત્ર તેણે ધારણ કર્યાં હતાં. તેની અજાણુતી શક્તિઓ ઉપરથી તેના ગુરૂએ તેનું નામ વિવેકાનંદ પાડ્યું.

કાશીપુરનો બાગ હવે એક મંદિર તેમજ એક મોટી પાઠશાળા બની ગયો હતો. વાતચિતમાં તત્ત્વજ્ઞાનનાં અણુએ અણુ જુદાં પાડતી ભક્તિ પરાકાષ્ઠાએ પહોંચતી. સંગીત અને ભજનમાં કેટલોક સમય ગળાતો અને નરેન્દ્ર પોતાના ગુરૂને કહેતો "દેવ, મારી બુદ્ધિ અને ચિત્તની સઘળી વક્રતા નાશ પામે એવું ઔષધ મને આપો" શ્રીરામકૃષ્ણ તેને ધ્યાન ધરવાનું કહેતા અને ધ્યાનમાં તે મસ્ત બની જતો. ક્વચિત શ્રીરામકૃષ્ણ તેને ભજન ગાવાનું કહેતા અને તે ભજનની ધુનમાં-પ્રભુની ભક્તિના રસમાં ડુબી રહેતો. નરેન્દ્ર હવે ઘણો વખત ધ્યાનમાંજ ગાળવા માંડ્યો.

આપી. એક વખત કેટલાકોએ શારદાદેવી શ્રીરામકૃષ્ણની શુશ્રુષા કરતાં જોયાં. શંકાશીલ હૃદયવાળો તે શિષ્ય એ પ્રસંગ જોવા ગયો. પણ શ્રીરામકૃષ્ણ શારદાદેવીને "મા, મા," કહીને વાતચીત કરતા હતા. આ જોઈને શિષ્ય શરમાયો અને કેટલાક દિવસ સુધી તેણે પોતાનું મુખ બતાવ્યું નહીં. શ્રીરામકૃષ્ણે તેને બોલાવ્યો. તેના મનની વાત તે જાણી ગયા હતા તેથી તે બોલ્યા: "તેં શંકા કુતર્ક કરી તે ઠીક કર્યું; તું મારી પરિક્ષા કરી જુએ નહીં ત્યાંસુધી શ્રદ્ધા કેવી રીતે રાખી શકે ?"

પોતાના ચારિત્રને માટે નરેન્દ્ર જેટલો ભુવનેશ્વરીનો આભારી હતો તેટલોજ તે શ્રીશારદાદેવીનો પણ આભારી હતો. શ્રીરામકૃષ્ણ પોતાની બ્રહ્મચારિણી પત્નીને હમેશાં જ્ઞાન ભક્તિનો ઉપદેશ આપતા. સર્વ શિષ્યોની તે "મા" થઈ રહ્યાં હતાં. શ્રીરામકૃષ્ણ સર્વને તેમના શિવ સ્વરૂપનું ભાન કરાવતા; શારદાદેવી દરેકમાં દૈવી સ્વભાવ જાગૃત કરતાં. આ પ્રમાણે શારદાદેવીએ ઘણાક યુવાનોને સંન્યાસને માર્ગે દોરી તેમના શિષ્યો બનાવ્યા છે. શ્રીરામકૃષ્ણના કેટલાક શિષ્યોએ તો તેમની આજ્ઞાથી શારદાદેવી પાસેથીજ સંન્યાસ દિક્ષા લીધેલી છે.

એક વખત શ્રીરામકૃષ્ણની ટીકાથી શારદાદેવીને જરાક લાગી આવ્યું અને તે રોતાં રોતાં ચાલ્યાં ગયાં. શ્રીરામકૃષ્ણે તેમને પાછા લાવવાને એક શિષ્યને તેમની પાછળ મોકલ્યો અને કહ્યું કે જો તે રોશે તો હું ભક્તિ અને ધ્યાન ભુલી જઈશ.

ગુરૂ અને શિષ્યોના પવિત્ર ટોળામાં દેવીની માફક શ્રીશારદાદેવી વિરાજતાં હતાં. તે સર્વની સંભાળ લેતાં અને સર્વની ધાર્મિક ક્રિયાઓમાં મદદ કરતાં. સર્વના દુઃખે તે દુઃખી થતાં અને સર્વના આનંદેજ તેમનો આનંદ હતો. સર્વ શિષ્યો તેમનાં બાળક અને શારદાદેવી તેમની માતા હતાં. હિંદમાં ગુરૂપત્ની ગુરૂ તુલ્યજ ગણાય છે. શ્રીરામકૃષ્ણ મિશનના પ્રસિદ્ધ સંન્યાસીઓ શ્રીશારદાદેવીને ગુરૂ તરીકેજ

લાગ્યો. સત્યાન્વેષણ માટે કરેલા રાજ્યત્યાગને સંભારવા લાગ્યો અને શ્રાવસ્તી નગરીના સુંદર મઠ અને વિદ્યાપીઠોનો સંપૂર્ણ ખ્યાલ મગજમાં આણવા લાગ્યો.

તે વારંવાર કહેવા લાગ્યો કે બુદ્ધનોજ સંન્યાસ ખરો હતો! અઢળક દ્રવ્ય, રાજદ્વારી દમામ, સત્તા, યુવતી સ્ત્રીનો પ્રેમ—આ સર્વનો ત્યાગ બુદ્ધે કર્યો, માટે એનો સંન્યાસ એજ ખરો સંન્યાસ. માનવ જાતિ પ્રત્યે અનુકમ્પા, સત્યાન્વેષણ માટે આત્મ નિગ્રહ, દુઃખ, અને કે મૃત્યુથી પણ નિડરતા—આ સર્વ ચીજ તે સાધુ બની રહેલો હતો. રત્નજડિત આરસ પહાણથી બંધાયેલા મહેલમાં વસનારો, રાજ્ય વૈભવને ભોગવનારો, રાજપોષાક ધારણ કરનારો, હસ્તીદંતના પલંગમાં પોઢનારો અને મહાન દ્રવ્યના ભંડારો હાથ ધરનારો રાજાનો કુંવર એક સંન્યાસીની માફક જગતમાં વિચરતો—ભગવાન બુદ્ધ—નરેન્દ્રની કલ્પના સૃષ્ટિમાં પ્રત્યક્ષ દેખાવા લાગ્યો.

વાર્તા આગળ ચાલી. નરેન્દ્રનું હૃદય બુદ્ધના ચરિતથી વધારેને વધારે આનંદિત થવા લાગ્યું, વધારેને વધારે ઉછળવા માંડી રહ્યું. ભગવાન બુદ્ધનું કઠોર તપશ્ચરણ તેના મસ્તકને ચકડોળે ચઢાવવા લાગ્યું તે ચકિત થયો. નરેન્દ્ર અને તેના ગુરૂભાઇઓપર ભગવાન બુદ્ધના દૃઢ નિશ્ચયની અદ્ભુત ઉંડી અસર થઈ.

" આ સ્થાનેજ મારૂં શરીર સુકાઇ જવા દો ! શરીરના માંસ અને અસ્થિ જુદા પડી જવા દો ! પરમ સત્ય—જે મેળવવું ઘણુંજ કઠિન છે તે—મેળવ્યા વગર હું અહીંથી ઉઠનાર નથી ! " ભગવાન બુદ્ધના આ શબ્દોના ભણકાર સર્વ શિષ્યોના મનને વારંવાર હલાવી નાખવા લાગ્યા.

સર્વ શિષ્યોના મગજમાં બુદ્ધગયાનું પવિત્ર અને સુંદર સ્થાન તરી આવ્યું. અહીંઆ બેસીને—અસંખ્ય વિચારો અને ઉદ્દેશોના

ક્યારેય તેને બીજે ક્યાંય ભગાશે નહિ.” શ્રી રામકૃષ્ણ મનમાં ખુશી થતા હતા કે નરેન્દ્ર બહારનો અનુભવ મેળવીને તેમને ઓળખવાને વધારે શક્તિમાન થશે.

નરેન્દ્ર સાથે બીજા પણ બે જણ ગયા હતા. આખે રસ્તે બુદ્ધગયાના વિચારજ તેમના મનમાં રમી રહ્યા. રેલ્વે સ્ટેશનથી બુદ્ધગયા આઠ નવ માઈલ દૂર છે, એટલે રસ્તો તેમણે પગે ચાલી નાંખ્યો. રસ્તામાં પવિત્ર ફલ્ગુ નદીમાં સ્નાન કર્યું. રાત્રે તેઓ બુદ્ધગયા પહોંચ્યા. આખી રાત બુદ્ધના વિચારમાંજ તેઓ મશગુલ રહ્યા. સવારમાં બોધીસત્વના મંદિરમાં ગયા. ભગવાન બુદ્ધની મૂર્તિ આગળ સાષ્ટાંગ દંડવત પ્રણામ કરીને નમ્યા. નિર્વાણનો બોધ કરનાર, પરમશાંતિના અગાધ મહાસાગર, પરમ દયાળુ ભગવાન બુદ્ધની પ્રાચીન તેજસ્વી મૂર્તિ તેઓને દૈવીજ ભાવ-દશામાં તેઓ દેખવા લાગ્યા. નરેન્દ્ર અને તેના ગુરૂભાઈઓ તે મૂર્તિની આગળ સાષ્ટાંગ પ્રણામ કરી બેઠા, પદ્માસન વાળ્યું અને એકાગ્ર થઈ જઈ એક ચિત્તે ભગવાન બુદ્ધનું ધ્યાન ધરવા લાગ્યા.

એ કલાક સુધી તેઓ ધ્યાનમાં બેસી રહ્યા. પછી તેઓ મઠમાં ગયા. સાયંકાળનો સમય થતાં નરેન્દ્ર બોધીવૃક્ષની નીચે પડેલી શીલા-જેના ઉપર બેશીને ગૌતમબુદ્ધ નિર્વાણને પ્રાપ્ત કરી રહ્યા હતા તેની પાસે ગયો. ત્યાં બેશીને તે ચિત્તની એકાગ્રતા વધારે મેળવી શક્યો અને ધ્યાનની વધારે ઉચ્ચ દશાએ પહોંચ્યો. સમય સંધ્યાકાળનો હતો. સર્વત્ર શાંતિ ફેલાઇ રહી હતી. ગંભીર વિચારોથી નરેન્દ્રનું લાગણીવાળું હૃદય ભરાઇ આવ્યું. આંખોમાંથી ચોધારાં અશ્રુ વહેવા લાગ્યાં! પોતાની પાસે બેઠેલા ગુરૂભાઇને ગળે હાથ નાંખીને તે પણ્ણા વ્હાલથી ભેટી પડ્યો. ગુરૂભાઈ ચમક્યો. નરેન્દ્રને તે આમ કરવાનું કારણ પુછવા લાગ્યો. પણ ઉત્તર કોણ આપે? નરેન્દ્ર ફરીથી ધ્યાનમાં ગરક થઇ ગયો. શું ભગવાન બુદ્ધનું ધ્યાન ધરતાં ધરતાં અત્યંત પ્રેમના

[illegible] આમ ધારી

[illegible] થી

[illegible] શ્રી

[illegible] શ્રી

[illegible] તેની

[illegible]

[illegible]

[illegible]

[illegible] તુ એ

[illegible] પાસે

[illegible] જોયુ

[illegible] પડવા

[illegible]

[illegible] સમાધિ

અને કર્તવ્યનો અવધિ છે. તેણે નિશ્ચય કર્યો હતો કે આવી સ્થિતિ પ્રાપ્ત કરવીજ જોઇએ. એ પ્રાપ્ત થયા વિનાનું બધુંજ નકામું! શ્રી રામકૃષ્ણની માફક તેણે પણ સમાધિસ્થ થવુંજ જોઇએ! જે શ્રી રામકૃષ્ણે પ્રાપ્ત કર્યું છે તે સર્વ તેણે પ્રાપ્ત કરવુંજ જોઇએ! તેણે નિર્વિકલ્પ સમાધિ મેળવવીજ જોઇએ! શ્રી રામકૃષ્ણ પાસેથી હવે નરેન્દ્રને છેલ્લામાં છેલ્લું જે મેળવવાનું હતું તે આ નિર્વિકલ્પ સમાધિજ હતી. જે નિર્વિકલ્પ સમાધિ અનેક તપ અને શ્રમ વેઠીને શ્રી રામકૃષ્ણે પ્રાપ્ત કરી હતી તે જાણે કે કોઇ ખાવા પીવાની વસ્તુ હોય તેમ નરેન્દ્ર માગતો હતો! જ્યારથી અદ્વૈતવાદમાં તેણે પ્રવેશ કર્યો ત્યારથી તે આ સમાધિની માગણી કરી રહ્યો હતો. બ્રહ્મભાવને પ્રાપ્ત કરાય, આત્મદર્શનવડે મનાદિકોના કારણ રૂપ કારણ શરીર–જીવ ભાવ સદાને માટે નષ્ટ થઇ જાય, સર્વ બંધનોના મૂળ રૂપ જે અનાત્મ પ્રત્યેનો આત્મભાવ તે અહંભાવનો મન વાણીથી અતીત આત્મ પ્રદેશમાં લય થાય–આવી પ્રાર્થના નરેન્દ્ર શ્રી રામકૃષ્ણને કરી રહ્યો હતો.

નરેન્દ્રે અનેક આંતર બાહ્ય વસ્તુસ્થિતિઓના દર્શન કર્યાં હતાં. અહંબ્રહ્માસ્મિના નિદિધ્યાસન વડે તેનો આનંદમયકોશ ખીલી ઉઠીને તેને ભાવસમાધિ–સવિકલ્પ સમાધિ અનેકવાર આવી જતી. પણ તે સર્વ નામ રૂપાત્મક માયીક પ્રદેશજ ગણાય. નરેન્દ્ર તે સર્વથી પર એવી નિસ્ત્રૈગુણ્ય–માયાતીત–નિજાત્મ વસ્તુના સાક્ષાત્કારને ઇચ્છી રહ્યો હતો. ચિદ્ શક્તિરૂપી અગાધ મહાસાગરમાં ડુબકી મારી તેનો તળસ્પર્શ કરી આત્માનુભવરૂપી અનુપમ ખજાના હાથ કરી લેવાનો તેનો નિશ્ચય હતો. ઉપનિષદોના રહસ્યનો એ પ્રકારનો સાચો અનુભવ ન કરાય તો સર્વ શ્રમ અને માનવ જન્મ વૃથાજ ગયો, એવી તાલાવેલી તેને લાગી રહી હતી. તેમાં વળી શ્રી રામકૃષ્ણના વધતા

સમય ઉત્થાનને પામું અને પાછો ફરીથી સમાધિમાં લીન થાઉં એમ કરો." શ્રી રામકૃષ્ણ નરેન્દ્રના ઉચ્ચતર અધિકારને અને મહા અવિચ્છ પરોપકારક પ્રારબ્ધને યથાવત સમજી ચૂકેલા હોવાથી જરા આકરા થયા અને બોલ્યાઃ "ધિક છે, શરમ છે તને! તું એક મહાપાત્ર (અધ્યાત્મ શક્તિઓનું) છે તેને આમ બોલવું શું છાજે છે? મેં તો ધાર્યું હતું કે તું એક મહા વટવૃક્ષ જેવો હોવાથી સંસારથી કંટાળેલા અસંખ્ય મનુષ્યોને તું આશ્રય આપવા પામીશ, પણ તેને બદલે તું તો લગાર સુખમા-સમાધિમા પડી રહેવા માગે છે! દીકરા! ભૂલે ચૂકે હવે કોઇવાર આવી ઈચ્છા કરીશ નહિ. પરમાત્મ દર્શન કરીને એકવાર કૃતકૃત્ય અવશ્ય થા, પરંતુ તે પછીને માટે આવા સ્વાર્થી-એક માર્ગી આદર્શથી તું કેવી રીતે સંતુષ્ટ થવાનો છે? મારો આદર્શ સર્વમયતા-સર્વાત્મભાવ છે સમાધિમાં પરબ્રહ્મ પરમાત્માને-નિજસ્વરૂપને અનુભવીને હું પણ અનુપમ આનંદ ભોગવું છું, પણ તે દશાપર હવે મને રાગ નથી, તેમ ઉત્થાન દશાપર દ્વેષ નથી સર્વ દશાઓ અને અવસ્થાઓથી પર એવા નિજાત્મભાવનું સ્મરણ ઉત્થાન દશામાં પણ સમાધિ તુલ્ય થઇ પડતું હોઇને આ અનેક શરીરોરૂપી મારા પોતાનાજ જુદા જુદા માનવ રૂપોમાં-ભૂત માત્ર-પરમાત્માનંદ-મને પોતાનેજ વ્યાપી રહેલા અનુભવું છું-અનુભવું છું તું પણ તે સમાભેદ [illegible] અવસ્થાના થવા સાથે પોતાનાજ અન્ય શરીરોરૂપ સર્વ [illegible] માં [illegible] જે [illegible] અને [illegible] રહેલો છે [illegible]"

વાચનારે આ સ્થળે મનમાં એમ ધારવું નહિ [illegible] વેદાદિ પવિત્ર ગ્રંથોએ જેના મહિમા ગાયા છે જેને નમસ્કાર અનેક રીતે વર્ણવ્યો છે, જેની પ્રાપ્તિ માટે ઉપનિષદો પોકાર [illegible] રહેલા છે, [illegible] દશા તેઓ અનેક રીતે [illegible] રહ્યા છે, તે મેળવની

આદ્યા પોતાને શિરોવંઘ છે એમ દર્શાવવાને તેમની ચરણરજ લઇ તેણે પોતાને માથે ચડાવી.

સમય રાત્રિનો હતો. શ્રીરામકૃષ્ણનું શરીર અંત સમયની અવસ્થા ભોગવી રહ્યું હતું. શિષ્યો આસપાસ વીંટળાઈ વળ્યા હતા. મધ્ય રાત્રિએ સર્વત્ર શાંતિ વ્યાપી રહી હતી.

તે સમયે શ્રીરામકૃષ્ણ મુખથી ૐ ૐ બોલતા મહાસમાધિને પ્રાપ્ત કરી રહ્યા. આ જોઇને નરેન્દ્ર ગાંડા જેવો બની ગયો ! ગુરૂનો દેહ છુટી ગયો! તેમના મુખ તરફ નરેન્દ્ર જોઇ રહ્યો. નહીં જોતે જોતે તે પુષ્કળ રોવા લાગ્યો. જે પ્રેમમય ચક્ષુએ તેના તરફ વારંવાર જોઇ રહેતા તે હવે સદાને માટે મીંચાઇ ગયા ! જે મુખમાંથી વારંવાર આશિર્વાદનો ઝરો ઝરતો તે હવે સદાને માટે બંધ થઇ ગયું ! નરેન્દ્રને આ બનાવ ઘણોજ અસહ્ય લાગ્યો. હવે તે એકલો પડ્યો. તેના મનમાં હજારો વિચારો તરી આવવા લાગ્યા. અરે શ્રીરામકૃષ્ણને વધારે ન્હાયા હોત અને તેમને વ્હેલા એકાન્ત હોત તો કેવું સારૂં થાત ! નરેન્દ્ર આમ અનેક રીતે મનમાં પસ્તાવા લાગ્યો. શ્રીરામકૃષ્ણના શબને સ્મશાન ભૂમિમાં લઇ જવામાં આવ્યું અને અગ્નિ સંસ્કાર કરી સર્વ શિષ્યો તેની આસપાસ પ્રાર્થના કરતા દંડવત પ્રણામ કરવા લાગ્યા. નરેન્દ્ર સૌની વચમાં ઉભો હતો. તે શાંત થઇ ગયો હતો. ત્યાં હજારો મનુષ્ય એકઠા થયા હતા અને તો 'જય શ્રી રામકૃષ્ણ, જય શ્રીરામકૃષ્ણ" નો પોકાર કરી રહ્યા હતા. આ વખતે ઇશ્વરની અગાધ લીનાનો વિચાર કરતો, શ્રીરામકૃષ્ણના અદ્ભુત જીવનના વિચાર કરતો, કંઇક શોકમાં ડુબતો, નરેન્દ્ર આ જયઘોષ સાથે તદાકાર બની શ્રીરામકૃષ્ણના આત્મા સાથે પોતાના આત્માને ઉચે ઉડાડી રહ્યો હતો.

લાગ્યા. નરેન્દ્રે પણ થોડોક સમય પોતાને ઘેર રહીને કુટુંબની કંઇક વ્યવસ્થા કરવાની અધુરી હતી તે પુરી કરી. પછી તે મઠમાં આવ્યો અને પેલા બી. એ. ના અભ્યાસીઓને ઘેર જઇને તેમને સમજાવવા લાગ્યો. પૂર્ણ આધ્યાત્મિક જુસ્સાથી તે તેમની પાસે જતો, તેમની સાથે વાદવિવાદ કરતો. એક દિવસની અંદર અનેક વાર ગર્જના પણ કરતો અને એવી ભાષા તથા જુસ્સાથી તે વૈરાગ્યની મહત્તા સાબિત કરતો કે તેને શ્રવણ કરનારાઓ મહાતેજ થઇ જતા. તે કહેતોઃ " આ બંધનમાંથી મુક્ત થાવ. જીવનને ગમે તે પસંદ હોય પણ તમારે આમ તમારૂં જીવતર નકામું કરી નાખવાનું નથી. તમને આપણા ગુરુદેવ યાદ આવતા નથી? આધ્યાત્મિક અનુભવ આગળ સઘળું ઐહિકજ્ઞાન અજ્ઞાન જેવુંજ છે. વૈરાગ્યને ઝનકો અને વળી જગતના પદાર્થોની ચ્હાના એ બંને એકી વખતે બનવું અશક્ય છે. પરિક્ષાનો વિચાર છોડી દો. ડીગ્રીને વહેતી મૂકો! અરે, તમે જે ઐહિકજ્ઞાન મેળવ્યું છે તે સઘળાને પણ વિસારી દેશો ત્યારેજ આધ્યાત્મિક જીવનના તમે ભોક્તા થશો."

આ સાંભળીને એક પછી એક એમ દરેકે પોતાના પુસ્તકો ફેંકી દીધાં અને ડીગ્રીનો લોભ છોડી દઇ સઘળા મઠમાં આવીને રહ્યા.

શ્રીરામકૃષ્ણના ગૃહસ્થાશ્રમી શિષ્યો અને સંન્યાસી શિષ્યો વચ્ચે હવે એ પ્રશ્ન ઉભો થયો કે શ્રીરામકૃષ્ણની વિભૂતિ ક્યાં રાખવી? નરેન્દ્ર વચમાં પડ્યો અને સંન્યાસી શિષ્યોને સમજાવવા લાગ્યોઃ "ખરું મનુષ્યત્વ પ્રાપ્ત કરો. આપણા ગુરૂએ બોધ આપ્યો છે કે મનુષ્યે ખરૂં મનુષ્યત્વ પ્રાપ્ત કરવું. તેમને વિભૂતિ લેવા દો! આપણે સંન્યાસ લઇને, ગુરૂનાં વચન પાળીને, તેમના તરફની આપણી ભક્તિની સાબીતિ આપીએ નહીં તો આપણે તેમની વિભૂતિની પૂજા ભલે તેટલી કરીએ તોપણ શું થયું? શ્રીરામકૃષ્ણના શિષ્યો તેમની વિભૂતિ માટે

નિક વિચારમંજન કરી નિર્ગમન કરતા. તેઓ માત્ર કૌપીન અને એકાદ જાડું વસ્ત્ર શરીરે ધારણ કરતા. જમીન ઉપર સાદડી પાથરીને તેઓ સુતા. કેટલાક દેવો, દેવીઓ અને સાધુઓની છબીઓ, રુદ્રાક્ષની માળાઓ અને એક તંબુરો, એટલીજ વસ્તુઓ ત્યાં ભીંતે ખીંટીઓ ઉપર લટકતી જણાતી હતી. ખુણામાં એક ખાટલા ઉપર આસરે સોએક પુસ્તકો—સંસ્કૃત, બંગાળી, ઇંગ્રેજી—પડેલાં દેખાતાં હતાં. સંસારની લાલસા વગરના, સાદા અને બાળક જેવા સરળ સ્વભાવના આ સાધુઓ આધ્યાત્મિક અભ્યાસ અને સ્વાનંદથી પ્રાપ્ત થતા પૂર્ણ આનંદને ભોગવી રહ્યા હતા. નરેન્દ્ર સર્વનો રક્ષક હતો. શ્રીરામકૃષ્ણ એક વૃક્ષ જેવા હતા, નરેન્દ્ર તે વૃક્ષનું થડ હતો અને તેના ગુરૂ ભાઈઓ તેની શાખાઓ રૂપે બની રહ્યા હતા. આ મહાન વૃક્ષનાં ડાળ-પાન સર્વત્ર પ્રસરી રહેવાનાં હતાં.

પ્રભુનાં બાળકોની સંભાળ પ્રભુ લે છેજ. જેમણે પોતાનું જીવન પ્રભુને અર્પણ કરેલું છે તેમની કાળજી શ્રીહરિ રાખેજ છે.

શ્રીરામકૃષ્ણનો એક ભક્ત સુરેન્દ્રનાથ મિત્ર—સુરેશ બાબુ—કરીને હતો. તેનું લક્ષ આ બાળ સંન્યાસીઓની તંગી તરફ ખેંચાયું. તેણે ગોપાળ નામના એક માણસને નોકર તરીકે રાખી લઇને કહ્યું કે તારે આ મઠમાં રહેવું અને આ સાધુઓને જ્યારે જ્યારે જે જે વસ્તુની જરૂર પડે ત્યારે મને આવીને કહી જવું. ગોપાળ હવે મઠમાં રહેવા લાગ્યો અને જ્યારે સાધુઓને ખાવા પીવાની તંગી હોય ત્યારે સુરેશ બાબુને ખબર કરતો; એટલે એકદમ સુરેશ બાબુ તે વસ્તુઓને માટે પૈસા આપી કહેતો કે જો જોઇએ તે લઇ જા, અને તેમને કહીશ નહી કે તે મેં મોકલ્યું છે ! ગમે તો પણ નિરંતર કહેજે કે કોઇએ આપ્યું છે અને તમને પહોંચાડવાનો પાકો આગ્રહ કર્યો છે. આ પ્રમાણે ખબર આપનારે જે કાંઇ આવતું ત્યારે સાધુઓ તેનો

સ્વીકાર કરતા અને ઇશ્વરનો ઉપકાર માની તેનો ઉપયોગ કરતા.

આ યુવાન સાધુઓના માબાપ પણ મઠમાં આવતાં અને હજી પણ તેમને ગૃહસ્થાશ્રમી થવાને સમજાવતા. તેઓ રોતા, વખતે ધમકાવતા અને કાલાવાલા પણ કરતા. પણ સઘળું ફોગટ જતું. સર્વસ્વનો ત્યાગ આ નાયકોએ કરેલો હતો. ઇશ્વરના રટણ શિવાય તેમની પાસે બીજી કોઈ પણ વાત નહોતી. આખરે તે માબાપો નરેન્દ્રનો વાંક કહાડી તેને ધમકાવવા લાગ્યા અને બોલ્યાઃ "આ સર્વ તોફાનનું કારણ આ નરેન્દ્રજ છે! આ છોકરાઓ ઘેર આવ્યા હતા અને પોતાનો અભ્યાસ કરતા હતા તેમાંથી નરેન્દ્રેજ આવીને તેમના વિચાર ફેરવી નાખ્યા!" આ સાંભળીને નરેન્દ્ર અને તેના ગુરૂભાઈઓ ખડખડ હસતા અને સાધુ જીવનની સહનશીલતા દર્શાવી આપતા. ક્વચિત્ તેઓ મશ્કરી કરતા, કદાચિત્ વાદ્ય સાથે ભજન ગાતા અને સંસારના વિચારોને તેના આનંદમાં ડુબાડી દેતા. ભજનમાં નરેન્દ્રનો સ્વર બહુ અત્યંત મધુર લાગતો. શ્રીરામકૃષ્ણ કહેતા કે "મધુર સ્વરથી આકર્ષાઈને જેમ નાગ પોતાની ફેણ માંડે છે, તેમજ નરેન્દ્ર જ્યારે ગાય છે ત્યારે સાક્ષાત્ નારાયણ-અંતર્યામી-પણ તન્મય બની રહે છે!" ભજન કીર્તનમાંથી કામિની અને કાંચન ત્યાગ વિષે વાદવિવાદ કરવા ઉપર તેઓ આવી જતા અને તેઓના અંતરમાં આધ્યાત્મિકતાનો દિવ્ય પ્રકાશ ઝળહળી રહેતો. તેઓ [illegible] તુચ્છ ગણતા. વૈરાગ્યને શ્રેષ્ઠ માનતા અને ઉચ્ચ [illegible] "तमसोमां ज्योतिर्गमय."

[illegible] સમય વિજ્ઞાનના અભ્યાસમાં પણ જતો. કેન્ટ મિલ, હેગલ, સ્પેન્સર અને જડવાદીઓના સિદ્ધાંતો પણ ખૂબ ચર્ચાઈ જતા. [illegible] નરેન્દ્ર તેના ગુરૂભાઈઓથી વિરૂદ્ધ પક્ષ લેતો, તેમના [illegible] અને પોતાના કથનમાં રહેલા હેત્વાભાસને

પાછા ફતા

... [illegible] ... નગમગ તપમાજ
... [illegible] ... તેનું નહી અહા
... [illegible] ... વાદવિવાદ કરતા.
... [illegible] ... નહી વિવેકાનંદ
... [illegible] ... રહ્યા દિવસ
... [illegible] ... ગઓ આપણ
... [illegible] ... સાધુઓને
... [illegible] ... જ્ઞાન આપવા
... [illegible] ... સમજાવવા આખા
... [illegible] ... રેમ કરૂ
... [illegible] ... નતિકા
... [illegible] ... વડી
... [illegible] ... સાધવો
... [illegible] ... ર્ડુ
... [illegible] ... નમ કરવા
... [illegible] ...
... [illegible] ... માટે
... [illegible] ... નમસ્

સઘળા સાધુઓ વિવેકાનંદના વિચારો પુરેપુરા સમજવાનો પ્રયાસ કરતા અને તેમ કરવામાં હિંદુધર્મનું આખી જીવન ઘડવાના માર્ગોનું સૂચન તેમને થયું હતું. ખ્રીસ્તીધર્મના પાદરીઓ અહીં આવતા અને નરેન્દ્ર તેમના સિદ્ધાંતોને પોતાની અપૂર્વ તર્કશક્તિવડે તોડી નાંખતો. પછી જ્યારે તેઓ પોતાની ભુલો કબુલ કરતા ત્યારે તે તેમને ખ્રીસ્તી ધર્મનું ખરૂં રહસ્ય સમજાવતો. ઘણા વિષયો અહીંઆં ચર્ચાતા. ધર્મ, ઇશ્વરવાદ, ઇતિહાસ, સમાજ શાસ્ત્ર, સાહિત્ય, કળા, વિજ્ઞાનશાસ્ત્ર, તુલનાત્મક ધર્મ, તત્ત્વજ્ઞાન, જડવાદ વગેરે બાબતો વિષે અનેક ચર્ચાઓ થતી. ઘડીકમાં નરેન્દ્ર "ઇશ્વર નથીજ" એવો પક્ષ લઇને તે પક્ષને સાબીત કરતો અને ઘડીકમાં તે "ઇશ્વર એકમેવ સત્ય છે" એમ પ્રતિપાદન કરતો. આમ દરેક વિષય અનેક બાજુએથી સમજાવાતો. સાંખ્ય, યોગ, ન્યાય, વૈશેષિક, મિમાંસા, વેદાન્ત, સર્વની એકત્રીત સાથે તુલના કરવામાં આવતી અને તેમાંના સજાતીય અને વિજાતીય તત્ત્વો દર્શાવાતાં. વેદાન્ત સાથે બુદ્ધધર્મ સરખાવતો અને હિંદના વિવિધ પ્રયોગો અને પંથોનો વિચાર ચલાવાતો. વૈષ્ણવ, શૈવ અને શાક્તધર્મના સ્વરૂપો સમજવાના અને વૈદિક સમયના દેવતાઓ વિષે પણ જ્ઞાન અપાતું. આખરે નરેન્દ્ર સર્વેને જણાવતો કે પાશ્ચાત્ય વિદ્યાથી કેળવાયેલા હિંદવાસીઓને શ્રીરામકૃષ્ણનું જીવન અને બોધનો અભ્યાસ કરવાની જરૂર પડશે. શ્રીરામકૃષ્ણનું જીવન તેમને જડવાદમાંથી પાછા હિંદુધર્મ તરફ વાળશે અને દર્શનકારોના સત્યો પ્રમાણે તેમના જીવનને ઘડવાની જરૂરીયાત સાબીત કરી બતાવશે.

આ પ્રમાણે નરેન્દ્ર અને તેના ગુરૂભાઇઓ પોતાના દિવસો પસાર કરતા હતા અને તેમ કરવામાં તેમનું આખી જીવન ઘડાતું હતું. નરેન્દ્ર તેમને હિંદુ ધર્મનો મર્મ સમજાવતો અને તેમને હિંદુધર્મના રક્ષક બનાવતો હતો. તેમની પાસે દર્શનોનો, યોગવાસિષ્ઠ, પુરાણ,

ભગવાન બુદ્ધની સાથે સ્થળે સ્થળે પ્રવાસ કરી ગયા. બુદ્ધગયાથી તે રાજગીરમાં અને ત્યાંથી સારનાથમાં જઈને વસી રહ્યા. જે બોધીદ્રુમની નીચે બુદ્ધે નિર્વાણ પ્રાપ્ત કર્યું હતું તેની નીચે જઈને તે ઉભા રહ્યા. બુદ્ધના સંન્યાસની ઉત્કટતા અને મહત્તા તેઓ અનુભવવા લાગ્યા. પોતાની માનસિક દૃષ્ટિએ તેઓ બુદ્ધનો દેહત્યાગ જોઈ રહ્યા! બુદ્ધના શિષ્યો સાથે તેઓ વિલાપ કરવા લાગ્યા, અને કુશીનગરના લોકો જોડે બુદ્ધની વિભૂતિ સંગ્રહી રાખવા લાગ્યા. બુદ્ધના ભિક્ષુઓની માફક તેઓ પીતવસ્ત્ર ધારણ કરીને સત્યાન્વેષણ કરતા હોય એમ માનસિક આચરણ કરવા લાગ્યા. નાલન્દાના વિશ્વવિદ્યાલયના સાધુઓની માફક તેઓ વર્તવા લાગ્યા. સીલોન, ચીન, જાપાન, ઇજીપ્ત અને રોમ સુધી ભિક્ષુઓએ કરેલી મુસાફરી તેમના ધાર્મિક અને તત્ત્વજ્ઞાન વિષયક સવાલો વગેરેનું તેઓ મનન કરવા લાગ્યા અને આસપાસ બુદ્ધમય સૃષ્ટિ રચવા લાગ્યા. આમ નરેન્દ્રે પોતાના અંતરાત્માને બુદ્ધ ચરિત્રથી હલાવી મુક્યો!

થોડાક સમય પછી હિંદુદેવોના અવતારોનો તથા હિંદુ ભક્તો અને આચાર્યોની ઐતિહાસિક મહત્તાનો વિષય હાથ ધરવામાં આવ્યો. રામ, કૃષ્ણ, શંકર, રામાનુજ, કબીર, તુલસીદાસ, રામદાસ, ચૈતન્ય, રામપ્રસાદ, ગુરુનાનક, ગુરુગોવિંદ વગેરેનાં ચરિત્રો એક પછી એક કહેવામાં આવ્યાં અને ભારતવર્ષનો મહિમા વધારવાને તથા સનાતન ધર્મને માટે તેઓએ શું શું કર્યું છે તે સમજાવવામાં આવ્યું. શ્રી શંકરાચાર્યે વેદાન્તનું પ્રતિપાદન કર્યું, શૈવધર્મને ઉત્તેજન આપ્યું, વિષ્ણુ, દેવી, દક્ષિણામૂર્તિ વગેરે અનેક દેવ દેવીઓની ઉપાસનાનો અનેક સ્તોત્ર દ્વારા બોધ કર્યો. આ સર્વથી નરેન્દ્ર હિંદુધર્મની એકતા અને મહાબુદ્ધિશાળી શંકરાચાર્યનો તેમ કરવામાં સમાયલો ગૂઢ હેતુ સર્વના હૃદયમાં ઠસાવવા લાગ્યો. ભારતવર્ષના પ્રાચીન ૠષિઓનું

હતા. પણ એક દિવસ શ્રીરામકૃષ્ણે તેમને કહ્યું: "જેનું મન સર્વદા રેગની ચિકિત્સા કરવામાં અને દવાની શીશીઓમાંજ લાગી રહે તે કદી ઇશ્વરનાં દર્શન કરી શકે નહી !" આથી કરીને નાગમહાશયે દવાની પેટી ગંગા નદીમાં નાખી દીધી અને આખો દિવસ પ્રભુ ભજનમાંજ ગાળવા લાગ્યા.

ગંગાનદીના કિનારા પાસે એક નાની ઝુંપડીમાં હવે નાગમહાશય રહેતા હતા. શ્રીરામકૃષ્ણની મહાસમાધિ પછી ઇશ્વરનો સાક્ષાત્કાર કરવાની તેમને તીવ્ર ઇચ્છા થઇ હતી. રાત દિવસ તેમણે રડવા માંડયું. કદીએ ખાય નહી કે કદીએ પીએ નહી ! કેટલીવાર તેમનો કોઇ મિત્ર બળાત્કારે ખવરાવતો. શરીર અને તેની જરૂરીયાતોને તો તે ભૂલી જ ગયા હતા. વિવેકાનંદ જાતે એક દિવસ નાગમહાશયને મળવા ગયા. તેમણે સાંભળ્યું હતું કે નાગમહાશયે ચાર પાંચ દિવસથી કંઇજ ખાધું નથી. તેઓ એક ગાંડા મનુષ્ય જેવા દેખાય. દુઃખનાં તાર ભર્યો હોય તેમ તે પ્રભુના વિરહથી મુંઝાતા હતા. તેની પાસે આવીને સ્વામીજી બોલ્યા "નાગ મહાશય અમે તમારા અતિથિ છીએ. અમે તમારી પાસે ભિક્ષા માગવા આવ્યા છીએ." સ્વામીજી એમ ધારતા હતા કે પ્રભુને નૈવેદ્ય ધરાવ્યા પછી અને અતિથિને જમાડયા પછી નાગમહાશય પણ કંઇક પ્રસાદ તરીકે ખાશે. નાગમહાશયે કેમ કરતાં શ્રીરામકૃષ્ણના શિષ્યનો યોગ્ય સત્કાર કરવો એ એકદમ જાણ્યું. ઘરમાં જે હતું તે આપ્યું, અને જાતે ... સત્કાર થયા. સ્વામીજીએ અને બીજા સાધુઓએ ભોજન કર્યું પણ તેઓ નાગમહાશયને ખાવાનું સમજાવી શક્યા નહી. તેઓએ ઘણાએ ખાવાના કેમ ઘણેએ આગ્રહ કર્યો, પણ નાગમહાશયે જરાએ ખાધું નહી અને જ્યારે સાધુઓએ ઘણોજ આગ્રહ કર્યો ત્યારે તેમને ભાગ્યે ... કહ્યું "આ ...

એવું ધ્યાનનું કીર્તન કર્યું નથી તેને આવવું કેવું ?" આ એક [illegible] આવી અમારી સભા. [illegible] પ્રભુના [illegible] કીર્તિ [illegible] ગવાયું.

કેટલીક વખત સ્વામીજી અનેક અનુભવ કરતા અને કહેતા કે "અહો, હું જે આ આધ્યાત્મિક અનુભવ ભોગવું છું [illegible] કરાવી [illegible] તે કર્યું ! [illegible] તે [illegible] નિર્વિકલ્પની આગ [illegible] છે, અને, [illegible] છે [illegible] શાંતિ ! અને [illegible] નથી ! [illegible] આત્મિક [illegible] નથી. સચ્ચિદાનંદસ્વરૂપ પરમાત્મા મારે હૃદયમાં છે ! આ નામ-રૂપ તે ક્યાં સુધી નડી રહેશે ?" [illegible] નિર્વિકલ્પ સમાધિપૂર્વક આ સ્મરણ હતું. [illegible] નામ-રૂપથી [illegible] સચ્ચિદાનંદ સ્વરૂપમાં તે સ્મરણ કરતા હતા. એક [illegible] તેને [illegible] એક દિવસ [illegible] "આજે [illegible] નવું [illegible] કર્યું છે. કેવો સુંદર તે દેખાય છે ! તેનું મુખ [illegible] તેજથી ભરી રહેલું છે, તેમજ તે મુખ ઉપર પ્રભુપ્રેમની કેવી મુદ્રા છવાઈ રહેલી છે ! રાત દિવસ પ્રભુનું જ સ્મરણ કરતા આ સાધુઓને ધન્ય છે !"

સાધુતા અને આનંદનું આવું વાતાવરણ ત્યાં પ્રસરી રહ્યું હતું. [illegible] સઘળું વાતાવરણ આધ્યાત્મિક ચેતનથી ભરપૂર થઈ રહ્યું હતું. જાણે કે [illegible] પ્રકાશ અને રાત્રિનો અંધકાર પણ વૈરાગ્ય અને ત્યાગને ધારણ કરી રહેલાં હોય તેમ થઈને આવતું હતું ! આ સાધુઓને મન જગત [illegible] હતું. માત્ર પ્રભુનેજ તેઓ ઓળખતા હતા. તેઓએ એક પ્રકારનો [illegible] પ્રજ્વલિત કર્યો હતો. ખરેખર, આવા સાધુઓજ ખરેખરા વીર પુરૂષો છે.

આ સાધુઓને મન દિવસ કે રાત્રિ, કલાક કે મિનિટ, કશાની પણ ગણના હતી નહીં, કારણ કે તેઓ સર્વદા સાધનમાં અને આનંદમાંજ રહેતા. જેઓ બહારથી મઠમાં આવતા તે તેમને જોઇને આશ્ચર્ય પામતા અને કહેતા "આ માણસો કોનું છે! તેઓની આંખો કેવી તેજસ્વી છે! તેઓ ગાંડા માણસ જેવા દેખાય છે!" અને ખરેખર તેઓ ગાંડાજ હતા, ઇશ્વરની પાછળ તેઓ ગાંડાજ થઇ રહ્યા હતા! અનેક પ્રકારનો આધ્યાત્મિક અનુભવ તેઓ મેળવતા હતા. કેટલાક કલાકના કલાકો સુધી હાલ્યા ચાલ્યા વગર ધ્યાનસ્થ થઇને રહેતા; કેટલાક ભક્તિમય ભજનો થાકી જવાય ત્યાં સુધી ગાતા; કેટલાક માળા લઇને બેસતા અને આખી રાત જપ કર્યા કરતા કેટલાક ધુણી સળગાવીને તેની પાસે આસન વાળીને બેસતા અને કલાકો સુધી પરમાત્મ ધ્યાનમાં જોડાઇ રહેતા. શ્રીરામકૃષ્ણની છબી મઠમાં હતી અને તેની સમક્ષ હૃદયસ્પર્શી ભજનો ગવાતા, મંત્રો ઉચ્ચારાતા, ધુપ, દીપ, નૈવેદ્ય થતા, અને શંખનાદ પણ કરવામાં આવતો. સાયંકાળે સર્વે સાધુઓ મંત્રોચ્ચાર કરતા અને સર્વની વચમાં નરેન્દ્ર ધ્યાનાવસ્થામાં બેસતો. તે પોતાની આધ્યાત્મિક શક્તિથી સર્વના આત્માને ઉન્નત કરતો બ્રહ્મધ્યાનમાં લીન થઇ રહેતો. અહાહા! આ સાધુઓ-શ્રીરામકૃષ્ણનાં બાળકો-પ્રભુના કેવા પરમ ભક્તો હતા! તે સર્વે ભક્તોની વચમાં દિવ્યજ્યોતિ સમો નરેન્દ્ર વિરાજતો!

પ્રકરણ ૨૪ મું-પ્રવાસી સાધુ.

આર્યપ્રજાનું જીવન શેમાં રહેલું છે? તે જીવનમાં કઇ કઇ વૃત્તિઓ પ્રધાનપદ ભોગવી રહેલી છે? તેના હેતુઓ, આદર્શો અને આશયો ક્યા ક્યા છે? આર્યપ્રજાનું ખરૂં જીવન ક્યાં જણાઇ આવે છે? તેની ઉન્નતિના

માર્ગો કયા છે? હજારો વર્ષોથી તેનું જીવન કઇ દિશામાં વહી રહેલું છે? તેને હવે કઇ દિશામાં વાળવું? આર્ય જીવનમાં પ્રભુનો હેતુ શો રહેલો છે? આર્યપ્રજાને ક્યા ક્યા કર્મને માટે પ્રભુએ નિર્માણ કરેલી છે? આ સઘળું શોધી કહાડવાને સ્વામી વિવેકાનંદે ભારત-વર્ષનો ઐતિહાસિક દ્રષ્ટિએ અભ્યાસ કર્યો હતો; એટલુંજ નહિ પણ ગામે ગામ, સ્થળે સ્થળ, ઝુંપડે ઝુંપડે, પર્વતોની ગુફાઓમાં, રાજાઓના મહેલોમાં અને ગરીબોના નિવાસ સ્થાનોમાં ફરી ફરીને તેમણે સ્વાનુભવથી નક્કી કર્યું હતું કે આર્ય જીવન શેમાં રહેલું છે. આર્યજીવનનું મૂળ શેમાં છે, અને આર્યજીવનરૂપી પ્રવાહ કયે માર્ગે વહી રહેલો છે? એક ખરા સ્વદેશ ભક્ત અને આદર્શ સુધારક તરીકે તેમણે આ કાર્ય બજાવ્યું છે અને ભારતવર્ષના જીવનની રૂપરેખા આંકીને તેના ભાવી ઉદયને માટે સત્ય માર્ગો સુચવ્યા છે.

તેમના ગુરૂભાઇઓમાં આત્મશ્રદ્ધા વધે, તેઓ એકલા રહેતા શિખે, એક બીજાની સાથે બાન્ધુભાવથી બંધાઇ રહે, સાધુઓનું સંપૂર્ણ સ્વાતંત્ર્ય ભોગવે, ભિક્ષાવૃત્તિથી પોતાનું જીવન ચલાવે, જગતમાં વિચરી અનેક પ્રકારના અનુભવો મેળવે, જ્ઞાનમાં વધારો કરે અને જગતની સેવા કરી તેને દરેક રીતે ઉપકારક થઇ રહે; તેમજ પોતે પણ ગુરૂભાઇઓ જોડે ભ્રાતૃભાવથી બંધાયા છતાં સ્વતંત્રપણે બહાર વિચરે; ભારતવર્ષના અનેક સ્થળો–ત્યાંના લોકોના આચાર, વિચાર, ધર્મ, કેળવણી, સામાજીક સ્થિતિ વગેરે–જુવે; તેનો ઉંડો અભ્યાસ કરી ઐતિહાસિક અને આધ્યાત્મિક દ્રષ્ટિથી એક સ્વદેશભક્ત સાધુ તરીકે તેમની ઉન્નતિના માર્ગો યોજે; કોઇ એકાન્ત સ્થળમાં કે કોઇ મહાત્માના સ્થાનમાં, જંગલમાં કે પર્વતના શિખર ઉપર વસી ઉચ્ચ આધ્યાત્મિક દિશામાં મગ્ન રહે; એવા વિચારોથી સ્વામી વિવેકાનંદે હવે મઠને છોડવાનો અને ભારતવર્ષમાં એક પરિવ્રાજક સાધુ તરીકે ફરવાનો નિશ્ચય કર્યો.

આવા પ્રવાસી સાધુ તરીકે તેમણે જે દિવસો ગાળ્યા છે તેમનું વર્ણન રસમય અને બોધપ્રદ છે અને તે સમય આધ્યાત્મિક અનુભવથી ભરપુર છે. ઘણી વખત સ્વામીજી પોતાનું નામ બદલતા અને પોતે ક્યાં જાય છે તે પણ કોઇને જણાવા દેતા નહીં. પોતે ધારેલા કાર્યમાં કોઇ પણ મિત્ર, ગુરૂભાઇ કે શિષ્ય આડે આવે નહીં એમ તેમનો દૃઢ નિશ્ચય હતો. સમસ્ત ભારતવર્ષ અને અખિલ જગતને માટે જે પ્રેમ તેઓ ધરાવી રહ્યા હતા તે પ્રેમમાં-તે પ્રેમથી ઉદ્‌ભવતા કાર્યમાં અમુક એક, બે, કે પચીસ વ્યક્તિઓનો પ્રેમ અંતરાયરૂપ થઇ ન રહે એવી સાવચેતી તે પહેલેથીજ રાખતા હતા. તે જ્યાં જ્યાં જતા ત્યાં ત્યાં તેમના શબ્દો, દેખાવ અને જુસ્સાથી મોહિત થઇને તેમના થોડા પણ પરિચયમાં આવનાર દરેક મનુષ્ય બીજાને કહેતો કે "અહીંઆં એક અલૌકિક સાધુ આવ્યા છે! તમારે એમનાં દર્શન કરવા જોઇએ !"

સ્વામી વિવેકાનંદ આ વખતે તદ્દન એકલાજ વિચરતા અને કોઇ પણ ગામમાં એકાદ દિવસથી વધારે રહેતા નહિ. વધુ ખ્યાતિમાં ન આવવું અને એક સામાન્ય સાધુ તરીકે પસાર થવું એવા હેતુથી તેઓ પોતાની વિદ્યા અને ઐશ્વર્યનું જ્ઞાન પણ છુપાવતા. કોઇની પાસે કંઇ પણ તેઓ માગતા નહીં અને જે કંઇ આવી મળે તે ખાતા. આ સમય વિષે વાત કરતે તે કહેતા કે કેટલીક વાર તો તેમને લાંઘા પણ થતા. કેટલીક વખત તેઓ જંગલમાં વાસ કરતા તો કેટલીક વખત કોઇ જૂની પુરાણી ધર્મશાળામાં ઉત રતા. કેટલીક વખત ખુલ્લા મેદાનમાં તારાઓથી છવાયલા નિર્મળ આકાશ નીચેજ તેઓ એકલા પડી રહેતા. કેટલીક વખત સૂર્યનો સખત તાપ સહન કરી પગે ચાલતા, તો કેટલીક વખત વરસાદની ઝડીઓ વચ્ચેથી પસાર થતા. તેમનું મન આ સર્વ પ્રસંગે આધ્યાત્મિક

વિચારો અને અલૌકિક ભાવનાઓમાં જ ફર્યા કરતું અને દાર કે દહાડો કહાવી તેઓ પરવા કરતા નહીં. તેઓ "નારાયણ હરિ" કહીને ભિક્ષા માગતા. જે પ્રસંગે જેવો યોગ દેખ તે પ્રમાણે તેઓ આમથાળીમાં ભગવા ધર્મે આહીને જતા.

પ્રવાસી સંન્યાસી હરિકેનો તેમનો ખાસ દેખાવ અત્યંત મોહક હતો. રાજ્યપુરૂષની ભવ્યતા તેમાં દેખાતી હતી. તેમનું સઘળું શરીર જાણે કે એક તેજપુંજ સમાન ભાસતું. તેમનાં પ્રફુલ્લિત વિશાળ નેત્રો, ભવ્ય ચારિત્ર્ય અને તેમના મુખારવિંદ ઉપર જણાતા મોટાપણાનાં અમુક ચિન્હો થઈ કરીને તેમનું ગમન સર્વત્ર આકર્ષક થઈ રહેતું. હાથમાં દંડ, કમંડળ અને ભગવદ્ગીતા તે ધારણ કરતા. સ્વચ્છ ભગવું વસ્ત્ર પહેરતા અને ઓઢવાને એક કામળો રાખતા. સ્વામી વિવેકાનંદ કહેતા કે એ સમય તેમને મન પરિપૂર્ણ આનંદમય લાગતો હતો. "ગિરિ ગુફાઓમાં, સ્મશાન ભૂમિમાં, ગંગા કિનારે કે અન્ય પવિત્ર સરિતાને કાંઠે વસતા, મિત્રરહિત, દ્રવ્યરહિત, એકલા, ઘેરઘેર ભિક્ષા માગતા કે અયાચક વૃત્તિ ધારણ કરતા, તપના તાપથી શરીરશક્તિને બાળી નાંખતા" સ્વામીજી તે સમયમાં અત્યંત ઉચ્ચતમ જીવન ગાળી રહ્યા હતા.

वेदान्तवाक्येषु सदा रमन्तः भिक्षान्नमात्रेण च तुष्टिमन्तः
अशोकमन्तः करणे चरन्तः कौपीनवन्तः खलु भाग्यवन्तः

ભગવાન શંકરે ઉપરના શ્લોકમાં કહ્યા જેવું અતિ ભાગ્યવંત–વિરક્ત જીવન તેઓ ગાળી રહ્યા હતા.

કાશી—બનારસ! ઘણા પ્રાચીન સમયથી મનાતું પવિત્ર ધામ! હિંદુ ધર્મસ્થાન! પ્રાચીન વિદ્યાનો ભંડાર! હજારો સાધુ-સંન્યાસી-નિવાસસ્થાન! સેંકડો વાનપ્રસ્થીઓનું વિશ્રામસ્થાન! ઉમાનાથ–

મહાદેવનું પવિત્ર ધામ! વિવેકાનંદે આ પવિત્ર સ્થળમા જવાનો વિચાર કર્યો. આધ્યાત્મિકતા અને વિદ્યાવડે કરીને પ્રાપ્ત કરેલી તેની ઉજ્જ્વલ કીર્તિ! ગંગા નદીનું ખળખળાટ કરતું વહેતું પવિત્ર જળ! અનેક ભક્તો, સાધુઓ, દેવાલયો અને સર્વત્ર વ્યાપી રહેલું પવિત્ર વાતાવરણ! ભગવાન બુદ્ધ અને શ્રી શંકરાચાર્ય જેવાઓનું ઉપદેશસ્થાન! આવા આવા અનેક વિચારોથી ખેંચાઇ સ્વામીજી બનારસ ગયા. કાશીના સ્ટેશને પહોચવા પહેલા ગંગા નદીના પૂલ ઉપરથી જ્યારે તેમણે કિનારા ઉપર બંધાવેલા અનેક સુદર ઘાટ, ભવ્ય મહેલો અને સુંદર દેવાલયો જોયા ત્યારે અતિશય સાનંદાશ્ચર્યપૂર્વક આવી જઇ બનારસ તરફનો પૂજ્યભાવ તેમના હૃદયમા આવેશથી ઉભરાઈ રહ્યો. પાણીની સપાટીથી ઉંચે દેખાતા અનેક દેવાલયોના ખંડેરો તેમની નજરે પડી પ્રાચીન ભવ્યતાનું ભાન તાજુ કરાવવા લાગ્યા. સ્વામીજી શહેરમા ગયા, અનેક દેવાલયોમા દર્શન કર્યા અને પવિત્ર ગંગામાં સ્નાન કર્યું. ઘાટ ઉપર બેશીને ધ્યાન અને ભક્તિમા કેટલેક સમય ગાળ્યો અને પછી સાધુઓ જોડે વાર્તાલાપ કરવા લાગ્યા. સનાતન ધર્મનો મહિમા હિંદુધર્મના આ મોટા મથકમા, વિદ્યા અને ભક્તિના આ સ્થળમાં મૂર્તિમંત થઇ રહેલો તેમને ભાસ્યો. હિંદુસ્તાનનો સુધારો તેમણે કંઇક નવીન પ્રકાશવડે જોયો અને અનુભવ્યુ કે આર્યજીવનમા હજી આત્મા—પરમાત્મા—ના અસ્તિત્વ અને સત્યતાનું પુરેપુરૂ ભાન આ મહાન સ્થળમા જળવાઇ રહેલુ છે. આર્યોની આ મહત્તા અને કીર્તિ આ આત્મદર્શન અને ઉજ્જ્વલ ચારિત્રમાજ રહેલી છે. સાધુઓનું ગમનાગમન, ભક્તિનો અપ્રતિહત પ્રવાહ, આધ્યાત્મિકતાનું ભાન, શ્રી દર્શન અને આશિર્વાદ પૂર્ણ વાતાવરણ, આર્યહૃદયનો ઉલ્લાસ આ સર્વ તેમની આગળ અકથિત શબ્દોમા ભારતવર્ષની કીર્તિ વર્ણવવા લાગ્યા.

કાશીથી કેટલાક માઇલને અંતરે આવેલા સારનાથ નામના

સ્થાનમાં તે એક દિવસ ગયા. તે સ્થાનમાં ભગવાન બુદ્ધે પરમસત્યનો સર્વને બોધ કર્યો હતો. અહીંઆં પણ વખત સ્વામીજી ઉભા રહ્યા અને ખંડેર થઈ રહેલા તે સ્થાન ઉપર પુષ્કળ વિચાર કરવા લાગ્યા. હજારો વર્ષો ઉપર ભગવાન બુદ્ધના ચરણકમળવડે કરીને પવિત્ર થઇ રહેલી આ જગ્યાને જોઈને તેમનું હૃદય આનંદ અને માનની લાગણીથી ઉભરાઈ રહ્યું. ભગવાન બુદ્ધને તેમણે નમન કર્યું.

કાશીમાં સ્વામીજીને પોતાના દાદા-સંન્યાસી દુર્ગાચરણ સાંભરી આવ્યા. પોતાની દાદી અને તેમના પુત્ર-વિશ્વનાથ-સ્વામીજીના પિતા-અર્થીઓ ગંગા નદીમાં ધમધમ ડુબી ગયાનો પ્રસંગ તેમને યાદ આવ્યો. વિશ્વનાથ અને વિરેશ્વર મહાદેવનાં દેવાલયોમાં તે હવે દર્શનાર્થે ગયા. અહીંઆં પોતાના જન્મ વિષે ભુવનેશ્વરી માતાએ જે પૂજા કરાવેલી તે વાત મગજમાં તાજી થઇ અને એક પ્રકારનો પૂજ્ય ભાવ તેમના મનમાં ઉભરાઈ આવ્યો. હવે તે પોતાનો સમય ભક્તિ અને ધ્યાનમાં તેમજ અસામાન્ય વ્યક્તિઓની શોધ અને સત્સંગ ગાળવા લાગ્યા. માધુકરી લાવીને પેટ ભરવા લાગ્યા. સાયંકાળના સમયમાં કોઇ ઘાટ ઉપર કે સ્મશાનભૂમિમાં બેસીને ધ્યાન ધરતા અથવા ભક્તિરસથી ભરેલાં ભજનો ગાતા. રાત્રે ગંગા કિનારેથી પાછા ફરીને વિશ્વનાથના દેવાલયમાં તે જતા અને ત્યાં થતી ભવ્ય પૂજા અને આરતીથી આનંદમગ્ન બની રહેતા.

કાશીમાં અનેક પંડિતો અને સંન્યાસીઓનો તેમને સમાગમ થયો. પ્રસિદ્ધ ત્રૈલંગસ્વામી અને ભાસ્કરાનંદજીનાં દર્શન તેમણે અતિ નમ્રભાવે કરી તેમની ચરણરજ માથે ચઢાવી હતી. આ બંને અસામાન્ય સંન્યાસીઓ તેમના જ્ઞાનથી અને વક્તૃત્વશક્તિથી બહુજ ખુશી થયા હતા.

એક ખરેખરા સંન્યાસી તરીકે વિવેકાનંદ આ દિવસો ગાળતા હતા. ઘણા અનુભવો તેમને પ્રાપ્ત થતા હતા. સાધુનું સ્વાતંત્ર્ય તે

પુરેપુરૂં ભોગવતા હતા. તે જે જે જોતા કે શ્રવણ કરતા તેનો બારીકીથી વિચાર કરતા અને નવી નવી વસ્તુઓનું અવલોકન કરતા. બનારસ જોયા પછી અને ત્યાંના જીવનનું રહસ્ય જાણ્યા પછી તેઓ અયોધ્યા ગયા.

અયોધ્યામાં રામાયણના અનેક પ્રસંગો તેમને યાદ આવ્યા. પોતાની બાલ્યાવસ્થામાં સ્વામીજી શ્રીરામ અને સીતાની મૂર્તિઓને પહુંજ ચ્હાતા અને રામાયણની કથાના જ પ્રસંગોને ગવાતા જે બહુ આનંદથી સાંભળતા તેજ પ્રસંગોની ભૂમિ ઉપર આવતાં તે પ્રસંગો તેમના મનમાં ખડા થવા લાગ્યા. તેમણે મનમાં વિચાર કર્યો "આવા પવિત્ર અને ઐતિહાસિક ગૌરવવાળા સ્થળોમાં વિચરવાને ગમે તેવી અગવડ પણ કોણ નહીં વેઠે !"

ત્યાંથી તેઓ મુગલ બાદશાહોનો મહિમા અને સંસ્મરણોથી ભરપુર એવા આગ્રા શેહેરમાં આવી પહોંચ્યા. તાજમહાલની અલૌકિક શોભાએ તેમના મન ઉપર ભારે અસર કરી મુકી. મકાનની એ સંપૂર્ણતા જોઇને સ્વામીજીનું આધ્યાત્મિક હૃદય આનંદથી ઉભરાઈ ગયું. ભારતવર્ષ તરફ જે અગાધ પ્રેમ તે ધરાવી રહ્યા હતા તે પ્રેમથી તેમણે તાજમહાલને—ભારતવર્ષની એક અલૌકિક વસ્તુને—ખુણે ખુણેથી નિહાળી જોઇ.

વારંવાર તે તાજમહાલ જોવાને જતા. ચંદ્રના અજવાળામાં અને પ્રાતઃકાળમાં પણ અનેકવાર તેને જોવાને તે જતા, અને તે સર્વે તાજમહાલ જે અપૂર્વ શોભા દર્શાવતો તે જોઇને દિવસના હારીગરોની કલા વિષે આનંદ ગૌરવ લેતા. શિલ્પકળાની આ અદ્ભુત કારીગરી જોઇને મોગલ બાદશાહો અને તેમની કારીગીરીનું તેમને સ્મરણ થઈ

ઇતિહાસ તેમના મનમાં તરી આવ્યો. ... પણ તેમણે ... અસર કરી ...

બનાવું, કોઈ અસાધારણ રીતથી વર્તું, જેથી કે તે તેમનો સ્વામ
હોય તેમ તેમને લાગ્યું !

શ્રીકૃષ્ણ! નંદરાજાના પુત્ર! ગોવિન્દ! ગોપીજનોના વલ્લભ! વ્રજ-
વાસીઓના આધાર! ગોપાલ! વિશ્વરૂપ! વિશ્વનાથ! હરિ! ભક્ત
વત્સલ! વિશ્વંભર! પરમેશ્વર! વૈકુંઠ! એક અદ્વિતીય
ચૈતન્ય! અલૌકિક પરમાત્મા! સર્વથી મહાન, સર્વથી પવિત્ર,
એવું ભજન ગાનારાં ભાવિકો ઈશ્વરનું પ્રતિબિંબ હતું; તેનો
અવાજ અનેક ભાવનાઓથી ભરેલા શબ્દોનો બનેલ હતો. કોઈ
કોઈવાર તો તરત જ સ્વામીની સમાધિ થતી નહીં, એવા શ્રીકૃષ્ણ! અને-
ભવના દર્શન થઈ ગયેલ શ્રીકૃષ્ણ! આ કૃષ્ણની બાલ્યાવસ્થાના
વિહારસ્થાન, લીલાસ્થાન, વૃંદાવન આગળથી પણ આવતા દેખાતા
દિવસો વ્યાખ્યાન કરતા થઈ ગયા.

એક બાળક તરીકે વર્ણવેલ શ્રીકૃષ્ણે ગાયેલું ભજન, કીર્તન
વગેરે, બલરામજીના તેમજ બીજાઓના ભાવિકો ગોપજનો સાથે રહેલ
તે સ્થળે વિચાર કરવા લાગ્યા. પછીથી યાત્રાળુઓની ભીડ જામી
હતી તેમજ પરિક્રમા કરી અને જુદાં જુદાં દેવાલયોમાં રાખેલી
શ્રીકૃષ્ણની પ્રતિમાઓના અત્યંત ભાવથી દર્શન કર્યાં. શ્રીકૃષ્ણના
જીવનમાંથી તેમનો આત્મા ઉપદેશના બોધથી ભરેલો, વૃંદાવનના શ્રીકૃષ્ણ
માટે શ્રીરામકૃષ્ણદેવ પણ અદ્વિતીય પ્રેમ ધરાવતા હતા તે યાદ આવ્યું.

હવે સ્વામીજીએ વૃંદાવનથી ગોવર્ધન જવાનો વિચાર કર્યો.
ત્યાં પ્રભુનો દર્શન થતું જ નહોતું. એક દિવસ ભાવ આવ્યો અને-
વ્યાકુળતા દિવસ રહેલો હતો અને પ્રભુનો હવે ખાતરી હતી કે
સ્વામીજીએ તેના ગામ તરફ જવું! હિંદુસ્તાનમાં એવી માન્યતા
ચાલી રહેલી છે કે જો કોઈ મનુષ્ય ભૂખ્યો રૂપમાં હોય તો તે તેને
આવી મળે છે. આથી કરીને હવે સ્વામીજી દાવપેચના રહેઠાણના

એક ખુણામાં ચુપચુપ બેઠી રહેલા નજરે પડે છે.

સરતચંદ્ર ગુપ્ત નામનો અહીઆનો સ્ટેશન માસ્તર પ્રભુનો ભક્ત હતો મહાત્માઓની સેવા તે કરતો. કોઇ સારા મહાત્માને તો તેને ગુરૂ તરીકે સ્થાપવાનો તેનો વિચાર હતો પોતાના કામને અંગે સરતચંદ્ર સ્ટેશનના કંપાઉન્ડમાં આમ તેમ ફરતા હતા એટલામાં તેમણે ખુણામાં આસનવાળીને બેઠેલા સ્વામીજીને જોયા. સરતચંદ્રે તેમની પાસે જઇ નમસ્કાર કર્યા અને સ્વામીજીને પોતાના મકાનમાં આવવાનું કહ્યું અહીં આ તે એક બે દિવસ રહ્યા. સરતચંદ્ર અનેક સવાલ પુછતો અને પોતાના મનનું સમાધાન કરી લેતો. એક વખત તે સ્વામીજી પાસે આવ્યો અને તેમને જરાક ઉદાસ ચહેરે બેઠેલા જોયા. સરતચંદ્રે એ વિષે પૂછતાં સ્વામીજીએ જવાબ આપ્યો "મારે ઘણું કામ કરવાનું છે, અને તે કરવાની શક્તિ મારામાં નથી. મારા ગુરૂની આજ્ઞા છે કે મારે કાર્ય કરવું તે કાંઈ કંઇ નાનુંસનું નથી, તેમાં આપણા ભારતવર્ષનો પુનરોદ્ધાર આવી રહે છે આપણા દેશમાંથી અધ્યાત્મિકતા ઘટી જઇને નષ્ટ થવા બેઠી છે. દેશ તેથી—જ ગરીબાઇમાં આવી રહેલો છે. હિંદુસ્તાને તે આધ્યાત્મિકતા પ્રાપ્ત કરીને અખિલ વિશ્વને આપવી જોઇએ." આમ કહેતે કહેતે સ્વામીજીના મુખ ઉપર અલૌકિક પ્રકાશ અને સૌંદર્ય વ્યાપી રહ્યું અને તેમની આંખો તેજથી ચળકવા લાગી સરતચંદ્ર ચકિત થઇને સાભળી રહ્યો અને બોલ્યો "આ રહ્યો હું, સ્વામીજી! તમારે જે કંઇ કરવાનું હોય તે મને કહો." સ્વામીજીએ જવાબ આપ્યો "હાથમાં ભિક્ષાની ઝોળી ધારણ કરીને આ કામ કરવાને તમે તૈયાર છો? તમે ઘેરઘેર ભિક્ષા માગવા જઇ શકશો? તમે ત્યાગીનું જીવન ગાળી શકશો?" સરતચંદ્રે બહાદુરીથી જવાબ આપ્યો "હાજી."

થોડા વખતના સમાગમથી પણ સરતચંદ્રનું હૃદય સ્વામીજી પ્રત્યે

પૂર્ણ ભાવથી ભરપુર થઇ રહ્યું હતું. પોતાની ઉચ્ચ ભાવનાઓની જાણે કે સ્વામીજી જીવંત મૂર્તિ હોય એમ તેને ભાસ્યું હતું. સ્વામીજી હવે જવાની તૈયારી કરી રહ્યા હતા તેથી સરતચંદ્ર બોલી ઉઠ્યોઃ "સ્વામીજી મને તમારો શિષ્ય બનાવો. તમે જ્યાં જશો ત્યાં હું આવીશ." સ્વામીજી બોલ્યાઃ "તમે મને ખરેખરી રીતે અનુસરશો?" સરતચંદ્રે હા કહી. પછી સ્વામીજી બોલ્યાઃ "ત્યારે લ્યો આ મારૂં કમંડલું અને સ્ટેશનના પોર્ટરોને ઘેર જઇને ભિક્ષા માગી લાવો!" સરતચંદ્ર તરતજ ગયો અને થોડી ભિક્ષા માગી લાવ્યો. સ્વામીજીએ તેને આશિર્વાદ આપ્યો.

પછી પોતાનાં માબાપની પરવાનગી લઇને સરતચંદ્ર સ્વામીજીની સાથે જવા તૈયાર થયો. સ્વામીજીએ તેને પોતાના શિષ્ય તરીકે સ્વીકાર્યો. આગળ ઉપર તે સ્વામી સદાનંદ તરીકે ઓળખાવા લાગ્યો. ગુરૂ અને શિષ્ય બંને હવે હૃષીકેશ તરફ ગયા. ત્યાં જઇને અનેક સાધુઓ જોયા તે રહેવા લાગ્યા. અહીંઆનું સઘળું વાતાવરણ તેમને સાધુમયજ લાગ્યું. તેમણે ઘણા દિવસો આ સ્થળે અભ્યાસમાં ગાળ્યા. હવે હિમાલયનાં ઉંચાં શિખરો ઉપર ચ્હડવાનો તેમણે વિચાર કર્યો. હૃષીકેશમાં પવિત્ર ગંગાજીનું જળ નાચતું, કુદતું, ખળખળાટ કરતું વહી જતું હતું; તેનાથી થતો અવાજ તેમના કાનને અત્યંત પ્રિય લાગતો હતો. સ્વામીજીને મન તે "હર, હર, ૐ ૐ" એમ બોલતો અને સાધુ જીવનનું સ્વાતંત્ર્ય દર્શાવતો હોય તેવો લાગતો હતો. આસપાસ નાના નાના પહાડો આવી રહેલા હતા અને તે સવાર તથા સાંજના સમયે શાંત અને કિંચિત પ્રકાશવાળા સમયે રંગબેરંગી ચિત્રો ધારણ કરી રહેલા જણાતા હતા. આથી કરીને હાલ તો આ સ્થળમાંજ રહેવું એવો નિશ્ચય સ્વામીજી કરી રહ્યા હતા. પણ એટલામાં સદાનંદ પુષ્કળ માંદા પડ્યા અને તેથી સ્વામીજીને પાછા વળવું પડ્યું.

સ્વામીજી પોતાના શિષ્ય પ્રત્યે કેવુ વર્તન રાખતા તે વિષે સદાનંદ લખે છે "હું માંદો હતો અને બેભાન થઈ જતો હતો. સ્વામીજીએ મને મૃત્યુથી બચાવ્યો. એક ઘોડાવાળાની માફક તે મારો ઘોડો દોરતા; રસ્તામાં પૂર્ણ જોસવાળી કાદવમાં લપસી જવાય એવી અનેક નદીઓમાંથી મને પાર ઉતારતા. જ્યારે હું ઘણોજ માંદો પડ્યો ત્યારે તેમણે મારો સઘળો સામાન, રે, જોડા પણ પોતે ઉચકી લીધા હતા!"

મઠમાં સઘળા ગુરૂભાઈઓ વિવેકાનંદને પાછા આવેલા જોઈને ઘણાજ ખુશી થયા. પૂજા અને ભજનમાં તે હવે ભાગ લેવા લાગ્યા. પોતે કરેલા પ્રવાસનો અનુભવ સર્વને કહીને સર્વની દૃષ્ટિ વિશાળ બનાવવા લાગ્યા. ભારતવર્ષના આધ્યાત્મિક પુનરોદ્ધારના વિચારો હવે ખૂબ જોસથી તેમના મનમાં ઉભરાવા લાગ્યા. બનારસ અયોધ્યા, વૃંદાવન આગ્રા વગેરે સ્થળમાં સ્વામીજીને જે અનુભવ પ્રાપ્ત થયો હતો તે ઉપરથી તે હવે કહેવા લાગ્યા કે હિંદુસ્તાનનો સુધારો આધ્યાત્મિક ઉત્પાદક શક્તિવાળો અને ઉંચા પ્રકારનો છે. "સઘળું એશીઆ એકજ છે" આ કહેવત ભારતવર્ષમાં ખરી પડે છે. યાત્રાના સ્થાનોમાં આધ્યાત્મિક આદર્શોમાં અને સંસ્કૃત વિદ્યાના ઉંડા અધ્યયનમાં આખુ ભારતવર્ષ એકજ દેખાય છે. સમાજના બંધારણના તત્વો એકજ દેખાય છે. કાશ્મીર અને નેપાલથી કેપ કેમોરીન સુધી અને આસામથી મુંબઈ સુધી સરખીજ પૂજા થાય છે અમરનાથના શિવ નેપાલના પશુપતિનાથ, તારકેશ્વરના મહાદેવ, કાશીના વિશ્વનાથ અને છેક દક્ષિણમાંના રામેશ્વરના શિવ સઘળા એકજ છે

રામકૃષ્ણમઠ હવે એક ધાર્મિક વિશ્વવિદ્યાલય જેવો બની રહ્યો હતો. તત્વજ્ઞાનની જુદી જુદી શાખાઓ, સમાજ શાસ્ત્ર, ઇતિહાસ વગેરે ભાગતો સંન્યાસીઓ તેમજ બીજા આવતાઓને ખરી આધ્યાત્મિક દૃષ્ટિથી સમજાવવામાં આવતી. સઘળા સાધુઓ સનાતન ધર્મની

[illegible]

પ્રકરણ [illegible] મું-પારસી ભાષા

[illegible]

[illegible]

[illegible]

તેમણે પોતાનો આશ્રમ સ્થાપ્યો હતો. આખો દિવસ તેઓ ધ્યાનમાં રહેતા અને રાત્રે શરીરની ક્રિયાઓ કરવા માટે બહાર નિકળતા. માત્ર લીંબડાના થોડા પાંદડાંનોજ તે દરરોજ આહાર કરતા. કોઇ પણ કામ કરવું તે પ્રભુને માટેજ કરવું એવો તેમનો સિદ્ધાંત હતો. લોકો તેમને પવન—આહારી અમર પાવરી બાબા કહેતા. દિવસના દિવસો અને મહિનાના મહિના સુધી તે પોતાના આશ્રમની ગુફામાં ધ્યાનસ્થ થઇ રહેતા અને લોકો તેમના વિષે કંઈ પણ જાણતા નહીં. આખરે એકાદ દિવસ તે બહાર આવેલા દેખાતા અને તે દિવસે લોકો મોટો ઉત્સવ કરતા.

પાવરી બાબા સર્વત્ર પ્રભુનેજ જોતા! એમના વિષે એવું કહેવાય છે કે એક દિવસ તેમના આશ્રમમાં રાતે ચોર પેઠો હતો. કેટલાક વાસણ લઇને તે ન્હાસી જવાની તૈયારીમાં હતો. એટલામાં પાવરી બાબા જાગી ઉઠયા અને પેલો ચોર વાસણ પડતાં મૂકીને ન્હાસવા લાગ્યો. પેલાં વાસણ લઇને પાવરી બાબા દોડતા દોડતા તેની પાછળ ગયા. તેને પકડી પાડી પગે પડી કહેવા લાગ્યા "મને માફ કરજો! હું તમને કામમાં આડે આવ્યો! આ વાસણ તમે લ્યો. તે તમારાજ છે' મારા કરતાં તમારે તેની વધારે જરૂર છે." આમ કહેતે કહેતે તેમની આંખોમાંથી આંસુની ધારા વહેવા લાગી. વળી એક વખત તેમને એક કાળો નાગ કરડયો; પણ પાવરી બાબા તો તેવાજ હસતા મુખથી કહેવા લાગ્યા "આ તો પ્રભુએ પોતાનો દૂત મોકલ્યો છે'" કોઈ પણ જાતના શારીરિક દુઃખને તે પ્રભુના આશિર્વાદ રૂપજ ગણતા. તે એક મોટા હઠી તેમજ પ્રભુના પરમ ભક્ત હતા.

પાવરી બાબાની આસપાસ પવિત્રતાનું વાતાવરણ પ્રસરી રહ્યું હતું. પોતાના ઉપર આ સંત પુરૂષનો ભારે ઉપકાર થયેલો છે એમ

[illegible]

[illegible] અને [illegible]

[illegible]

યોગ્ય રીતે ગૌરવ દર્શાવનારૂં, તેમનો વિકાસ કરનારૂં અને તેમની પુરેપુરી સમજ આપનારૂં હોવું જોઇએ. હિંદુ ધર્મ એક જાતનો ભ્રમ નથી, તમે તેમાં ઉંડી ડુબકી મારો અને તેની મહત્તા તમો સમજશો. પરદેશીઓના ખોટા અભિપ્રાયો, સિદ્ધાન્તોથી કે શિખામણોથી દોરવાઇ જશો નહિ. આપણી માતૃભૂમિનો પુરેપુરો અભ્યાસ કરો. આ રીતે હિંદુ જાતિ શાને માટે નિર્માણ થયેલી છે તે શોધી કાઢો. આપણને જાહેર કરવામાં આવ્યું હોય તેમ આપણે એમજ ધારીએ છીએ કે હિંદુસ્તાને પોતાના જીવનનું આદર્શ ખોટુંજ માની લીધું છે. આથી વધારે શોકકારક સ્થિતિ કઇ કહેવાય? આપણે આપણી જન્મભૂમિના આદર્શો જોઇ શકતા નથી એજ આપણી ખરી અને કરૂણાજનક પરિસ્થિતિ છે. જ્યારે આપણને આપણા ખરા આદર્શનું રૂપરૂ ભાન થશે ત્યારે આપણા સઘળા પ્રશ્નોનું નિરાકરણ એની મેળેજ થઇ રહેશે."

શ્રોતાજનોની આગળ સ્વામીજીએ આ પ્રમાણે કહ્યા પછી તેઓ ગાડી ભાડા પાસે જવાને નીકળ્યા. ત્યાં વેદાન્ત અને ભક્તિ વિષે તે ચર્ચા કરવા લાગ્યા. વેદાન્તની વાત કરતે કરતે સ્વામીજી અને ગાડી ભાડા સુરંગ વિચારમાં એટલા તો ઉંડા ઉતરી ગયા કે તેમની આજુબાજુના મનુષ્યો તો તેમની વાત સમજી શક્યા નહીં. વેદાન્તની જુદી જુદી શાખાઓના આંતર ભેદ, વાસ્તવિક, આત્મપ્રકાશથી પ્રભુની પ્રાપ્તિ, આત્મ નિગ્રહના વાદ કરવામાં અને તેને અનુકૂળ જીવનમાં અનુસરણ કરવાના, સાધનોને લગતે વિષય ઉપર તેમની વાતો ચાલી. વારંવાર તેમની પાસે જવાથી અને તેમને મુખે વેદાન્તના મુખ્ય તત્ત્વનું ગહન વિવેચન શ્રવણ કરવાથી સ્વામીજીનું મન ગાડી ભાડા તરફ વધારેને વધારે આકર્ષાયું. તે એમને અત્યંત માન આપવા લાગ્યા. જ્ઞાનવૃદ્ધ સિદ્ધિ ભક્તશ્રી વેદાન્ત

[illegible]

[illegible]

હાથી આવ્યો. શિષ્ય ત્યાંથી ખસ્યો નહિ. તેણે માન્યું કે તે પોતે ઇશ્વર છે અને હાથી પણ ઇશ્વરજ છે ! મહાવતે બૂમ પાડવા માંડી, પણ તે દૂર ખસ્યો નહિ અને તેથી હાથીએ તેને ઇજા કરી. શિષ્ય પોતાના ગુરૂની પાસે આવ્યો અને તેમનું વચન જુઠું છે એમ કહેવા લાગ્યો. ગુરૂ બોલ્યાઃ "તું ઇશ્વર છે અને હાથી પણ ઇશ્વર છે, તો જ્યારે મહાવત રૂપી ઇશ્વરે તને આઘા ખસી જવાનું કહ્યું ત્યારે તેનું કહેવું તે શા માટે માન્યું નહિ ?" પુરેપુરા ત્રણ દિવસ સુધી સ્વામીજીએ આ બોધ વચન ઉપર ટીકા કરી અને સર્વને સાબીત કરી આપ્યું કે પૂર્વ અને પશ્ચિમમાં ઘણાએ પંડિતો, તત્ત્વજ્ઞાનીઓ અને ઇશ્વરવાદીઓ દ્વૈતમાર્ગ અને અદ્વૈતવાદ ઉપર જુદા જુદા મત ધરાવી રહેલા છે. પણ તે સઘળા જુદા જુદા મતોનું સમાધાન શ્રીરામકૃષ્ણના કહેલા આ એકજ બોધ વચનથી થઇ જાય છે.

વળી થોડાક વખત પછી પાછા સ્વામીજી ગાઝીપુર જઇ આવ્યા. ત્યાં પાવરી બાબાનો પુષ્કળ સમાગમ તેમણે કર્યો હતો. આ વખતે ગાઝીપુરમાં કેટલાક યુરોપિયન અમલદારો એમની મુલાકાતે આવ્યા. રોસ નામનો એક અમલદાર હિંદુઓના ઉત્સવો વિષે તેમને પુછવા લાગ્યો. ખાસ કરીને હોળી અને રામલીલા વિષે તેને વધારે માહિતી જોઇતી હતી. સ્વામીજીએ પ્રકૃતિપૂજા, વીરપૂજા અને ધાર્મિક વિકાસનો પરસ્પર સંબંધ દર્શાવ્યો. હિંદુઓના દરેક દરેક સામાજીક રિવાજની પાછળ આધ્યાત્મિક સત્યો રહેલાં છે એમ તેમણે પ્રતિપાદન કર્યું અને તે એવા જુસ્સાથી, તર્કથી, યુક્તિથી અને ઐતિહાસિક પ્રમાણોથી સમજાવ્યું કે રોસના મનમાં સનાતન ધર્મની મહત્તા ઠસી રહી અને તેને લાગ્યું કે, હિંદુધર્મ એક વિશાળ અને દીર્ઘદૃષ્ટિથી બંધાયલું આધ્યાત્મિક આદર્શ છે. રોસે ડીસ્ટ્રીક્ટ જડ્જ પેનીંગ્ટન સાથે સ્વામીજીનું ઓળખાણ કરાવ્યું. તેમણે તેમને હિંદુ ધર્મ, વેદ-

વગેરે ઉપર અનેક સવાલો પુછ્યા. સ્વામીજીએ તેમના સિદ્ધાંતોની સત્યતા વિજ્ઞાનશાસ્ત્રના સત્યોથી સાબીત કરી અને યોગીઓની સિદ્ધિઓ અધુનિક માનસશાસ્ત્રને અનુકૂળ છે એમ પ્રતિપાદન કર્યું. કર્નલ ગીલેટ ક્લાર્ક નામનો યુરોપીયન અમલદાર તેમને વેદાન્ત વિષે અનેક પ્રશ્નો પુછવા લાગ્યો. કર્નલને શંકા હતી કે વેદાન્તના સત્યો વ્યવહારિક જીવનમાં લાગુ પડી શકાય નહી! પ્રબળ વિચાર યુક્તિથી સ્વામીજીએ કર્નલના મનનું સમાધાન કર્યું. સ્વામીજીએ કહ્યું કે મનુષ્ય પ્રયત્ન કરે છે, અનેકવાર ખતા ખાય છે, દુઃખ ભોગવે છે, છતાં પણ ઉચ્ચ આદર્શને ધારણ કરી રહે છે. આમ ઉચ્ચ આદર્શ અને વ્યવહારમાં પડતા અનેક સંકોચોની વચમાં તેનું જીવન અથડાય છે અને આખરે આમ પ્રયાસ કરીને કરીને આખું જીવન આદર્શમય આધ્યાત્મિકજ બની રહે છે. તેનો અંતરાત્મા કહી રહે છે "આ સઘળું પ્રભુમયજ છે, આ સઘળું હરી છે, ઉચ્ચ અને નીચ સર્વ અનંત પ્રભુનાંજ જુદા જુદા સ્વરૂપ છે, સમજદાર અને મૂર્ખ સર્વનું અંતિમ લક્ષ્ય સમજપે કે વગર સમજપે પ્રભુનીજ પ્રાપ્તિ છે. સુખ, દુઃખ, શુભાશુભ, વગેરે સર્વ તેનાજ પ્રેરક છે." જ્યારે જીવનનો આવો ઉંચો પ્રવાહ આવે છે ત્યારેજ અનંતતત્વનું ભાન થઈને અનંતતા અને નિત્યત્વ સિવાય બીજું કાંઈજ જણાતું નથી. દેશ, કાળ અને વસ્તુના ભેદો માત્ર કલ્પનામાત્રજ રહે છે. જ્યારે જીવાત્મા યોગ્ય આધ્યાત્મિક વિકાસને પામે છે ત્યારેજ તેને આ દિવ્યસાક્ષાત્કારથી અબાધિત પરમતત્વ-સત્યનું દર્શન થાય છે.

વક્તા-વિવેકાનંદ આ વાત કહેતા અત્યંત ઉલ્લાસમાં આવી ગયા. તેમના મુખ ઉપર અત્યંત તેજ જણાઈ રહ્યું. તેમની સાધુતા, વૈરાગ્ય, જ્ઞાન, ભક્તિ અને ચારિત્ર્ય પોતાનો પ્રભાવ દર્શાવી રહ્યાં. અદ્વૈતવાદની જાણે કે સાક્ષાત મૂર્તિ હોય તેમ તે કર્નલ સાહેબને

અને સર્વને દેખાવા લાગ્યા.

હિંદુઓનું જીવન અને આ પરમ આદર્શ વચ્ચે શો સંબંધ રહેલો છે તે હવે સ્વામીજી દર્શાવવા લાગ્યા. હિંદુઓ જે રીતે ખાય છે, વસ્ત્ર ધારણ કરે છે, લગ્ન કરે છે, પોતાના છોકરાંને ઉછેરે છે અને પ્રેતને જે દ્રષ્ટિથી જુએ છે, તે સર્વ, તેમનામાંથી દેહાત્મભાવ દૂર કરી આત્મભાવ ઠસાવવાના અનેક સાધનો રૂપે જ છે. હિંદુઓના દેવતાઓ પરમતત્ત્વના જુદા જુદા મૂર્તિમંત લક્ષણો છે. જ્યાં સુધી મનુષ્ય અમુક બંધનોમાં બંધાઇ રહે છે અને પરમતત્ત્વને ઓળખતો નથી ત્યાં સુધીજ આ દેવતાઓનું પૂજન કરે છે. સર્વ ધર્મ પરમતત્ત્વને પહોંચવાના જુદા જુદા માર્ગરૂપજ છે. આધ્યાત્મિક દર્શન અને માનસિક વિકાસની અવસ્થાઓ અસંખ્ય છે. લક્ષ્મી, સરસ્વતી, દુર્ગા, કાળી, શિવ, ઉમા, રાધા, કૃષ્ણ, સીતા, રામ, હિંદુઓની સઘળી દંતકથાઓ, રિવાજો અને સમાજનું બંધારણ—આ સર્વ પરમતત્ત્વની પ્રાપ્તિનાજ અનેક સાધનો છે.

આ સાંભળીને કર્નલ સાહેબ જાણે તેમના બાહ્યબલનાજ વચનો ઉચ્ચારાતા હોય; જાણે કોઇ નવીનજ પ્રકાશ હૃદયમાં આવી પડતો હોય અને અંધકારને નષ્ટ કરતો હોય; જાણે કે આધ્યાત્મિક બુદ્ધિની ઉચ્ચારવાથાંથી પરમ દૈવત્વને પ્રગટ કરાતું હોય તેમ અનુભવવા લાગ્યા. સર્વે શ્રોતાજનો ધારવા લાગ્યા કે, "આ એક ખરેખરો સ્વદેશ ભક્ત સાધુ છે !"

[illegible]

[illegible]

[illegible]

એક બીજાની સાથે ઓતપ્રોત થઈ રહેલાં છે. હિંદમાં ધર્મ અને સમાજનો ઉદય સાથે સાથેજ છે. તેમણે અનુભવ્યું હતું કે જ્યારે જ્યારે આર્યાવર્ત ઐતિહાસિક દૃષ્ટિએ મહત્તા ભોગવતું હતું ત્યારે ત્યાં ધાર્મિક જાગૃતિ પ્રથમ થયેલી જોવામાં આવતી હતી. તેમણે પોતાના મનમાં એવો દૃઢ સિદ્ધાન્ત બાંધ્યો હતો અને પોતાના ગુરુભાઈઓને પણ શિખવતા હતા કે, “ ધર્મજ આર્યશિક્ષણનો પાયો છે. ” ધર્મવડેજ હિંદ મહત્તા પ્રાપ્ત કરી શકશે અને હિંદના સઘળા સામાજીક પ્રશ્નોનો વિચાર ધાર્મિક દૃષ્ટિએજ થવો જોઇએ. હિંદના ધર્મથીજ આકર્ષાઈને સ્વામીજી દેશભક્ત બન્યા હતા અને તેમની સ્વદેશભક્તિને લીધે હિંદુ ધર્મ પ્રત્યે તેમનો ભાવ વધી રહ્યો હતો. ભારતવર્ષના લોકો વિષે અસંખ્ય વિચારો તેમના મનમાં આવતા અને હૃદયને હલાવી મુકતા. સ્વદેશભક્તિ પણ સનાતન ધર્મનું એક અંગ છે એમ તેમને ભાસતું. આથી કરીને ભારતવર્ષના મહા પ્રશ્નોનું પણ નિરાકરણ કરવું એવા વિચાર સ્વામીજીના મનમાં પ્રેરાઈ રહ્યા હતા. દક્ષિણેશ્વરનો યુવાન નરેન્દ્ર વેદ અને ઉપનિષદોના સત્યોને આર્યપ્રજાના જીવનમાં રગે રગે કેવી રીતે ઉતારવા, તે સત્યો પ્રમાણે આર્યજીવનને કેવી રીતે ઘડવું અને તેને આધુનિક સમયને અનુકુળ કેવી રીતે કરવું, વગેરે બાબતો સિદ્ધ કરવાના સાધનોને મનમાં યોજી રહ્યો હતો. પણ તેનીજ સાથે મનની સઘળી શક્તિઓનો નિગ્રહ કરી પુનઃ પુનઃ આત્મસાક્ષાત્કાર કરવો–એ વિચાર પણ વારંવાર તેના મનમાં આવ્યાજ કરતો અને બીજા સઘળા વિચારોને તે દબાવી નાખતો. આથી હવે વિવેકાનંદે મનમાં વિચાર કર્યો કે “ આ વખતે મારા પ્રવાસમાં ધ્યાન ધરવાને માટે એક ગુફા હું ખોળી કહાડીશ અને મારા સ્પર્શ માત્રથી હું બીજા મનુષ્યના મનને ફેરવી શકું એવી શક્તિ હું જ્યાં સુધી પ્રાપ્ત નહી કરું ત્યાં સુધી હું

શરૂ પાછો આવીશ નહિ."

આમ વિચાર કરીને સ્વામી વિવેકાનંદ હિમાલયમાં જવા નીકળ્યા. જતા પહેલા શારદાદેવી—ગુરુપત્નીનો આશિર્વાદ તેમણે લીધો.

રસ્તામાં પ્રવાસે નીકળવાથી વિવેકાનંદ હવે મનમાં ખુશી થવા લાગ્યા. હિમાલયમાં ઘણા વખત સુધી અભ્યાસ કરવાથી તેમના મનમાં પરમહંસજીનો વાસ થશે એમ તે ધારવા લાગ્યા. આગગાડીમાં બેસીને તે ગયા નહિ. ગંગા નદીને કિનારે કિનારે પગે ચાલીને જવું કે જેથી કરીને આખી મુસાફરી સાધના અને તપશ્ચર્યા રૂપ રહે એવો તેમનો નિશ્ચય હતો. સ્વામી અખંડાનંદ—એક ગુરુભાઈ—તેમની સાથે ગયા. રસ્તામાં ભાગલપુર નામના સ્થળમાં તેઓએ પ્રથમ મુકામ કર્યો. તેઓએ જેવા તેવા કપડાં પહેર્યાં હતા અને પહેરવેશ જોતાં સામાન્ય સાધુ જેવા તે દેખાતા હતા. પણ તેમનું ચલન વલન રાજકુમારોને છાજે તેવું હતું અને જ્યારે તેઓ ભિક્ષા માગવાને કોઈને ઘેર જતા ત્યારે સાધુના વેશમાં રાજા આવ્યા હોય તેવો દેખાવ સર્વને લાગતો હતો. ભાગલપુરમાં આવીને નદીને કિનારે તે બેઠા હતા.

તેઓ બંને થાકી ગયેલા દેખાતા હતા, છતાં તેમના મુખ ઉપર વૈરાગ્યની શાંત પ્રભા છવાઈ રહેલી હતી. તેમના દેખાવથી આકર્ષાઈને ઘણા લોકો તેમની પાસે આવવા લાગ્યા.

ભાગલપુરમાં મન્મથનાથ બાબુ નામનો એક નામાંકિત પુરુષ સ્વામીજીનો ખરેખરો શિષ્ય થઈ રહ્યો. આ મન્મથનાથ પ્રથમ બ્રહ્મ-સમાજનો અનુયાયી હતો, પણ વિવેકાનંદના ઉપદેશથી તે સનાતન હિંદુ ધર્મને બરાબર સમજ્યો અને હિંદુધર્મનો ચુસ્ત હિમાયતી બની રહ્યો. સ્વામીજી વિષે તે લખે છે: "સને ૧૮૯૦ ના ઓગસ્ટ માસની એક સવારે સ્વામી વિવેકાનંદ અને સ્વામી અખંડાનંદ એકાએક

મારે ઘેર આવી ચ્હડયા. તેમને સામાન્ય સાધુઓ ધારીને મેં કંઇ પણ માન આપ્યું નહિ. બપોરે ભોજન લીધા પછી અમે બધા બેઠા હતા. તેમને અજ્ઞાની વેરાગીઓ ધારીને મેં તેમના જોડે કંઇ પણ વાતચીત કરી નહિ અને બુદ્ધધર્મના સિદ્ધાંતોનું એક અંગ્રેજી ભાષાંતર વાંચતો હું બેસી રહ્યો. થોડા વખત પછી વિવેકાનંદે મને પૂછયું, "તમે કયું પુસ્તક વાંચો છો?" જવાબમાં મેં તે પુસ્તકનું નામ કહી બતાવ્યું અને તેમને પૂછયું "તમે અંગ્રેજી ભણ્યા છો?" તેમણે જવાબ આપ્યોઃ 'હા, થોડું જ." પછી બુદ્ધધર્મ વિષે મેં વાતચિત કરવા માંડી અને તરતજ મને માલુમ પડયું કે મારા કરતા તે હજાર દરજ્જે વધારે ભણેલા છે! સ્વામીજી અનેક અંગ્રેજી ગ્રંથ કારોના વચનો મોઢે ને મોઢે જ બોલવા લાગ્યા. હું તેમની વિદ્વતાથી ચકિત થઇ ગયો અને પૂર્ણ ધ્યાન દઇને તેમના શબ્દો સાંભળવા લાગ્યો. તેમના જ્ઞાનની કસોટી કહાડવાને મેં પૂછયું "હિંદુ સંન્યાસીઓ જોડે રહીને બુદ્ધે જે સાધનાઓ સાધી હતી તે શું નકામી ગઇ હતી?" સ્વામીજીએ જવાબ આપ્યોઃ "ના, તેમની એક પણ સાધના નકામી ગઇ નહોતી. બુદ્ધ થતા પહેલાં શાક્યસિંહે હિંદુ સંન્યાસીઓ જોડે રહીને જે સાધનાઓ સાધી હતી તેમના વડેજ તે મહાશક્તિઓ પ્રાપ્ત કરી રહ્યા હતા અને એ શક્તિઓવડે તે પોતાના સિદ્ધાંતોને બરાબર પ્રતિપાદન કરી રહ્યા હતા!" આ જવાબે મને ઘણોજ ઉહાપણ ભરેલો લાગ્યો."

"એક દિવસ સ્વામીજીએ મને પૂછયું "તમે કંઇ સાધના કરો છો?" અને અમે યોગ ઉપર વાત કરવા લાગ્યા. આ ઉપરથી મને લાગ્યું કે સ્વામીજી કંઇ સાધારણ વ્યક્તિ નથી, કારણું કે તેમણે યોગ વિષે જે જે કહ્યું તે સઘળું સ્વામી દયાનંદ સરસ્વતીએ કહ્યા પ્રમાણેજ હતું. વળી તેમણે એ બાબતમાં બીજી અનેક નવી વાતો

હતી, જે મેં કદીએ સાંભળી નહોતી. અગાઉ તેમના ઉપનિષદોના
હાર્દની કોઈએ કરાવવાને રૂ [illegible] ઉપનિષદો મારા મગજમાં અને
ધર્મના ગૂઢ બાબતો વિષે તેમને પૂછવા લાગ્યો. તેમના ઉત્તર અને
મારા અવલોકનો પરથી મને લાગ્યું કે આત્માનું જ્ઞાન પણ તે ધરાવે
છે. જે રીતે તે ઉપનિષદના અર્થનો ઉકેલ કરતા હતા તે રીત
અને ધાર્મિક ગૌરવ બતાવી રહી આ પ્રમાણે તેમનું ચારિત્ર્ય,
પ્રેમ અને [illegible] જ્ઞાન જોઈને મારે તેમના ઉપર અત્યંત
માન ઉત્પન્ન થયું."

"ઘણો સમય મેં તેમને પાસે બેસી [illegible] આનંદ આવ્યો;
તેથી મેં પૂછ્યું "નહિ સારો થયો છે?" તે બોલ્યા "ઘણુંજ."
આમાં [illegible] અહીં તેમણે કહ્યું ત્યારે મને ખબર પડી કે
હિન્દમાં જેવા તે [illegible] છે તેવા તે [illegible] પણ છે.
પછી બીજે દિવસે તેમની [illegible] મેં આમંત્રણના પત્રો [illegible]
[illegible] સ્વામીજીના [illegible] થઈ રહ્યું
અને તે [illegible] ચાલવા સુધી આવ્યું. તેમના આગમનથી
[illegible] કે સર્વે પોતાનું [illegible] પણ
ભૂલી ગયા. [illegible] પોતાને [illegible] નહિ કે શો
[illegible] વિચાર પણ [illegible] નહિ! સ્વામીજીની સાથે [illegible]
[illegible] અને તેનું [illegible] દીધું; પણ સ્વામીજી
[illegible] નહિ! આખરે ત્યારે તેમણે જાણ્યું કે [illegible]
[illegible] પણ [illegible] હતું નથી ત્યારે સ્વામીજી પોતાની [illegible]
[illegible] [illegible] રાત [illegible] આવી
[illegible] જોઈ નથી અને [illegible] આવી
[illegible] હું માનતો નથી."

"બીજે દિવસે મેં સ્વામીજીને મારી ગાડીમાં બેસાડીને સઘળા

પડયું. આખરે તેમને અલ્હાબાદમાં એક મિત્રને ઘેર મોકલી દીધા અને સ્વામીજી હૃષીકેશ ગયા.

ફરીથી એકવાર હૃષીકેશમાં' આ સ્થળ હિંદુધર્મની પવિત્ર દંતકથાઓથી ભરપુર છે એમ કહેવાય છે કે વ્યાસજીએ અહીં આં આશ્રમ બાંધ્યો હતો અને તેમાં રહીને તેમણે ચારે વેદના ભાગોને એકઠા કરીને બરાબર ગોઠવ્યા હતા હૃષીકેશ એક સુંદર અને એકાંત સ્થળ છે હિમાલયની તળેટીમાં, પવિત્ર ગંગા નદીને કિનારે તે આવેલું છે જુદા જુદા પંથના હજારો સાધુ સંન્યાસીઓ શિયાળામાં અહીં એકઠા થાય છે અને તેમણે પોતાના હાથવડે બાંધેલાં ઝુંપડાં અહીં—તહીં નજરે પડે છે હૃષીકેશ એક ખીણમાં આવેલું છે અને તેની આસપાસ નાના ડુંગરો આવી રહેલા છે પવિત્ર ગંગા કંઈક અંગ તેની ત્રણ બાજુએ ફરી વળેલી છે, અને તેના પવિત્ર પારદર્શક દેહ પાણીનો ઝીણો અવાજ જાણે કે ભક્તોના કાનમાં "હર, હર" એવા શબ્દો ઉચ્ચારતો હોય એમ ભાસે છે। અનેક પક્ષીઓ સાધુઓના ઝુંપડાં આગળ આવે છે અને તેમના હાથમાંથી રોટલીના ટુકડા ખાય છે માછલીઓ પાણીની બહાર આવીને હાથમાંથી અન્ન ઝુટાવી જાય છે સઘળું સ્થળ સાધુઓથી ભરેલું જણાય છે

હૃષીકેશમાં સ્વામીજી અને તેમના ગુરૂભાઈઓ એક ઝુંપડી બાંધીને રહ્યા ભિક્ષા માગી લાવીને તેઓ આહાર કરતા એકવાર સ્વામીજીને સખત મંદવાડ થઇ આવ્યો હતો અને તેને પરિણામે એક ઉંડો અનુભવ તેમને થયો હતો. આ અનુભવ આલમોરાની ગુફામાં થએલા અનુભવને મળતોજ હતો. તે ગુફાના અનુભવ વિષે સ્વામીજી કહેતા "તે સમયે મારા કર્તવ્યનું જે ભાન મને થયું તેવું ભાન મારા જીવનમાં અને કદીએ થયું નથી. મારા એકાન્તવાસમાંથી જાણે કે તે મને ધસડીને પરાણે પરાણે બહાર લઇ જતું હોય અને નીચેના પ્રદેશમાં

એકલું હોય તેવું મને લાગ્યું હતું."

વર્ષાઋતુમાં સ્વામીજી ટેહરીના બાગમાં અને ત્યાંથી [illegible] ગયા. શીતકાળમાં તેમને ટેહરીમાં ઘણા મુમુક્ષુઓ આવી મળતા અને તેમનો મુકામ કરવાના મઠ જેવો બની રહેલ. સ્વામીજીનું કાર્ય વિષ્ણુપુરાણ, કુમારસંભવ વગેરે સંસ્કૃત પુસ્તકો વાંચી અભ્યાસમાં હતા. પણ આ પ્રમાણે જ્યારે આનંદમાં સ્વામીજી રહેતા થતા રહેતા. ટહેરીથી અને ટહેરામાં રહીને પોતાનું જીવન વિતાવ તથા નર્મદાતટ અને અયોધ્યા [illegible] અને અનેક મુમુક્ષુઓના આનંદનો વિચાર તેમને વારંવાર થઈ આવતો. હિમાલયના આસ પાસ સ્થાન તે પસંદ કર્યા હતા. ગિરિનાર, યમુના, ગંગા આદિ સ્થાનોને માટે તે સર્વદા તત્પર રહ્યા હતા. અમેરિકામાં તેમણે અનેક કાર્યો કર્યાં છે, પણ હવે ફરીથી તેમને કાર્ય ભારતીય ભાષામાં આપવાના પ્રસંગ ઉપસ્થિત થયા આવ્યા. વારંવાર તે પવિત્ર ગંગાને કિનારે જઈને બેસવાની ઇચ્છા રાખતા. સાધુતા અને વૈરાગ્ય તેમના જીવનમાં ઓતપ્રોત થઈ રહેલાં હતાં. તે જે કાર્ય કરતા તે નિષ્કામપણે કરતા અને ત્યાગની વૃત્તિ તેમની હમેશાં વધતી જતી હતી. એક વખતે તે કોઈપણ કાર્યનો ત્યાગ કરી અને ગંગાને કિનારે જઈને બેસવું તે કોઈથી થઈ શક્યું નહીં. સ્વામીજીનું જીવન સમજવાને એટલું ધ્યાનમાં રાખવાની જરૂર છે કે તેમણે અનેક પ્રતિભાવ જીવન ગાળ્યું હતું તોપણ સર્વદા તેમનું ચિત્ત પ્રભુ તરફ લાગેલું રહેતું અને તે હમેશાં એકાંતવાસ તથા નિવૃત્તિમય જીવનની સ્પૃહા કરતા. એવા જીવનની સર્વોપરિતા અને મહત્તા તે સ્વીકારતા અને તેથી કલ્પનાઓમાં રમમાણ રહેતા. સ્વામીજી કહેતા "વર્ષોથી મેં ઘણા મહાપુરુષો જોયા છે. એક સાધુ ખાંડ જેવો દેખાતો હતો. તે નગ્ન શરીરે ફરતો હતો. દેખાવ

છોકરાઓ તેની પાછળ પડીને તેને પથ્થર મારતા હતા. તે સાધુની ગરદન અને મુખ ઉપરથી લોહી વહ્યા કરતું હતું. છતાં પણ તે સાધુ હસ્યાજ કરતો હતો. હું તેની પાસે ગયો અને તેના ઘા ધોઈ નાખી કના પુંભડાથી ચોળી નાખ્યુ. હું ચોળતો હતો ત્યારે તે સાધુ ખડખડ હસતો હતો અને પથરા ફેંકનાર છોકરાઓની જોડે તેણે ઘણીજ ગમ્મત કરી એમ તે કહેતો હતો!' ઘણા સાધુઓ અહિં એકાન્ત-વાસમાંજ રહે છે. લોકોની વસ્તી તેમને માટે વિઘ્નરૂપ થઇ પડે છે તેથી એક સાધુએ તો પોતાની ગુફાને મોઢે હાડકાં લટકાવ્યાં હતાં!" આવું એકાન્ત જીવન સ્વામીજી પોતે વખાણતા અને ચ્હાતા હતા. તેમના ગુરૂભાઇઓ તેમની સાથે આવે તે પણ તેમને ઉપાધિ લાગતી હતી. જ્યારે અખંડાનંદે સાથે આવવાને માટે ઇચ્છા દર્શાવી ત્યારે સ્વામીજી બોલ્યા "ગુરૂભાઇઓની માયા પણ માયાજ છે! આથી મનુષ્ય પોતાની ધારણાઓ પાર પાડવામાં અને સુખસ્વાતંત્ર્યમાં પાછો પડી જાય છે" એક દિવસ સવારે સ્વામીજી પોતાના ગુરૂભાઇઓને કહ્યા વિનાજ એકલા દીલ્હી જવાને નીકળી પડયા. ઉત્કટ વૈરાગ્ય અને અજ્ઞાનરૂપી અંધકારમાંથી જગતને મુક્ત કરવાની પ્રબળ ઇચ્છા—આ બે ભાવનાઓની વચ્ચે તેમનું મન હવે અથડાઇ રહ્યું હતું.

પ્રકરણ ૨૭ મું—દીલ્હી અને અલવર.

દીલ્હી! અનેક હીંદુ અને મુસલમાન રાજાઓની રાજધાની! હિંદુસ્તાનનું મધ્ય સ્થળ! અનેક ઐતિહાસિક બનાવોનું સ્થાન! બાદશાહી ઠાઠ અને ભપકાનું સ્મરણ કરાવનારી નગરી! બાદશાહોની કબરો, સુંદર મહેલો, જુના પ્રાચીન ભગ્ન ખંડેરો—આ સર્વથી દીલ્હી હિંદુસ્તાનનું રોમ શહેર હોય તેવું ભાસે છે. નગરીના એક ભાગમાં

કીલ્લો આવી રહેલો છે અને તેમાં બાદશાહોના ભવ્ય મહેલો છે. થોડે દૂર જુમ્મા મસીદ આવેલી છે.

સ્વામીજી દીલ્હીમાં દરેક ઠેકાણે ગયા અને સઘળું જોયું. બાદશાહોની કબરો જોતાં તેમને મહારાજાઓની અને માનુષી કીર્તિની અનિત્યતાનું સ્મરણ તાજું થયું. અહીંઆં પણ તેમના ગુરૂભાઇઓ તેમને ખોળતા ખોળતા આવી પહોંચ્યા ! ફરીથી પણ સ્વામીજીએ તેમનો ત્યાગ કર્યો અને દીલ્હી છોડીને એકદમ ચાલતા થયા ! મનમાં તે બોલ્યા " મારા માર્ગમાં બાધક થનાર સઘળાં વિઘ્નોને મારે દૂર કરવાં જોઇએ. "

સ્વામીજી સાધુજીવન અને એકાંતવાસની સર્વોપરિતાને માનતા, પણ જનસેવા–ભૂતદયા–વિનાના જીવનને પણ શુષ્કજ ગણતા. ભારતવર્ષની ગરીબાઇ અને અજ્ઞાન જોઇને તેમનું હૃદય રડી રહ્યું હતું. આથી કરીને ભારતવર્ષમાં સ્થળે સ્થળે રખડી, જનસમૂહની સ્થિતિનો અભ્યાસ કરી, માતૃભૂમિના પુનરોદ્ધારની યોજના ઘડવી અને તેના સાધનો શોધી કહાડવાં–આ મહા તપને હવે સ્વામીજી તપી રહ્યા હતા. આ તપ તપવામાં સ્વામીજીએ અનેક કષ્ટો વેઠ્યાં છે.

કેલિફોર્નિઆમાં ભાષણ આપતાં આ સમયની હકીકત વિષે નીચે પ્રમાણે તે બોલ્યા હતા: " ઘણી વખત હું મોતના પંજામાં સપડાયો હું. દિવસના દિવસો સુધી મને ખોરાક મળતો નહીં અને મારાથી આગળ ચલાતું નહીં. હું એકાદ વૃક્ષની છાયામાં બેસતો અને જીવનનો અંત આવતો હોય એમ મને લાગતું. મારાથી બોલાતું પણ નહોતું. આખરે મને આત્મવિચાર આવતો કે " મારે જન્મ કે મૃત્યુ નથી; હું કદી જન્મ્યો નથી, કદી મર્યો નથી; મારે ક્ષુધા કે તૃષા નથી; હું આત્મા છું ! આત્મા છું ! સઘળી પ્રકૃતિ મળીને પણ મને કચડી શકે નહીં. શરીર કાંઇ હું નથી કે તે હોય કે નાશ પામે તેને

માટે હર્ષ–શોક કરૂં !" આવા આવા આત્મવિચાર આવતાં નવીન બળ પામીને હું ઉભો થતો. અને જુઓ, આજે હું જીવતો છું! જ્યારે જ્યારે આફત આવે ત્યારે ત્યારે તમારા સ્વરૂપનું ભાન કરો અને આફત ચાલી જશે. કારણકે આખરે તે પણ એક સ્વપ્નજ છે. આફતો મોટી પર્વત જેવડી હોય અને સઘળી વસ્તુઓ નિસ્તેજ અને ભયંકર લાગે, તોપણ તેઓ માયાજ છે. તેનાથી ડરશો નહીં અને તેનો નાશ થશે ! તેની સામા થાવ અને તે જશે ! તેના ઉપર પગ મુકો અને તેનો અંત આવશે !"

જેમ જેમ વધારે પર્યટણ કર્યું અને જેમ જેમ ભારતવર્ષનો વધારે ઉંડો અભ્યાસ કરતા ગયા તેમ તેમ દેશની જરૂરીઆતોનો ખરેખરો ખ્યાલ તેમને આવતો ગયો અને ભારતવર્ષનું ગૌરવ શેમાં રહેલું છે, તે પણ રૂડે પ્રકારે તેમણે જોયું. સાથે સાથે પ્રજામાં કયા કયા દોષો રહેલા છે તે પણ તેમણે તપાસ્યું. પ્રજાની એક મોટી ભુલ અથવા ખામી–વ્યક્તિત્વનો નાશ–તેમને જણાઈ. આ વ્યક્તિત્વને પાછું લાવવાને પ્રાચીન રૂષિ મુનીઓનુંજ શિક્ષણ આવશ્યક છે એમ તેમની ખાત્રી થઈ. તે કહેતા "ધર્મ વડે કરીને ભારતવર્ષની આ સ્થિતિ આવી છે એમ નથી, પણ ધર્મનું બરાબર પાલન નહીં કરવાથીજ આ દુર્દશા પ્રાપ્ત થયેલી છે."

પુનામાં જ્યારે તેમણે પેશવાના મકાનોના ખડેરો જોયાં અને તેમના નાશનું કારણ પોગી કહાડ્યુ ત્યારે પણ તેમને એમજ લાગ્યું હતું

દીલ્હીથી રજપુતાનાની ઐતિહાસિક ભૂમિમાં ! સુંદર અલવરમાં ! રજપુતાનાનનું નામ કેટલા વીરપુરૂષો અને તેમનાં પરાક્રમોનું સ્મરણ કરાવે છે ! આ નામનો ઉચ્ચાર કરતા હિંદુ હૃદય કેવું ઉછળી રહે છે !

વિજયવંત અકબરની સામે થનાર અનેક રજપુત રાજાઓ–

સિદ્ધ જેવા વીર પુરુષોનાં પંજાબને—આવી જાતના બનાવ બન્યો છે કે દરેક ની જાણું હોય તેમ અખા પરાક્રમોથી અનેક સ્ત્રીઓ અહીંઆ જન્મી હતી. કેન્દ્રસ્થાનના નગરોમાં, અલવર એક મોટી જેવું સુંદર શહેર છે. આસપાસ પહાડો આવી રહેલા છે. રાજાના મહેલો આરામ-મહાભૂમી આવેલા નજરે પડે છે ભૂમિ સુંદર અને રમણ્ય છે.

રસ્તામાં સ્વામીજી અલવરના સ્ટેશન ઉપર ઉતરી સડકે સરતે ગામ તરફ ચાલ્યા. તેને ખાનગીઓએ ઓળખ્યા અને તેનો આવી રહેલાં હતા. સુંદર મહેલોની એક હાર આગળ ચાલી તે દવાખાના પાસે આવી પહોંચ્યા. ત્યાંનો ડાક્ટર બંગાળી હતો અને તેની સાથે જ્યારે સ્વામીજીને બંગાળી ભાષામાં વાત કરી ત્યારે તે ઘણોજ ખુશી થયો. સાધુઓને ઉતારવાના મુકામમાં તેણે સ્વામીજીને ઉતાર્યા અને તેમની ખાતરીદારી પૂરી પાડવા લાગ્યો. દિવસે દિવસે ચારે બાજુએ સ્વામીજીની કીર્તિ પ્રસરવા લાગી. હિંદુઓ અને મુસલમાનો પણ તેમની મુલાકાતે આવવા લાગ્યા. લોકોનો એટલો બધો જમાવ થવા લાગ્યો કે વ્યાકાર ઓરડા ઉપર પણ ઘણાને બેસવું પડતું. વેદ, ઉપનિષદ, કુરાન, બાઈબલ અને પુરાણોમાંથી અનેક ફકરાઓ સ્વામીજી બોલતા. વખતે ઉર્દુ ગાયનો, હિંદી ભજનો અને બંગાળી કીર્તનો તે ગાતા. કોઈ વખતે બુદ્ધ, શંકર, રામાનુજ, નાનક, ચૈતન્ય, તુલસીદાસ, મહમદ વગેરે મહાત્માઓના જીવન ચરિત્રમાંથી રસમય અને બોધક વાતો તે કહેતા. આખરે તેમને એક સારા મુકામમાં ઉતારવામાં આવ્યા. અહીંઆ અનેક મનુષ્યો તેમની પાસે આવતા અને તેમને પ્રશ્નો પુછતા. ઈશ્વર પૂજાની વાત નીકળતી. સ્વામીજી તેનું રહસ્ય સમજાવતા. બોલતે બોલતે પ્રેમથી તેમનો કંઠ ગદ ગદ થઈ જતો અને તેમની આંખોમાં આંસુ આવી જતાં! કોઈ વખત કૃષ્ણલીલાનો પ્રસંગ નીકળતો. કૃષ્ણલીલાના અનેક ભજનો સ્વામીજી ગાતા અને તેમની

આંખોમાંથી આંસુની ધારા ચાલી રહેતી ! સોનાઓના હૃદય પણ રડી જ રહેતાં ! સ્વામીજી પાસે આવનાર મનુષ્યોમાં એક મોલવી સાહેબ પણ હતા. સ્વામીજી કુરાન ઉપર કંઇક નવીન અજવાળુ પાડતા અને તેવું ઉંડુ જ્ઞાન ધરાવતા તેથી કરીને મોલવી સાહેબ તેમને અત્યંત ચહાતા. આ હિંદુ સાધુને પોતાને ઘેર બોલાવીને ભિક્ષા કરાવવી એવો વિચાર મોલવી સાહેબનો થયો. આ વખતે એક પંડિતને ઘેર સ્વામીજી રહેતા હતા. મોલવી સાહેબ પંડિતજીને કહેવા લાગ્યા “આવતી કાલે સ્વામીજીને મારે ઘેર ભિક્ષા લેવા આવવા દો ! હું મારા ઘરમાંથી મારો સઘળો સામાન બહાર કહાડી નાખીશ અને સઘળું મકાન બ્રાહ્મણો પાસે ધોવરાવી નાખીશ ! બ્રાહ્મણો પોતે અનાજ લાવશે અને પોતાના વાસણોમાં રાંધશે અને સ્વામીજીને ભિક્ષા કરાવશે હું એક બાજુએ ઉભો રહી સ્વામીજીને મારે ઘેર ભિક્ષા લેતા જોઇને ઘણોજ રાજી થઇશ અને મારી જાતને ભાગ્યશાળી માનીશ ! ” પંડિતજીએ હા કહી મોલવી સાહેબે સ્વામીજીને ભિક્ષા કરાવી અને પોતાની જાતને કૃતાર્થ માની બીજા પણ ઘણા શ્રદ્ધાળુ મુસલમાનોએ સ્વામીજીને પોતાને ઘેર બોલાવ્યા અને તેજ પ્રમાણે ભીક્ષા કરાવી

અલવરના દિવાન મેજર રામચંદ્રજીને કાને વાત આવી કે ગામમાં એક મહાત્મા આવ્યા છે તેમણે સ્વામીજીને પોતાના બંગલે તેડાવ્યા. જ્યારે તેમને સ્વામીજીનો બરાબર પરિચય થયો ત્યારે તેને વિચાર આવ્યો કે મહારાજા મંગલસિંહજી ઇંગ્રેજી આચાર-વિચારના થ ગયેલા છે, આ સ્વામીજી તેમને જલદીથી ઠેકાણે લાવશે ! આથી કરીને તેમણે મહારાજાને લખી મોકલ્યુ કે ઇંગ્રેજીનું ઉંડુ જ્ઞાન ધરાવનાર એક સાધુ અહીં આવેલા છે બીજે દિવસે મહારાજા આવ્યા અને સ્વામીજી જોડે વાત કરવા લાગ્યા

હિંદુસ્તાનના સંસ્થાનિકોએ-ખાસ માણસોને-મહાપુરૂષોને પ્રાચીન ઋષિઓની માફક અધિકારીઓને કે માનસિકો કંઈ દેતા નથી? જેવી રીતે અન્ય પ્રભુઓ આગળ સિંહ નિર્ભયતાથી ઉભો રહે છે તેવીજ રીતે સાધુ પુરૂષો નિડર બની રાજા મહારાજાઓ આગળ વર્તે છે.

મહારાજા સ્વામીજીને પૂછવા લાગ્યા " સ્વામીજી મહારાજ! મેં સાંભળ્યું છે કે તમે મહા વિદ્વાન છો અને ધારો તો પૈસો મેળવી શકો તેમ છો, છતાં તમે શા માટે ભિક્ષા માગતા ફરો છો?" નિડરતા, નિસ્પૃહતા અને સત્ય પરાયણતા સ્વામીજીના ખાસ લક્ષણો હતા. પૂર્વ અને પશ્ચિમમાં ઘણે ઠેકાણે તે જણાય છે અને મોટા મોટા અમીર ઉમરાવો તથા રાજા મહારાજાઓને મળવાનો પ્રસંગ તેમને આવેલો છે. પણ સ્વામીજી જાણે કોઈ ગુરુ પોતાના શિષ્યને આપતા હોય તેમજ તે સર્વને મળ્યા છે. તો હવે આશ્ચર્યના મહારાજાને તેમના પ્રશ્નનો કેવો જવાબ તેમણે આપ્યો હશે!

જાણે કે એક સિંહને કોઈએ છંછેડીને જગાડ્યો હોય તેમ સ્વામીજીએ જવાબ આપ્યો! ને બોલ્યા " મહારાજ! તમે તમારો બધો સમય યુરોપિયનોની સોબતમાં શા માટે ગાળી નાખો છો? તમારી રાજ્ય તરીકેની ફરજને ભૂલીને તમે શિકારે શા માટે જાઓ છો?" આ સાંભળીને બધા અધિકારીઓ સ્તબ્ધ બની ગયા. તેઓ જાણે મનમાં કહેવા લાગ્યા " આ સાધુ કેવો હિંમતવાન છે! પણ એને પસ્તાવું પડશે." રાજા શાંતપણે સાંભળી રહ્યા અને બોલ્યા " કેમ જાણે શામાટે, પણ મને તે પસંદ પડે છે'" સ્વામીજીએ જવાબ આપ્યો " ત્યારે હું પણ તેવીજ રીતે એક ફકીરની માફક રખડું છું."

મહારાજાએ બીજો પ્રશ્ન પુછ્યો " સ્વામીજી, મને મૂર્તિપૂજા ઉપર જરાપણ શ્રદ્ધા નથી. મારૂં શું થશે?" આમ બોલતે બોલતે રાજા હસવા લાગ્યા! સ્વામીજી એકદમ બોલી ઉઠ્યા " શું તમે

મારી મશ્કરી કરો છો?" રાજાએ જવાબ આપ્યો "નહીં, સ્વામીજી જરાયે નહીં. ખરેખર, બીજા લોકોની માફક લાકડાની, માટીની, પથ્થરની કે ધાતુની મૂર્તિને પૂજવાનું મને જરાયે મન થતું નથી. શું આવતા જન્મમાં મારી માઠી વલે થશે?" એક ભીંત ઉપર મહારાજાની છબી ટાંગેલી દેખાતી હતી. એકદમ સ્વામીજીએ તે મંગાવી અને તેને હાથમાં લઈને દિવાનને પુછવા લાગ્યા "આ છબી કોની છે?" દિવાને જવાબ આપ્યો "તે અમારા મહારાજ સાહેબની છે!" સ્વામીજીએ દિવાનને તેના ઉપર થુંકવાનું કહ્યું! આ સાંભળીને સઘળા અધિકારીઓ તો ડરીજ ગયા! સ્વામીજી બેલ્યા "એના ઉપર થુંકો! તમારામાંથી કોઇ એના ઉપર થુંકશે? એ એક કાગળનો કકડો છે; એના ઉપર થુંકવામાં તમને શી હરકત છે?" દિવાન સાહેબ ચકિત થઇ ગયા અને સઘળા શ્રોતાઓ ભય અને આશ્ચર્યથી રાજા અને સ્વામીજી તરફ જોઇ રહ્યા! પણ સ્વામીજી ફરી ફરીને કહેવા લાગ્યા "એના ઉપર થુંકો! એના ઉપર થુંકો!" દિવાન સાહેબ ગભરાયા અને બોલી ઉઠયા "આ શું કહો છો સ્વામીજી! આ અમારા મહારાજ સાહેબની છબી છે; તેના ઉપર હું શી રીતે થુંકી શકું?" સ્વામીજી બોલ્યા "પણ તમારા મહારાજ એમાં કંઇ બેઠેલા નથી! એ તો એક કાગળનો કકડો છે! તમારા મહારાજાના હાડકાં, માંસ કે લોહી તેમાં નથી! મહારાજાની માફક તે બોલતી નથી કે ચાલતી નથી; છતાં પણ તેના ઉપર થુંકવાની તમે ના પાડો છો! તેનું કારણ એજ કે તેમાં તમે મહારાજાની છાયા જુવો છો. તેના ઉપર થુંકવાથી તમે તમારા મહારાજા સાહેબનું અપમાન કરશો એમ તમને લાગે છે." મહારાજા તરફ વળીને સ્વામીજી કહેવા લાગ્યા "મહારાજ સાહેબ, એક રીતે તમે પોતે આ છબી નથી, તોપણ બીજી રીતે તમે પોતેજ તે છો! આથી કરીનેજ

આ તમારા અમિરારીઓ તેના ઉપર થુંકતાં આચકો ખાય છે. આ છબી માત્ર તમારી છાયા રૂપજ છે, તોપણ તેને જોવાથી તેમને તમારૂં સ્મરણ થાય છે અને તેના તરફ નજર કરતાં તમેજ તે છો એમ તેમને જણાય છે. આથી કરીને જેવી રીતે તેઓ તમને માન આપે તેવીજ રીતે તેઓ તમારી છબીને પણ માન આપે છે. પ્રભુની પ્રતિમાને પૂજનાર ભક્તોની બાબતમાં પણ તેમજ છે. પ્રતિમા તેમને તેમના ઇષ્ટદેવનું સ્મરણ કરાવે છે, અથવા પ્રભુના ગુણોનું ભાન કરાવે છે. પ્રતિમાથી તેમના વિચારો એકાગ્રતાને પામે છે અને દેવી ગુણો તેમનામાં ઉતરે છે. તે પથ્થરને કોરો પથ્થર તરીકેજ પૂજતા નથી. મેં ઘણાં સ્થાનોમાં પર્યટણ કરેલું છે; પણ કોઇ સ્થળે કોઇ પણ હિંદુને "ઓ પથ્થર, હું તારી પૂજા કરૂં છું! મારા તરફ દયાળુ થા!" એવું કહીને પૂજા કરતો જોયો નથી, મહારાજ! સર્વે પ્રભુનેજ પૂજે છે." હવે મહારાજા મંગલસિંગજી હાથ જોડીને કહેવા લાગ્યા "આપજી, તમારા કહ્યા પ્રમાણે પથ્થરની પૂજા કરતો તો મેં પણ એકે મનુષ્ય જોયો નથી. અત્યાર સુધી મૂર્તિપૂજાનું રહસ્ય હું જાણતો નહોતો. તમેજ મારી આંખો ઉઘાડી છે."

સ્વામીજી એ પછી રજા લઇને સભામાંથી ચાલ્યા ગયા. મંગલસિંગજી વિચાર કરતા બેસીજ રહ્યા અને બોલ્યા "દિવાનજી, આવા મહાત્માને મેં કદી જોયા નથી. તે અહીં થોડો વખત વધુ રહે તેમ કરજો."

ઘણી અરજ કર્યા પછી સ્વામીજીએ થોડોક વખત રહેવાની હા પાડી; પણ એમણે એક શરત કરી કે સઘળા લોકો, ગરીબ અને તવંગર, સર્વને સરખીજ રીતે તેમની પાસે આવવા દેવા.

ઘણા માણસો તેમની પાસે આવવા લાગ્યા. જુવાન અને વૃદ્ધ તેમનો લાભ લેવા લાગ્યા. એક વૃદ્ધ મનુષ્ય દરરોજ તેમની પાસે આવતો અને પ્રભુકૃપા કી રીતે થાય તે પુછતો. સ્વામીજીએ તેને કેટલીક

ધાર્મિક ક્રિયાઓ કરવાનું બતાવ્યું. પણ તે ક્રિયાઓ એ કરે નહીં અને પ્રભુકૃપા કેમ થાય તેજ પુછયા કરે! સ્વામીજી તેનાથી કંટાળ્યા અને એક દિવસ તેને આવતો જોઇ મૌન ધારણ કરી રહ્યા. તે વૃદ્ધે ઘણાએ પ્રશ્ન પુછયા, પણ સ્વામીજીએ એકનો પણ ઉત્તર આપ્યો નહીં. અંતે તે કંટાળ્યો અને ચાલતો થયો. તેના ગયા પછી સ્વામીજી ખડખડ હસી પડયા. બીજાઓ પણ હસવા લાગ્યા. એક યુવાન તેમને પુછવા લાગ્યો “મહારાજ, તે વૃદ્ધ માણસ તરફ તમે એટલા નિર્દય કેમ થયા?” સ્વામીજી સઘળા યુવાનો તરફ જોઇને બોલ્યા “તમો યુવાનોને માટે હું મારા પ્રાણનો પણ ત્યાગ કરવાને માટે તૈયાર છું; કેમકે હું જે કહીશ તે પ્રમાણે કરવાને તમે તૈયાર છો અને તમારામાં શક્તિ પણ છે; પરંતુ આ ડોસાએ પોતાની લગભગ આખી જીંદગી મોજશોખમાં ગાળી અને જ્યારે હવે તે વ્યવહારિક કે ધાર્મિક, કોઇ પણ કાર્ય કરવાને માટે અશક્ત છે ત્યારે પ્રભુકૃપાને ઇચ્છે છે ' પ્રભુકૃપા કંઇ વિના પ્રયાસે થાય છે? સત્યને શોધવાને માટે અને પાવન કરવા માટે પુરૂષાર્થ કરવુ જોઇએ. પુરૂષાર્થ રહિત મનુષ્ય ઉપર ઇશ્વરકૃપા શી રીતે થાય?”

સ્વામીજીના બોધથી ઘણા યુવાનો સંસ્કૃતનો અભ્યાસ કરવા લાગ્યા. સ્વામીજી જાતે પણ તેમને કેટલીક વખત શિખવતા. શિખવતે શિખવતે તેમને તે બોધ આપતા કે “સંસ્કૃતનો અભ્યાસ કરો અને સાથે સાથે પાશ્ચાત્ય વિજ્ઞાનશાસ્ત્રનો પણ અભ્યાસ કરો. દરેક બાબતમાં વ્યવસ્થિતપણું શિખો. અભ્યાસ કરો અને કાર્ય કરો કે જેથી કરીને તમે આપણી માતૃભૂમિના ઇતિહાસને વ્યવસ્થિતપણે ગોઠવી શકો. આપણી ભૂમિનો ઇતિહાસ ઇગ્રેજ લોકોએ લખ્યો છે પણ તે આપણા હૃદયને દુર્બલ બનાવે છે, કારણકે તેમાં ઘણુંખરૂં આપણી પડતીનોજ ચિતાર આવે છે. આપણી રીતભાત, રિવાજો, ધર્મ કે

અજ્ઞાનને સમજી શકે નહીં એવા લોકો ભારતવર્ષનો ખરો ઇતિ-
હાસ શી રીતે લખી શકે ? આપણા ઇતિહાસ વિષે આપણે દીલગીર
રૂડી રીતે કરશું તે આપણને યુરોપિયનોએ શિખવ્યું છે. હવે આ બાબતમાં
આપણે સ્વતંત્રપણે કામ કરવાનું છે. વેદ, પુરાણ અને પ્રાચીન હિંદનાં
ક્રોનિકલ્સ વગેરેનો અભ્યાસ કરો અને તે ઉપરથી ભારતવર્ષનો
ખરો, સહાનુભૂતિયુક્ત અને હૃદયંગમ ઇતિહાસ લખો. હિંદના
ઇતિહાસનો અભ્યાસ કરો અને તમને સમજાશે કે તે યુરોપિયનો લખે
છે તેમ એક લુટારો નહોતો, પણ એક પ્રજાનું બંધારણ બાંધનારો મહા
પુરુષ હતો. યુરોપિયન કૃત ઇતિહાસોથી આપણે દોરવાઇ જવું ન જોઇએ.
જેને તે સમજી શકતા નથી એવા આપણા પ્રાચીન ઋષિમુનિ માટે
તેમને શું માન હોય ? વૈદિક કાળથી તે બુદ્ધ પછીના ૭ હજાર વર્ષો
સુધીનો એક ઇતિહાસ આપણી પાસે નથી. અલબત્ત, હવે આ
બાબતમાં નવીનજ પ્રયાસ શરૂ થવા માંડ્યા છે, પણ હિંદુઓએ જ
પોતાનો ઇતિહાસ લખવો જોઇએ. આજ આ પ્રમાણિક શિક્ષણ છે
અને તેથી આપણે સ્વદેશનું ખરું ભાન આવી રહેશે.”

આ પ્રમાણે યુવાનોને શિખવતાં, બોધ આપતાં અને તેમનું
ચારિત્ર્ય ઘડતાં સ્વામીજી કેટલાક દિવસ અહીં રહ્યા. અહિં પણ
ઘણા તેમના શિષ્ય થયા હતા. નાના મોટા સૌ એમને મળવા અને
દિવસનો થોડોક સમય પણ તેમની પાસે ગાળતા.

સ્વામીજી અલવર છોડીને ગયા ત્યારે અનેક માણસો પગે
ચાલતા ચાલતા પચાસ સાઠ માઇલ સુધી તેમને વળાવવાને માટે
ગયા હતા.

અલવરથી સ્વામીજી પગ રસ્તે જેપુર ગયા. સાઠ માઇલ સુધી
તેમના શિષ્યો તેમની સાથે સાથે આવ્યા. રસ્તામાં મુકામ દેવસ્થાન
વાળાં સ્થળોમાંજ થતો.

એક સ્થળે નીલકંઠ મહાદેવનું સ્થાન હતું. ત્યાં અર્ધા રસ્તામાં સ્વામીજીએ પોતાની સાથેના શિષ્યોને અનેક બોધક રસપ્રદ વાતો કહી સંભળાવી. કૈલાસ આવ્યું એટલે મહાદેવની પ્રતિમા આગળ બેસાડીને સ્વામીજીએ નીલકંઠ નામ શી રીતે પડ્યું તે વિષેની પ્રાચીન કથા તેમને કહેવા માંડી. દેવોએ સમુદ્રનું મંથન કર્યું અને તેમાંથી વિષ નીકળ્યું ત્યારે તેનું પાન મહાદેવજી કરી ગયા અને તેમનો કંઠ ત્યારથી કાળો થયો. આથી તે નીલકંઠ કહેવાયા.

સમુદ્ર મંથનમાંથી નીકળતા ભયાનક ઝેરથી તેમને પરમ વેદના થતી અને તેઓ પછી દૂર કૈલાસશૃંગ તે બેઠા રહ્યા હતા. જ્યારે દેવતાઓએ વિનતી કરીને તેમની મદદ માગી ત્યારે તે એ ઝેર આવ્યા અને વિષનું પાન કરી ગયા! જગતના સુખને માટે પોતાનો જીવ તેમણે જોખમમાં નાખ્યો. કેવો સ્વાર્થત્યાગ!

સમગ્ર દેવ આપણને વશ થયા, તેના જેવા જ આપણને પણ ભાવના, ત્યાગ તેનું અનિષ્ટ જે જોખમનું તેને આપવું એમ થયું! આત્મકીર્તિ—વાસ્તુ—મહાદેવ મૂળથી નહીં કરતા તેથી વારે ઘણા અને તેમને ભગવાન કરી પૂજા કરે!

સ્વામીજીએ પોતાના શિષ્યોને અહીંથી પાછા વિદાય કર્યા અને પોતે એકલા આગળ ચાલવા લાગ્યા. અહીંથી તે અલ્મોરા ગયા અને ત્યાંના લોકોના ઘણો વખત ગાળ્યો. અલ્મોરામાં એક ધનિક ગૃહસ્થ શ્રીયુત લાલાજીને ત્યાં તેઓ રહ્યા. ત્યાં તે આવ્યા ત્યારે ઘણા સંન્યાસીઓ તથા વિદ્વાન ગૃહસ્થો તેમને મળવા અને આશ્ચર્યકારક બુદ્ધિશક્તિ ઉપર વિચાર કરવા આવતા. એક વખત આવું કરતાં એક સજ્જનનું સ્વામીજીએ એકદમ હૃદય આકર્ષણ કરીને એક મુખી તથા ગામના આગેવાન જેવા હતા. મેજીસ્ટ્રેટ મહાશયના મનમાં ભાવથી સુધારો અને ધર્મની ભાવના થતી ગઈ નીકળતા તેમણે તેમને

જોતા. બિરબાબો સ્વામીજી જાગી ઉઠ્યા. પાંચછ વિદ્યાર્થી અત્યંત ક્રોધી અમીરોનસાહેબના મનથી મળવા આતુર ઉભાજ લાગતા હતા. સ્વામીજી એકે વાત કરતાં તેમનો મર્મ ઉતરી ગયો અને આપ ધર્મની મર્મ તેમને સમજાયા. સ્વામીજીના બોલવી એમના ઉપર એટલી બધી અસર થઇ કે એમણે એમના રાજાને વાત કરી અને રાજાજી બોલ્યા " હું જાતે જઇને તેમને મળીશ " મહારાજાનો આ પ્રકારે સાંભળીને સ્વામીજી જાતેજ તેમને ઉતારે ગયા.

એકીવાર મહારાજાએ સ્વામીજીનો યથોચિત આદર સત્કાર કર્યો. કેટલાક દિવસ સુધી રાજાએ સ્વામીજીનો સમાગમ કર્યો. અતિ તેઓ બહુ આગ્રહ કરીને સ્વામીજીને એકો તેડી ગયા અને તેમના સત્સમાગમનો પુષ્કળ લાભ લેવા લાગ્યા. સ્વામીજીએ આદિ એક પંડિત પાસે પતંજલીકૃત મહાભાષ્ય શિખવા માંડ્યું. પીતાળ વખતમાં તે ગ્રંથ પુરો થઇ ગયો શિષ્ય પાસે શું થઇ રહ્યો ! એક વખત મહારાજાએ સ્વામીજીને એક પુસ્તક વાંચતા જોયા. તેઓ એટલી ઝડપથી વાંચતા કે જાણે પાના ફેરવ્યાજ કરતા હતા. કેમ કોઇ જમાને તે ઉપ મનનમાં પણ પડી જતા. આ જોઇ મહારાજ બોલી ઉઠ્યા " સ્વામીજી, આટલું જલદી તમે શી રીતે વાંચી શકો છો ? " સ્વામીજીએ જવાબ આપ્યો " બાળક પ્રથમ એકેક અક્ષર વાંચે છે પછીથી તેની દ્રષ્ટિ એકેક શબ્દનું ગ્રહણ કરે છે, અને મોટું થતાં તે વાક્યેનું ગ્રહણ કરે છે. આમ ધીમે ધીમે જેમ સમજશક્તિ વધતી જાય છે તેમ તેમ તેની દ્રષ્ટિ મોટા મોટા ફકરાઓને પણ જલદીથી ગ્રહી લે છે. આ સઘળાનો આધાર અભ્યાસ, અસ્ખલિત બ્રહ્મચર્ય અને મનની ગ્રહણ શક્તિ ઉપર રહેલો છે. ગમે તે પ્રયાસ કરે અને તેનો તેજ અનુભવ લેને થશે. "

મહારાજા અનેક વિષયોપર પ્રશ્ન પૂછતા. જીવન શું છે? કેળવણી શું છે? કાયદો શું છે? ઉત્તર આપતે આપતે સ્વામીજી સાંખ્યશાસ્ત્ર અને આધુનિક વિજ્ઞાનશાસ્ત્રની એકવાક્યતા દર્શાવવા લાગ્યા અને રાજ્યમાં વિજ્ઞાનશાસ્ત્રની કેળવણી આપવાનું રાજાને સુચવવા લાગ્યા. રાજાનો સ્વામીજી પ્રત્યેનો ભાવ અપૂર્વ હતો. રાજાજી તેમની સેવા કરતા અને તે એટલે સુધી કે સ્વામીજીના પગ પોતે જાતે દાબતા! સ્વામીજી ના કહેતા પણ રાજાજી બોલતા "હું તમારો શિષ્ય છું તમે મારો હક ગુમાવો નહી." ભારતવર્ષના કલ્યાણની અનેક યોજનાઓમાં સ્વામીજીને મદદ કરવાને આ મહારાજા સર્વદા તૈયારજ રહેતા. સ્વામીજી પણ તેમનો સાચો ભાવ જોઇને તેમના ઉપર અત્યન્ત પ્રીતિ રાખતા અને વખતો વખત પત્રથી તેમના અને જનસમાજના હિતનો બોધ આપ્યા કરતા.

એક વખત સૌંદર્ય ઋતુમાં મહારાજા અજીતસિંહજી બહાદુર કેટલાક મિત્રો સાથે પોતાના એક મહેલમાં બેઠા હતા. એ વખતે મહારાજાએ સ્વામીજીને બોલાવવાને પોતાના ખાનગી કારભારીને મોકલ્યો. સ્વામીજી આવ્યા અને મહારાજા જોડે વાત કરવા લાગ્યા. એટલામાં મહારાજાએ એક કન્યાને ગાવાનો હુકમ કર્યો. તેણે ગાવા માંડ્યું એટલે સ્વામીજીએ ઉઠીને જાવા માંડ્યું મહારાજાએ ઘણોજ આગ્રહ કર્યો અને કહ્યું ' સ્વામીજી, એનું ગાયન હૃદયમાં શુદ્ધ પ્રેમ ભાવોને જગાડે તેવું છે." સ્વામીજીએ એકાદ ગાયન સાંભળીને જવાનો વિચાર કર્યો અને પાછા ત્યાં બેઠા. આસપાસ પવનની લ્હેરો આવી રહી હતી. સર્વત્ર શાંતિ પ્રસરી રહી હતી. વાદ્યના સુર સાથે તે કન્યાનો સુર ભળી જતો હતો અને તેનું ગાયન મહુંજ મધુર બની રહ્યું હતું.

ગાયનને જે સમજે તેનાજ હૃદયમાં તેમાના અનેક ભાવ ઉત્પન્ન

થઇ શકે છે. સ્વામીજી જેવા સંગીતવેત્તા, ગાયનના ઉસ્તાદ, સંગીતના પરિક્ષક અને જ્ઞાનીપુરૂષના મનમાં ઉત્તમ કોટીના ગાયનથી આધ્યાત્મિક ભાવે ઉત્પન્ન થાય એમાં નવાઇ નથી.

આજકાલ સંગીતમાં શૃંગાર રસનેજ પ્રધાનપદ આપવામાં આવે છે, ગાનાર અને સાંભળનાર શૃંગારનેજ ચ્હાય છે, તેમજ સંગીત વિદ્યાના નિયમોનું પણ બરાબર પાલન થતું નથી. નહિ તો સંગીત એ પાંચમો વેદ છે અને મનને એકાગ્ર કરી ઇશ્વરમાં લગાડવાનું અતિ ઉપયોગી સાધન છે.

સંગીતની આ મહત્તા આજકાલ ભૂલી જવાય છે તેથીજ એ ધંધો અધમ ગણાય છે. મહારાજા અજીતસિંહજીના દરબારમાં તેમ નહોતું. પ્રભુના પરમભક્ત સુરદાસકૃત ભજન તે કન્યા ગાઇ રહી હતી. પ્રભુની સર્વ વ્યાપકતા અને અનેકવિધ મહત્તાનુંજ તે પ્રતિપાદન કરી રહ્યું હતું. ભજનના સુંદર શબ્દોમાં એક ભક્તની આત્મસાક્ષાત્કાર માટે તાલાવેલી જણાઇ આવતી હતી. કન્યા ઘણા ઉલ્લાસથી અને ભક્તિભાવથી તે ગાઇ રહી હતી.

સ્વામીજી સાંભળતે સાંભળતે સ્થિર થઇ ગયા. તેમના મુખ ઉપર અત્યંત તેજ છવાઇ રહ્યું. એક સમાધિનિષ્ઠ જેવા તે જણાવા લાગ્યા. ભક્તિભાવ તેમના હૃદયમાં ઉત્પન્ન થયો. તેઓ ભાવસમાધિમાં સ્થિર થઇ ગયા. કન્યાએ એવા ભાવ અને ઉંડી લાગણીથી ગાયું હતું કે તેના શબ્દોએ સ્વામીજીના હૃદયમાં અદ્ભુત આધ્યાત્મિક ભાવ જગાડ્યો હતો. ગાયન પુરું થયા પછી સ્વામીજીએ "ધન્ય માતા" કહીને ધન્યવાદ આપ્યો.

પ્રકરણ ૨૮ મું—ગુજરાત-કાઠીયાવાડ અને મુંબઈ ઇલાકામાં.

સંન્યાસીએ ઘણો વખત એકજ સ્થળમાં રહેવું ન જોઇએ એવો વિચાર કરીને સ્વામીજી હવે અજમેર ગયા અને ત્યાં થોડો વખત રહીને અમદાવાદમાં આવ્યા ગુજરાતના બાદશાહોએ બંધાવેલા ઐતિહાસિક સ્થળો તેમણે અહીંઆ જોયા. થોડોક વખત અહી રહ્યા પછી સ્વામીજી વઢવાણ થઇને લીંબડી ગયા. કોઇનું આમંત્રણ નહિ અને સ્વામીજી ક્યાં ઉતરવું તેના વિચારમાં પડી ગયા. સાધુઓને ઉતરવાનું એક સ્થળ તેમને બતાવવામાં આવ્યું સ્વામીજી ત્યાં ગયા અને થોડોક વખત રહ્યા. તેમને માલુમ પડી આવ્યું કે તે સ્થળમાં સ્ત્રીઓ અને પુરૂષો સાથે રહે છે અને તેઓ ધર્મ ને નામે અનાચાર કરે છે! દુનિયાદારીના અનુભવ વગરના સ્વામીજી ગભરાયા અને હવે ક્યાં જવું તેનો વિચાર કરવા લાગ્યા. તે સ્થળના સાધુઓએ ચારે બાજુનાં બારણાં બંધ કરી સ્વામીજીને અંદર પુરી રાખ્યા. તેમને જણાવવામાં આવ્યું કે તેમણે તેમના બ્રહ્મચર્યનો ભંગ કરવોજ પડશે. તેઓએ કહ્યું "તમે સાધુ છો! તમારૂં શરીર સુંદર છે! ઘણાં વર્ષ સુધી તમે બ્રહ્મચર્યનું પાલન કરેલું છે તો એવા બ્રહ્મચારી અને વરસની સેવાનો લાભ અમને મળવોજ જોઇએ. અમારે એક સાધના સાધવાની છે!" સ્વામીજી બહુજ મુશ્કેલીમાં આવી પડ્યા અને હવે અહીંથી કેવી રીતે છુટવું તેનો વિચાર કરવા લાગ્યા.

એક નાનો છોકરો સ્વામીજી પાસે આવતો હતો તેણે સ્વામીજીએ પોતાની હકીકત કહી. તે છોકરાએ પોતાનાથી બનતું કર્યું. સ્વામીજીએ એક ઠીકરાના કટકા વડે પોતાની હકીકત એક ઠીકરાં ઉપર લખી અને તે એ છોકરા દ્વારા પોલીસમાં

આ કાગળ લ્યો અને લીંબડીના ઠાકોર સાહેબને જલદીથી આપ અને આપણી હકીકત તેમને કહે." ઊલટાએ ઠાકોર સાહેબ પાસે જઈને આપણી હકીકત જાહેર કરી. ઠાકોર સાહેબે માણસો મોકલીને સ્વામીજીને છોડાવ્યા અને તે લોકો ઉપર ભયંકર ક્રોધ કર્યો.

હવેથી સ્વામીજી મહારાજ સાહેબના અતિથિ થયા અને ઘણા પંડિતો સાથે સંસ્કૃતમાં તેમણે શાસ્ત્ર ચર્ચા કરી. [illegible] જૂના ગ્રંથોમાંથી આ વખતે ત્યાં હાજર હતા; તે સ્વામીજીના જ્ઞાનથી અત્યંત પ્રસન્ન થયા અને જૂના વિચારના પંડિતો સાથે વાદવિવાદ કરવામાં સ્વામીજીએ જે સહિષ્ણુતા દર્શાવી હતી તેના ભારે વખાણ કરવા લાગ્યા.

લીંબડીથી તે જૂનાગઢ ગયા. જૂનાગઢની મુલાકાત વિષે લખતા રા. રા. કમળાશંકર હરિલાલ પંડ્યા લખે છે કે. "સ્વામીજીનું સાદું જીવન, આકર્ષકપણું, વિવિધ કળા અને વિજ્ઞાનનું તેમનું ઊંડું જ્ઞાન, તેમના વિચારોની વિશાળતા, ધર્મનિષ્ઠા, હૃદયમોહક વાક્શક્તિ, આકર્ષક શક્તિઓ અને અસાધારણ વ્યક્તિત્વ—આ સર્વથી અમારા મન ઉપર ભારે અસર થઈ. આ સદ્ગુણોની સાથે વળી સંગીતમાં તે કુશળ હતા અને પાકશાસ્ત્રમાં પણ પ્રવીણ હતા. અમને તેમના તરફ પૂજ્યભાવ હતો."

જૂનાગઢમાં વાતચિત કરતા સ્વામીજીએ ક્રાઇસ્ટના સાધુ [illegible] પાશ્ચાત્ય પ્રજાઓના આચાર, વિચાર, રહેણી કરણી, સાહિત્ય, સામાજિક રિવાજો અને કાયદાઓ ઉપર કેવી ભારે અસર થઈ રહી હતી તે સર્વને સમજાવ્યું. યુરોપમાં મધ્યકાળની જાહોજલાલી, રાફેલનાં ચિત્રો, સેંટ ફ્રાન્સીસની ભક્તિ, ગોથીક દેવાલયોની સ્થાપના, ઉદય અને પછી રાજકીય બંધારણનું અસ્તિત્વ, એ સર્વ ક્રાઇસ્ટ જેવા સંન્યાસીના બોધનાં પરિણામ હતાં એમ તેમણે જણાવ્યું.

તેમણે દિલગીરી દર્શાવી કે ઘણા ખરા પાદરીઓ હજી ક્રાઇસ્ટનું જીવન બરાબર સમજતા નથી અને તેના બોધ પ્રમાણે પોતાનું જીવન ગાળતા નથી. ક્રાઇસ્ટે કોઇ પણ ધર્મને વખોડયો નથી કે કોઇ પણ પ્રજાનો તિરસ્કાર કર્યો નથી છતાં અફસોસ, તેના અનુયાયીઓ આજે કેવું જીવન ગાળી રહેલા છે ! પછી તેમણે હિંદુધર્મની પાશ્ચાત્ય ધર્મવિચાર ઉપર કેવી અસર થઇ રહી હતી અને મધ્ય તથા પશ્ચિમ એશીઆના વિચારોની કેવી આપ લે થઇ રહી હતી તે જણાવ્યું. ઐતિહાસિક દૃષ્ટિએ હિંદુધર્મનું મહત્વ કેટલું બધું છે, પ્રાચીન હિંદના શિક્ષણની મહત્તા કેવી છે અને જગતમાં ધાર્મિક વિચારોને ફેલાવવામાં હિંદુઓનો આધ્યાત્મિક અનુભવ હવે કેવો ઉપયોગી થઇ પડશે, તે તેમણે ઘણીજ વિશાળ દૃષ્ટિથી સમજાવ્યું. સનાતન ધર્મની ખુબીઓ જણાવી; સર્વ સામાન્ય સિદ્ધાંતોની કસોટિએ તેમને ચ્હડાવીને પ્રાચીન ઋષિઓની દિવ્ય દૃષ્ટિનું ભાન કરાવ્યું અને આખરે શ્રીરામકૃષ્ણ પરમહંસની જીવનકથા કહી સંભળાવી.

હિંદની ભવ્ય પ્રાચીન ઇમારતો અને ખંડેરો જોઇને સ્વામીજી ઘણાજ ખુશી થતા. જુનાગઢમાં તે જોવાની તેમને સારી તક મળી. ગિરનાર પર્વત ઉપર હિંદુઓ, જૈનો અને બૌદ્ધોના અનેક દેવાલયો આવેલાં છે. સ્વામીજી ગિરનાર ઉપર ચ્હડયા અને ઘણા ભાવથી તે પ્રાચીન સ્થળો જોવા લાગ્યા. ઉંચામાં ઉંચા એક શિખર ઉપર જઇને તે બેઠા અને ત્યાંથી સમસ્ત ભારતવર્ષ ઉપર તે પોતાની દૃષ્ટિ નાખવા લાગ્યા. આખું ભારતવર્ષ એક તીર્થસ્થાન જેવું તેમને જણાયું. નાની નાની દેહેરીઓ અને મંદિરોવાળું જાણે કે તે એક ભવ્ય દેવાલય હોય એમ તેમને ભાસ્યું. મહાભારતના સમયની કીર્તિ તે નિહાળવા લાગ્યા. ત્યાંથી ઉતરીને એક ગુફામાં જઇને તે બેઠા અને કેટલાક દિવસ સુધી ત્યાં એકાંતમાં રહ્યા.

[illegible] [illegible] [illegible] [illegible] છે. [illegible] [illegible]
[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] અને [illegible] [illegible] [illegible] [illegible] [illegible] પણ [illegible]
[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] પણ [illegible] [illegible]
[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] અને [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] [illegible] અને [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] [illegible] [illegible] તે [illegible] [illegible] [illegible] અને
[illegible] [illegible] તે [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]
[illegible], [illegible] [illegible], [illegible] [illegible] [illegible] [illegible] અને [illegible]
[illegible] [illegible], [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] અને
[illegible] [illegible] [illegible] [illegible] [illegible] કહેવું છે. [illegible] [illegible]
[illegible] [illegible] હું [illegible] વિચાર [illegible] [illegible] તો [illegible] [illegible] [illegible]
[illegible]," [illegible] ન રહેતા, પણ [illegible] [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] કલ્પના [illegible] તેમની [illegible] [illegible] ? [illegible] [illegible] અને પણ [illegible] [illegible]
[illegible] [illegible] [illegible] [illegible] [illegible] અને તેમના [illegible] [illegible] [illegible] [illegible]

[illegible] તો [illegible] [illegible] અને [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] [illegible] તેમજ [illegible], [illegible] અને [illegible] [illegible]
[illegible] ઉપર [illegible] હતી. [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] જે [illegible] [illegible] [illegible] [illegible] તે તે [illegible] આર્થિક સ્થિતિનો
[illegible] અભ્યાસ કરતા. [illegible] [illegible] અને [illegible] [illegible] [illegible] તે
[illegible] વિચાર કરતા. [illegible] અને [illegible] સ્થિતિમાં સુધારો [illegible]

એવું સાધન વિચારવાને તેમનું હૃદય અનેક પ્રયાસો કરી રહ્યું હ. પ્રાચીન શાસ્ત્રકારોએ દર્શાવેલા માર્ગે દરેક હિંદુ રાજા પોતાનું રાજ્ય ચલાવે એમ તેમની પ્રબળ ઇચ્છા હતી. અધિકારીઓને તેમની જવાબ દારીનું તે પુરેપુરૂં ભાન કરાવતા અને પ્રજાના દુઃખના ભાગીદાર અને તેના કલ્યાણના સાધક તેઓ છે એમ તેમના મનમાં ઠસાવતા. જે રાજ્યમાં તે ગયા છે તે તે રાજ્યના દિવાનને સ્વામીજીએ પ્રજાની ઉત્પાદક શક્તિ વધારવાની જરૂરીઆત સમજાવી છે, આથી રાજ્યપદ્ધતિ બદલાતી છે અને જનસમૂહની સ્થિતિ સુધારવાની આવશ્યકતા દર્શાવી છે.

જુનાથી તે પ્રભાસપાટણ ગયા અને ત્યાંથી પોરબંદર ગયા અહીં આ તે રાજાના અતિથિ તરીકે રહ્યા. તેમના એક ગુરૂભાઇ સ્વામી ત્રિગુણાતીત તેમને ખોળતા ખોળતા અહીં આવી પહોંચ્યા પણ સ્વામીજીએ તેમને ઠપકો આપ્યો અને તેમની પાસે ફરીથી નહિ આવ વાનું કહ્યું. સ્વામીજી સદા એકાન્તવાસ અને ગુરૂભાઇઓથી દૂર રહેવાનું વધારે પસંદ કરતા હતા.

પોરબંદરના દરબારમાં શંકર પાંડુરંગ નામનો એક પંડિત હતો વેદોનું ભાષાંતર કરવાનું કાર્ય તે કરતો હતો. તેણે સ્વામીજીને તે કાર્યમાં મદદ કરવાની અરજ કરી. સ્વામીજીએ હા પાડી અને ઘણા ઉત્સાહથી ભાષાંતર કરવા લાગ્યા. અહીંઆં સ્વામીજીએ પતંજલિના મહાભાષ્યનું અધ્યયન પુરૂં કર્યું. તે પછી પંડિતની સલાહ લઇ તેમણે ફ્રેંચ ભાષાનો અભ્યાસ શરૂ કર્યો. સ્વામીજીમાં અસાધારણ બુદ્ધિ અને ઉંડા જ્ઞાનનો પરિચય થવાથી પંડિત શંકર પાંડુરંગ તેમને એક દિવસ કહેવા લાગ્યા: “સ્વામીજી, મને લાગે છે કે તમે આ દેશમાં કંઇ વધારે કરી શકશો નહિ. વિશાળ સમાજ કાર્યની કદર કરી શકે. તમે પાશ્ચાત્ય દેશોમાં જાઓ, ત્યાં લોકો તમારૂં કહ્યું સમજી,

કરશો અને તમારા કાર્યની કદર કરશે. પશ્ચિમમાં સનાતન ધર્મના સિદ્ધાંતોનો ઉપદેશ કરીને તમે પાશ્ચાત્ય વિદ્યા ઉપર એક પ્રકારનું નવુંજ અજવાળું પાડી શકશો." સ્વામીજી સાંભળી રહ્યા. તેમને લાગ્યું કે આ પંડિત ખરૂંજ કહે છે. બીજા પંડિતો પણ તેમને કહેવા લાગ્યા: "ખરેખર, સ્વામીજી તમે પશ્ચિમમાં જાઓ અને ત્યાં તમારા વિચારોથી જય મેળવીને પાછા આવો, અને પછી જુઓ કે તમારા દેશબંધુઓ તમારા વિચારોને કેવા અનુસરે છે!"

જુના વિચારના પુરૂષોના કુવામાંના દેડકા જેવા સંકુચિત વિચાર અને સુધારકોનું પરદેશીઓનું અંધ અનુકરણ, એ બંને ભૂલો સ્વામીજીની નજરે આવી રહી હતી. જેઓ ભારતવર્ષની પ્રજાના નેતાઓ થઈને ફરે છે તેમનું જ્ઞાન અસંસ્કારી છે, અને ચારિત્રમંદ છે, એમ તેમને લાગતું હતું. સર્વત્ર ઈર્ષ્યા, દુશ્મનાવટ અને કુસંપ તે જોતા હતા; પણ આ ઉપરની સપાટીની નીચે હૃદય તો આર્ય પ્રજાનુંજ રહેલું છે, એમ તેમનું માનવું હતું. તે અફસોસ કરતા કે જનસમૂહનું આવું ઉમદા હૃદય અત્યંત જુના વિચારના માણસોના વ્હેમ અને નવીન વિચારના માણસોના અંધ અનુકરણથી વધારે અધમ દશાને પ્રાપ્ત થતું જાય છે. પાશ્ચાત્યોની વિદ્યા અને તેમના ક્ષણિક વૈભવના ખોટા ચળકાટથી હિંમત હારેલા મનુષ્યો અંજાઈ રહેલા છે. તેઓ આર્ય પ્રજાનો ઘણા વર્ષનો અનુભવ ધૂળધાણી કરવા બેઠેલા છે.

પોરબંદરથી સ્વામીજી દ્વારકાં ગયા. અહીંઆ તેમનું સ્વદેશભક્ત અંતઃકરણ શ્રીકૃષ્ણ અને યાદવોના વિચારથી અત્યંત આનંદ ભોગવવા લાગ્યું; પણ બીજીજ ક્ષણે આસપાસનાં ખંડેરો જોઇને મહાભારતના સમયની કીર્તિનો નાશ થયેલો જોઇ તે અત્યંત ખેદ ધરવા લાગ્યું. સ્વામીજી સમુદ્રને કિનારે ગયા, ત્યાં બેઠા અને અનેક વિચાર કરવા લાગ્યા. કવચિત્ તેમના મુખ ઉપર આશાની વિસ્તીર્ણ પ્રભા આવી

રહેતી તો કદાચિત્ તે શોકની છાયાથી છવાઇ રહેતું ધારતા ભાગ્યા તે ગયા અને વિદ્યાપીઠ તરીકેની તેની જુની પુરાણી કીર્તિને સંભારી આંખમાં આંસુ લાવવા લાગ્યા. આખરે આશાપૂર્ણ હૃદયથી તે હિંદનુ યશસ્વી ભાવિ જોવા લાગ્યા.

દ્વારકાથી માંડવી અને માંડવીથી પાલીતાણા. એક સ્થળથી બીજે સ્થળે ફરતે ફરતે સ્વામીજીએ અનેક સ્થળોની મુલાકાત લીધી પાલીતાણામાં સ્વામીજી એક સંગીતવેત્તા તરીકે પ્રખ્યાત થઇ રહ્યા હતા. પછીથી તે વડોદરા ગયા અને ત્યાં દિવાન બહાદુર મણીભાઇ જશભાઇના અતિથિ તરીકે રહ્યા હતા વડોદરેથી તે ખંડવા ગયા અને બાબુ હરિદાસને ઘેર રહ્યા બાબુ હરિદાસ તેમના વિષે લખે છે કે "તેમની વાતચિતમાં અમને જરા પણ કંટાળો લાગતો નહોતો. તેમના ઉમદા વિચારો અને ઉચ્ચ ભાવો સ્વાભાવિક રીતેજ સાદી અને સરળ પણ પોતે પસંદ કરેલી ભાષામાં બહાર વહી રહ્યા હતા. તેમનામાં એક પ્રકારનું અદ્‌ભુત ગાંભીર્ય દેખાઇ આવતું હતું" અહીંઆના સીવીલ જડ્જે સ્વામીજીના માનમાં એક ખાણું આપ્યું અને તે સમયે સ્વામીજીએ સર્વને ઉપનિષદોમાંથી કેટલાક ફકરાઓ સમજાવ્યા ખંડવાથી મુંબઇ જતી વખતે બાબુ હરિદાસ તેમને કહેવા લાગ્યા "સ્વામીજી ! તમારૂં ભવિષ્ય ઘણું મોટું છે" સ્વામીજીએ જવાબ આપ્યો 'હું જાતે તે વિષે કાંઇ જાણતો નથી, પણ મારા ગુરૂજી મારે માટે અનેક ભવિષ્યો ભાખતા હતા." હરિદાસને આશિર્વાદ આપીને સ્વામીજી મુંબઇ જવાને ઉપડી ગયા.

પોતાના દેશના વિચારો અને લાગણીઓથી સ્વામીજીનુ હૃદય ભરી રહ્યું હતું ! મનમાં અનેક યુક્તિઓ, યોજનાઓ અને આશાઓ આવ્યા કરતી હતી ઘડીકમાં તે હિંદનુ યશસ્વી ભાવી નિહાળે અને ઘડીકમાં તે નિરાશાથી ખેદયુક્ત બની રહે. જાણે કે સમસ્ત ભારત-

વર્ષનું જીવન તેમના અભિલાષો અને સ્વરૂપોમાં પ્રગટ થવાનો પ્રયાસ કરી રહ્યું હોય તેમ સ્વામીજીનું અંતઃકરણ અનેક ભાવોને પ્રગટ કરવા લાગ્યું. તેમના હૃદયમાં અનેક વિચારોનું તુમુલ યુદ્ધ ચાલી રહ્યું.

આવી માનસિક અવસ્થાને ભોગવતા તે મુંબઈ આવી પહોંચ્યા. અહીંઆં ઘણા પંડિતો અને જુદાજુદાઓની તેમને મુલાકાત થઈ. સર્વને તે સનાતન ધર્મનો પુનરોદ્ધાર કરવાની સલાહ આપવા લાગ્યા. કેટલાકને તો જોઈને તેમને નિરાશા ઉત્પન્ન થઈ. તે કહેવા લાગ્યા "તેમને શું જ્ઞાન છે? તેમના મગજમાં કચરો ભરેલો છે." નવરચિત-વિચાર અને નૈસર્ગિક શક્તિનો અભાવ તે સર્વત્ર જોવા લાગ્યા. તેમનું મન હિંદ વિષેના અનેક પ્રશ્નોનું નિરાકરણ કરવાને પ્રયાસ કરી રહ્યું હતું. તેમને લાગ્યું કે હિંદુસ્તાનને પોતાની શક્તિનું અને સ્વાપનું ભાન થવું જોઈએ અને આપણા જુદા જુદા અનુભવો અને કર્મોનો ઇતિહાસ તેણે અવશ્ય શિખવો જોઈએ. જે શિક્ષિત પુરુષો ભારતવર્ષની અધોગતિ અને દુઃખ તરફ બેદરકારી દર્શાવી રહેલા હતા તેમને સ્વામીજી અત્યંત ઠપકો આપવા લાગ્યા. તેમના જુવાનોને તે કહેવા લાગ્યા: "હિંદુ વિચારો રૂપી પાણી વગરનું તમારૂં જ્ઞાન શા કામનું છે?"

મુંબઈમાં સ્વામીજી રામદાસ છબીલદાસ બેરીસ્ટરને ઘેર રહ્યા. અહીંઆં વેદનો અભ્યાસ તેમણે આગળ વધાર્યો. પછી તે પુના ગયા અને લોકમાન્ય બાલ ગંગાધર તિલકને ઘેર રહી તેમની સાથે ઘણા વિષયો ઉપર વિચાર કર્યો. પછી તે બેલગામ ગયા અને ત્યાં બાબુ હરિપદ મિત્ર-ફોરેસ્ટ ઓફિસરને ઘેર કેટલાક દિવસ રહ્યા. તેમની મુલાકાત વિષે બાબુ હરિપદ લખે છે કે, "સને ૧૮૯૨ ના ઓક્ટોબર માસની અઢારમી તારિખ અને મંગળવારનો દિવસ હતો. એક મજબુત બાંધાનો સંન્યાસી સાયંકાળના સમયે મારી પાસે આવ્યો. તેનો ચહેરો હસમુખો હતો. એક વકીલ—મારા મિત્રે તેને વિદ્વાન બંગાળી સંન્યાસી તરીકે ઓળ-

ખાવ્યો. મેં તેના તરફ જોયું તો એક શાંત ભવ્ય મૂર્તિ અને તે લાગી. તેની આંખો વિજળીની માફક ચમકી રહી હતી. ભગવું વસ્ત્ર તેણે ધારણ કર્યું હતું અને માથે ભગવો ફેંટો બાંધેલો હતો. એને જોઇને એમ લાગતું હતું કે તે કોઇ મહાપુરૂષ હશે. મારૂં હૃદય એકદમ તેના તરફ ખેંચાયું. આ વખતે પાશ્ચાત્ય શિક્ષણને લીધે હું દરેક સાધુને ઢોંગી ધારતો હતો અને ઇશ્વર કે ધર્મને બીલકુલ માનતો નહોતો. આથી મેં ધાર્યું કે તે કંઇ માગવાને આવેલા હશે. મેં તેમની સાથે વાત કરી અને મારા આશ્ચર્યનો પાર રહ્યો નહિ. મને લાગ્યું કે મારા કરતાં તે હજાર દરજ્જે ચઢીઆતા છે. તેમને કશુએ જોઇતું નથી. મેં તેમને મારી સાથે રહેવાનું કહ્યું, પણ તેમણે ના પાડી. ઘણું કહ્યા પછી બીજે દિવસે સવારે મારે જમવા આવવાની હા પાડી."

બીજે દિવસે હરિપદ બાબુ સ્વામીજીની રાહ જોતા બેસી રહ્યા, પણ તે આવ્યા નહિ. પછી તે જાતે પેલા વકીલને ઘેર ગયા અને ત્યાં એક મોટી સભા ભરાયલી જોઇને આશ્ચર્ય પામ્યા. નમસ્કાર કરીને તે ત્યાં બેઠા અને અંગ્રેજી, હિંદી, બંગાળી તથા સંસ્કૃતમાં ઝટ ઝટ જવાબ આપતા સ્વામીજીને જોઇને ચકિત થઇ ગયા. એક મનુષ્ય તેમની પાસે આવ્યો અને હકસલીના ગ્રંથો ઉંડા જ્ઞાનથી ભરપુર છે એમ ધારી તે ગ્રંથોમાંથી અનેક આધારો બતાવી પોતાના સિદ્ધાંતોનું સમર્થન કરવા લાગ્યો. સ્વામીજીએ પણ હકસલીના ગ્રંથોનો અભ્યાસ કર્યો હતો અને તેથી તે તેના તર્કોને ઝટ ઝટ તોડવા લાગ્યા. બાબુ હરિપદ તો આશ્ચર્યચકિત બની ગયા અને સ્વામીજીનો શબ્દે શબ્દ ધ્યાન દઇને સાંભળી રહ્યા.

સર્વેના ગયા પછી સ્વામીજીએ હરિપદ બાબુને કહ્યું: "મારાથી આવી શકાયું નહીં તેને માટે માફ કરજો. આટલા બધાની લાગણી દુખાવ્યા વગર હું કેવી રીતે આવી શકું?" પછીથી તે વકીલને કહીને

તે સ્વામીજીને પોતાને ઘેર તેડી ગયા અને ત્યાં થોડા દિવસ રાખ્યા. અનેકવાર ધાર્મિક વિષયો ઉપર વાત ચાલતી. અનેક વખત તેમણે પોતાના ઊંડા જ્ઞાનનો લાભ હરિપદ બાબુને આપ્યો. બાબુને હવે લાગ્યું કે સ્વામીજી ધાર્મિક વિષયોમાંજ પ્રવીણ છે, એટલુંજ નહિ પણ વ્યવહારિક જ્ઞાનમાં પણ તે આગળ પડતા છે. એક વખત "પીકવીક પેપર્સ" માંથી ફકરાના ફકરા સ્વામીજી મ્હોડે બોલવા લાગ્યા. આ જોઇને બાબુજી ચકિત થઇ ગયા. આવા સાધુને પણ આવા વ્યવહારિક જ્ઞાનનાં પુસ્તકો મ્હોડેને મ્હોડે છે એમ જાણી તે આશ્ચર્યથી પુછવા લાગ્યાઃ "તમે તે કેટલી વખત વાંચેલી છે?" સ્વામીજી બોલી ઉઠયાઃ "ફક્ત બેજ વખત!" બાબુજી બોલ્યા "બે વખત વાંચવાથી તે શી રીતે આટલું બધું મ્હોડે થઇ જાય?" સ્વામીજીએ જવાબ આપ્યોઃ "કર્મેંદ્રિયોને વશ રાખવાથી મનની શક્તિ વધે છે. કર્મેંદ્રિયો દ્વારા વહી જતી શક્તિઓને રોકીને તથા એકત્ર કરીને તેમને માનસિક અને આધ્યાત્મિક શક્તિઓમાં ફેરવી નાખવી જોઇએ. તેને નિરંકુશ મોજશોખમાં વાપરી નાખવાથી માણસ નિર્બળ, દુઃખી અને આત્મશક્તિ વિનાનો બની રહે છે."

એક વખત સ્વામીજી લાઇબ્રેરીમાંથી આણેલી એક ચોપડીને વાંચી રહ્યા હતા. વચમાં વચમાં તેઓ હસતા પણ દેખાતા હતા. હરિપદ બાબુ આવી તેમની પાસે ગયા. પંદર મિનિટ સુધી ત્યાં તે ઉભા રહ્યા. એ પછીથી તેમણે સ્વામીજીને બોલાવ્યા ત્યારેજ તે બોલ્યા હતા. આ જોઇને બાબુજી પુછવા લાગ્યાઃ "હું અહીંઆં પંદર મિનિટથી ઉભો છું અને તમે મને જોયો પણ નહિ." સ્વામીજી બોલ્યા "આ સર્વ મનની એકાગ્રતાને લીધેજ છે. જે પણ કાર્ય કરવું તે સારી રીતેજ કરવું જોઇએ અને સારૂં કરવા માટે મનને તેમાં પુરેપુરૂંજ પરોવી દેવું જોઇએ."

બાબુ હરિપદ આગળ લખે છે કે "સ્વામીજી વાતચિતમાં વારંવાર ગમતી અને આનંદી જણાતા. એક ક્ષણે તે તત્ત્વજ્ઞાનના ફુટ પ્રશ્નોનો ગંભીર ભાવે જવાબ આપતા અને બીજી ક્ષણે હસતા અને આનંદ કરતા ! અનેક માણસો તેમની પાસે સત્સંગને માટે આવતા અને દરેક સાંજે એક મોટી સભાજ મારે ઘેર ભરાઇ રહેતી. બાગ ચોકમાં આવેલા એક સુખડના ઝાડ તળે બેસીને તેમણે મને જે બોધ આપ્યો છે તે હું કદી ભૂલી જનાર નથી."

આધુનિક સમયમાં શરીરને જરાક કંઇક થયું કે તરતજ માણસો ઔષધોનો ઉપયોગ કરે છે. વિદ્યાર્થીઓ, વકીલો, જડજો કે ધંધાદારીઓ, જરાક શરીરને બેચેની લાગી કે દવાનો ડોઝ લેવા તૈયાર થઇ જાય છે ! આથી પૈસા બગાડવા ઉપરાંત શરીરને પણ નુકશાન જ પહોંચે છે. જુલાબ લેનારને તુરતમાં તો શરીર હલકું લાગે છે; પણ એથી કરીને આતરડાની શક્તિ કમી થઇ થોડા દિવસમાં વધારે બંધકોષ થએલો જણાય છે અને જુલાબનો વધુ મોટો ડોઝ લેવાની જરૂર પડે છે. બીજી બાબતોમાં પણ જરા જરામાં દવા લીધા કરવાથી શરીરને છેવટે નુકશાનજ પહોંચે છે. બાબુ હરિપદને પણ આ પ્રમાણે વારંવાર દવાઓ લેવાની ટેવ હતી. સ્વામીજીએ તેમને તે ટેવ છોડી દેવાનો બોધ આપ્યો. તેમણે કહ્યું કે શરીરના ઘણા રોગો મનની નબળાઇને લીધે અને અયોગ્ય આહારવિહારને લીધેજ ઉત્પન્ન થાય છે; માટે એ સ્થિતિનેજ મૂળમાંથી બદલી નાખવી જોઇએ. સ્વામીજી વળી કહેવા લાગ્યાઃ "હમેશા રોગનોજ વિચાર ન કર્યા કરો અને સદાએ હસમુખો ચ્હેરો રાખો. સદાચારથી વર્તો અને ઉચ્ચભાવનાઓ રાખો. નિર્દોષ આનંદ કરો, પણ તમારા શરીરને નુકશાન કરે એવા વિષયસુખમાં કદીએ ગરક થઇ જશો નહિ. એટલે પછીથી સઘળું સારૂંજ થશે." આ સાંભળ્યા પછી

બાજુ હરિપદે ધોરણ બાબત કરવાની ટેવ છોડી દીધી હતી.

હરિપદ બાબુને પોતાના ઉપરી અધિકારીઓ જોડે કોઈ કોઈ વખત બનતું નહી અને તેથી કરીને તે મનમાં ખિન્ન રહેતા. સ્વામીજીએ તેમને સમજાવ્યું કે "જો નોકરી અનુકૂળ હોય ને છોડી દેવી હોય તો તેમ કરવાની તમને છૂટ છે. પરંતુ ઉપરીઓના દોષો શા માટે મનમાં લાવ્યા કરવા! નોકરીમાં દુઃખ પડતું હોય તો તમે તમારી ફરજો અને તેટલી સારી રીતે બજાવ્યા કરો. એટલે બીજાઓ ઉપર અસર થાય તેમ હશે તો એથી કરીને સારી અસર થશે. તમે આવા ઘાત એટલે આખી દુનિયા બદલી શકો. બીજાના દોષો જોવાની આદત ટેવ છોડી દો અને પછી જુઓ કે તમારા શત્રુઓ પણ તમારા તરફ કેવા સ્નેહથી વર્તે છે! આપણા પ્રત્યેની લોકોની વર્તણુંક આપણી જ માનસિક સ્થિતિનું પ્રતિબિંબ છે."

હરિપદ બાબુએ આગળ એક વખત ભગવદ્‌ગીતાનો અભ્યાસ કરવા માંડ્યો હતો, પણ તેમાં તેમને કંઈ રસ અને ઉપયોગીતા નહિ લાગવાથી તે અભ્યાસ તેમણે છોડી દીધો હતો. સ્વામીજીની પાસે તે અભ્યાસ પાછો શરૂ કરતાં તેમને જણાયું તે વિષે તેઓ કહે છે કે, "તે વખતેજ મને ભાન થયું કે ગીતાજી એક અદ્ભુત પુસ્તક છે. વ્યવહારિક જીવનમાં ગીતાજીના સત્યનો કેવી રીતે ઉપયોગ થાય તે હવે હું બરાબર સમજ્યો. સ્વામીજીના બોધથી એકલી ગીતાનેજ હું ચ્હાવા લાગ્યો, એટલુંજ નહિ પણ ઉપનિષદ વગેરે આર્ય ગ્રંથોની અને ટોમસ કાર્લાઇલ અને ઇમર્સનના ગ્રંથોની પણ કીમત હું સમજવા લાગ્યો."

"માગનાર પ્રભુને નામે માગે છે અને આપનાર પ્રભુને નામે આપે છે! દરેક વ્યક્તિ—માગનારમાં પ્રભુનેજ જુઓ, અને એનો

ઉપકાર માનો કે એ તમને ઘેર રહેવાની અને તમારા આત્માનો વિકાસ કરવાની તક આપે છે."

આ પ્રમાણે અનેક વિષયો ઉપર વાત ચાલતી. ધર્મ વિષે વાત કરતાં કરતાં સ્વામીજી અનેકવાર કહેતા કે, "મારા શિષ્ય, વાતો-ડિયાઓનો પાર કંઈ આવવાનો નથી. ધર્મને ખાતર માટી અનુભવ ... પ્રાપ્તિ અથવા ખરા રૂપમાં સમજાય છે."

ધાર્મિક વિષયો સમજાવતાં સ્વામીજી પાશ્ચાત્ય વિજ્ઞાનશાસ્ત્રો-માંથી અનેક પુરાવા આપતા અને તેમનું પદાર્થ વિજ્ઞાનશાસ્ત્ર, ખગોળવિદ્યા, ભૂસ્તરવિદ્યા વગેરેનું જ્ઞાન જોઈને શ્રોતાઓ ચકિત થઈ જતા. ધાર્મિક વિષયો કરતાં તે સામાજીક વિષયો ઉપર આગ્રહ અને મહત્ત્વ ... આજ્ઞાનતાની વિગતિ ... તો કહેતા કે હિંદ ... કુદરતના નિયમોની ખબર નથી. તેઓ ... પીવામાં અને ખાવામાં ... છે. ... અને ... થયો છે.

... અને ... સ્વામીજીએ ... ... સ્વામીજીને ... "... નથી." ... હું ... છું."

પ્રકરણ ૨૯ મું—કન્યાકુમારીમાં.

બેલગામથી સ્વામીજી બેંગલોર આવ્યા. અહીંઆં થોડાક દિવસ અપ્રસિદ્ધપણેજ રહ્યા. પણ ધીમે ધીમે તેમના ચારિત્ર્યનો પ્રભાવ લોકોના મન ઉપર પડવા લાગ્યો અને આખરે માઇસોરના દિવાન સર. કે. શેષાદ્રિ આયર સાથે તેમને ઓળખાણ થયું. દિવાનના અતિથિ તરીકે હવે સ્વામીજી રહેવા લાગ્યા. હિંદુધર્મના અને અન્ય ધર્મના અનેક મનુષ્યો હવે તેમની પાસે આવવા લાગ્યા. માઇસોર રાજ્યના સબાહદાર અબદુલ રહેમાન સાહેબ તેમની પાસે કુરાનમાંથી કેટલીક શંકાઓ પૂછવાને આવ્યા. એક હિંદુ સંન્યાસીનો કુરાનનો ઊંડો અભ્યાસ જોઇને તે ઘણુંજ આશ્ચર્ય પામ્યા. સર શેષાદ્રિ આયર તેમના વિષે કહેવા લાગ્યાઃ "એમના જેવું જ્ઞાન મેં કોઇનામાં પણ જોયું નથી. ને ખરેખર આશ્ચર્ય ઉપજાવે એવુંજ છે. આટલી નાની વયમાં વેદ વેદાન્તના જ્ઞાન સાથે બીજું પણ આટલું બધું જ્ઞાન એમણે શી રીતે પ્રાપ્ત કર્યું હશે? મારા મકાનમાં જાણે કોઇ દેવતાએ આવીને વાસ કર્યો હોય એવુંજ મને તો તે આવ્યા ત્યારથી લાગ્યા કરે છે!" દિવાન સાહેબે માઇસોરના મહારાજા શ્રી ચામરાજેન્દ્ર જોડે સ્વામીજીની મુલાકાત કરાવી. સ્વામીજીની વિશાળ બુદ્ધિ, ચારિત્ર્યનો પ્રભાવ, ઊંડું જ્ઞાન અને શાસ્ત્રમાં સંપૂર્ણ પ્રવેશ-આ સર્વથી મહારાજા સાહેબ અંજાઇ ગયા. સ્વામીજીને રાજમહેલમાંજ હવે રાખવામાં આવ્યા અને મહારાજા ચામરાજેન્દ્ર અનેક પ્રકારે તેમના સત્સંગનો તથા સેવાનો લાભ લેવા લાગ્યા.

એક દિવસ મહારાજા પોતાના અધિકારીઓની સમક્ષ સ્વામી-જીને પૂછવા લાગ્યાઃ "સ્વામીજી, મારા અધિકારીઓ વિષે તમે શું ધારો છો?" સ્વામીજીએ હસતે હસતે જવાબ આપ્યો. "મહારાજા,

અધિકારીઓ તો સર્વત્ર અધિકારીઓ જેવાજ હોય છે!" અધિકારીઓને આથી જરા ખોટું તો લાગ્યું, પણ તેઓ જાણતા હતા કે સંન્યાસીઓ જેવું જુએ છે તેવુંજ કહી દે છે. સ્વામીજીની આવી સ્પષ્ટવક્તા જોઇને એક દિવસ મહારાજા તેમને કહેવા લાગ્યા કે "સ્વામીજી, તમે જો આવા સ્પષ્ટવક્તા થશો તો કોઇ દિવસ તમારી જીંદગી જોખમમાં આવી પડશે." સ્વામીજી જરા ગુસ્સો કરીને બોલ્યા: "પણ તેથી શું મારે અસત્ય ભાખવું? શું મારે ખુશામત કરવી? મનમાં એક વાત ને મ્હોડે બીજી વાત—એ પોલીટીકલપણું રાજ્યારૂપી માણસોનેજ મુબારક! પહેરવાના કપડા લેવા અરથ ખુદ પોતાના શરીરને કે ઘરને વેચવા જેવું એ છે. પણ બિચારા મોહવશ પ્રાણીઓ તે વાત ન સમજતા હોવાથી શુદ્ર તાત્કાલિક લાભને ખાતર પોતાને હાથેજ પોતાને હણે છે. અમારે સંન્યાસીઓનું તો સત્યતા—સત્યવક્તાપણું એ સર્વથી મુખ્ય કર્તવ્ય છે."

ખાઇઓર દરબારમાં એક ઓરૂીયન ગવૈયો હતો. તેની જોડે સ્વામીજીએ યુરોપિયનોના સંગીત વિધા વિષે ખૂબ ચર્ચા કરી. યુરોપ અને પશ્ચિમની સંગીતવિદ્યાઓનું આટલું ઉંડું જ્ઞાન સ્વામીજી ધરાવે છે *એમ જાણીને સર આમેદ પામ્યા. એક વિદુષ્યાઓ રાજમહેલમાં વિજ્ઞાનીના દિવા મોકલતા હતા. તેની સાથેની તેમની વાતો ઉપરથી તે વિષયમાં પણ સ્વામીજીનું જ્ઞાન તે વિદુષ્યાઓ કરતાં વધારે સર્વેને જણાયું.

એક દિવસ દરબારમાં મોટી સભા ભરવામાં આવી. ઘણા પંડિતો એકઠા થયા. વિષય વેદાન્તનો હતો. દિવાન સાહેબ પ્રમુખ પદે બિરાજ્યા હતા. પંડિતોનો વિચાર એક બીજાની સાથે નહિ મળવાથી છેવટે સ્વામીજીએ સર્વના મનનું સમાધાન થાય તેવી રીતે વેદાન્તના સિદ્ધાંતોનું સર્વ સ્વરૂપ,—સર્વવ્યાપક અને અનુકૂળતા પ્રતિપાદન કરી. તેના સિદ્ધાંતોને માત્ર પ્રાચીન ટીકાઓથીજ

આસે તેમણે તેના ઉપર નવો પ્રકાશ પાડીને નવી યુક્તિથી તે સમજાવ્યા. સઘળા પંડિતો એક અવાજે તેમના વખાણ કરવા લાગ્યા.

સ્વામીજી તરફ પોતાનો પૂજ્યભાવ વધી જવાથી એક દિવસ દિવાન સાહેબે તેમને કંઇ ભેટનો સ્વીકાર કરવાની અરજ કરી. પોતાના ખાનગી કારભારીને તેમણે હુકમ કર્યો કે સ્વામીજીને બજારમાં ફેરવો અને એમને જે જોઇએ તે અપાવો. એક હજાર રૂપિયા સુધીનો માલ અપાવવાની આજ્ઞા કરવામાં આવી. સ્વામીજી તે ખાનગી કારભારી જોડે બજારમાં ગયા અને બધી દુકાનોએ ફરીને દિવાનની ઇચ્છાને માન આપવા સારૂ તેમણે એક સીગારેટ ખરીદી અને તે પીતા પીતા દિવાન સાહેબ પાસે આવ્યા! તેમને જોઇને દિવાન સાહેબ ખડખડ હસી પડ્યા. ખરા સંન્યાસીઓ કેવા હોય છે એ જોઇને તેમના આશ્ચર્યનો પાર રહ્યો નહિ.

એક દિવસે મહારાજા સાહેબે સ્વામીજીને કહ્યું: "સ્વામીજી, મારે તમારી કંઇ સેવા કરવી છે તે શી રીતે કરૂં?" સીધો જવાબ નહિ આપતાં સ્વામીજી પોતે માથે ઉપાડી લીધેલા કાર્યનું વર્ણન કરવા લાગ્યા. હિંદની આર્થિક સ્થિતિ વિષે તે બોલવા લાગ્યા. તેમણે કહ્યું કે હિંદુસ્તાન પાસે તત્ત્વજ્ઞાન અને ધર્મનો મોટો ભંડાર રહેલો છે અને તેને આધુનિક વિજ્ઞાનશાસ્ત્રના સિદ્ધાંતોનો અભ્યાસ કરવાની ખાસ જરૂર છે. તે પોતાનો ધાર્મિક ખજાનો પાશ્ચાત્ય પ્રજાઓને આપે અને પાશ્ચાત્ય પ્રજાઓ આપણને ખેતીવાડી, ઉદ્યોગો અને બીજી કળાઓનું જ્ઞાન સંપાદન કરવાને સાધન પુરૂં પાડી આપણી આર્થિક સ્થિતિ સુધારવામાં આપણને મદદ કરે એવું કરવા માટે મને તે મુલકોની મુસાફરી કરવાની જરૂર જણાય છે. મહારાજા સાહેબે તેજ વખતે તેમની મુસાફરીનું ખર્ચ આપવાનું વચન આપ્યું. "હિંદનો પુનરોદ્ધાર કરનાર અવતારી પુરૂષ" તરીકે સ્વામીજીને તેઓ માનવા

લાગ્યા. હિંદુ પ્રજાનો ખરો જુસ્સો તેમનામાં રહેલો છે એમ ગણવા લાગ્યા.

સ્વામીજી તરફ મહારાજા સાહેબનો એટલો બધો પૂજ્યભાવ થઈ રહ્યો કે તેમણે પાદપૂજા માટે સ્વામીજીને અરજ કરી; પરંતુ સ્વામીજીએ તેની ના પાડી. રાજાજીએ કેટલીક મહોરોનો સ્વીકાર કરવાની અરજ કરી, તે પણ તેમણે લીધી નહિ. અંતે મહારાજાનો ઘણોજ આગ્રહ હોવાથી સ્વામીજીએ તેમાંથી એક નાની જેવી ચીજનો સ્વીકાર કર્યો. યાદગીરી માટે સ્વામીજીના કેટલાક સુંદર ફકરાઓ વાક્યો ફોનોગ્રાફમાં ઉતારી લેવામાં આવ્યા. તે વાક્યોની પ્લેટ માયસોર દરબારમાં જાળવી રાખવામાં આવેલી છે. ઘણા દિવસ થવાથી હવે સ્વામીજીએ જવાની રજા લીધી. જતી વખતે મહારાજા તેમને પગે પડયા. દિવાને કેટલીક નોટો તેમના ખીસ્સામાં મૂકી દેવાનો પ્રયાસ કર્યો. સ્વામીજીએ કહ્યું કે 'કોચીન સુધીની ટીકીટ મને લઈ આપો એટલે બસ' મારે રામેશ્વર જવું છે, પણ થોડાક દિવસ કોચીનમાં ગાળીશ." દિવાન સાહેબે નિરાશ થઈને સેકન્ડ ક્લાસની ટીકિટ તેમને લઈ આપી.

કોચીનમાં થોડાક દિવસ રહ્યા પછી સ્વામીજી ત્રીવેંદ્રમ ગયા. અહીં આ તેમને ત્રાવણકોરના મહારાજાના શિક્ષક પ્રોફેસર સુંદરરામ આયર અને સાયન્સના પ્રોફેસર રંગાચારીઅર મળ્યા. તેમની એ મુલાકાત વિષે એસ. કે. નર લખે છે કે

“ આ બંને સદ્‌ગૃહસ્થો અંગ્રેજી અને સંસ્કૃતના ઉંડા અભ્યાસી હતા અને તેથી કરીને સ્વામીજી જોડે વાત કરતાં તેમને અત્યંત આનંદ અને લાભ મળ્યો. જે કોઈ સ્વામીજીને મળે તે તેમના મુખ ચ્હેરા અને ચારિત્ર્યથી અંજાઈ જતું. એક પછી એક મળે ત્યારે આકૃતિને તેમના પ્રશ્નોનો જવાબ આપવાની સ્વામીજીની અજબ

શક્તિ હતી. વાત ગમે તો સ્પેન્સર વિષે હોય; ગમે તો કાલીદાસ કે શેક્સપીયર વિષે હોય; ડાર્વીનનો પ્રગતિવાદ, યાહૂદીઓનો ઇતિહાસ, આર્ય સંસ્કૃતિનો વિકાસ, વેદધર્મ, મુસલમાન ધર્મ કે ખ્રિસ્તી ધર્મ, ગમે તે વિષે પ્રશ્ન પૂછ્યો હોય, પણ સ્વામીજીના મુખમાંથી તેનો તરતજ યોગ્ય જવાબ નીકળી આવતો.' તેમના ચ્હેરા ઉપર સરળતા, સાદાઇ અને ભવ્યતા સદા તરવરતાં રહેતાં. પવિત્ર અંતઃકરણ, તપસ્વી જીવન, ખુલ્લું હૃદય, ઉદારવૃત્તિ, વિશાળ દૃષ્ટિ અને સર્વને માટે લાગણી—આ સ્વામીજીના ખાસ લક્ષણો એ સમયે પણ તેમનામાં સારી પેઠે જણાઇ આવતાં હતાં."

પ્રોફેસર સુંદરરામના પુત્ર લખે છે કે, "જાણે એક રાજકુંવર આવતો હોય તેવો દેખાવ તેમનો લાગતો હતો. તેમણે એ સંન્યાસીનો ઝભ્ભો પહેર્યો ન હોત તો અમે તેમને એક રાજકુંવરજ ધાર્યા હોત. તેમના વિચારો અદ્ભુત હતા. ભારતવર્ષના ભાવીનો આખો પ્રશ્ન તેઓ પોતાના મનમાં વિચારી રહ્યા હતા અને તેનો ઉકેલ તેમને નવી એકતામાં અને નવ શક્તિઓની ખીલવણીમાં જણાઇ રહ્યો હતો. તેઓ એક અલૌકિક પુરુષ હતા. ત્રિવેન્દ્રમમાં સઘળાં લોકો બોલ્યા કે 'ભારતવર્ષનું કલ્યાણ કરવાનેજ આ મહાપુરુષનો જન્મ થયેલો છે.'"

હવે સ્વામીજી મદુરા ગયા. ત્યાં રામનાદના રાજા ભાસ્કર સેતુપતિની તેમણે મુલાકાત લીધી. એ રાજા પણ ભાવિક અને સુશિક્ષિત હતો. સ્વામીજીનું જ્ઞાન અને ત્યાગ જાણીને તે તેમનો શિષ્ય થઇ ગયો. સ્વામીજીએ પોતાના ભારતના ભ્રમણના અને ખૂબ કર્મનો નિર્ણય જણાવ્યો; ભારતના અનેક વિષયો તેને કહ્યા. ભારતવર્ષના આધુનિક અને આ દિવસની મુશ્કેલીઓ વિષે તેમના જુસ્સાથી વાતો કરી. રાજાના મન ઉપર તેની ભારે અસર થઇ. તેમણે સ્વામીજીને શિકાગો જનારી સર્વધર્મ પરિષદમાં જવાની અરજ

કરી અને કહ્યું કે પ્રાચીન ઋષિઓના સર્વોપરી સિદ્ધાંતો અર્વાચીન
[illegible] આપણા મૂકવાનો અને તેમ કરીને હિંદના મહત્ કાર્યોનો [illegible]
[illegible] તે એક સારો લાભ છે. સ્વામીજીને માટે આપવાનું [illegible]
[illegible] હતું, પણ સ્વામીજી [illegible] ન બાબતમાં અનિશ્ચિત હતા તેથી
ન બાબતનો વિચાર કરીને આપણા ઉપર જવાબ આપવાનું [illegible]
[illegible] અને ન ગમેશ્વર જવાને ઉપડી ગયા.

રામેશ્વર દક્ષિણ હિંદુસ્તાનનું [illegible] છે. રામેશ્વરનું દેવાલય
[illegible] લાંબું અને પહોળું છે. એક સો ફૂટ ઉંચા દરવાજામાંથી
ન દેવાલયમાં જવાય છે. તે દેવાલય [illegible] લાંબું અને [illegible]
[illegible] પહોળું છે. તે મોટા મોટા [illegible] અને [illegible]
[illegible] અને મોટા [illegible]
[illegible] નજરે આવે છે.

[illegible] નિયમ પૂરો થયો છે [illegible] વિચારી
[illegible] રામેશ્વર [illegible] પ્રમાણ કરી [illegible]
[illegible] મનમાં [illegible]
[illegible] કરી [illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible] સ્વામીજી [illegible]
[illegible]
[illegible] ઋષિઓની [illegible] અને [illegible]
[illegible]
[illegible]

વખાણ કરી રહ્યા. રામેશ્વરમાં તેમણે હિંદુ જીવનની અગાધતા અને વિશાળતાનું બારીક નિરીક્ષણ કર્યું. તેમણે જોયું કે ભારતવર્ષના સઘળા દેશો હિંદુઓનાં જુદા જુદા આદર્શો દર્શાવે છે અને તે આદર્શો એકજ પ્રભુનાં જુદાં જુદાં સ્વરૂપો અને આધ્યાત્મિક સત્યોનાં સ્થૂલ સ્વરૂપો છે. અસંખ્ય શતાબ્દીઓનાં ટોળે ટોળાં જોઈને તેમને વિચાર આવ્યો કે ખરેખર તેઓ એક અગાધ અને નિત્ય જીવનતત્ત્વ તરફ પોતાના મનને દોરી રહેલા છે. રામેશ્વરથી સ્વામીજી કન્યાકુમારી ગયા.

કન્યાકુમારીના દેવાલયમાં દેવીની મૂર્તિ આગળ જઈને તેમણે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યાં. આ વખતે તેમના મનમાં અનેક વિચારો ઉત્પન્ન થઇ રહ્યા; અનેક લાગણીઓએ તેમના મનમાં વાસ કર્યો. દેવી તરફ ભક્તિભાવથી તેમનું હૃદય દ્રવીભૂત થઇ રહ્યું. તેમની આસપાસ સર્વત્ર અગાધ સમુદ્ર આવી રહેલો હતો અને તેમાં તોફાન મચી રહેલું હતું; પણ સ્વામીજીના અંતઃકરણમાં તેથી પણ વધારે તોફાન ચાલી રહેલું હતું. સ્વામીજી ભારતવર્ષને છેડે આવેલા આ સ્થાનમાં એક શિલા ઉપર બેઠા અને માતૃભૂમિના આધુનિક તથા ભાવી સમયના અનેક પ્રશ્નો ઉપર ઉંડો વિચાર કરી રહ્યા. આ મોડે મોડે તે ભારતવર્ષ ઉપર દૃષ્ટિ નાખી રહ્યા. ઘડીકમાં તેમના મુખ ઉપર નિરાશાની ગ્લાનિ દેખાઇ આવતી. ઘડીકમાં તેમનું હૃદય ઉંડા વિચારમાં મસ્ત થઇ ગએલું જણાતું. સમસ્ત ભારતવર્ષ તેમના વિચારનો વિષય હતો. એક મોટા સુધારક અને ઉદ્ધારક તરીકે તેઓ તેનો વિચાર કરી રહ્યા હતા. પ્રજાનું બંધારણ બાંધનારને અવતરેલા એક મહાબુદ્ધિશાળી નેતાના વિચારો તેમના મનમાં આવી રહ્યા હતા. તે વિચારો ખાસ કે મનુના જેવા હતા; શ્રી શંકરાચાર્ય અને બુદ્ધની ભાવનાઓથી તે અલંકૃત હતા; ચૈતન્ય અને નિત્યાનંદના અમૂલ્ય બોધથી તે ભરેલા હતા. ભારતવર્ષનો

પુનરોદ્ધાર હવે થવોજ જોઇએ અને પ્રાચીન સમયમા આર્ય ઋિષઓ જે જુસ્સો, ઉત્સાહ અને આશાથી આપવામા આવતું હતું તેજ જુસ્સાથી અને આશાથી તે પાછુ અપાવા માંડવું જોઇએ. આર્યોનું જીવન ધર્મ છે અને તે ધર્મની જાગૃતિમાજ તેમનું કલ્યાણ છે. આમ સ્વામીજીને વધુને વધુ દૃઢપણે સમજાવા લાગ્યું.

જે આધ્યાત્મિક ચેતન વડે હિંદ પ્રાચીન સમયમાં સર્વે ધર્મોની જનની અને સર્વે પ્રજાઓનું મધ્યસ્થાન બની રહ્યું હતું તે ચેતનનો પુનરોદ્ધાર કરવાથીજ ભારતવર્ષ ભાવી સમયમા પોતાનું શ્રેય સાધી શકશે એવો તેમનો નિશ્ચય દૃઢ થયો.

હિંદના પ્રવાસમાં સ્વામીજીએ ગરીબો વિષે વિચાર કરતે કરતે અનેક રાત્રિઓ નિદ્રા વગર પસાર કરી હતી. હવે તે વિચારો નિશ્ચયના રૂપમા બદલાઇ ગયા. ગરિબોને તે નારાયણના સ્વરૂપ ગણતા અને તેમને નારાયણ કહીનેજ સંબોધતા. તેમના ઉદ્ધાર માટે પુષ્કળ ધનની પણ જરૂર તેઓ જોતા. પરંતુ હિંદના અજ્ઞાન, અંધશ્રદ્ધાળુ, સ્વાર્થપરાયણ અને પ્રપંચ પાખંડનેજ વશ વર્તવાવાળા ઘણા ખરા ધનવાનો અને વિદ્વાનો વગેરે તેમને અને તેમના વિચારોને એકાએક સમજી માન આપે એમ તેમને પોતાની મુસાફરીના અનુભવો ઉપરથી લાગતું નહોતું.

તેમના વિચાર સ્વપ્નતુલ્ય નહોતા, પણ તે એક પ્રકારની જીવંત શક્તિરૂપે હતા. આખરે તે બોલી ઉઠયાઃ “ હા, મારે હવે શું કરવું તે મેં ખોળી કહાડ્યું છે. મારે હવે પાશ્ચાત્ય પ્રદેશોમાં જવું જોઇએ અને ત્યાં ભારતવર્ષના અને સમસ્ત જગતના કલ્યાણ માટે પ્રયત્ન કરવો જોઇએ. પાશ્ચાત્ય ભૂમિ ધનવાન, સત્તાવાન, કીર્તિવંત અને વ્યવહાર પરાયણ છતા પણ પોતાના વિચાર સ્વાતંત્ર્યનો અને ઉચ્ચ સત્યોને અને માનવ યોગ્યતાને સમજી સ્વીકારનાર વ્યક્તિઓનો ત્યાં

ટોટો પડશે નહિ. આર્ય ધર્મનું સાચું રહસ્ય, ગૌરવ અને દીર્ઘદ્રષ્ટિ જ્યારે પાશ્ચાત્ય ભૂમિ સમજતી થશે ત્યારેજ તેનો દાખલો લઇને ભારતવાસીઓમાં ધાર્મિક જાગૃતિ થશે અને તેઓમાં સ્વમાન આવશે. સરસ્વતી અને લક્ષ્મી દેવીના અનેક આશિર્વાદયુક્ત પાશ્ચાત્ય ભૂમિમાં જઇને હિંદના ગરિબોની સ્થિતિ સુધારવાના માર્ગો અને સાધનો શોધીશ અને હિંદુ તત્વજ્ઞાનની મહત્તા પાશ્ચાત્ય પ્રજાઓને સમજાવીશ." આ પ્રમાણે સ્વામીજીએ પશ્ચિમમાં જવાનો નિશ્ચય કર્યો.

આગળ ઉપર એક વખત પોતાના એક પાશ્ચાત્ય શિષ્યની આગળ વાત કરતે કરતે સ્વામીજી બોલ્યા હતા કે, " આખા ભારતવર્ષનું હું નાનું સ્વરૂપ છું." તેમનું હૃદય જાણનારને એ શબ્દો નવાઇ જેવા લાગશે નહિ.

પ્રકરણ ૩૦ મું—સાધુજીવનના કેટલાક જાણવા જેવા બનાવો.

હિંદુસ્તાનમાં જ્યારે સ્વામીજી સાધુ તરીકે પર્યટન કરી રહ્યા હતા ત્યારે તેમના સંબંધમાં અનેક અલૌકિક બનાવો બની રહ્યા હતા. તે બનાવો વિષે સ્વામીજી કોઇને વાત કરતા નહોતા. છતાં પ્રસંગોપાત કેટલીક બીનાઓ તેમના મુખમાંથી નીકળી જતી. પણ ઘણી બીનાઓ તેમના શિષ્યો અને મિત્રોએ કહેલી કે લખી મોકલેલી છે. તે બીનાઓ સ્વામીજીની આંતરવૃત્તિઓ, આધ્યાત્મિક શક્તિ, પ્રભુ ભક્તિ, વિશાળ હૃદય અને પ્રભુકૃપાના અજબ નમુનારૂપ છે. તેથી કરીને તેમાંની કેટલીકનું વર્ણન અહીંઆં આપવું ઉચિત છે. તે બીનાઓ કયે સમયે બની હતી તે કાળ નક્કી નહિ થવાથી તેમને અહીંઆં એકઠીજ આપવામાં આવેલી છે.

" સ્વામીજી એક વખત રજપુતાનામાં થઇને પસાર થતા હતા. સમય ગ્રીષ્મ ઋતુનો હતો. તાપ સખત હતો. રેતીથી ભરેલાં સ્થાનો કાચની માફક ઝગારી રહ્યાં હતાં. પવન સખત વાઇ રહ્યો હતો. આવા સમયે સ્વામીજી એક સ્ટેશન ઉપર ઉતર્યાં ત્યાંથી તેમને બીજી ગાડીમાં બેસવાનું હતું તેમની પાસે માત્ર એક કમ્બો અને એક ત્રીજા વર્ગની ટિકિટ એટલુંજ હતું. પાસે કમણ્ડલું પણ નહોતું ઉતારૂઓની ગાડીમાં ભીડ પુષ્કળ છતાં રેલ્વેના માણસો પોતાને પૈસા આપનારા ઉતારૂઓને ગમે તેમ કરીને ગાડીમાં ચઢવી દેતા હતા સ્વામીજી પાસેથી તેમને કશુંજ મળે તેમ હતું નહિ તેમને તેઓ ચઢવા દેતા નહિ તેથી સ્વામીજી પોતાની કામળી પાથરીને ઉની રેતી ઉપર બેસી રહ્યા હતા મુસાફરખાનામાં પણ પગ મૂકવા જેટલી જગા મળે તેમ નહોતી

એક મારવાડી વાણીઓ સ્વામીજીની બરાબર સામેજ મુસાફરખાનામાં છાયે બેઠો હતો સ્વામીજીની જોડેજ તે ગાડીમાંથી ઉતર્યો હતો ગઇ સાંજથી તેઓ મુસાફરીમાં સાથે હતા અને આ વાણીઓ સ્વામીજીની મશ્કરી કર્યાં કરતો હતો. કારણ કે સ્વામીજી અપવાસી હતા રસ્તામાં તેમને તૃષા લાગી હતી. ત્યારે પણ પાસે પૈસો નહિ હોવાથી પાણીવાળાએ તેમને પાણી પાયું નહોતું પેલા વાણીઆએ પાણી વેચાતું લીધું અને તે પીતે પીતે બોલ્યો. " સાહેબ આ પાણી કેવું ઠંડુ છે ! પાસ પૈસા હોત તો તમને પણ મળત કે નહિ ? તો પછી કામ કરીને પૈસા કમાતા કેમ નથી !" તે એમજ ધારતો હતો કે સંન્યાસીઓ ભુખે મરે તેમાં ખોટું શું છે ! જ્યારે તે બંને સ્ટેશને ઉતર્યાં ત્યારે તે વાણીઆએ અનેક દૃષ્ટાંતો અને તર્કોથી સ્વામીજીને સાબીત કરી આપવા માડ્યું કે કમાવાની શક્તિ હોવા છતાં ત્યાગી થનાર માણસ ભુખે મરે તેમાં

નથાય છી છે ! સ્વામીજી તલાવમાં બેઠા હતા અને તે પાણીનો અંધકાર ઘેરો ઘેરો અને સ્વાભિષ્ટ વસ્તુઓ ખાતો હતો.

એટલામાં એક બીજો માણસ આમન્ત્રણથી ત્યાં આવ્યો. તેના એક હાથમાં એક પોટલી અને કોરો હતો અને બીજા હાથમાં એક સાડી અને પાણીનો ઘડો હતો. તેણે પોતીમ ચાલીને કહ્યું કરીને આદરથી એક સ્વચ્છ અને ખાખા વાળી જગ્યામાં પાથરી. તેના ઉપર હાથમાંથી પ્રમાણ વસ્તુઓ મૂકી અને ફેટો ફેરવ્યો. તે સ્વામીજીની પાસે આવી કહેવા લાગ્યો: "પધારો બાબાજી ! મેં તમારે માટે ભોજન આણ્યું છે તેનો અંગીકાર કરો." પેલો બારવાડી તો સ્તબ્ધ જેવો થઈ ગયો. પેલો નવો માણસ ફરીથી કહેવા લાગ્યો: "બાબાજી ! એ પ્રસાદ તમારે લેવોજ પડશે !" સ્વામીજી બોલ્યા: "ભાઈ, તમે ભૂલતા હશો. કોઈને બદલે કોઈને ધારતા હશો. હું તમને કદી મળ્યો હોઉં એવું અને યાદ નથી." તેણે જવાબ આપ્યો "હું એક હલવાઈ (કંદોઈ) છું. બપોરે હું જરા ઊંઘતો હતો ત્યારે સ્વપ્નામાં એવી પ્રેરણા થઈ આવી કે સ્ટેશન ઉપર કોઈ મહાત્મા પુરુષ ભુખ્યા છે, તેમને માટે ભોજન, પાણી અને બિછાનું લઈને જા. હું જાગી ઊઠ્યો. પણ તે માત્ર એક ખાલી સ્વપ્ન હશે એમ ધારીને પાછો સૂઈ ગયો. પણ ફરીથી પાછી એવીને એવીજ પ્રેરણા અદ્ભુત જોરથી મનમાં થઈ આવી અને મારાથી વધારે વાર સૂઈ રહેવાયું નહિ. તેથી મેં જલદીથી પુરી અને શાક બનાવ્યાં અને કેટલીક મીઠાઈ, પાણીનો ઘડો તથા આ સાદડી લઈને હું દોડતો આવ્યો છું. આપ હવે પધારો અને કૃપા કરીને ભોજનનો અંગીકાર કરો. આપને બહુ ભુખ લાગી હશે." ત્યારે સ્વામીજીએ ભોજન કર્યું અને જમતે જમતે પ્રભુની અગાધ કૃપાનો વિચાર કરતા સ્વામીજી પશ્ચાત્ ઉદ્ગાસથી શ્રીમદ્ ભગવદ્ગીતાનો નીચલો શ્લોક મનમાં બોલી ગયા.

अनन्याश्चिन्तयन्तो मां ये जना पर्युपासते ।
तेषां नित्याभियुक्तानां योगक्षेमं वहाम्यहम् ॥

પેલો મારવાડી વાણીઓ તો આ બનાવ જોઇને અંજાઇજ પડી ગયો. પોતાની વર્તણુંકને માટે તે સ્વામીજી પાસે માફી માગવા લાગ્યો અને સ્વામીજીના પગની રજ લઇને પોતાને શિરે ચઢાવી.

વળી એક બીજીવાર રજપુતાનામાં થઇને સ્વામીજી જતા હતા, તે વખતે પણ એક રમુજી બનાવ બન્યો હતો. તે બનાવ સ્વામીજીની હિંમત અને હસમુખા સ્વભાવનો એક નમુનો છે. તે આગગાડીમાં જતા હતા તેમના ખાનામાં બે અંગ્રેજો હતા. સ્વાભાવિક રીતેજ તેઓ દેશીઓ પ્રત્યે તિરસ્કારની દૃષ્ટિથી જોતા હતા. સ્વામીજીને તેઓ એક અજ્ઞાની સાધુ ધારીને તેમની મશ્કરી કરવા લાગ્યા. તેઓ અંગ્રેજીમાં વાત કરતા હતા અને સ્વામીજી અંગ્રેજી સમજતા નહિ હોય એમ ધારીને હસતા હતા. સ્વામીજી ચુપચુપ બેસી રહીને એક સાધુને છાજે તેમ તેમના બોલવાની દરકાર કરતા નહોતા. આગળ જતાં ગાડી એક સ્ટેશન આગળ ઉભી રહી અને ત્યાંના સ્ટેશન માસ્તર પાસે સ્વામીજીએ પીવાનું પાણી માગ્યું. તે માસ્તર તેમનો મિત્ર હતો. અંગ્રેજી ભાષામાં પાણી માગતા જોઇને પેલા અંગ્રેજો મનમાં સમજ્યા કે સ્વામીજીએ અંગ્રેજીના બે ચાર શબ્દો શીખી રાખ્યા હશે; તેથી પાછા ફરીથી તેઓ તેમની મશ્કરી કરવા લાગ્યા. સ્વામીજી તો જાણે કંઇ પણ જાણતાજ ન હોય તેમ ચુપચુપ બેસીજ રહ્યા; પરંતુ અંગ્રેજો હદપાર જવા લાગ્યા ત્યારે સ્વામીજીએ મૌનનો ત્યાગ કર્યો. પેલા અંગ્રેજો હવે મનમાં સમજ્યા કે આ સાધુને તો અંગ્રેજી સારી પેઠે આવડે છે અને આપણે જે જે બોલતા હતા તે સઘળું તે સમજ્યા છે; તેથી તેઓ જરાક ગભરાયા અને સ્વામીજી આટલો વખત મૌન કેમ ધારણ કરી રહ્યા હતા તેનું કારણ પૂછવા લાગ્યા. સ્વામીજી

શાંતપણે પણ મક્કમ સ્વરે, હિંમત અને રોફથી ઍડિસનજી બોલી ઊઠ્યા: " હું આ પરદેશીઓ મુખોમાંથી એકેક પુ એમ નથી ! " આ અંગ્રેજોને સ્વામીજી સાથે લડવાને અનુકૂળ નહિ; પરંતુ સ્વામીજીનો જુસ્સો અને મજબૂત શરીર જોઈને તેઓ દબાઈ ગયા અને સ્વામીજીની માફી માગી.

એક વખત સ્વામીજી આગગાડીમાં મુસાફરી કરતા હતા ત્યારે તેમના ખાનામાં એક ઍંગ્લોઇન્ડિયન છોકરો હતો. તે તેમને અનેક પ્રશ્નો પૂછવા લાગ્યો. " તમે હિમાલયમાં ગયા છો ? તમે અમુક અમુક મહાત્માઓ કે જેઓ આ જગતની ઉપર કાબુ અને દેખરેખ રાખે છે તેમને જોયા છે ? તેઓ અદ્ભુત આત્માની શક્તિઓ વડે છે ને શરીરમાંથી નીકળી જઈને જગતમાં ગમે ત્યાં વિચરે છે." સ્વામીજી અવાજ રોકવાને તેની સામે હા ભણવા લાગ્યા. ધીમે-ધીમે છોકરો આગળ વધતો પૂછવા લાગ્યો. " આ યુગનો અંત ક્યારે આવશે, તે વિષે મહાત્માઓએ કંઈ કહ્યું છે ? " સ્વામીજીએ કહ્યું કે " મહાત્માઓની જોડે તેમને આપીએ વાત થયેલી છે. આ યુગનો અંત ક્યારે આવશે અને સત્યુગને સ્થાપવાને મહાત્માઓ શું શું કરશે તે પણ તેમણે કહેલું છે." થોડીકવાર આ પ્રમાણે ચાલ્યા પછી સ્વામીજીએ પોતાનો ખરો અભિપ્રાય આપવાનું શરૂ કર્યું. તેમનો સ્વભાવ આનંદી હતો અને તેથી ઘણીવાર માનવજાતિની ભૂલો જોવામાં તે આનંદ લેતા અને હસતા. પણ પછીથી દયા લાવીને ખરો અભિપ્રાય દર્શાવતા અને સર્વેની ભૂલો સુધારતા. તેઓ બોલ્યા: " તમે વિદ્યા અને જ્ઞાનનો આટલો બધો ગર્વ ધરાવો છો, છતાં આવી જંગલી અને વિચિત્ર વાતોઓને અંધશ્રદ્ધાથી એકદમ કેમ માની લ્યો છો ? " પેલો માણસ ઠંડો સાંભળી રહ્યો.

" તમારે તમારી વિવેક બુદ્ધિનો પણ ઉપયોગ કરવો જોઈએ. ખરી

ધાર્મિકતાને અમાનુષી શક્તિઓ જોડે સંબંધ નથી. તેના આગળ તો એ શક્તિઓ મદારીના ખેલ જેવી તુચ્છ છે. એવી અમાનુષી શક્તિઓને (સિદ્ધિઓને) ધારણ કરનારો મનુષ્ય વાસનાઓને આધીન અને અહંકારી (અનાત્મામાં આત્મબુદ્ધિવાળો) હોય છે. પણ ચારિત્રને સંપાદન કરવું એજ સાચી ધાર્મિકતા છે. લૌકિક વસ્તુઓ અને અમાનુષી સિદ્ધિઓની વાસનામાંથી મુક્ત થવામાંજ તે સમાયલી છે. જીવનના મહા પ્રશ્નોની આગળ એ અમાનુષી શક્તિઓ અતિશય અંતરાયકારક અને તુચ્છ છે; તેમને મેળવવાનો પ્રયાસ કરવો એ મિથ્યા શ્રમ અને મોટું અજ્ઞાન છે. સ્વાર્થીપણાની તે નિશાની છે અને આખરે તે માનસિક અને શારીરિક અધમતાનેજ પ્રાપ્ત કરાવે છે. આ અધમ વસ્તુની લાલચેજ આપણી સઘળી પ્રજાને ખરાબ કરી મૂકેલી છે. તમારી આસપાસ જીવનના મહાસત્યો પ્રસરી રહેલાં છે. તેમના તરફ લક્ષ કરો. તમારાં ગીતા અને ઉપનિષદ જેવા અપૂર્વ ગ્રંથોનો અભ્યાસ કરો. તમારા મહાન પૂર્વજો—ઋષિમુનીઓ માનવજીવનના જે સર્વોચ્ચ આદર્શ સમજાવી ગયા છે તેને લક્ષમાં રાખો. તેને સાધ્ય કરવાના જે સાદા રીતો અને સ્વાભાવિક માર્ગો તેમને દર્શાવ્યા છે તેનું અવલંબન કરો. ગોગી ચમડી અને અંગ્રેજ ટોપીથી મોહાઈ જઈ, જેના તેના પગમાં ફસાઈ જઈ, અક્કલ ઉપર અંધશ્રદ્ધાના પથરોના થર ઉપર થર ન ચઢાવ્યા જાઓ. અત્યારે આપણા લોકોની સામાન્ય સ્થિતિ કેવી થઈ પડી છે તે તરફ પણ લક્ષ આપો."

'અત્યારે તો આપણને બુદ્ધિ, વ્યવહારિકતા, જાહેર હિંમત અને ખરું મનુષ્યત્વ પ્રાપ્ત કરાવે, આપણને મનુષ્ય બનાવે અને આપણને આપણા ઉપર આધાર રાખવાની શક્તિ પ્રાપ્ત કરાવે એવા ધર્મ અને તત્વજ્ઞાનની જરૂર છે. અત્યારે તો આપણામાં આત્મશ્રદ્ધા ઉત્પન્ન કરે, સ્વમાનની લાગણી જગાડે અને આપણી આસપાસના

ગરિબ લોકોને કેળવવાને અને તેમનું દુઃખ ટાળવાને શક્તિમાન કરે એવા ધર્મની આપણને જરૂર છે. અત્યારે જ્યારે તમારી આસપાસ લોકો ભૂખમરાથી મરી જાય છે અને અજ્ઞાનમાં સડે છે ત્યારે તમે હિમાલયમાં વસનારા એક મહાત્માને મળીને શું કરશો ? તમારે જો ઇશ્વરનાં દર્શન કરવાં હોય તો મનુષ્યોની સેવા કરો. તમારે જો શક્તિ પ્રાપ્ત કરવી હોય તો તમારા ભાઇઓની સેવા કરો." પેલો માણસ સ્વામીજીના કહેવાનો ભાવાર્થ સમજી ગયો. તેણે ખાત્રી આપી કે હવેથી તે તેમના બોધનેજ અનુસરશે.

ધર્મને નામે વહેમોમાં અને નવાં નવાં ધતિંગોમાં ફસી પડીને આલસ્ય અને પ્રમાદમાં પોતાનો સમય ગાળનારા કે ચમત્કારોની અને સિદ્ધિઓની શોધમાં પોતાનું જીવન વ્યતીત કરનારા અને પુરૂષાર્થહીન થઇ આત્માની ઉચ્ચ શક્તિઓને ગુમાવી બેસનારા પુરૂષોને જોઇને સ્વામીજીને ઘણોજ કંટાળો આવતો.

એક દિવસ સ્વામીજીએ મિસીસબાલુને નીચેનો બનાવ કહી સંભળાવ્યો હતો.

" મારા પ્રવાસમાં એક વખત હું એક ગામ (ખેત્રી) માં હતો. ત્યાં હજારો લોકો મારી પાસે આવતા અને મને પ્રશ્નો પૂછતા. કેટલીક વાર તો મને ખાવા પુરતો પણ વખત મળતો નહિ, તેમ ખાધા પીધાની ખબર પણ કોઇ પુછતું નહિ. એક રાત્રે જ્યારે બધા માણસો વેરાઇ ગયા ત્યારે એક ગરિબ માણસ મારી પાસે આવ્યો અને બોલ્યો: " સ્વામીજી, તમે ભુખ્યા છો એ જોઇને મને ઘણું દુઃખ થાય છે. તમે બહુ થાકી ગયા હશો અને તમે બહુ ભુખ્યા થઇ ગયા હશો." મેં તેને પૂછ્યું: " તું મને કંઇ ખાવાનું આપી શકીશ ? " તે માણસે જવાબ આપ્યો: " સ્વામીજી, ઘણુંએ મન થાય છે, પણ મારા હાથે બનાવેલી રોટલી હું તમને શી રીતે આપી શકું ? તમે

મને રજા આપો તો હું લોટ વગેરે લાવું અને તમે તમારે હાથે બનાવો !” તે વખતે સંન્યાસી તરીકે હું અગ્નિને અડકતો નહોતો અને તેથી મેં તેને કહ્યું “તમે તમારા હાથની બનાવેલી સારી હું તે ખુશીથી ખાઈશ !” આ સાંભળીને તે માણસ ડરવા લાગ્યો. તે માણસ ખેત્રીના રાજાની રૈયત હતો. જો રાજા એમ જાણે કે એક મોચીએ પોતાને હાથે બનાવેલી રોટલી એક સંન્યાસીને ખવરાવી તો તેને રાજ્યમાંથી હદપાર કરે કે કાંઈ શિક્ષા કરે એમ માણસ મનમાં વિચારવા લાગ્યો. મેં તેને કહ્યું કે તેણે જરાએ બીવું નહિ અને રાજા તેને જરાએ શિક્ષા કરશે નહિ. તેને મારા કહેવા ઉપર વિશ્વાસ આવ્યો નહિ. છતાં તેનું અંતઃકરણ ઘણું જ ખુશ થયું તેથી તે પોતાને હાથે રોટલી બનાવીને લઈ આવ્યો. મને લાગે છે કે દેવાધિદેવ ઇંદ્રે એક અમૃતના પ્યાલા લાવીને મારી આગળ મૂક્યો હોત તો તે પણ તેના કરતાં સ્વાદિષ્ટ મને લાગત નહિ ! પ્રેમ અને આભારથી મારી આંખમાં આંસુ આવી ગયાં. મેં મનમાં વિચાર્યું ‘આવા વિશાળ હૃદયવાળા હજારો મનુષ્યો ઝુંપડીઓમાં વસી રહેલા છે અને આપણે તેમને હલકી જાતના અને અસ્પૃશ્ય ગણીને ધિક્કારીએ છીએ.’ પાછળથી જ્યારે રાજાની સાથે મારે બરાબર ઓળખાણ થઈ ત્યારે મેં તેમને આ ઉમદા વાત કરી. રાજાએ તેને પાસે બોલાવ્યો. તે માણસ બીતો બીતો આવ્યો અને રાજા સખત શિક્ષા કરશે એમ મનમાં ધારવા લાગ્યો. પણ રાજાએ તેની પ્રશંસા કરી અને તેની અનેક ઇચ્છાઓ પૂરી પાડી.”

અસાધારણ શક્તિ અને વિવેક વિચારશક્તિથી અલંકૃત હોઈ સંપૂર્ણ જીવન અમૂલ્ય શિક્ષણની શાળા છે. આવા સદ્ગુણો દેશના ઇતિહાસ અને ભૌગોલિક જીવન સ્વરૂપ હોય અજ્ઞાનમાં ડૂબી રહેલા સામાન્ય વર્ગને તેઓ શિક્ષણ પૂરું પાડે છે. સ્વામી વિવેકાનંદે

પોતાના પ્રવાસનો પુરેપુરો લાભ લઇને ભારતવાસીઓને ઉત્તમ શિક્ષણના બોધરૂપ કરેલા છે. સ્વદેશ પ્રત્યે તે પોતાનું કર્તવ્ય બજાવતા, પણ તેમનો અંતરાત્મા સર્વદા સાધુઓના ઉચ્ચ આદર્શ—બ્રહ્મમયતા તરફજ વળેલો રહેતો. વખતો વખત તેઓનું ચિત્ત એકાગ્ર બની જઇ સર્વવ્યાપક પરબ્રહ્મના ધ્યાનમાં તન્મય બની જતું અને જગતનું ભાન તેઓ ભૂલી જતા. જગતના ભાન દરમ્યાન પણ સર્વ વૃત્તિઓના સાક્ષીભાવનું સ્ફુરણ વખતો વખત થયા કરીને શુદ્ધ સંન્યાસવૃત્તિ તેમના અંતઃકરણમાં તરી આવતી. તે વખતે તેઓ બીજી સર્વ બાબતોને જતી કરીને એકાંતમાં પરબ્રહ્મનું ધ્યાન કરવાનીજ ઇચ્છા કરી રહેતા. દંડ અને કમંડળ લઇને પગે ચાલતાં ચાલતાં તે જ્યારે પ્રવાસ કરતા ત્યારે વિરક્તિના મસ્ત ભાવો તેમના હૃદયમાં ઉછળી રહેતા અને તેમનું ચિત્ત ગુરૂ, ઇશ્વર કે આત્માના વિચારમાં એકરૂપ જતું. સ્વામીજીને પ્રભાતના અને સાયંકાળના શાંત સમયમાં ફરવાનું પણ ગમતું અને તે સમયે અરણ્યો અને મેદાનોમાં પ્રસરી રહેલી શાંતિ તેમના તત્વચિંતક હૃદયમાં અનેક સત્યોને જાગૃત કરતી. વારંવાર તે કોઇ નદીને કિનારે કે વૃક્ષોની ઘટામાં જઇને બેસતા અને આત્મચિંતન કરતા. પરંતુ સ્વામીજીને હાથે જે મહાન કાર્ય થવાનાં હતાં તેને લીધે તેમના આત્મચિંતનના શાંત સમયમાં પણ જાણે કે તેમની આધ્યાત્મિક શક્તિઓ અને તેમનો દયાળુ સ્વભાવ તેમને જનસેવાના પ્રવાહમાં ઘસડતો હોય એવું તેમને લાગતું હતું તેમને વારંવાર લાગી આવતું કે તેમણે મેળવેલા આધ્યાત્મિક જ્ઞાન અને અનુભવો માત્ર તેમને પોતાનેજ માટે નથી; પરંતુ તેમણે તેનું બીજાઓને દાન કરવાનું છે. શ્રી રામકૃષ્ણદેવ પણ તેમજ કહેતા હતા.

સ્વામીજીનો નિશ્ચય ધીમે ધીમે દૃઢ થતો ગયો કે પાશ્ચાત્યોને સનાતન ધર્મનું રહસ્ય સમજાવ્યા વગર તેમના મનની લોકહિતની

માર્ગાઓ પાર પડનાર નથી.

આ વખતની તેમની માનસિક સ્થિતિ વિષે તેમનો એક ગુરુભાઈ લખે છે કે " નવી નવી માહિતીઓ મેળવવાને તેઓ મેથા પ્રયાસ કરી રહ્યા હતા અનેક વિચારોને તે એકત્ર કરતા, તેમની તુલના કરતા, દરેક જીલ્લાના ધાર્મિક અને સામાજિક સિદ્ધાંતોથી પોતાના મસ્તિષ્કને ભરી દેતા હિંદુસ્તાનમાં જ ગ્યાતી ભિન્નતાઓમાં એકતા ખોળી કાઢવાનો તે પ્રયાસ કરતા. હિંદુ પ્રજાના રીતરિવાજો અને દંતકથાઓમાં દશ્યમાન થતા બાહ્ય વિરોધમાં આધ્યાત્મિક એકતાને રહેલી તેઓ જોતા આલમોરાથી તે કન્યાકુમારી સુધી પ્રવાસ કરતા તેમને માલમ પડયુ હતું કે જો કદી હિંદુસ્તાનનો ઉદ્ધાર થશે તો તે તેની ધાર્મિકતા—આધ્યાત્મિકતાના ઉદ્ધાર દ્વારાજ થશે ભારતની તે સ્વાભાવિક અને રગે રગે વ્યાપી રહેલી સુક્ષ્મ શક્તિને જાગ્રત કરીને પ્રજામાં તેના સ્વરૂપનું ભાન ઉત્પન્ન કરી એટલે તે ભાન અનેક ઉપયોગી પ્રવૃત્તિઓ—ધાર્મિક સામાજીક આર્થિકરૂપમાં પ્રગટ થઇ પ્રજાને એક નવી મુકશે આધ્યાત્મિકતા એટલે નિવૃત્તિમાર્ગ એવો અર્થ સ્વામીજી કરતા નહોતા પણ શ્રીમદ્ ભગવદ્ ગીતામાં વર્ણવેલ નિષ્કામ સ્વધર્માનુષ્ઠાનરૂપી કર્મયોગનેજ તેઓ પ્રાધાન્યપદ આપતા. મનુષ્યે કર્મવીર થવાનુ છે એમ તે કહેતા આધ્યાત્મિકતાનો તે મહોટો અર્થ કરતા વળી અદ્વૈતવાદ અને ઇસ્લામીઓના સુફીવાદના સિદ્ધાંતો વચ્ચે ઘણુંજ સામ્યતા રહેલી છે અને એ સામ્યતા સમજાવવાથી ઇસ્લામીઓ અને હિંદુઓ વચ્ચે ભ્રાતૃભાવની લાગણી વધારી શકાય એમ તે કરતા. આ પ્રમાણે ધર્મના ઉંડા જ્ઞાનના પ્રચારના બળે ધાર્મિક બધી નષ્ટ થઇને સર્વ માતૃભૂમિના હૃદયના ઐક્યમાં જોડાશે એમ તે દૃઢપણે માનતા

પ્રકરણ ૬૩ મું—મદ્રાસ અને હૈદ્રાબાદ.

સને ૧૮૯૨ ની સાલના છેલ્લા દિવસોમાં સ્વામીજી કન્યાકુમારીથી મદ્રાસ જવા નીકળ્યા. એકવાર ફરીથી તે ફરીને ફરીને પેલે [illegible] ઘણો ભાગ પગ ચાલીને પોન્ડીચેરી ગયા.

પોન્ડીચેરીમાં સ્વામીજીને મદ્રાસના ડેપ્યુટી એકાઉન્ટન્ટ જનરલ ભટ્ટાચાર્ય સાથે મેળાપ થયો. તેમણે સ્વામીજીના આવવાની વાત પ્રમાણે જાણી ખુશી અને ત્યાંથી તેમના મિત્રે મદ્રાસ ખબર મોકલી. આથી કરીને સ્વામીજી જ્યારે મદ્રાસ ગયા ત્યારે આખા નગરમાં વાત ચાલી રહી કે એક અંગ્રેજી ભણેલો પ્રસિદ્ધ સંન્યાસી નગરમાં આવ્યો છે. મદ્રાસીઓના ટોળે ટોળાં તેમને મળવાને આવવા લાગ્યા. કેટલાક જુવાન વિદ્યાર્થીઓની એક મંડળી તેમની પાસે આવી અને તેમને પ્રશ્નો પૂછવાની ઇચ્છા જણાવી. તેમની સાથે ધર્મ, માનસશાસ્ત્ર, વિજ્ઞાનશાસ્ત્ર, સાહિત્ય અને ઇતિહાસ ઉપર અનેક ચર્ચાઓ ચાલી રહી. એક માણસે તેમને પ્રશ્ન કર્યો: "સ્વામીજી, અદ્વૈતવાદને હિંદુઓ માને છે તો પછી તેઓ મૂર્તિને કેમ પૂજે છે?" સ્વામીજીએ જવાબ આપ્યો: "તેનું કારણ એ છે કે આપણી દૃષ્ટિ સામે હિમાલય આવી ગયો છે." સ્વામીજીના કહેવાનો આશય એ હતો કે પોતાના અન્તઃકરણમાં રહેલી શુદ્ધ એવી ભવ્ય સૃષ્ટિ નીરખીને પવિત્ર થયેલો [illegible] તેને જોવા જવું પૂજવા જવું એમ નહિ! ધાર્મિક સત્યો માનવજાતના વિકાસ સાથે ઉત્કૃષ્ટ સમજ [illegible] છે. તમારા પ્રકૃતિ [illegible] બધું જ તેના સાથે એમ સમજ [illegible] નહિ. [illegible] રૂપમાં દર્શમાન થતા તાદૃશ સાન્નતા અને ગૌરવને [illegible] નિહાળવાને મનુષ્ય હૃદય [illegible] કરે છે. વળી [illegible] પૂજા અને [illegible] એકાગ્રતા [illegible] એક [illegible]

સંબંધ પણ રહેલો છે. ધર્મ મનુષ્યની પ્રકૃતિ સાથેજ બંધાઇ રહેલો છે. મનુષ્યે કોઇ ધર્મને ઉત્પન્ન કર્યો નથી, પણ તેની તેને પ્રેરણા થયેલી છે. તે તેનો કર્તા નથી, પણ દૃષ્ટા છે. સ્વામીજીએ પોતાના સઘળા વિચારો માનસશાસ્ત્રના પ્રમાણોથી સાબીત કર્યા. તેમણે ધર્મની શ્રેષ્ઠતા સમજાવી અને અધ્યાત્મવિદ્યા એક સંપૂર્ણ વિદ્યા છે એમ દર્શાવ્યું.

સ્વામીજીને મળવા આવનાર માણસોમાંના કેટલાક નાસ્તિક હતા; કેટલાકને ધર્મમાં અનેક શંકાઓ હતી. કેટલાક માત્ર તેમને જોવાનેજ આવતા. કેટલાક તેમની પરિક્ષા કરવાને અને તેમના વિચારોને તોડવાનેજ આવતા. સ્વામીજી સાથે ચર્ચા ચાલતાં તે સઘળાઓના મનનું સમાધાન થઇ જતું અને તેઓ આશ્ચર્ય પામતા.

સ્વામીજી કોઇ દિવસ કાળીદાસ, વાલ્મીકી કે ભવભૂતિ વિષે વિવેચન કરતા, તો કોઇ દિવસ બાયરન, શેક્સપીઅર, હોમર કે વર્ડ્ઝવર્થ વિષે તેટલાજ ઉત્સાહથી સમજાવતા. કોઇવાર તેઓ કૌરવો અને પાંડવોની વાતો કરીને દ્રોણ અને દ્રૌપદીના ચારિત્ર્યોનો ચમત્કાર [illegible] આપતા, તો કોઇવાર ગ્રીક પ્રજાના [illegible] અને [illegible] રહેલી મૂઢ વિચારસૃષ્ટિનો તે પુરેપુરો ખ્યાલ આપીને તેને હિંદુ વિચાર અને સિદ્ધાન્તના આધ્યાત્મિક બન્ધ સાથે સરખાવતા. હિંદુઓના [illegible] જ્ઞાન વિષે વાત ચાલતાં શ્રોતાઓના મન તે અદ્ભુત સત્યાનાં શ્રવણથી કોઇ અલૌકિક [illegible] [illegible] સાથી આનંદમાં [illegible] [illegible]

સ્વામીજીનો ગૌર અને મિષ્ટ અવાજ, તેમના [illegible], તેમનું અદ્ભુત [illegible], તેમની પ્રબળ બુદ્ધિ, તેમના યુક્તિસર દાખલા [illegible], તેમનો આનંદી સ્વભાવ, તેમના દ્રષ્ટાન્તો અને વાક્ચાતુર્ય—આ સર્વેથી શ્રોતાજનોના હૃદય તેમના તરફ આકર્ષાતાં હતાં. દિવસે દિવસે શ્રોતાઓની સંખ્યા વધતી [illegible] [illegible] [illegible] સ્વામીજી [illegible]

હતા. તેમનું ઘર શ્રોતાઓથી ભરપૂર રહેવા લાગ્યું. સ્વામીજીમાં એક પ્રકારની નમ્રતા હતી, પણ તેની સાથે તેમનામાં જાહેર હિંમત અને સ્વશક્તિનું ભાન હતું. શ્રોતાજનોના ઉપર જાણે કે આકાશમાંથી એક વાદળ તૂટી પડતું હોય તેમ તેમના જવાબો તૂટી પડતા અને સર્વને પોતાના પ્રવાહમાં ઘસડી જતા. સ્વામીજીનામાં કોઈ પણ જાતનો દંભ નહોતો. પ્રાચીન ગુરૂઓની માફક તે કોઈ પણ જાતના પ્રતિબંધ વગર સર્વને બોધ આપતા. કોઈને તે કટુ વચન કહેતા નહોતા, પણ ટીકા કરવાની આવશ્યકતા હોય તો તે કહ્યા વગર પણ રહેતા નહોતા. એક પંડિતે તેમને પ્રશ્ન પૂછયો: "પ્રાતઃ, મધ્યાન્હ અને સાયંકાળમાં સંધ્યાવંદનાદિ ન કરીએ તો ન ચાલે? અમને વખત મળતો નથી." સ્વામીજી એકદમ ઝનુનમાં આવી ગયા અને જવાબ આપવા લાગ્યા: "શું! આપણા પ્રાચીન ઋષિ-મુનિઓ જે અનેક કાર્યો કરી રહ્યા હતા અને બુદ્ધિ અને જ્ઞાનમાં જેમની આગળ તમે માત્ર વર્ણશીર્ષ જેવાજ છો, તેમને વખત હતો અને તમારે નથી?" પાશ્ચાત્ય શિક્ષાને પસંદ કરનારો એક હિંદુ સુધારક વૈદિક ઋષિઓનું ઘસાતું બોલવા લાગ્યો અને તેમના ઉપદેશોને અર્થ વગરના ગણવા લાગ્યો. સ્વામીજી એકદમ તેના ઉપર પૂર્ણ ઝનુનથી પ્રહાર કરી રહ્યા. તે બોલ્યા: "અલ્પ જ્ઞાનથી ભાઈ, તમારું મગજ ખરાબ થઇ ગયેલું છે. તમે તમારા પૂજ્ય બાપદાદાઓ ઉપર ટીકા કરવાની હિંમત શી રીતે કરી શકો છો? આ પ્રમાણે બોલીને તમે તમારી નસોમાં તમારા બાપદાદાઓનું જે લોહી વહી રહેલું છે તેને વગોવો છો. ઋષિઓની પ્રાચીન વિદ્યાની તમે કદી પરિક્ષા કરી છે? તમે વેદો વાંચ્યા છે? ઋષિમુનિઓએ પોતાની વિદ્યાને સર્વ માટે ખુલ્લી મૂકી છે. તેમના ઉપદેશોની પરિક્ષા કરો અને તે તમને જરાએ અપૂર્ણ જણાશે નહિ. તમારા જેવા કેળવાયલાઓને. આવા

[illegible]

[illegible]

આંતર વૃત્તિઓનો સુધારો છે, નહિ કે માત્ર બાહ્ય સુધારો. વળ ખરો સુધારો સર્વ જુની બાબતોને ખરાબ માની તેનો નાશ કરવામ સમાયલો નથી, પણ જુના ઉપર નવીન ઇમારત ચણવામાં રહેલો છે

મદ્રાસના યુવાનોએ જ્યારે સ્વામીજીમાં તેમનાથી કદી ન મેળવી શકાય એવી વક્તૃત્વશક્તિ, અંગ્રેજીનું ઉંડું જ્ઞાન અને પાશ્ચાત્ય તથા આર્ય તત્ત્વજ્ઞાનનો બારીક અભ્યાસ જોયા ત્યારે તેઓ સઘળા સ્વામીજીને ચરણે નમી રહ્યા.

એકવાર મદ્રાસની ક્રિશ્ચિયન કૉલેજના સાયન્સના આસિસ્ટંટ પ્રોફેસર શ્રીગારાવેલુ મુડેલીઅર તેમની પાસે આવ્યા. તેઓ ખ્રિસ્તિ ધર્મના સિદ્ધાંતોનો સ્વીકાર કરતા અને હિંદુ ધર્મ ઉપર ટીકાઓ કરતા. તે વાદવિવાદ કરવાને આવ્યા હતા, પણ એક ક્ષણમાત્ર તેમના વિચારોમાં ફેરફાર થઇ ગયો અને સ્વામીજીના ચુસ્ત શિષ્ય બની ગયા પછીથી તેમણે સ્વામીજીના કાર્યોમાં ઘણી મદદ કરી હતી અને સંન્યાસ દિક્ષા લઇ સાધુ જીવન ગાળી રહ્યા હતા; તથા આખરે સન્યાસી તરીકે તેમનું દેહાવસાન થયું હતું શ્રીયુત વી૦ સુબ્રહ્મણ્ય આયર કહે છે કે તે એક દિવસ રા. ભટ્ટાચાર્યને ઘેર ગયા હતા સ્વામીજીની સાથે વાદવિવાદ કરીને તેમને હરાવવાનો તેમનો વિચાર હતો તેમના કેટલાક મિત્રો પણ તેમની સાથે આવ્યા હતા. સર્વે તે વખતે ક્રિશ્ચિયન કોલેજમાં ભણતા હતા અને સર્વેનું વલણ ખ્રિસ્તી ધર્મ તરફ વધારે હતું રા. ભટ્ટાચાર્યના મકાનમાં સ્વામીજી એક રથગમાં હુકો પીતા પીતા વિચારગ્રસ્ત થઇને જાણે કે અડધા જાગતા હોય અને અડધા ઉંઘતા હોય એમ બેઠેલા જણાતા હત. તેમનામાંનો એક જણ આગળ આવીને પૂછવા લાગ્યો "મહારાજ, પરમેશ્વર શી વસ્તુ છે?" પોતાને પૂછાયલા સવાલ પોતે જાણે કે

સંબંધનો ન હોય તેમ સ્વામીજી ચુપકી અખત્યાર કરતા હતા. ઘડીવાર પછીથી તેમણે પોતાની આંખો પુરેપુરી ઉઘાડી અને જાણે જ્ઞાન આપતા હોય તેમ સાદા પુછવા લાગ્યા: " મારા મિત્ર! તમે શક્તિ (Energy) કોને કહો છો ?" સવાલ પૂછનાર માણસને શક્તિની વ્યાખ્યા મોઢે આવડતી હતી, કારણ કે તે વિજ્ઞાનશાસ્ત્રનો અભ્યાસી હતો અને તેથી તે એક પોપટની માફક તે વ્યાખ્યા કડકડ બોલી ગયો. પણ સ્વામીજીએ તેના જવાબને અનેક સવાલો કરીને તોડી નાંખ્યો. બીજાઓએ તે સમજાવવાનો યત્ન કર્યો, તેમને પણ સ્વામીજીએ સહેલાઈથી હરાવ્યા. આખરે તેઓએ પોતાની વાત પડતી મૂકી. પછીથી સ્વામીજી જરા ટટાર થઈને બોલવા લાગ્યા: " આ શું! તમારાથી મનુષ્યમાં રહેલા શક્તિ જેવા એક સાદા અને સર્વગમ્ય પદાર્થની પણ વ્યાખ્યા આપી શકાતી નથી ! તમે તે શબ્દને હમેશાં વાપરો છો તોપણ તેની યોગ્ય વ્યાખ્યા તમે આપી શકતા નથી અને મને ઈશ્વરની વ્યાખ્યા આપવાનું કહો છો! " પછીથી સ્વામીજીએ ઈશ્વર અને શક્તિ બંનેનો ખ્યાલ એવા તો ઉચ્ચ અને સ્પષ્ટ વિચારોમાં તેમને આપ્યો કે તેઓ સજ્જડ દંગ થઈ ગયા. તેમના બીજા પણ અનેક પ્રશ્નોના યથાર્થ અને સચોટ ઉત્તર સ્વામીજીએ આપ્યા. પછી સ્વામીજીએ તેમને કહ્યું કે તેમની બુદ્ધિ આડે માર્ગે દોરાઈ ગયેલી છે. પ્રાચીન ઋષિમુનિઓના સિદ્ધાંતોને તોડવામાં તેઓ માત્ર પોતાનું અજ્ઞાન અને મૂર્ખતાજ દર્શાવી રહેલા છે. એ પછી રા. આયરના મિત્રો ત્યાંથી ચાલ્યા ગયા હતા, પણ તે પોતે તો ત્યાંજ બેસી રહ્યા. સ્વામીજીના જ્ઞાનથી ઘણી ઉંડી અસર તેમના મન ઉપર થઈ હતી. પાછલા પહોરે સર્વે બહાર ફરવાને નીકળ્યા અને સમુદ્રને કિનારે જઈને બેઠા. ત્યાં અનેક વિષયો ઉપર વાર્તા ચાલી રહી. સ્વામીજીએ રા. આયરને પૂછ્યું: " મારા મિત્ર, તમે કુસ્તી કરી શકો

છો ?" વાત હિંદુ પ્રજાની શારીરિક ક્ષીણતા ઉપર આવી રહી હતી. રા. આચરે કહ્યું: "હા." સ્વામીજી બોલી ઉઠયા: "ચાલો આવો, આપણે કુસ્તી કરીએ !" સ્વામીજીનું શારીરિક બળ અને હાવ ભાવની આવડ જોઇને રા. આચર ચકિત થઇ ગયા અને સ્વામીજીને "પહેલવાન સ્વામી" કહીને બોલાવવા લાગ્યા.

શ્રીયુત ભટ્ટાચાર્યને ત્યાં એક રસોઇઓ હતો. તે સ્વામીજીના ઉંડા જ્ઞાનની તો કદર કરી શકતો નહોતો, છતાં પણ તે સ્વામીજીને ઘણુંજ ચહાતો. તેનું કારણ નીચે પ્રમાણે હતું. સ્વામીજીની પાસે ચંદનના લાકડાનો બનાવેલો એક હુકો હતો. માઇસોરના રાજાએ ઘણા આગ્રહથી એ સ્વામીજીને ભેટ તરીકે આપ્યો હતો. સ્વામીજી પોતાની પાસે કશુએ રાખતા નહોતા, પણ માઇસોર નરેશે જ્યારે બહુ કહ્યું ત્યારે તેમની યાદગીરી તરીકે એ હુકો સ્વામીજીએ સ્વીકાર્યો હતો અને તેને પીતા તે હમેશાં નજરે પડતા હતા. એક દિવસ રા. ભટ્ટાચાર્યનો રસોઇઓ તે હુકા તરફ એકી નજરે જોઇ રહ્યો. હુકો સ્વામીજીના હાથમાં હતો. તેમણે તેને એકદમ પૂછ્યું "તારે આ જોઇએ છે ?" પેલા રસોઇઆએ ધાર્યું કે સ્વામીજી મશ્કરી કરે છે. સ્વામીજીએ ફરીથી પૂછ્યું, પણ પેલો માણસ હા કહેતાં ડરતો હોય તેમ લાગવાથી એકદમ સ્વામીજીએ તે હુકો તેના હાથમાં પકડાવી દીધો. પેલો રસોઇઓ ખુશ થઇ ગયો અને સ્વામીજીનો ઉપકાર માનવા લાગ્યો. પોતાની પાસે જે કંઇ હોય તેની જો કોઇ બીજો માણસ ઇચ્છા કરે તો તરતજ તે તેને આપી દેવાનો સ્વામીજીનો સ્વભાવ હતો. હિંદુસ્તાનમાં તીર્થયાત્રા કરતા ત્યારે પોતાની પાસે એક દંડ રાખતા હતા. અમેરિકા ગયા ત્યારે પણ તે દંડને તેઓ ત્યાં લઇ ગયા હતા. સઘળી યાત્રાઓમાં તે પોતાની સાથે હતો એમ ધારીને તેને તેઓ પવિત્ર ગણતા અને બહુ સંભાળથી જાળવી રાખતા. અમેરિકામાં એક

[illegible] કે [illegible] શરૂ કર્યું અને તે પોતાની પાછળ [illegible] [illegible] [illegible] [illegible] [illegible] કે [illegible] આપીને [illegible] [illegible] [illegible] છે."

[illegible] [illegible] સ્વામીજીના અનુયાયી [illegible] [illegible] તેમની પાસે [illegible] અને શ્રી [illegible] [illegible] [illegible] [illegible] અને [illegible] અને [illegible] [illegible] [illegible] સ્વામીજીની [illegible] પવિત્રતા અને [illegible] [illegible] [illegible] [illegible] આવતા. પોતાના [illegible] અનુભવ અને ભક્તિની [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] તેમના [illegible] [illegible] [illegible] તેમના સિદ્ધાંતોનો [illegible] સ્વીકાર થયો. [illegible] [illegible] તેમના [illegible] [illegible] અને તેમના [illegible] ફિલોસોફિકલ [illegible] કરીને [illegible] [illegible] કરી [illegible]. તેમના કાર્યની [illegible] જાહેર રીતે [illegible] [illegible] સ્વામીજી [illegible] [illegible] પોતાનું કાર્ય [illegible] પણ તેમના [illegible] [illegible] તેમના સિદ્ધાંતોને [illegible] [illegible] હતા. તેમના [illegible] કરીને [illegible] [illegible] પણ [illegible] તો સ્વામીજીનું નામ [illegible] [illegible] છે.

આ સમય વિષે [illegible] ડૉ. કે. [illegible] એમ. એ. લખે છે:

'સ્વામીજી [illegible] યુનિવર્સિટિના [illegible] મેમ્બર હતા. તેમનું [illegible] [illegible] કર્યું હતું તેમની મુખ્ય [illegible] [illegible]

હતી. તેમણે સંન્યાસીના ભગવા લુગડા પહેર્યા હતા અંગ્રેજી અને સંસ્કૃત ભાષાઓમા તેમનું વકતૃત્વ અસ્ખલિત હતુ. તેમની હાજરજવાબી આશ્ચર્યકારક હતી. જાણે કે જગદાત્મા સાથે પોતાનું તાદાત્મ્ય સાધતા હોય તેમ તેઓ ગભીર ભાવપૂર્ણ, ખરા અન્તઃકરણથી અને ખુલ્લે અવાજે શ્લોકો અને ગાયનો લલકારતા ભારતવર્ષના અનેક સ્થળોએ પ્રવાસ કરીને તે આવ્યા હતા. તેમનું શરીર મજબુત અને આરોગ્ય હતું અનુપમ હાસ્યથી તેમનુ મુખ ભરપુર હતું આવા એક અસામાન્ય સંન્યાસીને જોઇને આખુ મદ્રાસ ખળભળી રહ્યું હતું આ વેળાએ મદ્રાસના થિઓસાફી, તેના મહાત્માઓ અને તેમના ચમત્કારો વિષે મોટી ગરમર ચાલી રહી હતી. સ્વામીજીને મહાત્માઓ અને તેમના ચમત્કારોની પાખંડી વાતો તરફ તિરસ્કાર હતો. જ્યારે મદ્રાસના લોકોએ જાણ્યું કે એ નવા આવેલા પ્રૌઢ સંન્યાસી થીઓસાફીના મહાત્માઓનું અસ્તિત્વ સ્વીકારતા નથી ત્યારે લોકોના ટોળે ટોળાં તેમના દર્શન કરવાને જવા લાગ્યા. સ્વામીજી વખતે ચિલ્લમાંનીમા પણ ભાગ લેતા અને વખતે હુક્કો પણ પીતા; છતા તેમની વૈરાગ્યવૃત્તિ જોઇને અને તેમનુ [illegible] સદાચરણ નિહાળીને સર્વના મનમા તેમના વિષે વિશ્વાસ પૂજ્યભાવ ઉત્પન્ન થયો હતો. સંન્યાસી થઇને સ્વામીજી હુક્કો પીએ છે અને કેટલ પકવાને પણ ખાય છે, છતા પણ તે પૂર્ણ વનસ્પતિ છે એમ જોઇને સર્વે વિસ્મિત થતા. વૈરાગ્ય વિ[illegible] માનતા ન એટલા ગુઢ અન કરણથી બોલતા કે તેમના વાતાચા ખરેખર વિરક્ત જણી જતા. વિનોદમા પણ તે તેટલાજ હુશિયાર હતા. જ્યારે તે હાસ્ય વિનોદ કરવા માંડતા ત્યારે શ્રોતાજનો હસી હસીને થાકી જતા અને ક્ષણે તેમનો હાસ્યવિનોદ નજરે આવતો અને બીજી ક્ષણે તે વળીજ ગભીરતાથી આત્મા અને પરમાત્મા વિષે ચર્ચા કરી અનુપમ [illegible]

ધરાવતા નજરે પડતા. આધ્યાત્મિક વિષયમાં સ્વામીજી જે નિપુણતા ધરાવતા હતા તે ઉપરાંત જે ગુણ વડે સર્વેનાં મન ઉપર વધારે અસર થઇ હતી. તે સ્વામીજીનું નિઃસીમ સ્વદેશાભિમાન હતું. સ્વામીજીએ યુવાવસ્થામાં ઘરબારનો ત્યાગ કર્યો હતો અને સર્વ સાંસારિક બંધનોથી મુક્ત થયા હતા; પણ પોતાની માતૃભૂમિ પ્રત્યે તેમનો પ્રેમ હાથમજ હતો. તેમને જો કશી વાતથી દુઃખ થતું હોય તો તે ભારતવર્ષની અવનતિને લીધેજ થતું હતું. તે અવનતિના ઉપાયોની કલ્પનાઓ તેમના મનમાં ફરતી અને તેમને તેમના શ્રોતાઓ આશ્ચર્યથી સાંભળી રહેતા. હિંદુ તરુણોની શારીરિક દુર્બળતા જોઇને તેમને અત્યંત ખેદ થતો અને પોતાનાં ભાષણોદ્વારા તેને માટે તે સર્વેની ઝાટકણી કહાડતા. તેમના શબ્દો વિજળીની માફક નીકળતા અને એક શસ્ત્રની માફક શ્રોતાઓ ઉપર પ્રહાર કરતા. તેમના બોધની અસર સર્વેના ઉપર થઇ છે. તેમનો ઉત્સાહ કેટલાકના હૃદયમાં તો પુખ્ત રેડાયો છે અને થોડાંના હૃદયમાં તેમની દૃઢ શ્રદ્ધાની જ્યોતિ અતિશય ઝગઝગી રહી છે."

સઘળાં દર્શનો, આગમો અને વેદની જાણે કે હાલતી ચાલતી મૂર્તિ હોય તેમ સ્વામીજી સર્વને ભાસતા હતા. આર્યતત્વજ્ઞાનથી તેમનું હૃદય ભરેલું હતું, એટલુંજ નહિ પણ પાશ્ચાત્ય તત્વજ્ઞાન અને વિજ્ઞાનશાસ્ત્રમાં પણ તે પુરેપુરા નિષ્ણાત હતા. એક પાશ્ચાત્ય વિદ્યામાં પારંગત થયેલો માણસ, જે પાછળથી સ્વામીજીનો શિષ્ય બની રહ્યો હતો તે તેમના વિષે લખે છે કે, "તેમની બુદ્ધિના અતોળ વિસ્તારથી હું તો ચકિતજ થઇ ગયો અને તેમના તરફ આકર્ષાયો. ઋગ્વેદથી તે રઘુવંશ પર્યંત અને વેદાંતનાં ગહન તત્વોથી તે અર્વાચીન કેન્ટ અને હેગલના સિદ્ધાંતો પર્યંત, સઘળું પ્રાચીન અને અર્વાચીન સાહિત્ય, કળા, સંગીત અને નીતિશાસ્ત્ર, સર્વેનો તેમણે સંપૂર્ણ અભ્યાસ

સ્વામીજીએ સર્વને પોતાનો પશ્ચિમમાં જવાનો વિચાર જણાવ્યો હતો. મદ્રાસમાં તે સર્વને કહેતા કે "પ્રાચીન ઋષિમુનિઓનો હિંદુ ધર્મ અત્યાર સુધી સ્થાયી થઇ રહેલો છે. તેને મતિમાન થવાનો વખત હવે આવ્યો છે. હિંદુ ધર્મના પ્રચાર માટે આપણે કમ્મર કસીને સજ્જ થવું જોઇએ. આપણો ધર્મ-કોટ અભેદ્ય છે એમ ખાલી બોલ્યા કરવું અને તેના ઉપર અનેક પ્રહાર થાય તે શું આપણે જોયાજ કરવા? પ્રાચીન સમયમાં આપણા પૂર્વજો માત્ર પોતાનો બચાવજ કરીને બેસી રહેતા નહોતા. ચઢાઇનું ધોરણ હાથ ધરીને તેમણે આપણા વૈભવશાળી ધર્મનો અનેક દેશોમાં પ્રચાર કરેલો છે. પોતાની ન્યાતનુંજ કે પ્રાંતનુંજ માત્ર અભિમાન ધરીને આપણે એક નાના પાંજરામાં ભરાઇ રહીશું કે અન્ય પ્રજાઓની વિચારસૃષ્ટિમાં વિચરીને ભારતવર્ષના કલ્યાણને માટે તેમના ઉપર આપણા ધર્મની ઉંડી છાપ પાડીશું? હિંદનો પુનરોદ્ધાર કરવાને તેની સઘળી શક્તિઓને એકત્ર કરવી જોઇએ. આ સઘળું કરવાને માટેજ મેં સંન્યાસ લીધેલો છે."

સ્વામીજીના વિચારોએ શ્રોતાઓ ઉપર પ્રબળ અસર કરી અને સ્વામીજીને પાશ્ચાત્ય પ્રદેશોની મુસાફરી માટે સઘળાઓએ બહુજ યોગ્ય સમજીને ખર્ચ માટે તેમણે ફંડ ઉઘરાવ્યું. પરંતુ ફંડમાં માત્ર પાંચસેં રૂપિયાજ એકઠા થયા.

એ જોઇને સ્વામીજી પોતાના શિષ્યોને કહેવા લાગ્યા કે "ભાઇઓ! માતાજીની ઇચ્છા ઉપરજ મેં સર્વ આધાર રાખેલો છે. જ્યારે તેની મરજી થશે કે મારે પશ્ચિમમાં જવું ત્યારે જરૂરી દ્રવ્ય એની મેળેજ આવી મળશે. માતાજીની સ્પષ્ટ ઇચ્છા જાણ્યા સિવાય પગલું ભરવું નહિ. માટે આ રૂપિયા ગરિબોને વહેંચી આપો." સ્વામીજીની આજ્ઞા પ્રમાણે શિષ્યોએ તે રકમ ગરીબોને વહેંચી આપી.

પ્રકરણ ૩૨ મું–પશ્ચિમના પ્રવાસની તૈયારી અને સમુદ્ર યાન.

પ્રવાસનો નિશ્ચય.

હૈદ્રાબાદથી સ્વામીજી પાછા મદ્રાસ આવ્યા. પશ્ચિમમાં જવાનો વિચાર હવે તેમના મનમાં વધારે જોરથી યોજાવા લાગ્યો. ઘડીકમાં તે આશા પૂર્ણ બની રહેતા અને ઘડીકમાં તેમને નિરાશા ઉત્પન્ન થઇ રહેતી. વારે ઘડીએ તેઓ શ્રીજગદંબાને પ્રાર્થના કરતા કે "તારો હુકમ શો છે ?" તેમને યાદ આવ્યું કે શ્રી શારદાદેવી સાક્ષાત્ જગદંબાજ છે, લાવ તેમને લખીને પૂછું! તેઓ કહેશે તેમ હું કરીશ.

શ્રી શારદાદેવી શ્રીરામકૃષ્ણનાં પત્ની હતાં. સ્વામી વિવેકાનંદ તેમને જગદંબા સમાન ગણતા અને શારદાદેવી શ્રીરામકૃષ્ણના શિષ્યોને પોતાના પુત્રોજ ગણતાં. સ્વામીજીએ શ્રી શારદાદેવીને પૂજ્યભાવ, મૃદુતા અને પ્રેમથી ભરેલો પત્ર લખ્યો. તેમાં સ્વામીજીએ પોતાનો પશ્ચિમમાં જવાનો વિચાર દર્શાવીને તે બાબતમાં શારદાદેવીની સલાહ અને આશિર્વાદ તેમણે માગ્યા હતાં અને તેમણે એ વાત કોઇને જણાવવી નહિ એવી વિનતી પણ કરી હતી. કાગળ લખીને બંધ કર્યા પછી સ્વામીજીએ તેને પોતાને મસ્તકે ઘણા પૂજ્યભાવથી ધર્યો અને પછીથી તેને ટપાલમાં મોકલી આપ્યો.

કાગળ શ્રીશારદાદેવીને મળતાં તેમના હર્ષનો પાર રહ્યો નહિ. ઘણા દિવસથી તેમને તેમના વ્હાલા નરેન્દ્રની ખબર મળી નહોતી. સ્વામીજી તેમના ગુરૂદેવના વ્હાલામાં વ્હાલા શિષ્ય હતા; તેમ શ્રીશારદાદેવીને પણ તે ઘણાજ પ્રિય હતા. શ્રીરામકૃષ્ણની મહાસમાધિ પછી સ્વામીજીમાં જે અસાધારણ પ્રતિભા ખીલી આવી હતી તે ઉપરથી

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

તૈયારી કરવાની હતી. રાજાજી તેમને જયપુર સુધી વળાવવાને ગયા. રાજાજીએ પશ્ચિમના પ્રવાસને માટે જોઇતા સાધનોમાં ઘણીજ મદદ કરી અને સ્વામીજીને ગીઅર્ડ કરેલા ફર્સ્ટ ક્લાસના ખાનામાં બેસાડીને રાજાજી વિદાય થયા.

પશ્ચિમના પ્રવાસની સઘળી તૈયારી કરી આપવા માટે ખેત્રીના રાજાએ પોતાના ખાનગી કારભારી જગમોહનલાલને સ્વામીજીની જોડે મુંબઇ મોકલ્યા હતા. જગમોહને સ્વામીજીને માટે ભાતભાતના સુંદર રેશમી અને કસબી કપડાં ખરીદવા માંડ્યાં. સ્વામીજીએ તેની ના પાડી અને માત્ર એક ભગવો ઝભ્ભોજ બસ થશે એમ કહેવા લાગ્યા. જગમોહને કહ્યું કે તમે રાજાજીના ગુરુ છો અને એક રાજાના ગુરુ જેવા પોશાકમાજ પશ્ચિમમાં હાજર થવાની આપ કૃપા કરો એવી અમારા રાજાની નમ્ર ઇચ્છા છે.

ખેત્રીના મહારાજાએ પોતાના ગુરુને એક રાજગુરુને છાજે તેવા ઉત્તમ વસ્ત્રોથી સજ્જ કરવાને અને બીજી તૈયારી પણ તેવીજ રીતે ઉત્તમ પ્રકારની કરી આપવાને પોતાના કારભારીને આજ્ઞા કરી હતી અને તેને માટે પુરતું દ્રવ્ય પણ આપ્યું હતું. જગમોહને સ્વામીજીને "પેનીન્સ્યુલર" સ્ટીમરમાં ફર્સ્ટ ક્લાસની ટીકીટ લઇ આપી અને દરેક રીતે મુસાફરીની ઉત્તમ સગવડ કરી આપી.

સ્વામીજીના ગુરુભાઇઓ કલકત્તામાં પોતાનો સમય ધ્યાન ભજનમાં ગાળતા હતા અને વખતે એક બીજાને પુછતા હતા કે "નરેન્દ્ર ક્યાં હશે?" પણ સ્વામીજી ક્યાં છે તેની કોઇને ખબર નહોતી. સ્વામીજીએ કેટલાક સમયસુધી પોતાનું સંન્યાસનું નામ સ્થિર થવા દીધું નહોતું કે જેથી કરીને તેમના ગુરુભાઇઓ તેમના વિષે કાંઇ પણ જાણે નહિ અને તેમની પાછળ આવે નહિ. કોઇ સ્થળે તે "વિવિદિશાનંદ" અને કોઇ સ્થળે તે "સચ્ચિદાનંદ" ને નામે

કાવ્યરૂપજ બની રહેલા હતા. ભારતવર્ષની પ્રાચીન જાહોજલાલી, વર્તમાન દુર્દશા અને તે દુર્દશાને દૂર કરવાની ઉંડી લાગણીઓથી તેમનો અંતરાત્મા ધ્વાજ્વ ઉભરાઇ રહેલો હતો.”

“જે જે કાંઇ ભારતવર્ષના પાયારૂપ હોય, તેના જીવનને અને અંગોને જે કાંઇ પુષ્ટિ આપનારૂં હોય, તે સર્વ ને સ્વામીજીએ પોતાના મનમાં ધરી રાખ્યું હતું તેના જીવનપ્રવાહના ગુહ્ય હેતુઓ તે સમજી ગયા હતા. તેમના હૃદયમાં ઝળહળી રહેલા આધ્યાત્મિક પ્રકાશને લીધે તેમજ ત્યાગવૃત્તિ અને બ્રહ્મચર્યાદિ ચારિત્ર બળને લીધે તેમના અંત:કરણમાં અખુટ ઉત્સાહ અને અદ્‌ભુત જુસ્સો તેમજ સૂક્ષ્મથી સૂક્ષ્મ સત્યો જાગૃત રહેલાં હતાં; અને બીજા મનુષ્યોને જ્યાં માત્ર ભિન્નતાજ દેખાયા કરતી ત્યાં સ્વામીજીની તત્વસ્પર્શી દૃષ્ટિને અભેદ દેખાઇ રહેતો. તેમનું મન વસ્તુઓના આન્તર સ્વરૂપમાં પ્રવેશ કરતું અને બનાવોને તેમના આભ્યન્તર સ્વરૂપમાંજ ગ્રહણ કરતું તેમનું મન ખરૂંજ તત્વસ્પર્શી હતું અને તેમનું જ્ઞાન અનુભવ સિદ્ધ હતું સર્વધર્મપરિષદમાં સમસ્ત ભારતવર્ષના પ્રતિનિધિ તરીકે જનાર મનુષ્યમાં આથી વધારે લાયકાત શી હોઇ શકે ? વેદ-વેદાન્ત, બુદ્ધધર્મ, જૈનધર્મ, શૈવ કે વૈષ્ણવધર્મ, ક્રિશ્ચિયન કે ઇસ્લામધર્મ, સર્વને સમજાવવાને આથી વધારે તૈયારી શી હોઇ શકે ? શ્રીરામકૃષ્ણ પરમહંસ કે જે સર્વધર્મ પરિષદરૂપજ હતા તેમના આ પ્રિય શિષ્ય સિવાય આવા કાર્યને માટે યોગ્ય પુરૂષ બીજો કોણ હોઇ શકે ?”

સમુદ્રયાન.

આગબોટ આગળ ને આગળ વધવા લાગી. સમુદ્રની મુસાફરી સ્વામીજીએ કદી કરી નહોતી. અત્યાર સુધી માત્ર દંડ અને કમંડલુ લઇનેજ તેઓ હિંદમાં વિચર્યા હતા, તેને બદલે હવે તેમને ઘણો સામાન સાથે રાખવો પડ્યો હતો. અને તેને લીધે તેમને ઘણો શ્રમ

ભેટવો પડતો હતો, પણ થોડા વખતમાંજ સ્વામીજી પરિસ્થિતિને અનુકૂળ થઇ રહ્યા. તેમના આનંદી સ્વભાવ અને ભવ્ય આકૃતિને લીધે તેઓ આગબોટમાં સર્વને પ્રિય થઇ રહ્યા. સ્ટીમરનો કેપ્ટન પણ તેમની સાથે ઘણી છૂટથી વાતો કરતો. તેણે સ્વામીજીને આખી સ્ટીમર અને તેના યંત્રો બતાવ્યા.

રસ્તામાં અનેક અવનવા સ્થળો અને બનાવો સ્વામીજીની દૃષ્ટિએ પડતા હતા. ઉચ્ચ ભાવનાઓથી ભરેલું તેમનું હૃદય અને પરમ કલ્પનાશક્તિ સંપન્ન બુદ્ધિ, સમુદ્રના ઉછળતા પાણીના મોજામાં, પવનની લહેરોમાં અને આકાશમાં અનેક પ્રકારનું સૌંદર્ય જોવા લાગ્યાં અને પરમાત્માના અગાધ મહિમામાં ડૂબવા લાગ્યાં. કોલંબો, સીંગાપોર, હોંગકોંગ વગેરે જે જે સ્થળોએ સ્ટીમર ઉભી રહી, તે તે શહેરોના લોકોની પ્રવૃત્તિઓ અને રીતરિવાજો જાણવાનો જેટલો પણ સમય તેમને મળ્યો તેનો બન્યો તેટલો ઉપયોગ તેમણે કરી લીધો. યોકોહામાથી લખેલા એક પત્રમાં તેમણે ચીના લોકોના પ્રવૃત્તિમય જીવનનું સુંદર વર્ણન આપી આગળ ચાલતાં તેમાં લખ્યું હતું કે, ચીનાઓ જેવા વેપારી અને મહેનતુ માણસો જગતમાં બીજે ભાગ્યેજ જડી આવશે. માત્ર તેમની નિર્ધનતાજ તેમને પાછા પાડી રહેલી છે. જાપાનના નાગાસાકી બંદર આગળ સ્ટીમર ઉભી રહી અને સ્વામીજી ઓસાકા, કીયોટો અને ટોકીયો વગેરે સ્થળો જોવાને નીકળી પડયા. તેમનું વર્ણન લખી મોકલતાં સ્વામીજીએ લખ્યું હતું કે, ' આધુનિક સમયની જરૂરીઆતોનું ભાન જાપાની લોકોમાં પુરેપુરું આવી રહેલું છે. તેઓએ પોતાનું સૈન્ય અનુપમ બનાવી મૂક્યું છે. તેઓ નૌકાસૈન્યને વધારતા જાય છે. ત્યાંનાં દીવાસળીનાં કારખાનાં ખરાં જોવા જેવાં છે. પોતાને જોઇતી સર્વ વસ્તુઓ પોતાના દેશમાંજ બનાવવાનો હેતુ ધારણ કરીને તેઓ પ્રજા

પુરૂષાર્થ કર્યા જાય છે. ચીનમાં અને જાપાનમાં લોકોની ધાર્મિક પ્રવૃત્તિઓ અને દેવાલયો સ્વામીજી ખાસ કરીને જોતા હતા. તેમનો અભ્યાસ કરતાં તેમને સમજાતું હતું કે ચીનમાં બંગાળી ધર્મોપદેશકો ગયા હતા અને પોતાના બોધ વડે તેમણે ચીનના સુધારા ઉપર ભારે અસર કરી હતી. જાપાનમાં અનેક દેવાલયોમાં સંસ્કૃત મંત્રો બંગાળી લિપિમાં કોતરેલા તેમની નજરે આવ્યા હતા અને સંસ્કૃતનું જ્ઞાન ધરાવનારા કેટલાક ધર્મગુરૂઓ પણ તેમને મળ્યા હતા. જાપાનમાં સ્વામીજી સર્વત્ર જોતા હતા અને ખુશી થતા હતા કે "જાપાની લોકો હિંદુસ્તાનને હજી પણ એક ઉચ્ચ અને શુભ વિચારોથી ભરેલી ભૂમિ તરીકે ગણે છે." ત્યાંના લોકોની પ્રવૃત્તિ, ઉદ્યોગ અને જીવન જોઈને સ્વામીજીએ હિંદવાસીઓને જાપાનનો નમુનો લેવાનું લખી મોકલ્યું હતું. તેમના શબ્દો નીચે પ્રમાણે હતા:—"એક ટુંકા પત્રમાં જાપાની લોકો વિષે હું સઘળું લખી શકું તેમ નથી. મારે લખવાનું માત્ર એટલુંજ છે કે આપણા કેટલાક યુવાનોએ પ્રતિવર્ષ ચીન અને જાપાનમાં જવું જોઈએ. ખાસ કરીને જાપાનમાં તેમણે જવું જોઈએ, કારણ કે જાપાની લોકો ભારતવર્ષને હજી પણ ઉચ્ચ અને શુભ વિચારોનું સ્થાન ગણે છે. પરંતુ ભારતવાસીઓ! તમે કેવા બની ગયા છો? વ્યર્થ વાતો કરનારા મુર્ખાઓ! તમે અહીંઆં આવો, આ લોકોને જુવો અને શરમાઈને તમારૂં મોં સંતાડો! આવો, ખરા મનુષ્યો બનો. આવો, તમારાં સાંકડાં દરોમાંથી બહાર આવો અને જગત તરફ દૃષ્ટિ કરો. હિંદુસ્તાનને એક હજાર યુવાન મનુષ્યોના આત્મભોગની જરૂર છે. અને આ આત્મભોગ મનુષ્યોનો અને નહિ કે જંગલીઓનો!"

પ્રકરણ ૩૩ મું-અમેરિકામાં પરદેશી મુશ્કેલીઓ.

યોકોહામાથી સ્વામીજી નીકળ્યા અને વાનકુવર જઈ પહોંચ્યા. જુની દુનિયામાંથી તે હવે નવી દુનિયામાં આવી પહોંચ્યા. વાનકુવરમાં ઉતર્યા. ફરી આગગાડીમાં તે ચિકાગો ગયા. સમુદ્રની મુસાફરી દરમીઆન તેમને ઘણી ટાઢ વેઠવી પડી હતી, કેમકે તેમની પાસે પુરતાં ગરમ કપડાં હતાં નહિ. ચીકાગોમાં અનેક મુશ્કેલીઓ તેમના માર્ગમાં આડે આવવા લાગી. તેમને પરદેશી ધારીને મજુરો, વીશીવાળાઓ વગેરે જણજણ પૈસા તેમની પાસેથી લેવા લાગ્યા. પરદેશી ભૂમિમાં તે એકલાજ હતા. તેમનું ચિત્ત અત્યારસુધી મુખ્ય ભાગે ઈશ્વર તરફજ રહ્યા કર્યું હતું. હવે તેઓ અમેરિકાના એક વધારેમાં વધારે પ્રવૃત્તિ અને ઘોંઘાટવાળા શહેરમાં આવી પડ્યા હતા. અત્યારસુધી મુખ્ય કરીને તેઓ વિચારસૃષ્ટિમાંજ વિચરી રહ્યા હતા અને જગતના પ્રપંચોનો અનુભવ તેમને વિશેષ હતો નહિ. ચિકાગોમાં એક વીશીમાં તેમણે મુકામ કર્યો. સર્વધર્મપરિષદ્ ક્યારે ભરાવાની છે તેનો તપાસ કરવાને તે હમેશ જવા લાગ્યા. અમેરિકામાં આવતાં પહેલાં તેમણે જે કાર્ય કરવાનો વિચાર કર્યો હતો તે પાર પડવો મુશ્કેલ જણાવા લાગ્યો. અહીંઆં તેમને અનેક મુશ્કેલીઓમાંથી પોતાનો માર્ગ કરવાનો હતો. અનેકવાર સ્વામીજી નિરાશ થઈ ગયા અને અનેકવાર તેમણે પાછા જવાનો વિચાર કર્યો. તેમને ખબર પડી કે સર્વધર્મપરિષદ હજી બેએક મહિના સુધી ભરાવાની નથી. આટલા લાંબા વખત સુધી ચિકાગોનું ખર્ચ ઉપાડવાનું તેમની પાસે સાધન નહોતું. વળી રસ્તામાં જતાં છોકરાઓ તેમના વિચિત્ર પોશાકને લીધે તેમની પાછળ પડતા. સખત ટાઢમાં તેમને પોતાના દિવસો કહાડવા પડતા. સ્વામીજી આ સઘળું ધીરજથી સહન કરવા લાગ્યા.

પણ સ્વામીજીને કોણ ત્યાં પેસવા દે! તેમને કોઇ સાથે ઓળખાણ નહોતું. આખી દુનિયાના ધર્મોપદેશકોને ત્યાં બોલાવવામાં આવ્યા હતા અને તેઓ દરેક અનેક પ્રમાણપત્રો લઇને ત્યાં આવ્યા હતા. સ્વામીજી પાસે એક પણ પ્રમાણપત્ર (સર્ટીફીકેટ) નહોતું. દેશ દેશમાંથી ધર્મના પ્રતિનિધિઓ આમંત્રણ સ્વીકારીને આવ્યા હતા અને તેમને માટે સઘળી સગવડ ત્યાં કરવામાં આવી હતી. સ્વામીજીને આમંત્રણ પણ નહોતું અને પાસે પ્રમાણપત્ર પણ નહિ, એટલે એમનો ભાવ ત્યાં કોણ પુછે? સર્વધર્મપરિષદમાં શી રીતે જવું એ સવાલ ભારે થઇ પડયો. ત્યાં મોટા મોટા સુપ્રસિદ્ધ ધર્મોપદેશકો, ખ્રિસ્તી ધર્માધ્યક્ષો અને પ્રોફેસરો એકઠા થવાના હતા, ત્યાં સ્વામીજી જેવા એક અપ્રસિદ્ધ મનુષ્યને પેસવાની રજા કયાંથી મળે? પણ પ્રભુનું કાર્ય કરવાને અંતઃકરણપૂર્વક તૈયાર થઇ રહેલા મનુષ્યને પ્રભુ અલૌકિક રીતેજ મદદ કરે છે. સ્વામીજીની બાબતમાં તેમજ થયું. બોસ્ટનમાં અનેક સ્ત્રીઓ તેમને મળવાને આવતા હતા. એક દિવસ સ્વામીજીની ખ્યાતિ સાંભળીને હાર્વર્ડ વિશ્વવિદ્યાલયના પ્રોફેસર જે. એચ. રાઇટ તેમને મળવાને આવ્યા. સર્વધર્મપરિષદમાં જવાની આશા સ્વામીજીએ હવે તદ્દન છોડીજ દીધી હતી. પ્રોફેસર રાઇટ સ્વામીજીની શક્તિ જોઇને ચકિત થઇ ગયા અને કહેવા લાગ્યા કે તેમણે સર્વધર્મપરિષદમાં હિંદુ ધર્મના પ્રતિનિધિ તરીકે હાજર થવું જોઇએ. સ્વામીજીએ પોતાની મુશ્કેલીઓ જણાવી અને કહ્યું કે તેમની પાસે એક પણ પ્રમાણપત્ર નથી. પ્રોફેસર રાઇટ તુરતજ બોલી ઉઠયાઃ "સ્વામી, તમારી પાસે પ્રમાણપત્ર (સર્ટીફીકેટ) માગવું એ સૂર્યને પ્રકાશવાનો હક છે કે નહિ એવું પુછવા બરાબર છે!" પછી પ્રોફેસરે ખાત્રી આપી કે સર્વધર્મપરિષદમાં હિંદુ ધર્મના પ્રતિનિધિ તરીકે ઉભા રહેવાની સઘળી ગોઠવણ તે સ્વામીજીને કરી આપશે. પ્રોફેસરને પરિષદના

કાર્યવાહકો સાથે ઓળખાણ હતું, તેથી તેમણે એકદમ પ્રતિનિધિઓને ચુંટનાર મંડળીના અધ્યક્ષને લખી મોકલ્યું કે "અહીંઆ એક માણસ છે, તે સઘળા વિદ્વાન પ્રોફેસરોનું જ્ઞાન એકઠું કરીએ તેના કરતા પણ અધિક જ્ઞાન ધરાવે છે" પછીથી તેમણે સ્વામીજીને ચિકાગો જવાનું ભાડું પણ આપ્યું અને પૂર્વના પ્રતિનિધિઓની ગોઠવણ કરનાર મંડળી ઉપર [illegible] ભલામણ પત્રો પણ આપ્યા.

સાયંકાળનો સમય થવા આવ્યો હતો. એ વખતે સ્વામીજી ચિકાગોના સ્ટેશન ઉપર ઉતર્યા ત્યાંથી પરિષદ્‌ની ઓફીસમાં તેમને જવાનું હતું અને તેના અધ્યક્ષ ડૉ. બેરોઝને મળવાનું હતું પણ મોટા શહેરમાં ક્યાં જવું તે એમને જડે નહિ, આમતેમ તપાસ કરતે કરતે રાત પડવા આવી. ભોગ જોગે પ્રોફેસરે આપેલું શિરનામું પણ ખોવાઈ ગયું હતું! સ્વામીજી બહુ આથડ્યા, પણ કંઇ પત્તો ખાધો નહિ. આખરે થાકીને સ્ટેશનના કંપાઉન્ડમાં એક ભાગલી પેટીના ખોખામાં આખી રાત સુઇ રહ્યા. સવારે ઉઠીને તેઓએ પાછી તપાસ કરવા માંડી. પણ ક્યાં જવું તે સુઝે નહિ. આખરે થાક લાગવાથી તેઓ એક રસ્તા ઉપર એક ભવ્ય મહેલની સામી બાજુએ બેસી ગયા! આખી રાતના તે ભુખ્યા હતા અને તેમનો આધાર માત્ર પ્રભુ ઉપરજ હતો. બેઠા પછી થોડીજ વારમાં એકદમ પેલા મહેલના બારણામાંથી એક સભ્ય સ્ત્રી બહાર નીકળી અને સ્વામીજી તરફ તેની નજર પડતાંજ તે તેમની પાસે જઇને કહેવા લાગી કે "તમે સર્વધર્મપરિષદ્‌માં એક પ્રતિનિધિ તરીકે આવેલા છો?" સ્વામીજીએ પોતાની મુશ્કેલીઓ કહી બતાવી. એકદમ તે તેમને પોતાના ઘરમાં લઇ ગઈ અને તેમને માટે નાસ્તા પાણીનો બંદોબસ્ત કર્યો. સ્વામીજી નાસ્તો લઇ રહ્યા પછી તે સ્ત્રી જાતેજ તેમને પરિષદ્‌ની ઓફીસમાં લઇ ગઇ અને દરેક બાબતમાં તેણે ઉપ-

ચોગ્ય સલાહ આપી. તેનું નામ મીસીસ જ્યોર્જ ડબલ્યુ. હેલ હતું. તેના પતિ અને છોકરા જોડે પણ સ્વામીજીને અત્યંત ગાઢ સંબંધ બંધાયો હતો.

સ્વામીજીમાં હવે નવોજ ઉત્સાહ આવી રહ્યો. મીસીસ હેલની જોડે તે પરિષદના કાર્યવાહકોને મળ્યા અને તેમને એક પ્રતિનિધિ તરીકે સ્વીકારવામાં આવ્યા. પૂર્વના બીજા પ્રતિનિધિઓ સાથે તેમને પણ દરેક પ્રકારની સગવડ પૂર્વક રાખવામાં આવ્યા. સ્વામીજી હવે સ્વસ્થ થયા અને ઘણો ખરો સમય આત્મધ્યાનમાં ગાળવા લાગ્યા.

પ્રકરણ ૩૪ મું-સર્વધર્મપરિષદ.

સને ૧૮૯૩ ના સપ્ટેમ્બર માસમાં ચિકાગોમાં સર્વધર્મપરિષદ ભરવામાં આવી હતી. જગતના ઇતિહાસમાં એ પરિષદ એક અગત્યના બનાવરૂપ હતી.જગતમાં ચાલતા સર્વ મુખ્ય ધર્મોના વિચારો, સિદ્ધાંતો અને આદર્શોનું તેમાં દિગ્દર્શન કરાવવામાં આવ્યું હતું. તેણે માનવજાતિના ધાર્મિક વિચારોને મજબુત પાયા ઉપર મુક્યા છે. પાશ્ચાત્ય પ્રદેશોમાં તેણે નવીન ભાવનાઓ જાગૃત કરેલી છે. તેણે પૂર્વ અને પશ્ચિમનો મુકાબલો કરેલો છે. એ પરિષદના વૈજ્ઞાનિક ભાગના પ્રમુખ ઓનરેબલ મેરવીન-મેરી સ્નેલ લખે છે કે,

"એ પરિષદથી જગતને મોટામાં મોટો ફાયદો તો એ થયો છે કે તેણે ખ્રિસ્તીઓને અને ખાસ કરીને યુનાઇટેડ સ્ટેટસના લોકોને શિખવ્યું છે કે જગતમાં ખ્રિસ્તીધર્મ કરતાં વધારે માનનીય, વધારે ઉંડા તત્વજ્ઞાનવાળા, વધારે આધ્યાત્મિકતાવાળા, વધારે સ્વતંત્ર વિચાર-

યુક્ત, હૃદયની વિશાળતા અને પ્રમાણિકતાનો વધારે ઉંડો બોધ કરનાર અને નૈતિક તત્ત્વમાં તેનાથી જરાક પણ ઉતરે નહિ તેવા અન્ય ધર્મો જગતમાં અસ્તિત્વ ધરાવે છે. એ પરિષદમાં ખ્રિસ્તીધર્મ સિવાયના બીજા આઠ ધર્મોને પ્રતિપાદન કરવામાં આવ્યા હતા તે નીચે પ્રમાણે હતા–હિંદુધર્મ, જૈનધર્મ, બુદ્ધધર્મ, યાહુદીધર્મ, ચીનાઈ ધર્મ, શીંટોધર્મ, ઇસ્લામધર્મ અને જરથોસ્તી ધર્મ ”

જરથોસ્તી ધર્મને પ્રતિપાદન કરવા માટે મુંબાઇના કેટલાક પારસીઓએ નિબંધો લખી મોકલ્યા હતા. શીંટોધર્મ, ચીનાઇધર્મ અને ઇસ્લામધર્મને માટે એકેક પ્રતિનિધિ હાજર થયો હતો યાહુદીધર્મના ઘણા પ્રતિનિધિઓ ત્યાં આવ્યા હતા. પણ તેમનાથી કાંઈ ભારે અસર થઈ નહોતી. મી. વીરચંદ રાઘવજી ગાંધી જૈનધર્મના પ્રતિનિધિ તરીકે ત્યાં આવ્યા હતા અને તેમના ભાષણોથી શ્રોતાઓના મન ઉપર સારી અસર થઈ હતી જાપાન અને સીલોનમાંથી ઘણા બુદ્ધધર્માનુયાયીઓ આવ્યા હતા અને તેમનાથી પણ ઘણા માણસો આકર્ષાયા હતા. હિંદુધર્મની કેટલીક શાખાઓના પ્રતિનિધિઓ આવ્યા હતા. શ્રી. મણિલાલ નભુભાઇએ કેટલાક નિબંધો લખી મોકલ્યા હતા તે વંચાયા હતા અને તેના ઉપર વિવેચન કરવામાં આવ્યું હતું. બ્રહ્મોસમાજ તરફથી પી સી. મજમુદાર અને એન બી. નગરકર આવ્યા હતા ખ્રિસ્તી ધર્મના અનેક ધર્માધ્યક્ષો, મોટા પાદરીઓ, ધર્મશાસ્ત્રીઓ અને તત્ત્વજ્ઞાનીઓ હાજર થયા હતા લગભગ એક હજાર કરતાં પણ વધારે નિબંધો ત્યાં વંચાયા હશે આટલા વર્ણનથી વાચકના મનમાં એ ધર્મપરિષદના મહત્વનો ખ્યાલ આવી તેની ઉપયોગિતા સમજાશે આવી ભવ્ય પરિષદમાં સ્વામી વિવેકાનંદ હાજર થવાના હતા અને " શુદ્ધ સનાતન હિંદુ ધર્મ " ઉપર પોતાનું વ્યાખ્યાન આપવાના હતા. પ્રતિનિધિઓના ક્રમમાં તેમનો નંબર ૩૧મો હતો.

જે દિવસે પરિષદની શરૂઆત થઇ તે દિવસનું વર્ણન આપતા સ્વામીજી લખે છે કે, "પરિષદને ખુલ્લી મુકવાના દિવસે સવારમા અમે બધા એક મકાનમાં ભેગા થયા હતા. જગતની સઘળી પ્રજાઓના પ્રતિનિધિઓ ત્યાં આવેલા હતા. પછી એક સરઘસના આકારમાં અમને બધાને પરિષદના મકાનમાં લઇ જવામાં આવ્યા અને ત્યા ઉચ્ચપીઠિકા (પ્લેટફોર્મ) ઉપર બેસાડવામાં આવ્યા. એક મોટો ભવ્ય હોલ અને તેની ઉપર આસપાસ આવેલી મોટી ગેલેરી અને તેમા અમેરિકાનાં સુશિક્ષિત છ સાત હજાર માણસો બેઠેલા છે અને તેની ઉચ્ચ પીઠિકા ઉપર આખી દુનિયાના વિદ્વાન મનુષ્યો આવીને બેઠેલા છે; એવી મનમાં કલ્પના કરો અને હું કે જેણે કોઈ દિવસ પણ આવા અસામાન્ય જનસમૂહ આગળ વ્યાખ્યાન આપ્યું નથી, તેણે તે ભવ્ય સભા આગળ જાહેર વ્યાખ્યાન આપવાનું છે' ઘણા દબદબા સાથે સંગીત, અને ભાષણોવડે પરિષદની શરૂઆત થઇ. પછીથી પ્રતિનિધિઓનું એક પછી એક ઓળખાણ કરાવવામાં આવ્યું. તેઓ એક પછી એક આગળ ગયા અને બોલ્યા. મારૂં હૃદય આ વખતે ધબકી રહ્યું અને મારી જીભ તદન સુકાઇ ગયા જેવી થઇ રહી. હું ઘણોજ ગભરાઇ ગયો અને સવારે તો કંઇ પણ બોલી શક્યો નહિ. મજમુદારે સુંદર વ્યાખ્યાન આપ્યું અને ચક્રવર્તીએ તેથી પણ વધારે સુંદર આપ્યું. તેમની પ્રશંસા થઇ. તેઓ ઘણી તૈયારી કરીને આવ્યા હતા. મારી પાસે કાંઇ પણ તૈયારી નહોતી. હું દેવી સરસ્વતીને પ્રણામ કરીને આગળ ગયો અને ડૉ. બેરોઝે મારૂં ઓળખાણ કરાવ્યું. મેં એક ટુકું વ્યાખ્યાન આપ્યું. જ્યારે તે પુરૂં થયું ત્યારે તદન થાકી ગયા જેવો થઇને હું બેસી ગયો."

સઘળા પ્રતિનિધિઓ પોતપોતાના પંથોની શ્રેષ્ઠતા મમત્વપૂર્વક સાબીત કરવાને આવ્યા હતા, અને સ્વામીજી હિંદના પ્રાચીન ઋષિઓ

ના સર્વસામાન્ય ધાર્મિક તત્વોને નિષ્પક્ષપાતથી સમજાવવાને આવ્યા હતા. સઘળાએ પોતપોતાના જ્ઞાનમાં ઉપરજ આધાર રાખતા હતા. ત્યારે સ્વામીજી પોતાને પ્રાચીન ઋષિઓના સિદ્ધાંતો અને પ્રભુના અગાધ સત્યોને દર્શાવનારૂં એક સાધન માત્રજ ગણતા હતા. વ્યાખ્યાનની શરૂઆતમાં સર્વેએ એકદમજ આરંભ કર્યો હતો, પણ પ્રભુના સાચા ભક્ત સ્વામીજીએ એક બાળકની માફક અત્યંત નમ્રતાથી પ્રભુની પ્રાર્થના કરી હતી કે,

मूकं करोति वाचालं पंगु लंघयते गिरिम् ॥
यत्कृपा तमहं वंदे परमानंदमाधवम् ॥

આ રીતે નિરભિમાનપણાથી અને શુદ્ધ સાચા ભક્તિભાવથી, ઇશ્વર ઉપરજ આધાર રાખીને તેમણે પોતાનું વ્યાખ્યાન શરૂ કર્યું હતું.

પ્રાચીન ઋષિઓના સિધ્ધાંતોની સત્યતામાં તેમને અનહદ વિશ્વાસ હતો. પોતે માથે લીધેલા કાર્યની ઉપયોગિતા તે હદપણે માનતા હતા. તેમણે એક ટુંકુ જ વ્યાખ્યાન આપ્યુ હતું. બીજે દિવસે અમેરિકાના સઘળાં વર્તમાનપત્રોએ એક અવાજે જાહેર કર્યું કે **સ્વામી વિવેકાનંદનું વ્યાખ્યાન સર્વથી શ્રેષ્ઠ છે.** સ્વામીજીની કીર્તિ આખા અમેરિકામાં પ્રસરી રહી. પરિષદમાં કોઇ પણ ધારતું નહોતું કે એમના જેવો એક અત્યંત સાદો અને શરમાળ મનુષ્ય આખી પરિષદનો એક પ્રકાશિત તારો બની રહેશે. પણ સ્વામીજીની આકૃતિ ભવ્ય હતી, હિંદી પોષાકમાંજ તેઓ હાજર થયા હતા, તેમનો અવાજ સંગીત જેવો મધુર હતો, તેમની વક્તૃત્વશક્તિ સ્વાભાવિક, મોહક અને અગાધ હતી, વિષયને પ્રતિપાદન કરવાની તેઓ અલૌકિક કુશળતા ધરાવતા હતા અને ભારતવર્ષના ધર્મો તથા તત્વજ્ઞાન, જેના ઉપર તેમનું વ્યાખ્યાન થયું હતું, તેમાં તેમણે ઉંડો પ્રવેશ કરેલો હતો.

એ પરિષદમાં મોટા મોટા વ્યાખ્યાતા, મોટા મોટા અધિકાર-વાળા, અનેક મનુષ્યો ઉપર સત્તા ધરાવનારા અને પોતાના વિષયનું અદ્ભુત જ્ઞાન ધરાવનારા અનેક ધર્મોપદેશકો આવેલા હતા. વળી યુરોપ અમેરિકાના વિદ્વાનો, સુશિક્ષિત અને સુવિચારી પુરુષો તથા સ્ત્રીઓ હતાં. આવા અસાધારણ શ્રોતાઓની સમક્ષ ભાષણ આપવું એ કંઇ જેવું તેવું કાર્ય નહોતું. અત્યંત ભવ્યતા અને દિવ્યતાની સેવા ત્યાં હતી. ત્યાં આવેલા ખ્રિસ્તી દેવળોના મોટા મોટા ધર્માધ્યક્ષો અને પાદરીઓની આકૃતિઓ અલૌકિક જ દેખાતી હતી. તેમની મુખમુદ્રાઓ ઉપર અધિકાર અને માન મરતબાનું તેજ છવાઇ રહેલું હતું. તેમની સાથે સરખાવતાં સ્વામીજી તરુણ હતા અને કંઇ પણ હિસાબ વગરના જણાતા હતા. પોતાનું વ્યાખ્યાન આપવાને તેમને પ્રમુખ તરફથી કેટલીકવાર કહેવામાં આવ્યું હતું પણ તેમણે "હમણાં નહિ" એવો જવાબ આપ્યા કર્યો હતો. સ્વામીજી તેમનું ભાષણ આપશે કે નહિ એવી પણ શંકા પ્રમુખને થઇ હતી. આખરે પ્રમુખનો આગ્રહ થવાથી સ્વામીજીએ પોતાનું ભાષણ છેક ત્રીજે પહોરે આપ્યું હતું.

ભાષણ કરવાને ઉભા થતી વખતે સ્વામીજીના મુખ ઉપર એક પ્રકારની જ્યોતિ પ્રકાશી રહી. તેમણે એક દ્રષ્ટિપાતથી સમસ્ત સભાને નિહાળી લીધી. શ્રોતાઓ આતુર બની રહ્યા. સર્વત્ર શાંતિ વ્યાપી રહી. પછી સ્વામીજીનો ચ્હેરો વધુ જાગૃત થયો. સરસ્વતિનો પ્રકાશ તેમના હૃદયમાં પ્રકાશી રહ્યો, બ્રહ્માનુભવની જ્યોતિ તેમના અંતરાત્મામાં જાગી રહી, પરમાત્માની સ્તુતિ કરીને તેમણે પોતાનું ભાષણ કર્યું. શ્રોતાઓને તેમણે "અમેરિકાની મારી બહેનો અને ભાઇઓ" કહીને સંબોધ્યા. તેમની અગાઉના કોઇપણ વક્તાએ આ પ્રમાણે સંબોધન કર્યું નહોતું. સઘળા શ્રોતાઓ તે સાંભળીને હર્ષમાં આવી ગયા. આખી સભામાં આનં-

... તાળીઓ પાડતા
... સભાગાડા જેવી
... જીને ... બોલવાનો
... તેમને કોઈએ
... હતો અમેરિકનો
... મેળવનાર
... આવેલા આ
... સ્વામીજી ...
... હતા વેદાન્ત
... સ્વરૂપ

વિશાળ હેતુઓને અજાણપે અનુમોદન મળી રહ્યું હતું. જ્યારે બીજાઓ માત્ર પોતપોતાના પંથોનીજ વાત કરી રહ્યા હતા ત્યારે સ્વામીજી " સર્વ ધર્મો સત્યરૂપ એકજ વૃક્ષનાં જુદાં જુદાં ડાળાંપાંખડાં છે, સર્વ મોક્ષરૂપી ફળ આપનારાં છે. " એમ કહી રહ્યા હતા.

ભાષણ પુરૂં થયા પછી સર્વ શ્રોતાઓ જાણે કે કોઇ અલૌકિક પ્રકાશમય સૃષ્ટિમાં વિચરતા હોય તેમ અતિશય આનંદાવેશમાં આવી જઇ સ્વામીજી તરફ આશ્ચર્યથી જોવા લાગ્યા અને પુષ્કળ તાળીઓના અવાજ કરવા લાગ્યા.

એ પછી થોડા દિવસ રહીને સ્વામીજીએ તેજ પરિષદમાં " હિંદુ ધર્મ " વિષે નિબંધ વાંચ્યો. તેમાં હિંદુઓનું તત્વજ્ઞાન, માનસશાસ્ત્ર અને બીજા અનેક વિશાળ વિચારોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. શ્રુતિ એટલે શું, વેદો નિત્ય સત્યોજ છે, પુનર્જન્મ એટલે શું, કર્મનો ભવ્ય સિદ્ધાંત, ઋષિઓ કોણ હતા, આત્માનું અનાદિત્વ, જગતનું અનાદિત્વ, આત્માની સ્વાભાવિક શુદ્ધતા, નિત્યતા અને મુક્તતા, ટુંકમાં વેદાન્તનાં સર્વ મુખ્ય સત્યોને સ્વામીજીએ ઘણીજ સરળ ભાષામાં અને આધુનિક વિજ્ઞાનશાસ્ત્રનાં પ્રમાણોની સાથે સમજાવીને વેદાન્તની વિશાળતા અને સર્વગ્રાહિતા સિદ્ધ કરી બતાવી. મોક્ષના વિષયમાં તેમણે કહ્યું કે, " જ્યારે વિશ્વના જીવન સાથે—સર્વાત્મા સાથે હું એક થઇ રહું ત્યારેજ જન્મ મરણની આવૃત્તિઓ વળી બંધ પડે; જ્યારે હું સુખરૂપજ—સુખ પોતેજ બની રહું ત્યારેજ સઘળાં દુઃખોનો સદાને માટે નાશ થઇ શકે; અને જ્યારે હું જ્ઞાનરૂપજ—જ્ઞાન પોતેજ બની રહું ત્યારે સઘળી ભુલો સદાને માટે સતી અટકે. અને આ પ્રમાણેજ થવું જોઇએ એમ વિજ્ઞાનશાસ્ત્ર પણ કહી રહ્યું છે. વિજ્ઞાનશાસ્ત્રે સાબીત કરી બતાવ્યું છે કે માનવ દેહ અને તેમાં બંધાયલો દેહાત્મભાવ અસત્ય છે, મિથ્યા છે. જડતાના અગાધ

નંદ છે; તેજ તમારો અને પ્રત્યેકનો આત્મા છે; તેના વડેજ સર્વ છે; તેજ સર્વ છે. તે પરમાત્માને-તમારા પોતાના આત્માને-તમારા પોતાના ખરા સ્વરૂપને ઓળખવાથીજ તમે મૃત્યુથી તથા દુઃખથી બચશો અને અમૃતત્વને તેમજ સર્વોચ્ચ આનંદરૂપતાને પ્રાપ્ત કરી શકશો."

પછીથી સ્વામીજીએ મૂર્તિપૂજાનું સ્વરૂપ સમજાવ્યું. તેમણે જણાવ્યું કે સર્વધર્મો-સર્વ ક્રિયાઓમાં એકજ સત્ય વ્યાપી રહેલું છે. હિંદુઓ સર્વગ્રાહી દૃષ્ટિથીજ સર્વધર્મો તરફ જુએ છે. આખરે સ્વામીજીએ સર્વસામાન્ય ધર્મ, જેમાં કોઇ પંથ કે માર્ગ નથી, પણ જે એક જંગલી મનુષ્યથી તે ઘણા કેળવાયલા મનુષ્ય સુધીના સર્વ મનુષ્યોની ભાવનાઓને અનુકૂળ થઇ રહે અને મનુષ્યોને એક બીજાને સહાયભૂત થવાને પ્રેરણા કરી રહે, તેની કલ્પના કહી બતાવી. છેવટે નીચેના શબ્દો બોલીને તેમણે પોતાનો નિબંધ પુરો કર્યોઃ—

"જગતને આવો ધર્મ આપો અને સઘળી પ્રજાઓ તમને અનુસરશે. અશોકની સભા વિશાળ હતી પણ તે માત્ર બુદ્ધ ધર્મનીજ સભા હતી. અકબરે સ્થાપેલી મંડળી જો કે એકથી વધારે ધર્મને પ્રતિપાદન કરતી હતી તોપણ તે એક ખાનગી સભા જેવીજ હતી. સઘળા ધર્મો પરમેશ્વરની પ્રાપ્તિ કરાવે છે એવું સમય જગતને જણાવવાના સ્થળ તરીકેનું માન ઇશ્વરે અમેરિકાને માટેજ રાખ્યું હતું."

"હિંદુઓનો જે બ્રહ્મ કહેવાય છે, પારસીઓનો જે અહુરમઝદ કહેવાય છે, બુદ્ધોનો જે બુદ્ધ કહેવાય છે, યાહુદીઓનો જે જિહોવા કહેવાય છે, ખ્રિસ્તીઓ જેને સ્વર્ગમાં રહેલા પિતા ગણે છે, તેઓ તમારા ઉમદા વિચારને અમલમાં મૂકવાને તમને સામર્થ્ય આપો. તારો પ્રથમ પૂર્વમાં ઉગ્યો હતો, ધીમે ધીમે તે પશ્ચિમ તરફ ગયો હતો! તેનો પ્રકાશ કદાચિત્ ઝાંખો અને કદાચિત્ વધારે

સાથે વાત કરવાને આગળ આવવા લાગી પરિષદની પીઠિકા (પ્લેટફોર્મ) ઉપર સ્વામીજી જો ઉઠીને કોઇ કારણસર એક બાજુએથી બીજી બાજુએ જાય તોપણ શ્રોતાઓ તેમને હોંકારા પોકારો અને તાળીઓના અવાજોથી વધાવી લે ' પરિષદના વિજ્ઞાનશાસ્ત્રીય વિભાગના પ્રમુખ લખે છે કે,—' વિવેકાનંદે પરિષદમાં ભાષણ આપવા ઉપરાંત તેના વિજ્ઞાનશાસ્ત્રીય વિભાગમાં પણ ભાષણ આપ્યું હતું ત્યાં હું પ્રમુખ હતો. દરેક વખતે શ્રોતાઓ તેમને ઘણુંજ માન અને ખુશાલીથી વધાવી લેતા હતા તે જ્યાં જાય ત્યાં લોકો તેમની આસપાસ ટોળે વળી જતા અને તેમના મુખમાંથી નીકળતા દરેક શબ્દને આતુરતાથી શ્રવણ કરતા ઘણી વખત તેમને ખ્રિસ્તી દેવાલયોમાં બોધ આપવાને બોલાવવામાં આવ્યા હતા અને ત્યાં શ્રોતાઓ તેમની ઘણીજ પ્રશંસા કરતા હતા ઘણા ધર્મચુસ્ત ખ્રિસ્તીઓ પણ તેમને માટે કહેતા હતા કે ખરેખર મનુષ્યોમાં તે એક દેવસમાન (ગૂઢ પુરૂષ) છે' સ્વામીજીને અમેરિકા મોકલવા માટે અમેરિકા હિંદુસ્તાનનો ઉપકાર માને છે, અને એમના જેવા બીજા વધારે મોકલવાની વિનતિ કરે છે "

સર્વધર્મપરિષદમાં સ્વામીજીએ જે વ્યાખ્યાન આપ્યું તેમાં સમાયલા વિચારો જેમ અતિશય ભવ્ય હતા તેમ તે આશય જેવા વિશાળ અને સર્વસ્પર્શી હતા. જગતના સર્વ ધર્મોનો જાણે કે સાર ખેંચી કહાડ્યો હોય તેમ તેમની ' સર્વ સંગ્રાહ્યધર્મની કલ્પના "સર્વગામી હતી

અમેરિકાના થોડાક વર્તમાનપત્રોના તેમના વિષેના અભિપ્રાયો નીચે ટાંકીશું.

" સર્વધર્મપરિષદમાં સ્વામી વિવેકાનંદ સૌથી શ્રેષ્ઠ વ્યક્તિ છે, અને તેમનું ભાષણ સાંભળ્યા પછી અમને લાગે છે કે હિંદુઓ

જેવી વિદ્વાન પ્રજાને બોધ આપવાને અમે પાદરીઓ મોકલીએ છીએ એ કેવું મુર્ખાઈ ભરેલું કાર્ય કરીએ છીએ!"—ધી ન્યુયોર્ક હેરલ્ડ.

"બધા વક્તાઓમાં આ માણસેજ સર્વધર્મપરિષદમાં ભારે હર્ષઘોષ જગાવી મુક્યો હતો, અને વારંવાર તેમને પાછા બોલાવવામાં આવ્યા હતા."—ધી ઇન્ટીરીઅર શિકાગો.

"પોતાનો ભવ્ય દેખાવ અને વિચારોની પ્રૌઢતાને લીધે પરિષદમાં તે ઘણાજ પ્રિય થઇ રહેલા છે. પ્લેટફોર્મ ઉપર તે માત્ર એક બાજુએથી બીજી બાજુએ જાય છે તો પણ શ્રોતાઓ તેમના માનમાં તાળીઓના અવાજ કરી મૂકે છે અને સ્વામી એક બાળક જેવા સાદા સ્વભાવથી, જરાક પણ ગમગરી ધર્યા વગર, તે હજારો મનુષ્યોના માનનો સ્વીકાર કરે છે."—ધી બોસ્ટન ઇવનીંગ ટ્રાન્સ્ક્રીપ્ટ.

"જો કે પરિષદમાં બીજા ઘણા સારા વક્તાઓ હતા, પણ પરિષદનો ખરેખરો ઉદ્દેશ તો તે હિંદુ સાધુએજ બરાબર પાર પાડયો છે. હું તેમના ભાષણની પુરેપુરી નકલ આપું છું, પણ શ્રોતાઓનાં મન ઉપર તેની થી અસર થઇ હતી તેનું તો માત્ર સૂચનજ કરૂં છું. કારણકે તે ઇશ્વરી બક્ષિસવાળા એક મહાન વક્તા છે. પીળાં અને ભગવા વસ્ત્રો તેમણે ધારણ કર્યાં હતાં. જે ગંભીરતાથી, એક કાવ્ય જેવી વાણીમાં તે બોલી રહ્યા હતા, તે સર્વ કાંઇ ઓછાં આકર્ષક નહોતાં. તેમની વિદ્વતા, વક્તૃત્વશક્તિ અને મોહક વ્યક્તિત્વથી, હિંદુઓના પ્રાચીન સુધારાનો અમને કંઇક નવોજ ખ્યાલ આવ્યો છે. તેમનો સુંદર અને બુદ્ધિદર્શક ચહેરો અને સંગીતમય અવાજથી ઘણા મનુષ્યોને તે પ્રિય થઇ પડેલા છે. તેમણે કલબોમાં અને દેવાલયોમાં ભાષણો આપ્યાં છે અને તેમના ધર્મથી અમે વાકેફ થઇ રહેલા છીએ. કોઇ પણ જાતની પ્રથમ નોંધ

રાજ્યના સિદ્ધાંતો કરતાં સમજવત. જે અંગ્રેજોને પાદરીઓ સ્વીક
ાર કરતા અને સ્વામીજીનું કથન અમલ માનવી પધારી હિન્દ
ુસ્તાનની ભૂમિમાં, પાદરીઓ આગળ, એટલા ત્યાં પણ સ્વામીજી
ની હિંમત અને નિડરતાથી જે સત્ય હોય તેજ કહેતા તે નીચેના
તેમના ઉત્તરથી સમજાશે. દેખીતામાં એક અંગ્રેજ સ્વામીજીને
પૂછ્યું હતું કે,

“ એક બાબત વિષે હું તમને કહેવા માગું છું. હું કોઈ જાતની
સખત ટીકા કરવા ઇચ્છતો નથી. તમે અનુયાયીઓને પાદરીઓ બનાવવાને
માટે મોકલ્યા છો, કેળવ્યા છો, ધન ખરચ્યાં છો, પૈસા આપ્યા છો.
અને આ બધું શેને માટે ?—મારા દેશમાં આવવાને, મારા પૂર્વજોને
ગાળો અને શાપ દેવાને, મારા ધર્મને અને મારા બધાને વખોડવાને ?
તેઓ મારા દેશમાં આવીને એકાદ દેવાલય આગળ ઉભા રહી કહે છે
કે, “ ઓ મૂર્તિપૂજકો, તમે અમારા પંથમાં આવો; નહિ તો નરકમાં
જશો ! ” પણ અમે હિંદુઓ નમ્ર છીએ. અમે એ સાંભળીને હસીએ
છીએ અને “ મૂર્ખાઓ ભલે તેમ બોલે ” એમ કહી ચાલતા થઈએ
છીએ. અમે કોઈ એવી સહનશીલતા કેળવીએ છીએ અને તમારા
ઉપર જો જરાક પણ ટીકા કરવામાં આવે તો તમે ફફળી ઉઠો છો !
પણ તમારે એટલું તો ખાસ યાદ રાખવું જોઈએ કે આખું હિંદુ-
સ્તાન ઉભું થાય અને આખા હિંદી મહાસાગરનો કચરો પાશ્ચા-
ત્યો તરફ નાખે તો પણ તમારા પાદરીઓના અપકૃત્યોના એક લક્ષાંશ
ભાગ જેટલું પણ તે નહિ થાય ! ”

“ અમારા ધર્મમાં કોઈને લાવવાને અમે તલવાર તો નથીજ
ચલાવી, પરંતુ કોઈ ઉપદેશકને પણ તે કામ કરવા માટે અમે બીજા
દેશોમાં મોકલ્યો છે ? ”

“ બીજાઓને તમારા ધર્મમાં લાવવાને તમે અનેક પ્રયાસ કરો

છે, પણ તમારા ધર્મમાં રાજી ખુશીથી અને ધર્મ બુદ્ધિથી કેટલા આવ્યા? તમને જરા કડવું લાગશે, પણ મારે કહેવું જોઇએ કે સઘળી ખ્રિસ્તી નીતિ, સઘળો કેથોલિક ધર્મ બુદ્ધધર્મમાંથી નીકળી આવેલો છે! અને આ કેવી રીતે થયું હતું? લોહીનું એક પણ ટીપું પાડયા વગર! તમે ગમે એટલી મગરૂરી ધરાવો પણ તમારો ખ્રિસ્તી ધર્મ તલવાર વગર ક્યાં ફતેહ પામ્યો છે? આખા જગતમાં એવું એક પણ સ્થળ બતાવો. તમારા ખ્રિસ્તી ધર્મના ઇતિહાસમાં એકજ એવું સ્થળ બતાવો! મારે બેની જરૂર નથી. તમારા બાપદાદાઓ કેવી રીતે ખ્રિસ્તી થયા હતા? ખ્રિસ્તી થાવ કે મરો, એ સિવાય તેમને રસ્તો નહોતો. આરબો પણ એક વખત એમજ કહેતા હતા કે "જગતમાં અમે એકલાજ છીએ, કારણ કે બીજાઓને અમે મારી શકીએ છીએ!" રોમનો પણ તેમજ કહેતા હતા, પણ તે આરબો કે રોમનો હવે ક્યાં છે? શાંતિપ્રવર્તકોનેજ ધન્ય છે. તેઓજ ખરા પ્રભુના બાળકો છે અને તેમનાંજ કાર્યો જગતમાં અમર બને છે"

જોર જુલમ અને દુરાગ્રહથી થએલી બાબતો છેવટે ગબડીજ પડે છે, કારણ કે તેઓ રેતીના પાયા ઉપર રચાયલી હોય છે. જે બાબતનો પાયો સ્વાર્થવૃત્તિ ઉપર રચાયલો છે, દ્વેષ જેનો જન્મદાતા હોય છે, અને વિષયવાસના જેનું અંતિમ લક્ષ્ય છે, તે સઘળું વહેલું મોડું નાશ પામવાનુંજ. માટે તમે પણ જો જીવતા રહેવા ઇચ્છતા હો અને સાચી ઉન્નતિને સમજતા તથા ઇચ્છતા હો તો પાછા ક્રાઇસ્ટ તરફજ વળો. તમે ખરા ખ્રિસ્તીઓ છોજ ક્યાં? તમારો ધર્મ તો માત્ર મોજશોખમાંજ છે! એક પ્રજા તરીકે જો તમે જીવતા રહેવા ઇચ્છતા હો તો આ રીતિને બદલો. તમારા દેશમાં સર્વત્ર દંભજ જોવામાં આવે છે. પરંતુ કદિ પણ તમે પ્રભુ અને દ્રવ્ય, બન્નેને સાથે સાથે ભજી શકો નહિ. ક્રાઇસ્ટ

[illegible]

[illegible]

[illegible]

[illegible]

પૂરો ફળ કે ટેકો એવો, તે ભલી રીતે પોતાના આધ્યાત્મિક
જ્ઞાનનો મહિમા કહેવરાવી આપશે કે જે જોઈને તમને અચંબો થશે.
હિંદુઓ એમ માનનારા છે કે સ્વાર્થનો ત્યાગ કરવો એજ ખરૂં છે,
અને તેને પોષવો એ ખરાબ છે. હિંદુઓ કહે છે કે પોતાને માટેજ
ઘર બંધાવવું એ ખોટું છે અને તેટલા માટે તે પ્રભુની પૂજા માટે
અને અતિથિઓના આતિથ્યને માટેજ ઘર બંધાવે છે. પોતાને માટેજ
રસોઈ કરવી એ પાપરૂપ માનીને હિંદુઓ અતિથિઓ અને ગરિબોને
માટે ઘરમાં રાંધે છે."

પ્રવાસ દરમ્યાન સ્વામીજીએ કેટલાક ખરા શિક્ષિત અમેરિકનોને
પ્રશ્ન કર્યું કે: "સુધારો એટલે શું?" કેટલીક વખત એનો એવો
જવાબ દેવામાં આવ્યો હતો કે "અમે જે સ્થિતિમાં છીએ એજ
સુધારો!" પણ સ્વામીજી હમેશાં તેમનાથી જુદોજ મત
ધરાવતા હતા. તે કહેતા કે: "કોઇ એક પ્રજા સમુદ્રના મોજાંને
વશ કરે, કુદરતના તત્વોને તાબે કરી દે અને મનુષ્યના આયુષ્યને
હજાર વર્ષ જેટલું લંબાવી શકે, તોપણ તે પ્રજા સુધારાનો હક
આણવાને હકદાર થાય નહિ." સ્વામીજીના મત પ્રમાણે ખરો
સુધરેલો મનુષ્ય તેજ છે કે જેણે પોતાની જાતને-પોતાનું
મન અને ઇંદ્રિયોને જીતી છે. સ્વામીજીએ સાબીત કરી
બતાવ્યું કે હિંદમાં હજી પણ એવા સુધરેલા અનેક મનુષ્યો જોવામાં
આવે છે. અને તેનું કારણ એજ છે કે હિંદમાં આર્થિક સુધારાની
અગત્યતા આધ્યાત્મિક સુધારા કરતા ઓછી મનાવામાં આવે છે. તેથીજ
કરીને હિંદુઓમાં બીજી પ્રજાઓ કરતા જગતનાં દુઃખો વેઠવાની
સહન શક્તિ તેમજ આધ્યાત્મિક જ્ઞાન અને સામર્થ્ય વધુ પ્રમાણમાં
રહેલાં છે. તેમની આધ્યાત્મિકતાના બાનને લીધેજ હિંદુઓ ઉપર
હજારો વર્ષો થયાં તો પણ ગ્રીક, પરશીયન, મુસલમાન કે ખ્રિસ્તી,

કોઈ પણ લોકોના બાહ્ય વિચારો અમર ઉપજાવી શક્યા નથી. ઈજીપ્ત અને બેબિલનનાં જુનાં રાજ્યો નાશ પામ્યા અને ગ્રીસ તથા રોમની ખુબીઓ હવે માત્ર કવિની કવિતામાં અને કારીગરની કળામાંજ અસ્તિત્વ ધરાવે છે; જ્યારે હિંદમાં છ હજાર વર્ષ પૂર્વે જે જીવન પ્રચલિત હતું તેનું તેજ જીવન અત્યારે પણ અનેક ઠેકાણે જોવામાં આવે છે. સ્વામીજીએ એક ભાષણમાં કહ્યું હતું કે, "બીજી બધી વસ્તુઓ કરતાં દ્રવ્યને તમે (અમેરિકનો) વધારે ગણો છો, પરંતુ તમારા લોકોએ હજી ઘણું શિખવાનું છે ભૌતિક લોલુપતાનાં પરિણામો અનુભવીને જ્યારે તમારી પ્રજા અમારી પ્રજા જેવી જુની થશે ત્યારેજ તેનામાં વધારે ડહાપણ આવશે." એક જણે પુનર્જન્મ વિષે પ્રશ્ન કર્યો. તેના જવાબમાં સ્વામીજી બોલ્યા કે "વિજ્ઞાનશાસ્ત્રીઓ માને છે કે જગતની શક્તિ સર્વદા તેટલી ને તેટલીજ રહે છે, અને તેમાં કાંઇ ઓછુવત્ત થતું નથી. એ ધોરણ ઉપરજ પુનર્જન્મની કલ્પના રચાયલી છે. આ કલ્પના પ્રથમ અમારા દેશના એક તત્વવેત્તાએ શોધી કહાડેલી છે. હિંદુઓ સૃષ્ટિવાદમાં માનતા નથી. સૃષ્ટિ એટલે શુન્યમાંથી યાને કાંઇ પણ ન હોય તેમાંથી કંઇ પણ રચવું યા ઉત્પન્ન કરવું તે. પરંતુ એમ થવું તદન અશક્ય છે, માટે જેમ કાળ અનાદિ છે તેમ સૃષ્ટિ પણ અનાદિજ છે. સઘળાં સુખ અને દુઃખો આપણે કરેલા કૃત્યોનો માત્ર પ્રત્યાઘાતજ છે. પાશ્ચાત્યોએ હિંદ પાસેથી "સહિષ્ણુતા" ખાસ કરીને શીખવાની છે તેમણે શીખવાનું છે કે સઘળા ધર્મો ખરા છે, કારણ કે તેમનાં સર્વેનો એકજ છે.

એક સ્ત્રીએ સ્વામીજીને સવાલ પુછ્યો કે "હિંદુસ્તાનની સ્ત્રીઓ વધારે સુશિક્ષિત કેમ નથી?" સ્વામીજીએ ઉત્તર આપ્યો કે "જંગલી લોકોએ હિંદ ઉપર વારંવાર હુમલા કરેલા છે તેથી કંઇક તેમ

[illegible] "[illegible] [illegible] [illegible]"

[illegible] [illegible] [illegible]

શ્રોતાઓ તેમને આડા ધેલા સવાલો પણ પુછતા. પાદરીઓએ અમેરિકનોના મનમા હિંદ વિષે જે અનેક ખોટા ખ્યાલ ઉત્પન્ન કર્યા હતા તેને લગતા સવાલોનો ઉત્તર સ્વામીજી કોઇ વાર મશ્કરીરૂપે આપતા તો કોઇ વાર સખત ટીકાઓના પ્રહાર પણ કરવા ચુકતા નહિ. એકવાર એક જણે પુછ્યુ કે "હિંદુ માતાઓ પોતાના છોકરાંને નદીમા ફેંકી દે છે અને મગરને ખાવા આપે છે. એ વાત ખરી છે?" (કેમકે ખ્રિસ્તી પાદરીઓ આવી આવી વાતો અમેરિકનોને શિખવી રહ્યા હતા.) સ્વામીજીએ મશ્કરીમાંજ તેનો જવાબ આપ્યો કે "હા, બહેન! તેઓએ મને પણ નદીમા ફેંકી દીધો હતો, પણ હું તો તરીને બહાર નીકળી આવ્યો!" પછી પાશ્ચાત્ય સુધારા વિષે બોલતા સ્વામીજીએ કહ્યું "હુ સ્પષ્ટ વકતા છું; પણ મારો ઇરાદો શુદ્ધ છે. મારે તમને સત્યજ કહેવાનું કે હું અહીંઆ તમારી ખુશામત કરવા આવ્યો નથી. જો મ રે તેમ કરવું હોત તો મેં ન્યુયૉર્કમાં એક મ્હોટું દેવળ ખોલ્યુ હોત. તમે મારા બાળક છો. તમને તમારી ત્રુટીઓ, તમારી ખોડો અને તમારી બડાશીનું ભાન કરાવીને મારે તમને ઇશ્વર તરફ લઇ જવાના છે; અને તેથી કરીને તમે મને ખ્રિસ્તી ધર્મ વિષે કે તમારા સુધારાના આદર્શો વિષે અથવા પાશ્ચાત્યોની નીતિ, રીતિ, જીવન અને ચારિત્ર્ય વિષે હમેશા સારૂંજ બોલતો જોશો નહિ." એક વખત ડેટ્રોઇટમાં સ્વામીજીએ જરા સખત થઇને પુછ્યુ હતું કે, "તમારો ખ્રિસ્તી ધર્મ ક્યા છે? આ તમારા સ્વાર્થી જીવનકલહમાં જિસસ ક્રાઇસ્ટને માટે સ્થાનજ ક્યા છે? તમે તો હમેશા બીજાઓનો નાશજ કરી રહેલા છો.' ખરેખર, જો ક્રાઇસ્ટ આજે અહીંઆ આવે તો એનું મસ્તક મુકવાને માટે એક પવિત્ર પથરો પણ એને જડે નહિ!" એક સંભાવિત પાદરી સ્વામીજીના જિસસ પ્રત્યેના પ્રેમ અને જ્ઞાન જોઇને આશ્ચર્યથી પુછવા લાગ્યો: "તમે જિસસ ક્રાઇસ્ટના આજ્

તે આવી ઉત્તમ રીતે શાથી સમજો છો ? " સ્વામીજીએ જવાબ
આપ્યો " કેમકે જિસસ ક્રાઈસ્ટ પૂર્વનો રહેવાશી હતો અને અમે
પૂર્વના રહેવાશીઓજ તેને યથાર્થ રીતે સમજી શકીએ. "

સ્વામીજી આમ નિડરપણે ખરેખરૂં કહી દેતા. એથી કરીને કેટ-
લાક સારા પાદરીઓ તો તેમનો બોધ ગ્રહણ કરતા અને સ્વામીજીનો
સત્કાર પણ કરતા; પણ કેટલાક ધર્માંધ પાદરીઓ અને ખ્રિસ્તીઓને
એથી બહુજ ખોટું લાગતું અને તેઓ સ્વામીજીને ઉતારી પાડ-
વાના અનેક પ્રયાસો કરતા. વળી સ્વામીજીનો બોધ પાદરીઓના પેટની
આડે પણ આવતો હતો અને લોકોમાં તેમનું માન ઓછું કરતો હતો.
એથી કરીને તેમને વધારે લાગે અને તેઓ તેઓ તેમની સામે થાય
એમાં નવાઇ જેવું પણ નહોતું.

આમ હોવાથી પાદરીઓ હવે તેમને ખરાબ કરવાના અનેક
વિચારો કરવા લાગ્યા. તેઓ જેમ કહે તેમજ સ્વામીજીએ ખ્રિસ્તી
ધર્મનો બોધ કરવો, એમ તેઓ તેમને કહેવા લાગ્યા. સ્વામીજી તેમ-
નાથી ડરી જાય તેવા નહોતા; તે તો જે સત્ય હોય તેજ કહેતા ચાલ્યા.
પાદરીઓ સ્વામીજી વિષે અનેક ખોટી વાતો અને અફવાઓ ઉડાડવા
લાગ્યા; પણ આપણા બહાદુર સંન્યાસી તો પોતાનું કાર્ય કર્યેજ ગયા.
પરિણામ એ આવ્યું કે પાદરીઓની ખોટી અફવાઓથી સ્વામીજીનું
નામ અમેરિકામાં ઉલટું વધારે ને વધારે પ્રસરી રહ્યું.

બીજી કોઇ પણ યોજનામાં પાદરીઓ ફાવ્યા નહિ ત્યારે તેમણે
યુવાન સ્ત્રીઓને મોકલીને સ્વામીજીને લલચાવવાનો ઘાટ ઘડ્યો. કેટલીક
સ્ત્રીઓને તેમની પાસે મોકલવામાં આવી. પણ તે સ્ત્રીઓને શું માલુમ
પડ્યું ? સ્વામીજી એક નાના બાળક જેવા સાદા અને પવિત્ર તેમને
જણાયા. સ્ત્રીઓએ પાદરીઓની સઘળી યોજના તેમની આગળ કબુલ
કરી દીધી. તેઓ આશ્ચર્ય પામવા લાગી કે આવા મનોનિગ્રહ-

વાળો બીજો કોઇ પુરૂષ તેમણે તેમની જીંદગીમાં કદી જોયો નથી. સ્વામીજીની ભવ્ય અને મનોહર આકૃતિથી મોહ પામીને કેટલી એક સ્ત્રીઓ તેમની સાથે લગ્ન કરવાની પણ માગણી કરવા લાગી. એક ઉમરાવજાદી તેમની પાસે આવી અને કહેવા લાગી કે "હું મારા જીવનને અને મારા સઘળા દ્રવ્યને તમારા ચરણોમાં અર્પણ કરૂં છું."

પરંતુ પરમપૂજ્ય રામકૃષ્ણનો શિષ્ય એ લાલચથી પણ ડગ્યો નહિ. તેમનો વૈરાગ્ય દૃઢ હતો. કાંચન અને કામિનિમાં નહિ ફસાવું, શ્રીરામકૃષ્ણે તેમને પ્રથમજ શિખવ્યું હતું. અમેરિકાના કરોડાધિપતિઓની તો શું પણ સ્વર્ગના ઇંદ્રાદિ દેવતાઓની લક્ષ્મી પણ બ્રહ્મજ્ઞાનીની એક પળ કરતાં પણ તુચ્છ છે એમ શ્રીરામકૃષ્ણ પરમહંસે પોતાના બોધ અને ચારિત્ર્યના પ્રભાવથી પોતાના આ વ્હાલા શિષ્યની રગે રગમાં ઠસાવ્યું હતું. સ્વામીજી જેવા બુદ્ધિશાળી પુરૂષ ચાહત તો પુષ્કળ દ્રવ્ય અને સ્ત્રી પુત્રાદિ પ્રાપ્ત કરી શક્યા હોત પરંતુ [illegible] જીવનનેજ તેમણે સંન્યાસ લીધો હતો. શ્રીરામકૃષ્ણ જેવા મહાન ગુરૂનો આવો મહાન શિષ્ય એવા ધન ભંડારને પણ [illegible] કરે એમાં [illegible] જનોને પણ ન ગાંઠે એમાં નવાઇ નથી.

શ્રીરામકૃષ્ણ જેવા પવિત્ર મહાત્માના આ [illegible] તે ઉમરાવજાદીએ લગ્નની માગણી કરતાં સ્વામીજી બોલ્યા [illegible] સાહેબ, હું એક સંન્યાસી છું. લગ્ન મારે શા કામનું છે? [illegible] સ્ત્રીઓ મારી માતાઓ છે.

કેટલાક સારા અને કરૂણાળુ પાદરીઓ [illegible] આવી રહી સ્વામીજી ઉપર થતી ટીકાઓને [illegible] સ્વામીજી પોતે તો કોઇને ઉત્તર આપતા નહિ. [illegible] લોકો શા માટે ટીકા કરે છે? સત્યને એવી રીતે [illegible] ટેકાની જરૂર નથી. સત્ય પોતેજ પોતાને સાચું ઠરાવે

શક્તિમાન છે." જ્યારે તેમના ઉપર સખત ટીકાઓ થતી ત્યારે તે માત્ર પ્રભુનેજ યાદ કરતા. તેઓ શાંત અને વિચારવંત દેખાતા; મુખથી "શિવ, શિવ," કહેતા; મનુષ્યો પોતાના સ્વાર્થમાં કેટલા બધા અંધ બની રહેલા છે તે જોઇને તેમની પ્રત્યે દયા ધરતા. કોઇ વખતે તે એમ પણ કહેતા કે "ટીકા કરનારના શબ્દો પણ પ્રભુનાજ શબ્દો છે." તેમના મિત્રો ટીકાઓ સાંભળીને ગુસ્સે થાય તો તેમને તે કહેતા કે "નિંદક અને નિંદ્ય, પ્રશંસક અને પ્રશસ્ય બંને એકજ છે (એકજ પ્રભુનાં રૂપ છે), એમ આપણે જાણીએ તો પછી ગુસ્સે થવાનું કારણ શું ? શ્રીરામકૃષ્ણ પોતાની જાતને થએલો તિરસ્કાર કદી ગણતા નહિ. સારૂં અને ખોટું સર્વ માતાજી-માંથીજ નીકળે છે."

પહેલાં જે અમેરિકનો વેદાન્તને કે બહારના કોઇ પણ ધર્મને માત્ર વ્હેમની જાળજ ગણતા હતા અને ખ્રિસ્તી પાદરીઓએ હિંદુ-સ્તાન અને તેના ધર્મ વિષે અનેક ખોટી વાતો જેમના મનમાં ઠસાવી દીધી હતી તેઓ હવે ભારતવર્ષના આ પવિત્ર સાધુનાં આગ્રહપૂર્વક ખરી હકીકત જાણીને હિંદ તેમજ વેદાન્ત તરફ પૂજ્ય-ભાવથી જોઇ રહ્યા હતા. અત્યારે પણ ઘણા યુરોપિયનો અને અમે-રિકનો વેદાન્ત ધર્મના અનુયાયીઓ બની રહેલા છે, અને હિંદુ ધર્મ પાશ્ચાત્યોના હૃદયમાં જગતમાંના એક મહાન ધર્મ તરીકેનું માન મેળવી રહ્યો છે. આવા શુભ પરિવર્તનને માટેનું સઘળું માન આપણા ધર્મધુરંધર વીર વિવેકાનંદનેજ ઘટે છે.

વળી અમેરિકનોએ સ્વામીજીની યોગ્ય કદર કરી અને સ્વામીજી પ્રત્યે તેઓ અત્યંત સન્માન અને આતિથ્યની લાગણીથી વર્ત્યા તેને માટે તેઓ પણ પ્રશંસાને પાત્ર છે. અમેરિકનોનું વર્તન આપણને બોધ આપે છે કે આપણે આપણા ધાર્મિક વીરપુરૂષો તરફ કેવી રીતે

વર્તવું. તેઓ આપણને શિખવે છે કે આપણે હિંદીઓ આપણા દેશના મહા પુરૂષોની કદર કરવામાં એટલા બધા પછાત છીએ કે પ્રથમ પરદેશમાં આપણા કોઇ તેવા પુરૂષની કદર થાય છે ત્યારેજ આપણે તેની કદર કરી શકીએ છીએ. જ્યારે તેઓ ઓક્સફર્ડ, લંડન કે ન્યુયોર્કમાં જઇને ફતેહ મેળવી આવે છે ત્યારેજ તેમની કદર કરવાને આપણે ઉભા થઇએ છીએ? આ આપણી કેવી મોટી ખામી છે!

સ્વામીજીને અમેરિકામાં ભોગવવી પડેલી અનેક અગવડો અને વિપત્તિઓ તેમજ તેમના કાર્યને તોડી પાડવાને જે મહત્ પ્રયાસો પાદરીઓએ કર્યાં હતા, તે તરફ જોતાં સમજાશે કે સ્વામીજીની ફતેહ કોઇ અનુકુળ સ્થિતિને લીધે કે આકસ્મિક નહોતી; પણ તેમની અસાધારણ શક્તિનુંજ પરિણામ હતું. જો સ્વામીજીએ પોતાની અસાધારણ શક્તિ, અથાગ મહેનત અને એક ખરા સંન્યાસીને છાજે એવા દૃઢ આગ્રહથી હિંદુ ધર્મના તાત્વિક સિદ્ધાંતોને જડવાદને સ્થાને સ્થાપિત કરવાનો પ્રયાસ કર્યો નહોત તો સર્વધર્મપરિષદનું પરિણામ શુન્યમાંજ આવી રહ્યું હોત.

તેમના ભાષણોમાં કેટલાક માણસો માત્ર ગમ્મતની ખાતરજ આવતા તો કેટલાક તેમને પોતાનું હથીઆર બનાવવાના ઇરાદાથી આવતા. કેટલાક તેમને પોતાનો પંથ સ્વીકારવાને લલચાવવાના ઇરાદાથી આવીને પોતાથી બને તેટલી દલીલો અને તાલચો તેમના આગળ રજુ કરતા વળી કોઇ કોઇ તો અનેક પ્રકારની ધમકીઓ પણ આપતા' પરંતુ અંતે તેઓ સર્વને નિરાશાજ મળતી.

સ્વામીજી કોઇથી દબાય કે કશાથી લલચાઇ જાય તેમ નહોતા. દરેકને તે એકજ ઉત્તર આપતાઃ—"હું હમેશાં સત્યને માટેજ છું; સત્ય કદી પણ અસત્યને તાબે થશે નહિ. આખું જગત મારી સામે થાય તો પણ આખરે સત્યનોજ જય થવાનો!"

અમેરિકાના નાસ્તિકો, ઇસાઇઓ, ગોસ્પેલવાળાઓ, અને યહુદીઓ અને ધર્મગુરુઓ પણ આવતા હતા અને તેઓ એવું કબૂલ કરતા કે હિંદુઓની ફિલસુફી ઘણી ઊંચી છે. પ્રથમ તો તેઓ એવો ખ્યાલ કરતા કે જે હિંદુ આપણે તેઓને વાર વિચારો ઠસાવી શકે. અને પ્રાચીન વિજ્ઞાન, પ્રાચીન ફિલસુફી તથા પ્રાચીન માનસશાસ્ત્ર હિંદુ ધર્મના સિદ્ધાંતો એક પ્રકારે પણ ટકાવતા નથી ત્યારે સ્વામીજીએ કેટલાક ... આપણું આધ્યાત્મિક આદર્શ આપણું છે. સ્વામીજીએ તેમનું આધ્યાત્મ ત્યાગનું અને પ્રેમ ... પરિણામ રૂપ છે, તથા પણ અમેરિકામાં ... અને તેઓ પોતાના અને બીજા મનુષ્યના આત્મા; પરંતુ ઉપરે સર્વને ખુલ્લું કર્યું. સ્વામીજીએ પોતાના આત્મજ્ઞાન અને અધ્યાત્મજ્ઞાનના પ્રભાવે સર્વને બતાવી આપ્યું કે વેદાન્તના સિદ્ધાંતો આપણા તેમનું જ્ઞાન અને આનંદ કેટલું બધું અપૂર્વ છે અને સાથે સર્વ કેવા બ્રહ્મ જ્ઞાન જોઈને પણ દંગ બની ગયા કે સ્વામીજી પોતાના દર્શનશાસ્ત્રનું એટલું સંપૂર્ણ જ્ઞાન ધરાવે છે, એટલુંજ નહિ પણ પાશ્ચાત્ય તત્ત્વજ્ઞાન અને વિજ્ઞાનશાસ્ત્રના સિદ્ધાંતોનું જ્ઞાન પણ પુરેપુરૂં ધરાવે છે; એટલુંજ નહિ પણ તે વિષયમાં તો પાશ્ચાત્યો કરતા પણ વધારે સંપૂર્ણ માહિતી અને માહેતી તેઓ ધરાવે છે!"

સ્વામીજીએ અમેરિકનોને કહ્યું કે તેમના અદ્ભુત પ્રાચીન સુધારાનો મહિમા સ્વર્ગભૂમિનો નાશ કરનારાઓ સમાન રહેલો છે; તેમનું વિજ્ઞાન કે ઇશ્વરના સ્વરૂપ અને આત્માના પ્રશ્નનો જવાબ આપી શકતું નથી; તેમના વિજ્ઞાનશાસ્ત્રના નિયમો પણ મનુષ્યના અંતઃકરણની બહાર અસ્તિત્વ ધરાવી શકતા નથી; જેને વિજ્ઞાનશાસ્ત્રીઓ જડ કહે છે તેનો પુરેપુરો ખ્યાલ તેના આધ્યાત્મિક ભાગને જોયા વગર આવનાર નથી; અને તેમનો વ્યવહાર પણ આખરે આધ્યાત્મિક તત્ત્વજ્ઞાન ઉપર

આશ્રય લે છે. પોતાના અજેય તર્ક વડે સ્વામીજીએ સિદ્ધ કરી બતાવ્યું કે તેમનું તે જ્ઞાન સત્યજ્ઞાનની આગળજ નહિ, પરંતુ ખુદ તેના પોતાના સ્થાપિત કરેલા નિયમોથી પણ અસત્યજ નિવડે છે. શુદ્ધ તર્કને હદ હોય છે જ અને તે દર્શાવે છે કે તેનાથી પર એવું કોઇ તત્ત્વ અવશ્ય રહેલું છે. પોતાના અગાધ વેદાન્તના જ્ઞાનવડે કરીને સ્વામીજીએ સર્વ જડવાદીઓને સમજાવ્યું કે આ જડ જગતથી પર, આ પ્રાકૃતિક શક્તિઓ, ઇંદ્રિયો અને જીવભાવથી પણ પર આત્મા રહેલો છે. "સૂર્ય, ચંદ્ર, અગ્નિ, તારા કે વિજળી, કોઇ પણ તેનો પ્રકાશ કરી શકતું નથી. આત્માના પ્રકાશ વડેજ તે સર્વ પ્રકાશને મેળવી રહેલાં છે."

આ પ્રમાણે જડવાદ અને વિજ્ઞાનશાસ્ત્રમાં પણ સ્વામીજી પોતાના કરતાં અધિક જ્ઞાન ધરાવી રહેલા છે એ જોઇને સઘળા જડવાદીઓ અને નાસ્તિકોના આશ્ચર્યનો પાર રહ્યો નહિ.

સ્વામીજીના ઉપલા ભાષણની અસર એટલી બધી થઇ રહી કે બીજે જ દિવસે ઘણા બુદ્ધિશાળી જડવાદીઓ સ્વામીજીની પાસે આવીને નમ્યા અને તેમની પાસે બેસીને ધર્મ તથા ઇશ્વર સંબંધી જ્ઞાન મેળવવા લાગ્યા. તે દિવસથી ઘણા તત્ત્વશોધક અને જિજ્ઞાસુ મનુષ્યો સ્વામીજીના અનુયાયીઓ બનીને તેમની આસપાસ ફરવા લાગ્યા. હવે સ્વામીજીએ વેદાન્તના આમૂલ્ય ન્યુયોર્કમાં [illegible] સિદ્ધાંતો વિસ્તારથી કહી સમજાવવાનું શરુ કર્યું. સાર્વજનિક સ્થાનોમાં જુદા જુદા વિષયો ઉપર તેમનાં ભાષણો થવા લાગ્યાં. વેદાન્ત અને યોગનું જ્ઞાન નિયમિતરીતે વર્ગો દ્વારા ઘણા જિજ્ઞાસુઓને આપવાનું તેમણે શરુ કર્યું. આમ કરતે કરતે ધીમે ધીમે "વેદાન્ત સમાજ" નો પાયો નખાયો. એ "વેદાન્ત સમાજ" ન્યુયોર્કમાં આજે પણ ઘણીજ આબાદીથી પોતાનું કાર્ય કરી રહેલો નજરે

પડે છે. એ " વેદાન્ત સમાજ " મા સ્વામીજીએ આપેલાં ભાષણો તે સમાજે પુસ્તકોના રૂપમાં પ્રસિદ્ધ કરેલા છે. "રાજયોગ," "કર્મયોગ," "ભક્તિયોગ" અને "મારા ગુરૂ" એ સ્વામીજીનાં એ સમાજે પ્રકટ કરેલા મુખ્ય પુસ્તકો છે. જેવી રીતે ખ્રિસ્તીઓ બાઇબલને પુષ્કળ માન આપે છે તેવીજ રીતે ઘણા અમેરિકનો આજે "રાજયોગ" ને ઘણાજ ભાવથી પુજે છે. ઘણા સંશયવાદીઓ અને જડવાદીઓને માટે તે હવે શ્રુતિ રૂપ થઇ રહેલું છે. અસંખ્ય મનુષ્યોનાં જીવનને એણે શુભ માર્ગે વાળ્યાં છે. એ પુસ્તકની દરેક દરેક લીટી વાંચકના આત્માને સ્પર્શ કરે છે અને તેમાં નવીન સામર્થ્ય ઉપજાવે છે. જાણે કે કોઇ મહાન યોગીના પવિત્ર આત્મામાંથી પ્રબળ શક્તિ પ્રેરક ઉદ્ગારો બહાર નીકળી રહ્યા હોય તેમ તેનું દરેક દરેક વાક્ય વાંચકના અંતઃકરણમાં સચોટ લાગે છે. રાજયોગનું ભાષાંતર ઘણી ભાષાઓમાં થએલું છે; તે ઘણા દેશોમાં પ્રસિધ્ધ કરવામાં આવેલું છે; અને યુરોપ, અમેરિકા તથા એશીઆનાં અસંખ્ય સુશિક્ષિત સ્ત્રી પુરૂષો તેને પ્રેમથી વાંચે છે.*

આ પ્રમાણે ન્યુયોર્કમાં ભાષણો કરવાથી સ્વામીજીને અત્યંત માન મળ્યું. ન્યુયોર્કની કેટલીક સમાજોમાં તો તેમનું નામ અત્યંત મોહક થઇ રહ્યું અને પુષ્કળ વિદ્વાનો અને ધનવાનો તેમનાથી આકર્ષાઇ રહ્યા. પણ સ્વામીજીને મહેનત પણ બહુ સખ્ત કરવી પડતી હતી. દિવસમાં તે બે વાર ભાષણો આપતા, સાંજે પત્રવ્યવહાર કરતા, અનેકોને ખાનગી મુલાકાત આપતા, કેટલાકને ઘરમાં બેઠે બેઠે બોધ આપતા અને પોતાના અનુયાયીઓના શિક્ષણને માટે અનેક લેખો તેઓ લખતા. આ બધું કાર્ય કરવામાં સવારથી તે મોડી રાત સુધીનો તેમનો સઘળો વખત ચાલ્યો જતો. આવી સખત મહેનતને લીધે

*આ સંસ્થા તરફથી પણ હવે જેમ બને તેમ જલદીથી "રાજયોગ"નું ભાષાંતર પ્રસિદ્ધ થનાર છે.

[illegible] હોત [illegible] સુંદર શરીર પણ [illegible] ચાર [illegible] નિ કામના અને [illegible] [illegible] અને [illegible] (ગુણે ગણાનવતત [illegible] આવ નહિં [illegible] તેઓએ જ [illegible] છે [illegible] અને [illegible] [illegible] તેમની [illegible] [illegible] થઈ [illegible] [illegible] જેના [illegible] લોકોને [illegible] નથી [illegible] [illegible] નહિ [illegible] આરોગ્ય [illegible]

ત્તા અને બ્રહ્મચર્યનું વ્રત લઇ તેમનાં શિષ્ય બની રહ્યા. સ્વામીજી પાસેથી દિક્ષા લઇને તેઓએ હિંદુ નામો ધારણ કર્યાં. તેઓમાં મુખ્ય અભયાનંદ, કૃપાનંદ અને યોગાનંદ હતા. સંન્યાસી થવા પહેલાં કૃપાનંદ ન્યુયોર્કમાં એક પ્રસિદ્ધ વર્તમાનપત્રના લેખક હતા. સ્વામી અભયાનંદ એક ફ્રેંચ સ્ત્રી હતી. ન્યુયોર્કની સમાજોમાં જડવાદ અને સમાજવાદના હિમાયતી તરીકે તે બહુજ પ્રખ્યાત હતી. સ્વામી યોગાનંદ તે ન્યુયોર્કના પ્રસિદ્ધ ડોક્ટર સ્ટ્રીટ હતા. આ સંન્યાસી શિષ્યો સિવાય બીજાં પણ અનેક મનુષ્યો બ્રહ્મચર્યવ્રત ગ્રહણ કરી રહ્યા હતા અને સંન્યાસ દિક્ષા લેવાની આકાંક્ષા ધરાવતા હતા. અનેક પ્રસિદ્ધ ગૃહસ્થો પણ સ્વામીજીના શિષ્યો બની રહ્યા હતા. મીસીસ ઓલ બુલ નામની એક પ્રખ્યાત અને ધનાઢ્ય સ્ત્રી સ્વામીજીની ચુસ્ત શિષ્ય બની રહી હતી. સ્વામીજીના અસંખ્ય વિદ્યાર્થીઓમાં પ્રોફેસર વાઇમેન, ડોક્ટર એલન ડે, વગેરે પણ હતા. ઘણા પાદરીઓ તેમનાં ભાષણો સાંભળવાને દરરોજ આવતા હતા. ન્યુયોર્કમાં આવેલી ક્રીશ્ચન સમાજમાં ભાષણ આપવાને સ્વામીજીને વારંવાર બોલાવવામાં આવ્યા હતા. ડોક્ટર રાઇટ નામના પ્રસિદ્ધ પ્રોફેસર તે કાર્ય માટે તેમની બહાબણ કરી રહ્યા હતા. જે ભૂમિમાં સર્વ મનુષ્યો ઐહિક સુખ અને જગતની મિથ્યા વાસનાઓનેજ વળગી રહેલા હતા અને જ્યાં વૈરાગ્યના નામથી પણ સૌ આઘા રહેતા હતા, તે ભૂમિના મનુષ્યો આ પ્રમાણે સંન્યાસ ગ્રહણ કરે અને વેદાન્તમય જીવન ગાળી રહે, એ બીના સ્વામીજીની અગાધ શક્તિ અને તેમનાં ભાષણોની અદ્ભુત અસરની પુરેપુરી સાબીતિ આપે છે. સ્વામીજીની આવી ફતેહથી ક્યા હિંદવાસીનું હૃદય હિંમતે નહિ?

વળી સ્વામીજીના પ્રયાસથી માત્ર આટલુંજ પરિણામ આવ્યું. તેમ નહોતું. અનેક વ્હેમો અને ખોટા ખ્યાલોને દૂર કરી સામા

સત્યની શોધમાં વિચરવાની પ્રબળ ઇચ્છા સ્વામીજીએ અમેરિકનોનાં હૃદયમાં પ્રગટાવી મુકી છે. આજે અમેરિકનો વેદાન્તનાં પુસ્તકોની માગણી કરી રહેલા છે; વાતચીતમાં પણ તેઓ ઘણા સંસ્કૃત શબ્દો વાપરવા લાગ્યા છે; શ્રીશંકરાચાર્ય, શ્રીરામાનુજ વગેરેનાં નામ હકસલી, સ્પેન્સર વગેરેનાં નામો સાથે અમેરિકામાં સાંભળવામાં આવે છે; અને મેક્સમુલર, કોલબ્રુક, ડયુસન જેવા વેદાંતીઓના પુસ્તકો અમેરિકનો પ્રેમથી વાંચવા લાગ્યા છે. આ સઘળું સ્વામીજીએ ઉપજાવેલી અસરનુંજ પરિણામ છે. ન્યુયોર્કમાં સારા બર્નાર્ડ નામની પ્રખ્યાત નટકાર સ્વામીજીને મળવાને આવી અને હિંદુ તત્વજ્ઞાનને માટે પોતાનો અત્યંત ભાવ દર્શાવી તેમાં રસ લેતી થઇ. વીજળી સંબંધી અનેક શોધો કરનાર વિજ્ઞાનશાસ્ત્રી નીકોલા ટેસલા, સ્વામીજીનું સાંખ્ય તત્વજ્ઞાન ઉપરનું ભાષણ સાંભળીને અત્યંત વખાણ કરવા લાગ્યા. તેમણે કબુલ કર્યું કે હિંદુઓનુંજ જગતની ઉત્પત્તિ અને રચના સંબંધીનું જ્ઞાન સૌથી શ્રેષ્ઠ છે. વળી તેમણે જણાવ્યું કે કલ્પ, પ્રાણ, આકાશ વગેરેનો પુરેપુરો અને ખરો ખ્યાલ સાંખ્યશાસ્ત્રજ આપી શકે તેમ છે. જગતની રચના સંબંધીના પ્રશ્નોનું નિરાકરણ કરવાને આધુનિક વિજ્ઞાનશાસ્ત્રે હિંદુઓના સાંખ્યશાસ્ત્રનોજ આશ્રય લેવો જોઇએ. એમ નીકોલા ટેસલા સર્વેને કહેતા હતા.

ન્યુયોર્કથી સ્વામીજી થાઉઝન્ડ આઇલેન્ડ પાર્ક નામના સ્થળે ગયા. એ સ્થળ એક ટેકરી ઉપર એકાંતમાં આવેલું હતું. અમેરિકન વિદ્યાર્થીઓ અને શિષ્યોમાંના બારેક જણ સ્વામીજીની સાથે હતા. શ્રીજીના ભાષણો સાંભળવાં એ તો એક મહદભાગ્ય હતુંજ, પણ તેમના સમાગમમાં આખો વખત આવવું અને તેમના જીવનના ભાગી થવું એ તો બહુજ શ્રેયસ્કર હતું. તે સ્થળમાં સ્વામીજી સાત અઠવાડીયાં રહ્યા હતા. એ દરમીઆન તે પોતાના શિષ્યોને દરરોજ બોધ આપતા

હતા. ઉપરાંત તેમને સ્વામીજીના અદ્ભુત જીવનના ભાગી થવાનો પણ અમુલ્ય લાભ મળ્યો હતો. સ્વામીજીનું જીવન સંપૂર્ણ સુંદર અને સંતુષ્ટ હતું. તે ઘણુંજ ભવ્ય લાગતું, પણ તેની સાથે તેમાં અત્યંત સાદાઇ પણ નજરે આવતી હતી. તેમનું મન સદાએ ઉચ્ચ ભાવો અને વિચારોથી ભરપુર દેખાતું હતું. ૐ, શિવ, રામકૃષ્ણ, જગદંબા તેમજ બીજા પણ ઉચ્ચભાવ પ્રદર્શક ઉદ્ગારો સ્વામીજી મુખમાંથી વારંવાર બહાર કહાડતા અને તે ઉદ્ગારોથી શિષ્યોને કંઇક અલૈકિકજ ભાન થતું. કોઇ વખત તે ક્રાઇસ્ટની વાતો કરતા, તો કોઇ વખત શ્રીશંકરાચાર્યનું અદ્ભુત તત્વજ્ઞાન સમજાવતા અને કોઇ વખત શ્રીકૃષ્ણને એક અદ્ભુત યોગી તરીકે પ્રતિપાદન કરતા. આખો દિવસ તેમનું મન કોઇને કોઇ સત્યમાં રમમાણ રહેતું. વખતો વખત તે જ્ઞાનની પરાકાષ્ટાએ પહોંચી જતું અને તેમાંથી કોઇ નવુંજ સત્ય નવીન પ્રકાશ રૂપે બહાર નીકળી આવતું.

સ્વામીજી નિયમિત રીતે કોઇને બોધ આપતા નહોતા. તેમ થવું અશક્ય હતું. ઇશ્વર પ્રેરિત મનુષ્યો જગતને અનેક સત્યોનો બોધ આપે છે, પણ તેમનો બોધ નિયમિત હોતો નથી. જેમ જેમ પ્રેરણા થતી જાય છે, અને જેમ જેમ અંતરાત્માના ઉંડા પ્રદેશમાં ઉતરાતું જાય છે તેમ તેમ અનેક સત્યો સ્ફુરતાં ચાલે છે અને કહેવાતાં ચાલે છે. પ્રાચીન ઋષિઓએ તે પ્રમાણેજ સત્યોનું શોધન અનેક મનોદ્વારા કરેલું છે. ઇશ્વર પ્રેરણા ઉપર તે નિયમિતપણાનો માનવનો કાયદો કેમ લાગુ પડે! સ્વામીજી પણ તેને માટે કહેતા હતા કે પાઠશાળાઓમાં બહુ નિયમિતપણું હોવાને લીધેજ ત્યાં ખરા ધાર્મિક પુરુષો પાકતા નથી." એથી કરીને તેમના શિષ્યો તેમની આસપાસ વીંટળાયલાજ રહેતા અને સ્વામીજીના મુખમાંથી જે ઉદ્ગારો નીકળે તે ઝટ ટપકાવી લેતા. મીસ વોલ્ડો નામની એક શિષ્યાએ તેમના

વાર્તાધાર બનતું. એ દરમ્યાન ઘણું કરવા ઈચ્છતાં નિવેદિતા-મિસ
માર્ગરેટ નોબલ—લખે છે કે; "સ્વામીજી એક જુદી રીતની વ્યાખ્યા કરતા
હતા નહોતા. પણ તેમનું મિશન પશ્ચિમને બ્રહ્મજ્ઞાન જેવી જો
ઉપાસના પ્રાપ્ત કરી શકે તે માટે તેઓ સમાધિમાર્ગ માટે" એક
વિશ્વાસી તેમના વિષે લખે છે કે "સ્વામીજી જ્યારે ધ્યાનમગ્ન બને છે
ત્યારે જાણે કે મિનિટોમાં તે પોતાની આસપાસનું ભાન ભૂલી જાય
છે, અને તેમને આપણે ફરીથી જગાડ્યા વગરજી ક્યાં હોય તેની પણ
તેમને ખબર પડતી નથી. અમેરિકાના શહેરોમાં બાળકો, નાના,
અનુભવો અને બીજી વસ્તુની મોટી યાદગીરી શક્તિ હોય એવે
વખતે સ્વામીજીને ગમતા કિસ્સાનો પ્રસંગ આવતો ત્યારે પણ તેઓ
ધ્યાનમગ્ન થઈ જતા અને ઈશ્વરનું સ્મરણ થતાં ધ્યાન કરતા. આવા
પણ ગમ્મતમાં બોલી રહેલા પ્રયોજન વગરે આવતા. ' કેટલીકવાર
તો રાત્રિનો એક ટકો તેમની પાસે આવી જતા આવતો ત્યારે તેમને
ભાન આવતું. આવા પ્રસંગોમાં સ્વામીજી શાંત થવાના અને
ફરીથી એવું નહિ થાય તે સાવધાન. ' ડીટ્રોઈટ
આત્મસંયમમાં પણ તેમની સ્થિતિ ત્યારે તેવી જ હતી. તેમની
એ ધ્યાનાવસ્થાને અંત નથી એ અનેક ઉદ્ગાર મહાન આવેલા
છે. અસામાન્ય વિદ્વાન અને તેમ સમાન મત અનુસાર મહાન સંતો
કહે છે.

ડીટ્રોઈટ આત્મસંયમમાં બાર દિવસ રહ્યા પછી સ્વામીજી
ન્યૂયૉર્ક આવ્યા. અહીંઆ તેમણે વેદાન્તનો અભ્યાસ
કરાવવા સારૂ વેદાન્તના સિદ્ધાન્તો માટે તે વર્ગો સ્થાપવા માંડ્યા
તે વર્ગોમાં સર્વેને આવવાની છૂટ હતી. તે વર્ગો વિષે લખતાં એક
શિષ્ય લખે છે કે "બ્રુકલીનમાં ત્યાગ, કે જ્યાં સ્વામીજીનું ભાષણ
સાંભળવાને આવ્યા હતા તેમને. ન્યૂયૉર્કમાં આવીને રહ્યા

વર્ગો ફેબ્રુઆરીમાં શરૂ થયા અને જુન સુધી તે ચાલ્યા હતા. પણ તે દરમ્યાનમાં વિદ્યાર્થીઓની સંખ્યા એટલી વધી પડી હતી કે નીચેનો એક મોટો હોલ અને તેની બહારની જગ્યા પણ ઓછી લેવી પડી હતી. દરરોજ સવારે અને ઘણુંખરૂં સાંજે વર્ગો ભરવામાં આવતા. કોઇ વખત રવિવારે પણ ભાષણો આપવામાં આવતાં. કેટલાકનું માત્ર ભાષણ સાંભળીને સમાધાન થતું નહોતું, તેમને માટે શંકા સમાધાનનો સમય પણ રાખવામાં આવ્યો હતો. ”

હિંદના પ્રાચીન ઋષિઓની માફક સ્વામીજી ધનવાન અને સત્તાવાન અમેરિકનોને વેદાન્તનો બોધ કરી રહ્યા હતા. એ દેખાવ જોઇને ક્યા હિંદુનું હૃદય ઉછળે નહિ ? અમેરિકનો પાસે પુષ્કળ દ્રવ્ય હતું અને તે આપવાને તેઓ તૈયાર પણ હતા, છતાં સ્વામીજી બોધને માટે એક પાઇ પણ લેતા ન હોતા. ધર્મનો ઉપદેશ કંઇ પણ લીધા વગરજ કરવો જોઇએ; ધર્મ કાંઇ વેચવાની વસ્તુ નથી; એમ સ્વામીજી કહેતા. કેટલાક વર્તમાનપત્રોના ખબરપત્રીઓ અને માસિકોના અધિપતીઓ હિંદ વિષેની માહિતી મેળવવાને તેમની પાસે આવતા અને સ્વામીજીની પોતાની ખાસ ટેવો કવી કવી છે, તેમનો ધર્મ શો છે, પાશ્ચાત્ય સુધારા વિષે તેમનો શો અભિપ્રાય છે, ભવિષ્યમાં તે કેવું કાર્ય કરવા ધારે છે, તેમનો આહાર વિહાર કેવા પ્રકારનો છે, પૂર્વાશ્રમમાં તે કોણ હતા, શું કરતા હતા, હિંદુઓની રીતભાત કેવી હોય છે, હિંદની રાજદ્વારી સ્થિતિ કેવી છે, વગેરે અનેક પ્રશ્નો પૂછતા હતા. વળી દૂરનાં ગામોમાંથી સ્વામીજીને આમંત્રણો આવતાં અને ત્યાં ભાષણો આપવાને તે ઘણે ચાલીને જતા.

કોઇ કોઇ વખત એક અઠવાડીઆમાં તેમને બાર કે ચૌદ ભાષણો આપવાં પડતાં. શારીરિક અને માનસિક શ્રમ પણ પ્રયોજ વેઠવો

અનુકૂળ લાગ એવા સ્થળમાં તે પોતાનો માર્ગ કરી લે છે. તેમની મિત્રતાથી તે તેમના કાર્યમાં મદદ અને ઉત્તેજન આપવાનો બદલો વાળે છે. એમના સંસ્કારો એવા છે કે હવા સંબંધી વિચાર તેમાં આવી શકતોજ નથી. તે ખરેખરૂંજ કહે છે કે કોઇ પણ સ્ત્રી સાથે પ્રેમમાં પડવાનો વિચારજ તેમના મનમાં કદીએ આવ્યો નથી. તે વિષયની વિરૂદ્ધ છે અને સંપૂર્ણ નમ્રતાનો બોધ કરે છે. આથી કરીને તેમનું મસ્તક કર્યું પ્રદેશમાં સંકુચિત હોવું જોઇએ અને તે તેમજ છે. દ્રવ્ય અને તેની માલકી વિષેના પ્રશ્નોનો તે અનાદર કરે છે અને કહે છે કે તેમની પાસે કોઇ પણ પ્રકારની મિલકત નથી અને તે કદાપિ તેમને ગમતી પણ નથી. તેમનો આ વિચાર અમેરિકનોના મનને ઘણોજ વિચિત્ર લાગે છે, છતાં પણ આપણે કબુલ કરવુંજ જોઇએ કે સ્વામીજીના મુખ ઉપર જે સંતોષ અને શાંતિનાં ચિન્હો દેખાઇ આવે છે તે અમેરિકાના કરોડાધિપતિઓ "રસેલ શેજ" અને "હેટી ગ્રીન" નાં મુખ ઉપર પણ જણાઇ આવતાં નથી. તેમનામાં સ્થિરતા અને સહૃદયતા પૂર્ણ વિકાસને પામી રહેલાં છે. પરોપકારવૃત્તિ તેમના જીવનમાં સ્પષ્ટ જણાય છે. તેમનાં લખાણો પવિત્ર છે અને તે તેમનું પ્રાચીનનું જ્ઞાન પ્રકટ કરે છે. તેમનાં ભવ્ય અને વિશાળ નેત્રો તેમની અદ્ભુત સ્મરણશક્તિને અને તેમના ભાષણોમાં તેમણે દર્શાવેલી અલૌકિક વક્તૃત્વ શક્તિને સિદ્ધ કરે છે. ટુંકામાં કહીએ તો દયા, અનુકમ્પા, તત્વજ્ઞાનમાં ઉંડો પ્રવેશ અને ઉચ્ચ શિક્ષણ કાર્યમાં જય મેળવવાની ઇચ્છા, એ તેમનાં ખાસ લક્ષણો છે. તે કલકત્તા યુનિવર્સીટિના એક ગ્રેજ્યુએટ છે, છતાં જાણે કે લંડનના રહેવાસી હોય તેમ સારી રીતે શુદ્ધ અંગ્રેજી બોલે છે. સર્વધર્મપરિષદમાં તેમણે સર્વ મનુષ્યો તરફ ભ્રાતૃભાવથી જોવાનું શિખવ્યું હતું. માત્ર એટલોજ બોધ કર-

અસાધારણ ચારિત્ર્યબળ, અદ્ભુત વાક્ચાતુર્ય અને બીજા જે જે ગુણો વડે શ્રોતાજનો તેમને ઇશ્વર પ્રેરિત થતા કહે છે તે સર્વ કદીએ વિસરશે નહીં."

સ્વામીજીની અપૂર્વ ફતેહની ખબર આખા હિંદુસ્તાનમાં પહોંચી વળી. હિંદનાં વર્તમાનપત્રો અને માસિકોમાં સ્વામીજીના પ્રસિદ્ધ કામની નોંધ લેવાઇ અને તે વિષે અગ્રલેખો પણ લખવામાં આવ્યા. મદ્રાસથી આલમોરા અને કલકત્તાથી મુંબઇ સુધીના સઘળા હિંદુઓ તે પ્રસિદ્ધ ભાષણોને વાંચીને તેનું મનન કરવા લાગ્યા. તેને વાંચતા તેમનાં હૃદયોમાં અત્યંત હર્ષની લાગણી ઉત્પન્ન થઇ અને પોતાના હિંદુ ધર્મને માટે ગૌરવ લઇ તે ધર્મના ઉપદેશક તરીકે અપૂર્વ ફતેહ મેળવી રહેલા વીરપુરુષ-વિવેકાનંદ તરફ અત્યંત પૂજ્યભાવ દર્શાવવા લાગ્યા.

આ વખતે સ્વામી વિવેકાનંદનું નામ અખિલ ભારતવર્ષમાં ઘેરે ઘેર પ્રિય થઇ રહ્યું હતું. તેમણે પોતાના દેશની અને ધર્મની જે મહાન સેવા બજાવી હતી, તેમજ અમેરિકામાં હિંદુ વિચારોને અને સ્વામીજીને ભારે આવકાર મળ્યો હતો તે સાંભળીને સઘળા હિંદુઓ હર્ષઘેલા થઇ રહ્યા હતા. જે ભૂમિ મગરૂરીમાં ગરક હોય હિંદને એક પરતંત્ર દેશ તરીકે ગણતી હતી અને હિંદવાસીઓને વહેમી અને જંગલી ધારતી હતી; તે ભૂમિ (અમેરિકા) ભારતવર્ષની મહત્તા સ્વીકારે, એ બનાવ હિંદુસ્તાનની તવારીખમાં પહેલ વહેલોજ હતો.

સ્વામીજીનું પવિત્ર નામ હિંદના દરેક પ્રાંતમાં સંભળાઇ રહ્યું હતું. એમાં પણ સ્વાભાવિક રીતે મદ્રાસ અને બંગાળા ઇલાકામાં લોકો સ્વામીજી તરફ વધારે પ્રેમ અને માન દર્શાવી રહ્યા હતા. ત્યાં સ્થળે સ્થળે સભાઓ ભરાતી હતી અને સ્વામીજીના ગુણ ગવાઇ રહ્યા હતા. છેક દક્ષિણમાં આવેલા રામનદથી તે ઉત્તરમાં રજપુતાના

સુધી દરેક નગરમાં તેમના કાર્યના વખાણ થતા હતા. હિંદનાં જુદાં સ્થળોમાંથી સ્વામીજીને માનપત્ર મોકલવામાં આવ્યાં હતાં. રામનદ રાજાએ ખુશાલીનો તાર મોકલ્યો હતો. ખેત્રીના રાજા અજીતસિંહ બહાદુરે એક ખાસ દરબાર ભરી તેમાં ઠરાવ કરીને સ્વામીજી પર શાબાશી આપનારો પત્ર મોકલ્યો હતો. મદ્રાસ અને કલકત્તામાં પણ હિંદુઓએ મોટી મોટી સભાઓ ભરી સ્વામીજીને માનપત્રો મોકલ્યાં હતાં. કલકત્તામાં રાજા પ્યારીમોહન મુકરજી સી. એસ. આઈ, ઓનરેબલ જસ્ટીસ ગુરૂદાસ બેનરજી, ઇંડિઅન મિરર પત્રના અધિપતિ નરેન્દ્રનાથ સેન, ઇંડિઅન નેશન પત્રના અધિપતિ એન. એન. ઘોષ, બંગાળી પત્રના અધિપતિ અને સુપ્રસિદ્ધ વક્તા સુરેન્દ્રનાથ બેનરજી વગેરે અનેક સંભાવિત ગૃહસ્થો, રાજાઓ અને જમીનદારો સભામાં એકઠા મળ્યા હતા અને પોતાના હિંદુ ધર્મનું રક્ષણ કરનાર અને ભારતવર્ષની મહત્તા વધારનાર મહાપુરૂષ વિવેકાનંદના ગુણાનુવાદ ગાઈ રહ્યા હતા. કલકત્તા સ્વામીજીની જન્મભૂમિ હતું તેથી ત્યાં લોકોના હર્ષનો પાર રહ્યો નહતો. આ પ્રમાણે પોતાને અસંખ્ય માનપત્રો મળેલાં જોઇને સ્વામીજી જરા પણ ફુલાઇ ન ગયા એ સઘળું માન હિંદુ ધર્મને—પ્રાચીન ઋષિઓનેજ મળેલું માનતા પોતાના કાર્યમાં એ માનથી સમગ્ર ભારતવર્ષે સંમતિ આપેલી તે ગણતા. આ ઉપરથી જુના પુરૂષો આર્યાવર્તના હૃદયમાં પ્રાચીન પ્રજાકીય આદર્શ હજી પણ જાગૃત છે, અને ભારતવર્ષના પ્રજાજીવનને પાયો હજી પણ મજબુત છે, એમ તેમની ખાત્રી થઇ. ભારતવર્ષ વિષે મોટી આશા તેમના મનમાં બંધાઇ અને પોતાની દ્રષ્ટિ સમીપ તેની ઉન્નતિનાં અનેક ભાવિ ચિત્રો તેઓ જોવા લાગ્યા. તેમને નિઃસંશયપણે ભાસ આવવા લાગ્યા કે "ભારતવર્ષ એકવાર ફરીથી જાગ્રત થયો છે; તેને ઉચ્ચ સ્થાન પ્રાપ્ત થયું છે; તેનો પુનરોદ્ધાર

મેળવશે છે અને તે પ્રાચીન સમય કરતાં પણ વધારે કીર્તિ મેળવશે."

આધુનિક સમયમાં હિંદમાં કલકત્તા વિદ્યા અને જ્ઞાનનું એક સ્થળ બની રહેલું છે. આથી કરીને સ્વામી વિવેકાનંદને માન આપવાને કલકત્તાના ટાઉન હોલમાં જે સભા ભરવામાં આવી હતી તે આખા હિંદમાં સૌથી વધારે વિશાળ અને ભવ્ય હતી. ઘણા જુના વિચારના પંડિતો, બ્રહ્મચારીઓ અને સંન્યાસીઓએ પણ તેમાં ભાગ લીધો હતો. હિંદુ ધર્મને અમેરિકામાં અપૂર્વ માન મળેલું જોઈને સૌ હિંદુઓનાં હૃદય આનંદથી ઉભરાઈ રહ્યાં હતાં. કલકત્તાના ટાઉન હોલમાં ભરાયલી જંગાવર સભાનું પ્રમુખસ્થાન રાજા પ્યારીમોહન મુકરજીને આપવામાં આવ્યું હતું. પ્રમુખસ્થાનનો સ્વીકાર કરતાં તે નીચેના શબ્દો બોલ્યા હતા:—

"આજે આપણે બધા જે સન્માન દર્શાવવાને અહીંઆં એકઠા મળ્યા છીએ તે માન આપણે કોને આપી રહ્યા છીએ? કોઈ એક રાજ્યની સેવા બજાવનાર અથવા બીજી કોઈ રીતે જશ પ્રાપ્ત કરનારા મનુષ્યને નહિ, પણ એક સાદા સંન્યાસીનેજ આપણે આ જંગાવર સભામાં માન આપવાને એકઠા થયા છીએ. તે સંન્યાસીની ઉમર માત્ર ત્રીસજ વર્ષની છે. તેણે આપણા ધર્મના સિદ્ધાંતો અમેરિકન પ્રજાને અસાધારણ શક્તિ, યુક્તિ અને ચાતુર્યથી સમજાવ્યા છે અને હજારો અમેરિકનોની વાહ વાહ મેળવી છે. (ખુશાલીની તાળીઓ). હિંદુ ધર્મના સિદ્ધાંતો સમજાવીને ભાઇ વિવેકાનંદે, જગતના એક અતિ અગત્યના અને સુધરેલા ભાગની આંખો ઉઘાડી છે. વળી તેણે ખાત્રી કરી આપી છે કે ધર્મ અને તત્વજ્ઞાનની બાબતમાં પાશ્ચાત્ય વિજ્ઞાનશાસ્ત્ર કે સાહિત્યમાંથી ઉચ્ચતમ વિચાર અને સિદ્ધાંત મળી આવશે નહિ, પણ તે આપણાં હિંદુ શાસ્ત્રોમાંથીજ મળી આવશે. (ખુશાલીની તાળીઓ) આપણી માતૃભૂમિને

અને નવીન ચેતનની સ્ફુરણા કરે છે."

બીજા અનેક સંભવિત ગૃહસ્થો, જેવા કે સુરેન્દ્રનાથ બેનરજી, બાબુ એન. એન. ઘોષ વગેરેએ પણ પ્રસંગને અનુસરીને પોતાના વિચારો દર્શાવ્યા હતા અને સ્વામી વિવેકાનંદને માનપત્ર મોકલવામાં સંપૂર્ણ સંમતિ આપી હતી. આ સઘળા વક્તાઓનાં ભાષણો અહીંઆં આપવાં અશક્ય છે. ટુંકામાં એટલુંજ કહેવું બસ થશે કે સ્વામીજીની કીર્તિથી કલકત્તાના હિંદુઓનાં હૃદય ઉછળી રહ્યાં હતાં અને ટાઉન હોલમાં ભરાયેલી સભામાં અપૂર્વ આનંદ અને ઉલ્લાસ સર્વની નજરે જોવામાં આવતો હતો. મદ્રાસ અને બેંગલોરમાં પણ તેવીજ સભાઓ થઈ હતી અને હિંદુસ્તાનના એક ખુણાથી બીજા ખુણા સુધી વિવેકાનંદનું નામ ગાજી રહ્યું હતું. મદ્રાસમાં રાજા સર રામસ્વામી મુદેલીયર અને દિવાન બહાદુર સુબ્રહ્મણ્ય આયર સી. આઈ. ઈ. જેવા સુપ્રતિષ્ઠિત ગૃહસ્થોએ સભામાં ભાગ લીધો હતો. કુંભાકોનમ અને એવાં બીજાં નગરોમાં પણ સભાઓ ભરવામાં આવી હતી અને સ્વામીજીને માનપત્રો મોકલવામાં આવ્યાં હતાં. ખેત્રીના રાજાએ પણ માનપત્ર મોકલ્યું હતું. તે નરવર રાજા અજીતસીંહ બહાદુર જેની નસમાં ખરું ક્ષત્રિય લોહી વહી રહ્યું હતું, તેમણે હિંદુ ધર્મનો પ્રચાર કરાવવામાં કોઇ પણ જાતની પાછી પાની કરી નથી. સ્વામીજીને તે સદાએ સહાય સ્વજ કરતા હતા. વળી હિંદના એક સાચા ક્ષત્રિય પુત્ર, પ્રાચીન ઋષિઓના પૂજક, શૂરવીર ક્ષત્રિયોના લાયક વંશજ રામનદના રાજા પવિત્ર ભાસ્કર સેતુપતિ પણ સ્વામીજીના શિષ્ય બની રહી તેમને સહાય કરી રહ્યા હતા.

સ્વામીજીએ અમેરિકામાં સ્ત્રી વર્ગ આગળ પણ અનેક ભાષણો આપ્યાં હતાં. એમાંનું એક ભાષણ " હિંદમાં માતૃત્વ " થી અમેરિકન સ્ત્રીઓનાં મન ઉપર એટલી તો ઊંડી અસર થઇ હતી કે તેમણે એક

પત્ર સ્વામીજીની માતુશ્રી ઉપર મોકલ્યો હતો અને તેની સાથે મેરીના ખોળામાં બેઠેલા જિસસ ક્રાઇસ્ટનું એક ચિત્ર પણ મોકલ્યું હતું. પત્ર નીચે પ્રમાણે હતો.

" સ્વામી વિવેકાનંદના માતુશ્રી "

'વહાલા માજીસાહેબ, આ નાતાલના દિવસોમાં અહીંઆં અમે મેરીના પુત્ર જિસસ ક્રાઇસ્ટના પવિત્ર યાદગીરી ઉજવી રહેલા છીએ. તે સમયે અમને એક વાત યાદ આવે છે કે તમારો યશસ્વી પુત્ર અમારી વચમાં જે મદદ કાર્ય કરી રહેલો છે તેને માટે અમે તમને ધન્યવાદ આપીએ છીએ. તેમણે અમારી આગળ એક ભાષણ આપ્યું હતું અને અમને હિંદુ માતાઓના આદર્શો સમજાવ્યા હતા. ઘણીજ ઉદારતાપૂર્વક તમો અહીં આ પુરુષો, સ્ત્રીઓ અને બાળકોની સેવા કરી રહેલા છે અને તેને માટે તે તમનેજ કારણભૂત ગણે છે. જેણે તેમનો બોધ સાંભળેલો છે તે તેમની માતા પ્રત્યે પૂજ્યભાવ દર્શાવવામાં પોતાની જાતને ધન્ય અને આશિર્વાદયુક્ત થયેલી ગણે છે. તમારા યશસ્વી પુત્રની મારફત તમે જે કાર્ય કરી રહેલા છો, તેને માટે અમારી અંતઃકરણપૂર્વક તમને મુબારકબાદી છે. સમસ્ત જગત્ હવે ભ્રાતૃભાવ અને એકતા તરફ વળવા લાગ્યું છે, એ વાતની આ મુબારકબાદી એક નજીવી નિશાની છે "

અમેરિકામાં વેદાન્તનો બોધ કરતે કરતે પણ સ્વામીજી ભારતવર્ષને ભૂલી ગયા નહોતા. ભારતવર્ષની દીનદુઃખી અવસ્થા તેમના મનમાં એક શુળની માફક સાલ્યા કરતી હતી.

હિંદુસ્તાનમાંના પોતાના અનેક શિષ્યોને પણ સ્વામીજી વિસરી ગયા નહોતા. તેમને તે વારંવાર પત્રો લખી અનેક પ્રકારનો બોધ, ઉત્સાહ, દિલાસો વગેરે આપતા અને તેમને આગળ વધવાને ઉત્તે-

હતા. પાશ્ચાત્ય જીવનની અભિલાષાઓ, અમેરિકાનો અથાગ ઉદ્યોગ અને પ્રવૃત્તિ, વ્યવસ્થિતપણે કાર્ય કરવાની શક્તિ, એકત્ર થઇને વેપાર કરવાની યુક્તિ વગેરેથી તેમને ચાકિત કરતા અને હિંદમાં વ્યવસ્થિતપણું, એકત્ર વિચાર, સંયુક્ત ઉદ્યોગ અને પ્રભુ ઉપર વિશ્વાસ હોવાની તેમજ સ્ત્રી કેળવણીની અત્યંત આવશ્યકતા જણાવતા. તેઓ લખતા કે; " તમે તમારી સ્ત્રીઓની સ્થિતિ સુધારી શકશો ? તે સુધારશો ત્યારેજ જગતમાં તમારૂં કલ્યાણ થશે. નહિ તો તમે જેવા પછાત છો તેવાને તેવાજ રહેશો. " સ્વામીજી હમેશાં આ બાબતને વધારે લક્ષમાં રાખવાનું કહેતા કે " ધાર્મિકતામાં અમેરિકનો આપણા કરતાં ઘણાજ ઉતરતા છે, પણ તેમની વ્યવહારિકતા આપણા કરતાં ઘણીજ ચઢીઆતી છે. આપણે તેમને આપણા ધર્મનો બોધ આપવાનો છે અને તેમની વ્યવહારિકતામાં જે શ્રેષ્ઠ હોય તે આપણે ગ્રહણ કરવાનું છે. "

પૂર્વ અને પશ્ચિમની સભ્યતાના નિયમો જુદા હોવાથી સ્વામીજી તે નિયમોને જાણવા તેમજ અનુસરવાને ઘણી કાળજી રાખતા; પરંતુ અમેરિકામાં ઘણાં સ્ત્રી પુરૂષો સ્વામીજીના સ્વભાવ અને ચારિત્ર્યને ઓળખી ગયાં હતાં અને વારંવાર તેઓ ધ્યાનગ્રસ્ત બની રહે છે એમ તે જાણતાં હતાં, તેથી સમાજનો કોઇ પણ નિયમ તેમને માટે બાધકર્તા ગણાતો નહિ. સ્વામીજીને અમેરિકાની સુશિક્ષિત સમાજોમાં પણ એક સાધુને છાજે તેવું સંપૂર્ણ સ્વાતંત્ર્ય આપવામાં આવતું હતું.

આ વખતે અમેરિકામાં વિવેકાનંદને હારવર્ડ યુનિવર્સીટિ તરફથી આમંત્રણ આવ્યું હતું. ત્યાં સ્વામીજીએ વેદાન્ત ઉપર ભાષણ આપ્યું. એ ભાષણમાં તેમણે હિંદુ તત્વજ્ઞાનનો સઘળો ઇતિહાસ કહી સંભળાવ્યો, કરેક દરજ્જે વેદોને પ્રમાણભૂત ગણવામાં આવે છે તે

સમજાવ્યું, અને વેદાન્તની ત્રણ શાખાઓ—અદ્વૈત, વિશિષ્ટાદ્વૈત તથા દ્વૈતની પરસ્પર તુલના કરી બતાવી. તેમણે સમજાવ્યું કે દ્વૈતવાદીઓ જીવથી ભિન્ન રહેલા ઇશ્વરને માને છે; વિશિષ્ટાદ્વૈતવાદીઓ ઇશ્વર અને પ્રકૃતિને ભિન્ન ગણે છે, પણ પ્રકૃતિ ઇશ્વરનું શરીરજ છે એમ ગણે છે; અને અદ્વૈતવાદીઓ ઇશ્વરને જગતના ઉપાદાન અને નિમિત્ત કારણ તરીકે ઓળખે છે. અદ્વૈતવાદ પ્રમાણે ઇશ્વર અને જગત ભિન્ન નથી. ઇશ્વર જાતેજ જગત રૂપે ભાસે છે, પણ વાસ્તવિક રીતે એનાં તે ઇશ્વરજ છે અને પ્રતીત થતું જગત્ વાસ્તવમાં અસ્તિત્વ ધરાવતું નથી; એક માત્ર નામ અને રૂપમાં રહેલો છે. અખિલ વિશ્વમાં એકજ આત્મા વ્યાપી રહેલો છે; કારણ કે આત્મા પારમાર્થિક વસ્તુ છે. જે પરમાર્થિક હોય તેજ અનંત હોય અને જગતમાં બે અનંત વસ્તુઓ સાથે સાથે હોઇ શકે નહિ. વેદાન્તની ત્રણે શાખાઓના પરસ્પર સબંધ અને ભેદ સારી રીતે દર્શાવ્યા પછી તેમની મહત્તા અને સત્યતા સ્વામીજીએ ન્યાય અને યુક્તિથી સાબીત કરી બતાવી. આ ભાષણની અસર એટલી બધી થઇ રહી કે હારવર્ડ યુનિવર્સિટિના સઘળા પ્રોફેસરોએ એકઠા મળીને વિવેકાનંદને પૌર્વાત્ય તત્વજ્ઞાનના પ્રોફેસર થવાની અરજ કરી. પણ પોતે સંન્યાસી હોવાથી સ્વામીજીએ ના પાડી. તેમણે કહ્યું કે સંન્યાસી પોતાના જ્ઞાનને દ્રવ્ય કે કીર્તિને માટે વેચતો નથી. હારવર્ડ યુનિવર્સિટિના રેવ. ૨૬ સી. સી. એવેરેટ ડી. ડી. એલ. એલ. ડી. એ તે ભાષણ ઉપર મોટી પ્રસ્તાવના લખી તેની ભેટમાં જણાવ્યું છે કે,—

આ મહું પુસ્તક મેં જોયું છે. તેમના કાર્ય તરફ તેમના સંબંધી આપણાઓએ મનોગત જણાવ્યો છે પશ્ચિમમાં હિંદુ વિચારોનો પ્રચાર તેમણે કરેલો છે તેને માટે તેમણે અનુમોદન આપેલું છે. હિંદુસ્તાને ઉપનિષદો મનન કર્યાં છે. તેઓના કેટલાક ધારે છે તેમ અને

અમારો ધર્મ છોડીને હિંદુ ધર્મને માનવા લાગ્યા છીએ એમ નથી, પણ એટલું તો નક્કી છે કે વિવેકાનંદ અને તેમના કાર્ય તરફ અમને ઘણી પ્રીતિ ઉત્પન્ન થઈ રહેલી છે.

' હિંદુ વિચાર કરતાં વધારે આકર્ષક જ્ઞાનની કોઈપણ શાખા ભાગ્યેજ હશે. વેદાન્ત જેવા ઘણા લોકોને અસંભવિત લાગતા જ્ઞાનને એક ઘણી વિશાળ બુધ્ધિવાળા મનુષ્યને અત્યંત શ્રધ્ધાથી અને પોતાના ઉત્તમ દક્ષતથી પ્રતિપાદન કરતા જોઈને ઘણી ખુશી ઉપજે છે. વળી ખાત્રી થાય છે કે વેદાન્તવાદને માત્ર એક કલ્પના તરીકેજ અવલોકવાનો નથી. હેગલ કહે છે કે સ્પાઇનોઝાના સિધ્ધાંતો સઘળા તત્ત્વજ્ઞાનનું આદિ છે, પણ આપણે હવે ઘણો ભાર દઇને કહી શકીશું કે વેદાન્તવાદજ સર્વ જ્ઞાનનું મૂળ છે.

આપણે પાશ્ચાત્યો ઐહિક વસ્તુઓને ભજનારા છીએ; પણ એક પારમાર્થિક વસ્તુમાં સઘળી ઐહિક વસ્તુઓ રહેલી છે, અને તે પરમાર્થિક વસ્તુનું ભાન જ્યાં સુધી આપણને થાય નહિ ત્યાંસુધી અને ઐહિક વસ્તુઓનું યથાર્થ જ્ઞાન આપણે પ્રાપ્ત કરી શકીએ નહિ. ધર્મસંસ્થાપનનિયમ-એ મહાસત્યને આપણે પૂર્વે પાસેથી શિખવાનું છે. અને વિવેકાનંદે બહુજ અસરકારક રીતે તે સત્ય આપણને શિખવેલું છે; તેને માટે તેમનો જેટલો આભાર માનીએ તેટલો ઓછો છે. "

પ્રકરણ ૩૬ મું-ઇંગ્લાંડની મુલાકાત.

સ્વામીજી લંડનમાં આવ્યા તેની અગાઉથીજ તેમની કીર્તિ ત્યાં પહોંચી ગઇ હતી. લંડન આવ્યા પછી પ્રથમ તો ખાનગી રીતે તેઓ પોતાના વિચાર દર્શાવવા લાગ્યા. તેમને માલમ પડ્યું કે અંગ્રે-

[illegible] જેવા [illegible] નથી [illegible] સ્વામીજીએ
[illegible] મકો [illegible] તે
[illegible] એમાં રહેલો છે
[illegible] પ્યારે જ તેઓ
[illegible] એક [illegible]

આટલી બધી વાતો તેમનામાં હોવા છતાં પણ અંગ્રેજોના હૃદયમાં જે (ક્રૂર) લાગણીઓએ વાસ કરેલો હોય તેનો સ્પર્શ કેવી રીતે કરવો એ તમારે જોવું જોઈએ. તમે જો ઇંગ્લાંડમાં હો અને તમારે કોઈ અંગ્રેજ જોડે જો સંબંધ હોય તો તેની સાથે ભળી જાવ, તેનું હાથ ખુલ્લું કરે, અને [illegible] માટે તે તમારો મિત્ર, રે, તમારો નોકર બની રહેશે !"

ઇંગ્લંડમાં શરૂઆતમાં સ્વામીજીને કેટલીક મુશ્કેલીઓ નડી, પણ તેમની હિંમત, મિલનસાર ચારિત્ર્ય, અપ્રતિમ પવિત્રતા અને જીવનના મહાન પ્રશ્નોનું નિરાકરણ કરવાની અસાધારણ શક્તિને લીધે તે સર્વત્ર પ્રિય થઈ રહ્યા.

લંડનમાં ઘણા જલદી ઘણા મિત્રો અને સ્નેહીઓ તેમની પાસે આવવા લાગ્યા. મી. સ્ટર્ડી અને મિસ હેનરીએટા મુલર તેમાં મુખ્ય હતાં. તેમના મિત્રોને ત્યાં સ્વામીજી રહેતા હતા. ત્યાં તે ખાનગી રીતે વેદાન્તનો બોધ કરવા લાગ્યા. તેમનું નામ સર્વત્ર પ્રસરવા લાગ્યું, ઘણા સદ્‌ગૃહસ્થો તેમની મુલાકાતે આવવા લાગ્યા, ઘણા લોકો તેમને પોતાને ઘેર બોલાવવા લાગ્યા અને જમણ આપવા લાગ્યા તો સ્વામીજીને ઘણું કામ કરવાનું આવી પડ્યું. વેદાન્તની સર્વ વ્યાપકતા અને બ્રહ્મજ્ઞાન પ્રાપ્તિના ચાર માર્ગો વિષે તેમણે બોધ આપવા માંડ્યો. કેટલાક માસિકોના અધિપતિઓ તેમની મુલાકાતે આવવા લાગ્યા.

સ્વામીજી ખાનગી રીતે પોતાનું કામ કરી રહ્યા હતા, છતાં અનેક માસિકો તેમના કાર્યની નોંધ લેતાં હતા તેથી કરીને તેમને હવે જાહેરમાં આવીને પોતાનું કાર્ય કરવાની ફરજ પડી. લંડનમાં સઘળા લોકો તેમને "હિંદુ યોગી" કહેતા હતા. એ હિંદુ યોગીને જાણવાને હવે હજારો મનુષ્યો આવવા લાગ્યા. મી. સ્ટર્ડી બધાનું ઓળખાણ કરાવતા હતા. મી. સ્ટર્ડી હિંદુ તત્ત્વજ્ઞાનમાં ઘણો રસ લેતા હતા. ને હિંદમાં આવીને એક સાધુ તરીકે હિમાલયના પ્રદેશમાં

રહેલા હતા, તેથી કરીને વેદાન્તનો પ્રચાર કરવા સ્વામીજીને ઘણી સહાય કરી રહ્યા હતા. તે સુશિક્ષિત અને ધનવાન હતા. સમાજમાં તેમની પ્રતિષ્ઠા સારી હતી. એમના નામથી પણ ઘણા લોકો સ્વામીજી પાસે શિખવાને આવવા લાગ્યા. સ્વામીજી હવે વર્ગો ભરવા લાગ્યા હતા, તેમના વર્ગમાં લેડી આઇસાબેલ માર્ગેસન જેવી સુપ્રસિદ્ધ સ્ત્રીઓ અને ઉમરાવો પણ આવતા હતા. સ્વામીજી જરાક પણ આગમ લીધા વગર જે આવે તેને વેદાન્તના સિદ્ધાંતો શિખવતા હતા

લંડનની સઘળી પ્રજા સ્વામીજીના ભાષણોનો લાભ લે એમ ધારીને તેમના મિત્રોએ જાહેર ભાષણોની ગોઠવણ કરવા માંડી. પીકેડીલી નામનો સભ્ય ગૃહસ્થોથી વસેલો લંડનનો એક ભાગ છે. ત્યાં પ્રિન્સેસ હોલ નામનો એક ભવ્ય હોલ છે. તેમાં સ્વામીજીનું પહેલું વ્યાખ્યાન થયું ભાષણનો વિષય "આત્મજ્ઞાન" હતો સ્વામીજી ભાષણ આપવાને ઉભા થયા તે વખતે આખો હોલ મનુષ્યોથી ભરાઈ ગયેલો તેમની નજરે પડ્યો. જુદા જુદા દરજ્જાવાળા અને ધંધાના મનુષ્યો તેમાં બેઠેલા હતા. ઈંગ્લાંડના કેટલાક શ્રેષ્ઠ વિચારકો પણ આવેલા હતા. ભાષણમાં સ્વામીજીએ સંપૂર્ણ ફતેહ મેળવી. બીજે દિવસે સઘળાં વર્તમાનપત્રો તેમને ધન્યવાદ આપવા લાગ્યાં. ધી સ્ટેન્ડર્ડ પત્રે તેમના વિષે લખ્યું કે;

"રાજા રામમોહનરાય ઈંગ્લાંડમાં આવી ગયા પછી કેશવચંદ્ર સેન સિવાય, બીજો કોઇપણ વિવેકાનંદ જેવા રસીક વ્યક્તિત્વવાળો હિંદુ પ્રીન્સેસ હોલમાં ભાષણ આપવાને આવ્યો નથી......સ્વામીજીએ બુદ્ધ અને જિસસના કેટલાક બોધવચનો ઉચ્ચારીને, અંગ્રેજોનાં કારખાનાં, યંત્રો અને બીજી શોધખોળોથી માનવજીવન ઉપર કેવી અસર થઈ રહેલી છે તે વિષે ભારે ટીકા કરી હતી. ભાષણ તદન મોઢેથીજ આપવામાં આવ્યું હતું. તેમનો અવાજ મધુર હતો અને કોઇ પણ

જાતનો સંકોચ રાખ્યા વગર તે સ્વતંત્રપણે પોતાનું ભાષણ કરી રહ્યા હતા. ધી લંડન ડેલી ક્રોનીકલે લખ્યું કેઃ—" હિંદુ સાધુ વિવેકાનંદ જેવું મુખ બુદ્ધને મળતુંજ ભાસતું આવે છે તે આપણી વ્યાપાર-વૃદ્ધિ, વિઘાતક લડાઇઓ અને ધાર્મિક અસહિષ્ણુતાને ધિક્કારી કહાડે છે. અને જણાવે છે કે અનેકના ભોગવડે પ્રાપ્ત કરેલો આપણો સુધારો હિંદુઓને જોઇતો નથી."

વેસ્ટમિનસ્ટર ગેઝેટનો ખબરપત્રી સ્વામીજીની પાસે આવ્યો અને તેણે તેમની મુલાકાત લીધી. તે ગેઝેટમાં તેના અધિપતિએ " લંડનમાં એક હિંદુ યોગી " એવા મથાળાથી એક લેખ આપ્યો હતો. તેમાં લખ્યું હતું કે,

" સ્વામી વિવેકાનંદ એક અતિ આકર્ષક વ્યક્તિ છે. તેમનો ચ્હેરો શાંત છે, અને તેના ઉપર માયાળુતા જણાઇ આવે છે. તેમનું મુખારવિંદ એક બાળકની માફક ઝળકી રહે છે. તેના ઉપર ઘણી સાદાઇ, પ્રમાણિકતા અને સરળતા નજરે આવે છે."

વેસ્ટમીનસ્ટર ગેઝેટના ખબરપત્રીએ સ્વામીજીની જોડે ઘણા લાંબા વખત સુધી વાર્તાવિવાદ કર્યો હતો. તે ખબરપત્રીએ સ્વામીજીના સઘળા વિચારો ગેઝેટમાં પ્રદર્શિત કર્યા અને અમેરિકામાં તેમણે મેળવેલી ફતેહનાં ભારે વખાણ કર્યાં. સ્વામીજી વિષે લખતાં તેણે અંતમાં લખ્યું હતું કે, " એક નૈસર્ગિક શક્તિવાળા તે મહા પુરૂષની મળી મેં રજા લીધી. તેમના જેવો પુરૂષ મેં ભાગ્યેજ જોયો હશે. તેમની મુલાકાતથી હું મારી જાતને ધન્ય ગણું છું." ઉપરના લખાણથી એક સાધુ અને ઉપદેશક તરીકે વિવેકાનંદનું નામ આખા લંડનમાં પ્રસરી રહ્યું, અને હજારો મનુષ્યો તેમને જોવાને અને બોધ ગ્રહણ કરવાને તેમની પાસે આવવા લાગ્યાં.

સ્વામીજીના ચારિત્ર્યની અંગ્રેજ લોકો આટલી બધી પ્રશંસા કરે,

આખિરે તે પોતાના દેશનો ત્યાગ કરીને હિંદુસ્તાનમાં આવ્યાં, અને વેદાન્તના સિદ્ધાંતોને કૃતિમાં મૂકવા લાગ્યાં. સ્વામીજીના જીવન અને બોધને અનુસરીને તેઓ પણ ભારતવર્ષમાં અનેક પ્રકારે સમાજની સેવા કરી રહ્યાં. કેળવણી તેમનો વિષય હતો. કલકત્તાની પડદાનશીન સ્ત્રીઓને કેળવવાને તેમણે અનેક પ્રયાસો કરેલા છે અને એક શાળા સ્થાપીને સ્ત્રી કેળવણી વધારવાને તેમણે ઉત્તમ પગલું ભરેલું છે. તે શાળા અત્યારે આબાદીમાં આવેલી છે. પોતાના ગુરૂને પગલે ચાલીને ભારતવર્ષના અનેક પ્રશ્નોનું નિરાકરણ તેમણે કરેલું છે. હિંદમાં તે શ્રેષ્ઠ લેખક તરીકે પ્રસિદ્ધ થયાં હતાં અને પોતાના વિચારોની પ્રસાદી અનેક લેખો અને પુસ્તકો દ્વારા ભારતવાસીઓને તેમણે આપેલી છે. પોતાની કાયા ભારતવર્ષનેજ તેમણે અર્પણ કરી દીધી હતી. તેમના ગુરૂની માફક તેમનું બોલવું, ચાલવું, હરવું, ફરવું, લખવું, વિચારવું–એ સર્વે હિંદનેજ માટે થતું હતું. હિંદુ ધર્મ પ્રત્યેનો તેમનો સદ્‌ભાવ, હિંદુ સમાજ પ્રત્યેની તેમની લાગણી, પ્રાચીન ઋષિઓ પ્રત્યેનું તેમનું માન અપૂર્વ હતું. હિંદુત્વ એટલે સઘળી શક્તિ, સદ્‌ગુણ, ઉચ્ચ વિચાર અને પારમાર્થિક જીવનનો સમુદાય, એમજ તે માનતાં હતાં. ખરેખરાં ચુસ્ત હિંદુ તરીકેજ તે પોતાનું આચરણ કરી રહ્યાં હતાં. "હિંદુ" શબ્દની તેમના મનપર જાદુ જેવી અસર થઇ રહેતી. તે કપાળે કોઇવાર ચાંદલો કરતાં અને ઘણું ખરું ભગવું ધારણ કરતાં. ગળામાં રૂદ્રાક્ષની માળા પહેરતાં. સંન્યાસીની જેવોજ તેમનો પોશાક હતો. પ્લેગમાં અને દુષ્કાળમાં તે અનેક વ્યક્તિઓને સહાય કરતાં. તેમનું સાદું અને સેવામય જીવન આપણા અનેક સ્વાર્થી અને વાહીયાત નકલ કરી જેન્ટલમેન બની જનારા ભાઇઓને શરમ પમાડે એવું હતું. હિંદુપણા પ્રત્યે તેમનો પક્ષપાત આધુનિક હિંદુઓને શરમાવે તેવો અને હિંદુધર્મ પ્રત્યેની તેમના આસ્થા આધુનિક હિંદુઓની અનાસ્થાને

"જે સમીસાંજના વખતને આજે દસ વર્ષ થઇ ગયેલાં છે, તે વખતની અમારી વાતચીતના આબેહુબ શબ્દોજ મને અત્યારે યાદ આવે છે, પણ સ્વામીજી જે શબ્દો બોલતા હતા તેમને તો હું કદીએ વિસરનાર નથી. તે પૂર્વના સ્વર પ્રમાણે પણ ઘણી અદ્ભુત રીતે બોલતા હતા. તે સાંભળીને એકદમ મને અમારા દેવસ્થાનનું મેલોડીઅન સંગીત યાદ આવ્યું હતું."

લંડનના કેટલાક ઉમરાવોના મહેલોમાં પણ ભાષણો આપવાનો કે ખાનગી રીતે વાતચીત કરવાનો પ્રસંગ સ્વામીજીને આવ્યો હતો. કેટલીક ક્લબોમાંથી પણ તેમને આમંત્રણ આવતા હતા. સર્વત્ર સ્વામીજી વેદાન્તના વિશાળ વિચારોનેજ પ્રતિપાદન કરતા હતા. બ્રહ્મજ્ઞાનપ્રાપ્તિના સાધનો તે દર્શાવતા. યોગ, કર્મ, પુનર્જન્મ વગેરે વિષયો ઉપર બોલતા અને આત્માની એકતાનું ભાન તે સર્વને કરાવતા હતા. અમેરિકાની માફક ઉમરાવોમાં પણ લોકો તેમને અનેક વિચિત્ર સવાલો પૂછતા અને સ્વામીજી અદ્ભુત બુદ્ધિબળથી તેનો ઉત્તર આપતા. પાશ્ચાત્યોની ધાર્મિકતા તરફ તે અવિશ્વાસ દર્શાવતા. ત્યાં ધર્મનો આધાર પણ દમ્ભ ઉપર રહેલો છે એમ જણાવતા અને હિંદુઓના ધાર્મિક વિચારોમાં રહેલા સ્વાતંત્ર્ય અને નિસ્પૃહતાની તે ભારે પ્રશંસા કરતા. વૈરાગ્યને તે ઘણું મહત્વ આપતા અને કહેતા કે સ્વાર્થત્યાગ વગર વિશુદ્ધ નીતિ પળાઇ શકેજ નહિ.

હિંદના પ્રાચીન શિક્ષણમાં ચારિત્ર્યને સૌથી શ્રેષ્ઠ સ્થાન આપવામાં આવેલું છે. બોધ કરનાર ગુરૂ પોતાના બુદ્ધિબળવડે શિષ્યોની બુદ્ધિ ખીલવે છે, પરંતુ શિષ્યના ચારિત્રનું બંધારણ તો તે પોતાના ચારિત્રથીજ બાંધે છે. જેમાં ગુરૂના ચારિત્રની છાપ પાડી ન હોય તે બોધ હિંદમાં નકામો ગણાય છે. ચારિત્ર વગરનો ગુરૂ ગુરૂ તરીકે લેખાતો નથી. બોધ કે વિદ્યા કરતાં ચારિત્રને હિંદમાં વધારે

આત્મિક શક્તિઓનું તેમને ભાન થવા લાગ્યું. કેટલે દરજ્જે આધ્યાત્મિક સ્વભાવને જાગૃત કરી શકાય તેનો ખ્યાલ તેમને આવવા લાગ્યો. વિચાર અને ચારિત્રનો તેમનો પ્રૌઢ પ્રભાવ, દલીલનું સચોટપણું, વિચારોની સરળતા અને દીર્ઘદૃષ્ટિ એને લીધે તેમના કહેવાનો જનસમૂહના મનપર અત્યંત ઠસી જતાં. સજ્જનમાં સજ્જન મનુષ્યો તેમના તુરત શિષ્યો બની જતા અને તેમને "ગુરૂ" તરીકે માનતા.

મદ્રાસના એક શિષ્યને પોતાના ઇંગ્લાંડના અનુભવ વિષે સ્વામીજીએ લખ્યું હતું કે, "ખરેખર, ઇંગ્લાંડમાં મારું કાર્ય ઘણુંજ સારું થઇ રહેલું છે. સેંકડોના ટોળે ટોળાં મારી પાસે આવે છે અને ખુરસીઓ વગેરેની સગવડને અભાવે જમીન ઉપર પલાંઠી વાળીને બેસે છે અને સ્ત્રીઓ પણ તેમજ કરે છે. બીજા અઠવાડીયામાં મારે નિકળવાનું હોવાથી તેઓ ઘણા દિલગીર છે. કેટલાક એમ ધારે છે કે જો હું જલદીથી જઇશ તો મારું કાર્ય બગડશે, પણ હું તેમ ધારતો નથી. હું માણસો કે વસ્તુઓ ઉપર આધાર રાખતો નથી. હું માત્ર પ્રભુ ઉપરજ આધાર રાખું છું. તેજ કાર્ય કરે છે અને હું તો નિમિત્ત માત્રજ છું. ઘણા સખત કામથી હવે હું થાકી ગયો છું. પુષ્કળ આરામ લેવાને હું હિંદુસ્તાનમાં આવવા ઇચ્છું છું."

એક દૈનિકપત્રનો ખબરપત્રી સ્વામીજીનો બોધ સાંભળવાને તેમના વર્ગોમાં જતો હતો. તે વર્ગોનું વર્ણન આપતાં તેણે લખ્યું છે કે,

"વર્ગમાં ખુરશીઓની અછતને લીધે લંડનની કેટલીક સભ્ય સ્ત્રીઓ પણ જમીન ઉપર પલાંઠી વાળીને બેસતી અને હિંદુ ચેલાઓ જેમ અત્યંત ભક્તિભાવથી ગુરૂનો બોધ સાંભળે તેમ સ્વામીજીનો બોધ સાંભળતી. આવો સુંદર દેખાવ ભાગ્યેજ જોવામાં આવ્યો હશે. સ્વામીજી અંગ્રેજોના હૃદયમાં ભારતવર્ષ પ્રત્યે પ્રેમ અને એવી સહાનુભુતિ ઉત્પન્ન કરી રહેલા છે કે જે ભારતવર્ષના હિતમાં ઘણુંજ

સહાયભૂત થઇ રહેશે ”

ઇંગ્લાંડમાં સ્વામીજી આ પ્રમાણે પોતાનું કાર્ય કરી રહ્યા હતા અને હિંદુસ્થાન તરફ જવાના વિચાર કરી રહ્યા હતા, પરંતુ એટલામાં અમેરિકાથી અનેક કાગળો તેમના ઉપર આવવા લાગ્યા. અમેરિકામાં વેદાન્તના જિજ્ઞાસુઓની સંખ્યા વધતી જતી હતી અને તેથી કરીને તેમના મિત્રો અને સ્નેહીઓ તેમને ત્યાં પાછા બોલાવી રહ્યા હતા. એક તરફ અમેરિકન મિત્રો અમેરિકામાં આવવાની અરજ કરી રહ્યા હતા અને બીજી તરફ અંગ્રેજ મિત્રો લંડનમાં હમેશને માટે રહેવાની સ્વામીજીને પ્રાર્થના કરી રહ્યા હતા. ઇંગ્લાંડમાં વેદાન્તના સિદ્ધાંતોના બીજ રોપાઇ ચુક્યા હતા. તેમને હવે તેમની મેળેજ ઉગી નીકળવાને થોડોક અવકાશ આપવો એવો વિચાર સ્વામીજીનો થયો. ફરીથી પાછા આવવાનું સ્વામીજીએ સર્વેને વચન આપ્યું અને તે પાછા અમેરિકા જવાને નીકળ્યા.

વિવેકાનંદની ઇંગ્લાંડની મુલાકાતે સાબીત કરી આપ્યું છે કે ઘણા વિચારવંત અને સુશિક્ષિત અંગ્રેજો વેદાન્તનો બોધ ગ્રહણ કરવાને તત્પર છે, અને જડવાદથી તેમજ ભૌતિક વિજ્ઞાનશાસ્ત્રના સિદ્ધાંતોથી તેમની આંતરિક ઉચ્ચ વૃત્તિઓને સંતોષ મળતો નથી. સ્વામીજીના વર્ગોમાં જુદા જુદા દરજ્જાના જે પુષ્કળ અંગ્રેજો આવતા તેમાંના ઘણાના મનમાં નિશ્ચય થઇ જતો કે તેમનું જીવન સત્ય માર્ગે વહી રહેલું નથી. સત્ય જીવન તો આત્માના વિકાશમાં અને આત્મા પરમાત્માની એકતા સાધવામાંજ રહેલું હોઇને તે સત્ય જ્ઞાનની પ્રાપ્તિ કરવાને તેમણે ભારતવર્ષ તરફજ જોવાનું છે.

પ્રકરણ ૩૭ મું—અમેરિકામાં પુનરાગમન.

સ્વામીજી હિંદમાં હતા ત્યારે અમેરિકામાં તેમના શિષ્યો સારી રીતે વેદાન્તના પ્રચારનું કાર્ય કરી રહ્યા હતા. સ્વામીજીના મુખ્ય અમેરિકન શિષ્યોમાં સ્વામી કૃપાનંદ, સ્વામી અભયાનંદ અને મીસ વોલ્ડો હતા. ન્યુયોર્કમાં તેઓ નિયમિત રીતે અઠવાડીક સભાઓ ભરતા અને તેમાં વેદાન્તનો બોધ આપતા હતા. વળી અન્ય નગરોમાં પણ તેનો પ્રચાર કરવાનું તેઓ ચૂકતા નહોતા. સર્વત્ર તેમનો બોધ વધાવી લેવામાં આવતો હતો. લોકો તેમનું કહેવું ઘણી ખુશીથી સાંભળતા હતા. ઘણી જગ્યાએ તેમણે નવી વેદાન્ત સભાઓ પણ સ્થાપી હતી. બફેલો અને ડેટ્રોઇટમાં ઘણા જિજ્ઞાસુઓ તેમના કાર્યમાં મદદ કરી રહ્યા હતા અને ત્યાં પણ વેદાન્ત સભાઓ સ્થાપવામાં આવી હતી

ત્રણ મહીના સુધી હિંદમાં રહ્યા પછી સ્વામીજી ન્યુયોર્કમાં પાછા આવ્યા. આ વખતે તેમની તબીયત ઘણી સારી હતી. તેમણે હવે પોતાનું મુખ્ય મથક ન્યુયોર્કમાં કર્યું. ત્યાં તે સ્વામી કૃપાનંદ ભેગા રહેવા લાગ્યા. સેંકડો માણસ બેસી શકે એવી બે મોટી ભાડાની ઓરડીઓમાં "કર્મયોગ" ઉપર તેમણે ભાષણો આપવા શરૂ કર્યાં. બીજા પણ અનેક વિષયો ઉપર તે બોધ આપતા અને એમ એક અઠવાડીઆમાં સત્તર ભાષણો આપતા. તેમનાં ભાષણો લખી લેવાને માટે તેમના શિષ્યોએ એક પગારદાર માણસને રોક્યો હતો. તે ટુંકી ભાષામાં તેમનાં સઘળાં ભાષણો ઉતારી લઇને પછી પુરેપુરાં તૈયાર કરી રાખતો હતો. તેનું નામ જે. જે. ગુડવીન હતું. પાછળથી ગુડવીન સ્વામીજીનો ચુસ્ત શિષ્ય બની રહ્યો હતો. સ્વામી વિવેકાનંદને ગુડવીને જે દિવસે જોયા તે દિવસથીજ તે તેમના તરફ આકર્ષાઇ ચુક્યો હતો. તે સંસારી મનુષ્ય હતો અને તેણે

ગેન આવતી વર્ગોમાં પણ વિદ્યાર્થીઓની સંખ્યા હદે વધવા લાગી. તેમની ઓરડીઓમાં સઘળા શ્રોતાઓનો સમાવેશ થઇ નહિ શકવાથી પંદરસેં માણસો સમાય એવો એક મોટો હૉલ ભાડે રાખવામાં આવ્યો અને ત્યાં તે વર્ગો ભરાવા લાગ્યા. "ભક્તિયોગ," "મારા ગુરૂ—શ્રી રામકૃષ્ણ પરમહંસ," "ઈશ્વર અને અંતર—પુરૂષ" વગેરે તેમના ભાષણોના મુખ્ય વિષયો હતા. ફેબ્રુઆરી માસમાં તેમને હાર્ટફર્ડ મેટાફીઝીકલ સોસાઇટી આગળ ભાષણ આપવાને આમંત્રણ આવ્યું. ત્યાં સ્વામીજીએ "આત્મા અને પ્રભુ" ઉપર આપેલા સુંદર વ્યાખ્યાન વિષે હાર્ટફર્ડ ડેલી ટાઇમ્સે નીચે પ્રમાણે લખ્યું હતું.

"સ્વામી વિવેકાનંદના વિચારો જિસસ ક્રાઇસ્ટને મળતા છે ખરા; પણ આપણા ખ્રિસ્તીઓના વિચારોને તે મળતા નથી. તેમના હૃદયની વિશાળતામાં સઘળા ધર્મો અને સઘળી પ્રજાઓનો સમાવેશ થઇ જાય છે. ગઇ રાત્રે ઘણીજ સાદાઇથી તેમણે વાત કરી હતી. તેમની સાદાઇ અત્યંત મોહક છે. તેમણે લાંબો ભગવો ઝભ્ભો પહેર્યો હતો અને માથે પીળો ફેંટો બાંધ્યો હતો. તેમનું મુખ એશીઆના લોકો જેવું સુંદર છે. પોતાના દેખાવથી તે પ્રત્યેકની આંખને અતુલ આકર્ષક લાગતા હતા અને પોતાના સુંદર આધ્યાત્મિક વિચારોના કથનથી તે પ્રત્યેક શ્રોતાને પ્રિય થઇ રહ્યા હતા. તે ઘણું સારૂં અંગ્રેજી બોલે છે અને શબ્દો ઉપર એવી રીતે ભાર દઇને બોલે છે કે તેથી તેમનો વાર્તાલાપ અત્યંત સુંદર લાગે છે."

અમેરિકામાં સ્વામીજીનું નામ સર્વને ગૌરવ ઉપજાવે તેવું થઇ રહ્યું હતું. ન્યુયોર્કની કેટલીક સમાજો તો તેમની પાછળ ગાંડી ઘેલીજ બની રહી હતી. તેમનો શ્રોતૃવર્ગ ધનવાન અને સુશિક્ષિત મનુષ્યોનો બનેલો હતો. ધી ન્યુયોર્ક હેરલ્ડ પત્રનો ખબરપત્રી લખે છે કે:— "સ્વામીજીના વર્ગોની મેં મુલાકાત લીધી ત્યારે ત્યાં ઘણા બુદ્ધિશાળી

... સ્વામીજીના બોધથી બહુ સુશિક્ષિત મનુષ્યોએ સંન્યાસ ગ્રહણ કર્યાની વાત આપણા જાણવામાં આવી છે, તે ઉપરાંત બીજા ઘણા પુરુષો મનુષ્યો હવે તેમના શિષ્યો બની રહ્યા અને સ્વામીજીએ તેમને બ્રહ્મચર્યની દીક્ષા આપી. અમેરિકા જેવા જડવાદથી ભરેલા દેશમાં મનુષ્યો આ પ્રમાણે ખરા સત્યનો અનુભવ કરવાને વૈરાગ્ય માટે મુખ્ય સાધન ગ્રહણ કરી શકે, એ બનાવ દર્શાવે છે કે સ્વામીજીના ચારિત્ર અને સદ્‌બોધની અસર ત્યાં કેટલી અસાધારણ થઇ રહી હતી. સઘળાં વર્તમાનપત્રો હવે એક અવાજે કહેવા લાગ્યાં કે “ એ બનાવ સૂચવે છે કે સ્વામીજીના બોધની અસર સદાએ કાયમજ રહેશે. ” અમેરિકામાં સ્વામીજીને માટે માન ઘણુંજ લોકોને કંઇક વાંચી અને કંઇક સાંભળી સ્વામી કૃપાનંદે હિંદુસ્તાનના બ્રહ્મવાદિન માસિકમાં એકવાર લખી મોકલ્યું હતું કે,

“ સ્વામીજી ભારતવર્ષના પુત્ર છે એમ હિંદવાસીઓ જાહેરમાં ખાત્રીથી કહે તો ઠીક! અમેરિકાનો યુનાઇટેડ રેકર્ડના ગ્રાહકો (મીન સાયકોલોજીકા) ને માટે સ્વામીજીનું જીવનચરિત્ર લખનારા છે, અને આ પ્રમાણે તેઓ સ્વામીજીને એક અમેરિકન બનાવવા માગે છે. વખત એવો પણ આવે તો નવાઇ નથી કે હોમરની જન્મભૂમિ હોવાનું માન મેળવવાને માટે જેમ સાત શહેરો વચ્ચે વાંધો ઉઠી રહ્યો હતો તેમ વિવેકાનંદને પોતાના પુત્ર ગણવાને માટે સાત સાત મુલકો વચ્ચે કલહ ઉભો થઇ રહે. અને હિંદને આવા એક મહા બહાદુર પુત્રને જન્મ આપ્યાનું માન ખોવું પડે ! ”

સમય જતાં ગયો તેમ અમેરિકાના ઘણા વર્તમાનપત્રો, કવિઓ, લેખકો અને વિજ્ઞાનશાસ્ત્રીઓ સ્વામીજીની પાસે આવવા લાગ્યા અને તેમનો બોધ ગ્રહણ કરવા લાગ્યા. એમાં એક મીસીસ એલા વીલર વિલકાક્સ પણ હતી. એ બાઇ અમેરિકામાં એક [illegible] કવિ અને

લેખક તરીકે પ્રખ્યાત હતી. સ્વામીજીના સમાગમમાં આવ્યા પછી તે હિંદુધર્મની એક ચુસ્ત અનુયાયી બની રહી હતી. સ્વામીજી અને હિંદુધર્મ વિષે તે લખે છે કેઃ—

"બાર વર્ષ ઉપર એક વખત સાંજે મેં સાંભળ્યું કે સ્વામી વિવેકાનંદ નામના હિંદુ સાધુ ન્યુયોર્કમાં અમુક જગ્યાએ ભાષણ આપવાના છે. હું અને મારા પતિ બંને ઘણી આતુરતાથી તેમનું ભાષણ સાંભળવાને ગયા. અમે દસેક મિનિટ ભાષણ સાંભળ્યું અને જાણે અમે કોઇ ઉચ્ચ, પાવન, અલૌકિક અને ભવ્યદાયક વાતાવરણમાં ઉડી રહ્યા હોઇએ એવો અમને ભાસ થયો. અમે આશ્ચર્યચકિત બને તેમનું ભાષણ છેવટ સુધી સાંભળ્યું અને તે સમાપ્ત થઈ ગયા પછી જ્યારે અમે ઘેર જવાને નીકળ્યા ત્યારે અમે નવીન હિંમત, અવનવી આશાઓ, વિલક્ષણ સામર્થ્ય અને અલૌકિક શ્રદ્ધા અનુભવી રહ્યા હતા કે જે જીવનના ગમે તેવા પરિવર્તનોની સામે પણ બાથ ભીડવાને સમર્થ હતા. એ સમય મારા પતિ બોલ્યા હતા કે, "આનુંજ નામ ઇશ્વર સંબંધી જ્ઞાન' જે ધર્મને હું ખોળું છું તે આજ છે'" એ પછી ઘણા મહિના સુધી મારા પતિ મારી સાથે વિવેકાનંદનો બોધ સાંભળવાને આવ્યા અને તેમની પાસેથી સનાતન હિંદુ ધર્મના સિદ્ધાંતો અને અનેક બોધદાયક ગાથાઓ શ્રવણ કરવા ભાગ્યશાળી થયા. આર્થિક આફતોના તે ઘણો ભયંકર સમય હતો. ઘણાની પેઢીઓ ઉપરા ઉપરી ડૂબતી હતી, સેંકડોના માલ વેચાતા ન હતા. વેપારીઓ નિરાશામાં આવી પડતા હતા અને આખું જગત શોકમય થઇ ગયું હતું. ઘણી વખત તો મારા પતિ આ આપત્તિની અડચણ અને ચિંતાને લીધે રાતે ઉંઘી પણ શકતા નહિ. પરંતુ તે પછી સ્વામીજીનું ભાષણ સાંભળીને ઘેર આવી વખત તે હમને બોલતા કે "હવે ઠીક છે' ચિંતા કરવાનું કંઇ પણ કારણ

નથી." ઘર કામ પરવાર્યા પછી મારા કાર્યો બજાવવાને હું બહાર
ચાલી જતી ત્યારે પણ મને આત્માની ઉચ્ચ અવસ્થાનું ભાન થઇ
રહેતું અને મારી માનસિક દૃષ્ટિ ઘણી વિશાળ બની રહેતી. જે
તત્ત્વજ્ઞાન કે ધર્મ આવા હાડમારીના દિવસોમાં મનુષ્યોને માટે આટલું
બધું કરી શકે, ઇશ્વર પ્રત્યે તેમની શ્રદ્ધા દૃઢ કરી શકે, માનવજાતિ
પ્રત્યે ભ્રાતૃભાવની લાગણી વધારી શકે અને તેમનાં હૃદયમાં પુન-
ર્જન્મના સુખદ વિચારોથી આશાપૂર્વક હર્ષ ઉપજાવી શકે, તેજ ધર્મ
શ્રેષ્ઠ અને મોટો કહેવાય."

"ખરેખર અમારા મહાન હિતને ખાતરજ આર્યતત્ત્વજ્ઞાન
અમારે સમજવું જોઇએ. વિવેકાનંદે અમને કહેલું છે કે "તમે સત્યને
માર્ગે તમારૂં જીવન ગાળો અને તમારા આત્મામાં પ્રકાશ
ઉત્પન્ન કરી મૂકો એવું હું ઇચ્છું છું." તેમના બોધથી અમારા
ધંધાદારીઓને સામર્થ્ય મળેલું છે, અસ્થિર મનની સ્ત્રીઓ સ્થિર
બનીને ઉચ્ચ વિચાર સેવવા લાગી છે અને કારીગરોમાં નવી નવી
આશાઓ ઉત્પન્ન થઇ છે. તેમના બોધવડે કરીને પતિ, પત્ની, માતા,
પિતા સર્વને પોતાની ફરજોનો ઉચ્ચ અને પવિત્ર ખ્યાલ આવેલો છે."

આ પ્રમાણે અમેરિકાની સુધરેલી પ્રજાના હૃદયમાં સ્વામીજીએ
ઘણો અગત્યનો ફેરફાર કરી મૂકેલો હતો. પાશ્ચાત્ય સુધારાનો પ્રવાહ
ફેરવીને તેમણે તેને અન્ય સંસ્કારી માર્ગે વહેતો કર્યો હતો. અસંખ્ય
અમેરિકનો હવે સંસ્કારી બની પોતાને વેદાન્તીઓ કહેવડાવવામાં ગર્વ
ધરતા હતા. આ વખતે સ્વામીજીનો વિચાર એવો થઇ રહ્યો હતો કે
વેદો, ઉપનિષદો, આરણ્યકો, બ્રાહ્મણો અને પુરાણોમાંથી આત્મા
સંબંધી સર્વ વિચારો એકઠા કરીને ઘણી સરળ ભાષામાં
સમજવા અને પાશ્ચાત્ય વિજ્ઞાનશાસ્ત્રના સિદ્ધાંતોથી તેમને સાબીત
કરવા. યોગ, સાંખ્ય, વગેરેને પણ આધુનિક માનસશાસ્ત્ર અને અન્ય

શાસ્ત્રોના સિદ્ધાંતોમાં ઘટાવી મૂકવા કે જેથી કરીને તેઓની સત્યતા પુરવાર થઇ રહે અને સર્વે તેમને સમજી શકે. કાર્ય ઘણું કઠિન હતું, પણ સ્વામીજીની અસાધારણ બુદ્ધિએ તેને બહુ ત્વરાથી અને ઉત્તમ પ્રકારે પાર પાડેલું છે. પોતાના ધારેલા કાર્યને સિદ્ધ કરવાને માટે તે કેવો અથાગ શ્રમ લઇ રહ્યા હતા? તેઓ સઘળા વેદો, ઉપનિષદો, આરણ્યકો, બ્રાહ્મણો, પુરાણો, વગેરેને એકઠાં કરી તેમાંથી સાર કહાડી રહ્યા હતા અને તે સાદી અને સરળ ભાષામાં જનસમૂહને સમજાવી રહ્યા હતા. હિંદુઓના આધ્યાત્મિક વિચારો આધુનિક વિજ્ઞાનશાસ્ત્રની વિરૂદ્ધ નથી, એટલુંજ નહિ પણ આધુનિક વિજ્ઞાનશાસ્ત્ર ઉલટું તેમને વધારે ને વધારે સિદ્ધ કરતું આવે છે, એમ જો કોઇએ પુરવાર કરી બતાવ્યું હોય તો તેનું સઘળું માન સ્વામી વિવેકાનંદનેજ ઘટે છે.

સ્વામી વિવેકાનંદના ભાષણો ઓતપ્રોત ઉપર કોઇ નવીનજ પ્રકાશ પાડતા હતા. સનાતન હિંદુ ધર્મનું ખરૂં રહસ્ય તે નવીન સ્વરૂપમાંજ પ્રગટ કરતા હતા. તેમની પ્રતિપાદન કરવાની શક્તિ બહુ અજબ હતી. તે જે સત્યો પ્રગટ કરતા તે ઉપનિષદોના રહસ્યરૂપજ હોવા છતાં આધુનિક ભૌતિકવિજ્ઞાનના અભ્યાસીઓને તે ગ્રાહ્ય થાય તેવી યુક્તિયો તેમને સમજાવતા હતા. પૂર્વ અને પશ્ચિમ બંનેનો તેમણે અનુભવ લીધો હતો. પૂર્વ અને પશ્ચિમની વિદ્યાઓમાં તે પારંગત થયેલા હતા. તેમનું વિશાળ હૃદય અને ગૂઢ જ્ઞાન, એ બંનેની તુલના કરી દરેકની મહત્તા અને ઉપયોગિતા કેટલી છે તે વાત યથાવત્ સમજાવતું હતું. તેમના સઘળા લેખો અને કથનો વેદાન્ત ઉપર નવીન ભાષ્ય યા ટીકા રૂપેજ હતા. ભારતવર્ષમાં સઘળા ટીકાકારો એક બીજાની વિરૂદ્ધ લખી રહેલા છે એમ જાણીને તે કોઇ પણ ટીકાકારને શ્રેષ્ઠ પ્રમાણ તરીકે સ્વીકારતા નહોતા. વેદ

કોઈ પણ શાસ્ત્ર ઉપર જ્યારે તે ટીકા કરતા ત્યારે તેને તે નવીન સ્વરૂપમાંજ સમજાવતા; છતાં તેમનો કોઇ પણ વિચાર વેદ, ઉપનિષદ કે પોતાના ગુરૂના વિચારોથી વિરૂદ્ધ નહોતો. હિંદુ શાસ્ત્રોમાં પ્રવર્તી રહેલી યુક્તિ આધુનિક વિજ્ઞાનશાસ્ત્રને સંમત નથી એમ જાણીને હિંદુ તર્ક અને ન્યાયને ફરીથી આધુનિક બુદ્ધિને માટે ઉપયોગી બનાવવાને તે પ્રયાસ કરી રહ્યા હતા. હિંદુઓનું તત્વજ્ઞાન અજેય છે. આધુનિક વિજ્ઞાનના સિદ્ધાંતોથી પણ તે તોડાય તેવું નહિ હોવા છતાં તે તત્વજ્ઞાનને સમજાવવાની યુક્તિ આધુનિક વિજ્ઞાનશાસ્ત્રના સિદ્ધાંતો આગળ ટકી શકે તેવી નથી એમ તે સમજતા હતા. તેથી કરીને હિંદુ તર્ક અને ન્યાયને તે કેવી રીતે રજુ કરતા તે નીચેની બીના ઉપરથી ઠીક સમજાશે.

સ્વામીજી હાર્વર્ડ યુનીવર્સીટિના પ્રોફેસરોએ સ્થાપેલી સભામાં ભાષણ આપવાને માટે ગયા હતા. ત્યાં ભાષણ સમાપ્ત થયા પછી પ્રોફેસરોએ સ્વામીજીને અનેક પ્રશ્નો પૂછ્યા હતા અને તેના ઉત્તરો તેમણે આપ્યા હતા. તે ઉત્તરો આધુનિક વિચારોને અનુકુળ થાય તેવી રીતે આપવામાં આવ્યા હતા. પ્રાચીન સિદ્ધાંતો ઉપર કેવો નવીન પ્રકાશ સ્વામીજી પાડી રહ્યા હતા તે એ ઉપરથી સમજાશે. સ્વામીજીને પૂછવામાં આવ્યું હતું કે "માયા અથવા અજ્ઞાન શા માટે અસ્તિત્વ ધરાવે છે?" તેમણે જવાબ આપ્યો હતો કે, "શા માટે—એ પ્રશ્ન કારણભાવમાં નહિ પણ કાર્યભાવમાંજ ઉદ્ભવી શકે છે. માયાના પ્રદેશમાંજ એ પ્રશ્નનો સંભવ હોઇ શકે. જ્યારે એ પ્રશ્નને ન્યાયશાસ્ત્રના નિયમ પ્રમાણે ગોઠવવામાં આવશે ત્યારેજ અમે તેનો ઉત્તર આપીશું." જ્યારે એમ કહેવામાં આવ્યું કે, "સમાધિ એટલે કર્તાનું કર્મમાં લય થઇ જવું" ત્યારે સ્વામીજી એકદમ બોલી ઉઠ્યા કે; કર્મનો કર્તામાં લય થઇ જવો અને નહિ કે કર્તાનો કર્મમાં લય થઇ

જવો!" "દૃશ્ય અને દર્શન રૂપી આ સમગ્ર જગત્ જે પોતાના અજ્ઞાન રૂપી વિકારને લીધે દૃષ્ટારૂપી જીવને પ્રતીત થઇ રહ્યું છે, તે એ અજ્ઞાન વિકારનો જ્ઞાનવડે નાશ થતાં દોરડીમાંનો મિથ્યા સર્પ નષ્ટ થાય તેમ નષ્ટ થઇ જાઇને, મિથ્યા તેમજ પરિચ્છિન્ન એવો દૃષ્ટાભાવ પણ પોતાના અધિષ્ઠાન ભાવમાં આવી જઇ શુદ્ધ સચ્ચિદાનંદ એવો પરબ્રહ્મ પરમાત્માજ રહે છે." તેમને પૂછવામાં આવ્યું કે "શું અદ્વૈતવાદ દ્વૈતવાદનો વિરોધી છે?" સ્વામીજીએ ઉત્તર આપ્યો હતો કે "ઉપનિષદો વ્યવસ્થિતપણે લખવામાં આવેલાં નથી, તેથી તત્ત્વજ્ઞાનીઓએ ગમે તે એક વાદ સ્થાપવાને માટે પોતાને અનુકુળ આવે તેવાં જ વચનો તેમાંથી લીધેલાં છે. જુદા જુદા વાદને માટે ટેકારૂપ સઘળાં જ કથનો ઉપનિષદોમાં મળી આવતાં હોવાથી ઉપનિષદોજ સર્વ વાદોનો આધાર થઇ રહેલાં છે. અદ્વૈતવાદ દ્વૈતવાદનો વિરોધી હોઇ શકેજ નહિ. દ્વૈતવાદ ત્રણ અવસ્થાઓમાંની એક અવસ્થા છે. દરેક ધર્મમાં એવી ત્રણ અવસ્થાઓ હોય છેજ. પહેલી અવસ્થા તે દ્વૈતવાદ છે. એ પછી મનુષ્ય જે ઉચ્ચતર અવસ્થાને પ્રાપ્ત કરે છે તેનું નામ વિશિષ્ટાદ્વૈત છે. આખરે મનુષ્યને જ્યારે એવું ભાન થાય છે કે તે અને જગત્ બન્ને એકજ છે ત્યારે તેનું નામ અદ્વૈત છે. આ પ્રમાણે ત્રણે અવસ્થાઓ એક બીજાની વિરોધી નથી, પણ એક બીજાની ઉપકારક છે."

ન્યુયોર્કમાં વેદાન્ત સોસાયટી સ્થાપવામાં આવી હતી અને તેના પ્રમુખ તરીકે એક ધનાઢ્ય અને પ્રતિષ્ઠિત ગૃહસ્થ મી૦ ફ્રાન્સીસ લેગેટ નીમાયા. આવી રીતે એ સોસાયટી સ્થાપવામાં સ્વામીજીનો હેતુ એવો હતો કે વેદાન્તના સિદ્ધાન્તોનો પ્રચાર થાય અને પૂર્વ તથા પશ્ચિમના લોકો વચ્ચે ભ્રાતૃભાવની લાગણી વધે અને તેઓ પોતાના વિચારો અને આદર્શોની આપ લે કરે. સ્વામીજીનો વિચાર

એવો હતો કે પૂર્વ અને પશ્ચિમમાં વેદાન્તનાં મથકો સ્થાપવાં અને તે મથકો એક બીજાની સાથે સહાયક અમલનો વ્યવહાર ચલાવ્યા કરે. પૂર્વ અને પશ્ચિમ બંને જાણે પોતાનાં નિવાસસ્થાનો હોય તેમ પૌર્વાત્યો અને પાશ્ચાત્યો બંનેમાં સ્વતંત્રપણે આવ જાવ કરે અને ભેદભાવને ભૂલી જાય. પોતાના કેટલાક ગુરૂભાઈઓને બોલાવીને અમેરિકામાં રાખવા અને તેઓ ત્યાં વેદાન્તનો અને ભારતવર્ષ વિષેના સઘળા ખરા વિચારોનો પ્રચાર કરે અને હિંદનું ગૌરવ વધારે; તેમજ કેટલાક અમેરિકન અને અંગ્રેજ શિષ્યો ભારતવર્ષમાં આવીને વિજ્ઞાનશાસ્ત્ર, ઉદ્યોગ, અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, વ્યવસ્થા અને સહકારીત્વ વિષેના અતિ અગત્યના સિદ્ધાંતો હિંદવાસીઓને સમજાવે; એવી સ્વામીજીની ધારણા હતી. આ રીતે પૂર્વ અને પશ્ચિમનું સંમેલન કેવી રીતે કરવું તે વિષે સ્વામીજી રાત દિવસ વિચાર કરી રહ્યા હતા; અને પૌર્વાત્યો તથા પાશ્ચાત્યો વચ્ચે વિચારો અને આદર્શોમાં રહેલો ભેદ નષ્ટ કરવાની ધારણાથીજ ન્યુયોર્કની વેદાન્ત સોસાયટી સ્થાપવામાં આવી હતી. સ્વામીજીના વિચારની તે હજી માત્ર શરૂઆતજ હતી.

હવે પાછા ઇંગ્લાંડથી સ્વામીજીના ઉપર અનેક કાગળો આવવા લાગ્યા. તેમના અંગ્રેજ મિત્રો તેમને પાછા ઇંગ્લાંડ આવવાનું લખતા હતા; કેમકે ઇંગ્લાંડમાં તેમણે જે કાર્ય શરૂ કર્યું હતું તેને વ્યવસ્થિતપણે ગોઠવવાની જરૂર હતી; જ્યારે ન્યુયોર્કમાં તેની વ્યવસ્થા ગોઠવાઇ ચૂકી હતી. તેમના શિષ્યો તેમનું કાર્ય ઉપાડી લેવાને લાયક થઇ રહ્યા હતા અને વળી સ્વામીજીએ કલકત્તેથી પોતાના ગુરૂભાઇ સ્વામી શારદાનંદને પણ ત્યાં તેડાવ્યા હતા. એથી હવે સ્વામીજી પાછા ઇંગ્લાંડ ગયા.

પ્રકરણ ૩૮ મું-ઇંગ્લાંડની બીજી મુલાકાત.

સ્વામી વિવેકાનંદ ઠેકાણે પહોંચ્યા તે વખતે સ્વામી શારદાનંદ પણ કલકત્તેથી ત્યાં આવી પહોંચ્યા હતા. બંને જણ લંડનમાં મી. સ્ટર્ડીના અતિથિઓ થઇને રહ્યા. ઘણા વર્ષોથી સ્વામીજી પોતાના કોઇ પણ ગુરૂભાઇને મળ્યા નહોતા તેથી મનની ખુશાલીનો પાર રહ્યો ન હતો. સ્વામી શારદાનંદે હિંદુસ્તાનની તેમજ આલમ બજારમાં આવેલ રામકૃષ્ણ મઠની સઘળી ખબર કહી. સ્વામીજી આ વખતે કેટલીક યોજનાઓ પોતાના મનમાં ઘડી રહ્યા હતા તે તેમણે શારદાનંદને સમજાવી.

સ્વામીજીએ હવે નિયમિત વર્ગો ચાલુ કરીને જ્ઞાનયોગ ઉપર ભાષણો આપવા માંડ્યા. વળી દર રવીવારે જાહેરમાં પણ ભાષણો આપવાના શરૂ કર્યા. ભાષણોના વિષયો ' ધર્મની આવશ્યકતા, " સર્વ ગ્રાહ્ય ધર્મ " વગેરે રહેતા. આ ભાષણોમાં સ્વામીજીને ઘણીજ ફતેહ મળી. પછીથી તેમણે " ભક્તિયોગ, " " વૈરાગ્ય " વગેરે વિષયો ઉપર વ્યાખ્યાનો આપ્યાં. " સત્ય અને પ્રાતિભાસિક પુરૂષ " એ વિષય ઉપર બોલતાં સ્વામીજીએ સમજાવ્યું કે "મનુષ્યો, પ્રાણીઓ અને દૃશ્યમાન થતા આ સમગ્ર જગતની વસ્તુઓના નામ રૂપના એકતા પણ હોઇ શકે નહિ અને તેઓ સત્ય પણ હોઇ શકે નહિ. સત્ય વસ્તુ તો જુદીજ છે. તે અવિભાજ્ય અને અવિકારી છે અને તેજ સર્વમાં સત્તા રૂપે રહેલી છે ' સ્વામીજીએ વળી દર્શાવ્યું કે "આપણી બુદ્ધિજ આપણને સમજાવે છે કે આ દૃશ્યમાન થતું જગત મિથ્યા છે, સર્વત્ર માત્ર એક સત્ય વસ્તુજ અસ્તિત્વ ધરાવે છે" ઉપરનાં ભાષણોની ઘણી ઉંડી અસર થઇ રહી અને લંડનના લોકો સ્વામીજીની પ્રશંસા કરવા લાગ્યા. તેમના વર્ગોમાં વિદ્યાર્થીઓની સંખ્યા

વધવા લાગી. બીજાં ભાષણોમાં સ્વામીજીએ આર્યપ્રજાનો ઇતિહાસ, તેનો વિકાસ, તેની ધાર્મિક પ્રગતિ વગેરે વિસ્તારથી કહી સમજાવ્યા. પછીથી તેમણે રાજયોગ ઉપર ભાષણો આપવા માંડયાં. આ વખતે મીસીસ બીકનેલને ત્યાં તેમને આમંત્રણ આપવામાં આવ્યું. સ્વામીજી ત્યાં ગયા અને "આત્મા વિષે હિંદુઓની કલ્પના" એ વિષય ઉપર ભાષણ આપ્યું. વ્યાખ્યાન ઘણુંજ મોહક હતું. સ્વામીજીએ આર્યતત્વજ્ઞાનના વિચારોને ઘણીજ સુંદર રીતે એ દ્વારા પ્રગટ કર્યા હતા. વ્યાખ્યાન વખતે ઘણા પ્રતિષ્ઠિત મનુષ્યો આવ્યા હતા. રાજકુટુંબમાંથી પણ કેટલાક મનુષ્યો તે શ્રવણ કરવાને આવ્યાં હતાં, પણ તેઓ ઘણી છૂપી રીતે બેઠા હતા. પછીથી સ્વામીજીએ નોટીંગ હીલ ગેટમાં મીસીસ હન્ટને ઘેર એક વ્યાખ્યાન આપ્યું અને વિમ્બલડનમાં એક મોટી સભાની સમક્ષ પણ પોતાના અનુપમ વક્તૃત્વ વડે સર્વોત્તમ વિચારો દર્શાવ્યા. સીસેમ કલબમાં સ્વામીજીએ "કેળવણી" ઉપર ભાષણ આપ્યું. તે કલબ સ્ત્રીઓએ સ્થાપેલી હતી અને તેનો ઉદ્દેશ સ્ત્રીકેળવણીનો પ્રચાર કરવાનો હતો. અહીંઆં સ્વામીજી હિંદની પ્રાચીન કેળવણી ઉપર ઘણા વખત સુધી બોલ્યા અને સ્પષ્ટ રીતે સૌના મનમાં ઠસાવ્યું કે હિંદની પ્રાચીન કેળવણીનો મુખ્ય ઉદ્દેશ મનુષ્યને મનુષ્યત્વ પ્રાપ્ત કરવાનો હતો, અને નહિ કે માત્ર ગોખણપટ્ટી કરાવવી! સ્વામીજીએ પ્રાચીન અને અર્વાચીન કેળવણીની તુલના કરી અને સર્વને સમજાવ્યું કે મનુષ્યના આત્મામાં ભૂત, વર્તમાન અને ભાવી જ્ઞાનનો જે અખૂટ ભંડાર સદાને માટે ભરેલો છે; વ્યક્ત અને અવ્યક્ત સઘળું જ્ઞાન જે તેમાં રહેલું છે; તે સઘળા જ્ઞાનને મનુષ્ય પોતાના આત્મામાંથી પોતાની મેળે ખેંચી કહાડીને કૃતકૃત્ય થાય તેમ કરવામાં તેને મદદ કરવી; એજ સઘળી કેળવણીનો ઉદ્દેશ હોવો જોઈએ.

ઈંગ્લાંડની આ મુલાકાત સમયે સ્વામીજીની કીર્તિ વિશેષ પ્રસરી રહી હતી. હિંદુઓના પ્રાચીન ધર્મના ઉપદેશક તરીકે તે આવેલા છે એમ સર્વને જાણ થઇ રહી. લંડનના જુદા જુદા ધર્મવાળા મનુષ્યો, પાદરીઓ, શ્રીમંતો, શિક્ષકો, વિદ્યાર્થીઓ વગેરે સ્વામીજીનો ... સમાગમને આવવા લાગ્યા. પછી સમજુ સ્ત્રીઓ પણ ... આવવા લાગી. ચિકાગોની સર્વધર્મપરિષદમાં સ્વામીજીએ જે અપૂર્વ ફતેહ મેળવી હતી તેની જાણ સર્વને થઇ રહી હતી. વર્તમાનપત્રોમાં સર્વેએ વાંચ્યું હતું કે સ્વામી વિવેકાનંદ એક તત્વજ્ઞાની છે, ધર્મને માટે તેમણે સંસારનો ત્યાગ કરેલો છે, ગૃહસ્થાશ્રમી તરીકે તે ઘણું માન અને દ્રવ્ય પ્રાપ્ત કરી શક્યા હોત, પણ માત્ર વેદાન્તનો અભ્યાસ કરવાને અને વેદાન્તમય જીવન ગાળવાને માટેજ તેમણે સંસારસુખને ત્યજી દીધેલું છે. સ્વામીજીનું વેદાન્તિક જ્ઞાન, વક્તૃત્વશક્તિ, પ્રમાણિકતા અને પવિત્રતા જોઇને રેવરંડ હોવીસ જેવા પાદરીઓ પણ તેમનો અલૌકિક બોધ સાંભળવાને આવવા લાગ્યા અને પ્રેમ, સહિષ્ણુતા તથા સહાનુભૂતિ વિષેના તેમના મુખથી નીકળતા અમૂલ્ય વિચારો હૃદયમાં ઠસાવવા લાગ્યા. સ્વામીજીના બોધની રેવરંડ હોવીસના મન ઉપર એવી તો અસર થઇ હતી કે તેમણે ત્યાર બાદ એક વખત સેંટ જેમ્સીઝ ચેપલમાં "...સ્વાર્પણ" એ વિષય ઉપર બે ભાષણો આપ્યાં અને તે ઉપરથી ... લંડનના વિદ્વાનશાસ્ત્રીઓને ... મુશ્કેલ હતો છતાં પણ ગમે તેમ કરીને તેઓ ... જ્ઞાનની ... બહાર આવતા, સ્વામીજીનાં ભાષણો સાંભળવાને ઉભા રહેતા અને પછીથી સ્વામીજીની પાસે જઇને કહી આવતા કે વેદાન્તનાં સત્યો અને સિદ્ધાંતો કેવી અલૌકિક યુક્તિ અને બુદ્ધિથી તેમણે શોધી કહાડેલાં છે।

થોડા વખત પછી સ્વામીજીને મેક્સ મુલર જોડે ઓળખાણ થયું. મેક્સમુલર વેદ, ઉપનિષદો વગેરેના મોટા અભ્યાસી હતા. તેમણે પોતાનું જીવન વેદ અને વેદાન્તના અભ્યાસમાંજ ગાળ્યું હતું. ભારતવર્ષનું તત્ત્વજ્ઞાન તેમને અત્યંત પ્રિય હતું. સંસ્કૃતમાં લખાયલાં ઘણાં પુસ્તકોનું તે અંગ્રેજીમાં ભાષાંતર કરતા હતા અને પાશ્ચાત્ય પ્રજાના હૃદયમાં હિંદુ તત્ત્વજ્ઞાન, ધર્મ અને નીતિનું ગૌરવ ઠસાવતા હતા. લગભગ ચાળીસ વર્ષ સુધી તેમણે વેદોનો અભ્યાસ કર્યો હતો અને ઘણા ભારે ખર્ચથી ઋગ્વેદસંહિતાનો પુનરોદ્ધાર કર્યો હતો. તેમનું જીવન પ્રાચીન ઋષિ જેવું હતું. એક સ્વચ્છ ઝુંપડામાં તે પોતાનો વાસ કરીને રહ્યા હતા. તેમનાં પત્ની સિવાય તેમની પાસે બીજું કોઈજ હતું નહિ. વેદાન્તના પુસ્તકો તેમની આસપાસ પડેલાં દેખાતાં હતાં અને મેક્સમુલર તેમનું મનન કરતા જણાતા હતા. ઓળખાણ થયા પછી તેમણે વિવેકાનંદને પોતાને ઘેર આવવાનું આમંત્રણ મોકલ્યું અને સ્વામીજી તેને આભારસહિત સ્વીકારીને ઘણી ખુશીથી મેક્સમુલરને મળવા ગયા.

બંને વેદાન્તી હતા. બંને સંસ્કૃત વિદ્યામાં પારંગત હતા. બંનેનો ભારતવર્ષ પ્રતિ પૂજ્યભાવ હતો. બંને તત્ત્વજ્ઞાની હતા અને બંને હિંદના પ્રાચીન ગૌરવનો મહિમા ગાઈ રહ્યા હતા. એવા બે મહાપુરૂષો વચ્ચે થયેલી મુલાકાત બોધપ્રદજ હોય ! તે મુલાકાતનું વર્ણન સ્વામીજીએ પોતેજ આપેલું છે. સ્વામીજી લખે છે કે,

"પ્રોફેસર મેક્સ મુલર કેવા અસાધારણ મનુષ્ય છે ! થોડા દિવસ ઉપર હું તેમની મુલાકાત લેવાને ગયો હતો. મારે કહેવું જોઇએ કે હું તેમના પ્રતિ મારો પૂજ્યભાવ દર્શાવવાને માટે ગયો હતો; કારણકે જે મનુષ્ય શ્રીરામકૃષ્ણને ચાહે છે તેની મુલાકાત મારે મન તીર્થયાત્રાજ છે. પછી તેનો પંથ, વેષ, ધર્મ કે જાત ગમે તે હોય.

કેશવચંદ્ર સેનના જીવનમાં આકસ્મીક નવી એકાએક અને અગત્યનો ફેરફાર કયા વ્યક્તિના પ્રભાવથી થયો હતો તે જાણવાની પ્રોફેસરને પ્રથમ ઇચ્છા થઇ. એ જાણ્યા પછી તે શ્રીરામકૃષ્ણનું જીવન અને બોધવચનોના એક ચુસ્ત વાચક અને અભ્યાસી બની રહ્યા હતા."

'મેં કહ્યું ' હાલમાં સહસ્ત્ર હજારો મનુષ્યો આજે શ્રીરામકૃષ્ણને ભજી રહેલા છે.' તેમને જવાબ આપ્યો કે " એમની પૂજા નહિ થાય તો પછી બીજા કોની થશે ?' ' પ્રોફેસર સ્નેહની મૂર્તિ હતા. મને અને મી સ્ટર્ડિને જમવાનું આમંત્રણ તેમણે દીધું ઓક્સફર્ડની કેટલીક કોલેજો અને બોડ્લીઅન લાઇબ્રેરી તેમણે મને બતાવી. સ્ટેશન સુધી તે અમને વળાવવાને આવ્યા અને એટલું બધું એમણે કર્યું તેનું કારણ એજ હતું કે તે કહેતા - ' શ્રીરામકૃષ્ણદેવના શિષ્યને મળવાનો પ્રસંગ કંઇ હરરોજ પ્રાપ્ત થતો નથી. " તેમની મુલાકાતથી ખરેખર મને નવુંજ જ્ઞાન પ્રાપ્ત થયેલું છે. પ્રોફેસરનું નાનું સુંદરઘર, તેના આગળનો રમણીય બગીચો અને તેની અંદર નિવાસ કરતો શાન્ત, ગંભીર અને પ્રસન્ન મુખમુદ્રાવાળો વયોવૃદ્ધ મહર્ષિ મેક્સમુલર ! તેમની ઉમ્મર સિત્તેર વર્ષની હતી, છતાં પણ તેમનું મુખ સપાટ એક બાળકના જેવું સ્વચ્છ હતું. તેના ઉપર એક પણ કરચલી દેખાતી નહોતી તેના ઉપર જણાતી એકે એક રેખા તેમના આત્માના ઊંડાણમાં રહેલા આધ્યાત્મિક ખજાનાની સાક્ષી પુરી રહી હતી તેમની સાથે માત્ર તેમનાં પત્નીજ હતાં અને તે પણ ઘણાં ઉમદા સ્વભાવનાં છે. હિંદના પ્રાચીન ઋષિઓના સિદ્ધાંતો તરફ પાશ્ચાત્યોનું મન દોરવાને ઘણા લાંબા વખતથી મેક્સમુલર પ્રયાસ કરી રહેલા છે. તે કાર્યમાં તેમને ઘણીએ મુશ્કેલીઓ અને તિરસ્કારની સામે થવું પડ્યું હતું. છતાં આખરે તે ભારતવર્ષના તત્ત્વજ્ઞાન માટે પાશ્ચાત્ય પ્રજાઓમાં માનની લાગણી ઉત્પન્ન કરી શક્યા છે. તે મહત્

કે જેમાં તેની બુદ્ધિશાળી પત્ની પણ તેમને જીવનભર મદદ આપી રહેલાં છે. પ્રો. મેક્સમુલરનાં પત્ની, તેમના નિવાસસ્થાનની આજુબાજુ આવેલાં વૃક્ષો, બગીચાનાં પુષ્પો, ને સ્વચ્છ આપી રહેલી શાંતિ અને આકાશની સ્વચ્છતા—એ સર્વ જોઈને ભારતવર્ષનો વખતી પ્રાચીન સમય અને વાટ આનંદ. રાજર્ષિઓ અને બ્રહ્મર્ષિઓના દિવસો મારા સ્મૃતિપટ ઉપર તરી આવ્યા. પ્રાચીન વાનપ્રસ્થાશ્રમીઓ, આશ્રમી અને વિશેષ કરી ઋષિપત્નીઓ અને વાનપ્રસ્થ તથા વસિષ્ઠ જેવા ઋષિઓના સમયનું મને સ્મરણ થઈ આવ્યું."

"મેક્સમુલરમાં મેં શું જોયું ? મેં તેમને એક પંડિત કે ભાષાતત્ત્વવિદ્ તરીકે નિહાળ્યા નહોતા. વસ્તુતઃ તો દરેક અનુભવના આત્માને મે તેમનામાં જોયો. વિષયમાંથી તરત શાંતિ તલ્લીન થઈ જવા વાસ્તવે મેં તેમનામાં નિહાળ્યું. બીજા મનુષ્યો ઘણીવાર કે મિથ્યા કટાક્ષમાંજ પોતાનું જીવન વ્યતીત કરે છે, પણ મેક્સમુલરે આ જીવનતત્ત્વનો રસપૂર્ણ ઘૂંટડો ચાખ્યો છે ! ખરેખર, તેમનું હૃદય ઉપનિષદોનું રહસ્ય ગ્રહણ કરી રહેલું છે.

"समेधितं ज्ञानम आत्मज्ञानम् अपरा वाचो विमुञ्चथ"

એક માત્ર તમારા આત્માનેજ ઓળખો, બીજી બધી વાતો જવા દ્યો. મેક્સમુલર ધારે તો અખિલ વિશ્વને આશ્ચર્ય પોતાના ચરણે નમાવે એવા તત્ત્વજ્ઞાની પંડિત હોવા છતાં પોતાની વિદ્યા અને જ્ઞાનનો ઉપયોગ તેમણે પરમાત્માને પ્રાપ્ત કરવામાંજ કરેલો છે; તે ઐહિક જ્ઞાનલાભ તેઓ પારમાર્થિક જ્ઞાનને પ્રાપ્ત કરી ચૂક્યા છે. ખરી વિદ્યા તો આનું જ નામ ! જે વિદ્યા આત્મદર્શનનો માર્ગ સુઝાડે નહિ એવી વિદ્યાજ શા કામની ? '

"ભારતવર્ષ પ્રતિ તેમનો કેવો અગાધ પ્રેમ છે ? તેનો સોમો ભાગ પણ મારામાં આવે એમ હું ઇચ્છું છું. મેક્સમુલર એક

રહો. તે હમણાંજ ભાગે કે રૌઇ પડશે એવો તેમનો ચ્હેરો થઇ રહો ! ધીમે ધીમે તે પોતાનું ડાકું હલાવીને ના કહેવા લાગ્યા અને મૃદુ સ્વરે તે બોલ્યાઃ " જો હિંદમાં આવીશ તો પછી અહીંઆં પાછો નહિ આવું ! તમારે મારા શરીરને ત્યાંજ અગ્નિદાહ કરવો પડશે ! " તેમને હવે એ વિષે વધારે સવાલો પૂછવા એ તેમના હૃદયમાં શુભ વાસ કરી રહેલી પવિત્ર લાગણીઓને છેડવા બરાબર મને લાગ્યું. "

સ્વામીજીએ પોતાના મોહક વ્યક્તિત્વથી ભગવાન શ્રીરામકૃષ્ણ પરમહંસનું જીવન અને બોધ વચનો અંગ્રેજીમાં લખવાની મેક્સ-મુલરને પ્રેરણા કરી અને ત્યાંથી વિદાય લીધી. પછી હમેશના કાર્યક્રમ પ્રમાણે તેઓ વેદાન્તનાં ઉંડાં તત્વો ઉપર ભાષણો આપવા લાગ્યા. તેમનાં ભાષણોના વિષયો " માયા " " માયા અને મુક્તિ. " " બ્રહ્મ અને તેનો આવિર્ભાવ " વગેરે હતા. અદ્વૈતવાદમાં આ વિષયો ઘણા કઠિન ગણાય છે, પણ પોતાની અલૌકિક શક્તિવડે સ્વામીજીએ તેમનું એવી સરળ રીતે પ્રતિપાદન કર્યું કે ઇંગ્લાંડનાં સઘળાં સુશિ-ક્ષિત સ્ત્રીપુરૂષો અને મોટા વિચારકો તેમાં ઘણોજ રસ લેવા લાગ્યા. અદ્વૈતવાદની મહત્તા આ પહેલીવારજ તેમના સમજવામાં આવી. વેદાન્તની સર્વ મંગલતા તેમણે તે સમયેજ નિહાળી. સ્વામીજીએ સરળ ભાષામાં ઘણી સ્પષ્ટ રીતે અદ્વૈતવાદના સિદ્ધાંતો રજુ કર્યા અને સઘળા શ્રોતાઓના હૃદયમાં વેદાન્તનાં ઉચ્ચ, અગાધ અને પ્રેરણાત્મક તત્વોનો સંપૂર્ણ જુસ્સો રેડાઇ રહો. તેઓ સર્વે અદ્વૈત-વાદની પ્રશંસા કરવા લાગ્યા. ઇંગ્લાંડમાં ઘણા બુદ્ધિશાળી પુરૂષો એવા હતા કે જે ખ્રિસ્તી ધર્મના સિદ્ધાંતોને બીલકુલ માનતાજ નહિ. તેમને મન વેદાન્તનાં સર્વ સંગ્રાહી તત્વો મોહક અને દુર્લભ થઇ રહ્યાં. કેટલાક ઉદાર મનના પાદરીઓ સ્વામીજીને મળવાને આવ્ય-

ફંફોળ્યાં કીધાં અને તેમાં અમને શાંતિ પ્રાપ્ત થઈ નથી. અમારા આત્માને તેથી સંતોષ વળ્યો નથી.” આવાં સ્ત્રી પુરુષોને ન તો પાશ્ચાત્ય પ્રદેશોમાં ફેલાયલો જડવાદ સંતોષ આપી શકતો કે ન તો ત્યાંનો ખ્રિસ્તીધર્મ વિજ્ઞાનશાસ્ત્રના સિદ્ધાંતો અને તર્કવાદ આગળ ટકી શકતો. વિજ્ઞાનશાસ્ત્રના અને તર્કવાદથી પણ ન ઉડાવ એવા આધ્યાત્મિક સિદ્ધાંતોનીજ હવે તેમને માટે જરૂર હતી અને તેનેજ તેઓ ખોળી રહ્યાં હતા. આમ હોવાથી ભુખ્યાને જેમ અન્ન મળે અને તરસ્યાને જેમ પાણી મળે તેમ સ્વામી વિવેકાનંદનો બોધ તેમના આત્માની ક્ષુધા તૃષાને મટાડી રહ્યો હતો. ઇંગ્લાંડના ઉચ્ચ વર્ગોમાંથી પણ જે પુષ્કળ મનુષ્યો સ્વામીજીનો બોધ સાંભળવાને આવતાં હતાં તે સર્વના મનમાં ખાત્રી થતી હતી કે તેઓ જે જીવન ગાળી રહેલા છે તે અંતે દુઃખદજ છે; અને ખરું જીવન તો પરમાત્મા સાથે એકતા પ્રાપ્ત કરી રહેવામાંજ સમાયલું છે. સ્વામીજીના વર્ગોમાં જે વિદ્યાર્થીઓ આવતા તે સર્વે તેમના જ્ઞાન, પવિત્રતા, સ્વાર્થત્યાગ અને વૈરાગ્યથી અત્યંત મોહ પામતા. પરિણામ એ આવ્યું કે તેમાંના કેટલાક ચુસ્ત શિષ્યો બની ગયા અને તેમની સાથે હિંદુસ્તાનમાં આવીને જન્મ પર્યંત રહેવાને તૈયાર થઇ ગયા. જે ઋષિઓએ જગતને હેરત પમાડે એવા સત્યો શોધી કહાડેલાં છે; વેદ અને ઉપનિષદાદિ અમૂલ્ય ગ્રંથો રચીને વિશ્વના નિયમનાર્થે જેઓ બક્ષીસ આપી ગયા છે; જેમણે માનવજાતિના કલ્યાણના માર્ગો યોજ્યા છે; ધર્મ, નીતિ ગાનાદિના અનુપમ ભંડારો જેમણે માનવજાતિને વારસામાં આપેલા છે; રામાયણ, મહાભારત જેવા અનુપમ કાવ્યો જેમણે અસ્તિત્વમાં આણ્યાં છે; જેમની વિદ્વતા અને બ્રહ્મજ્ઞાન આજે મેક્સમુલર, ડયુસન, ગોપનહાર, વગેરે પાશ્ચાત્ય પંડિતો પણ મુક્ત કંઠે ગાઇ રહેલા છે; તે ઋષિઓ-મુનિઓ-યોગીઓની જન્મભૂમિ, સર્વે ધર્મની

દાક્તર પ્રોફેસર, જ્યારે વિદ્યાર્થિ હતો કવિ અને મૂર્તિકાર હતો ત્યારે ગણતા અને "એથીક્સ" જેવો કઠિન વિષય સમજવાનું કાર્ય ગેટે કેમ્બ્રિજ, "એથિક્સ" જેવો વિષય સમજવાને માટે પ્રથમ ગણિત શાસ્ત્ર અને સામાન્ય તત્ત્વજ્ઞાનના અભ્યાસની જરૂર ન હતી હોય છે. તે વિષયમાં, વિદ્યાર્થિઓના અભિપ્રાયની પરીક્ષા પ્રથમ કરી જોઈ છે; પણ તે મુશ્કેલીથી જુદા અર્થ થાય હશે ના કહેવા જતાં તે ધાર્મિકના વ્યવહારની વિભાગોમાં રમતાં હતા પણ આવા વખતમાં તે તેને અભ્યાસથી નહીં પોતાનું ધ્યાન આપી શક્યો હતો સ્પીનોઝા તરફ તે ગુરુસમ જેવા હતું પણ સ્પીનોઝાને તે પોતાના ગુરુ નહીં માનતો. પોતાનો મધ્યમ સમય તે પુસ્તકોમાં પણ વિચારમાં ગાળ, સ્પીનોઝાનો અભ્યાસ કરવા માંડી તેમના સર્વ માનતો અને નહીં અભ્યાસને તે મદુર્ગમ મેળવવાથી ઉત્તમ હોય અને તેમને અપનાવ, કાર્લાઇલ આપેલાં આમાં પણ તે સ્પીનોઝાની મોટેમ હતાં અને તેમણે પ્રયાણથી "પ્રાર્થના રિતક" (પ્રિન્સીપલ વોલ.૫) નામનું પુસ્તક અહિતનમાં આવ્યું છે. તે પુસ્તકમાં સ્પીનોઝાના ઘણા ઊંચા ધાર્મિક અને આધ્યાત્મિક વિચારો આપણને જાણ આવે છે. સ્પીનોઝા પોતાના જીવનના ઉંડાણમાંથી તે દરમ્યાન કહી શક્યા હતા એમ તે વાંચવાથી આપણને માન થાય છે અને જાણે કે કોઈ મંત્ર દ્રષ્ટા પ્રાચીન ઋષિ સમાધિમાંથી ઉત્થાન પામીને જગતને અમૂલ્ય શબ્દો કહેતો હોય એવો ભાસ થયાને આવે છે. તેમના કાર્યથી એકેડ પામીને સ્પીનોઝા આશ્ચર્ય સાથે કહેતા કે, "મારા શબ્દો અને વિચારોને સંપૂર્ણ રીતે તમે શા રીતે સમજ્યું કરી શક્યા? મારા મોહેલા કન્ટેન્ટ જાણે કે હું પોતેજ ભણેલો હોઉં એવો ભાસ એ પુસ્તકમાં થાય છે."

આવી અનુમોદિત માન મને રાખીને સ્પીનોઝા સ્વા તારે

મિસ વૉલ્ડોએ તેમને ઘણી સગવડો કરી આપી હતી. સ્વામીજી હિંદુ હોવાથી ખાવા પીવામાં કેટલીક છોછ રાખતા. તે બાબતમાં મિસ વૉલ્ડો તેમની ઘણી સંભાળ લેતા. કેટલીકવાર સ્વામીજીનાં વાસણો તે પોતાને હાથે માંજી નાખતા. હમેશાં તે પોતાને ઘેરથી સ્વામીજી પાસે આવતાં અને તેમના ઘરકામમાં અનેક રીતે મદદ કરતા. માંદગીમાં પણ તે જાતેજ તેમની સારવાર કરતા. તે બાઈ ઘણા ઉચ્ચ ગુણો ધરાવતા હતા અને સ્વામીજી તરફ અત્યંત ભક્તિભાવથી જોતાં. સ્વામીજીએ તેમને દિક્ષા આપ્યા પછી તે સ્વામીજીના આધ્યાત્મિક અનુભવો સમજવાને, શ્રીરામકૃષ્ણનું જીવન જાણવાને અને વેદાન્ત ઉપર વાદવિવાદ કરવાને તેમની પાસે કલાકના કલાક ગાળતા સ્વામીજીના "રાજયોગ" ઉપરના સઘળા કથનો તેમણેજ ઉતારી લીધાં હતા. સ્વામીજીએ અમેરિકા છોડ્યું ત્યાર પછી તે ત્યાં વેદાન્ત ઉપર અનેક ભાષણો આપી રહેલા છે. રામકૃષ્ણ તે મિશનનાં અનેક કાર્યોમાં સહાય અર્પી રહેલા છે. તે પોતાનું જીવન એકાન્તવાસમાં ધ્યાન અને ભક્તિમાં ગાળી રહેલા છે.

સ્વામીજીના સઘળા શિષ્યોમાં શ્રેષ્ઠ અધિકારવાળી શિષ્યા તો મિસ મારગરેટ નોબલ હતી. મિસ મારગરેટનું કંઇક વૃત્તાંત આગળ આપેલું છેજ. સઘળા શિષ્યોમાં એ બાઇ વધારે હિંદુ આચાર વિચારવાળી બની રહી હતી. તેણે "નિવેદિતા" નામ ધારણ કર્યું હતું. "નિવેદિતા" એ શબ્દનો અર્થ "પ્રભુને અર્પણ થઇ ચૂકેલી" એવો થાય છે અને ખરેખર, નિવેદિતાએ પોતાના તન, મન અને ધન સ્વામી વિવેકાનંદના કાર્યને અર્પણ કરી દીધા હતાં.

ભારતવર્ષને તેણે પોતાની માતૃભૂમિ માની લીધી હતી અને હિંદીઓને તે પોતાના સ્વદેશબંધુઓ ગણતી હતી. વેદાન્તનું રહસ્ય તેણે પોતાની રગે રગમાં ઉતાર્યું હતું અને તે રહસ્યનો સ્વાદ ઘણી ભાવપૂર્વક ભરેલી

ભાવ અને ખતની નાશ ... અને ... કલ્યાણને માટે
પ્રયોજ શ્રમ ... કે ... તેમણે ...
... અનેક ... તે પ્રભુ
તેમના ...

પ્રથમ મુલાકાત વખતે સ્વામીજી તેમને "માતાજી" કહીને બોલાવતા થયા હતા. મી. લેગેટની માફક જ તે પ્રથમ દર્શનેજ ખરું મહાત્મ્ય કળી ગયાં હતાં.

આ દંપતીની મીજબાનીમાં સ્વામીજીએ પોતાના ઘર જેવું માન્યું. સ્વામીજી તેમના આગળ બાળકની માફક મનની બધી ગુપ્ત વાતો પ્રદર્શિત કરતા. તે બંનેનો પણ સ્વામીજી પ્રત્યે પ્રેમ અવર્ણ્ય હતો. પોતે ઉમરે મોટાં હતાં; છતાં પણ સ્વામીજીને તેઓ ગુરુ તરીકે માનતાં અને તેમની આજ્ઞાને તરતજ માથે ચઢાવતાં. તેઓ બંને સ્વામીજીનાં ખુશ શિષ્યો બની રહ્યાં હતાં. હિમાલયમાં એક આશ્રમ સ્થાપવાની સ્વામીજીની ઇચ્છા છે એમ જ્યારે તેમણે જાણ્યું ત્યારે તે બંનેએ તે કાર્યને પોતાને માથે ઉપાડી લીધું; અને તેને સિદ્ધ કરવાને પોતાના પૈસાનો ત્યાગ કરીને તે કિંમત આપીને રાખ્યું. સ્વામીજીનો અદ્વૈત આશ્રમ તેમને લીધેજ અસ્તિત્વમાં આવ્યો છે. તેમણે સ્વામીજીને કામની ઘણી મોટી મદદ આપેલી છે; એટલુંજ નહિ પણ સંન્યાસ ગ્રહીને તે દંપતી અદ્વૈત આશ્રમમાં રહીને તેની આબાદીને માટે દરેક પ્રયાસ કરી રહેલાં છે. પ્રબુદ્ધ ભારત નામનું માસિક પ્રસિદ્ધ કરવાનો સઘળો ભાર તેમણેજ પોતાને માથે ઉપાડી લીધેલો છે. આ લખતી વખતે મી. સેવીઅર વિદેહ થયા છે; પરંતુ આશ્રમનું સઘળું કાર્ય સમાપ્ત કરીને સંતોષ અને શાંતિથી તે પ્રભુને વશ થયા છે. આશ્રમમાં સઘળા તેમને "પિતાજી" કહીને બોલાવતા. અદ્વૈતવાદના સિદ્ધાંત ઉપર આશ્રમનું સઘળું કાર્ય તે ચલાવી રહ્યા હતા.

તેમનાં પત્ની મીસીસ સેવીઅરને આશ્રમમાં સઘળા "માતાજી" કહીને બોલાવે છે. આશ્રમનું સઘળું કાર્ય હવે તેમણેજ ઉપાડી લીધેલું છે. અહીંનાં ઘણા પૌર્વાત્ય અને પાશ્ચાત્ય બ્રહ્મચારીઓને કેળવવામાં

આવે છે. અહીંઆથીજ કેળવાઇને રામકૃષ્ણ મિશનના સંન્યાસીઓ ઉપદેશકો તરીકે બહાર આવે છે. પૌર્વાત્ય અને પાશ્ચાત્ય તત્ત્વજ્ઞાનમાં તેમજ સાહિત્ય અને વિજ્ઞાનશાસ્ત્ર વગેરે વિષયોમાં અહીંજ તેમને પ્રવીણ કરવામાં આવે છે. વૈરાગ્યની મહત્તા અને તેનો ખરો જુસ્સો તેમને અહીંઆં સમજાવવામાં આવે છે. પશ્ચિમમાંથી સ્વામીજીના શિષ્યો તરીકે હિંદમાં આવી વસેલાં સ્ત્રી પુરૂષોનો વૈરાગ્ય જોઇને ઘણા મનુષ્યો આશ્ચર્ય પામે છે. ભોગવિલાસની અને જડવાદની ભૂમિમાં જન્મેલાં અને ત્યાંજ ઉછરેલાં પાશ્ચાત્ય મનુષ્યોને સંન્યાસી તરીકે હિંદમાં જીવન ગાળી રહેલાં જોઇને ઘણાને આશ્ચર્ય થાય તેવું છે. તેઓ હિંદુઓ પ્રમાણેજ રહેવા લાગ્યા છે.

તેમનું ખાવું, પીવું, પહેરવું, ઓઢવું, સર્વ હિંદુઓની માફકજ થઇ રહેલું છે. હિંદુ ધર્મના સિદ્ધાંતોનું ઉંડું રહસ્ય સમજી તે પ્રમાણેજ તેઓ પોતાનું જીવન ગાળી રહેલા છે. મીસીસ સેવીઅર તેમાં ઉત્તમપદે વિરાજે છે. તેમનું જીવન તેમના ગુરૂ વિવેકાનંદની વિદ્યા અને વૈરાગ્યનો પ્રૌઢ પ્રતાપ દર્શાવી રહ્યું છે. સ્વામીજીના બોધથી પાશ્ચાત્યો ભિન્નભાવને ભૂલી ભારતવર્ષના કલ્યાણને માટે સ્વામીજીના પૌર્વાત્ય શિષ્યો સાથે અનેક કાર્યો કરી રહ્યા છે. પાશ્ચાત્ય અને પૌર્વાત્ય શિષ્યોને એ સ્થળે એકઠા રહેતા, એક બીજાની સાથે હસતા, બોલતા, બેસતા, ઉઠતા અને વિચારોની આપ લે કરતા જોઇને બહુજ આનંદ થાય તેમ છે

સ્વામીજીના બોધથી આકર્ષાઇને ઘણા સદ્‌ગૃહસ્થો અમેરિકાથી એ સ્થળે આવીને રહેલા છે અને હજી પણ આવીને બ્રહ્મચારી તરીકે જીવન ગાળે છે. હિંદના પણ ઘણા પ્રતિષ્ઠિત પુરૂષો જેવા કે આનંદમોહન બોઝ, વિજ્ઞાનશાસ્ત્રી જગદીશચંદ્ર બોઝ વગેરે પણ અહીંઆં વખતો વખત આવીને સંન્યાસીઓ સાથે પરમ શાન્તિમાં

થોડો ઘણો સમય ગાળી જાય છે. સર્વની સુશ્રુષા મીસીસ સેવી-અર-માતાજી મધુર ભાવથી કરે છે.

વળી એક પ્રખ્યાત અમેરિકન સ્ત્રી જેનું નામ મિસીસ ઓલ-બુલ હતું તે પણ સ્વામીજીનાં શિષ્યા તરીકે હિંદુસ્તાનમાં આવ્યાં હતાં. અમેરિકામાં તેમનું નામ વિદ્યા અને પરોપકારને માટે ઘણુંજ પ્રસિદ્ધ હતું. અમેરિકન સમાજમાં તેમનું સ્થાન બહુજ ઉંચું હતું. પોતાને ઘેર તેઓ વખતોવખત દેશવિદેશના પંડિતોને એકઠા કરતાં. પ્રથમથીજ તેમણે સ્વામીજીને ઘણી સહાય આપી હતી. કલકત્તામાં બેલુર મઠ બાંધવામાં કબ્યની મુખ્ય મદદ તેમણેજ કરી હતી. વળી ભારતવર્ષનાં બીજાં અનેક કામોમાં પણ તે મદદ આપી રહ્યાં હતાં. ભગીની નિવેદિતાની શાળાને ઘણે ભાગે તેમણેજ નિભાવી હતી.

બેલુરમઠની સઘળી જમીન ખરીદવાને જોઇતા પૈસા મિસ હેનરીએટા મુલરે આપ્યા હતા. તે શિષ્યાએ ઇંગ્લાંડમાં પણ સ્વામી-જીને ઘણી મદદ કરી હતી. મિસ મુલર એક ધનાઢ્ય સદ્‌ગૃહસ્થની પુત્રી હોઇને તેમની પોતાની પાસે પુષ્કળ દ્રવ્ય હતું; છતાં પણ તેમની વૃત્તિ સાધુ જેવી હતી અને તેમનું હૃદય પરોપકારશીલ અને ધાર્મિક હતું. ધર્મના વિશાળ સિદ્ધાંતોને તે શોધી રહેલાં હતાં. તેમના જેવા હૃદયને સ્વામીજીનો ઉદાત્ત તત્ત્વોથી ભરેલો બોધ પ્રિય થઇ પડે તેમાં નવાઇ શી? સ્વામીજીનું ચારિત્ર્ય તેમની ધાર્મિક વૃત્તિઓને અનુકુળ લાગ્યું. વેદાન્તનો બોધ ગ્રહણ કર્યા પછી સંન્યાસ લેવાને તે તૈયાર થઇ ગયાં હતાં, પણ સ્વામીજીએ તેમને સંસારમાં રહીનેજ જગ-તની સેવા કરવાની સલાહ આપવાથી તે પ્રકારે રહીને સ્વામીજીના કાર્યમાં અનેક પ્રકારે મદદ કરી રહ્યાં હતાં. હિંદમાં પણ તે આવ્યાં હતાં. તે હમેશાં કહેતાં કે સ્વામીજીના કાર્યને મજબુત પાયા ઉપર મુકવાને માટેજ મારો જન્મ છે.

મી સ્ટર્ડી નામના અંગ્રેજ ગૃહસ્થ સ્વામીજીના અનુયાયી છે ઇંગ્લાંડમાં વેદાન્તનો પ્રચાર કરવામાં તે ઘણી મદદ કરી રહેલા છે તેમનાજ આમંત્રણથી સ્વામીજી ઇંગ્લાંડ ગયા હતા અને તેમને ત્યાંજ પ્રથમ અતિથિ તરીકે રહ્યા હતા. સ્વામીજીના ભાષણોની ગોઠવણ પણ તેમણેજ કરી હતી હિંદમાં આવીને એક સાધુ તરીકે તે હિમાલયમાં રહ્યા હતા અને પૂર્વની વિદ્યાના પ્રચારમાં ઘણો રસમય ભાગ લઇ રહ્યા હતા પ્રથમ તે થીઓસોફીકલ સોસાયટીના સભાસદ હતા પણ સ્વામીજીને મળ્યા પછી તે તેમના અનુયાયી બન્યા હતા. લંડનમાં સ્વામીજીએ જે ભાષણો આપ્યા હતા તે સઘળાં મી સ્ટર્ડીના પ્રયાસથીજ નસિદ્ધિમાં આવેલા છે દ્રવ્યની સહાય પણ તેમણે ઘણી કરી હતી અત્યારે પણ મી સ્ટર્ડી વેદાન્તનો પ્રચાર કરવામાં ઘણી મદદ કરી રહેલા છે

સ્વામીજીના સઘળા શિષ્યો અને મિત્રોનું વર્ણન આપવું અશક્ય છે ઘણા અંગ્રેજો અને અમેરિકનો તેમના શિષ્યો થઇ રહ્યા હતા અને બીજા ઘણા તેમની સાથે મિત્રાચારીનો ગાઢ સંબંધ બાંધી રહ્યા હતા સ્વામીજીના શિષ્યો અને મિત્રો વચ્ચે એક પ્રકારનો ગાઢ સંબંધ બંધાઇ રહ્યા હતો. તેઓ જાણે કે એકજ કુટુંબના માણસો હોય તેમ એક બીજાની સાથે વર્તી રહ્યા હતા ન્યુયાર્ક કેલીફોર્નીઆ લંડન અને પેરીસમાં અસંખ્ય મનુષ્યો સ્વામીજીનો બોધ ગ્રહીને તેમના તરફ પૂજ્યભાવ રાખી રહ્યા હતા અત્યારે પણ તેમના મકાનોમાં સ્વામીજીની છબી પૂજાય છે અને તેમના પુસ્તકોનું અત્યંત ભાવથી અધ્યયન થાય છે

પ્રકરણ ૪૦ મું–પોલ ડયુસનની મુલાકાત.

સ્વામીજી હમેશની માફક લંડનમાં પોતાનું કાર્ય કરી રહ્યા હતા. તેમનાં ભાષણો સાંભળીને કેનન વીલ્બરફોર્સ જેવા ખ્રિસ્તી ઉપદેશકો પણ તેમને પોતાને ઘેર બોલાવીને ઘણું માન આપવા લાગ્યા. કલબો, સભાઓ અને ખાનગી રીતે એકઠા થવાની જગ્યાઓમાંથી તેમને આમંત્રણો આવવા લાગ્યાં. કેટલાક અહીં અને કેટલાક અન્ય સ્થળે, એમ વિદ્યાર્થીઓનાં ટોળે ટોળાં એકઠાં થવા લાગ્યાં અને સ્વામીજીને બોલાવીને તેમના વક્તૃત્વનો લાભ લેવા લાગ્યા. સ્વામીજીનું ભાષણ એકવાર સાંભળ્યા પછી તે વધારેને વધારે સાંભળવાની તેમને ઉત્કંઠા થવા લાગી. એકવાર એવી એકાદ સભામાં સ્વામીજીએ પોતાનું ભાષણ પૂરું કરી શ્રોતૃવર્ગને પ્રશ્નો પૂછવાનો અવકાશ આપ્યો હતો. એ સમયે એક વયોવૃદ્ધ તત્ત્વજ્ઞાની તેમની પાસે આવ્યો અને કહેવા લાગ્યો, "સાહેબ, તમે જે કહ્યું તે ઘણી સારી રીતે કહ્યું છે અને તેને માટે હું તમારો ઉપકાર માનું છું; પણ સાહેબ, તમે કશુંએ નવું કહ્યું નથી." સ્વામીજી મોટે અવાજે જવાબ આપવા લાગ્યા. તેમનો અવાજ આખા હૉલમાં ગાજી રહ્યો. તે બોલ્યાઃ "સાહેબ, મેં તો તમને માત્ર સત્યનું દર્શનજ કરાવ્યું છે. કાંઇ સત્યને નવીન મેં પેદા કર્યું નથી. પ્રાચીન પર્વતો કરતા પણ સત્ય અત્યંત પ્રાચીન છે, એટલુંજ નહિ પણ તે અનાદિ અને અનંત છે; તે ત્રિકાલાબાધ્ય છે. મારા શબ્દોથી જો હું તે સત્યની પ્રાપ્તિને માટે તમારા મનમાં જિજ્ઞાસા ઉત્પન્ન કરીને તમને તે વિષે વિચાર કરતા કરી શકું અને તે વિચાર પ્રમાણે તમારૂં જીવન ઘડવાને તમને પ્રયત્નશીલ બનાવી શકું તો બસ છે. હવે કહો કે હું જે કહું છું તે ખોટું કહું છું?" સભામાં "સાંભળો, સાંભળો" ના પોકારો થઇ રહ્યા. તાળીઓનો

મોટો અવાજ સર્વત્ર વ્યાપી રહ્યો. શ્રોતાઓનાં મન ઉપર ભારે અસર થઇ રહી. એક સુશિક્ષિત સ્ત્રી બોલી ઉઠી 'ખ્રિસ્તી દેવાલયોની અંદર મે અસંખ્યવાર નિયમિતપણે બોધ સાંભળેલો છે; પણ મને તે નિઃસત્વ, એકદેશી, શુષ્ક અને નિરસજ જણાયો છે તે છતાં પણ હું દેવાલયોમા જતી હતી તેનુ કારણ એજ કે બીજાઓ તેમ કરતા હતા સ્વામીજીનો બોધ સાંભળ્યા પછી ધર્મ વિષયમા મને કોઇ ઓરજ પ્રકાશ મળ્યો છે મને તેનો કઇક નવીનજ અર્થ સમજાયો છે "

સ્વામીજી હવે આગળ બોલવા લાગ્યા "મને સત્યનુ દર્શન કેવી રીતે થયુ તે હુ તમને કહીશ " આ વિષય કહેતે કહેતે સ્વામીજીએ શ્રીરામકૃષ્ણ પરમહંસનુ જીવનવૃત્તાન્ત કહી સમજાવ્યુ તેમની સાદાઇ અને ભવ્ય ચારિત્ર્ય, સત્ય શોધવાને માટે તેમનો અથાગ શ્રમ, ધર્મના જુદા જુદા સ્વરૂપો સમજવાનો તેમનો પ્રયાસ, સત્યનુ શોધન અને તે વિષે તેમના દિવ્ય ઉદ્ગારો, એ સર્વે બાબતોનુ દિગ્દર્શન કરાવ્યા પછી છેવટે સ્વામીજી બોલી ઉઠયા કે, ' હવે તો જ્યા જ્યા હુ જોઉ છુ ત્યા ત્યા સત્યજ છે ' સત્યનુ શોધન હુ કરી શક્યો તેનુ મુખ્ય કારણ એજ કે પ્રથમથીજ સત્ય મારા હૃદયમા રહી રહેલુ હતુ સર્વના હૃદયમા તે એવી રીતે પ્રથમથીજ વસી રહેલુ છે અને તેથી સર્વ કોઇ તેને મેળવી તથા અનુભવી શકે તેમ છે એ! તમારા મનની બહાર શોધ્યા કરીને નાહકના તમારી જાતને છેતરશો નહિ એમ ધારશો નહિ કે સત્ય તમને આ ધર્મમાથી કે બીજા ધર્મમા રહેવા વાથી જ જડશે, તે તો તમારા પોતાનાજ હૃદયમા છે તમારો પંથ તમને તે બતાવશે નહિ, પણ તમારેજ તેને શોધી કહાડીને તમારા પંથમાં દાખલ કરવું જોઇશે. મનુષ્યો અને ઉપદેશકે એક વા બીજા પેગમ્બર કે અવતારને માનવાથી તમારો ઉદ્ધાર થશે એમ કહી રહ્યા છે, પણ સમજો, સત્ય તો ખુદ તમારા હૃદય-આત્મ

ખોજ કરેલું છે. તે એક એવું સત્ય છે કે તેનો સાક્ષાત્કાર કરનારને તે આત્મજ્ઞાનની શક્તિ અર્પનારી છે અને આખા જગતની બાદશાહી પણ તેને એ સત્ય આગળ કંઈ વિસાતની લાગતી નથી." ઉપરાંત સ્વામીજીએ કહ્યું કે, " હું અહીં મારા પોતાનો એક પણ કલ્પ કે વિચાર રજુ કરતો નથી, અથવા વિચારો અને બીજી કોઈ બાબત વિષે મારામાં જે કંઈ જુઓ છો તે સર્વે અને તમારી આગળ કે જગતને માટે હું જે કંઈ કરી શક્યું છું તે સઘળું મારા ગુરૂદેવથીજ મને પ્રાપ્ત થયેલું છે. મારા જ્હાલા ભારતવર્ષમાં મારા એ પરમપૂજ્ય ગુરૂ વિદ્યમાન હતા, ત્યારે વારંવાર તેમનું પવિત્ર અંતઃકરણ સમાધિમાં ડુબી જઈ ધર્મનાં જે અગાધ સત્યોને જોતું અને અનુભવતું તે સત્યોને તેમણે પછીથીજ ઉદ્ગારવાણી જગતમાં ફેલાવ્યાં છે. કેવળ નિઃસ્વાર્થ જીવન તેઓ ગાળી રહ્યા હતા. મારામાં તમે જે કંઈ ગુણો જુઓ છો તે તેમને લીધેજ છે. મારા શબ્દોમાં તમને જે કંઈ સત્ય, હિત, પ્રિય અને નિત્ય લાગે છે તે સઘળું તેમનાજ મુખમાંથી, હૃદયમાંથી અને આત્મામાંથી નિકળેલું છે. શ્રીરામકૃષ્ણજ મારા આત્મિક જીવન, લાગણીઓ અને પ્રવૃત્તિઓનો મૂળ ઝરો છે. મારા ગુરૂના જીવનની જરાક પણ ઝાંખી તમને કરાવી શકું તો મારા જીવનને હું ધન્ય ગણું ! "

સ્વામીજીને ચારે તરફથી માન મળતું પણ પોતાની મહાન કારકિર્દિમાં તે સર્વને જણાવતા કે તે પોતે તો શ્રીરામકૃષ્ણ પરમહંસના એક નમ્ર દાસજ છે, અને સઘળું માન શ્રીરામકૃષ્ણનેજ ઘટે છે. એવા ખરો શિષ્યજ ખરો ગુરૂ બની શકશે.

ઇંગ્લંડમાં સ્વામીજી " હિંદુ યોગી " તરીકે ઓળખાતા હતા. તેમનો બોધ સાંભળ્યા પછી ઘણાના મનમાં એમ જ ભાન થઇ જતું કે, " જેની શોધમાં આપણે રખડયા છીએ તે મનુષ્ય આજ છે,

કેટલાક મિત્રો સાથે તેમાં બેસીને ઉપરના વાતાવરણનો કંઈક અનુભવ લઈ આવ્યા. એ પછીથી ચીલોનનો કિલ્લો જોવાને તે ગયા. પછીથી આલ્પ્સ પર્વતના એકાદ શિખર ઉપર ચઢવાનો સ્વામીજીનો વિચાર થવાથી તે પર્વતની તળેટીમાં આવેલા એક ગામડામાં તે સર્વે ગયા અને ત્યાં એક શિખર ઉપર ચડયા. આસપાસ વસી રહેલા ગામડીઆઓને જોઇને સ્વામીજી કહેવા લાગ્યા કે "આ લોકોનો પોશાક અને રીતભાત, હિમાલયની ટેકરીઓમાં વસી રહેલા ખેડુતોનું મને સ્મરણ કરાવે છે. આ લોકો પોતાને માથે જે ટોપીઓ ઉપાડી રહેલા છે તે પણ મારા દેશ બાંધવોના જેવીજ છે." પછીથી સ્વામીજી હિમાલયનું વર્ણન આપવા લાગ્યા. તેમાં રહીને તેમણે જે જે આધ્યાત્મિક અનુભવો મેળવ્યા હતા તે એ સર્વેને દર્શાવવા લાગ્યા. હિમાલયમાં એક આશ્રમ સ્થાપવાની તે વાત કરવા લાગ્યા. તેમણે કહ્યું કે "મારે એક આશ્રમ સ્થાપવાની ઇચ્છા છે. તે આશ્રમ એવો જોઇએ કે જ્યાં મારા જીવનનું કાર્ય પુરૂં કર્યા પછી હું એકાંતમાં રહું અને મારા બાકીના દિવસો ધ્યાનમાં ગાળી શકું. તે આશ્રમ ધ્યાન અને કર્મહિતના કાર્યનું મધ્યબિંદુ થઈ રહે. ત્યાં મારા પાશ્ચાત્ય અને પૌર્વાત્ય શિષ્યો એકઠા રહેશે અને હું તેમને કેળવીશ. પાશ્ચાત્ય શિષ્યો ભારતવર્ષના હિતનાં કાર્યો કરશે અને પૌર્વાત્ય શિષ્યો પશ્ચિમમાં વેદાન્તનો પ્રચાર કરવાને માટે જશે." તેમનો વિચાર સાંભળીને મી. સેવીઅર બોલ્યા: 'હા, સ્વામીજી, તેમ બને તો કેવું સારૂં થાય' એવા મઠની સ્થાપના આપણે કરવીજ જોઇએ." પોતાના પાશ્ચાત્ય શિષ્યોના હૃદયમાં એ પ્રમાણે નાખેલો વિચાર આજે મૂર્તિમંત થઇ હિમાલયમાં અદ્વૈત આશ્રમ રૂપે સર્વની દૃષ્ટિએ પડી રહેલો છે.

સ્વામીજી અને તેમના મિત્રો હવે આલ્પ્સ પર્વતની ટેકરીઓ

ઉપર આમ તેમ પર્યટણ કરી રહ્યા હતા. ટેકરીઓ ઉપર ફરતા સ્વામીજી ઉપનિષદોમાંથી કંઇ કંઇ બોલતા અને તેનો તરજુમો કરીને તેમના મિત્રોને સમજાવતા.

એક દિવસે પર્વત ઉપરથી ઘર તરફ પાછા ફરતાં એક નાનું દેવાલય સ્વામીજીની દૃષ્ટિએ પડયું. પર્વતની એક નાની ટેકરી ઉપર તે આવેલું હતું તેને જોઇને સ્વામીજી બોલ્યા કે, "ચાલો આપણે પવિત્ર કન્યા મેરીના ચરણની પૂજા કરીએ" તે વખતે તેમના મુખ ઉપર અત્યંત મૃદુતા વ્યાપી રહેલી જણાતી હતી તેમણે પર્વત ઉપરથી કેટલાક ફુલ એકઠા કર્યા અને તે મીસીસ સેવીઅરને આપીને સ્વામીજી બોલ્યા "મેરીના ચરણ કમળ આગળ આ પુષ્પોને અર્પણ કરી દોઃ મારી ભક્તિની તે નિશાની છે"

સ્વીટઝરલાંડમાં આવેલા એક ગામડામાં સ્વામીજી અને તેમના મિત્રો રહેતા હતા અહીં તેમને એક જર્મની પત્ર મળ્યો કીલ યુનિવર્સિટિમાં તત્વજ્ઞાનના પ્રોફેસર અને સંસ્કૃતના પંડિત તરીકે પ્રખ્યાત થઇ રહેલા પૉલ ડ્યુસને તે પત્ર મોકલ્યો હતો સ્વામીજીને તેમણે કીલમાં પોતાને ઘેર તેડાવ્યા હતા એ વિદ્વાન પ્રોફેસરે સ્વામીજીના ભાષણો અને કથનનોનો અભ્યાસ કર્યો હતો અને તેમની ખાત્રી થઇ હતી કે તે એક મોટા સ્વતંત્ર વિચારક છે અને અધ્યાત્મ વિદ્યાનું ઘણું ઊંડું જ્ઞાન ધરાવે છે. પૉલ ડ્યુસન વેદાન્તના વિષયમાં ઘણોજ રસ લેતા હતા હિંદુસ્તાનમાં તે ઘુમ ફરી કરી આવ્યા હતા સ્વામીજી જેવા એક મહાન ઉપદેશકને મળવાની અને તેમની સાથે વાદવિવાદ કરવાની તે હવે આશા કરી રહ્યા હતા. પ્રોફેસરના આમંત્રણથી સ્વામીજી કીલ ગયા અને પૉલ ડ્યુસનના અતિથિ થઇને રહ્યા. એ બે પંડિતોની મુલાકાતનું વર્ણન મીસીસ સેવીઅરે નીચે પ્રમાણે આપેલું છે —

"સ્વામીજી હિંદમાં આવી પહોંચ્યાની ખબર પ્રોફેસરને મળી કે તરતજ તેમણે એક ચીઠ્ઠી અમારા ઉપર લખી મોકલી. જે દિવસે સવારનું ખાણું તેમને ઘેર લેવાનું અમને આમંત્રણ આપ્યું. બીજે દિવસે બરાબર દસ વાગે અમે તેમને ઘેર ગયાં. અમને લાઈબ્રેરીમાં બેસાડવામાં આવ્યાં. પ્રૉ. ડયુસન અને તેમનાં સ્ત્રીએ ત્યાં આવી અમને ભારે આવકાર આપ્યો. સ્વામીજીની મુસાફરી તથા તેમની કેટલીક યોજનાઓ વિષે પૂછપરછ કર્યા પછી પ્રોફેસર એક ટેબલ ઉપર પડેલાં કેટલાંક પુસ્તકો તરફ જોવા લાગ્યા અને તરતજ એક પંડિતની માફક પુસ્તકો વિષે વાત કરવા લાગ્યા. એક ઉપનિષદ તેમણે હાથમાં લીધું અને તેમાથી બે ત્રણ શ્લોક વાંચ્યા. તે શ્લોકો હજી પણ મારી સ્મૃતિ પટ ઉપર તરી આવે છે. હજી પણ તેમાં સમાઇ રહેલાં સત્યોના પડઘા મારા હૃદયમાં ભણકાય છે, અને તેમનું રહસ્ય મારા વિચારોને ઉત્તમ માર્ગે દોરે છે. બહુજ ભાવપૂર્વક પ્રોફેસરે કહ્યું કે વેદોનો અભ્યાસ અલૌકિક શાંતિને આપનારો છે. ઉપનિષદોના સત્યો ઉપર રચાએલું વેદાન્ત અને શ્રી શંકરાચાર્યની ટીકાવાળા વેદાન્ત સૂત્રો માનવજાતિના ઉત્તમોત્તમ આધ્યાત્મિક વિચારો અને સત્ય શોધનના એક ફળો છે. વેદાન્તમાંથીજ આ જગતની અતિ ઉચ્ચ અને પવિત્ર નીતિ નીકળી આવેલી છે.

"પ્રોફેસરે વેદાન્તનું તત્વજ્ઞાન એ નામનું પુસ્તક લખીને હિંદુ તત્વજ્ઞાનનો ફેલાવો કરવામાં સહાય કરેલી છે. પ્રાચીન સમયના પુસ્તકોમાં બરાબર બેઠેલા વેદાન્તનો હવે પુનરોદ્ધાર થવા લાગ્યો છે. આજે તે સર્વત્ર ફેલાવા લાગ્યું છે અને પાશ્ચાત્ય પ્રદેશોમાં ઘણા સહૃદય પુરૂષો તેનો સ્વીકાર કરી રહેલા છે."

"પ્રોફેસર બોલ્યાઃ આધ્યાત્મિકતાના નવી તરફ જવાની હવે પાશ્ચાત્યોમાં હીલચાલ થવા લાગી છે અને થોડા વખતમાં ભારતવર્ષ

સઘળી પ્રજાઓનો ઉપદેશક બની રહેશે."

"પૉલ ડયુસન અને તેમના પત્નીએ અમારી બરદાશ કરવામાં કચાસ રાખી નહિ. ભારતવર્ષની તેમણે મુલાકાત લીધી હતી અને તે મુલાકાતનું સવિસ્તર વર્ણન પ્રોફેસર આપવા લાગ્યા. તે વર્ણન ઘણું મોહક અને આનંદદાયક હતું. પ્રાચીન ભારતવર્ષ—ઐતિહાસિક ભારતવર્ષને તેના રસપૂર્ણ ઐતિહાસિક બનાવો સાથે તે વર્ણવવા લાગ્યા. ભારતવર્ષ તેમને મન ઐતિહાસિક બનાવોથી ભરપુર લાગતું હતું. પવિત્ર જાન્હવી, જેના પુણ્યોદકમાં હજારો સ્ત્રી પુરૂષો સ્નાન કરી રહેલા છે, જેના કિનારા ઉપર આવેલાં શહેરોમાં અસંખ્ય દેવાલયો, મંદિરો અને સિવાલયો પ્રાચીન ભારતવર્ષનો મહિમા દર્શાવી રહેલાં છે, તેના વિષે તે હવે વાત કરવા લાગ્યા. ભારતવર્ષને સર્વ ધર્મની જનની તરીકે તેઓ દર્શાવવા લાગ્યા. બ્રહ્મ, બુદ્ધ અને મહંમદના વિશ્વવ્યાપક સિદ્ધાંતોનું નિવાસસ્થાન તેને કહેવા લાગ્યા. એ સિવાય પણ બીજું ઘણું એ તેમણે અમને કહ્યું. ભારતવર્ષ તરફ તેમની પ્રીતિ કેવી હતી તેનો અમને હવેજ પૂર્ણ અનુભવ થયો."

પૉલ ડયુસન એક મોટા પંડિત હતા. સંસ્કૃતવિદ્યામાં તે પ્રવિણ હતા. સંસ્કૃત સાહિત્ય અને તત્વજ્ઞાન તરફ તેમનું ચિત્ત નાનપણથી દોરાઇ રહ્યું હતું. સ્વામી વિવેકાનંદ ડયુસનના અભ્યાસ વિષે લખે છે કે; "એ જર્મન વિદ્યાર્થીના મનમાં સંસ્કૃત વિદ્યા ગ્રહણ કરવાને માટે ઘણીજ ઉત્કંઠા થઇ રહી. પાશ્ચાત્ય મનુષ્યોને માટે તે વિદ્યા ગ્રહણ કરવાનું કાર્ય ઘણુંજ કઠિન હતું, પણ તેણે પંડિતોની માફક સખ્ત મહેનત તેમણે પણ કરી, ઘણું ખંતથી તેમણે વેદોમાં અને અત્યંત ખંતથી એક વીર પુરૂષની માફક તે પોતાના કાર્યમાં આખરે જય મેળવી રહ્યા. હવે આખું યુરોપ તો શું, પણ આખું હિંદ પણ તેમને ઓળખે છે. મેં અમેરિકા અને યુરોપમાં

ઘણા સંસ્કૃતના અભ્યાસીઓ જોયેલા છે અને તેમાંના કેટલાક વેદાંત તરફ ઘણીજ સહાનુભૂતિ દર્શાવે છે. તેમની અસાધારણ બુદ્ધિ અને વિદ્યોપાર્જન માટે લીધેલા અથાગ શ્રમને માટે મને ઘણુંજ માન છે; પરંતુ પૉલ ડ્યુસન—જેમણે દેવસેન નામ ધારણ કરેલું છે તે અને મેક્સમુલર આ બે જણ તો ભારતવર્ષના અને હિંદુ તત્ત્વજ્ઞાનના અત્યંત સુરત મિત્રો છે. આ પંડિત સાથે થયેલી મુલાકાતને મારા જીવનની એક ધન્ય ઘડી સમજું છું."

"હિંદના સુભાગ્યે યૂરોપમાં હવે ઘણા સંસ્કૃતના અભ્યાસીઓ થવા લાગ્યા છે. તેઓ વિદ્વાન છે, પૂજ્ય છે અને હિંદ તરફ સહાનુભૂતિ દર્શાવે છે. જુના અને નવા વિદ્વાનોને જોડનાર સાંકળ તરીકે પંડિત મેક્સમુલર છે. અમે હિંદુઓ મેક્સમુલરના ઘણા આભારી છીએ. તેમણે કેવું મહત્ કાર્ય કરેલું છે ? તે એકલા હતા, તેમને કોઇએ મદદ કરી નથી. તેમણે જાતેજ જુની હસ્તલિખિત પ્રતો વાંચેલી છે અને તેની પાછળ દિવસના દિવસ અને મહિનાના મહિના ગાળેલા છે. સાયણાચાર્યના શબ્દો અને વાક્યોનો અર્થ બેસાડવામા તેમણે અથાગ શ્રમ લીધેલો છે, અને પરિણામે સર્વને માટે વેદાધ્યયનનો માર્ગ સરળ કરી મૂક્યો છે. અમારા બાપદાદાઓના સાહિત્યના રક્ષણ અને પ્રચારને માટે તેમણે જે કરેલું છે તેનો હજારમો ભાગ પણ અમારામાંનો કોઇ કરી શકે તેમ નથી. તેમણે જે કંઇ કરેલું છે તે ખરા પ્રેમ અને પક્ષપાતવગરના પ્રેમાદરથી કરેલું છે."

"આ પ્રમાણે મેક્સમુલર સંસ્કૃત વિદ્યાનો એક જુનો રક્ષક છે અને પૉલ ડ્યુસન તેનો નવો પ્રચારક છે. ડ્યુસનને એક તત્ત્વવેત્તા જેવું શિક્ષણ મળ્યું હતું. પ્રાચીન ગ્રીસના તત્ત્વજ્ઞાનમાં તે પ્રવીણ હોવાથી ઉપનિષદોના અગાધ સત્યોમા તે ઉંડી ડુબકી મારી શક્યા હતા અને એ સત્યો તેમને આનંદ, શાંતિ અને સંતોષને આપ

એનું યોગ્ય મિશ્રણ કરી તે પ્રમાણે ભારતવર્ષનું જીવન ઘડવું. એરી દૃષ્ટિબીજ તે સર્વત્ર પ્રવાસ કરી રહ્યા હતા. હોલથી તે હેમબર્ગ ગયા, પછીથી તે આમ્સ્ટરડામ ગયા. ત્યાં કારિગીરીનાં સ્થળો અને સંગ્રહ-સ્થાનો તેમણે જોયાં. ત્યાંથી સ્વામીજી અને તેમના મિત્રો પાછા લંડન ગયા. તેમની મુસાફરીમાં પૉલ ડયુસન પણ જોડે હતા અને તે પણ સ્વામીજી સાથે લંડન આવ્યા.

પ્રકરણ ૪૧ મું—લંડનથી વિદાયગીરી.

યૂરોપની મુસાફરી કરી આવ્યા પછી સ્વામીજી જ્ઞાનયોગ ઉપર ભાષણો આપવા લાગ્યા. વ્યવહારમાં પણ તેનો ઉપયોગ કેવી રીતે થઇ શકે તેનું દિગ્દર્શન તે કરાવવા લાગ્યા. વિજ્ઞાનશાસ્ત્રનાં તત્વો ભૌતિક છે અને વેદાન્તનાં આધ્યાત્મિક છે એમ તે સર્વેના મનમાં ઠસાવવા લાગ્યા. યૂરોપનું કલ્યાણ વેદાન્તના અભ્યાસમાં રહેલું છે. વિજ્ઞાનશાસ્ત્રના સિદ્ધાંતોને સમજવામાં અને તે પ્રમાણે જીવનને ઘડવામાં યૂરોપમાં અશાંતિ અને કલહનાં બીજ રોપાશે એમ સ્વામીજી પોતાના ભાષણોમાં દર્શાવવા લાગ્યા. કેટલાકને તે હવે યોગની ક્રિયાઓ બતાવવા લાગ્યા. જ્ઞાનમાર્ગને સૌનાં હૃદયમાં ઉતારવા લાગ્યા. આ વખતે સ્વામીજી જ્ઞાનયોગની સાક્ષાત્ મૂર્તિ હોય તેવા દેખાતા હતા. જ્ઞાનીની અવસ્થા તે દર્શાવવા લાગ્યા અને ખરો સુધરેલો મનુષ્ય કેવો હોઇ શકે તે પોતાનાં આચરણથી પાશ્ચાત્ય વિચારકોને સમજાવવા લાગ્યા. "વેદાન્ત ખરા સુધારાનું એક અંગ છે" એ વિષય ઉપર તેમણે એક ભાષણ આપ્યું. તેમાં પાશ્ચાત્ય વિજ્ઞાન અને હિંદના તત્વજ્ઞાનની તેમણે તુલના કરી, બંનેની મહત્તા કેટલે દરજ્જે સ્વીકારવાની છે તે સૌના હૃદયમાં દ્રઢપણે ઠસાવ્યું અને જીવનના મહા પ્રશ્નોનું નિરાકરણ

કરવામાં વેદાન્તનો આશ્રય લીધા વગર ચાલે તેમ નથી, એમ સૌને સાબીત કરી આપ્યું. પાશ્ચાત્ય જીવનના આદર્શો ભૌતિક પદાર્થોમાંજ સમાઇ રહેલા છે; પરન્તુ મનુષ્યોનો આત્મા ઐહિક પદાર્થોથી પર જવાને ઇચ્છે છે ઐહિક પદાર્થોથી તેને સંતોષ થનાર નથી, તેની લાગણીઓ અને દિવ્ય વાસનાઓને તૃપ્ત કરનાર તો માત્ર વેદાન્તનો જ્ઞાનમાર્ગ જ છે, એમ તમણે સિદ્ધ કરી બતાવ્યું રાગદ્વેષ—અહંતા-મમતાથી રહિત થયેલા મનુષ્યોજ જગતને ઉપકારક હોઇ શકે તેમનાંજ કાર્યો ઉચ્ચ અને દિવ્ય બની શકે; તેમનાથીજ સંસારને સ્થાયી અને સંગીન લાભ પહોચી શકે, અને જે પણ મુરાન કે શિક્ષણ એવા મનુષ્યાન ઉત્પન્ન કરી શકતો નથી તે ન [illegible] તેનાથી ક્ષણિક લાભ તેનાથી થશે, પણ [illegible] હાનિજ છે એમ [illegible] સ્વામીજીએ [illegible] કહ્યું [illegible] એ [illegible] વિચાર [illegible] પહેલાજ [illegible] તેમની [illegible] સ્પષ્ટ દર્શાવી આપ્યું

[illegible] અને વેદાન્તીઓ [illegible] સ્વામીજી [illegible] હૃદયના [illegible] તેને તે [illegible] ખાસ કરીને [illegible] જરૂર છે, એમ સ્વામીજી [illegible]

વિચારોને વધારે ઉન્નત બનાવવા બહુ જેમ તેમ તેમની ખાત્રી થતી. જો કે વેદાન્તનાં તત્વો સમજવાને, પાશ્ચાત્યોએ હિંદુ થવું જોઇએ; કારણ કે હિંદુ તત્વજ્ઞાન એ કંઇ વર્ણવાદનો વિષય નથી, પણ આધ્યાત્મિક અનુભવની વસ્તુ તેમાં આવશ્યકતા છે. પ્રો. મેક્સમુલર, પ્રો. ડૉયસન પણ સ્વામીજી સાથે પત્રવ્યવહાર ચલાવતા. આ પ્રમાણે, ઇંગ્લેંડમાં ઘણા મોટા વિચારકો અને, પૌરસ્ત્ય વિદ્યાના અભ્યાસીઓ એક, બીજાની સાથે વેદાન્તનો વિષય ચર્ચવામાં પોતાનો સમય ગાળી રહ્યા હતા.

ઇંગ્લેંડમાં કાર્ય કરીને સ્વામીજી થાકી ગયા હતા. થોડો વખત વિશ્રાંતિ લેવાની તેમને જરૂર હતી; તેથી કરીને તેમણે હવે હિંદુસ્તાન તરફ યાત્રા કરવાનો વિચાર કર્યો. એ ઇરાદાથી તે હવે પોતાના કાર્યને વ્યવસ્થિતપણે ગોઠવવા લાગ્યા. હવે તે વેદાન્તનાં કેટલાંક મૂળ તત્વોની અસર પાશ્ચાત્યોમાં ઘણો વખત રહી રહે તેમ કરવાને વેદાન્તની પારમાર્થિક અને વ્યવહારીક ઉપયોગિતા સમજાવવા લાગ્યા. એકાન્ત વાસ અને શાંતિમાં રહીને સ્વામીજીએ જે આધ્યાત્મિક અનુભવો પ્રાપ્ત કર્યા હતા તે સઘળા જાણે કે હવે એક પછી એક જગતની દ્રષ્ટિ આગળ તે ધરી દેતા હોય તેમ સર્વને લાગતું હતું. સ્વામીજી હવે ખાસ કરીને અદ્વૈતવાદ ઉપર ભાષણો આપી રહ્યા હતા. અદ્વૈતવાદ હિંદુ તત્વજ્ઞાનનું શિખર છે, સર્વ જ્ઞાનનો તે શિરોમણી છે, તેના વગર વેદાન્તનું જ્ઞાન અધુરૂં છે. વેદાન્તનો માયા વાદ પણ કઠિન છે. મોટા મોટા પંડિતો અને વિચારકો પણ તેને સમજવામાં ગોથાં ખાઇ ગયેલા છે. એ માયાવાદને સાદા અને સરળ શબ્દોમાં સમજાવવો અને વળી અંગ્રેજી ભાષામાં તે વિષયને પ્રતિપાદન કરીને પાશ્ચાત્યો જેવા [illegible] મનુષ્યોને ગળે ઉતારવો, એ કામ કેટલું દુઃસાધ્ય છે? પણ એ દુઃસાધ્ય કાર્યને પણ આપણા વ્હાલા સ્વામીજીએ સુસાધ્ય કરી મૂક્યું છે. ઘરમાં આપણે વાતચીત

"લંડનમાં તે દિવસ રવિવારનો હતો. સઘળી દુકાનો બંધ રાખવામાં આવી હતી. સર્વ વ્યાપાર બંધ રાખવામાં આવ્યો હતો. શહેરના મહોલ્લાઓમાં થોડીકવારને માટે ગાડી, ઘોડા કે ગાડાનો અવાજ પણ સંભળાતો નહોતો. લંડનના રહેવાસીઓ રવિવારનો પોશાક પહેરીને ગંભીરતાથી દેવાલયમાં જતા જણાતા હતા. તેજ દિવસે ત્રીજા પહોરે સ્વામીજીના શિષ્યો અને મિત્રો તેમને છેવટનું માન આપવાના હતા. તેમનું આગમન તેમને મન અત્યંત શ્રેયસ્કર થઇ રહ્યું હતું. સભાના હૉલનો એક ભાગ કારિગરોના ઉપયોગને માટે અલગ રાખવામાં આવ્યો હતો. ત્યાં જુદા જુદા ચિત્રો દિવાલો ઉપર દૃશ્યમાન થતાં હતા. એક ઉચ્ચ પીઠિકા ત્યાં બનાવવામાં આવી હતી. પુષ્પ, લતા, પત્રાદિથી તેને અલંકૃત કરવામાં આવી હતી. તે પીઠિકા ઉપર ઉભા રહીને સ્વામીજી લંડનના લોકોને છેવટનો બોધ આપવાના હતા. દરેક જાતના અને ભિન્ન ભિન્ન દરજ્જાના સ્ત્રી પુરૂષો ત્યાં એકઠાં થયાં હતાં. સઘળાના હૃદયમાં એકજ ઇચ્છા ઉત્પન્ન થઇ રહી હતી. સ્વામીજીનાં દર્શન કરવાની, તેમનો બોધ સાંભળવાની અને બને તો નીચા નમીને તેમના વસ્ત્રને સ્પર્શ કરવાની ઇચ્છા સર્વેના મનમાં તરી રહી હતી."

"પીઠિકા ઉપર ગવૈયાઓ અને વાદ્યોના મધુર સ્વરો એક પછી એક થોડે થોડે અંતરે સંભળાતા હતા. લંડનમાં સ્વામીજી જે સદ્ભાવ અને પ્રીતિ પ્રાપ્ત કરી રહ્યા હતા તેનો ખ્યાલ આપવાને વક્તાઓ પુરતાએ જાતનો આપ્યા. નાટકકર્તાઓના રચનાને અનુમોદન આપવાને વચ્ચે વચ્ચે તાળીઓના અવાજો સંભળાતા હતા. સર્વ બોલવા ચાલ્યા વગર ચુપચાપ બેસી રહ્યા હતા. તેમના ચહેરા ચિંતાગીરીથી ભરપુર થઇ રહ્યા હતા. કેટલાક સ્ત્રી પુરૂષો અશ્રુપાત પણ કરતા હતા. હૉલની બહાર સઘળે નિસ્તેજ જેવું લાગતું હતું. આગ

શોકની છાયા છવાઇ રહેલી હોવાથી બહારની નિસ્તેજતામાં ઉમેરો થતો હતો. સર્યની વચમાં એક આકૃતિ શોકને હઠાવતી, તેના ઉપર જય મેળવતી દશ્યમાન થતી હતી. તે આકૃતિ સ્વામીજીની હતી. સભાનું કામ પુરૂં થયા પછી સૂર્યના તેજસ્વી કિરણની પેઠે સ્વામીજી સૌની વચમાં થઇને પસાર થઇ ગયા. જતાં જતા તે બોલ્યાઃ "હા, હા આપણે ફરીથી મળીશું! ફરીથી મળીશું!"

ઉપનિષદોના ભવ્ય, ઉદાત્ત અને વિશાળ તત્ત્વોથી આકર્ષાઇને ભિન્ન ભિન્ન વિચારોને ધરાવનારા અસંખ્ય મનુષ્યો અને લંડનના પાદરીઓ સુદ્ધાં ભેદભાવને ભૂલી વેદાંતના મહાન સત્યોને અનુસરવા અને ઉપદેશવા યત્ન કરતા. ખ્રિસ્તી ધર્મનાં દેવાલયોમાં તેઓ વિવેકાનંદના વખાણ કરતા અને તેમના બોધ પ્રમાણે ખ્રિસ્તી ધર્મનો ઉપદેશ કરતા નજરે આવતા. આ પ્રમાણે સ્વામીજીનું નામ અને કીર્તિ સર્વત્ર ફેલાતાં હતાં. અંગ્રે. જોને મન સ્વામીજી પરમ શાંતિ અને સુલેહના વાહક હતા. જડવાદથી નિરાશ થયેલા અનેક અંગ્રેજોના આત્માને તેમનો બોધ તૃપ્તિ આપી રહ્યો હતો. ઉપર પ્રમાણે સ્વામીજીનું નામ લાખો મનુષ્યોમાં પ્રસિદ્ધ થઇ ચુક્યું હતું, તોપણ સઘળાં સ્ત્રીપુરૂષોને તેમની ખબર મળી શકી નહોતી. કેટલાકને તો તેમની ખબર થઇ ત્યારે સ્વામીજી ઇંગ્લાંડ છોડવાની તૈયારીમાં હતા, તેથી તેઓ માત્ર માનપત્ર આપવાની ક્રિયામાંજ ભાગ લઇ શક્યા હતા. માનપત્ર આપવાની ક્રિયા અપૂર્વ લાગતી હતી, કારણકે "ગુરૂભક્તિ" એ પાશ્ચાત્યોને મન એક તદ્દન નવીન વસ્તુજ હતી. સ્વામીજીને જે માનપત્ર આપવામાં આવ્યું હતું તે નીચે પ્રમાણે હતુંઃ—

"લંડનમાં વસતા અને વેદાન્તના અભ્યાસીઓ તમારો ઉમદા અને અનુપમ બોધ ગ્રહણ કરી રહેવા છીએ. તમે જે શ્રેષ્ઠ અને નિઃસ્વાર્થ કાર્ય કરવાનું આરંભેલું છે અને ધર્મના અભ્યાસમાં તમે

સ્વામીજી જેવા રસજ્ઞ અને વિશાળ હૃદયના મનુષ્યને રોમમાં ઘણું જોવાનું અને જાણવાનું મળ્યું. રોમન પ્રજાનું ઐહિક અને ધાર્મિક જીવન, તેના આચાર વિચાર, રોમન દેવાલયોમાં થતી ધાર્મિક ક્રિયાઓનો ઠાઠ અને તેના ગંભીર દેખાવ, સર્વેને સૂક્ષ્મ દૃષ્ટિથી તેઓ અવલોકવા લાગ્યા. રોમનું પ્રાચીન ગૌરવ અને કળા જોઇને સ્વામીજીને અત્યંત આનંદ થયો. રોમનો ગંભીર દેખાવ અને ભવ્યતા સ્વામીજીના હૃદયની ગંભીરતા અને ભવ્યતાને ઘણાજ અનુકૂળ થઇ ગયાં હતાં.

સ્વામી વિવેકાનંદનું જીવન નવું અને જુનું, પ્રાચીન અને અર્વાચીન, બંનેની વચમાં વહી રહ્યું હતું. જુની શ્રેષ્ઠ ભાવનાઓના પાયા ઉપર નવીન બનાવો રચી સમાજને ચણવાનું કાર્ય તે કરી રહ્યું હતું. એ બંનેનું અપૂર્વ સંમેલન કરવામાં તેમણે અતિ વિશાળ બુદ્ધિ વાપરેલી છે. બંનેની વચ્ચે ઉત્તમ સંબંધ તેમણે કહાડી બતાવેલો છે; તેથીજ વિવેકાનંદને ભારતના સર્વ [illegible] અને દેશોમાં [illegible] ભરોસો છે. રોમની પ્રાચીન સંસ્કૃતિએ યુરોપના અર્વાચીન વિચારો ઉપર ભારે અસર ઉપજાવેલી છે.

સ્વામીજી અને તેમના શિષ્યો હવે નેપલ્સ ગયા. વિસુવિઅસ પર્વત ઉપર તે ચઢ્યા અને ત્યાં તેઓએ પોમ્પીઆઇની મુલાકાત લીધી. [illegible] પછી નેપલ્સમાં આવી તે સ્ટીમરમાં બેઠા. તેમાં બેઠા પછી સ્વામીજી [illegible] દિવસમાં આવશે' [illegible] આવશે!'

સ્ટીમરમાં બેઠા પછી [illegible] [illegible] સ્ટીમર પોર્ટ સૈઇદ ઉપડીને [illegible] [illegible] [illegible] તેમ [illegible] [illegible] કરવા [illegible] [illegible] અને [illegible] [illegible] તેઓ [illegible]

તમારી શ્રદ્ધા! ક્યાં છે તમારું સ્વધર્માભિમાન! તમારી દૃષ્ટિ આગળજ ખ્રિસ્તીઓ તમારા ધર્મને નિંદે છે, તોપણ તમારા માંના કેટલાનું લોહી તેથી તપે છે!"

હવે આપણે સિલોનનો કિનારો બદલાતા ધાડરેલ નાળીએરીનાં ઝાડોથી છવાયલું કોલમ્બો બંદર દૃષ્ટિએ પડવા લાગ્યું. તેને જોઈને સ્વામીજીને જે આનંદ થયો, તેવો આનંદ રામેશ્વરમાં બીજા કોઈને ભાગ્યેજ થયો હશે. સ્વામીજીના હર્ષનો પાર રહ્યો નહિ. બંદર ઉપર હજારો માણસો ભેગાં થયાં હતાં. હિંદમાં પાછા સ્વામીજી આવે છે એવી ખબર આખા હિંદુસ્તાનમાં પસરી રહી હતી. હિંદુઓ મહાન સંન્યાસીને માન આપવાને સર્વ તૈયારી કરી રહ્યા હતા; કારણકે સ્વામીજી હિંદુ ધર્મના રક્ષક હતા, એટલુંજ નહિ પણ તેમના પ્રતાપીજ ભારતવર્ષ પાશ્ચાત્યની દૃષ્ટિમાં ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કરી રહ્યું હતું.

ખ્રિસ્તી મિશનરીઓએ પાશ્ચાત્યોને એટલુંજ આજ સુધી સમજાવ્યું હતું કે હિંદ અજ્ઞાન અને દુષ્ટ રિવાજોથી ભરપુર દેશ છે. મિશનરીઓના આવા અવળા બોધનાં જે અનેક પડ તેમના હૃદયપર ચઢી ગયાં હતાં તે સઘળાં ભૂંસી નાખીને ભારતવર્ષનો સત્ય ખ્યાલ તેમના મનમાં ઠસાવવો, એટલુંજ નહિ પણ હિંદનું પ્રાચીન ગૌરવ સમજાવી ભારતવર્ષ સકળ માનવજાતિનો ગુરુ સ્થાનેજ બેઠેલું છે એમ તેમની ખાત્રી કરી આપવી; એ કાર્ય કંઇ નાનું સૂનું નહોતું. તે મહત્ કાર્ય સ્વામીજીએ [illegible] કર્યું હતું. એવા એક અદ્વિતીય કર્મવીર અને દેશભક્તને સમસ્ત ભારત માન આપી રહે એમાં આશ્ચર્ય શું!

હિંદમાં સ્વામી વિવેકાનંદનું પુનરાગમન, ભારતવર્ષના અર્વાચીન ઇતિહાસમાં એક અતિ અગત્યનો અને અપૂર્વ બનાવ હતો; કારણકે અર્વાચીન કાળમાં કોઈ પણ વ્યક્તિને હિંદે માન આપ્યું

ક્યાથી અને તમારા સ્વાર્થત્યાગ અને ઉત્સાહથી પાશ્ચાત્ય પ્રજા
આધ્યાત્મિક સત્યોના સમાગમમાં આવવાને ભાગ્યશાળી
વળી આપણા જે પુષ્કળ સ્વદેશી બંધુઓ પાશ્ચાત્ય સુધારાન
અંજાઇ રહેલા હતા તેઓ પણ તેમાંથી મુક્ત થયેલા છે અને
આપણાઓએ આપેલા ઘણી વારસાની મહત્તા સમજવા લાગ
" તમારા ઉમદા કાર્ય અને દષ્ટાંતથી તમે અખિલ વિશ્વને
કર્યું છે' અને તેનો કોઇ રીતે બદલો વાળી શકાય તેમ
આપણી માતૃભૂમિ ઉપર નવીન પ્રકાશ નાંખ્યો છે. અમે પ્રભુ
કરીએ છીએ કે તે તમને અને તમારા કાર્યને આબાદ રા
સ્વામીજી ઉપલા માનપત્રનો જવાબ આપવાને ઉભ
આખી સભા તાળીઓના અવાજથી ગાજી રહી. તેમણે સા
ઘણુ જુસ્સાદાર ભાષામાં જવાબ આપ્યો. તેમના શબ્દો
હતા પણ તેની અસર શ્રોતાઓ ઉપર એટલી બધી થઇ રહી
અત્યંત ભાવથી સઘળું સાંભળી રહ્યા.

સ્વામીજીએ હિંદુઓની આધ્યાત્મિકતાની પ્રશંસા
મહત્તા અને તેમાં રહેલું સામર્થ્ય તેમણે સમજાવ્યું. તેમણે
હિંદુઓ પ્રાચીનમાં પ્રાચીન ધાર્મિક પુરૂષો છે. એ
સંન્યાસીને તેઓ જે માન આપી રહેલા છે તે દર્શાવે છે
જે ધાર્મિકતાએ વાસ કરેલો છે તે દ્રવ્ય કે વૈભવની દરકાર

ત્યારપછી સારા કર્નલ અને હવા ઉજાસવાળા એક
સ્વામીજીને લઇ જવામાં આવ્યા. સ્વામીજી પોતાના
લેવા. મંડપમાં જે માણસો એકઠા થયા હતા તે સઘળા
અને તેમની સંખ્યા વધતી જ ગઇ. લોકો જાણે કે પાછા
ખુશીજ નહોતા ! આવા પવિત્ર સાધુની સંનિધિમાં જેટ

નિગ્રહ અને ઈશ્વરભક્તિવાળા મનુષ્યોજ મોટા ગણાય છે. પ્રજાઓ કે મુલકોના જીતનારાઓ તેમને મન પ્રભુભક્ત કરતાં ઉતરતા છે. પ્રભુના ભક્તને રાજા પણ માન આપે છે. હિંદુઓ "નમો નારાયણ" કહીને સાધુને નમે છે અને સાધુ બાળક જેવી સાદાઈ અને નમ્રતાથી સામામાં પ્રભુભાવ દર્શાવવાને માટે "નારાયણ" એવો પ્રત્યુત્તર આપીને તેનો સ્વીકાર કરે છે

સાયંકાળે સ્વામીજીએ ફ્રૅંગલ હૉલમાં એક સુંદર ભાષણ આપ્યું. ભાષણનો વિષય "હિંદ પુણ્યભૂમિ છે" એ હતો. ભાષણની શ્રોતાઓના મન ઉપર ઘણીજ અસર થઈ રહી. સ્વામીજીએ કહ્યું કે "આજે અહીંઆ ઉભો રહીને હું ખાત્રીથી કહું છું કે જગતમાં કોઈ પણ દેશ પુણ્યભૂમિ હોવાનો દાવો કરી શકે તેમ હોય તો તે ભારતવર્ષજ છે. જો કોઈ પણ ભૂમિએ નમ્રતા, ઉદારતા, પવિત્રતા, શાંતિ, આત્મદર્શન અને આધ્યાત્મિકતામાં જગતમાં સર્વથી શ્રેષ્ઠ સ્થાન પ્રાપ્ત કર્યું હોય તો તે આ ભારતવર્ષજ છે અહીંઆં ઘણા પ્રાચીન સમયથી મહાન ધર્મ પ્રવર્તકો ઉત્પન્ન થતા આવ્યા છે અને તેઓએ વારંવાર શુદ્ધ આધ્યાત્મિક સત્યો અખિલ વિશ્વમાં પ્રસરાવી મુક્યાં છે." સ્વામીજીએ અનેક દાખલા આપીને પોતાના કથનની ખાત્રી કરી આપી હતી.

બીજે દિવસ રવિવારનો હતો. તે દિવસે સાંજે સ્વામીજી મહાદેવના દેવળમાં દર્શન કરવાને ગયા. તેમની સાથે ઘણા લોકો પણ ગયા હતા. જે રસ્તે થઈને તે જવાના હતા તે ઉપર આવેલા મકાનોને વાવટા ગુડીને સાજ કરવામાં આવ્યા હતા અને રોશની કરવામાં આવી હતી. આજુબાજુનાં ગામડાઓથી પણ ઘણા લોકો ત્યાં આવીને એકઠા થયા હતા. સર્વે તે મહાપુરૂષનાં દર્શન કરવાને ઉત્સુક બની ગયા હતા. રસ્તામાં સ્વામીજીની ગાડીને વારંવાર રોકવામાં આવતી હતી. કારણકે ઘણા હિંદુઓ ફુલ ફળાદિ હાથમાં લઈને

[illegible] રહેવાને [illegible] [illegible] કેટલાક [illegible] [illegible] સ્વામીજીના [illegible] અને કેટલાક [illegible], [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] "[illegible]" ના [illegible] [illegible] [illegible] [illegible].

[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] સ્વામીજી [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] સ્વામીજી [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] સ્વામીજીના [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] સ્વામીજીએ [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible].

તેજ દિવસે સ્વામીજીએ [illegible] [illegible] "વેદાન્ત" [illegible] ભાષણ આપ્યું. એ ભાષણ સાંભળવાને કેટલાક [illegible] [illegible] [illegible] આવેલા હતા. તેમને આ ભાષણ [illegible] સ્વામીજીને [illegible] [illegible] આપ્યો હતો. સ્વામીજી [illegible] [illegible] [illegible] [illegible]

જો કોઇને પરદેશી પોશાકમાં જોતા તો તેને સખત ઠપકો દેતા અને એવા અનુકરણ અને 'ટાપટીપને બાયલાપણું કહેતા. ચિકાગોના સર્વધર્મપરિષદમાં હિંદુધર્મનાં ભિન્ન ભિન્ન સ્વરૂપોને પ્રતિપાદન કરવાને હિંદુસ્થાનથી બીજા પણ કેટલાક પ્રતિનિધિઓ આવેલા હતા, તેઓ પરદેશી પોશાકમાં સજ્જ થએલા હતા; પણ ઉત્કટ સ્વદેશાભિમાની સ્વામી વિવેકાનંદ તો પોતાના દેશી પોષાકમાંજ હાજર થયા હતા અને તેથી કરીને શ્રોતાઓનાં મન ઉપર તે સૌથી વધારે અસર ઉપજાવવાને શક્તિમાન થયા હતા. સ્વધર્મનું પ્રતિપાદન વિદેશી પોષાકમાં સજ્જ થઇને કરવું, એ સ્વામીજીને વિચિત્ર લાગતું હતું. બુદ્ધિશાળી અમેરિકન પ્રજા પણ સ્વામીજીનો એ હેતુ સમજી ગઇ હતી અને તેથી તેમને સૌથી વધારે માન આપતી હતી. સ્વામીજીનો અનુપમ બોધ સર્વને આકર્ષતો હતો, છતાં તેમાંએ તેમનો સ્વદેશી પોષાક ઘણો ઉમેરો કરતો હતો. અમેરિકાના વર્તમાનપત્રો તેમની શક્તિના ભારે વખાણ કરતી વખતે પણ તેમના પોષાકથી ઉપજતી આસરનું વર્ણન આપવાને ચૂકતા નહિ. સ્વામીજીના ભગવાં વસ્ત્ર અને શરીરનો મજબુત બાંધો દરેક વર્તમાનપત્રનો વિષય બની રહ્યાં હતા. હિંદુ આચાર વિચારને માટે સ્વામીજીને એટલો બધો આગ્રહ હતો કે પોતાના પાશ્ચાત્ય શિષ્યોને પણ તે વારવાર કહેતા કે ખરેખરા હિંદુ તમે ત્યારેજ કહેવાઓ કે જ્યારે છરી કાંટાને બદલે હાથવતેજ જમતાં શીખો.

ભારતભૂમિમાં પેલા હિંદુઓના વિદેશી પોષાક ઉપર પણ સ્વામીજી કપરા રૂપે કેટલુંક બોલ્યા હતા. અંગ્રેજી ભણેનારા હિંદુઓ કંઇ પણ વિચાર કર્યા વગરજ યુરોપીયનોનું બાહ્ય અનુકરણ કરે છે અને તેમના રીત રીવાજોને વખાણે છે તે કેવું નુકસાનકારક છે, તે સમજાવવાનેજ સ્વામીજીએ એ ટીકા કરી હતી.

"આપણા દેશમાં અત્યારે આપણને અશ્રુપાત કરવાની જરૂર ન
પણ સામર્થ્યની જરૂર છે. જ્યારે સઘળા વ્હેમોને ત્યજી દેવામાં
છે અને મનુષ્ય अहं ब्रह्मास्मि એવું જ્ઞાન પ્રાપ્ત કરીને સ્વાત
બને છે ત્યારે તે કેટલું બધું સામર્થ્ય પ્રાપ્ત કરી રહે છે! એ
મનુષ્ય પોતાના આત્માની શક્તિ ઉપરજ આધાર રાખે છે.
આત્મા અજર, અમર, અનાદિ અને અનંત છે. તેને શસ્ત્રો
શકતા નથી અગ્નિ તેને બાળી શકતો નથી, ઉષ્ણતાથી તે સૂ
નથી, પાણીથી તે પલળતો નથી એની મહત્તા આગળ સૂર્ય,
અને તેમના મંડળો સમુદ્રમાં ટીપાં સમાન છે; દિશાઓ શૂન્ય
છે અને કાળનું અસ્તિત્વ નથી. એ કીર્તિવંત આત્માના અસ્તિ
આપણે શ્રદ્ધા રાખવી જોઇએ એ શ્રદ્ધા વડેજ તમે જેવા ધાર
તેવા થઇ શકશો. તમે પોતાને નબળા ધારશો તો નબળા થશો
સામર્થ્યવાન ધારશો તો સામર્થ્યવાન થશો. અપવિત્ર ધાર
તો તમે અપવિત્ર થશો અને પવિત્ર ધારશો તો પવિત્ર થશો. આપ
વાસ્તવમાં સર્વ સામર્થ્યવાન, સર્વ સત્તાવાન અને સર્વજ્ઞ છી
સઘળું જ્ઞાન, સઘળી સત્તા, પવિત્રતા અને સ્વતંત્રતા આપણા
છેજ. આપણે તેને શા માટે દર્શાવી શકતા નથી? કારણ એજ
આત્માની સર્વ શક્તિમત્તાના અસ્તિત્વમાં આપણને શ્રદ્ધા ન
તેના અસ્તિત્વમાં શ્રદ્ધા રાખો અને તેનો આવિર્ભાવ આપણા
થયા વગર રહેશે નહિ તેનો આવિર્ભાવ થવાજ જોઇએ નિર્
બ્રહ્મનું જ્ઞાન આપણને એ પ્રમાણે શિખવે છે. તમારા સંતાને
આત્માવલંબનાજ આવું શિક્ષણ આપીને સામર્થ્યવાન બનાવો. તે
મગજ હલકા વિચારો આપીને નબળા થવાનું શિખવશો નહિ અ
માત્ર બાહ્ય ક્રિયાઓનોજ તેમને બોધ કરશો નહિ. તેમને સ્વાવલ
અને હિંમતવાન બનાવો. ગમે તેવી સ્થિતિમાં જય પ્રાપ્ત કર

અત્યંત મીઠો મધુર કરવું તેમને શિખવો. પ્રથમ તેમને
[illegible]ખાઓ અહિંસા અભ્યાસવો. ખાસ વેદાન્તકાર કે અહિંસા તમને
[illegible]ણી હતી. પ્રેમ અને અહિંસાના વિચારો તેમજ અન્ય ધર્મોના જે
[illegible]ચારો છે તે પણ તેમ છે; પણ તેઓ આખા ખંડથી વિચાર
[illegible]ણનો અત્યંત ઊંચા છે તે વિચાર પ્રત્યેક અન્તર્ગત છે. વેદ
[illegible]તમાં-ખાસ વેદાન્તમાર્ગ, અભિજ્ઞ વિષય. મોટો ઉપકાર કરી શકે
[illegible]ગીતો આ બધા વિચાર કરેલો છે. તે વિચાર દુનિયા અને આધ્યા-
ત્મિક જ્ઞાનની ફિલસૂફીના પણ આપી શકશે."

વેદાન્ત વિષયનું ભાષણ સમાપ્ત કરીને હવે સ્વામીજી હિંદની
પ્રાચીન સંસ્થાઓની અગત્યતા વિષે બોધ આપવા લાગ્યા. તેમણે
કહ્યું કે એ પ્રાચીન સંસ્થાઓ આપણને પ્રાપ્ત નહીં લાગી રાખવાને
ઘણી ભરેલી છે. જ્યારે એ બહાર પડી નથી ત્યારે એ સંસ્થાઓ
ઓમની કિંમત નષ્ટ થઈ નથી. તેમણે લોકોને બોધ આપ્યો કે જે
પાશ્ચાત્ય પ્રજાઓએ ૯૦૦ વર્ષની સમાજનેતા સ્થિરતા પ્રાપ્ત કરી
નથી તે પ્રજાઓનું કંઈ પણ કહેવું સાંભળવું નહિ. સ્વામીજીએ કહ્યું
કે "એક આજકાલનું બાળક, જે પ્રભુ વિષે તો મરી જાય તેવી
સ્થિતિમાં છે તે મારી પાસે આવીને મને મારી અથવા યોજનાઓ
ફેરવી નાખવાનું કહે અને તેના કહ્યા પ્રમાણે જો હું મારી યોજનાઓને
ફેરવી નાખું તો મારા જેવો મૂર્ખ બીજો કોણ? આવી ભાષાના
જેવી સલાહ જુદા જુદા દેશોમાંથી આપણને મળતી રહે છે. તેમને
હિંમતથી કહેજો કે, "તમે તમારી સમાજનેતા એક વાર સ્થિર
બનાવો અને પછીથી અમે તમારું કહેવું સાંભળીશું. તમે એક
વિચારને બે દિવસ પણ વળગી રહેતા નથી, તમે માત્ર બાળ જેવા
છો અને નિષ્ફળ નિવડો છો. વળીતરુણ પતંગીઆં જેવી છો અને
ક્ષણ ભિન્નતામાં મરી જાવ છો, તેવીજ તમારી સ્થિતિ છે. તમે પર-

પંડિતો એ આદર્શને સમજવાને હાલમાં ઘણું મથી રહેલા છે. એ આદર્શ હજારો વર્ષથી ભારતભૂમિનો અમર સુખ થઇ રહેલું છે."

અહીંઆં સ્વામીજી ત્રણ દિવસ રહ્યા અને પમ્બાન તથા રામેશ્વરના લોકોને તેમના દર્શનનો અપૂર્વ લાભ મળ્યો. બીજે દિવસે સ્વામીજી રામેશ્વર મહાદેવનાં દર્શન કરવાને ગયા. રામેશ્વરનું દેવાલય ઘણું પ્રાચીન છે. દ્વારકા, બદ્રીનાથ, અને જગન્નાથ જેવું તે પણ એક પવિત્ર ધામ છે. પાંચ વર્ષ ઉપર તે એક પ્રવાસી સાધુ તરીકે પગે ચાલીને થાક્યા પાક્યા ત્યાં ગયા હતા. હાલની મુલાકાત તેથી બહુજ જુદીજ સંજોગોમાં તેઓ લે છે એ સર્વ સ્વામીજીને સાંભરી આવ્યું. સર્વધર્મપરિષદથીજ ભારતવાસીઓની આંખો ઉઘડી હતી. તે પહેલાં તેમને ખબર નહોતી કે સ્વામી વિવેકાનંદ જેવો એક અસામાન્ય પુરૂષ ભારતવર્ષમાં વિચરી રહેલો છે. ભારતવાસીઓને પોતાના અસામાન્ય પુરૂષોની કેવી કદર છે? આપણે આપણા મહાપુરૂષો અને ઉત્તમ વસ્તુઓ તરફ કેવા બેદરકાર છીએ? આપણા મહાપુરૂષો ઈંગ્લાંડ કે અમેરિકામાં જઇને પાશ્ચાત્યોની છાપ મેળવે નહિ ત્યાં સુધી આપણને તેમના અસ્તિત્વની પણ ખબર પડતી નથી!

સ્વામીજી શિવાલયની નજીક આવ્યા એટલે સામે એક સરઘસ આવ્યું. સ્વામીજીને લેવાને તે આવતું હતું. તે સરઘસમાં શિવાલયના ધ્વજ, પતાકા, છત્ર અને હાથી, ઘોડા, ઉંટ વગેરે હતું, તેથી તે ઘણુંજ ભવ્ય જણાતું હતું. હિંદુઓ મહાત્માઓને આવી રીતેજ માન આપે છે. તે સરઘસમાં જોડાઇને સ્વામીજી અને તેમના શિષ્યો શિવાલયમાં ગયા. શિવાલય ઘણી કારીગિરીથી બાંધવામાં આવેલું છે. શિલ્પકળાના અદ્‌ભુત અને ભવ્ય નમુનાઓ ત્યાં નજરે પડે છે. ત્યાં ખાસ કરીને એક ગેલેરી (છજું) જોવા લાયક છે. ભગભગ એક હજાર થાંભલા ઉપર તે બાંધવામાં આવેલી છે. હિંદની પ્રાચીન કારીગિરીનું તે આબેહુબ

તેનામાં પુરૂષાર્થ છે, તેનામાં શ્રદ્ધા છે, તેનામાં સામર્થ્ય છે, તે સ્વાવલંબી છે. પરદેશીઓનું અનુકરણ કરનાર નવા વિચારનો મનુષ્ય સત્વહીન છે, અહીંથી તહીંથી એકઠા કરેલા વિચારોએ તેનામાં વાસ કરેલો છે; તેના વિચારોમાં એકતા, જાતીયતા તેમજ પરસ્પર સંબંધ નથી. નવા વિચારનો હિંદુ સ્વાવલંબી નથી. તેનું મગજ રાત દિવસ એક વિષયમાંથી બીજામાં અને બીજામાંથી ત્રીજામાં ભમ્યા કરે છે અને કાર્યમાં પ્રેરનાર ઉત્સાહ તો તેનામાં છેજ નહિ."

બીજે દિવસે સ્વામીજીને તામીલ અને સંસ્કૃત ભાષાઓમાં માનપત્રો આપવામાં આવ્યાં. સ્વામીજીએ તેમના યોગ્ય શબ્દોમાં જવાબ આપ્યા. રામનદના રાજાને તેમણે "રાજર્ષિ" કહીને સંબોધ્યા. ત્યાંથી સ્વામીજી પરમકુડી ગયા. ત્યાં તેમને આપેલા માનપત્રના જવાબમાં સ્વામીજીએ કહ્યું કે; દરેક સમાજનું બંધારણ તેમાંની એક વસ્તુ ઉપર મુખ્ય આધાર રાખતું હોય છે. યા તો તે આધ્યાત્મિક વિચારો ઉપર બંધાયલું હોય અથવા તો તે ભૌતિક વિચારો ઉપર બંધાયલું હોય. પણ આધ્યાત્મિક વિચારોજ માનવ જીવનને ચિરસ્થાયી સુખ અને શાંતિ આપી શકે છે. મનમદુરામાં પણ સ્વામીજીને માનપત્ર આપવામાં આવ્યું. તેમાં લખ્યું હતું કે ભારતવર્ષમાં ખ્રિસ્તીઓ અને મુસલમાનોની સંખ્યા વધતી જાય છે. સ્વામીજીએ તેનો જવાબ આપતાં જણાવ્યું કે તેમાં હિંદુઓનોજ દોષ રહેલો છે. કારણ કે હિંદુઓ ગરિબ અને સામાન્ય વર્ગના ધાર્મિક તેમજ વ્યવહારિક કલ્યાણની કાળજી રાખવાનું ભૂલી ગયા છે. સ્વામીજીએ ત્યારબાદ કહ્યું કે "એ વર્ગ ખ્રિસ્તી થઈ જવાને હાથે પીડું કે કોને હાથે પીડું ?" એવા નજીવા પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આપણે જન્મારો ગાળી નાખીએ. તેના કરતાં સામાન્ય વર્ગોની ઉન્નતિ આપવામાં સમય વ્યતીત કરો તો કેવું સારું ! સમજુ અને ધનવાન વર્ગોએ પોતાનાથી નીચેના વર્ગ તરફ બેદરકારી

રાખવાથીજ મનુષ્ય અભિમાનને પ્રાપ્ત થતો જાય છે અને તેથી શારિરીક તેમજ માનસિક શક્તિનો હ્રાસ થતો જાય છે. આજકાલ હિંદુ પ્રજાનો ધર્મ બસ પાણીયારામાં અને રસોડામાંજ આવી રહેલો છે! રસોઇનાં અને પાણીનાં પાત્રોજ તેમના ઇશ્વર બની રહેલાં છે!"

ત્યાંથી સ્વામીજી મદુરા ગયા. ત્યાંના લોકોએ પણ સ્વામીજીને માન આપવામાં બાકી બાકી રાખી નહિ.

કુંભાકોનમમાં મળેલા માનપત્રનો ઉત્તર આપતાં સ્વામીજીએ સમજાવ્યું કે, જગતમાં માત્ર વેદાન્ત ધર્મજ સૌથી શ્રેષ્ઠ છે. કારણ કે તે નિત્ય સત્યોનો બનેલો છે. એ વેદાન્તજ અખિલ વિશ્વનો ધર્મ થઇ રહેશે. તેનું કારણ એ છે કે તેમાં નૈતિક નિયમોનો પાયો તત્વજ્ઞાન ઉપર રચાયલો છે. બીજા કોઇ પણ ધર્મમાં તમને એવું જણાશે નહિ. વળી જગતનાં સઘળાં શાસ્ત્રોમાં એકલાં હિંદુશાસ્ત્રોના સિદ્ધાંતોજ આધુનિક વિજ્ઞાનશાસ્ત્રોનાં તત્વોને અનુકુળ છે. અખિલ વિશ્વની એકતા પ્રતિપાદન કરનારો વેદાન્તનો મહા સિધ્ધાંત યુરોપના વિચારવંત પુરૂષો આપણી પાસેથી લેવા ઇચ્છા રાખે છે.

યુરોપની વૈજ્ઞાનિક શોધખોળોથી યુરોપના વિજ્ઞાનશાસ્ત્રીઓએ હાલમાં સિદ્ધ કર્યું છે કે હું, તમે, સૂર્ય, ચંદ્ર અને તારાઓ, સર્વે વસ્તુઓ સમષ્ટિરૂપી એકજ અપરિમિત મહાસાગરનાં નાના મોટાં મોજાંઓ છીએ; પરંતુ હિંદુ માનવજાતે તો હજારો વર્ષ પૂર્વેથી એ વાત સાબીત કરી મૂકેલી છે. વળી તેથી પણ આગળ વધીને વેદાન્તે સમજાવ્યું છે કે દશ્યમાન થતા સર્વ જડ પદાર્થોની પાછળ સત્તા રૂપે રહેલો આત્મા પણ એકજ છે. કુંભાકોનમથી સ્વામીજી મદ્રાસ ગયા.

નિશાનીઓ હતાં. આખી સડક ઝંડીઓ અને કમાનોથી અને ધ્વજાપતાકાઓથી શણગારવામાં આવી હતી અને રસ્તાના સ્થળે સ્થળે ઉંચા દરવાજા બાંધવામાં આવ્યા. " પૂજ્ય વિવેકાનંદ ધન્ય હજો. " " આપણા વિવેકાનંદને આવકાર આપીએ છીએ. " " હિન્દુધર્મના રક્ષક ગુરુ, તમારો જય હો! " " શ્રી રામકૃષ્ણ પરમહંસના શિષ્યનો વિજય. " " એકં સત્ વિપ્રા બહુધા વદન્તિ । " વગેરે શબ્દો તે કમાનો ઉપર લખવામાં આવ્યા હતા. સ્વામીજી આવ્યા તે દિવસે એક મોટું ટોળું તેમને જોવા ઉભું હતું. સ્વામીજી ગૃહસ્થ આગ્રહ અને તેમના જેવા બીજા ગૃહસ્થો પણ તેમાં હતા.

ગાડી પાસે આવી પહોંચતાં કેટલાક લોકોએ ઘોડા છોડી નાખ્યા. સ્વામીજીને ફુલહાર પહેરાવ્યા પછી સર્વે એક સરઘસના આકારમાં ચાલવા લાગ્યા અને સ્વામીજીને ગાડીમાં બેસાડીને ખેંચી જવામાં આવ્યા. સરઘસ ધીમે ધીમે કમાનોવાળા રસ્તાઓમાં થઈને પસાર થયું. રસ્તામાં હજારો માણસો ઉભા રહ્યાં હતાં. અને સર્વે " હર હર મહાદેવ " તેમજ "જય રામ-કૃષ્ણ, વિવેકાનંદ " ના પોકારો કરતા હતા. ઠેકઠેકાણે રસ્તે ઘણી સ્વામીજીની ગાડીમાં ફળફુલ નાખવામાં આવ્યાં અને કેટલે ઠેકાણે તેમને પૈસાને બદલે કેસલ કર્નાનમાં તેમને ઉતારો આપવામાં આવ્યો.

મદ્રાસ સ્વાગતમંડળ, હિન્દુ વૈદિક સભા, સંસાર સુધારા સમાજ, ખેત્રીના મહારાજા, તેમજ બીજાં અનેક મંડળો તરફથી અંગ્રેજી, સંસ્કૃત, તામીલ અને તેલુગુ ભાષામાં લખાયેલાં બીજાં માનપત્રો વંચાયા બાદ સ્વામીજીને ભેટ કરવામાં આવ્યાં. સઘળાં માનપત્રોનો જવાબ મકાનમાં આપવો અશક્ય હતો; કારણ કે લગભગ દસ હજાર માણસો ત્યાં એકઠાં થયાં હતાં અને મકાનમાં ઉભા રહેવાની જગ્યા પણ નહોતી, એથી કરીને સ્વામીજી મકાનની બહાર આવ્યા

જોઈ કે આ અવાજ કેટલો પ્રબલ બનવા લાગ્યો, જાણે અદ્ભુત રહેતો."

ઉપર પ્રમાણે સ્વામીજી કેટલેકોની ભારે ધ્રુજાવ, માન મેળવી રહ્યા હતા, પણ તેમનો માન મદ્રાસમાં થયો હતો. તેમ મુસાફરી દરમ્યાન દરેક સ્થળે તેમનો સત્કાર-પ્રતિધ્વનિ સર્વત્ર ફેલાયું અને તે અને તેમના પ્રતિધ્વનિ જોરથી આપતા સ્વાગતમાં પ્રસરી રહે છે તેમ તેમ સ્વામીના આગમનથી કેટલી ખુશાલી અને ઉત્સાહ જેમ જેમ તે હિંદુસ્તાનમાં આગળ વધતા ગયા તેમ તેમ વધારે ને વધારે વધતો ગયો અને તેનો ધ્વનિ-પ્રતિધ્વનિ સિંહલથી હિમાલય સુધી વ્યાપી રહ્યો અને ભારતવર્ષની જાગૃતિ, શુભ ચિહ્ન તેના સર્વને અનુભવ થયું.

મદ્રાસમાં સ્વામીજી જે નવ દિવસ રહ્યા તે દિવસો મદ્રાસના લોકોને મન "નવરાત્રિના દિવસો" જેવાજ હતા. મદ્રાસીઓનો ઉત્સાહ જોઈ સ્વામીજીને પણ નવો ઉત્સાહ આવ્યો હતો અને પોતાના આવેશમાં તેમણે હિંદુઓની જવાબદારી, કર્તવ્ય અને પાશ્ચાત્ય આદર્શ તેમજ વેદાન્તની આવશ્યકતા વગેરે ઉપર ઘણું ભાર દઈને પ્રતિપાદન કરી હતી. સ્વામીજીના અનુપમ વક્તૃત્વશક્તિ અને વિદ્વત્તાએ પ્રતિપાદન કરવાની શૈલી જોઈ લોકો મદ્રાસના પ્રખ્યાત "હિંદુ" પત્રે લખ્યું હતું કે:—

"સ્વામીજી જેવી અદ્ભુત વક્તૃત્વ શક્તિવાળો વક્તા મદ્રાસના શહેરે હજુ સુધી કદી જોયો નથી. મનુષ્યના પણ જોવામાં આવ્યો નથી."

સ્વામીજીનું પહેલું ભાષણ "મારા કાર્યની યોજના" ઉપર થયું હતું. સ્વામીજીએ કહ્યું કે: "મેં અમેરિકામાં જોયું છે કે ત્યાં સામાજિક જીવન ઉપર ધર્મની અગાધ અસર કેવી થઈ છે તે વાત પ્રથમ સમજ્યા વગર ધર્મનો બોધ હું કરી શકતો નહોતો. વેદાન્તથી સામાજીક વિષયોમાં કેવા અદ્ભુત ફેરફારો થઈ રહ્યા છે એ સમજવા

શાસ્ત્રો તરીકે જે મોક્ષનો માર્ગ તે દર્શાવી રહેલાં છે તે અદ્દભુત છે. વિશ્વમાં વ્યાપી રહેલી ભવ્યતાનો તે અલૌકિક ચિતાર આપી રહેલાં છે. તેમની ભાષા ચમત્કારિક છે ઉપનિષદોના સાહિત્યમાં હિંદુ પ્રજાની વિશાળ આંતરદૃષ્ટિનું આપણને દર્શન થાય છે. ઉપનિષદોમાંથી આપણને શો બોધ મળે છે? તેમના વાંચનથી શી ફળપ્રાપ્તિ આપણને થાય છે? સ્વામીજી એ વિષે છાતી ઠોકીને કહેતા હતા કે "ઉપનિષદોના વાચનથી મારામાં અખૂટ સામર્થ્ય આવેલું છે; કારણ કે "અભય" (નિડરતા) એ શબ્દ ઉપર માત્ર ઉપનિષદોમાંજ પુરતો ભાર મૂકાયલો છે. સામર્થ્યનો ધ્વનિ પણ તેના દરેક પૃષ્ઠમાં નીકળી રહ્યો છે. તે કહે છે કે ઓ મનુષ્ય! નિર્બળ બનીશ નહિ સામર્થ્ય, સામર્થ્ય અને સામર્થ્યનીજ આપણાં ઉપનિષદો મોટી ખાણ છે આખા જગતને બળવાન બનાવી મૂકે એવું અદ્દભુત સામર્થ્ય તેમાં રહેલું છે તેમનાથી અખિલ વિશ્વ ઉત્સાહમય, સુદૃઢ અને શક્તિવાન થઇ શકે તેમ છે. વિશ્વની સઘળી પ્રજાઓમાં, સઘળા પંથોમાં અને સઘળી જાતિઓમાં જે કોઇ નિર્બળ હશે, દુઃખી હશે, બીજાની સત્તા તળે ચગદાઇ જતા હશે, તે સર્વને તે રણવાદ્યના અવાજથી સ્વાવલંબી અને સ્વતંત્ર થવાનો બોધ કરશે. સ્વાતંત્ર્ય—શારીરિક સ્વાતંત્ર્ય, માનસિક સ્વાતંત્ર્ય, આધ્યાત્મિક સ્વાતંત્ર્ય, એજ ઉપનિષદોનો મહામંત્ર છે."

સ્વામીજીનું કહેવું યથાર્થજ હતું ઉપનિષદોના અનુસરણથીજ આર્યપ્રજા એકવાર ઉત્સાહી અને સામર્થ્યવાન બની રહી હતી. ઉપનિષદોનો સમય જનક જેવા રાજાઓથી વિભૂષિત હતો. વશિષ્ઠ જેવા વિદ્વાન ઋષિઓ અને ગાર્ગી જેવી પંડિતાઓથી તે અલંકૃત હતો. તે સમયમાં સર્વત્ર બળ અને ઉત્સાહ વ્યાપી રહેલાં હતાં; અને આર્યપ્રજા ધન ધાન્યાદિથી સંતુષ્ટ થઇ પોતાનો સમય અધ્યયન

ચિંતન કે શાસ્ત્રના અભ્યાસમાં વ્યતીત કરતી હતી. સર્વત્ર સત્ય, બ્રહ્મચર્ય અને અહિંસા, ને આત્મવત્ સર્વભૂતેષુ । એ સિદ્ધાંતનું પાલન થઈ રહ્યું હતું. વિદ્વાન અને વિદુષીઓ અહીં તહીં વિચરતાં જણાતાં હતાં. રાજાઓના દરબારો વિદ્વાનોની વિદ્યાનાં વિહારસ્થાન બની રહ્યાં હતાં. ઘણા ક્ષત્રિય રાજાઓ બ્રહ્મવિદ્યાને રૂડે પ્રકારે જાણતા અને તેનો બોધ બીજાઓને કરતા. એ સમયે સર્વત્ર શાંતિ અને સુખ વ્યાપી રહેલાં હતાં.

ભારતવર્ષના માનનીય અને વિદ્વાન વક્તા બાબુ સુરેન્દ્રનાથ બેનરજી કહે છે કે, "જે સમયનું આપણને સ્મરણ પણ થઇ શકતું નથી એવા ઘણા પ્રાચીન સમયમાં અમારા પૂર્વજો લાખો મનુષ્યોને ધાર્મિક બોધથી અનંત શાંતિ પ્રાપ્ત કરાવી રહ્યા હતા. અત્યારે અને ભવિષ્યકાળમાં પણ તેમના સિદ્ધાંતો અસંખ્ય સ્ત્રી પુરુષોને શાંતિ આપી શકશે."

પણ અત્યારે! અત્યારે તો ભારતવર્ષમાં ધર્મ અને તત્ત્વજ્ઞાન ભૂલાયાં છે. સુખ અને શાંતિનું મૂળ ઉપનિષદોના રહસ્યમાં રહેલું છતાં તેમનો અભ્યાસ અને અનુસરણ કોણ કરે છે? પરિણામ એ આવ્યું છે કે ભારતવર્ષમાં સુખ અને શાંતિનો હ્રાસ થતો આવ્યો છે. ત્યારે બીજી તરફ યુરોપના મહાન વિચારકો એજ ઉપનિષદોનું અધ્યયન કરી અલૌકિક શાંતિને ભોગવતા નજરે આવે છે. મેક્સમુલર, ડ્યુસન, શોપનહોર વગેરે પાશ્ચાત્ય પંડિતોએ સંસ્કૃત વિદ્યારૂપી ક્ષેત્રને ખેડી તેમાંથી ઉત્તમ ફળ પ્રાપ્ત કરેલાં છે. એ ફળ એટલાં બધાં અમૂલ્ય અને અદ્ભુત છે કે જગત તેમના તરફ સાનંદાશ્ચર્યથી જોઇ રહેલું છે. આ રહ્યા પૂર્વજોના અને પાશ્ચાત્ય વિચારકોના દ્રષ્ટાંતો આપણને બોધ આપી રહેલા છે કે આ જગતમાં મનુષ્યોએ સુખ, શાંતિ, ઉત્સાહ અને બળ પ્રાપ્ત કરવા હોય તો તેમણે ઉપનિષદોના સિદ્ધાંતોનું પાન

"મુનિ વાલ્મીકિએ શ્રીરામનું અનુપમ ચરિત્ર આપણી સમક્ષ આદર્શરૂપ મૂક્યું છે. શ્રીરામ રાજા, પતિ અને શિષ્યની સાક્ષાત્ મૂર્તિ હતા. તે નમુનેદાર પુત્ર હતા. પતિ તરીકે, પિતા તરીકે અને રાજા તરીકે પણ તેમનું વર્ણન સર્વોપરિ છે. મહાન કવિ વાલ્મીકિએ શ્રીરામનું ચરિત્ર જે સાદી, શુદ્ધ અને સુંદર ભાષામાં વર્ણવેલું છે તેના કરતાં વધારે સરળ કે સુંદર ભાષા બીજી કોઈ હોઈ શકે જ નહિ. અને સીતાજી વિષે તો શું કહેવું? જૂના કાળના સઘળા સાહિત્યને ઉથલાવી નાંખો, પણ બીજી "સીતા" તમને જડશે જ નહિ. ભવિષ્યકાળ માટે પણ હું તમને ખાત્રીથી કહું છું કે એવી બીજી "સીતા" તમને મળવાની નથી. સીતાજીના અપૂર્વ ચારિત્ર્યનું જે વર્ણન આપેલું છે તેવું બીજું હવે તમને મળવાનું નથી."

ભગવાન શ્રીકૃષ્ણ ' સમસ્ત ભારતવર્ષનો આત્મા ' યોગીઓનું ધ્યેય ' આર્યાવર્તના ગર્વ ' ભારતવાસીઓનું ચેતન ' હિંદનો ઉત્સાહ પ્રેરક ' વિલક્ષણ મેધાવી અને અર્જુનનો સારથિ શ્રીકૃષ્ણ ' મહાભારતના પ્રચંડ યુદ્ધ વચ્ચે પણ અદ્ભુત શાંતિ ધરનારા અને નિઃશસ્ત્ર રહી વિહરનાર ' સંન્યાસીઓનો સંન્યાસી ' યોગીઓનો યોગી ' યોગ [illegible] ' સર્વ વિદ્યાઓનો પારંગત ' શ્રીમદ્ ભગવદ્ગીતાનો આત્મા! તેના હૃદયની સાક્ષાત્ મૂર્તિ ' એનું ચરિત્ર સમજવામાં સમગ્ર ભારતવર્ષમાં આજે કેટલો બધો અનર્થ થઈ રહ્યો છે? એનો બોધ ભૂલવાથી હિંદ અત્યારે કેવું સત્ત્વહીન, ભાગ્યહીન અને ઉત્સાહહીન બની રહેલું છે ' [illegible] વિદ્વાને શ્રીકૃષ્ણને એક અલૌકિક સંન્યાસી તરીકે વર્ણવેલા છે. શ્રીકૃષ્ણનું ચરિત્ર સામાન્ય બુદ્ધિથી સમજાય તેવું નથી, કેમકે અનેક વિલક્ષણ ગુણોનો તેમનામાં વાસ હતો. સાધારણ મનુષ્યોમાં જે ગુણો એકજ સ્થાને રહી શકવા અશક્ય લાગે છે, તે ગુણો તેમનામાં પરાકાષ્ઠાએ પહોંચેલા હતા. યોગવિદ્યા, [illegible],

ને બુદ્ધાવતારમાં તેમણે હૃદયની વિશાળતાને પરમાવધિએ પહોં-
ચી હતી. શ્રીકૃષ્ણ અને બુદ્ધ, બંનેએ પોતાના આત્મબળથી
ખિલ વિશ્વને ડોલાયમાન કરી મૂક્યું હતું. નરવીર ધનુર્ધર
ર્જુન મહા સમર્થ શ્રીકૃષ્ણને પોતાના સારથિ તરિકે સ્થાપીને
જયી થયો હતો, તેજ પ્રકારે પ્રતાપી શ્રીકૃષ્ણને ભારતવાસીઓ
તાના જીવનરૂપી રથના સારથિ તરિકે ગ્રહણ કરીને તેમના બોધ
માણે પોતાના જીવન પ્રવાહને વહેવરાવે તો જય આપો આપજ
મની આગળ આવીને ઉભો રહે.

આગળ ચાલતાં સ્વામીજીએ શ્રીમદ્ શંકરાચાર્યની મહત્તા અને
મના કાર્યની ઉપયોગિતા સર્વેને સમજાવી. સ્વામીજીએ કહ્યું કે
શ્રીશંકરાચાર્ય જગતમાં મોટામાં મોટા તત્ત્વજ્ઞાની થએલા છે. તેમણે
સ્થાપેલો અદ્વૈતવાદ એવો તો બળ્ય અને સર્વોત્તમ છે કે આધુનિક
વિજ્ઞાનશાસ્ત્રના મજબૂતમાં મજબૂત પ્રહારો પણ તેને જરા પણ
ખંડિત કરી શકતા નથી. શ્રીશંકરાચાર્યે લખેલા પુસ્તકો અને તેમણે
પ્રતિપાદન કરેલા સિદ્ધાંતો યુરોપના મહાન વિચારકોનું પણ ધ્યાન
ખેંચી રહેલા છે. તેમણે સ્થાપેલો અદ્વૈતવાદ સર્વ જ્ઞાનની અવધિ છે.
વિશ્વનાં ભિન્ન ભિન્ન જ્ઞાન તે તરફજ આવતાં જાય છે. એ અદ્વૈ-
તવાદ રૂપી ઇમારત ચણવામાં શ્રીશંકરાચાર્યે જે અદ્દભુત શક્તિ અને
બુદ્ધિ વાપર્યાં છે તેમાંજ તેમની બલીહારિ છે.

એ પછી શ્રીચૈતન્ય દેવની પરમ ભક્તિનો મહિમા સર્વને સમ-
જાવી સ્વામીજીએ પોતાના પરમપૂજ્ય ગુરુ શ્રીરામકૃષ્ણ પરમ-
હંસનું જીવનરહસ્ય શ્રોતાજનોને સંભળાવ્યું. તેમણે કહ્યું કે; "શ્રીશં-
કરાચાર્યમાં વિશાળ બુદ્ધિ હતી અને શ્રીચૈતન્ય દેવમાં વિશાળ હૃદય
હતું. એ બુદ્ધિ અને એ અદ્દભુત વિશાળ હૃદય, બંને જેમાં એકત્ર
થએલાં હોય એવા મહાપુરૂષનો હવે અવતાર થવાની જરૂર હતી.

દરેક ધર્મમાં–પંથમાં–સર્વત્ર એક સરખુંજ સત્ય નિહાળી રહે; સર્વત્ર એકજ પ્રભુ વ્યાપી રહેલો છે એવો અનુભવ અનુભવી રહે મનુષ્ય, પ્રાણી, પદાર્થ, દરેક વસ્તુમાં પ્રભુનેજ જુવે, ગરિબ દુખી, નિર્બળ, અસ્પર્શ્ય વગેરેને માટે જેનું હૃદય રડી રહે, હિંદમાં કે હિંદની બહાર વસ્તી પ્રજાઓના કલ્યાણ માટે જેનું ઉદાર અને દયાર્દ્ર ચિત્ત ટળવળી રહે, જ્ઞાતિબહિષ્કાર વાળેના કે મોટાઓના દાબ નીચે દયાર્દ્ર રહેલા મનુષ્યોને માટે જેનો આત્મા કકળી રહે, જેની ભવ્ય અને તેજસ્વી બુદ્ધિ સર્વે વિરોધિ પંથોમાં સલાહ શાંતિનો સંચાર કરવાની ઇચ્છા ધરી રહે, જે સર્વત્ર શાંતિનો પ્રચાર કરે અને જે બુદ્ધિયુક્ત પણ હૃદયની વિશાળતાથી ભરેલા [illegible] તરી રહે, એવા અદ્ભુત પુરુષનો ભારતવર્ષમાં જન્મ થયો [illegible] તે મહાપુરુષના પવિત્ર ચરણ કમળ [illegible] સુધી બેસવાને હું ભાગ્યશાળી થયો હતો તેમણે [illegible] સંપાદન કરી નહોતી તેમનામાં અગાધ બુદ્ધિ હતી પણ [illegible] નામ પણ લખી શકતા નહોતા આધુનિક [illegible] છતાં પણ દરેક જણને–આપણી યુનિવર્સિટિના મહાબુદ્ધિશાળી [illegible] એઓને પણ–તેમનામાં બુદ્ધિનો અપૂર્વ સાગર [illegible] પડતો. ' રાગદ્વેષ રહિત, સર્વત્ર પ્રભુનેજ [illegible] કરાવીને સ્વામીજીએ સર્વે સમજાવ્યું છે કે ભારતવર્ષમાં [illegible] હૃદય બંનેનો વિકાસ સાથે સાથે થવો આવશ્યક છે [illegible] અજ્ઞાનમાં ઐહિક કે જનદયાની સામગ્રી તેમણે [illegible] છે હરિ દેવ જગત્ જગદેવ હરિ । એ મહામંત્રને તેમણે [illegible] કર્યો છે ભગા [illegible] પવિત્ર જાન્હવીને કિનારે બેસી રહેનાર પ્રભુ ભક્ત [illegible] વિશ્વને પ્રભુ સ્વરૂપ સમજી, દીન દુખી, અનાથમાં પ્રભુને જોનાર અને સર્વત્ર આત્મભાવ પ્રસારી જગતની સેવા કરનાર ભક્તને

તેમણે વધારે ઉમેરીને જણાવ્યું કે શ્રીરામકૃષ્ણના દ્રષ્ટાંતથી તેમણે સાબીત કરી આપેલું છે કે, જગતનું વાસ્તવિક કલ્યાણ સાધનાર તો ધાર્મિક પુરુષાર્થ છે. હિંદનો ઉદય અને જય તેના ધાર્મિક વિકાસમાંજ રહેલો છે. આધ્યાત્મ બળજ સર્વ બળોમાં શ્રેષ્ઠ છે અને તે બળજ સર્વ કાર્યોને સાધવાને સમર્થ થાય છે. હિંદને જગતમાં શ્રેષ્ઠ સ્થાન પ્રાપ્ત કરવું હોય, તેણે જો જગતના ગુરૂ બનવું હોય અને અખિલ વિશ્વને પોતાને ચરણે નમાવવું હોય, તો તેણે શ્રીરામકૃષ્ણની માફક આધ્યાત્મિક વિકાસ કરવો જોઇએ. એ આધ્યાત્મિક વિકાસથીજ હૃદયની સઘળી વાસના નષ્ટ થશે. મનુષ્યોમાં ચિત્ત શુદ્ધિનો વાસ થશે, હિંદવાસીઓ રાગદ્વેષથી મુક્ત થઇ સત્ય, બ્રહ્મચર્ય અને આત્મભાવનું પાલન કરી રહેશે, અને જેમ શ્રીરામકૃષ્ણ પોતાના આધ્યાત્મિક બળથી અખિલ વિશ્વને આકર્ષી રહ્યા હતા તેમ હિંદવાસીઓ પોતાના શુભ કાર્યોથી જગતને ચકિત કરી મૂકશે. સ્વામીજીએ કહેલું કહેવું બધું સત્ય હતું તે તેમના પોતાનાજ દાખલાથી સિદ્ધ થઇ રહ્યું છે.

સ્વામીજી જાણતા હતા કે હિંદમાં સર્વત્ર કુસંપ, દ્વેષ અને અજ્ઞાન ફેલાઇ રહેલાં હોવાથી તેના ઉદયને માટે ચિત્ત શુદ્ધિની જરૂર છે. સ્વામીજી આપણા પૂર્વજોનું ગૌરવ સમજાવવા સાથે આધુનિક હિંદુઓના દોષો જણાવવાનું પણ ચૂકતા નહિ. ભારતવર્ષમાં તામસિક વૃત્તિ—જડતા, અજ્ઞાનમાં સર્વ ડુબી ગયેલા છે અને સાત્વિક વૃત્તિનો તો મિથ્યા ડોળજ જોવામાં આવે છે; સાત્વિક વૃત્તિ યાને ધર્મને નામે પ્રજા ઉલટી તામસિક વૃત્તિનેજ ધારણ કરી રહેલી છે; વગેરે બાબતો વિષે સ્વામીજી સખત ટીકા કરતા. મદ્રાસમાંના તેમના એક ભાષણનો વિષય "આપણે હવે શું કરવાનું છે?" એ હતો. આધુનિક સમયને ઉદ્દેશીને એ ભાષણમાં તેમણે કહ્યું હતું કે;—

" ભૂતકાળમાંથીજ ભવિષ્યકાળ ઘડાશે, માટે તમારાથી બને તેટલી દૂર દ્રષ્ટિ તમારા ઉજ્વળ ભૂતકાળ ઉપર નાંખો; કેમકે જીવનને ટકાવનારાં નિત્ય સત્યોના પ્રવાહો તેમાં વહી રહેલા છે. એ સત્યોનું પુષ્કળ પાન કરો અને પછી વર્તમાન તેમજ ભવિષ્યકાળ તરફ દ્રષ્ટિ ફેરવી આગળ ધસો. હિંદને વધારે કીર્તિવંત, વધારે ભવ્ય અને પ્રકાશિત બનાવો. આપણા પૂર્વજો કેવા પુરૂષાર્થી અને યશસ્વી હતા એ આપણે પ્રથમ જાણવું જોઇએ અને પછી કયાં કયાં તત્વોનું આપણું જીવન બનેલું છે; આપણી નસોમાં કયા પ્રકારનું લોહી વહી રહેલું છે; તે સઘળું આપણે જાણવું જોઇએ. આપણું જીવન તત્વોમાં અને પૂર્વજોના લોહીમાં આપણને શ્રદ્ધા હોવી જોઇએ. એ તત્વોએ ભૂતકાળમાં જે મહાન કાર્યો કરેલાં છે તેમાં શ્રદ્ધા રાખીને તેમજ પ્રાચીન ગૌરવનું ભાન હૃદયમાં જાગ્રત રાખીને ભાવી હિંદને આપણે વધારે યશસ્વી બનાવવા મથવું જોઇએ. આપણી પવિત્ર દંતકથાઓ અને આપણા ધર્મની ભાવનાઓ ઉપર ભાવી હિંદની ઇમારત ચણવી જોઇએ. યુરોપમાં રાજ્ય વિષયક બાબતોથીજ પ્રજામાં ઐક્ય ઉત્પન્ન થાય છે અને ટકે છે; ત્યારે એશિઆમાં ઐક્યનું મૂળ ધાર્મિક બાબતોમાંજ રહેલું છે. માટે હિંદમાં પ્રથમ ધાર્મિક ચેતના આવવાની જરૂર છે. "ધાર્મિક ચેતના એટલે શું? સઘળા હિંદુઓ જાણે છે કે તેમના ધર્મમાં એવાં સર્વમાન્ય નિત્ય સત્યો રહેલાં છે કે જે સત્યો હિંદુઓના સઘળા પંથો અને સમાજોને માન્ય છે. એ નિત્ય અને જીવનપોષક સત્યોને દરેક પુરૂષ, સ્ત્રી અને બાળક સમજે અને રગે રગમાં ઉતારે તો સર્વ અનિષ્ટો દૂર થઇ જઇને સર્વત્ર ધાર્મિક ચેતના દ્રશ્યમાન થઇ રહે, એમ સ્વામીજીનું દ્દઢપણે માનવું હતું.

સ્વામીજીએ મદ્રાસમાં જે ભાષણો આપ્યાં હતાં તે ખાસ કરીને

સ્વામી વિવેકાનંદ હિંદુસ્તાનના કિનારા ઉપર ઉતર્યાની વા
બંગાળા ઈલાકામાં ફેલાઇ ત્યારથીજ સર્વત્ર હર્ષ અને ઉત્સાહ વ્યાપ
રહ્યો હતો, અને દરેક બંગાળીનું હૃદય તેમને માટે સ્નેહ, ગ
અને સ્વદેશાભિમાનની લાગણીથી ઉછળી રહ્યું હતું સ્વામીજ
કલકત્તાના સ્યાલદા સ્ટેશને આવી પહોંચતાજ કલકત્તાના હજારો રહેવા
સીઓ ત્યા એકઠા થઇને તેમની રાહ જોઇ રહ્યા હતા તેમણે ભા
જયઘોષ કર્યો.

આગગાડી સ્ટેશન ઉપર ઉભી રહી એટલે સ્વામીજી ઉભા થઈ
બે હાથ જોડી સર્વેને નમન કરવા લાગ્યા અને લોકો તેમને ખુશ
લીના પોકારોથી વધાવી લેવા લાગ્યા સ્વામીજી ગાડીની બહાર નીક
ળતાજ ઘણા લોકો અત્યંત ભક્તિભાવથી તેમના ચરણ કમળની
પવિત્ર રજ પોતાને મસ્તકે ધરવા લાગ્યા. સ્વાગત મંડળીના પ્રમુખ
"ધી ઈન્ડીયન મીરર" પત્રના માનવતા અધિપતિ બાબુ નરેન્દ્રનાથ
સેન સ્વામીજીને સ્ટેશનની બહાર લઇ ગયા ઘણા સંન્યાસીઓ
સ્વામીજીના દર્શનને માટે ત્યા આવ્યા હતા. તેમા તેમના ગુરૂભાઈઓ
પણ હતા. અહીંઆ સ્વામીજીને ઘણા પુષ્પહાર પહેરાવવામા આવ્યા
હતા. જેમની વચમાં સ્વામીજી ઉછર્યા હતા તેમનેજ અપૂર્વ માન
આપતા જોઇને સ્વામીજીની આંખોમા હર્ષના આંસુ આવી ગય

સ્વામીજી મી. સેવીઅર અને તેમના પત્ની, તર્ણે જણ બહાર
ઉભી રાખેલી ગાડીમા બેઠા પછીથી એક મોટો વરઘોડો કઢાડવામા
આવ્યો અને સ્વામીજીને રીપન કૉલેજમા લાવવામા આવ્યા
જે મહોલ્લાઓમાં થઇને વરઘોડો પસાર થવાનો હતો ત્યા આખે
રસ્તે ધ્વજા, પતાકા અને પુષ્પોના તોરણો લટકાવવામા આવ્યા હત
સરક્યુલર રોડ ઉપર કેટલાક આરકો ઉભા કરીને તેના ઉપર "પધારો
સ્વામીજી" "[illegible]" "[illegible]" વગેરે લખવામા

હતા. રીવા બજારમાં રાજા સર રાધાકાન્ત દેવ બહાદુરના મહેલમાં માનપત્ર આપવાનું હોવાથી સમય ખાસ કરાર ભાગ્યોનો જમાવ ના થઇ રહ્યો હતો. સભાનું પ્રમુખસ્થાન રાજા બિનય કૃષ્ણ દેવ બહાદુરને આપવામાં આવ્યું હતું.

સભામાં ઘણા રાજાઓ, મહારાજાઓ, સંન્યાસીઓ, પંડિતો અને કલકત્તાના મુખ્ય ગૃહસ્થો આવેલા હતા. દેશભક્ત નાગરિકો [illegible] સ્વામીજીનો [illegible] આદરથી સત્કાર કરવા આવ્યા હતા અને વિદ્યાર્થીઓના તો [illegible] સ્વામીજીની સેવા કરવાને [illegible] [illegible] માનપત્ર [illegible] માનપત્ર ગોરખુદેવની [illegible] [illegible] [illegible] [illegible] આપવામાં આવ્યું હતું. તેમ [illegible]

ઉખડીજ જવાના.''

માનપત્રનો ઉત્તર અપાઇ રહ્યા પછીથી સ્વામીજી ગોપાળલાલ શીલના બગીચામાં જવાને નીકળ્યા. સ્વામીજીએ પોતાને પગે જોડા પણ પહેર્યા નહોતા. તેમના શરીરપર એક લાંબો ભગવો ઝબ્બો અને માથે ફેંટો હતો. લોકો એમને જોઇને રસ્તામાં ખુશાલીના પોકારો કરતા અને ટોળે ટોળા એમની પાછળ ફરતા.

જ્યાંસુધી સ્વામીજી કલકત્તામાં રહ્યા ત્યાંસુધી બંગાળા ઇલાકાના પુષ્કળ લોકો સ્વામીજીના દર્શન કરવા માટે આવતા અને તેમના તરફ ઘણો પૂજ્યભાવ દર્શાવતા. ધાર્મિક મહાન પુરૂષને માન આપવાનું તો માત્ર ભારતવાસીઓજ જાણે છે. યુરોપ અને અમેરિકામાં રાજ્યનીતિજ્ઞ પુરૂષોને માન આપવામાં આવે છે અથવા તો ત્યાં મોટી મોટી લડાઇઓમાં બિચારા નિરપરાધિ મનુષ્યોને હણી વિજય પ્રાપ્ત કરી આવનારા સેનાપતિઓ પૂજાય છે; પણ ભારતવર્ષમાં તો રાગદ્વેષ, અજ્ઞાતિ અને નાસ્તિકતા રૂપી શત્રુઓ ઉપર જય મેળવનાર ધાર્મિક વીર પુરૂષને જે માન આપવામાં આવે છે, તેવું માન મેળવવાને બીજું કોઇ પણ ભાગ્યશાળી થતું નથી ધાર્મિક બાબતોમાંજ હિંદુઓને વધારે રસ પડે છે. હિંદુઓ જેટલી ધર્મની દરકાર કરે છે તેટલી રાજ્યદ્વારી, સામાજીક કે આર્થિક બાબતની દરકાર કરતા નથી. સ્વામીજીને હિંદુઓના આધ્યાત્મિક વિચારોની શ્રેષ્ઠતા સાબીત કરી આપી ત્યારથીજ ઘણા હિંદવાસીઓ તેમનાં વ્યાખ્યાનો અને લેખોના અભ્યાસક બની રહ્યા હતા. હવે તે મહાત્મા હિંદમાં પધારેલા છે એમ જાણીને હિંદના નાના અને મોટા, ગરીબ અને તવંગર, સર્વે મનુષ્યોના આનંદ અને પ્રેમનો સુમાર રહ્યો ન હતો.

આલમ બજારના મઠમાં સ્વામીજી ઘણાઓની મુલાકાત લેતા અને ઘણાઓ જોડે પત્ર વ્યવહાર ચલાવતા. બાળ, વૃદ્ધ અને યુવાન

સર્વ કોઈ તેમના દર્શને આવતા. પુષ્કળ જિજ્ઞાસુ મનુષ્યો તેમની પાસે આવીને પોતાનું હૃદય ખોલતા અને સ્વામીજી તેમનું સમાધાન કરી તેમને શાંતિ અને ઉત્સાહ આપતા.

સ્વામીજી અમેરિકા ગયા તે પહેલાં તેમણે હિંદમાં પ્રવાસ કર્યો હતો એ સમયે તેઓ એક બાળક જેવા સાદા અને ભોળા જણાતા હતા. નમ્રતાએ તેમનામાં વાસ કરેલો હતો અને વૈરાગ્યની તો તે સાક્ષાત્ મૂર્તિજ હતા. પશ્ચિમમાં પણ તેમણે તે ગુણોનું બરાબર પાલન કર્યું હતું અને ત્યાંના વાસથી તેમાં કંઈ પણ ફેર પડેલો નહોતો. હિંદમાં આવ્યા પછી તેમને હિંદુઓએ ભારે માન આપ્યું તેથી તેમની એ સાદાઈ, નમ્રતા કે વૈરાગ્ય ઉપર કોઈ પણ જાતની અસર થઈ નહોતી. કલકત્તામાં તેમણે "વેદાન્ત" ઉપર ભાષણ આપ્યું હતું. કલકત્તાવાસીઓને તેમના ભવ્ય વિચારો, શાસ્ત્ર પરિચય, અંગ્રેજી અને સંસ્કૃતનું અગાધ જ્ઞાન, ઉદાત્ત વાણી તેમજ અસાધારણ બુદ્ધિનું સાક્ષાત્ દર્શન થયું.

એ ભાષણમાં સ્વામીજીએ પ્રથમ ભારતવર્ષનો ધાર્મિક ઇતિહાસ તથા તત્વજ્ઞાનની ભિન્ન ભિન્ન શાખાઓનું વર્ણન કર્યા પછી ઉપનિષદોની ઉત્પત્તિ અને સિદ્ધાંતો વિષે બોલતાં કહ્યું કે: "ઉપનિષદોના કેટલાક સિદ્ધાંતો હિંદના સઘળા પંથોને માન્ય છે. એમાંનો પહેલો સિદ્ધાંત એ છે કે જીવાત્મા પુનર્જન્મ ધારણ કરે છે...મનુષ્ય દેહમાં પ્રથમ સ્થૂળ શરીર છે; તેની પાછળ સૂક્ષ્મ શરીર રહેલું છે અને તેની પાછળ જીવાત્મા રહેલો છે. પાશ્ચાત્ય માનસશાસ્ત્ર અને હિંદના પ્રાચીન માનસશાસ્ત્રમાં મોટો ભેદ એ છે કે પાશ્ચાત્ય માનસશાસ્ત્ર મનનેજ આત્મા માને છે. જે ખરું જોતાં જીવાત્માનું માત્ર અંતર સાધનજ છે. એ સાધનદ્વારા જીવાત્મા બાહ્ય જગતમાં દરેક ક્રિયા કરે છે. આ જીવાત્મા અમર અને અનાદિ છે. તે અનેક જન્મ ધારણ કરે છે અને મોક્ષ પ્રાપ્ત

અપ સર્વેનાં હૃદય ઉપર પડી રહેતી.

સ્વામીજીનું લક્ષ ખાસ કરીને કલકત્તાના સુશિક્ષિત પણ અવિ-વાહિત યુવાનો તરફ વધારે ખેંચાતું. ભારતવર્ષના ઉદયનો આધાર તેના યુવાનો ઉપર રહેલો ધારીને સ્વામીજી તેમની સાથે બહુજ છૂટથી વાર્તાલાપ કરતા. તેમાંના જેઓ સંસ્કૃત ભાષાના અને ધાર્મિક વૃત્તિવાળા હોય તેમને જગતના હિત માટે અને પોતાના આત્માના કલ્યાણ માટે શિક્ષણ આપી તૈયાર કરવા એવી તેમની ઇચ્છા હતી. યુવાનોની શારીરિક નિર્બળતાને માટે સ્વામીજી ઘણીજ દિલગીરી દર્શાવતા અને તેમાંના કેટલાક કરેલા બાળલગ્નને ધિક્કારતા. યુવાનોમાં આત્મશ્રદ્ધાનો અભાવ જોઇને તેઓ તેમને આત્મશ્રદ્ધાની મહત્તા સમજાવતા. આપણા પ્રાચીન શિક્ષણ અને આદર્શો તરફ તેમની અશ્રદ્ધા જોઇને સ્વામીજીને ભારે ખેદ થતો અને એ શિક્ષણ અને આદર્શો તરફ હજી પણ અલક્ષ્ય રાખવામાં આવશે તો હિંદુજીવન છેવટે સમૂળું નષ્ટ થઇ જશે એમ તે યુવાનોનાં હૃદયમાં ઠસાવતા. યુવાનો પ્રત્યે સ્વામીજીનું વર્તન અને બોધ અત્યંત પ્રીતિ અને મમતાથી ભરપુર હતા. તેમના અંતઃકરણમાંથી પ્રેમનો ઝરો વહી રહ્યો હતો. તેમની પાસે બેસનાર યુવાનો જાણે પ્રેમના મહાસાગરમાંજ નાહી રહ્યા હોય એવું તેમને લાગતું. સ્વામીજીના આવા પ્રબળ પ્રેમ અને સુબોધના પ્રભાવથી ઘણા યુવાનો સ્વામીજી તરફ આકર્ષાઈ તેમના અનુયાયીઓ બન્યા અને કેટલાક તો તેમના ચુસ્ત શિષ્યોજ થઇ રહ્યા.

સીલના બગીચામાં એક વખત એક વૈષ્ણવ સાધુ આવીને વૈષ્ણવ ધર્મ સંબંધી વાત કરવા લાગ્યો. તેનું ધારવું એમ હતું કે સ્વામીજી વેદાન્તનો બોધ કરવા આડે વૈષ્ણવ ધર્મનું રહસ્ય પાશ્ચાત્યોને સમજાવવાનું ભૂલી ગયા હતા! એ વૈષ્ણવ સાથે કેટલીક વાતચીત કર્યા પછી સ્વામીજીએ કહ્યું કે, “બાબાજી, એક વખત અમેરિકામાં મેં

... સેવા કરવી એ ... દ્વારા આ સંસાર છે. તાગથી
... દુઃખી મનુષ્યોની સેવા કર. "

એક દિવસ એક વૃદ્ધ પ્રોફેસર જે શ્રીરામકૃષ્ણના ભક્ત હતા તે
સ્વામીજીની પાસે આવ્યા અને તેમને પૂછવા લાગ્યા કે: " સ્વામીજી,
સેવા, પરોપકાર અને જગતનું કલ્યાણ કરવાની વાતો કરો છો;
પણ એ પણ માયાની જ હદમાં છે. વેદાન્ત પ્રમાણે તો મનુષ્યે મુક્તિને
કરવાને માયાનાં સર્વ બંધનોને તોડી નાખવાં જોઈએ. તેને
પરોપકારાદિ કરવાથી તો માયાની ઉપાધિમાં મન પડી
છે. "

સ્વામીજીએ એકદમ જવાબ આપ્યો: " પણ ત્યારે તો મુક્તિને
કરવી એ પણ માયાનુંજ કાર્ય નથી ? આત્મા સર્વદા મુક્ત
છે એમ વેદાન્ત આપણને શિખવતું નથી ? મુક્ત આત્માની બાબતમાં
મેળવવાની કેવી હોય ? કાંટા વડે કરીને કાંટાની પેઠે આપણા
પગમાંના મેલરૂપી) એક વસ્તુને બીજી (સાત્વિકરૂપી) વસ્તુ વડે
ની પેઠે તામસ માયાને માયાથી અને રાજસ માયાને સાત્વિક
જ દૂર કરવાનું બની શકે છે. પછી જે એકલી સાત્વિક માયા
તો સ્વભાવજ એવો છે કે તે આપો આપજ દૂર થઇ જશે."

એક દિવસ શ્રીરામકૃષ્ણ પરમહંસના ભત્રીજા શ્રીરામલાલ મઠે
સ્વામીજીને મળવાને આવ્યા. તેમને જોઈને સ્વામીજી
ખુરશી ઉપરથી ઉભા થયા અને પોતાની ખુરશી તેમને આપી.
બીજા જે અનેક મનુષ્યો સ્વામીજીની આસપાસ બેઠેલા હતા
તેમાં સ્વામીજીની ખુરશી ઉપર બેસવાનું રામલાલને ઠીક
... દેથી તેમણે સ્વામીજીને પોતાને સ્થાને પાછા બેસી જવાનું
સ્વામીજીએ તે માન્યું નહિ. તેમણે રામલાલને આગ્રહપૂર્વક
ખુરશી ઉપર બેસાડ્યા અને ખુરશી એકજ હોવાથી સ્વામીજી

પોતે આટા ફેરા કરવા લાગ્યા અને મુખેથી ઉચ્ચારવા લાગ્યા કે "ગુરુવત્ ગુરુપુત્રેષુ।" સ્વામીજીની સાદાઇ, નિરભિમાન અને ગુરૂભક્તિનો આ ઉત્તમ દાખલો છે.

જુદા જુદા સ્વભાવના મનુષ્યો સ્વામીજીની પાસે આવતાં અને જુદા જુદા વિષયોનું નિરાકરણ કરી લેતા. એકવાર એક મનુષ્યે સ્વામીજીને કહ્યું કે, જ્યાસુધી મનુષ્ય પોતાની જાતને સૌથી હલકામાં હલકી ગણે નહિ ત્યાસુધી ઉચ્ચ ધાર્મિકતાનો વાસ તેનામાં થઇ શકે નહિ એ વાત ખરી છે કે નહિ? સ્વામીજી બોલી ઉઠયા: "આપણે આપણી જાતને એટલી બધી હલકી શા માટે ગણવી જોઇએ? આપણે મહાજ્યોતિના પુત્રો છીએ. અખિલ વિશ્વમાં જે મહાજ્યોતિ વ્યાપી રહેલી છે તેમાં આપણે રહીએ છીએ, વિચરીએ છીએ અને અસ્તિત્વ ધરાવીએ છીએ. એ સત્યને જો આપણે સમજ્યા હોઈએ તો પછી અજ્ઞાનાંધકારને લીધે જે કાંઇ દોષો આપણામાં હોય તે ધાતુ ઉપરથી મેલ ઘસી નાખીએ તેમ દૂર કરવા જોઈએ એ વાત ખરી છે; પણ આપણે મૂળેજ ખરાબ છીએ અને ખરાબમાં ખરાબ છીએ એવું ઉંધું તો નજ માની લેવું જોઇએ.

એક દિવસ એક ગોરક્ષક મંડળીનો એક ઉપદેશક સ્વામીજીની પાસે આવીને ગોરક્ષાના કામમાં પૈસાની મદદ માગવા લાગ્યો.

સ્વામીજીએ તેને પુછ્યું કે મધ્ય હિંદુસ્તાનમાં ભયંકર દુકાળ પડી લાખો માણસ મરી રહ્યા છે તેમને બચાવવાને તમારી મંડળી કંઈ કરે છે?

ઉપદેશક—એવી આપત્તિમાં મદદ કરવી એ અમારૂં કામ નથી. ગૌમાતાઓનું રક્ષણ કરવું એજ અમારો હેતુ છે.

સ્વામીજી—પણ ભૂખથી મરી જતા મનુષ્યોને મુઠીભર અનાજ આપીને બચાવવા એ જીવ દયાનું મોટું કામ છે અને એ તમારી રાજ

કે કેમ તમને નથી સમજાતું ?

ઉપદેશક—તેઓનાં કર્મોનુંજ ફળ તેઓ ભોગવી રહેલા છે.

સ્વામીજી—સાહેબ, જે મંડળોમાં માનવજાતિ માટે દયાની લાગણી નથી; જે મંડળો પોતાના સ્વદેશ બંધુઓને ભૂખે મરતા દેખે, પૈસા ભેગા કરીને માત્ર પશુ પક્ષીઓને માટેજ લાખો રૂપીઆ ખરચી નાખે છે; તેવાં મંડળોને માટે મને જરાએ લાગણી નથી. "મનુષ્યો તેમનાં દુષ્કર્મોને લીધે દુકાળથી મરે છે માટે તેમને મરવા દો" આવાં નિર્દયતાથી ભરેલા વચનો ઉચ્ચારતાં તમને શરમ આવતી નથી ? જો મનુષ્ય તેના કર્મોનુસારજ થાય છે તો પછી ગૌમાતાઓ માટે અને પોતાના નિર્વાહ માટે પણ માણસે શું કરવા યત્ન કરવો જોઇએ !

ઉપદેશક—પણ સ્વામીજી, આપણાં શાસ્ત્રો કહે છે કે "ગાય આપણી માતા છે।"

એ શબ્દો સાંભળીને સ્વામીજી જરાક હસ્યા અને બોલ્યા "હા, ગાય તમારી માતા છે, નહિ તો આવા તમારા જેવા (બળદ જેવા) બુદ્ધિશાળી પુત્રો પેદા થાય ક્યાંથી ?"

ઉપદેશકના ગયા પછી સ્વામીજીએ બીજા બેઠેલા ગૃહસ્થોને કહ્યું કે આવા ઉંધા વિચારોથીજ આપણો દેશ દુર્દશામાં જઇ પડેલો છે. કર્મના નિયમને લોકો ક્યાં સુધી અવળો ઘસડી ગયા છે અને તેમાંથી કેવી નિર્દયતા ઉત્પન્ન થઇ રહેલી છે ! અફસોસ ! જેમને મનુષ્યો માટે લાગણી ન હોય તેમને મનુષ્યોજ શી રીતે કહેવાં ! "

સ્વામીજીના બધા સંવાદોનું વર્ણન આ સ્થળે આપી શકાય નહિ.* અહીંઆં એટલુંજ કહેવું બસ થશે કે તેમના સંવાદો અને વાર્તાલાપ હિંદના યુવાનોને સ્વકર્તવ્યનું ભાન કરાવનાર છે. તે સંવા-

* સસ્તુ સાહિત્ય તરફથી આ સંવાદો પણ નિકળ્યા છે.

દ્વારા સ્વામીજીએ ભારતવર્ષને પોતાનો સંદેશો કહેલો છે. તે સંદેશો સ્વદેશપ્રીતિ અને ધર્મભાવનાથી ભરપુર છે.

એક દિવસ એક શિષ્ય જોડે વાત કરતાં સ્વામીજી કહેતા હતા કે; હેલાં હજારેક વર્ષથી તમને હિંદવાસીઓને એમજ કહેવાતું રહ્યું છે કે તમે નિર્બળ છો અને તમે પણ તેમજ માની બેઠેલા છો; પરંતુ આ મારૂં શરીર પણ તમારી પેઠે ભારતભૂમિમાંજ જન્મ પામેલું છે કે નહિ ? છતાં પણ જે પરદેશીઓ તમને નિર્બળ અને હલકા ગણે છે તેઓ મને શા કારણથી ગુરૂ તરીકે માને છે ? મારી આત્મશ્રદ્ધાથી અને પ્રભુકૃપાથીજ તેમ બન્યું છે. મારામાં જે આત્મશ્રદ્ધાએ વાસ કરેલો છે તે આત્મશ્રદ્ધા જો તમારામાં હોય—જો તમે પણ એમજ માનો કે તમારામાં અપરિમિત શક્તિ અને નિસિમ જ્ઞાન ભરેલા છે તો તમે પણ અવશ્ય મારા જેવા થઇ શકો અને અદ્‌ભુત કાર્યો કરી શકો. તમે કહેશો કે એવો વિચાર કરવાનું સામર્થ્યજ અમારામાં ક્યાં છે ? અમારામાં તેવી શ્રદ્ધા જગવનારા અને અમને એવા સામર્થ્યનો બોધ આપનારા ગુરૂઓ ક્યાં છે ? પરંતુ તમને તે આત્મશ્રદ્ધા અને સામર્થ્યનો બોધ કરવાને અને મારા પોતાના દૃષ્ટાંતથી તમને તે પ્રત્યક્ષ કરાવવાનેજ હું તમારી પાસે આવેલો છું. તે મહા સત્યને તમે મારામાંથી શિખો અને અનુભવે પછી શહેરે શહેર અને ગામે ગામ ફરીને એ સત્યને ફેલાવો. જાઓ અને દરેક ભારતવાસીને કહો કે, " ઉઠો, જાગૃત થાઓ, સ્વપ્નાવસ્થાનો ત્યાગ કરો. જાગૃત થાઓ અને તમારામાં રહેલા દેવત્વને બહાર કહાડો. " દુનિયામાં એવી આવશ્યકતા એક નથી, એવું દુઃખ એક નથી કે જે આત્મશ્રદ્ધાથી દૂર ન થઇ શકે

હવે કેટલાક પંડિતો પણ સ્વામીજીના જ્ઞાનની કસોટિ કરવાને સીલના બગીચામાં આવવા લાગ્યા. વેદ અને દર્શનોમાં પારંગત થયેલા

મારેજ મારામારી કરી મૂકે છે. તેઓ પતરાળાં પડીયાઓથી ચોકા સુકાપણું શોધી કહાડીને તેને મારેજ એટલા બધા લડી મરે છે કે પતરાળામાં ખોરાક પીરસવાનુંજ બને નહિ ને પીરસાયું હોય તો ખાવાનું બને નહિ. પશ્ચિમના પ્રદેશોમાં જતા પહેલાં પણ સ્વામીજી ઘણીવાર કહેતા હતા કે ઉચ્ચ વિચારો અને વ્યવહારિક જીવન વચ્ચે રહેલો સંબંધ સમજીને તે પ્રમાણે વર્તવાની તો તેઓ જરૂરજ જોતા નથી. ઘણા કાળથી ચાલતા આવતા જુના ચીલામાં તેઓ પોતાનું જીવન વહેવરાવ્યા કરે છે અને પોપટીયા તત્વજ્ઞાનની મિથ્યા કડાકુટમા સંતોષ માને છે.

પ્રકરણ ૪૭ મું–રામકૃષ્ણ મિશનની સ્થાપના.

કલકત્તામા સ્વામી વિવેકાનંદનું ચિત્ત અનેક બાબતોમાં પરોવાઈ રહ્યું હતું; છતા દક્ષિણેશ્વરની પાસે આવેલા આલમબજાર મઠ તરફ તેમનું લક્ષ્ય વધારે હતું. ઘણા વરસના વિયોગ પછી સ્વામી વિવેકાનંદને–તેમના વ્હાલા નરેન્દ્રને–જોઇને મઠના સાધુઓની ખુશાલીનો પાર રહ્યો નહિ.

શ્રી રામકૃષ્ણ સાથે ગાળેલા દિવસો અને પરિવ્રાજક સાધુની તરીકે ગાળેલો સમય સર્વેને યાદ આવવા લાગ્યો. સ્વામીજી પોતાના ગુરૂભાઇઓ અને શ્રીરામકૃષ્ણના ભક્તોને પશ્ચિમની અનેક વાતો અને અનુભવો કહેવા લાગ્યા. ધીમે ધીમે સ્વામીજી તેમની દૃષ્ટિને પણ વિશાળ બનાવવા લાગ્યા. પોતાના પાશ્ચાત્ય શિષ્યોને તેમની સાથે મેળવવા લાગ્યા. પ્રથમ તો તેમના જુના વિચારના અને ધર્મચુસ્ત ગુરૂભાઇઓ તેઓનો સહવાસ રાખવાની ના પાડવા લાગ્યા; પરંતુ ધીમે ધીમે તેમના મનનું સાંકડાપણું સ્વામીજીએ કહાડી નાખ્યું અને

અને જને તો તેને તેનો ઉપાય પણ બતાવતા. પ્રજારૂપી વૃક્ષના મૂળ રૂપ અને થડ સમાન પોષણ આપનારી સઘળી પ્રવૃત્તિઓ તરફ સ્વામીજીની સહાનુભૂતિ હતી. પ્રજારૂપી વૃક્ષનાં મૂળને પોષણ અને ડાળાં તરફ બેદરકાર રહેવું કે ડાળાંને પોષણ અને મૂળ તરફ બેદરકાર રહેવું, એ સ્વામીજીની દીર્ઘ દૃષ્ટિમાં પ્રજારૂપી વૃક્ષનું પોષણ સંપૂર્ણ નહિ.

હવે સ્વામીજી પોતાના ગુરૂભાઇઓ, શિષ્યો અને શ્રીરામકૃષ્ણના ભક્તોનું ચારિત્ર્ય ઘડવા લાગ્યા. તેમનામાં આત્મશ્રદ્ધાનો વિકાસ કરવા લાગ્યા. "તમે સિદ્ધો છો, તમે આધ્યાત્મિક જ્ઞાનના ભંડાર છો, સર્વ શક્તિમાન છો, અખિલ વિશ્વને પ્રકાશનારી [illegible] શક્તિ રહેલી છે માટે તમે આત્મશ્રદ્ધા ધરો અને તમારામાં રહેલી શક્તિઓને જાગૃત કરો." એવા પ્રકારનો અનેક બોધ સ્વામીજી તેમને કરવા લાગ્યા. [illegible] ગરીબોની સેવા કરે અને [illegible] કરવાનું શીખવે. [illegible] દેશબાંધવાના [illegible] કરતા ગયા, પણ પ્રભુને [illegible] અને [illegible] [illegible] ભાષા-સંબંધી [illegible] છે [illegible] માટે [illegible] દેશને માટે [illegible] [illegible] છે [illegible] નિર્ભય, [illegible] અને દુઃખી મનુષ્યોના [illegible] અને [illegible] [illegible] છે. [illegible] નવીન [illegible] [illegible] છે [illegible] દુઃખી [illegible] નહિ [illegible] અને દુઃખીને [illegible] [illegible] થઇ [illegible].

[illegible] સ્વામીજીના [illegible] [illegible] [illegible] હવે [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] અધિકાર [illegible]

સંન્યાસ દિક્ષા આપી. દિક્ષાની ક્રિયાઓ સામાન્ય વિધિ થયા પછી સઘળા બ્રહ્મચારીઓ સ્વામીજીને પગે લાગ્યા. સ્વામીજી તેમને આશિર્વાદ આપીને બોલ્યા કે, "મનુષ્ય જીવનનું ઉંચામાં ઉંચુ વ્રત તમે ધારણ કર્યું છે. ધન્ય છે તમારા જન્મને, ધન્ય છે તમારી જનનીને, ધન્ય છે તમારા પૂર્વજોને!"

સાંજે સ્વામીજીએ વૈરાગ્યની મહત્તા સમજાવતાં દિક્ષા લેનારાઓને સંબોધીને કહ્યું કે; "યાદ રાખો કે પોતાનો મોક્ષ મેળવવાને અને જગતનું કલ્યાણ કરવાને માટેજ સંન્યાસનો આશ્રમ છે. आत्मनः मोक्षार्थं जगद्धिताय च । ચારિત્ર્ય અને આધ્યાત્મિક સમૃદ્ધિને ખીલવીને જનસમાજમાં તમારે તેને ફેલાવવાની છે. આપણાં મહાન શાસ્ત્રોના સિદ્ધાંતો કે જે સર્વને માટે અનુકુળ અને સુગમ થઇ પડે તેમ છે. તે સર્વેને સમજાવી તેમનો વ્યવહાર નીતિમય, સરલ, ઉદાર અને ઉચ્ચગામી બને તેમ કરવાનું છે. જ્ઞાન ભક્તિનાં અધિકારી ઉચ્ચ હૃદયોમાં જ્ઞાનનો પ્રકાશ પાડીને તેમાં સુપ્ત રહેલા પરમેશ્વરી સિંહને જાગૃત કરવાનેજ આ જગતમાં સંન્યાસીનું જીવન છે. માટે ઉઠો, જાગૃત થાઓ અને બીજાઓને જાગૃત કરો. તમારૂં કર્તવ્ય બજાવો, એટલે મોક્ષને પણ આપોઆપ જ તમારી પાસે આવી પડેલો જોશો." સ્વામીજીએ ઉપર્યુક્ત વાક્યોમાં સંન્યાસનો હેતુ અને આદર્શ પોતાના ગુરૂભાઇઓ અને શિષ્યોને સમજાવી દીધાં હતાં.

ઉપરના શબ્દો બોલતે બોલતે સ્વામીજીના મુખ ઉપર આધ્યાત્મિકતાનું દિવ્ય તેજ પ્રસરી રહ્યું હતું. તેમના હૃદયમાંથી અલૌકિક પ્રકાશ અને સ્ફુરણો સર્વ તરફ વહી રહ્યાં હતા. "સ્વામીજી આગળ બોલવા લાગ્યા કે તમારી જાતને માટે સુખ સગવડ નહિ શોધતાં સર્વ-ક્ષેમ ઇશ્વર ઉપરજ રહેલો દેખો. દરેક પ્રકારની આસક્તિને-કંચન

અને કામિનીને વગર ઇચ્છ્યાં—તમારે છેદી નાખવી. આવી મળે તોપણ તેને ઝેર સમાન ગણીને તેનાથી દૂરજ રહેજો. જ્ઞાન અને ચારિત્રના ધન આગળ તેને અને રાજ્યપ્રાપ્તિને પણ તુચ્છજ જાણજો. આ ઋષિવાક્ય સદા નજર સામે રાખ્યા કરજો કે अभिमानं सुरा-पानं गौरवं घोर रौरवं। प्रतिष्ठा सुकरी विष्ठा त्रितयंत्यक्त्वा सुखि भवेत ॥ અર્થાત્ દેહાભિમાનને સુરાપાન સમજજો. કુળ કે જાતિની ઉચ્ચતાના ગૌરવને ઘોર નર્કતુલ્ય જાણજો. કીર્તિ અને દેખાવ ને પુરી પાડવાવાળી દિવાની દુનિયાની વાહવાહને સુવરીની વિષ્ટા સમજજો. આ ત્રણેને ત્યજવાથીજ તમે આત્મસુખને પામી શકશો. એ કશાની ઇચ્છા ન રાખતાં તમારા મોક્ષને માટે અને જગતનું કલ્યાણ કરવાને માટેજ તમારે તમારું જીવન ગાળવાનું છે. હું તમને પૂછું છું કે તમે તમારા ખરા અંતઃકરણથી આ બધું કરશો? પૂરો પૂરો વિચાર કર્યા પછીજ સન્યાસ ગ્રહણ કરો. હજી પણ પાછા પૂર્વાશ્રમમાં ચાલુ રહેવું હોય તો રહી શકશો.

આ પ્રમાણે પૂછવામાં આવ્યું ત્યારે ચારે બ્રહ્મચારીઓએ હા કહી. પછીથી સ્વામીજીએ વિરજાહોમ કરાવ્યો. અગ્નિની સમક્ષ બ્રહ્મચારીઓએ આલોક પરલોક સંબંધી સર્વ કામનાઓના ત્યાગની પ્રતિજ્ઞા લઈ પોતાના અંતઃકરણને પવિત્ર, બળવાન અને સબળ કરવાની પ્રાર્થના કરી. આ પ્રમાણે થઈ રહ્યા પછી સ્વામીજીએ તેમને સંન્યાસ દિક્ષા આપી. આખો તે દિવસ અત્યંત આનંદમાં પસાર થયો. સર્વત્ર જ્ઞાન અને વૈરાગ્યનો પવિત્ર પ્રકાશ છવાઈ રહ્યો.

જ્યારે સ્વામીજી કલકત્તા આવતા ત્યારે તે ઘણું કરીને બલરામ બાબુને ઘેર રહેતા. વખતે બલરામ બાબુનું ઘર અનેક માણસોથી ભરાઈ જતું! ઘણા મનુષ્યો સ્વામી વિવેકાનંદનું દર્શન કરવાને ત્યાં આવતા અને બલરામ બાબુનો મોટો

ધાર્મિક છે અને તે લોકોના આર્થિક, સામાજિક અને ધાર્મિક હિતને માટેજ છે. તેમને રાજ્યદ્વારી વિષયો સાથે કોઈ પણ પ્રકારનો સંબંધ નથી.

સભાસદની યોગ્યતા—શ્રીરામકૃષ્ણનું જીવન અને તેમના હેતુઓમાં જેમને શ્રધ્ધા છે અથવા સમાજના ઉપર કહેલા હેતુઓ અને કાર્યમાં મદદ કરવાની જેમની ઇચ્છા છે, તેવા મનુષ્યો તેના સભાસદ થઇ શકશે.

ઉપરના ઠરાવો પસાર થયા પછી સ્વામી વિવેકાનંદને રામકૃષ્ણ મિશનના મુખ્ય નેતા તરિકે ચૂંટવામાં આવ્યા. સ્વામી બ્રહ્માનંદને તેના પ્રમુખ બનાવવામાં આવ્યા. સ્વામી યોગાનંદને તેના ઉપ પ્રમુખ તરિકે નીમવામાં આવ્યા. પ્રથમ એમ નક્કી કરવામાં આવ્યું કે દર રવિવારે બલરામ બાબુના મકાનમાં સભા ભરવી અને તેમાં ગીતા, ઉપનિષદો વગેરેમાંથી અમુક અમુક ભાગ વાંચવા અને તેના ઉપર વાદવિવાદ કરવો તેમજ વખતો વખત સમાજમાં નિબંધો વંચાવવા અને ભાષણો અપાવવાં. એ પ્રમાણે ત્રણ વર્ષ સુધી રામકૃષ્ણ મિશને બલરામ બાબુના મકાનમાં સભાઓ ભરી. જ્યારે જ્યારે સ્વામી વિવેકાનંદ કલકત્તામાં હાજર હોય ત્યારે ત્યારે તે સભામાં આવીને સર્વને બોધ આપતા અને પોતાની અદ્દભુત સંગીત કલાથી શ્રોતાઓનાં મન રંજીત કરતા.

સમાજનું કાર્ય અને તેના હેતુઓ તરફ સ્વામીજીના કેટલાક ગુરૂભાઇઓ શંકાની નજરથી જોતા. તેઓનું માનવું એવું હતું કે શ્રીરામકૃષ્ણે પોતાના જીવનમાં યોગ, સમાધિ અને આત્મસાક્ષાત્કાર સિવાય બીજું કશુંએ કર્યું નથી અને સંન્યાસીઓનું કર્તવ્ય માત્ર પ્રભુની ભક્તિ, યોગની સાધના કે શાસ્ત્રના પઠન પાઠનમાં રહેલું છે. તેઓનું ધારવું એવું હતું કે સંન્યાસ ગ્રહણ કર્યા પછી મનુષ્યનો સંસાર સાથે સંબંધ નથી અને લોકકલ્યાણ કરવાની ઇચ્છા પણ તેને માટે બંધન રૂપજ છે. સ્વામીજીને તેઓ કહેવા લાગ્યા કે

સભાઓ ભરવી, ભાષણો કરાવવા અને જનસમૂહનું કલ્યાણ કરવાને પ્રયાસ કરવો, એ બધું માત્ર પાશ્ચાત્ય વિચારોનું અનુકરણજ છે ધાર્મિકતાનો આવો સંકુચિત અર્થ કેટલાકને કરતા જોઈને સ્વામીજી કહેતા કે "તમે શી રીતે જાણો છો કે મારા વિચારો શ્રીરામકૃષ્ણના વિચારો અને આદર્શને મળતા નથી ? શ્રીરામકૃષ્ણ ઘણા ઉદાર, વિશાળ અને અપરિમિત વિચારોની સાક્ષાત મૂર્તિ હતા. તેવા શ્રીરામકૃષ્ણને તમારે તમારા વિચારોરૂપી હદમાંજ બાંધી રાખવા છે ? તે હદને હું તોડી નાખીશ અને શ્રીરામકૃષ્ણના વિચારોને આખા જગતમાં ફેલાવીશ. તમે જેમ તેમની છબીની માત્ર પૂજા કરી રહેલા છો તેમ તેમની પૂજાજ માત્ર કર્યા કરવાનો ઉપદેશ કરવાનું તેમણે મને કહ્યું નથી. મોક્ષ મેળવવાના માર્ગો અનેક છે. આ જગતમાં જે ઘણા મત પંથો પ્રવર્તી રહેલા છે તેમાં એકનો વધારો કરવાને સારૂ મારો જન્મ નથી. આપણે આપણા ગુરૂનો આશ્રય મેળવેલો છે તેથી આપણને ધન્ય છે, પરંતુ આપણને તેમણે જે વિચારો આપેલા છે તેનો જગતમાં છુટથી પ્રચાર કરીને ઋણમુક્ત થવું એ આપણું પરમ કર્તવ્ય છે"

ગુરૂભાઈઓમાંનો એક સંતુષ્ટ થઈને બોલી ઉઠ્યો કે, તમે જે માગશો તે કરશો. અમે હમેશાં તમારી આજ્ઞા પાળવાને તૈયાર છીએ. હું સ્પષ્ટ રીતે જોઈ શકું છું કે ભગવાન રામકૃષ્ણજ તમારી મારફતે સઘળું કાર્ય કરી રહેલા છે પરંતુ શ્રીરામકૃષ્ણની કાર્ય પદ્ધતિ જુદી હતી, તેથી વારંવાર મનમાં એમ થઇ જાય છે કે આપણે આડે માર્ગે તો જતા નહિ હોઈએ !"

સ્વામીજીએ જવાબ આપ્યો કે "વસ્તુસ્થિતિ આ પ્રમાણે છે શ્રીરામકૃષ્ણના શિષ્યો તેમને પુરેપુરા સમજી શકતા નથી. તેમના ધારવા કરતાં વધારે મહત્તા ભગવાન શ્રીરામકૃષ્ણ ધરાવતા હતા. અપરિમિત આધ્યાત્મિક વિચારોની તે સાક્ષાત્ મૂર્તિ હતા અને તે અનંતપ્રક

થઇ જતું અને સુધારાની વાત આવતાં તે સુધારાના અનેક વિષયોને હાથ ધરી તેનું રહસ્ય સમજાવતું.

આમ જુદે જુદે પ્રસંગે સ્વામીજી જુદા જુદા રૂપે જણાતા અને તેમની લાગણીઓમાં પરસ્પર વિરોધ ભાસતો, પણ તે વિરોધ વિરોધ નહિ હોતાં એકમાં એકતાજ હતી, અને જેમ એક વૃક્ષને અનેક ફળો હોય તેમ સ્વામીજીની સઘળી લાગણીઓ-પ્રવૃત્તિઓ તેમના વિશાળ અંતઃકરણનાં ફળ પાંખડાં રૂપજ હતી. મહાન પુરુષોના ચારિત્રને અને તેમના વિશાળ હૃદયને સામાન્ય મનુષ્યો સમજી શકતા નથી.

જયરામ બાબુને ત્યાં અનેક વિષયો ઉપર ચર્ચા થતી અને સ્વામીજી તેમાં મુખ્ય વક્તાનો ભાગ ભજવતા. કેળવણીના, ઇતિહાસના, મહાત્માઓ અને અવતારોને લગતા. એવા એવા અનેક મહત્વના વિષયો ઉપર સ્વામીજી અતુલ લાગણીથી વાત કરતા. ગુરૂ ગોવિંદસિંહ ઉપર વાત આવતા સ્વામીજી ઘણાજ જુસ્સાથી તે શિખ ગુરૂની કાર્ય પદ્ધતિનાં વખાણ કરતા. તે શિખ ગુરૂએ પોતાના શિષ્યોને કેવી અદ્ભુત રીતે કેળવ્યા હતા, તેમનામાં કેવું અલૌકિક શુરાતન હતું, અને સાથે સાથે તેમનો વૈરાગ્ય પણ કેવો તીવ્ર હતો, તે કેવું ઉત્કૃષ્ટ તપશ્ચર્યા કરતા, તેમનામાં કેવી અદ્ભુત સહનશીલતાએ વાસ કરેલો હતો, શિખ પ્રજાનો પુનરોદ્ધાર કરવાને માટે તે કેવી અમૂલ્ય મહેનત કરી રહ્યા હતા, કેટલાક મુસલમાન થઇ ગયેલા હિંદુઓને પાછા હિંદુધર્મમાં લાવવાને તે કેવો અથાગ શ્રમ લેઇ રહ્યા હતા અને પવિત્ર નર્મદા નદીને કિનારે કેવા હેતથી તે મનુષ્યને ઉદ્ધરી રહ્યા હતા, વગેરે બાબતો ઉપર સ્વામીજી ઘણો પ્રકાશ પાડી રહ્યા હતા. ગુરૂ ગોવિંદસિંહે પોતાના શિષ્યોના હૃદયમાં બળ અને દિવ્ય હતો કેવો અલૌકિક જુસ્સો રેડ્યો હતો એ વાતને સ્વામીજી પુષ્ટ - શિષ્યોના મગજમાં ઠસાવતા. એક વખત તેઓ શ્રી

મનુષ્યો સામે ઉભેલાં હોય તોપણ તેમનો શિષ્ય પોતાના હક અને ધર્મના બચાવને માટે જરાએ પાછી પાની કરતો નહિ એ વિષે વાત કરતાં સ્વામીજીનું હૃદય ઉછળાતું અને તેમના હાવભાવ શ્રોતાઓના મગજમાં તે પ્રસંગની વસ્તુસ્થિતિનો તાદૃશ્ય ચિતાર ખડો કરતા. જ્યારે સ્વામીજી હિંદના મહાપુરૂષો વિષે કંઇ બોલતા ત્યારે શ્રોતાઓનો આત્મા અત્યંત ઉલ્લાસમાં આવી જતો. તેઓ પોતાનું ભાન ભૂલી જતા અને કથાના નાયકની સમીપમાંજ તે બેઠા છે એવો ભાસ તેમને થઇ રહેતો.

એક વખત બલરામ બાબુના ઘરમાં બેઠે બેઠે સ્વામીજી એક શિષ્યને ઋગ્વેદ વિષે વાત કહી રહ્યા હતા. ઋગ્વેદ ઉપર સાયણાચાર્યે ભાષ્ય લખેલું છે. એક ધનાઢ્ય પુરૂષના મકાનમાંથી સ્વામીજીનો એક શિષ્ય મેક્સમુલરકૃત ઋગ્વેદ અને સાયણાચાર્યના ભાષ્યનું ભાષાંતર લઇ આવ્યો. સાયણાચાર્યે વેદોનું અનાદિત્વ સાબીત કરવાને માટે જે યુક્તિ અને તર્ક વાપરેલા છે તે તેમને સમજાવતાં સ્વામીજી સાયણાચાર્યની બુદ્ધિનાં ભારે વખાણ કરવા લાગ્યા. છતાં સાથે સાથે એટલું પણ કહેવુંજ જોઇએ કે સ્વામીજી હંમેશાં સત્યવક્તા અને સ્પષ્ટવક્તાજ રહેતા. સાયણાચાર્યનાં વખાણ કરવાની સાથે ઋગ્વેદની કેટલીક ઋચાઓનો અર્થ કરવામાં તે ભુલેલા છે એમ પણ સ્વામીજી દર્શાવતા. વળી તે ઋચાઓનો ખરો અર્થ અને ખરું રહસ્ય પ્રમાણોની સાથે તે સમજાવતા.

ઋગ્વેદ ઉપર ચર્ચા કરતે કરતે સ્વામીજી કહેવા લાગ્યા કે; "મેક્સમુલરને મેં જોયા છે ત્યારથી મને એમજ લાગે છે કે જાણે પોતાના ભાષ્યને બરાબર સમજાવવાને સાયણાચાર્યેજ મેક્સમુલર તરીકે અવતાર લીધેલો છે! તેમને અને તેમનાં પત્નીને ઓક્સફર્ડના એક એકાંત અને શાંત પ્રદેશમાં વાનપ્રસ્થાશ્રમનું પાલન કરતાં જોઇને મને વૈદિક સમયનાં મહર્ષી વસિષ્ઠ અને અરૂંધતીનોજ ખ્યાલ આવ્યો હતો. જ્યારે મેં તેમની પાસેથી વિદાય લીધી ત્યારે તે વૃદ્ધ પુરૂષની આંખોમાં ચોધારાં

આશ્રુ આવી ગયા હતાં."

સ્વામીજીને પૂછવામાં આવ્યું કે "પવિત્ર ભારતવર્ષમાં બ્રાહ્મણ તરિકે શરીર ધારણ કરવાને બદલે સાયણાચાર્ય મ્લેચ્છ શરીરમાં કેમ જન્મ્યા હશે?"

સ્વામીજીએ જવાબ આપ્યો કે 'વેદોનો અર્થ જ જેને સમજ પડે છે અને ઉચ્ચ જ્ઞાનની સાક્ષાત્ મૂર્તિજ જેને થઈ રહેલું છે, તેને મન નાત જાત કે વર્ણના ભેદનો શો અર્થ છે? જગતના કલ્યાણને માટે તે ફાવે ત્યાં જન્મ ધારણ કરે છે. જ્યાં ઘણી વિદ્યા અને લક્ષ્મીએ વાસ કરેલો છે એવા પશ્ચિમના પ્રદેશમાં જો તે જન્મ્યા ન હોત તો આવું મહત્ કાર્ય કરવાને જોઈએ તેટલું દ્રવ્ય તેમને ક્યાંથી મળ્યું હોત? તમે સાંભળ્યું નથી કે ઇસ્ટ ઇંડિઆ કમ્પનીએ ઋગ્વેદનું ભાષાંતર પ્રસિદ્ધ કરવાને નવ લાખ રૂપિઆની મદદ કરેલી છે અને તેટલી રકમ પણ પુરતી નહોતી. એ કાર્યમાં આપણા દેશના અનેક પંડિતોને પગાર આપીને રોકવામાં આવ્યા હતા. આ સમયમાં આપણા દેશમાં વિદ્યા અને જ્ઞાનને ઉત્તેજન આપવાને માટે એટલો મોટો ખર્ચ કરાવશે કોણ? મેક્સમુલરે પ્રસ્તાવનામાંજ લખેલું છે કે માત્ર હસ્તલિખિત પ્રતો તૈયાર કરવામાંજ તેમણે પચીશ વરસ ગાળ્યા હતા અને પછીથી તેમને છપાવવામાં બીજા વીસ વરસ ગયા હતાં! આ પ્રમાણે જગતને માટે વેદ જેવું પારકી ભાષાનું અસાધારણ પુસ્તક તૈયાર કરવામાં અને તેને પ્રસિદ્ધ કરવામાં જીવનના પીસ્તાળીસ વરસ ગાળવા એ કાંઈ સાધારણ મનુષ્યથી બને તેમ નથી. હું મેક્સ મુલરને આ જમાનાનો સાયણાચાર્ય કહું છું તે અમસ્થો નથી કહેતો."

આ પ્રમાણે વાર્તા ચાલી રહી હતી એટલામાં ગિરીશ બાબુ ત્યાં આવી પહોંચ્યા. તે પણ શાંતપણે સઘળું સાંભળવા લાગ્યા. સ્વામીજી તેમના તરફ જોઈને કહેવા લાગ્યા કે, "ગિરીશચંદ્ર, તમે કદીએ આવી

શાસ્ત્રોનો અભ્યાસ કરવામાં છેક થાકતા નથી; તમે તો તમારા
"કૈંચો અને ફિઝુઓ" ની જ વાતો કર્યા કરો છો." ગિરીશબાબુ
જરાક વિનયથી કહેવા લાગ્યા કે, "બાપ! વેદોનું અધ્યયન મારે
શા કામનું છે! મને અવકાશ પણ નથી અને તેને સમજવાની
મારામાં બુદ્ધિ પણ નથી; માટે વેગળેથીજ તેમને નમસ્કાર કરીને
શ્રીરામકૃષ્ણની કૃપાથી હું આ ભવસાગરને તરી જઈશ."

જ્યારે સ્વામીજી કોઈ પણ વિષય ઉપર ચર્ચા કરતા-પછી તે
ગમે તો જ્ઞાન હો, ભક્તિ, કર્મયોગ કે પ્રચલિત આદર્શ હો-
ત્યારે તેજ વિષયને સર્વોત્તમ કરીને સ્થાપવાનો તેમનો સ્વભાવ હતો.
ગિરીશબાબુ સારી પેઠે જાણતા હતા કે સ્વામીજી ભક્તિને જરાએ
ઓછું ગણતા નથી, પણ તેમના શબ્દો વખતે જ્યારે સમજી શકે
નહિ અને આડે માર્ગે દોરાય એટલા માટે તે સ્વામીજીને પૂછવા
લાગ્યા કે, "ઠીક, નરેન્દ્ર, હું તમને એક વાત પૂછું છું. તમે વેદો અને
વેદાન્તનો ઘણો અભ્યાસ કરેલો છે, પણ આ ભૂખે મરતા માણસોના
વિલાપ, વ્યભિચાર જેવા અઘોર પાપ અને બીજાં એવાં રોજ નજરે
પડતાં દુઃખો અને પાપોને માટે કોઈ ઉપાયો તેમાં લખેલા છે? પેલા
મકાનમાં રહેનારી સ્ત્રી એકવાર રોજ પચાસ માણસોનું પોષણ
કરતી હતી; તેને હવે આજ ત્રણ દિવસથી પોતાનું અને પોતાનાં
છોકરાંનું એકવારનું ખાવાનું મળવું પણ મુશ્કેલ થઈ પડેલ છે. અમુક
સ્ત્રીઓની હરામખોરોએ લાજ લીધી છે અને તેને મરણને શરણ કરી
દીધી છે. અમુક વિધવાએ ગર્ભપાત કર્યો છે અને પોતાનું મુખ છુપા-
વવાને તેણે આત્મહત્યા કરેલી છે. હું તમને પૂછું છું કે આ દુઃખો અને
પાપો ટાળવાના ઉપાય વેદોમાંથી તમને જડી આવે છે?" સ્વામીજી
એ સાંભળીને ચુપ થઈ ગયા. તેમનું હૃદય ભરાઈ આવ્યું. જગતનાં
દુઃખોનો ચિતાર સાંભળીને તેમની આંખોમાં આંસુ આવી ગયાં અને

પોતાની લાગણીઓને છુપાવવાને તે બહાર ચાલ્યા ગયા !

ગિરીશબાબુ સ્વામીજીના શિષ્યોને કહેવા લાગ્યા કે, " તમે હવે જોઈ શક્યા હશો કે તમારા ગુરૂનું હૃદય કેવું વિશાળ છે ! હું તેમને તેમના હૃદયની વિશાળતાને માટે જેટલું માન આપું છું તેટલું તેમના પાંડિત્યને માટે આપતો નથી. એ હૃદયની વિશાળતાને લીધે માનવ જાતિનું દુઃખ સાંભળવા માત્રથી પણ તેમની આંખોમાં આંસુ આવી ગયા અને તે બહાર ચાલ્યા ગયા. તમારા સ્વામીજી જેવા મોટા પંડિત છે અને જ્ઞાની છે તેવાજ તે પ્રભુના મોટા ભક્ત છે અને મનુષ્યો પ્રત્યે પ્રેમ ધરાવનારા પણ છે."

એટલામાં સ્વામી સદાનંદ ત્યાં આવી પહોંચ્યા. તેમને જોઈને સ્વામીજી કહેવા લાગ્યા કે, " સદાનંદ, આપણા ભાઈઓની ગરિબાઈ અને દુઃખ જોઈને મારૂં હૃદય અત્યંત દુઃખાય છે. તમે નાના પાયા ઉપર એક અનાથાશ્રમ જલદીથી સ્થાપો અને ત્યાં ગરિબોને આશ્રય આપો અને બાળકોને રાખીને તેમની માવજત કરો." સદાનંદે તે પ્રમાણે કરવાની હા પાડી.

આ પ્રમાણે સ્વામીજીનું વિશાળ હૃદય દુઃખીઓનાં દુઃખ ટાળવાને તત્પર બની રહ્યું હતું; પરંતુ તેમના કેટલાક ગુરૂભાઈઓના મનમાંથી ધર્મનો એકદેશી ખ્યાલ ખસતો નહોતો. તેઓ તેમને હજી પણ કહેવા લાગ્યા કે, " શ્રીરામકૃષ્ણ ભક્તિનો ઉપદેશ કરતા અને ઇશ્વરનો સાક્ષાત્કાર કરવાને અનેક સાધનાઓ સાધવાનું કહેતા; પરંતુ તમે તો અમને અમુક કાર્યો કરવાનું, ઉપદેશ આપવાનું અને અને ગરિબોની સેવા કરવાનું કહો છો; પણ એ સર્વે તો મનને અંતર્મુખ કરવાને બદલે વધારે બહિર્મુખ કરી મુકશે; તેથી કરીને સાધનાઓમાં વિક્ષેપ આવશે. વળી શ્રીરામકૃષ્ણ ત્યાગનો બોધ કરી રહ્યા હતા અને તમે તો સમાજ સેવાને માટે મઠ અને આશ્રમો સ્થાપવાનું કહો છો અને

નાંખનારને તેમના વિચારોમાં એકતા દેખાતી નહોતી; પણ બાહ્ય દેખાવની સપાટી નીચે તેમનું સુંદર, નમુનેદાર આધ્યાત્મિક જીવન એક ધારાએ વહી રહેલું દેખાઈ રહેતું હતું. તેમની સઘળી પ્રવૃત્તિઓ અને લોકહિતના વિચારો એ સર્વ તેમના આધ્યાત્મિક જીવનનાજ જુદા જુદા આવિર્ભાવો હતા. તેમના ઉંડા અને વિશાળ હૃદયમાં કર્મ, ભક્તિ, જ્ઞાન, પરોપકાર અને દેશાભિમાન સર્વેને માટે પુરેપુરૂં સ્થાન હતું અને તેથી કરીને જે વખતે જે વિષયની વાત ચાલતી હોય તે વખતે તે વિષયને તેઓ સર્વોપરી તરિકે ઠરાવી શકતા.

પ્રકરણ ૪૮ મું–પંજાબ વગેરે તરફ વિચરણ.

કલકત્તામાં રામકૃષ્ણ મિશનની સ્થાપના કર્યા પછી સ્વામીજી આલ્મોરા ગયા. ત્યાં થોડાક દિવસ રહ્યા પછી બરેલી, અંબાલા, અમૃતસર અને રાવલપીંડી વગેરે સ્થળોએ થોડું થોડું રહીને શ્રીનગર ગયા. આ દરેક સ્થળે તેમને બહુ માન ભર્યો સત્કાર અને માનપત્ર મળ્યાં હતાં. તેના ઉત્તરદ્વારા તેમજ બીજાં ભાષણોદ્વારા અને ખાનગી ચર્ચાઓ વગેરેદ્વારા પોતાના જ્ઞાનનો અપૂર્વ લાભ તે સ્થળના લોકોને આપ્યો હતો.

કાશ્મીરનું પ્રકૃતિસૌંદર્ય જોવા માટે શ્રીનગરની આસપાસનાં સ્થળો તરફ સ્વામીજી નિકળી પડતા. અનેક પ્રાચીન ઐતિહાસિક સ્થળોની તે મુલાકાત લઈ ભારતવાસીઓનાં કલા કૌશલ્યના અને ઇમારતોની અલ્પનાનો ભારે વખાણ કરતા. કાશ્મીરના ભવ્ય ખડકો અને કુદરતની શોભા જોઇને સ્વામીજીની ઐતિહાસિક દૃષ્ટિ અને કલાજ્ઞાન જાગૃત થતાં અને તે ઐતિહાસિક, રાષ્ટ્રિય અને ધાર્મિક વિષયો ઉપર અનેક નવીન વિચારો તેમના મનમાં પ્રકટાવતા.

બીજે દિવસે ગામના મુખ્ય મુખ્ય ગૃહસ્થો અને સ્વામી પ્રકાશાનંદની જોડે વાત કરતાં સ્વામીજીએ આર્યસમાજ અને મુસલમાનો વચ્ચેનો વિરોધ ટાળવાના ઉપાયો બતાવ્યા.

રાવળપીંડીથી સ્વામીજી જમ્મુ ગયા. કાશ્મીરના મહારાજાએ તેમને ખાસ કરીને ત્યાં તેડાવ્યા હતા. ત્યાં મહારાજાના બંધુઓ મહારાજા, તેમના બે પુત્રો અને મુખ્ય અમલદારો હાજર હતા. મહારાજ અનેક પ્રશ્નો પૂછવા લાગ્યા. તે સઘળાનો ઉત્તર આપતાં સ્વામીજી જણાવવા લાગ્યા કે, આપણે હિંદુઓ જુના પુરાણો, કોઇ પણ અર્થ વગરના અને હઠમાં એવા અનેક રિવાજોને વળગી રહેલા છીએ. એ આપણી કેવી મૂર્ખાઇ છે! આપણે માત્ર બાહ્ય ક્રિયાઓને જ મહત્વ આપીએ છીએ અને એવા અનેક પ્રકારના અજ્ઞાનને લીધે આત્મનાશ કરતા માનસિક વહેમથી ગુલામગીરી ભોગવી રહેલા છીએ. ધાર્મિક બાબતોનું ખરૂં રહસ્ય આપણે સમજતા પણ નથી અને સમજવા માગતા પણ નથી. આથીજ આપણામાં અનેક વહેમો પેસી ગયેલા છે. આગળ જતાં સ્વામીજીએ કહ્યું કે, "વ્યભિચાર એ ઘણું મોટું પાપ છે અને સ્વધર્મવિરોધ પણ મહાન પાપ છે; છતાં એવા ઘોર પાપ કરનારને આપણે જરા પણ ન્યાત બહાર મૂકતા નથી. માત્ર રસોડામાં અને આભડછેટમાં આપણું બધું પુણ્ય અને પાપ આવી રહેલું છે!"

આ પ્રમાણે વાર્તાલાપ બરાબર ચાર કલાક સુધી ચાલ્યો. મહારાજ અને બીજાઓની અનેક શંકાઓ નિવૃત્ત થવાથી તેઓ સર્વ અતિશય સંતુષ્ટ થયા. કાશ્મીરના મહારાજના કહેવાથી જમ્મુમાં સ્વામીજીએ એક ભાષણ આપ્યું; તેથી ખુશ થઇને મહારાજાએ બીજાં વધારે ભાષણો આપવાનો અને જમ્મુમાં ઘણા દિવસ રહેવાનો સ્વામીજીને આગ્રહ કર્યો. જમ્મુમાં સ્વામીજીએ ઘણાં ભાષણો આપી આર્યસમાજ વિષે ચર્ચા કરી અને આર્યસમાજી સ્વામી અચ્યુતાનંદને

અટકાવ નથી. તેમના શિષ્યોને માટે પણ તેમણે ધર્મોનો પ્રકાર બતાવ્યો
છે. અમેરિકામાંથી પૂરતો ભેગ કરેલ છે કે જે લોકોને તેમના શિષ્યો
હતા, તેમના શિષ્ય શિષ્યાઓની અને તેમની ભક્તાઓની ખાત્રીના
સમજાયા બાદ અને ગમે તેટલી તેમાં આવશ્યક રચનાનો ધર્મ
ભરતી ભાગ, આપ ચર્ચામાં કેવળ પ્રકારની જાહેર ક્રિયા, દેવમંદિર
બનાવવું અને ભાવન ઢબની જરૂર છે. સ્વામીજીમાં એ સર્વ ગુણો નહી
અને એકમની વાત તો તે બધાંય ચિમનથી ફરી ફેલાવ આવશ્યક રહી
સંસ્થાઓના કાયદા અને તેના આવેલી જયાં કાય સેનાસંઘોને
એકઠોટી ફાળની વિગતના ઢબની નથી. તેમના મનુષ્યત્વ કરી
પ્રેમ નહિ હોય છે. એવી રીતે નવાર સુધારામગજ, અર્ધસમાજ
કે સનાતન ધર્મસભા, એકની સાથે કામનો માટે એકમત વરેલી
ઇન્ડિયા સ્વામીજી ગણના નહોતા. દરેકની તરફ તેમની સહાનુભૂતિ હતી.
પણ હોવાના હેતુ ઢાકાવાળા સ્વામીજી જયારે યુવા નહોતા
ત્યારેની સનાતન ધર્મસભાએ તેમને એ સભાની માન્યતા મુજબનો
હિંદુધર્મનો બોધ કરવા કહ્યું હતું, પણ સ્વામીજીએ ચોકખી ના પાડી
અને ધર્મનું ખરું સ્વરૂપજ તેને સમજાવ્યું. આ પ્રમાણે સ્વામીજી
જ્યાં જ્યાં જતા ત્યાં ત્યાં સત્ય, બંધુભાવ, સંપ, શાંતિ, પ્રેમ,
સહિષ્ણુતા અને સ્વાર્થત્યાગનો વાસ કરાવતા. પૂર્વ અને પશ્ચિમના
લોકોને સ્વામીજીના બોધમાં એવું શું નવાઇ જેવું ભાગતું હતું કે
જેથી બંને પ્રજાઓની સઘળી પ્રજાઓ તેમને જગતગુરૂ ગણીને
અત્યંત ભાવથી પૂજતી હતી ? કારણ એજ કે સ્વામીજીના હૃદયમાં
હિંદના પ્રાચીન ગૌરવને માટે દઢ શ્રદ્ધા હતી. હિંદના પ્રાચીન
ઋષિઓ તરફ તેમને અત્યંત પૂજ્યભાવ હતો. હિંદુધર્મની મહત્તા
અને ઉપયોગિતામાં તેમને સંપૂર્ણ વિશ્વાસ હતો. વળી દરેક મહાપુરૂષની
બાબતમાં બને છે તેમ તેમનામાં ઉંડી આત્મશ્રદ્ધાએ વાસ કરેલો હતો."

તેમના આત્માના ઉજ્જવલ પ્રદેશમાંથી સત્ય ધર્મનો પ્રબળ પ્રવાહ
વહીને બહાર નીકળી આવતો અને તે જગતના બુદ્ધિશાળી અને
ધાર્મિક મનુષ્યોનાં હૃદયમાં શાંત અને નિર્મળ જળનું સિંચન કરતો.
હિંદમાં પોતાના પ્રવાસમાં સ્વામીજી અનેક સંતો, સાધુઓ અને મહા-
વિદ્ સંન્યાસીઓને મળ્યા હતા. તેમની પાસેથી તેમણે ઘણો અનુ-
ભવ મેળવ્યો હતો અને જાણે કે તેમના પ્રતિનિધિ રૂપેજ તે જગ-
તમાં વિચરી રહ્યા હતા. માત્ર વેદાન્તનોજ તે બોધ કરતા. વેદાન્તને
સાદામાં સાદા સ્વરૂપમાં તે સમજાવતા. સઘળી પ્રજાઓથી સમજાય
અને પોતાના વ્યાવહારિક જીવનમાં પણ જેનો ઉપયોગ કરી શકાય
એવાં સાદાં સત્યોનોજ તે બોધ કરતા. તેમનો બોધ મનુષ્યોને છુપી
રીતે આપવાનો ન હોતો; સૂર્યના પ્રકાશની માફક તે સર્વેને માટે
ખુલ્લોજ હતો. આકાશની માફક તે વિશાળ હતો અને સર્વે ધર્મોનો
તે સ્વીકાર કરતો.

લાહોરમાં સ્વામીજીનું પહેલું ભાષણ "ભક્તિ" ઉપર થયું હતું.
ભાષણમાં સ્વામીજીએ પુરાણોના સંબંધમાં જણાવ્યું હતું કે પુરાણો
ધર્મનું ઉચ્ચમાં ઉચ્ચ સ્વરૂપ સમજાવે છે એમ કોઇ કહેતુંજ નથી; પરંતુ
આજ સુધી તે હયાતીમાં રહેલાં છે એજ તેમની જરૂરીઆત સાબીત
કરે છે. ઐતિહાસિક દૃષ્ટિએ વિચાર કરતાં અને જુદા જુદા દેશોની
પ્રજાઓની સાથે સરખામણી કરતાં સમજાશે કે દરેક પ્રજા અને
દરેક ધર્મને અને મનુષ્યોને ઇશ્વર તરફ વાળવાને માટે એવાં
પુરાણો અને પ્રતિમાપૂજાની જરૂર પડેલી છે, અને જે લોકો
પ્રતિમાપૂજાથી વિરૂદ્ધ છે તે મનુષ્ય સ્વભાવને બરાબર સમજતાજ
નથી. તેની સાથે જે મનુષ્યો સર્વેને માટે મૂર્તિપૂજાની આવ-
શ્યકતા કહે છે તેમનું કહેવું પણ ઉચિત નથી. વળી પૂજાનું રૂપ
એમાં એક સ્વરૂપ તો એજ છે કે જીવતાં મનુષ્યોમાં અને પ્રાણ

કરીને દીન દુઃખી મનુષ્યોમાં પ્રભુને નિહાળવો.

સ્વામીજીનું બીજું ભાષણ "વેદાન્ત" ઉપર થયું હતું. અદ્વૈતવાદના કઠિનમાં કઠિન સિદ્ધાંતો તેમણે ઘણીજ ખુબીથી અને સરળ શબ્દોમાં સમજાવ્યા હતા.

એ ભાષણમાં આત્માના સ્વરૂપ ઉપર બોલતાં તેમણે કહ્યું "શરીર કે મન આત્મા નથી, કારણ કે તે બંને અનિત્ય છે અને વિકારી છે. આત્મા તેમનાથી પર અવિકારી અને અવિનાશી વસ્તુ છે. સઘળા મનુષ્યોમાં એકજ આત્મા વસી રહેલો છે અને તેથી કરીને એક બીજાને ચહાવાનું, એક બીજાને માટે કામ કરવાનું અને એક બીજા તરફ સહાનુભૂતિ દર્શાવવાનું વચણ રક્ષા કરે છે. આ અનંત પરમાત્મા અંતવાન ઇંદ્રિયો વડે જોઈ શકતો નથી. એને જોવા માટે તો મનુષ્યે વિષય તરફ વળી ગએલી ઇંદ્રિયોને પાછી વાળીને અંતર્મુખ વૃત્તિ કરવી પડે છે અને એનું નામજ વૈરાગ્ય છે. અદ્વૈતવાદ આપણને શિખવે છે કે જગતમાં એકજ આત્મા સર્વમાં વ્યાપી રહેલો છે એનો એજ આત્મા રાજા તરિકે મહેલમાં વસી રહેલો છે અને એનો એજ આત્મા—તમેજ—મહોલ્લામાં ભિખારી તરિકે ભિખ માગી રહેલો છે. તમારોજ આત્મા—તમેજ—પંડિતમાં વસેલો છે અને તેનો તેજ આત્મા અજ્ઞાનીમાં પણ રહેલો છે. આ મહા સત્યને જાણો અને સર્વે તરફ પ્રેમભાવ દર્શાવો. અદ્વૈત શિખવે છે કે સર્વે મનુષ્યોમાં "હું"જ રહેલો છું એવું નિહાળનાર અથવા તો સર્વમાં પ્રભુનેજ જોનાર મુનિ પોતે બીજાને—પોતાના આત્માને—કદી પણ હણતો નથી. આપણે બીજાને દુઃખ ન દેવું તેનું કારણ આજ છે. બીજાઓ સુખી છે કે દુઃખી તે જોવાનું કારણ પણ આજ છે; કારણ કે એમાં આપણે આપણીજ ભાળ લેવાની છે. અદ્વૈતવાદ એકલોજ આપણને નીતિનું આવું સર્વ શ્રેષ્ઠ અને સાચું રહસ્ય સમજાવે છે. બીજાઓ ભલે નીતિનો બોધ કરે

પણ તેઓ નીતિનું આ ખરું રહસ્ય જાણી શકતા નથી."

લાહોરના યુવાનોને સ્વામીજીએ બોધ આપ્યો કે: "અદ્વૈતવાદના સિદ્ધાંતોને કૃતિમાં મૂકો. પ્રથમ ઓમ્ નું રહસ્ય જાણો અને અનુભવો કે તમેજ ઓમ (પરમાત્મા) છો. આ રહસ્યને અનુભવવાથી તમે ધારશો તે કરી શકશો. હું એક નાનો પરપોટો હોઉં અને તમે પર્વત જેવડું ઉંચું મોજું હો, પણ બંનેની પાછળ તો મોટો અપરિમિત મહાસાગર રહેલો છે તેજ આપણા બંનેનો આધાર અને બંનેનું મૂળ સ્વરૂપ છે. એજ પ્રમાણે આપણા દરેકની પાછળ અખૂટ શક્તિ અને જ્ઞાનનો ભંડાર-પરમાત્મા રહેલો છે અને તેમાંથી આપણે સર્વે નાના અને મોટા દરેક જોઈએ તેટલી શક્તિ મેળવી શકીએ તેમ છે. વેદો આપણને કહે છે કે એજ પરમ રહસ્ય છે. ઓમ્ એજ મોટો મંત્ર છે. જે મનુષ્ય એ ઓમ્ નું રહસ્ય જાણે છે તે ધારે છે તે મેળવી શકે છે. તમારે દ્રવ્યની જરૂર હોય તો તમારા એ અનુપમ આત્મામાં શ્રદ્ધા રાખો ઉદ્યોગ કરો અને દ્રવ્ય તમને આવી મળશે. તમારે બુદ્ધિશાળી થવું હોય તો તેને માટે પણ એજ પ્રકારે પ્રયાસ કરો અને તમે વિલક્ષણ બુદ્ધિવાળા બની રહેશો. તમારે ધાર્મિક બનવું હોય તો તેવા બનવાનો પ્રયાસ કરો અને તમે દેવતા બની રહેશો. 'હું સર્વશક્તિમાન પરમાત્મા છું' એવું ભાન સર્વને કરાવો. એ ભાવનાના વિચારમાંથી જગતે કદી નિહાળ્યાં નહિ હોય એવાં અદ્ભુત કાર્યો ઉત્પન્ન થશે." સ્વામીજી વારંવાર કહેતા કે બીજી પ્રજાઓ પોતાના બાહુબળમાં વિશ્વાસ રાખવાથી પણ આટલું બધું કરી શકે છે, ત્યારે આપણને જો આપણા આત્મામાં શ્રદ્ધા હોય તો આપણે તેમનાથી કેટલું બધું અધિક કરી શકીએ?

સ્વામીજી દૃઢપણે માનતા કે જ્યાંસુધી ભારતવાસીઓ ઉપનિષદોના સિદ્ધાંતો પ્રમાણે પોતાના ચારિત્ર્યને ઘડશે નહિ ત્યાં સુધી

તેમનો ઉદય થવાનો નથી લાહોરમાં વેદાન્ત ઉપરના ભાષણમાં સ્વામીજીએ વાતનેજ પુનઃ પુનઃ શ્રોતાઓનાં મગજમાં ઠસાવી રહ્યા હતા. તેમણે કહ્યું કે " તમે ભલે સેંકડો સમાજો સ્થાપો, હજારો રાજકીય સભાઓ મેળવો અને લાખો સંસ્થાઓ ઉભી કરો, પણ જ્યાં સુધી તમારામાં સર્વને માટે સહાનુભૂતિ, પ્રેમ અને સહૃદયતા નથી, જ્યાં સુધી ફરીથી એકવાર ભગવાન બુદ્ધ જેવી હૃદયની વિશાળતા તમારામાં આવી નથી ત્યાં સુધી તે સર્વ નકામાં છે. જ્યાં સુધી શ્રીકૃષ્ણનાં વચનો તમે કૃતિમાં મૂક્યાં નથી ત્યાં સુધી તમારે માટે કંઇજ આશા નથી." સ્વામીજીએ ઘણા ખેદની સાથે એક વાર લખ્યું હતું કે: " લગભગ પચાસ વર્ષથી સંસાર સુધારાને માટે મોટી ધામધુમ કરવામાં આવે છે ! દશ વર્ષથી હું હિંદમાં સ્થળે સ્થળે ફરી રહેલો છું અને દરેક સ્થળે સંસાર સુધારા સમાજ મારી નજરે આવેલી છે ! પણ જે મનુષ્યોનું લોહી ચૂસીને ' સદ્ગૃહસ્થો " મોટા મોટા ચ્હડને કરે છે તે ગરિબ મનુષ્યોના ભલાને માટે એક પણ સમાજ સ્થપાએલી મેં જોઇ નથી."

સ્વામીજીના ભાષણની અસર એટલી બધી થઇ કે થોડા સમય પછી લાહોરના યુવાનોએ સ્વામીજીના કહ્યા પ્રમાણે એક સમાજ સ્થાપી. તે સમાજ સર્વને માટે ખુલ્લી હતી. ગામે ગામથી અસહાય દુઃખી મનુષ્યોને શોધી કહાડવા, તેમને મદદ આપવી, માંદાઓની માવજત કરવી અને અભણને કેળવણી આપવી, એ કાર્ય તે સમાજ કરતી હતી.

લાહોરમાં સ્વામીજીએ યુવાન વિદ્યાર્થીઓની એક સમાજમાં તેમને બોધ આપ્યો કે " હિંદમાં અત્યારે આપણને ઉત્તમ ચારિત્ર્ય ઘડવાની ખાસ જરૂર છે. હાલની આપણી કેળવણી આપણા મગજમાં અનેક નકામી વાતો ભરી રહેલી છે, અને તે આપણા નૈતિક વિકાસ તરફ જરા કે લક્ષ આપતી નથી સમાજ સેવાભાવ અને ચારિત્ર્ય બધાર છે. પ્રથમ જરાક કાળજી રાખી કેળવણી વખત શીખવું જોઈ

[illegible] ... ઉપરાંત [illegible]

[illegible]

[illegible] ... [illegible]

૬. હિંદુ [illegible] વિધવા [illegible]

૪. ઉચ્ચ વર્ગો અને સામાન્ય [illegible] વર્ગો [illegible] સામાન્ય [illegible]

૪ [illegible] સંસ્કૃત [illegible] પ્રચાર [illegible]

અને પંડિતો તરફ તિરસ્કારથી જોવું નહિ; કારણ કે તેમના વગર સંસ્કૃત વિદ્યા હિંદમાં રહી હોત જ નહિ.

૫ આપણે પ્રજાકીય યુનિવર્સિટિઓ (વિશ્વ વિદ્યાલયો) સ્થાપવી જોઇએ અને તે દ્વારા શારીરિક બળવાળા મનુષ્યો અને મહાન વિચારકો ઉત્પન્ન કરવા જોઇએ. આધુનિક શિક્ષણ પદ્ધતિ ખરાબ છે. ખરૂં પુરૂષત્વ આપણને પ્રાપ્ત કરાવે એવી યુનિવર્સિટિઓની આપણને જરૂર છે. તેમાં વિદ્યાર્થીઓ અને વિદ્યાગુરૂઓએ એકઠા રહેવું જોઇએ અને જીવનના ઉચ્ચ આદર્શોને સિદ્ધ કરવા જોઇએ.

૬ આપણા ચારિત્ર્યને એવી રીતે ઘડવું જોઇએ કે જેથી કરીને ખાનગીમાં તેમજ જાહેરમાં બીજાઓ આપણા ઉપર વિશ્વાસ રાખે. અત્યારે હિંદમાં એવા પુરૂષો થોડાજ હશે કે જેમના ઉપર પુરતો વિશ્વાસ રાખી શકાય.

૭ આપણે જુદા જુદા મત ધરાવતા હોઇએ, છતાં પણ આપણે એક બીજાને ચ્હાવું જોઇએ.

લાહોરમાં સ્વામીજીને શ્રી તીર્થરામ ગોસ્વામીને (જેઓ પાછળથી સંન્યાસી તરિકે સ્વામી રામતીર્થના નામથી વિખ્યાત થયા છે) મળવાનો પ્રસંગ આવ્યો હતો. તેઓ એ વખતે લાહોરની એક કોલેજમાં ગણિતના પ્રોફેસર હતા. સ્વામી વિવેકાનંદજીને તેઓ બહુજ ચ્હાતા હતા. સ્વામીજીને તેમણે તેમના શિષ્યો સાથે પોતાને ત્યાં તેડી જઇ ભોજન કરાવ્યું હતું જમી લીધા પછી સ્વામીજી એક ભજન ગાવા લાગ્યા. ભજનની ધુન બરાબર જામી. બંને મહા પુરૂષો—ભારતના અદ્દભુત રત્નો એકત્ર થાય ત્યાં પૂછવુંજ શું? મહાન ભક્ત તુલસીદાસના વંશજ પ્રોફેસર તીર્થરામ અને શ્રીરામકૃષ્ણના શિષ્ય સ્વામી વિવેકાનંદ! બંને પ્રેજ્યુએટો! બંને પંડિતો! બંને જ્ઞાનીઓ! બંને પ્રભુ પ્રેમીઓ! સ્વામીજી ગાવા લાગ્યા: "જહાં રામ વહાં કામ નહિ,

જહાં કામ તહાં નાહિ રામ; દોનું કબહું ના મિલે, દિન રજની એક ઠામ." જ્યાં રામ છે ત્યાં ભૌતિક વાસના નથી અને જ્યાં સંસારની વાસના છે ત્યાં રામનો વાસ નથી! તીર્થરામ આનેજ કહે છે કે, "સ્વામીજીએ એવા મધુર સ્વરથી ભજન ગાયું કે સઘળા શ્રોતાઓનાં હૃદયમાં ભજનનો ભાવ પુરેપુરો જામી રહ્યો." પછીથી તીર્થરામે પોતાની ખાનગી લાઇબ્રેરી સ્વામીજીને બતાવી.

તીર્થરામ અને સ્વામીજી વચ્ચે ઘણોજ ગાઢ સંબંધ બંધાયો હતો. લાહોરમાં જ્યાં સુધી સ્વામીજી રહ્યા ત્યાં સુધી તેમનાં ભાષણોની ગોઠવણ કરવામાં તીર્થરામે ઘણી મદદ કરી હતી. તીર્થરામે સંન્યાસ ગ્રહણ કર્યો અને સ્વામી રામતીર્થ તરીકે બહાર પડ્યા ત્યારે પણ વિવેકાનંદનો દાખલો લઇનેજ તે અમેરિકાદિ પ્રદેશોમાં વેદાન્તનો બોધ કરવાને ગયા હતા. એક દિવસ સાંજે તીર્થરામ અને વિવેકાનંદ બહાર ફરવા જતા હતા. તીર્થરામની જોડે લાહોરના કેટલાક યુવકો હતા અને સ્વામીજી જોડે તેમના ગુરૂભાઇઓ અને શિષ્યો હતા. એ પ્રસંગ વિષે સ્વામી રામતીર્થે (તીર્થરામે) જાતેજ લખ્યું હતું કે, "યુવાનોએ ત્યાં પૂછેલા એક પ્રશ્નનો હું જવાબ આપતો હતો કે ખરેખરો મહાત્મા તો તેજ કે જે પોતાની જાતનો ખ્યાલ ભૂલી જઇને સર્વમાં આત્મભાવ પ્રગટાવી રહ્યો હોય. જ્યારે કોઇ પણ પ્રદેશની હવા સૂર્યના તાપથી ગરમ થાય છે ત્યારે તે પાતળી થઇને ઉંચે ચઢવા માંડે છે, તેથી વાતાવરણમાંની સઘળી હવામાં ગતિ ઉત્પન્ન થઇને ચારે તરફ પવન વાયા કરે છે. તેજ પ્રમાણે ખરેખરો મહાત્મા આત્મસુધારણા વડે કરીને દેશની આખી પ્રજાને આશ્ચર્યકારક રીતે સુધારી મૂકે છે." સ્વામીજી મારા એ શબ્દો સાંભળીને તરતજ ઉભા રહ્યા અને બહુજ ભાર દઇને બોલી ઉઠ્યા કે "મારા ગુરૂ શ્રીરામકૃષ્ણ પરમહંસદેવ એવાજ અસામાન્ય મહાત્મા હતા."

એક દિવસે તીર્થરામે સ્વામીજીને પોતાનું સોનાનું ઘડિઆળ ભેટ કર્યું. સ્વામીજીએ ઘણો ઉપકાર માનીને તેનો સ્વીકાર કર્યો, પણ ઘડિઆળને પાછું તીર્થરામના ગજવામાં મૂકી દીધું અને બોલ્યા કે, " ભલે સારે મારા મિત્ર, એ ઘડિઆળ આ તમારા ગજવામાં રહેશે તોપણ તેને ધારણ કરનાર હું નો હુંજ (આત્મભાવે) છું ને!"

લાહોરથી સ્વામીજી દેહરાદુન ગયા. સ્વામીજી પોતાની સાથેના શિષ્યોને સંસ્કૃતમાં રામાનુજકૃત શ્રીભાષ્ય પોતાના સઘળા પ્રવાસમાં જ્યારે જ્યારે વખત મળે ત્યારે ત્યારે ભણાવતા હતા. અધ્યયન કરાવવાને વિદ્વાન સ્વામી અચ્યુતાનંદને રોકવામાં આવ્યા હતા. તે સ્વામીજીની સમક્ષ શિખવતા અને જ્યાં તેમને શંકા પડતી ત્યાં સ્વામીજી જાતે તેનો ખુલાસો કરતા. દેહરાદુનમાં ખેત્રીના મહારાજા તરફથી સ્વામીજીને આગ્રહ ભર્યું આમંત્રણ આવ્યું હતું પણ જતાં તેમણે દિલ્હી, આગ્રા, અલવર અને જયપુરની પણ મુલાકાત લીધી.

દિલ્હીમાં પોતાના ગુરૂભાઈઓ, શિષ્યો અને મી. સેવીઅર તથા તેમના પત્નીને સાથે લઈને સ્વામીજી સઘળાં ભગ્ન ખંડેરો અને મિનારાઓ વગેરે જોવાને નીકળ્યા. એ ભગ્ન ખંડેરો અને મિનારાઓ મુગલ બાદશાહોની જાહોજલાલીનો પુરેપુરો ખ્યાલ આપે છે. તેમાંએ વળી સ્વામીજી જેવા ઉંડી ઐતિહાસિક દૃષ્ટિ ધરાવનાર અને કળાકોવિદ સાથે હોય એટલે કહેવાનુંજ શું' મુગલ અને હિંદુ કળાનું વર્ણન કરીને તથા બન્ને પ્રજાઓનો ઇતિહાસ કહી સંભળાવીને સ્વામીજી ભારતવર્ષના કળાકૌશલ્ય તથા ઇતિહાસ ઉપર અવનવો પ્રકાશ પાડવા લાગ્યા. એ વખતે તેમની સાથે ગએલા મનુષ્યોમાંનો એક લખે છે કે, " સ્વામીજીએ ભૂતકાળને અમારી સમક્ષ એવો તો આબેહુબ ખડો કરી મૂક્યો હતો કે વર્તમાનકાળને તો અમે ભૂલીજ ગયા! અમે જાણે કે પ્રાચીન સમયના બાદશાહો અને મોટા રાજાઓની સાથે વસતા હોઈએ

જોઇને ઘણાજ આશ્ચર્યથી બોલી ઉઠ્યા કે; "આ શું કરી રહ્યા છો?" સ્વામીજી જવાબમાં એટલુંજ બોલ્યા કે "શું ક્રાઇસ્ટ તેમના શિષ્યોના પગ ધોતા નહોતા?" એ સાંભળીને બહેન નિવેદિતા ઘણાજ ભક્તિભાવથી સ્વામીજી તરફ જોતાં જોતાં મનમાં બોલી ઉઠ્યાં કે "આ પણ સાક્ષાત ક્રાઇસ્ટનોજ અવતાર છે!"

અલવરમાં સ્વામીજી રહ્યા ત્યાં સુધી તે લોકોને ઘેર ભિક્ષા લેવાને જતા. અમેરિકા જતા પહેલા જ્યારે સ્વામીજી અલવરમાં આવ્યા હતા ત્યારે એક વૃદ્ધ સ્ત્રીએ ઘણા ભાવથી જાડા જાડા રોટલા ખવરાવીને તેમનું સન્માન કર્યું હતું. સ્વામીજીના આવ્યાની વાત જાણીને તે સ્ત્રી મનમાં ઘણીજ ખુશી થતી હતી. સ્વામીજીને અનેક સદ્‌ગૃહસ્થો તરફથી ભિક્ષાના આમંત્રણ આવતા હતા, પણ તેમણે તે વૃદ્ધ સ્ત્રીને કહાવી મોકલ્યું કે; ઘણા વર્ષ ઉપર તમારે ઘેર હું જાડા જાડા રોટલા ખાઈ ગયો હતો તેવાને તેવા જાડા રોટલા ખાવાને આજે હું તમારે ઘેર આવીશ' એ સાંભળીને વૃદ્ધ સ્ત્રીનું હૃદય હર્ષથી ઉભરાઇ ગયું. તેની આંખોમાં પ્રેમના અશ્રુ આવી ગયા અને પોતાની જાતને તે ધન્ય માનવા લાગી. સ્વામીજી ભિક્ષા લેવાને માટે બેઠા એટલે તે બાઇ બોલી; "બાપ દિકરા શુ કરૂં ' હું ગરીબ છું, નહિ તો સારૂં સારૂં કરીને હું તમને ન ખવરાવું?" સ્વામીજી જાડા રોટલાઓને ઘણા સ્વાદ અને હર્ષથી ખાવા લાગ્યા અને પોતાના શિષ્યોને કહેવા લાગ્યા કે; "જુઓ આ બાઇ કેવી સાત્વિક છે' તેનામાં કેવો પ્રેમ વસી રહેલો છે' આપણી મા જેવોજ તે ભાવ બતાવી રહેલી છે. તેના હાથના આ જાડા રોટલા કેવા સત્વગુણની વૃદ્ધિ કરનાર છે'"

સ્વામીજી અલવરથી ખેત્રી, કીશનગઢ, અજમેર, જોધપુર, ઇંદોર અને ખંડવા થઇને કલકત્તા તરફ ગયા. તબીયત સારી નહિ રહેવી હોવાથી પંજાબ ઘણાક તરફ જવાનો વિચાર માંડી વાળ્યો.

કામ તેમનું લક્ષ પેંથી થયું હતું. તેમના શુભાશયો અને હિંદીઓનાં ચારિત્ર્ય માટે, તેમના મનમ, ઉત્તમ આદર્શોનો વાસ કરાવવો, તેઓ ભારતવર્ષને, કે અખિલ વિશ્વને અનેક રીતે ઉપકારક થાય અને સમસ્ત માનવજાતિનું કલ્યાણ કરવાની સ્વામીજીની યોજનાઓને અમલમાં મૂકવાને લાયક બને એવી કેળવણી તેમને આપવી, વગેરે કાર્યોમાં સ્વામીજીનું મન હવે પરોવાયું હતું.

પ્રકરણ ૪૯ મું-બેલુર મઠમાં.

સ્વામીજી હવે પોતાના આખરના દિવસો ગંગાતીરે આવેલા બેલુર મઠમાંજ ગાળી રહ્યા હતા. મઠમાં રખાયેલી ડાયરી સ્વામીજીની અનેક પ્રવૃત્તિઓની નોંધ પુરી પાડે છે. પરોઢમાં સ્વામીજી કોઈ આવિક ભજનને ધેર ગાતા જણાતા તો ઘડીકમાં મઠમાં આવેલા અસંખ્ય પુરુષોની સાથે વાર્તાલાપ કરતા દેખાતા. કોઈવાર તે મઠના સાધુઓ અને બ્રહ્મચારીઓને શિક્ષણ આપવામાં કલાકોના કલાકો ગાળતા તો કોઈવાર કલાકના કલાક સુધી ધ્યાનમાં બેસી રહેતા. કોઈવાર તે ભજનો ગાતા તો કોઈવાર સંકીર્તનમાં ભાગ લેતા અને કોઈવાર તે સંસ્કૃત વાંચતા કે ઊંડો અભ્યાસ કરતા. સ્વામીજી અનેક બાબતો ઉપર લખતા, અનેક કાગળોના જવાબ આપતા, અનેક વાતો કહેતા અને પોતાની ભૂમિકાઓ કે આધ્યાત્મિક અનુભવોનું વર્ણન કરતા. વખતે ભગવદ્ગીતા ઉપર મોટું આખ્યાન તે આપતા, વખતે ઉપનિષદો ઉપર વિવેચન કરતા અથવા વૈદિક વિજ્ઞાનશાસ્ત્રનાં તત્વો સમજાવતા અને મહા પ્રજાઓના ઇતિહાસો કહી સંભળાવતા. બેલુર મઠમાં સ્વામીજી આ પ્રમાણે જીવન ગાળી રહ્યા હતા. એ સમયે આખું નવગોપાળ ઘોષને ત્યાંથી સ્વામીજીને આમંત્રણ આવ્યું.

નવગોપાળ શ્રીરામકૃષ્ણના પરમ ભક્ત હતા. તેમણે રામકૃષ્ણપુરમાં એક મંદિર બંધાવ્યું હતું અને તેમાં શ્રીરામકૃષ્ણની મૂર્તિ પધરાવવાની હતી. તે ક્રિયા કરવાને સ્વામીજીને બોલાવવામાં આવ્યા હતા. સ્વામીજી તેમના ગુરુભાઈઓ, શિષ્યો, વગેરેને લઈને રામકૃષ્ણપુર જવાને નીકળ્યા. હોડીઓમાં બેસીને સર્વ રામકૃષ્ણપુરના ઘાટ ઉપર ઉતર્યા અને ત્યાંથી મંડળીના આકારમાં ગોઠવાઈને ભજન કરતા કરતા આગળ ચાલ્યા. બીજા ઘણા ભક્તો એ મંડળીમાં સામેલ થયા. કેટલાકો ભજન કરતા કરતા ગાવા અને નાચવા લાગ્યા. સર્વેની વચમાં સ્વામીજી ગળામાં મૃદંગ લટકાવી તેને વગાડતા વગાડતા ઉઘાડા પગે ચાલતા હતા. સાદાં ભગવાં વસ્ત્ર તેમણે પહેર્યાં હતાં. રસ્તાની બંને બાજુએ હજારો માણસો ભેગાં થયાં હતાં.

સ્વામીજીને આવા સાદા પોશાકમાં ઉઘાડા પગે અને મૃદંગ વગાડતા જોઈને પ્રથમ તો લોકો તેમને ઓળખી શક્યા નહિ; પરંતુ જ્યારે તેમને માલમ પડ્યું કે અખિલ વિશ્વમાં વેદાન્તનો ઝુંડો ફરકાવનાર પુરુષ એજ છે, ત્યારે લોકોના આશ્ચર્યનો પાર રહ્યો નહિ. તેઓ ખુશાલીના પોકારોથી સ્વામીજીને વધાવી લેવા લાગ્યા અને એક બીજાની સાથે વાત કરવા લાગ્યા કે "કેવી નમ્રતા! કેવી સુંદર અને લાવણ્યમય આકૃતિ!"

નવગોપાળ પોતાને ઘેર મૂર્તિસ્થાપનની ક્રિયા પુરી થઈ રહ્યા પછી અત્યાનંદમાં શીઘ્ર કવિની માફક સ્વામીજીના મુખમાંથી નીચેનો શ્લોક નીકળી પડ્યો કે.—

> स्थापकाय च धर्मस्य सर्वधर्मस्वरूपिणे ।
> अवतारवरिष्ठाय रामकृष्णाय ते नमः ॥

"ધર્મનો પુનરોદ્ધાર કરનાર, સર્વ ધર્મોની સાક્ષાત્ મૂર્તિ, સર્વ અવતારોમાં શ્રેષ્ઠ, એવા શ્રીરામકૃષ્ણ! તમને નમસ્કાર છે."

તેનું સઘળું ખર્ચ મીસીસ ઓલબુલ નામની શિષ્યાએ આપ્યું હતું.

સને ૧૮૯૯ના જાન્યુઆરીમાં મઠનું મકાન પુરૂં થઇ જતાં સ્વામીજી તેમના ગુરૂભાઇઓ અને શિષ્યો ત્યાં રહેવાને ગયા. પેલા વખત પછી પાશ્ચાત્ય શિષ્યોને માટે પણ મઠની પાસે મકાનો બંધાવવામાં આવ્યાં.

એક દિવસ મઠમાં શ્રીરામકૃષ્ણની જન્મતિથિ ઉજવાતી હતી. તે દિવસે સ્વામીજીએ ઘણી જનોઇ મંગાવી રાખી હતી. જેમ જેમ મઠમાં શ્રી રામકૃષ્ણના ભક્તો અને સ્વામીજીના શિષ્યો આવતા ગયા તેમ તેમ સ્વામીજી તેમને જનોઇ ધારણ કરવાનું કહેતા ગયા. ક્ષત્રિયો અને વૈશ્યોને એક બ્રાહ્મણ શિષ્ય પાસે જનોઇ દેવાની ધાર્મિક ક્રિયા તે કરાવતા. આમાં સ્વામીજી બોલ્યા: " શ્રીરામકૃષ્ણના સઘળા બાળકો—ભક્તો—બ્રાહ્મણો છે. વળી વેદો પણ દ્વિજાતને ઉપવિત ધારણ કરવાની છૂટ આપે છે. હાલમાં સર્વે નાત્ય ભ્રષ્ટ થઇ ગએલા છે પણ પ્રાયશ્ચિત કરવાથી તેઓ દ્વિજોના અધિકારને પાછા મેળવી શકે. આજનો શ્રીરામકૃષ્ણની જન્મતિથિનો પવિત્ર દિવસ સર્વ ભક્તોને જનોઇ આપવાનો સરસ વખત છે. સર્વે તેમના અધિકાર તરફ ધ્યાન ગાયત્રી મંત્ર ઉપદેશ કરીને દ્વિજત્વ પ્રાપ્ત કરાવે."

તે દિવસે સ્વામીજીના હાથથી લગભગ પચાસ ભક્તોને ઉપનયન સંસ્કાર કરી ગાયત્રી મંત્ર ઉપદેશવામાં આવ્યો. તેઓ દેશકાળ સ્થિતિનો પણ વિચાર કરતા હતા. એથી કરીને હિંદુઓની રીતભાતમાં અને માન્યતાઓમાં ઘણીજ ફેરફાર કરવા એમનો મત હતો. સ્વામીજીનો આદર્શ જનજીવનની વૃદ્ધિ કરતો હતો. તે હમેશાં જનજીવનનો પોષક હોય જે રીતિ રિવાજ કે માન્યતા જનજીવનના વિકાસમાં આડે આવનારી હોય તે ધાર્મિક નથી. બનાવ તે ધર્મના ખરા સ્વરૂપની વિરોધિ છે, પ્રભુરૂપી જીવના તે દ્રોહક છે. જનજીવનને હણનારી, તેમ કુસંપ, પરસ્પર વિરોધ, ઇત્યાદિ, વગેરેને વધારનારી મોટી મોટી માન્યતાઓને છોડી ધર્મનું ખરું વિશાળ સ્વરૂપ પ્રજાજનોની આગળ

પુરૂષની પત્ની હોઇ કરોડોની મિલ્કત ધરાવતાં હતાં અને તેથી કમહેલોમાં પણ મોટો બંગલો રાખીને રહેવાને શક્તિમાન હતાં. આમ છતાં પણ મઠની જમીન ઉપર આવેલા એક જુના પુરાણા ઝુંપડામાં રહેવાનું તે વધારે પસંદ કરતાં હતાં. તે બતાવે છે કે સ્વામીજી પ્રત્યે તેમની ભક્તિ કેવી અગાધ હતી. કેવી સત્યપ્રીતિએ તેમના હૃદયમાં વાસ કર્યો હતો અને વેદાન્તનો બોધ તેમના ઉપર કેવી ઉંડી અસર ઉપજાવી રહ્યો હતો ! ખરેખર, મિસીસ ઓલબુલ અને તેમના જેવી બીજી શિષ્યાઓની સ્વામીજી પ્રત્યેની ભક્તિ વેદાન્તની અદ્દ્ભુત મહત્તા અને પાશ્ચાત્યોની સત્યશોધક વૃત્તિનો પુરેપુરો પ્રમાણ આપણી આગળ રજુ કરે છે અને આપણા અદ્દ્ભુત તત્વ-જ્ઞાન તરફ તથા આપણા દેશના અસામાન્ય મહાત્માઓ તરફ આપણું જે અલક્ષ્ય છે તેને માટે આપણને શરમમાં નાંખે છે.

ધર્મપાલ પ્રથમ સ્વામીજીની પાસે આવ્યા હતા અને તેમને તેડીને તે મિસીસ ઓલબુલની પાસે જવાના હતા. તે વખતે ઘણોજ સખત પવન વાતો હતો અને વરસાદ પણ પુષ્કળ વરસતો હતો; તે છતાં સ્વામીજી ધર્મપાલની સાથે ગયા. રસ્તો ઘણો ખડ-બચડો અને કાદવવાળો થઇ જવાથી ચાલતાં ચાલતાં સ્વામીજીનો પગ લપસી જાય, તેમના ઉપર વરસાદની વાછંટ આવ્યા કરે, પણ સ્વામીજી નાના છોકરાની માફક હસતા અને આનંદ કરતા ચાલ્યાજ કરતા હતા. એકાએક ધર્મપાલનો પગ કાદવમાં ઉંડો પેસી ગયો તે કેમે કર્યો બહાર નીકળે નહિ. સ્વામીજીએ તેમની પાસે જઇને તેમનો હાથ પોતાને ખભે મુકાવ્યો અને કેડેથી પકડીને તેમનો પગ બહાર ખેંચી કહાડયો. પછી બંને જણ હસતા હસતા આગળ ચાલ્યા. જ્યાં જવાનું હતું ત્યાં આવી પહોંચ્યા પછી સર્વે પોત પોતાના પગ ધોવા લાગ્યા. ધર્મપાલ પોતાના પગ ધોવાને પાણીનો લોટો હાથમાં લેતા હતા

પોતે સ્વપ્નો સાક્ષાત્કાર કરતાં પહેલાં ભગવાન બુદ્ધે જેમ બીજાઓને
માટે અનેકવાર પોતાનું જીવન સમર્પિત કર્યું હતું તેમ તમે પણ કરો."

એ વિધિ થઈ રહ્યા પછી સ્વામીજી કૈલાસ તથા બાબ ધારણ
કરી મઠ મંદિરની સમક્ષ કીર્તન અને ધ્યાન કરીને સાક્ષાત્
શિવસ્વરૂપ પ્રત્યક્ષ કરાવવા લાગ્યા. પાછળથી સંન્યાસીઓ
પછી ડાક્તરોની પાસે ગયા અને ત્યારે કે પૂર્વ અને પશ્ચિમનો
મેળાપ થતો હોય તેમ ચાલાક શિષ્યોએ ડાક્તરોનાં અર્ઘ્ય ગ્રહણ
કર્યાં અને દરેકે પોતાનો પવિત્ર હાથ તેમને માથે મૂકીને આશિર્વાદ
આપ્યા. 'પ્રેમાળની મા' કહીને એક ૧૯ અને પવિત્ર સ્ત્રી જેને શ્રી-
રામકૃષ્ણ પોતાથી માતા તરીકે ગણતા હતા તેમને પણ ત્યાં બોલાવ-
વામાં આવ્યા. અહીં સર્વે બેસીને રહેતા અને જમવા લાગ્યા. એ
પ્રમાણે સ્વામીજીએ પૂર્વ અને પશ્ચિમની સ્ત્રીઓ વચ્ચે ગાઢ સંબંધ બાંધ્યો,
કે જે સંબંધ માટે ઘણો વખતો કામ કરેલ છે અને પૂર્વ પશ્ચિમની
સ્ત્રીઓ સાથે મળીને રામકૃષ્ણ મિશનનાં અનેક કાર્યો કરી રહેલી છે.

એ સમયનો એક બીજો બનાવ તે એ હતો કે બહેન
નિવેદિતાએ સ્વામીજીના પ્રમુખપદ નીચે "ઇંગ્લાંડમાં હિંદુઓના ધાર્મિક
વિચારોની અસર" એ વિષય ઉપર મોટી સભા સમક્ષ કલકત્તામાં
એક સુંદર વ્યાખ્યાન આપ્યું હતું. સભાનું ઓળખાણ કરાવતાં
સ્વામીજીએ કહ્યું કે "ઇંગ્લાંડે નિવેદિતારૂપી એક મોટી બક્ષિસ આપણને
આપેલી છે." પોતાના ભાષણમાં નિવેદિતાએ અંતરના ઉમળકા
બતાવીને સર્વેને જણાવ્યું હતું કે:—

"તમે-હિંદુઓએ-લગભગ ૭ હજાર વર્ષથી પ્રાચીન વિચારોને
ધારણ કરી રાખીને સમસ્ત જગતને માટે સર્વોત્તમ આધ્યાત્મિક
ખજાનાને જાળવી રાખ્યા છે; તેથીજ હું ભારતવર્ષની સેવા કરવાને
માટે આપણી અહીંઆં આવી છું."

એ પછી મિસિસ ઓલબુલે કહ્યું કે "હિંદુસ્તાનનું સાહિત્ય પાશ્ચાત્યોને મન અત્યારે એક અમૂલ્ય જીવંત વસ્તુ થઈ રહેલી છે અને ખાસ કરીને સ્વામી વિવેકાનંદરચિત પુસ્તકો અમેરિકામાં ઘેરે ઘેર વાચવામાં આવે છે" મિસ મુલરે "મારા વ્હાલા જાતિ બાન્ધવો અને મિત્રો" એમ સંબોધીને બોલવાની શરૂઆત કરતાંજ શ્રોતાઓએ પોતાની ઉભરાઈ જતી લાગણી દર્શાવવાને તાળીઓનો ગડગડાટ કરી મૂક્યો. મિસ મુલરે કહ્યું કે "મને અને સ્વામીજીના બીજા પાશ્ચાત્ય શિષ્યોને હિંદુસ્તાનમાં આવીને એમજ લાગે છે કે જાણે અમે અમારા ઘરમાંજ આવ્યા છીએ. ભારતવર્ષમાં આધ્યાત્મિક પ્રકાશ અને ધાર્મિક જ્ઞાન વાસ કરી રહેલાં છે, એટલુંજ નહિ પણ તેમ. અમારા સગાંઓજ વસી રહેલા છે એમજ અમે માનીએ છીએ."

ઉત્સાહમાં વેદાન્તના બોધની અસર કેવી થએલી છે તે વિષે બોલતાં તેમણે કહ્યું કે, "સમય હવે એવો આવ્યો છે કે અમે પાશ્ચાત્યોને હિંદુસ્તાનના આધ્યાત્મિક વિચારોનો લાભ મળવાથી અમારા વિચારો ઉન્નત બનતા જઈને અમે સુખી થવા લાગ્યાં છીએ. એક જીવંત મહાત્માએ તે વિચારો અમને એવી તો સરસ રીતે સમજાવ્યા છે કે તે અમને આત્મરૂપ થઈ રહેલા છે. અમે તેમને [illegible] પૂજીએ છીએ અને પાશ્ચાત્ય પ્રજાઓના જડવાદથી ભરેલા જીવનમાં તેમણે નવું જીવન અને નવો જુસ્સો રેડ્યો છે. પશ્ચિમમાં પોતે કરેલા કાર્ય વિષે વિવેકાનંદે તમને સંપૂર્ણ કહી બતાવ્યું નથી. પશ્ચિમના ખાનગી અને બહાર જીવનમાં તેમણે જે અમૂલ્ય સુધારો કરેલો છે અને તેમના બોધથી ત્યાં જે મોટો ફેરફાર થઈ રહેલો છે તે વિષે તે તો તમને ફીકુંજ કહે; પરંતુ મારે જણાવવું જોઈએ કે તેમના બોધને સમજવાને જે જે લોકો ભાગ્યશાળી થયા હતા તેઓ સર્વેના હૃદયોમાં અને કુટુંબોમાં તેમના ઉચ્ચ ધર્મભાવોએ અને વિચાર

આધ્યાત્મિક ભાવનાઓએ ઊંડી જડ ઘાલી છે. આર્ય તત્ત્વજ્ઞાનના ઉચ્ચતમ સિદ્ધાંતો અત્યાર સુધી અમને અજ્ઞાત હતા, તે પરેશવરદેલા અમે તેમનેજ મુખેથી સાંભળ્યા છે. તે સાંભળીને તેનો અમે બરાબર અભ્યાસ કર્યો છે. તેને અમે અમારાં હૃદયમાં દૃઢ ઠસાવ્યા છે. તેમને અમે અમારાં કુટુંબોમાં ફેલાવ્યા છે. તેમને અમે અમારા વડીલો, માતાઓ, દિકરાઓ અને દિકરીઓને સમજાવ્યા છે અને એ સર્વે તે અદ્ભુત આધ્યાત્મિક જ્ઞાનને કૃતિમાં મૂકવાનો પ્રયાસ કરી રહ્યાં છે."

પ્રમુખ તરિકે સ્વામીજીએ જણાવ્યું કે પ્રાચીન સમયમાં હિંદવાસીઓ પૂર્વ અને પશ્ચિમના પ્રદેશોમાં બહુ દૂર સુધી પ્રવાસ કરતા હતા. પ્રાચીન સમયમાં જેમ હિંદ અખિલ વિશ્વનું ગુરુપદ ધારણ કરી રહ્યું હતું તેમજ અત્યારે પણ તે આખી દુનિયાના ગુરુપદે બેસી શકે તેમ છે. આપણા સંકુચિત જીવનને વિસ્તૃત કરવું અને આપણા સર્વે એક આધ્યાત્મિક વિચારોને સર્વત્ર ફેલાવવા એમાંજ આપણા ઉદ્ધારનું ખરૂં રહસ્ય રહેલું છે. એની સાથે પાશ્ચાત્યો પાસેથી તેઓએ વિજ્ઞાન, કળા, હુન્નર વગેરે પણ શિખવાં જોઈએ અને આ પ્રમાણે આપ લે કરવાથી હિંદવાસીઓ એક મોટી બળવાન પ્રજા બની રહેશે. અહીંઆં સ્વામીજીએ આત્મશ્રદ્ધા ઉપર ખાસ ભાર મૂકીને કહ્યું હતું કે "અરે મનુષ્યો! તમારી પોતાની શક્તિમાં–આત્મામાં શ્રદ્ધા રાખતાં શીખો. તેમ કરવાથીજ તમે ઈશ્વરમાં ખરી શ્રદ્ધા રાખતાં શિખશો. એ સર્વશક્તિમાન શ્રદ્ધાનું રહસ્ય સમજાવવું એજ મારા જીવનનું ખરૂં કર્તવ્ય મેં માનેલું છે. શ્રદ્ધા હોય તોજ મનુષ્યના મનમાં મહત્વાકાંક્ષા બંધાય છે. જો આપણામાં પુરતી શ્રદ્ધા આવે તો આપણું પ્રજાકિય જીવન જલદીથી વ્યાસ અને અર્જુનના દિવસો પાછા જોઈ શકે તેમ છે, કે જે દિવસોમાં જનપ્રીતિના સર્વોત્તમ સિદ્ધાંતો અને સર્વ પ્રકારની સુખ સમૃદ્ધિ ભારતવર્ષમાં વ્યાપી રહ્યાં હતાં." ઉપરે સ્વામીજીએ

બંગાળાના યુવાનોને ઉદ્દેશીને કહ્યું હતું કે "તમે જાગ્રત થાઓ. ભલે તમે ગરીબ હો, પરંતુ જગતનાં મોટાં મોટાં પરાક્રમો તો ગરીબોએજ કરેલાં છે. ભારતવર્ષનું કલ્યાણ કરવાને માટે પવિત્રતા, સહૃદયતા, સ્થિરતા અને વૈરાગ્ય ધારણ કરો અને તમારી જાતમાં અનહદ શ્રદ્ધા રાખો.

પ્રકરણ ૫૦ મું—દુષ્કાળકામો તથા અનાથાશ્રમો વગેરેની સ્થાપના.

સ્વામીજીની યોજના પ્રમાણે રામકૃષ્ણ મિશન હવે કાર્ય કરવા લાગ્યું હતું. પણ ત્યાગી વૈરાગ્યના મઠો સ્થાપ્યા હતા. દર અઠવાડીએ સ્વામીજીની દેખરેખ નીચે તેના સભાસદો "ગુરુનો વૈરાગ્ય, સ્વામી વિવેકાનંદનું કાર્ય, જ્ઞાન અને ભક્તિ" વગેરે વિષયો ઉપર ભાષણો આપતા હતા. સ્વામીજીએ મદ્રાસમાં ધર્મ અને તત્ત્વજ્ઞાનનાં જે બીજ રોપ્યાં હતાં તેને લીધે ઘણા સુશિક્ષિત મદ્રાસીઓના હૃદયો હવે તેના તરફ વળવા લાગ્યા હતા. અગાઉ ઘણા ખરા યુવાન મદ્રાસીઓ હિંદુઓની ધાર્મિક ભાવનાઓને હસી કહાડી નાસ્તિકતા અને જડવાદમાં ડૂબી રહ્યા હતા. તેઓ સ્વામીજીના સમાગમમાં આવ્યા પછી પવિત્ર અને ભક્તિમય જીવન ગાળવા લાગ્યા હતા.

સ્વામીજીએ અમેરિકામાં અને ઇંગ્લાંડમાં જે મહત્ કાર્ય કર્યું હતું તેની ભારે અસર તેમના ઉપર થઇ રહી હતી. હવે તેઓ મદ્રાસમાં વેદાન્તનું એક મથક સ્થાપવાની સ્વામીજીને અરજ કરી રહ્યા હતા. તેમની અરજ સ્વીકારીને સ્વામીજીએ મદ્રાસમાં વેદાન્તનું મથક સ્થાપી તેને ચલાવવાને પોતાના ગુરુભાઈ સ્વામી રામકૃષ્ણાનંદને ત્યાં મોકલ્યા. રામકૃષ્ણાનંદ મદ્રાસ ગયા અને તેમણે દરરોજ

કાંઠે ગીતા ઉપર વ્યાખ્યાનો આપવા માંડ્યાં. મદ્રાસની યંગ મેન્સ હિંદુ એસોસીએશનમાં પણ તેમણે વ્યાખ્યાનો આપ્યાં. આગળ જતાં તેઓ નિયમિત રીતે ઉપનિષદો પણ શીખવવા લાગ્યા.

માયલાપુરમાં, ત્રીપલીકેનમાં તેમજ ગીતાદીપક વર્ગ ઉઘાડવામાં આવ્યા હતા. એ દરેક સ્થળે વીસ પચીસ યુવકો શ્રીમદ્ ભગવદ્ગીતા તેમજ ઉપનિષદોનો અભ્યાસ નિયમિતપણે કરવા લાગ્યા. આ યુવકોમાં ઘણાખરા ગ્રેજ્યુએટો કૉલેજને અધ્યયનમાં મશગુલ રહેતા હતા.

વેદાન્તનું બીજું મથક કોલમ્બોમાં સ્થાપી સ્વામી શિવાનંદને ત્યાં મોકલવામાં આવ્યા. કેટલાક યુરોપિયનો અને ઘણા સુશિક્ષિત હિંદુઓ તેમના વર્ગમાં આવવા લાગ્યા. કેટલાક યુરોપિયનોની ઇચ્છા નિયમિતપણે ભગવદ્ગીતા શિખવાની હતી, તેથી કરીને સ્વામી શિવાનંદ તેમને ગીતાજી શિખવવા લાગ્યા. સ્વામી શિવાનંદ જે સર્વથી અગત્યનું કાર્ય બજાવતા તે એ હતું કે જે કેટલાક જીજ્ઞાસુ પુરુષો શરીરની અશક્તિ વગેરે કારણોથી તેમની પાસે આવી શકતા ન હોતા તેમને ઘેર જઈને પણ તેઓ વેદાન્તનું શિક્ષણ આપતા હતા અને એવા અનેક જીજ્ઞાસુ-પણ અશક્ત મનુષ્યોને એ શિક્ષણ ઘણું જ ઉપકારક થઈ પડ્યું હતું.

સને ૧૮૯૭-૯૮ ની સાલમાં બંગાળામાં અને બીજા પ્રાંતોમાં ભયંકર પ્લેગ અને દુષ્કાળ ચાલી રહ્યા હતા, ત્યારે પણ સ્વામી વિવેકાનંદની દેખરેખ નીચે રામકૃષ્ણ મિશને ઘણું અગત્યનું કાર્ય બજાવ્યું હતું. તે વખતે સ્વામી વિવેકાનંદે પોતાના ગુરુભાઈઓ અને શિષ્યોની મદદથી સ્થળે સ્થળે દુષ્કાળફંડો અને અનાથાશ્રમો સ્થાપ્યાં હતાં. ત્યાં ભૂખ્યાં અને નિરાશ્રિત સ્ત્રી પુરુષોને અન્ન, વસ્ત્ર વગેરે આપવામાં આવતું હતું. વળી પ્લેગના સમયમાં ઠામે ઠામે પ્લેગ નિવારણ સંસ્થાઓ ઉભી કરવામાં આવી હતી. તેમાં પ્લેગથી

પીડાતા મનુષ્યોની માવજત કરવામાં આવતી હતી. મુર્શીદાબાદમાં એક અનાથાશ્રમ ઉઘાડવામાં આવ્યું હતું. મુર્શીદાબાદની આસપાસના ગામડાના લોકોને ખાવાનું અનાજ તેમજ પીવાનું ચોકખું પાણી મળતું ન હતું. તેને લીધે હજારો સ્ત્રી પુરૂષો મૃત્યુને વશ થતાં હતાં. એ મનુષ્યોના દુઃખની ખબર સાંભળીને સ્વામી વિવેકાનંદે સ્વામી અખંડાનંદને દ્રવ્ય તથા બે મદદનીશો આપીને મુર્શીદાબાદ મોકલ્યા. ત્યાં એક અનાથાશ્રમ ઉઘાડવામાં આવ્યું અને સ્વામી અખંડાનંદ ગામેગામ ફરી ક્ષુધાથી પીડાતાં સ્ત્રી પુરૂષોને શોધી કહાડી તેમને અનાજ પુરૂં પાડવા લાગ્યા. મુર્શીદાબાદની આસપાસના ગામડાઓમાં લગભગ બસે માણસો ભૂખથી મરી જવાની તૈયારીમાં હતા અને તેમની સંખ્યામાં વધારો થતે જતો હતો. એ ખબર સાંભળીને સ્વામી વિવેકાનંદે ફંડ એકઠું કરવાને સ્વામી સુબોધાનંદને કલકત્તા મોકલ્યા. સ્વામીજી જે ઉમદા અને નિઃસ્વાર્થ કામ કરી રહ્યા હતા તેની કદર સરકારી અમલદારો પણ હવે કરવા લાગ્યા. મુર્શીદાબાદ તાલુકામાં સરકાર તરફથી ચાર પાંચ દુષ્કાળકામો ઉઘાડવામાં આવ્યાં હતાં, પણ તેઓ સંતોષકારક રીતે કાર્ય કરતાં નહોતાં. તેથી કરીને ખરેખરા દુકાળથી પીડાતા સ્ત્રી પુરૂષોને જોઇએ તેવી મદદ મળતી નહોતી. એવાં સ્ત્રી પુરૂષો હવે રામકૃષ્ણ મિશનના અનાથાશ્રમમાં આવીને રહેવા લાગ્યાં. અહીંઆ મિશનના સંન્યાસીઓ તેમની કાળજીથી બરદાસ્ત કરતા. તેથી તેમનાં દુઃખનો અંત કરવો ઘાત હતા અને તેમની આંખોમાં પાણી આવી જતું. વળી જે લોકો વ્યાધિઓથી પીડાતા હતા તેમને માટે પણ દવા વગેરેની સારી સગવડ રામકૃષ્ણ મિશન કરી રહ્યું હતું. અન્ન પાણીના કષ્ટથી ગભરાઇ રહેલાં સ્ત્રી પુરૂષોનાં ઉદાસ મુખો જોઇને પત્થરનાં હૃદય પણ પીગળી જતાં હતાં. એક સ્ત્રી અને તેનાં નાનાં નાનાં છોકરાનું દુઃખ નહિ જોવાવાથી

મારી કે તેમની અંદર શીખ સિવાયના બધાનું કામ વ્યવસ્થિતપણે કરેલું છે, અને મેં તેમને જે જે સૂચનાઓ કરી હતી તે બધાનો તેમણે ખુશીથી ધ્યાનમાં લીધી હતી અને દર અઠવાડિયે તે પોતાનો હિસાબ અને અહેવાલ મારા તરફ મોકલતા હતા."

મુર્શિદાબાદ, દીનાજપુર અને દેવઘર સિવાય હરિદ્વારમાં પણ એક દુષ્કાળ ફેલાયેલો આવ્યું હતું. હરિદ્વાર શ્રીરામકૃષ્ણ પરમહંસના નિવાસથી પવિત્ર બની રહેલું હતું. અહીંઆ એક સ્વામી ભૂખ્યાનાં ગરીબ કુટુંબોને ચોખા આપવાનું કામ કરી રહ્યા હતા. ત્યાંના [illegible] સરકારી અમલદારો રામકૃષ્ણ મિશનના કાર્ય વિષે સારો રિપોર્ટ મોકલી રહ્યા હતા. રામકૃષ્ણ મિશન પોતાનું કામ એવી શાંતિ અને નિસ્વાર્થ વૃત્તિથી કરી રહ્યું હતું કે બ્રિટીશ અમલદારો તેની પ્રશંસા કર્યા વગર રહેતા નહિ. દુષ્કાળવાળા ગામડામાં બ્રિટીશ અમલદારો આવતા અને અનાજ, વસ્ત્ર, વગેરે અપાતાં જોતા. કેમ કરવું પડવું સહેલું હતું. પણ ગામે ગામ ફરવું, ગરીબનાં ઝુંપડાંમાં તપાસ કરવી, ખરેખરી તંગીવાળાને મદદ કરવી અને આસપાસ ફેલાઈ રહેલાં દુઃખ અને અગવડોમાં વ્યવસ્થિત કાર્ય શરૂ કરવું. એ ઘણું મુશ્કેલ હતું. પણ રામકૃષ્ણ મીશનના સાધુઓએ તે કાર્યને સિદ્ધ કરેલું છે. તેમનો જેટલો ઉપકાર માનીએ તેટલો ઓછો છે. અત્યારે પણ તેઓ તેવુંજ કાર્ય કરી રહેલા છે. શ્રીરામકૃષ્ણ અને સ્વામી વિવેકાનંદનાં પવિત્ર ચરણ કમળના સ્પર્શથી તેઓ સઘળા પવિત્ર અને નિસ્વાર્થ બની માત્ર પરોપકાર વૃત્તિથીજ, માનવજાતિનું દુઃખ ટાળવાને તત્પર થઈ રહેલા છે. હજી પણ તેઓ ભારતવર્ષની ગરીબ પ્રજાને સહાય કરવાને આમેઆમ કરી રહેલા છે. આ વખતે મુર્શિદાબાદમાં કેટલાક નિરાધાર બાળકો સંભાળને અભાવે અન્નપાણી વિના મરી જતાં જોવામાં આવતાં હતાં. એથી કરીને મુર્શિદાબાદમાં એક કાયમનું

અનાથાશ્રમ સ્થાપવાનો વિચાર રામકૃષ્ણ મિશનનો થયો. મુર્શીદાબાદના કલેકટર મી. લેવીંજને પણ આવા અનાથો ઉપર ઘણીજ દયા આવી અને તેમણે એક કાયમનું અનાથાશ્રમ ખોલવાની સ્વામી અખંડાનંદને અરજ કરી. સ્વામી અખંડાનંદ પણ એવું અનાથાશ્રમ ખોલવાનો વિચારજ કરી રહ્યા હતા. તેમણે કલેકટરની વાત તરતજ કબુલ કરી બ્રિટીશ સરકારે પંદર વીઘા જમીન તે કાર્યને માટે મફત આપી. અનાથ બાળકોની સંખ્યા જલદીથી વધતી ગઈ અને દયાળુ હૃદયના સ્વામી અખંડાનંદની સંભાળ નીચે તે સારી રીતે ઉછરવા લાગ્યા. અનાથાશ્રમનું મકાન બંધાયા પછી સર્વેને ત્યાં રાખવામાં આવ્યાં. તેમને અન્ન, વસ્ત્રાદિ આપવા ઉપરાંત ભાષા, ઇતિહાસાદિનું જ્ઞાન આપવું, ખેતીકામ, વણાટકામ, વગેરે ધંધા શીખવવા અને વેદાન્તના મહત્વના સિદ્ધાંતો તેમના મગજમાં ઠસાવીને તેમને સ્વાશ્રયી અને પ્રભુપરાયણ બનાવવા, એવો હેતુ પણ મિશને રાખેલો હતો. મુર્શીદાબાદના અનાથાશ્રમના બાળકો આધુનિક સમયના શિક્ષિત યુવાનોની માફક નિર્બળ, પરાધીન અને નાસ્તિક ન બને તે માટે મિશન તરફથી પુરતી કાળજી રાખવામાં આવતી હતી.

આ વખતે સ્વામી વિવેકાનંદની તબીયત નાદુરસ્ત હોવાથી ડાક્તરોની સલાહથી હવા ફેર માટે તેઓ દાર્જીલીંગ ગયા અને થોડોક સમય ત્યાં રહ્યા. તેમની શારીરિક સ્થિતિમાં કંઇક સુધારો થયો ન થયો એટલામાંજ ખબર આવી કે કલકત્તામાં ઘણોજ પ્લેગ ચાલી રહેલો છે. સ્વામીજી આરામ લેવાની વાત પડતી મૂકીને એકદમ કલકત્તે પાછા આવ્યા. સરકારે પ્લેગના અટકાવ માટે કેટલાક આકરા નિયમો ઘડયા હતા તેથી લોકો ડરીને નાસભાગ કરી રહ્યા હતા અને કલકત્તાની સ્થિતિ જાણે એકાદ મોટું તોફાન ઉપડે તેવી થઈ ગઈ હતી. તોફાન ન થાય તેટલા માટે સ્થળે સ્થળે સરકારી સિપાઇઓ

બહેન નિવેદિતા પણ તે કાર્યમાં જોડાયાં હતાં. આ પ્રોત્સાહનના સેવા ધર્મમાં જોડાયેલા સંન્યાસીઓની પુંજીમાં માત્ર એક કમંડલુજ હતું. તેઓ કોઈ પણ જાતના બદલાની આશા રાખતા ન હોતા. તેમને મન સમાજસેવા તે પ્રભુસેવાજ હતી. તેઓ માવજત કરનારી, તપાસ કરનારી અને ગલીઓ અને ઘરો સાફ કરાવનારી ટોળીઓમાં ગોઠવાઈ ગયા. ફંડને માટે વર્તમાનપત્રોમાં જાહેર ખબર આપવામાં આવી અને ટોળીઓ પોતપોતાનું કાર્ય કરવા મંડી ગઈ. જે મહોલ્લાઓમાં વધારે ગંદકી હતી તેને તેઓ ઉત્સાહથી સાફ કરાવવા લાગ્યા. સાધુઓને ભંગીઓ જોડે પણ કામ કરવું પડતું હતું, પણ તે પવિત્ર પુરૂષો તેનાથી પણ પાછા હઠતા ન હોતા. સારવાર કરવાના માંદાઓમાં શ્રીરામકૃષ્ણ પરમહંસના વિદ્વાન અને પવિત્ર શિષ્યો સ્વામી શારદાનંદ અને બ્રહ્માનંદ દર્દીઓની માવજત કરવા લાગ્યા. વળી તેમણે ભજન મંડળીઓ ઉભી કરીને તેમનાદ્વારા લોકોને વ્યાધીની બ્હીક ત્યજી દઈને આત્મશ્રદ્ધા તથા પ્રભુશ્રદ્ધા રાખવાનું સમજાવવા માંડયું. સ્વામી વિવેકાનંદ પણ માંદા રહેવાનું ત્યજી દઈને ગરિબ લોકોના મહોલ્લામાં એક ઝુંપડામાં રહેતા હતા. ચારે બાજુ ફેલાઈ રહેલી વ્યાધી અને મૃત્યુની વચમાં રહીને સ્વામીજી સર્વેને દિલાસો આપતા, ગરિબોની સારવાર કરતા અને પોતાના જીવન અને દૃષ્ટાંતથી ચારે પાસ પ્રવર્તી રહેલા પ્લેગના ભયને નાબુદ કરવાને, સર્વેનાં હૃદયમાં ઉત્સાહ પ્રેરતા. જે મનુષ્યોએ સ્વામી વિવેકાનંદને આ પ્રસંગે કામ કરતા જોયા છે તેઓ આજે પણ તેમના કાર્યને ઘણાજ માન અને આભારની લાગણી સાથે યાદ કરે છે. શ્રીરામકૃષ્ણ પરમહંસના સન્યાગી શિષ્યો ગંદામાં ગંદી ગલીઓમાં પણ પેસીને કેવા ઉત્સાહથી કામ કરતા અને પ્લેગથી પીડાતા મનુષ્યોને કેવો દિલાસો અને મદદ આપતા તે કલકત્તાનો દરેક દરેક શહેરી હજી સુધી કૃતજ્ઞપણે યાદ કરે છે.

કહેવાય છે. તેઓ અગાધ દ્રવ્ય, વિદ્યા અને બાહુબળ પ્રાપ્ત કરી રહેલા છે અને જગતના ભોગવિલાસ ભોગવીને થાકયા છે. આપ મેળે સાત્વિક ભાવને પ્રાપ્ત નહિ કરે તો શું તમે હિંદુઓ સાત્વિક ભાવને પ્રાપ્ત કરશો? તમે દુઃખને માટે રડારોળ કરનારા, ગંદી ગલીઓમાં પડી રહેનારા અને નિર્બળ શરીરવાળા હિંદુઓ શું મોક્ષને માર્ગે ચઢી શકશો? તમે જરા અંગ્રેજોનાં ભવ્ય મકાનો, સાફ રસ્તાઓ, તેમની સંસ્થાઓ, તેમના શરીરસુખાકારીના નિયમો અને તેમનાં સ્થિર ચારિત્ર્ય તરફ તો જુઓ. પછી તમારી ખાત્રી થશે કે મોક્ષ મેળવવાને માટે લાયક તો તેઓજ છે.

સ્વામીજીનું ધારવું ખરૂં હતું. અંગ્રેજોના હૃદયમાં તેમણે જે બીજ રોપ્યું હતું તે હવે ફુલીને-ફાલીને ફળી રહ્યું હતું. સંખ્યાબંધ વેદાન્તના અભ્યાસીઓ એકઠા મળતા અને હિંદુ તત્ત્વજ્ઞાનના અભ્યાસમાં એક બીજાને મદદ કરતા. મી. સ્ટર્ડી ખાસ કરીને તેમાં ઘણોજ રસ લેતા હતા. મી. એરીક હેમંડ વારંવાર તેમની સભાઓના પ્રમુખ થતા અને તેમને મદદ કરતા. વળી રામકૃષ્ણ મિશન હિંદમાં દુકાળના વખતમાં જે કાર્ય કરી રહ્યું હતું તેને લંડનના વેદાન્તીઓ ઘણીજ સહાય કરતા. આ દેશમાં જે અનેક મનુષ્યો ભોગવિલાસથી થાકી જઈને તેમજ જડવાદથી અસંતોષી બનીને પોતાનું જીવન શુષ્ક અને નિરાશામાં ગાળી રહ્યા હતા, તેમની બુદ્ધિને સ્વામીજીનો વેદાન્તનો બોધ અતિશય અનુકૂળ થઈ પડયો હતો. આર્ય વેદાન્તે તેમના સઘળા વિચારો અને અનુભવો ઉપર તદ્દન નવોજ પ્રકાશ પાડયો હતો. એ પ્રકાશના પ્રતાપે તેમનું જીવન આશા, આનંદ અને અન્ય ઉચ્ચ આધ્યાત્મિક ભાવોવડે ભરપુર રહેતું હતું. સ્વામી વિવેકાનંદના ગયા પછી વેદાન્તના વર્ગોનું કામ સ્વામી અભેદાનંદને સોંપવામાં આવ્યું હતું અને તે પોતાનું કર્તવ્ય ઘણીજ કુનેહથી બજાવી રહ્યા હતા.

અમેરિકાથી સ્વામી વિવેકાનંદ વિદાય થયા ત્યારબાદ ત્યાંનું
સ્વામી શારદાનંદને સોંપવામાં આવ્યું હતું અને તે કામ ઘણુંજ
થયું હતું. અનેક વેદાન્ત સમાજો ત્યાં સ્થપાઇ રહી હતી. તે
માં કામ કરવું તે એક સંન્યાસીથી બની શકે તેમ ન હોતું. ન્યૂયોર્ક
ટ્રોઇટ, બ્રુકલીન વગેરે સ્થળોમાં વેદાન્ત સમાજો સ્થપાઇ ચૂકી હતી.
માં કામ કરવા ઉપરાંત સ્વામી શારદાનંદને બીજી સભાઓમાં પણ
હાજરી આપવી પડતી અને ગ્રીનેકરમાં આવેલી તુલનાત્મકધર્મવિચાર
પરિષદમાં શિક્ષક તરીકે પણ કામ કરવું પડતું. એ પ્રમાણે કામ વધી
પડેલું હોવાથી સ્વામી અભેદાનંદને અમેરિકામાં બોલાવવામાં
આવ્યા. પશ્ચિમની સઘળી સમાજોમાં ન્યૂયોર્કની વેદાન્ત સમાજ ઘણીજ
મોટી હોવાથી સ્વામી અભેદાનંદે ન્યૂયોર્કમાંજ પોતાનું મુખ્ય મથક
રાખ્યું. વળી મોન્ટક્લેરના લોકોએ વેદાન્તનો બોધ સાંભળવાની
[illegible] જણાવવાથી અઠવાડીઆમાં એકવાર ત્યાં પણ તેઓ જતા
હતા. ન્યૂયોર્ક અને બીજાં શહેરોમાં હિંદના પ્રાચીન સાહિત્યનો
શોખ વધતો ચાલ્યો અને સ્વામી વિવેકાનંદનાં પુસ્તકોની પુષ્કળ
માગણી થવા લાગી. જ્યાં જ્યાં સ્વામીઓ જતા ત્યાં ત્યાં લોકો તેમનો
બોધ ઘણાજ આતુરતાથી સાંભળતા. થોડાજ સમયમાં માલુમ પડ્યું કે
ઘણે દૂર આવેલા કેલીફોર્નીઆમાં પણ ઘણા મનુષ્યો વિવેકાનંદનાં
પુસ્તકો વાંચી રહેલા છે અને તેઓ વેદાન્તનો બોધ ગ્રહણ કરવાને
તૈયારી કરી રહેલા છે. બ્રુકલીન અને સેનફ્રાન્સીસ્કો જેવાં સ્થળોને
પણ નિરાશ થવું પડતું હતું; કારણકે તે સ્થળોમાં જવાનો સ્વામીઓને
બીલકુલ અવકાશ મળતો નહિ. આ પ્રમાણે અમેરિકામાં હજી બીજા
ઘણા સંન્યાસીઓની જરૂર હતી, પણ હિંદમાં તેવા સંન્યાસીઓ
હજી તૈયાર ન હોતા. હિંદમાં સ્વામી વિવેકાનંદ તેવા સંન્યાસીઓ
હજી તૈયાર કરતા હતા.

ન્યૂયોર્કમાં વેદાન્તનું કાર્ય જલદીથી આગળ વધતું હતું. સ્વામી અભેદાનંદના વર્ગોમાં વિદ્યાર્થીઓની સંખ્યા વધતી હતી. એ વખતે લગભગ બસે વિદ્યાર્થીઓ વેદાન્ત શીખી રહ્યા હતા. વર્ગોની જાહેર ખબર નહિ આપવા છતાં પણ લોકો એક બીજાદ્વારા માહિતી મેળવીને આકર્ષાઈ આવતા હતા. આ પ્રમાણે અમેરિકામાં બુદ્ધિશાળી અને વિચારવંત સ્ત્રી પુરુષોના અંતઃકરણમાં વેદાન્તનો ધીમે ધીમે વાસ થતો હતો. અમેરિકામાં વેદાન્તની આવી ફતેહનું કારણ એ હતું કે વેદાન્ત સર્વસંગ્રાહ્ય તત્ત્વોથી ભરપૂર છે, ઉચ્ચમાં ઉચ્ચ નીતિને તે પ્રતિપાદન કરે છે, અત્યંત પવિત્ર ચારિત્ર્યને ધારણ કરવાનું તે મનુષ્યને બોધે છે અને સંપૂર્ણ સ્વાર્થત્યાગની તે હિમાયત કરે છે. કોઈ પણ ધર્મ કે પંથને તે ધિક્કારતું નથી, પણ ઉલટું ક્રાઈસ્ટના અને બીજા ધર્મોના સિદ્ધાંતોને તે વધારે સ્પષ્ટ કરી આપે છે. વેદાન્તરૂપી પ્રકાશ મળ્યા પછી ઘણા અમેરિકનો પોતાના ખ્રિસ્તી ધર્મને ખરા રૂપમાં સમજવા લાગ્યા હતા. અમેરિકાના લોકોએ વેદાન્તને અંતઃકરણપૂર્વક વધાવી લેવાનું કારણ એ હતું કે જીવનના મહાન પ્રશ્નનો સંતોષકારક ઉત્તર તેમને તેમાંથીજ મળી આવ્યો. વિદ્વાન અને ઉદાર વિચારવાળા ખ્રિસ્તી પાદરીઓને ક્રાઈસ્ટના સિદ્ધાંતોની ખરેખરી સમજુતી પણ એજ સિદ્ધાંતોમાં રહેલી જણાતી.

સ્વામી વિવેકાનંદની અમેરિકન શિષ્યા મિસ ફાર્મર નામે બાઈ ન્યૂયોર્કમાં ઘણું કામ કરી રહ્યાં હતાં. આ વિદુષી અને ઉદાર બાઈએ સ્વામી વિવેકાનંદના સમાગમમાં આવ્યા પછી ગ્રીનએકર કરી હતી અને પોતાના સુંદર મકાન આપીને તે ગ્રીનએકર કૉન્ફરન્સ વેદાન્તનો બોધ કરી રહ્યા હતા. ન્યૂયોર્કમાં તેમણે અદ્વૈતાશ્રમ સ્થાપેલો છે. તેમના ભાષણો અને વાર્તાલાપથી ઘણા અમેરિકનો વેદાન્તનો અભ્યાસ કરતા થયા હતા. તેમના પ્રયાસથી

પણ તેમને તેમના કાર્યમા ઘણી મદદ કરતાં અને ઘણે સ્થળે ભાષણો આપતા હતા, છતા પણ અમેરિકામા વેદાન્તનો બોધ કરવાને ઉપદેશકોની ઘણીજ તાણ પડતી હતી વોશીંગ્ટનમ પ્રેસીડંટ મેકીન્લી જેવા સત્તાધીશે ઘણાજ હર્ષ અને માનથી સ્વામી અભેદાનંદની મુલાકાત લઈ ભારતવર્ષ વિષે કેટલીક પુચ્છપરછ કરી હતી પછીથી તેઓ એલાસ્કાના ગવર્નરને મળ્યા હતા. પ્રખ્યાત વિજ્ઞાનશાસ્ત્રી અને માનસશાસ્ત્રવેત્તા ડોક્ટર એલ્મર ગેટસે તેમને ઘણા ભાવથી પોતાના પરોણા તરિકે રાખ્યા હતા અમેરિકાનાં સારામા સારા મ સિકો, જેવા કે ધી સન, ધી ન્યુયોર્ક ટ્રિબ્યુન, ધી ક્રીટીક, ધી લીટરરી ડાયજેસ્ટ, ધી ઇન્ટેલીજન્સ વગેરે પણ સ્વામીઓના ભાષણોનો ખૂબ ફેલાવો કરી રહ્યા હતા વળી તે પત્રોમ વેદાન્ત વિષે અનેક ચર્ચાઓ પણ આવતી આ બધું દર્શાવી આપે છે કે અમેરિકાના પ દરીઓ ઉદાર વિચારકો અને ધર્મશાસ્ત્રીઓના હૃદયમા વેદાન્તના સિદ્ધાંતો મક્કમપણે ઠસતા જતા હતા.

આ પ્રમાણે આપણે જોઈ શકીએ છીએ કે સ્વામી વિવેકાનંદે જે બીજ રોપ્યાં હતા તેમાથી મોટાં વૃક્ષો ઉગી નીકળીને ખુબ ફાલી તથા ફળી રહ્યા હતા પાશ્ચાત્ય પ્રજાઓના હૃદયમા આ વૃક્ષોના મૂળ ઉંડામા ઉંડા પેસી રહ્યા હતા એક મિત્ર અમેરિકાથી લખે છે કે "અમારામાના કેટલાઓનું જીવન સ્વામીઓના બોધથી બદલાઈ રહેલું છે એ કહેવુ અશક્ય છે આગળ જતા ઘણા મનુષ્યો પોતાના પાછલા જીવન ઉપર દૃષ્ટિ નાખશે અને સ્વામીઓના બોધથી તેમના જીવન કેવા ઉન્નત બની રહેલા છે તે આશ્ચર્યથી જોશે"

અત્યારે અમેરિકાના લગભગ દરેકે દરેક વિષયમા—વ્યવહારિક ભાષણોમાં, ખ્રિસ્તીધર્મનાં દેવાલયોમા, માસિકોમા અને વર્તમાનપત્રો વગેરેમા—જુદી જુદી રીતે અને જુદા જુદા સ્વરૂપમાં વેદાન્તના સિદ્ધાંતો બહુજ છૂટથી ચર્ચાતા જણાય છે સા આ વિષયને લગતી ઉપરા ઉપરી

નવી નવી સમાજો અને મંડળીઓ સ્થપાવા લાગી છે તેમજ અમેરિકા અને હિંદુસ્તાન વચ્ચે પ્રેમ વધવા લાગ્યો છે. આજે પણ અનેક અમેરિકન સ્ત્રીપુરૂષો બ્રહ્મચર્યદિક્ષા કે સંન્યાસ લેઈ ભારતવર્ષમાં આવીને વેદાન્તમય જીવન ગાળી રહેલાં છે. કેટલાક ગૃહસ્થાશ્રમી છતાં પણ વેદાન્તના સંપૂર્ણ અભ્યાસી બની હિંદનું ધાર્મિક જીવન જોવા આવતા જણાય છે. સ્વામી વિવેકાનંદે સ્થાપેલા બેલુર મઠમાં અને અદ્વૈત આશ્રમમાં બ્રહ્મચારી કે સંન્યાસી તરિકે તેઓ જીવન ગાળતા નજરે પડે છે. ખ્રિસ્તિ ધર્મને છોડીને શા માટે તેઓ વેદાન્ત ધર્મને ગ્રહણ કરે છે તેનાં કારણો તેઓ સમજાવે છે. હમણાંજ એક અમેરિકન સદ્‌ગૃહસ્થ "બ્રહ્મચારી ગુરૂદાસ" એવું નામ ધારણ કરીને બેલુરમઠમાં આવેલા છે. વેદાન્તધર્મ સ્વીકારવાનું અને ભારતવર્ષમાં આવીને રહેવાનું કારણ જણાવતા તે કહે છે કે વેદાન્ત ધર્મ સર્વથી શ્રેષ્ઠ છે અને તેનું પાલન કરવાને ભારતવર્ષ જેવું બીજું એક સ્થાન યોગ્ય નથી.

પ્રકરણ પર મું-પાશ્ચાત્ય શિષ્યોની કેળવણી.

ભારતવર્ષમાં અનેક પંડિતો, સાધુઓ, સંન્યાસીઓ અને મહાત્માઓ આપણી દૃષ્ટિએ આવે છે. વેદશાસ્ત્રાદિમાં પારંગત થયેલા અનેક વિદ્વાનો ભારતવર્ષમાં જણાય છે. સ્વામી વિવેકાનંદ જેવી વિદ્વત્તાવાળા પણ અનેક સાધુઓ હિંદમાં મળી આવશે. પણ સ્વામી વિવેકાનંદની ખુબી સોનામાં સુગંધની પેઠે વિદ્વત્તા સાથે જોડાએલા તેમના સુંદર ચારિત્ર્ય બળને લીધે વધારે હતી. તેમના ચારિત્ર્યમાંજ તેમની નવીનતા હતી. એ ચારિત્ર્યથીજ તે સર્વથી જુદા પડતા અને સર્વના માનનું પાત્ર બની રહેતા. ભારતવર્ષમાં અનેક સાધુઓ અને પંડીતો

વેદાન્તનો બોધ આપે છે પણ તેમાના [illegible] ઉંડા વિચાર વિશાળ ચારિત્ર્ય અને દીર્ઘદ્રષ્ટિની [illegible] અને કે લોકસેવા તેમજ સ્વદેશાભિમાનની [illegible] તેમનામાં [illegible] હોતી નથી. સ્વામી વિવેકાનંદનો બોધ એ [illegible] પાડતો હતો અને તેમના બોધમાં તેમનું ચારિત્ર્ય [illegible] હતું

સ્વામી વિવેકાનંદની સાથે તેમ [illegible] આવ્યા હતા. સ્વામીજીનો બોધ તેઓ ગ્રહણ કરી [illegible] પરંતુ તેમની સાથે તેમના ચારિત્ર્યને પણ ઉત્તમ [illegible] હતું. ભારતવર્ષમાં ઘણાએ વેદાન્ત વગેરેની કથા [illegible] કરે છે અને વેદાંતીઓ થઇને ફરે છે પણ તેમનામાં [illegible] પણ અંશ હોતો નથી, એટલુંજ નહિ પણ [illegible] વગેરેના સ્વાર્થ સાધવામાં બીજા સામાન્ય માણસો [illegible] તેવા હોય છે અને બહારના આચાર, ટાપટીપ [illegible] બોલવાની છટાથીજ ભોળા ભારતીય જનતા ઉપર કાબુ [illegible] હોય છે. સ્વામીજી એ વાત સારી પેઠે જાણતા અને [illegible] કરતા ચારિત્ર્યને તે વધારે મહત્વ આપતા. પોતાના [illegible] મનમાં હિંદના ધાર્મિક આચાર વિચારોનું ખરૂં રહસ્ય [illegible] ખરેખરા હિંદુઓ બને, ભારતવર્ષનું પ્રાચીન ગૌરવ અને [illegible] કળા, તત્વજ્ઞાન, ધર્મ, સમાજસંધારણ વગેરેનો યથાર્થ અને [illegible] ખ્યાલ તેમના હૃદયમાં વસે અને તેઓ ભારતવર્ષનું તેમજ [illegible] વિશ્વનું કલ્યાણ કરતા મોક્ષને પ્રાપ્ત કરે એવા પ્રકારની [illegible] બહુજ કાળજી પૂર્વક તેમનું ચારિત્ર્ય ઘડી રહ્યા હતા.

સને ૧૮૯૮ ના માર્ચ માસમાં મિસીસ ઓલબુલ અને મિસ જોસેફાઈન મેકલીઓડ અમેરિકાથી આવ્યા અને બેલુરમની જમીન ઉપર એક જુના મકાનમાં રહેવા લાગ્યાં. પોતાના ગુરુ

સ્વામી વિવેકાનંદની જન્મભૂમિનાં દર્શન કરવાં, સ્વામીજીના સમાગમમાં વધારે આવવું અને ભારતવર્ષના લોકો અને સાધુઓનું નિરીક્ષણ કરીને વેદાન્ત જીવનને પ્રત્યક્ષ કરવું એવો તેમનો ઇરાદો હતો.

બ્હેન નિવેદિતાએ ઇંગ્લાંડ સાથેનો સઘળો સંબંધ છોડી દઇ હિંદમાંજ વાસ કર્યો હતો. સ્વામીજીના બીજા શિષ્યો મી. સેવીઅર અને તેમનાં પત્ની આલમોરામાં રહેતાં હતાં. સ્વામીજીની બીજી શિષ્યા મિસીસ પેટર્સન-કલકત્તાના કોન્સલ જનરલનાં પત્ની-કલકત્તામાંજ રહેતાં હતાં. સ્વામીજી પ્રથમ અમેરિકામાં ગયા ત્યારે ત્યાંની વીશીવાળાઓ તેમને કાળા આદમી ગણીને વીશીઓમાં દાખલ કરવા ન હોતા ત્યારે તેમણે સ્વામીજીને પણો આશ્રય આપ્યો હતો અને એ વખતથી તે સ્વામીજી પ્રત્યે અત્યંત ભાવ રાખતાં હતાં. હિંદુસ્તાનમાં આવ્યા પછી પણ તે વારંવાર સ્વામીજીના સમાગમમાં આવતાં. કલકત્તાના ગર્વિષ્ઠ અંગ્રેજ અમલદારોને એ વાત પસંદ પડતી ન હોતી, તોપણ મિસીસ પેટર્સન તેની દરકાર નહિ કરતાં સ્વામીજીની સાથે પ્રવાસે પણ નીકળતાં. સ્વામીજીના બીજા શિષ્યો મી. ગુડવીન વગેરે હિંદમાં અહીં તહીં વિચરી રહ્યા હતા. આ સર્વને એકઠાં કરીને હિંદનાં જાણીતાં સ્થળોનાં દર્શન કરાવવાં અને તેમના હૃદયમાં હિંદની મહત્તા ઠસાવવી એવો સ્વામીજીએ વિચાર કર્યો.

કલકત્તામાં રહીને પણ પોતાના પાશ્ચાત્ય શિષ્યોના મગજમાં હિંદનું પ્રાચીન શિક્ષણ ઉતારવાને સ્વામીજી અનેક પ્રયાસ કરી રહ્યા હતા. બ્હેન નિવેદિતાના ગ્રંથો વાંચવાથી સમજાશે કે સ્વામીજી તેમના પાશ્ચાત્ય શિષ્યોના મગજમાં કેવા ભવ્ય સંસ્કારો નાંખી રહ્યા હતા.

સ્વામીજી જ્યારે નીલાંબર મુકરજીના બગીચામાં રહેતા હતા ત્યારે પણ પોતાના પાશ્ચાત્ય શિષ્ય-શિષ્યાઓ જે તેમનાથી થોડેક દૂર ગંગા નદીને કિનારે રહેતા તેમને પ્રસંગે વારંવાર જતા. તેમની સુધા-

કાનથી એ શિષ્યોનું જીવન પણુંજ રસમય અને અનેક જાતની પવિત્ર ભાવનાઓથી ઉભરાયા રહેતું અહીંઆ સ્વામીજી એકાદ વૃક્ષ નીચે બેસતા અને વાર્તાલાપના અસ્ખલિત પ્રવાહથી હિંદનો ઇતિહાસ,તેની દંતકથાઓ, વર્ણાશ્રમધર્મ અને રીતરિવાજો તેમજ ધાર્મિક આદર્શો પોતાની કાવ્યમય ઓજસ્વી વાણીથી સમજાવતા. આખરે તેમનું કથન પ્રભુના મહિમામાં અને તત્ત્વોપદેશમાં સમાપ્ત થઇ સર્વે પરમાનંદમગ્ન થઈ રહેતા.

સ્વામીજીની શિક્ષણપદ્ધતિ અપૂર્વ હતી. હિંદુજીવનનાં અનેક સ્વરૂપો, તેના હેતુઓ, મહત્ત્વાકાંક્ષાઓ, ગુપ્ત શક્તિઓના વિસ્તાર તે શિષ્યોને પ્રત્યક્ષ કરાવતા અને તેમના પરસ્પર સંબંધો સમજવાનું કાર્ય તેમનેજ સોંપતા. એવી રીતે એ વિષયમાં શિષ્યોની બુદ્ધિ ખીલતી કોઇવાર સ્વામીજી કોઇ ઉત્તમ કાવ્ય કે પુરાણનો કોઈ ભાગ તેમને શ્રવણ કરાવતા અને હિંદુધર્મની દંતકથાઓ અને ક્રિયાઓનું તેમને ભાન કરાવતા. કોઇવાર ઉમા-મહેશ્વર વચ્ચેના અદ્ભુત સંબંધ અને તત્ત્વ ચર્ચાની વાતો કહેતા તો કોઇવાર રાધાકૃષ્ણ કે શ્રીમતી રાણીના વૃત્તાંતો સમજાવતા સાહિત્ય, વિજ્ઞાન, ઇતિહાસ વગેરે,જે વિષયને તે હાથમાં લેતા તેને અદ્વૈતવાદની દૃષ્ટિથી સમજાવતા અને જ્ઞાનની દરેક શાખા એકજ નિત્ય વસ્તુ—પરમાત્માનેજ શોધી રહેલી છે એમ પ્રતિપાદન કરતા ઐહિક યાને વ્યવહારિક જ્ઞાનને તેઓ નકામું નહિ પણ પારમાર્થિક જ્ઞાનના પગથીયારૂપજ દર્શાવતા

ભારતવર્ષ વિષેના અજ્ઞાનને લીધે પાશ્ચાત્યોના મનમાં જે અનેક નમૂનાના ખરાબ વિચારો બંધાઇ ગયેલા હતા તે વિચારોને સ્વામીજી આવી રીતે તેમના હૃદયપટ ઉપરથી ભૂંસી નાખતા, પરંતુ તેની સાથે હિંદુઓમાં ઘૂસી બેઠેલા ન્યાત જાતના અનેક ભેદો અને ખરાબ રિવાજો કે જેનાથી આખી હિંદુ સમાજ પાયમાલ થઇ રહી છે

ને તે ઘણી રીતે વગોવતા અને તે હિંદુ ધર્મના એવો
ા એમ સમજાવવાથી ગ્રાહ્ય થતા. અમુક શિષ્યોમાં જડેલ
રીતિનું નિરૂપણ સ્વામીજીનું વધારે વખત લેતું હતું. ઘણાને વિચિત્ર
ુ અવશ્ય હોય ત્યાં સુધી તેમને સંતોષ થતો નહિ. એક વિદુષી
અંગ્રેજ એના મહાજનોથી ખાસ પ્રસારીને અપનાવી તેમાં હિંદુ
ઘરોનો વાસ કરાવવો અને તેના સમગ્ર કુટુંબને હિંદુધર્મ સ્વી
કારવું એ કાર્ય જેવું તેવું ન હતું. વેદાન્તના ઉત્તમ સિદ્ધાંતોને તો તે
પટ કરીઆવતાં હતાં, પણ હિંદુઓના આચાર, વિચાર, જુદી જુદી
આવનારાઓ આનબાન, રિવાજ વગેરે તેમને તર્કવિરુદ્ધ અને અર્થ
સમજવામાં આવતાં હતાં. સ્વામી વિવેકાનંદ તેમાં ઊંડું રહસ્ય જોતા
અને તેમને કહેતા કે " તમારે તમારા વિચારો, લાગણીઓ, આર-
નાઓ અને ટેવોને હિંદુઓ જેવાજ બનાવવાના છે. તમારું અંતર
અને આચ્છાદન એક આદર્શ બ્રહ્મચારિણીના જેવુંજ બનાવવું જોઈએ
અને તમારો પૂર્વાશ્રમ તમારી સ્મૃતિમાં પણ રહેવો ન જોઈએ.
હિંદુઓની જે ભાવનાઓ તમને તર્કવિરુદ્ધ લાગે તેને વખોડી નહિ
કાઢતાં મૂળથી તેનો બારીક અભ્યાસ કરવાનો છે. કેમકે આપણું
ઉદ્દેશ અનેકોને હિંદુઓના પોતાના વિચારોમાંજ સમજાવવાનું છે."
મતલબ એમ કે મિસ નોબલ જેવી બુદ્ધિશાળી પાશ્ચાત્ય શિષ્યાનું મન
ફેરવવું એ કંઈ જેવું તેવું કાર્ય ન હોતું; પરંતુ સ્વામીજીએ એ કાર્યને
આટલી હદ સુધી પરિપૂર્ણ કર્યું છે કે ખાણી પીણી વગેરે પણ
મિસ નોબલ જૂના વિચારના હિંદુઓની માફક પ્રથમ પોતાનાં ગુરુ
ઉતારતાં અને તે પછીજ ખાણી પીતાં. હિંદના પ્રાચીન ઇતિહાસ વિષે
પાશ્ચાત્ય શિષ્યો જે અનેક પ્રકારની પ્રબળ શંકાઓ તેમજ ટીકાઓ
કરતા તે સર્વેનું ઘણુંજ ઉત્તમ અને રહસ્યયુક્ત સમાધાન સ્વામીજી
આપતા. હિંદની પ્રાચીન સંસ્કૃતિને તેમજ કેટલાક અર્વાચીન

આચાર વિચારોને ધાર્મિક દૃષ્ટિથીજ તપાસવાનું તેઓ તેમને કહેતા. તેઓ તેમને અનેક દાખલા દલીલોથી સાબીત કરી આપતા કે હિંદના પ્રાચીન શિક્ષણની બરાબરી કરી શકે એવું બીજું કોઇ પણ શિક્ષણ જગતમાં નથી. તે શિક્ષણ્ હજારો વર્ષ સુધી પ્રયોગોની કસોટિએ ચઢીને માનવજાતિના ઉંચામાં ઉંચા ધ્યેયને પ્રાપ્ત કરી રહેલું છે તેથી કરીને તે અજેય છે. પોતાના ધાર્મિક વિચારોમાં ભારતવર્ષ હજારો વર્ષથી અડગ રહેલું છે. હિંદ ગરિબ છે પણ તેની ગરિબાઇમાં નિર્દોષતા જળવી રહેલી છે. હિંદનો ગરિબ વર્ગ પશ્ચિમના ગરિબ વર્ગ જેવો નાસ્તીક અને તોફાની નથી. તે નિત્ય સ્નાનપૂજાદિ કરે છે; પોતાનાં મકાનો, વાસણો વગેરેને ચોખ્ખાં રાખે છે અને સ્વચ્છતાને ધાર્મિકતાનું એક અંગજ ગણે છે. આવા આવા અનેક વિચારો સ્વામીજી તેમના પાશ્ચાત્ય શિષ્યોના હૃદયમાં પ્રત્યક્ષ કરાવતા. સ્વામીજી જેવા સ્વદેશપ્રીતિથી ભરેલા ચિત્રકારની કુશળ પીંછીથી ચિતરાયલું ભારતવર્ષ—જેમકે ચળકતા વાસણોમાં પવિત્ર ભાગીરથીનું જલ ભરી પાછી ફરતી પવિત્ર આર્ય લલનાઓ, સૂર્યોદય વખતે સૂર્યને નમસ્કાર કરતા કેડ સુધી પાણીમાં ઉભેલા પવિત્ર બ્રાહ્મણો. રૂદ્રાક્ષ અને ભસ્મ તથા તિલક છાપા ધારણ કરીને અહીં તહીં વિચરતા સંતસાધુઓ, આસનવાળી બેઠેલા તપસ્વીઓ વગેરે—પાશ્ચાત્ય શિષ્યોની દૃષ્ટિ આગળ જીવતું જાગતું ખડું થઇ રહેતું. એ દૃશ્યમાં હિંદ કવચિત્ ભવ્ય, કવચિત્ સુંદર અને કવચિત્ અત્યંત સાદાઇમાં ગર્વ ધરતું તેમને દૃશ્યમાન થતું. સ્વામીજીને મન આખું ભારતવર્ષ પવિત્ર અને અલૌકિકજ ભાસતું. સર્વત્ર તેની પ્રાચીન કીર્તિ અને સૌંદર્યના ભણકારા સ્વામીજીને સંભળાતા. સ્વામીજીના મુખમાંથી નીકળતી પ્રાચીન કથાઓ તો પાશ્ચાત્ય શિષ્યોને માટે આલ્હાદક હતી. ટુંકામાં કહીએ તો રહસ્ય પૂર્ણ અને કેટલીકવાર તો લગભગ સમાધીની

રહી હતી તેનું વર્ણન કરતાં બાઇન નિવેદિતા લખે છે કે:—

"એ વર્ષના દિવસો ખરેખર રમણિય હતા. તે દિવસોમાં સ્વામીજીનું આદર્શજીવન નજર આગળ પ્રત્યક્ષ તરી રહેતું હતું. પ્રથમ બેલુર મઠની પાસે પવિત્ર ગંગાજીને કિનારે; પછી હિમાલયમાં; પછી નૈનીતાલ અને આલમોરામાં, પછી કાશ્મીરમાં અહીં તહીં વિચરતાં અને એમ દરેક સ્થળે એ અદ્દભુત જીવનના જે અલૌકિક પ્રસંગોનો લાભ મળતા તે પ્રસંગો કદિએ ભૂલાય તેમ નથી. તે પ્રસંગોએ સ્વામીજીએ જે અનેક સજીવન વાક્યો ઉચ્ચાર્યાં તે જીવનપર્યંત હૃદયપટ ઉપરથી ખસશે નહિ એકવાર તો સ્વામીજીએ અમને સાક્ષાત પરમ સત્યમય દશાની ઝાંખી કરાવી હતી."

"માનવજાતિ તરફે સ્વામીજીનો પ્રેમ અપ્રતિમ હતો. અધમમાં અધમ અને અજ્ઞાનીમાં અજ્ઞાની પણ તેમના પ્રેમનું પાત્ર બની રહેતા. સ્વામીજીની દ્રષ્ટિએ સમસ્ત જગતને અમે નિહાળતા અને તે વખતે અમને અખિલ વિશ્વ કંઇ નવિનજ ભાસતું. સ્વામીજીની વિલક્ષણ બુદ્ધિના કેટલાક પ્રસંગો નહિ સમજવાથી અમે હસતાં પણ ખરા. તેમને મુખે પુરાતનના પ્રસંગો સાંભળીને અમારાં હૃદય ઉછળી રહેતાં. કોઇ કોઇવાર તો જિસસ ક્રાઇસ્ટની બાલ્યાવસ્થાના પ્રસંગો જેવાજ પ્રસંગો એમના અદ્દભુત જીવનમાં અમે જોતા."

"સ્થળોનું વર્ણન સ્વામીજી એવા જુસ્સાથી કરતા કે આ સમયે, હજી પણ દક્ષિણેશ્વરના લીલાછમ જેવા અનુપમ ક્ષેત્રો, હિમાલયના જંગલોમાંના પ્રકાશિત દેખાવો અને દિલ્હી તથા તાજમહેલનાં કળાશ અને સુંદર ચિત્રો મારી નજર આગળ તરી આવે છે. તે સદાને માટે અમારા સ્મૃતિપટ ઉપર કોતરાઇ રહેલાં છે. જુદા જુદા પંથો કેવી રીતે ઉત્પન્ન થાય છે તે પણ અમે જોયું છે. નવા નવા પંથ પ્રવર્તકોને પણ અમે નિહાળ્યા છે.

સ્વામીજીની સાથે વિવિધ પ્રકારના કેવો ભાવના હતા. સ્વામીજી
એકેની વાત સાંભળતા તેમજ અને તરફ સહાનુભૂતિ દર્શાવતા અને
પ્રેમ તરફ અનુભવો દેખાતા નહિ. સ્વામીજી એવા નમ્ર હતા કે
જગતમાં એમનાથી વધારે નમ્ર જીવને કોઇ ભાગ્યેજ હશે. તેમનો
વૈરાગ્ય પણ અદ્ભુત હતો. ગરીબ અને દુઃખી મનુષ્યો પ્રત્યેની તેમની
દયા અપાર હતી. માનવ પ્રેમ તેમનામાં એવો હતો કે તેમને દુઃખ
દેનારને પણ તે આશિર્વાદ આપતા."

" અમે ઘણીવાર તેમને ફાટલાં તૂટલાં વસ્ત્રો ધારણ કરીને એક
ભિક્ષુકની માફક ફરતા જોયા છે. એવાં વસ્ત્રો જોઇને કેટલાક યુરો-
પીઓ તેમને હસતા, પણ ભારતવાસીઓ તેમની પૂજા કરતા.
ખરી મજુરીનો રોટલો, ઝુંપડાનો વાસ અને અપૂર્ણ વસ્ત્રોના
વાગોળોમાં પર્યટન, એવી સાદી વિરક્તિમય એ જીવનને ખરેખર શોભતી
કો તેમ છે. આસપાસના અમુક પુરુષ તેમજ વિદ્વાનો અને રાજ્યકારી
પુરુષો તેમને સરખી રીતે માનતા નદીમાં ઢોળી પોતાને ખ્યાલથી
તેમના પાછા આવવાની રાહ જોતા જોતા પૂજ્યભાવથી ઉભા રહેતા.
તેમની સેવા કરવાને માટે પરસ્પરમાં હરિફાઇ કરતા. તેમની સેવા
કરી એ સર્વને મન "પ્રભુ સાથે રમવા" જેવું લાગતું."

પ્રકરણ ૫૩ મું—નૈનીતાલ, આલ્મોરા વગેરે સ્થળોમાં.

ભારતવર્ષનું ધાર્મિક જીવન અને તેની ઐતિહાસિક મહત્તા
પાશ્ચાત્ય શિષ્યોને પ્રત્યક્ષ કરાવવાને સ્વામીજી હવે પ્રવાસે નીકળ્યા.
કલકત્તાથી તે નૈનીતાલ ગયા. સઘળા પાશ્ચાત્ય શિષ્યો સ્વામીજીની
સાથે હતા. સ્વામીજીની સાથે પ્રવાસ કરવો એ ઉંચી કેળવણી લેવા
બરોબર હતું. રસ્તામાં સ્વામીજી ધાર્મિક અને ઐતિહાસિક વિષયો

ઉપર ચર્ચા કરતા. વચ્ચે વચ્ચે તે ફારસી બેતો, ચીનની કહેવતો અથવા તો સંસ્કૃત શ્લોકો બોલતા અને પોતાના કથનને સિદ્ધ કરતા. આખે રસ્તે સ્વામીજીની ગાઢ સ્વદેશ પ્રીતિ દૃશ્યમાન થતી. ભારતવર્ષની ઐતિહાસીક મહતાનું ભાન તેમના તરફ આવતું જણાતું. પ્રેમ–શોર્યના જુસ્સાથી તે દરેક સ્થળ બનાવતા. જેમ જેમ આગગાડી આગળ ચાલતી ગઇ તેમ તેમ સ્વામીજી પટના, બનારસ, લખનૌના નવાબની ભવ્ય કચેરીઓ, વગેરેનું વર્ણન કરતા ગયા. તે વર્ણન એવા ભાવથી થતું કે હિંદનો પ્રાચીન સમય સર્વેની માનસિક દૃષ્ટિમાં આબેહુબ ખડો થઇ રહેતો. સ્વામીજીના વર્ણનથી તેરાઇનો પ્રદેશ બુદ્ધની નિર્વાણપ્રાપ્તિનો ભૂમિસમ ભાસવા લાગ્યો. ત્યાં કેટલાક પ્રકાશિત મોર અહીં તહીં વિચરી રહ્યા હતા. તેમને જોઇને સ્વામીજી અજેય રજપુતોની વાતો કહેવા લાગ્યા. વખતે કોઇ હાથી કે ઉંટનું એકાદ ટોળું દૃષ્ટિએ આવતું. સ્વામીજી પ્રાચીન ભારતવર્ષના ધર્મયુદ્ધો, રાજાઓ અને મુગલ બાદશાહના દરબારો વિષે સંપૂર્ણ હકીકત શિષ્યોને સમજાવતા, તો ઘડીકમાં મરકી અને દુષ્કાળની વાતો કરતા. રસ્તામાં આવતા વિશાળ ક્ષેત્રો અને સુંદર ગામોને જોઇને સ્વામીજી હિંદુઓની કૃષિવિદ્યા, ગ્રામ્યપ્રાયત, ગામડાની સ્ત્રીઓના સુંદર કાર્યો તથા ગ્રામ્યજનોનું ધાર્મિક જીવન અને સાધુ સત્કાર, વગેરેને સારી રીતે વર્ણવતા. સ્વામીજીનું વિવિધ પ્રકારનું જ્ઞાન આવા અનેક પ્રકારના તમામ વિષયોને રસમય બનાવતું. જે વિષયને તે હાથ ધરતા તેના ઉપર અવનવો પ્રકાશ પાડતા. તેમના વાર્તાલાપમાં ભારતવર્ષ કેન્દ્રસ્થાન થઇ રહેતું અને તેના અંતરાત્મારૂપે સ્વામીજી તેની આંતરવૃત્તિઓનું અદ્ભુત રહસ્ય પ્રગટ કરતા.

સ્વામીજી ભારતવર્ષની મહત્તા ઐતિહાસિક કે ધાર્મિક દૃષ્ટિથીજ સિદ્ધ કરતા, એટલુંજ નહિ પણ તેમને મન હિંદની ભૂમિ,

મહાન્, પર્વતો, નદીઓ, જંગલો, વગેરે પણ અતિ મહત્ત્વનાં લાગતાં. સ્વામીજી સુંદર શબ્દોમાં હિંદની વિશાળ નદીઓ, વિસ્તૃત જંગલો અને ભવ્ય પર્વતો માટે પોતાનો પ્રેમ પ્રગટ કરતા અને ભારતવાસીઓના હિસાબમાં તે પણ ઘણી અગત્યની વસ્તુઓ છે એમ દર્શાવી કહેતા. હિંદનાં મોટાં મોટાં મેદાનોની સૂકી અને સહેજ સહેજ કાળી ભૂમિ, જમુની ગરમ રેતી અને નદીઓની ઉની રેતી અને પથ્થરવાળાં ખાડાં પણ તેમને મન ઉત્તમ અને ઉપયોગી વસ્તુઓ હતી. અને સ્મશાન ભૂમિમાં ઉમાનાથ-શંકરના વાસ સ્થાનની ભાવના; મૃત શરીર વિષેની ભાવના; જમણે હાથેજ ભોજન કરવું અને તે હાથેજ પૂજા કે જપ કરવાની ભાવના; વિધવાનું સાધ્વી સ્ત્રી જેવું જીવન; એકાદશીવ્રત અને તપાચરણ; માતાપિતાની દેવ સમાન ગણના; વર્ણાશ્રમ ધર્મ; બ્રાહ્મણ જાતિને માટે નિર્માણ થયેલી ધાર્મિક ક્રિયાઓ અને ધ્યાનાદિ ઉપાસનાઓ; સ્વાનુભવ અને વૈરાગ્યનો પ્રત્યક્ષ આદર્શ પૂરો પાડનાર સંન્યાસીઓ; વેદોનું ઉચ્ચારણ કરતા બ્રાહ્મણો; એ સર્વમાં ઊંડો અર્થ સમાયલો છે અને એ સર્વે ભારતવર્ષના પ્રાચીન ઇતિહાસનાં જુદાં જુદાં અંગો છે એમ સ્વામીજી સર્વેના મનમાં ઠસાવતા.

નૈનીતાલમાં એક મુસલમાન સદ્ગૃહસ્થ સ્વામીજીની પાસે આવ્યા. તે સદ્ગૃહસ્થ અદ્વૈત વેદાન્તના ચુસ્ત અભ્યાસી હતા. સ્વામીજીની આધ્યાત્મિકનિષ્ઠા અને ભવ્ય આકૃતિ જોઇને તેમના ઉપર એટલી બધી અસર થઇ કે તેજ દિવસથી એ સદ્ગૃહસ્થ સ્વામીજીના ચુસ્ત શિષ્ય બની રહ્યા. પછી સંન્યાસ લઇ "મહંમદાનંદ" નામ ધારણ કરીને તેઓ રામકૃષ્ણ મિશનમાં જોડાયા. નૈનીતાલમાં ઘણા નામાંકિત પુરુષો સ્વામીજીની મુલાકાતે આવતા. તેમની સાથે વાત કરતાં સ્વામીજી અનેક વિષયો ઉપર ચર્ચા કરતા. એક વખત સ્વામીજીએ પશ્ચિમના સાધારણ લોકવર્ગની વાત કરવા માંડી. ધર્મની

કે,” આપ મિત્ર ! એમાંનું કશુંએ થશે નહિ. એ યુવાનો ઉન્માદ આણીને અંગ્રેજોની રીતભાત ધારણ કરશે અને પાછા આવશે ત્યારે યુરોપિયનો પ્રત્યેજ બેસવા ઉઠવાનું વધારે પસંદ કરશે. તેઓ પોતાનુંજ પેટ ભરશે; યુરોપિયનોનો પોશાક, ખાણું, રીતભાત વગેરેનું અનુકરણ કરશે; અને તેમના પોતાના દેશને તો ભુલીજ જશે.”

નૈનીતાલથી સ્વામીજી આલમોરા ગયા. અહીંઆં તે તેમના પાશ્ચાત્ય શિષ્ય મી. સેવીઅરના અતિથિ થઈને રહ્યા. બીજા પાશ્ચાત્ય શિષ્યો એક મકાન ભાડે રાખીને ત્યાં ઉતર્યા. અહીંઆં પણ મિસ નોબલની સાથે સ્વામીજીને પુષ્કળ વાદવિવાદ ચાલ્યો; કારણ કે મિસ નોબલના મનમાંથી હજી કેટલાક પાશ્ચાત્ય વિચારો ભુંસાતા ન હોતા. એ સમય વિષે મિસ નોબલ લખે છે કે;—

“આલમોરામાં લાગ્યું કે મારે ફરીથી નિશાળે જવાનું થઈ ગયું હોય તેમજ મને લાગતું હતું. ગાલીચા પર પાલીને બેઠેલા પશ્ચિમ તરફના સામ્રાજ્ય, સાહિત્યવિષયક અને કલાવિષયક વિચારો ઉપર સ્વામીજી આક્ષેપ કરતા. હિંદુ અને યુરોપિયન ઇતિહાસ તથા ભાવનાઓની તે તુલના કરતા અને એ વિષયો ઉપર પુષ્કળ વિશાળ અને અગત્યના વિચારો દર્શાવતા. સ્વામીજીની એક ખાસ ટેવ એ હતી કે જ્યારે તે કોઇ પણ સમાજ કે દેશના દુર્ગુણો વિષે વાત કરતા ત્યારે તે તેમના ઉપર સખત હુમલો કરતા, પણ પોતાની વાત પુરી કર્યા પછી એ સમાજ અથવા દેશના સદ્ગુણોનેજ તે યાદ રાખતા. વખતો વખત તે પોતાના શિષ્યોની પરીક્ષા કરતા. મારી સાથે ચર્ચા કરવામાં પણ તેમનો હેતુ મારા ધૈર્ય અને જ્ઞાનની કસોટી કરવાનોજ હતો. અમારી મંડળીમાંની એક વૃદ્ધ સ્ત્રીના મનમાં એમ આવ્યું કે અમારા વાદવિવાદનો અંત સારો આવશે નહિ અને તેમાંથી કલહ ઉત્પન્ન થશે, તેથી કરીને તેમણે સ્વામીજીને એ

ભાગને પડી મૂકવાની અરજ કરી. સ્વામીજી તેમનું કહેવું કબુલ રાખવાને બહાર આવ્યા ગયા. અંદર આવીને એ બાઈને એક ભાગની ભાગ્યે તેઓ કહેતા હતા કે તમારું કહેવું ખરું હતું. આમ કહી પછી સ્વામીજી જરાક પગે નમ્યા. તેમણે ઉંચે જોયું અને સામે બીજનો ચંદ્ર ઉગેલો દેખાયો. તેને જોઈને સ્વામીજીના હૃદયમાં પૂર્ણ આનંદ આવી ગયો અને તે બોલ્યા "જુઓ, મુસલમાન લોકો નવા ચંદ્રને ઘણું માન આપે છે ખરા. આપણે પણ નવા ચંદ્રની સાથે નવા જીવનનો આરંભ કરીએ." એમ બોલીને બોલીને સ્વામીજીએ પોતાના બીજે હાથ ઉંચો કરી હું વારંવાર તેમની સામે વાદવિવાદ કરનારી શિષ્યા એ ભગિની સ્વામીજીનો પવિત્ર આવેશથી ઉભરાઈ જતો ચહેરો જોઈ તેમના ચરણ કમળ આગળ શીર નમ કરીને તેમને પગે પડી રહી. સ્વામીજીએ મારે માથે હાથ મૂકીને મને ઉંડા અંતઃકરણ-પૂર્વક આશીર્વાદ આપ્યા. ખરેખર, તે ક્ષણ મારે માટે અલૌકિક આનંદથી ભરપૂર હતી. આલમોરામાં મારી તર્કશક્તિ વડે કરીને હું પરમાત્માની અનંતતા અને દયાળુતાનો યથાર્થ ખ્યાલ મારા મનમાં લાવી શકતી ન હોતી પણ સ્વામીજીના પવિત્ર હાથનો સ્પર્શ થયા પછી અનેક વખત હું એ અનંતતા અને દયાળુતાને સાક્ષાત્ પેઠે અનુભવી શકતી હતી. તે દિવસે પ્રથમજ મારા સમજવામાં આવ્યું કે શ્રેષ્ઠ ગુરૂ કેવી રીતે આપણામાં રહેલા જીવભાવને ટાળીને તેને સ્થાને સર્વાત્મભાવ પ્રકટાવી શકે છે."

આલમોરાથી સ્વામીજી પંજાબ અને કાશ્મીર તરફ ગયા. લાહોરમાં ઘણા લોકો તેમને ગુરૂ નાનક અને ગુરૂ ગોવિંદની ઉપમા આપવા લાગ્યા. ખરી સ્વદેશ પ્રીતિથી સ્વામીજી શિખ લોકોની બહાદુરીનું વર્ણન કરવા લાગ્યા. શીખ લોકોનું પવિત્ર પુસ્તક ગ્રંથસાહેબ અને પંજાબના સર્વ ત્યાગી ગુરૂઓ, જેમણે વેદાન્તના સિદ્ધાંતોનો હરેક હરેક

ઘરમાં વાસ કરાવ્યો હતો તેમની ભારે વખાણ કરીને સ્વામીજી તેમની મહત્તા પાશ્ચાત્ય શિષ્યોને સમજાવવા લાગ્યા. ચંદ્રગુપ્ત અને અન્ય બૌદ્ધ રાજાઓનાં રાજ્યોની ભવ્યતાનો તે ચિતાર આપવા લાગ્યા અને એ સમયની શિલ્પકળાની સર્વોત્તમતાનો પ્રભાવ સર્વેના મનમાં ઠસાવવા લાગ્યા. અંગ્રેજ વિદ્વાનો જે એમ કહે છે કે હિંદુઓ શિલ્પવિદ્યાને ગ્રીક લોકો પાસેથી શિખી લાવ્યા હતા તે વાતને સ્વામીજીએ અનેક દાખલા દલીલોથી ખોટી ઠરાવી આપી.

કાશ્મીરમાં સ્વામીજી આખો દિવસ પૌરાણિક કથાઓ, લોકવાર્તાઓ અને ઐતિહાસીક બનાવોનાં રહસ્યો સમજાવવામાં ગાળતા. કોઇવાર સ્વામીજી કાશ્મીરના લોકોના આચાર, વિચાર અને રીતભાતની વાતો કરતા તો કોઇવાર કાશ્મીરની દંતકથાઓ કહી સંભળાવતા અને કોઇવાર હિંદના ઇતિહાસ ઉપર નવોજ પ્રકાશ પાડીને જંગીસખાનને નેપોલિયન કે અલેકઝાન્ડર જોડે સરખાવતા. "ભક્તિ, ધ્યાન, ઇશ્વરનું તત્ત્વજ્ઞાન અને જગત પ્રભુની માત્ર લીલા છે." એ વિષયો ઉપર પણુ તેઓ લંબાણ વખત વિવેચન કરતા. કોઇ કોઇવાર રામાયણુ કે મહાભારતના સુંદર અને રમણીય પ્રસંગોની તેમજ પશ્ચિમના સાધુઓની વાતો કરતા અને તેમને તુલસીદાસ તથા રામકૃષ્ણ વગેરેની સાથે સરખાવતા. આખરે, સઘળા વાર્તાલાપનો અંત શ્રીમદ્ ભગવદ્ગીતાના સારમાં આવી રહેતો અને સ્વામીજી કહેતા કે " ગીતા અલૌકિક ગ્રન્થ છે. ખરા પુરૂષાર્થનોજ તે બોધ કરી રહેલી છે. નિર્બળતાનો લેશ માત્ર તેના બોધમાં જણાતો નથી."

હિમાલયનો પ્રદેશ જોઇને સ્વામીજીની સાધુવૃત્તિ-વૈરાગ્યવૃત્તિ વિશેષ જાગૃત થઇ રહી હતી. અહીંઆં તે ઘણું ખરું એકાંતમાંજ રહેવાનું પસંદ કરી એકલાજ જંગલમાં ચાલ્યા જતા. પારમાર્થિક જીવનજ તેમને સુખમય અને સત્ય લાગતું હતું. અહીંઆં, તેમની

સ્વાભાવિક સાધુવૃત્તિ વધારેને વધારે પોતાની શાંતિ સહેજ દેખાવા લાગી હતી. સ્વામીજી વધારેને વધારે શાંત બની, જીવમાત્રને ચૂમી, સર્વાત્મભાવને પ્રગટ કરતા જણાતા હતા. એ સમય વિષે ભગિની નિવેદિતા લખે છે કે,–

' કોઇ જેમ પોતાના પ્રેમપાત્રની રાહ જોઇ રહ્યો હોય તેમ સ્વામીજી મરણ ધ્યાન કરીને ભણી વળી વિચરતા અને બેસતા કે એકાંતમાં બેઠેલા યોગીના જીવનનોજ વિચાર કર્યા કરતા હતા. સ્વામીજી આજે કાલે કે ગમે તે સમે અમને છોડીને એકદમ ચાલ્યા જશે એવું કોઇ અમને કહે તો તેથી આશ્ચર્ય લાગતું ન હતું. સ્વામીજી પોતે અને તેમના ઉપર આધાર રાખનારા અમે બધાં આવી પ્રભુની મરજી સમજે (ગાળામાં તણાતા તણખલા જેવા હતાં. કોણ કે ક્યારે સ્વામીજીને મન આખું જગત નહિવત્ બની રહેશે ? ક્યારે તેમના ભૌતિક જીવનનો અંત આવી રહેશે તે કહી શકાતું નહોતું."

" સ્વામીજીનું આખું અવ્યવસ્થિત જીવન અત્યારે કાં ? વધેલું કે આકસ્મિક નહોતું. થોડાં વર્ષ ઉપર સ્વામીજી અને જેમ વખતે એક કાગળ લખ્યા હતા. તે વાંચીને મેં તેમને એક બે વ્યવહારિક વ્યવસ્થા સંબંધી સૂચનાઓ કરી હતી. તે સાંભળીને સ્વામીજી ઘણેજ કડકાઇથી બોલ્યા હતા કે 'વ્યવસ્થા' 'વ્યવસ્થા,' તમે પાશ્ચાત્યો હમેશાં ધર્મને તેના ખરા રૂપમાં પોતામાં ઉતારી શકતા નથી અને અનીતિ તેથીજ સ્વચ્છ વર્તન થતા નથી. તેવું એમજ છે ને તમારામાં કોઇ તેને વધારી અને પ્રચાર કરવા ઇચ્છે તો તે કેવલ કોઇ ઠીક અનુભવ હતા કે એમને આધ્યાત્મિક જીવનનો તો વિચાર સુદ્ધાં નહોતો. વ્યવસ્થા કરનાર એથી આગળ વધી ધર્મ અર્થમાં અનુભવ કે ઉપદેશ કરી શક્યો નથી. સ્વામીજીના મતે કહે છે કોઇએ મઠો બનાર નથી. "

સ્વામીજીની સંનિધિમાં રહેવું એ આત્માના ઉચ્ચ પ્રદેશમાં વિચરવા જેવું હતું. આત્માની ઉચ્ચ વૃત્તિઓ, તેની વિશાળતા અને મહત્તાના આવિર્ભાવરૂપજ સ્વામીજીનું જીવન હતું. એ જીવનમાં આત્માના ઉચ્ચ ભાવ દૃશ્યમાન થતા હતા. એ જીવનનું ચલન વલન વગેરે આત્માનીજ ક્રિયાઓ દાખવી રહ્યું હતું. જ્યાં જીવભાવ હોય ત્યાંજ અમુક વ્યવસ્થા કે યોજના કરવાની હોય; જ્યાં સર્વાત્મભાવ પ્રગટી રહેલો હોય ત્યાં અમુક વ્યવસ્થા કે યોજનાને અવકાશજ નથી. એવા જીવનમાં તો સ્ફુરણાઓ-પ્રભુપ્રેરણાઓજ-પ્રધાનપદ ભોગવી રહેલી હોય છે. તે કોઇપણ સમયે ઉદ્ભવે અને એ પ્રમાણે તે વ્યક્તિનું મહાજીવન દોરાય. એને વ્યવસ્થા કે યોજનારૂપી કશુંજ બંધન હોતું નથી. એવા મહાત્માઓનાં જીવનને આપણાં શાસ્ત્રો સુકા પાંદડાની ઉપમા આપે છે. ખરી પડેલું સુકું પાંદડું પવનથી જેમ ઘસડાઇ જાય છે તેમ મહાત્માઓનું મન અને શરીર કોઇપણ સમયે કોઇપણ સ્થળ વા કાર્ય તરફ દોરાઇ જાય છે. સ્વામીજીના પાશ્ચાત્ય શિષ્યોને હવે સમજાયું કે સ્વામીજીનું જીવન વ્યવસ્થાજન્ય નથી, પણ તે વ્યવસ્થા-નિયમથી પર છે. હવે તેમને માલમ પડ્યું કે વૈરાગ્ય અને અભ્યાસનું સતત અવલંબન કરવાથીજ મનુષ્ય એ દશાને પ્રાપ્ત કરી શકે છે. વળી તેમને સમજાયું કે ખરેખરો એકાંતવાસ અને મૌન-વ્રત એ બન્ને આત્મવિકાસનાં અતિ સહાયક સાધનો છે. સ્વામીજી કહેતા કે "પૌર્વાત્યો અને પાશ્ચાત્યોની વિચારપદ્ધતિમાં મોટો ફેરફાર અહીંઆંજ જણાઇ આવે છે. યુરોપિઅનો એમ ધારે છે કે વીસ વર્ષ સુધી એકાંતમાં રહેનાર મનુષ્ય ગાંડો થઇ ગયા વગર રહેતો નથી અને હિંદુઓ ધારે છે કે જ્યાંસુધી મનુષ્ય વીસેક વર્ષ એકાંતવાસ ભોગવતો નથી ત્યાં સુધી તે સંપૂર્ણ મનુષ્યત્વ પ્રાપ્ત કરતો નથી."

કાશ્મીરમાં સ્વામીજી પ્રખ્યાત સ્થળોની મુલાકાત લેવા લાગ્યા;

અને તેમની મહત્તા પ્રાચીન શિલ્પોને સમજાવવા માંડ્યા. ક્રિમાયુષ એક ભવ્ય દેવાલય અને તેની આસપાસનું સુશોભિત દૃશ્ય જોઇને સ્વામીજી બોલી ઉઠ્યા કે 'જુઓ પોતાના દેવાલયો બંધાવવામાં પણ હિંદુઓએ કેવી વિશાળ બુદ્ધિ વાપરેલી છે? તેઓએ હમેશાં ભવ્ય પ્રાકૃતિક વાતાવરણ પસંદ કરેલું છે. જુઓ, આ દેવાલયમાંથી આખા કાશ્મીરનો ખ્યાલ રહે છે. હરિપર્વતનું શાંત શિખર આસમાની રંગના ભાગ ઉપર તરીને આવે છે તે જાણે કોઇ સિદ્ધ પોતાના પગ પર ઉભો હોય તેવું દેખાય છે. આ માર્તંડના દેવાલયની તળેટીમાં કેટલી મોટી ખીણ આવેલી છે?'

શ્રીનગર તરફ પાછા ફરતાં સ્વામીજી ગીતાનું ધ્યેય સમજાવવા લાગ્યા. સાંસારિક જીવનને મહત્ત્વ આપનારાઓને તેમણે ભ્રમમાં પડેલા જણાવ્યા. તેમણે કહ્યું કે 'જનક જેવા થવું એ કેવું સહેલું કામ છે? કંઇ પણ જાતની આસક્તિ રાખ્યા વગર રાજ્ય કરવું એ શું નાની સૂની વાત છે? દ્રવ્ય, કીર્તિ, સ્ત્રી, પુત્ર, કોઇની પણ દરકાર નહિ કરતાં નિષ્કામ અને નિર્લેપભાવે રાજ્ય વ્યવહાર ચલાવવો એ ઘણુંજ કઠણ કામ છે. પશ્ચિમમાં અને ઘણાએ કહ્યું હતું કે તેવી સ્થિતિ તેમણે પ્રાપ્ત કરેલી છે પણ હું તો તેમને એટલુંજ કહેતો કે ભારતવર્ષમાં તો હવે એવા પુરૂષો ઉત્પન્ન થતા નથી. આ વાત તમે જાતે પણ જરૂર સમજી રાખજો અને તમારા છોકરાંને પણ શિખવજો કે એક આગીઆ અને સૂર્ય વચ્ચે અથવા એક નાના ખાબોચીઆ અને અપાર સમુદ્ર વચ્ચે કે એક રાઇના દાણા અને મેરૂ પર્વત વચ્ચે જેટલો ફેર છે તેટલોજ ફેર ગૃહસ્થાશ્રમી અને સંન્યાસીની વચમાં છે.' કોઇ કોઇવાર સ્વામીજી ઇશ્વરચંદ્ર વિદ્યાસાગરની વાત કહાડીને તેમની સાદાઇના ભારે વખાણ કરતા. હિંદના વાઇસરોયની મુલાકાતે વિદ્યાસાગર જતા ત્યારે પણ કોઇ દિવસ તેમણે

વગેરે બાબતો તેમના શિષ્યોની આગળ કહેતા અને તેમને હિંદનું યોગ્ય સમજાવતા. તે સર્વ બાબતોનું વર્ણન આપવું અશક્ય છે.

કાશ્મીરની ઉત્તરે આવેલું અમરનાથનું ધામ હિંદુઓના ધાર્મિક જીવનનો ઉત્તમ ખ્યાલ આપે છે. અહીં આ અનેક સાધુ, સંન્યાસીઓ અને મહર્ષિઓ યાત્રાર્થે આવે છે અને તે વખતે તેમના તપશ્ચર્યા, ધાર્મિક ક્રિયાઓ અને ભાવનાઓથી આખું વાતાવરણ પવિત્ર, ધાર્મિક, અને હિંદુમય બની રહેલું લાગે છે હિંદનો આત્મા ક્યાં રહેલો છે એનો પુરેપુરો ખ્યાલ આપણને આવાં સ્થળોમાંજ આવે છે. પોતાના પાશ્ચાત્ય શિષ્યોને આ સ્થળથી પરિચિત કરવા માટે સ્વામીજી તે સર્વને લઇને અમરનાથની યાત્રા કરી આવ્યા

અમરનાથના રસ્તામા સર્વે શિષ્યો તેમજ યાત્રાળુઓ આગળ આગળ જતા હતા, પણ સ્વામીજી ધીમે ધીમે પાછળ આવતા હતા. પોતે એકલા ચાલવાનુ વધારે પસંદ કરતા હતા કારણ કે તેમનું ચિત્ત અનેક ધાર્મિક વિચારોમા લીન થયેલું રહેતું હતું. અમરનાથના દર્શનથી સ્વામીજીના હૃદય ઉપર એટલી બધી ઉંડી અસર થઇ હતી કે કેટલાક દિવસ સુધી તે તેની ને તેનીજ વાત કર્યા કરતા હતા. યોગીઓના ઇશ્વર—મહાદેવ, ત્યાગી, વૈરાગી અને ઉમાપતિનું ધ્યેય અમરનાથના દર્શનથી વધારે દૃઢ થઇ રહ્યું હતું.

અમરનાથની યાત્રા પુરી થયા પછી સ્વામીજી પોતાના શિષ્યોને લઇને પાછા શ્રીનગર ગયા. અહીં આ ઘણા દિવસ સુધી સ્વામીજીએ પોતાના શિષ્યોનો ત્યાગ કરીને એકાન્તવાસમા રહી ધ્યાન અને આત્મચિંતનમાજ સઘળો વખત વ્યતીત કર્યો. જ્યારે તે પાછા આવ્યા અને પોતાના શિષ્યોને મળ્યા ત્યારે તેમના મુખમાંથી અલૌકિક અનુભવોની અમૃતધારા વર્ષી રહી. જગતમા વિચરતા, લોકકલ્યાણનાં કાર્યો કરતા કે પોતાના શિષ્યોની સાથે રહેતા, સ્વામીજીના હૃદયમાં

વાર તો ઉંઘવા પણ દેતા નથી કોઇ જીવતા મનુષ્યના અવાજની પેઠે તેઓ આપણને કંઇ કંઇ કહ્યા કરતા હોય છે " ખરેખર સ્વામીજીની સ્થિતિ તેવીજ હતી માત્ર એક દાક્તરનેજ તેમની પાસે જવાની રજા હતી તે દાક્તર કાશ્મીરનો રહીશ હતો અને સ્વામીજીના સમાગમમાં આવ્યા પછી તેમનો ભક્ત બની રહ્યો હતો સ્વામીજીને કંઇ જોઇતું કરતું હોય તે તેજ આણી આપતો હતો તેથી તે એકલોજ કોઇ કોઇ વાર તેમની પાસે જતો તે દાક્તર હોડી ઉપર જતાં સ્વામીજીને ઘણી વાર ધ્યાનમગ્ન થઇ રહેલા જોતો અને તેવે સમયે તે તરતજ શાંતપણે ત્યાંથી પાછો નીકળી આવતો આ પ્રકારના એકાન્ત અને ધ્યાનને પરિણામે સ્વામીજીને જે દર્શન થયું તે જ્ઞાનમય અને પ્રકાશમય હતું આ સ્થિતિમાંથી જાગ્રતમાં આવ્યા પછી સ્વામીજી લખવાનો પ્રયાસ કરવા લાગ્યા અને તેમણે "કાલીમાતા" એ નામની કવિતા લખી કહાડી એ કવિતામાં સ્વામીજીએ પોતાનો એ પ્રસંગનો અનુભવ વર્ણવેલો છે એ પ્રસંગ લખતાં લખતાં સ્વામીજીનું ચિત્ત ભગવતી પરબ્રહ્મસ્વરૂપિણી જગન્માતામાં એવું તો તદાકાર થઇ ગયું કે તેઓ ભાવસમાધિમાં આવી ગયા અને તેમના હાથમાંથી કલમ પડી ગઇ સમાધિમાંથી જાગૃત થયા પછી કેટલાક દિવસ સુધી સ્વામીજી ભગવતી જગન્માતા વિષેજ વાત કરવા લાગ્યા કે "દેવી પોતેજ અનંત કાળ, અનંત દેશ અને અનંત શક્તિ છે સાગર, બ્રહ્માં ભયમાં, શોકમાં, સર્વમાં તે સમાનરૂપે વ્યાપી રહેલી છે સર્વ તેનાંજ સ્વરૂપો છે. તેની કૃપાનો લાભ લેવો હોય તો તમારા હૃદયને સ્મશાનભૂમિ બનાવી મૂકો, સ્વાર્થ અને વાસનાને તેમાં બાળી નાખો." તે વખતથી હમેશાં સ્વામીજી દુખના કે બીમારીના વખતમાં પણ દેવીજ સઘળાં કરે છે, દુખ પણ તે પોતેજ છે, એમ બોલતા જણાતા

થોડા દિવસ પછી સ્વામીજી એકલા ક્ષીરભવાની જઇ ત્યાં

છ સાત દિવસ રહ્યા હતા. ત્યાંથી સ્વામીજી શ્રીનગર આવ્યા ત્યારે તેમનામાં ઘણો ફેરફાર થએલો જણાતો હતો. પોતાના બંને હાથ ઉંચા કરીને સર્વેને આશિર્વાદ આપતા તે બોલ્યા " હવે હરિ ૐ નહિ; હવે તો જય દેવી, જય દેવી. " પછી તે કહેવા લાગ્યા "મારૂં સ્વદેશાભિમાન હવે નાશ પામ્યું છે. હવે સર્વત્ર દેવીનેજ હું જોઉં છું. મેં ભૂલ કરી છે. દેવીએ મને અંતઃકરણમાં કહ્યું છે કે 'નાસ્તિકો ભાગ દેવાલયમાં પેસે અને મારી મૂર્તિને અભડાવે તોપણ તમારે શું! શું તમે મારૂં રક્ષણ કરો છો કે હું તમારૂં રક્ષણ કરૂં છું?" સ્વામીજીના એ ઉદ્ગારો માત્ર તેમનું નિરભિમાન-નિરહંકારવૃત્તિ અને પ્રભુ શરણતાનેજ દર્શાવતા હતા. હું કરૂં છું, હું સ્વદેશાભિમાની છું, એવા અહંભાવને ધરનારા અને પ્રભુના શરણનો સ્વીકાર નહિ કરનારા સ્વદેશાભિમાનીઓ પ્રભુ શરણ પ્રાપ્ત કરી તેના હથીઆરરૂપેજ પોતાને માનનારા નિરાભિમાની મનુષ્યોની અપેક્ષાએ કાંઇપણ અગત્યનું કાર્ય કરી શકતા નથી એમ તેઓ સુચવી રહ્યા હતા. આ વખતે પણ સ્વામીજીનું ચિત્ત ગોઢ ભાગે ધ્યાનસ્થ રહેતું. તેઓ વખતો વખત નદી કિનારેની જંગલોમાં ચાલ્યા જતા અને ધ્યાનમાં લીન રહેતા. એક દિવસ જંગલમાંથી પાછા આવ્યા તે વખતે તેમણે માથું આખું મુંડાવી નાંખ્યું હતું અને બહુ સાદાં વસ્ત્રો પહેર્યાં હતાં. તેમના મુખ ઉપર તપનો ભવ્ય પ્રકાશ છવાઇ રહ્યો હતો. ક્ષીરભવાનીમાં થએલા અનુભવો હવે તે વર્ણવવા લાગ્યા. ત્યાં કરેલા ઉપવાસ, તપ અને વૈરાગ્ય તેમજ આંતરિક આત્માનુભવોને તે કહેવા લાગ્યા. તેમાંની એક વાત નીચે પ્રમાણે હતી.

ક્ષીરભવાનીના મંદિરમાં સ્વામીજી એકવાર પૂજા કરી રહ્યા હતા ત્યારે દેવીના મંદિરની જીર્ણ અવસ્થા જોઇને તેમના મનમાં વિચાર આવ્યો કે એ મંદિરનો જીર્ણોદ્ધાર કરીને એક નવું ભવ્ય મંદિર,

બંધાવાય તો કેવું સારૂં! સ્વામીજીના મનમાં એ વિચાર જરા ઉગ્ર રૂપથી થવા લાગતા અંતઃકરણમાંથી એક દિવ્ય અવાજ તેમને સંભળાયો અને તે તરતજ ચમકી ઉઠયા. તે અવાજદ્વારા મહાશક્તિ શ્રી ભવાનીએ કહ્યું કે "ભાગ ફિકર! જો મારી મરજી હોય તો હું અસંખ્ય દેવાલયો ઉભા કરૂં. તું સુંદર મઠો બંધાવવાને શક્તિમાન છું. મારી મરજી હોય તો આજ ક્ષણે સાત માળનું સુંદર સુવર્ણમંદિર હું અહીંઆ ઉભું કરી શકું છું." સ્વામીજીને આવા અનેક અનુભવો થયેલા હતા પણ તે સર્વ કોઇને કહેતા ન હોતા, કારણ કે એવા અનુભવો જગતના સામાન્ય મનુષ્યોની બુદ્ધિમાં ગ્રહ થઇને ઉતરી શકતા નથી, તેમ તેમનો અધિકાર જોતાં તે તેમને માટે ઉપકારક ન થતાં ઉલટા તેમનામાં "બુદ્ધિ ભેદ"ને ઉપજાવી ઉભય ભ્રષ્ટ કરનાર થઇ પડે છે. હવે શ્રીનગરથી પાછા ફરવાની તૈયારી થઇ. સ્વામીજી તો હાલે ક્યાં જવું તે વિષે ભાગ્યેજ વાત કરતા. પ્રવાસની યોજના તે કદીએ ઘડતા નહિ અને જ્યારે જ્યાં જવાય ત્યાં ખરૂં, એવુંજ તેમના મનમાં રહેતું. એમની ઇચ્છા તો માત્ર એટલીજ હતી કે જેમ બને તેમ એકાંતવાસમાં રહેવું અને ધ્યાનમય શાંત જીવન ગાળવું. ગુરૂ, શિક્ષક, કે ઉપદેશક થવું પણ ખરા મનથી તેમને ગમતું ન હોતું. જગતને ભુલી જવાય અને ગુપ્તવાસી બની એકાંતમાં આત્મચિંતન થાય તો ઠીક, એવી સ્વામીજીની ઇચ્છા હવે વિશેષ પ્રબળ થઇ રહી હતી. "જગતને ઉપદેશ કરનાર પોતે કોણ? એ પણ મિથ્યા અભિમાનજ છે. માતાજીને તેમની મદદની જરૂર નથી, પણ તેમને માતાજીનીજ મદદની જરૂર છે. એવા એવા અનેક વિચારો સ્વામીજીના હૃદયમાં વારંવાર પ્રબળપણે ઉઠી આવતા હતા. જોકે દરેક માનવજાતિ પ્રત્યે પણ તેમનો પ્રેમ અગાધ હતો. એ પ્રેમથી એમનું હવે એવું તો પલટાઇ રહ્યું હતું કે બુદ્ધિ-

આમ બ્રહ્મસિદ્ધાંતોનું તેના ઉપર ઓછુંજ જોર ચાલતું. બહેન નિવે-
દિતાએ સ્વામીજીના અતિ વિશાળ માનવ પ્રેમ વિષે તેમજ એ વિષ-
યની તેઓ જે વાતો કહેતા તે વિષે જણાવ્યું છે કે—

"સ્વામીજીના હૃદયની વિશાળતાનો ખ્યાલ હું તમને આપી
શકું તેમ નથી. પ્રેમથી એમનું હૃદય એટલું બધું પલળી રહ્યું હતું કે
કોઈને પણ જરાક દુઃખ થાય તો તેનો ધક્કો સ્વામીજીના હૃદયને
લાગતો અને બીજી તરફ સ્વામીજીને ગમે તેવી ઇજા કોઈ કરે તો
પણ તેમના મુખમાંથી તો સ્નેહ અને આશિર્વાદનાંજ વચનો નીકળતાં."

"સ્વામીજી અમને વસિષ્ઠ અને વિશ્વામિત્રની વાત આ પ્રમાણે
કહેતા. વસિષ્ઠના સો પુત્રોને વિશ્વામિત્રે મારી નાખવાથી વસિષ્ઠ મુનિ
નિર્વંશ બનીને વાનપ્રસ્થ દશામાં પોતાનું જીવન ગાળી રહ્યા હતા. એક
દિવસે રાત્રે ચાંદની ખીલી રહી હતી. તે ચાંદનીમાં ન્હાયેલી ઘટામાં
આવેલી વસિષ્ઠની પર્ણકુટીમાં વસિષ્ઠ અને અરૂંધતી બેઠેલાં હતાં.
વિશ્વામિત્રનું લખેલું એક પુસ્તક વસિષ્ઠ વાંચતા હતા. એટલામાં અરૂં-
ધતી તેમની ઉંચે નજર ઠારીને કહેવા લાગ્યાં 'જુઓ, આજે ચાંદની
કેવી સરસ ખીલી રહેલી છે.' પરંતુ ઉંચું જોયા વગરજ વસિષ્ઠે
જવાબ આપ્યો કે 'પણ અહિંયાં વિશ્વામિત્રની બુદ્ધિ તેના કરતાં પણ
હજારગણી વધારે ખીલી રહેલી છે."

"સઘળું ભુલાઇ ગયું! તેમના સો દિકરાઓનો નાશ, તેમને
સહેલી યાતનાઓ, તેમના ઉપર આવેલી આફતો, સઘળુંજ ભુલાઇ
જવાયું, અને વસિષ્ઠનું અતિ વિશાળ હૃદય પોતાના શત્રુની પણ વિશ-
ાળ બુદ્ધિનાં વખાણ કરવા મંડી ગયું! સ્વામીજી કહેવા લાગ્યા કે
આપણો પ્રેમ પણ એવોજ પવિત્ર અને વિશાળ જોઇએ. વસિષ્ઠ જેમ
સઘળું ભુલી જઇને પોતાના શત્રુ તરફ પણ સ્વચ્છ પ્રેમ ધરી રહ્યા
હતા તેવોજ સ્વચ્છ પ્રેમ આપણે પણ ધરવો જોઇએ."

શ્રીનગરથી હવે સર્વ મંડળી પાછી ફરી સઘળા શિષ્યો અને ગુરૂભાઈઓ વગેરે પોતાને અનુકુળ પડે તેમ એકના ... કાઠના સાથમાં કલકત્તે જઈ પહોંચ્યા. સ્વામીજી એકનાજ મુસાફરી કરવાનું વધારે પસંદ કરતા હોવાથી પાછળથી કલકત્તે આવી પહોંચ્યા.

પ્રકરણ ૫૪ મું—નવા મઠની સ્થાપના.

એપ્રીલ માસમાં નવું મકાન ખરીદ્યું [illegible] સ્વામીજી કલકત્તે આવ્યા એટલે તેનો [illegible] મઠ નીલામ્બર મુકરજીના બગીચામાં આવેલા [illegible] અને કમાન થઈ રહ્યા પછી એક [illegible] મઠથી નવા મઠ [illegible] શ્રીરામકૃષ્ણની વિભૂતિ [illegible] વિભૂતિને નવા મઠમાં પધરાવવાનો [illegible] આવેલો હતો. ગરનામાં ચાલતે ચાલતે [illegible] લાગ્યા કે જ્યાં સુધી [illegible] શિષ્યો ધારણ કરી રહેશે ત્યાં સુધી [illegible] છે એમ સમજવું. મઠના [illegible] પધરાવવાની ક્રિયા થઈ ગયા પછી સ્વામીજી [illegible] "ઈશ્વરાવતાર શ્રીરામકૃષ્ણ તેમની હાજરીથી આ [illegible] તેને એક અપૂર્વ પુણ્યક્ષેત્ર બનાવે, સર્વના કલ્યાણ [illegible] સર્વે ધર્મોની એકતા સ્થાપનારૂં કરી મૂકે, એમ [illegible] અંતઃકરણથી પ્રાર્થના કરો છો?" સર્વેએ હા કહી અને [illegible] હાથ જોડીને પ્રાર્થના કરવા લાગ્યા.

થોડા દિવસ પછી સ્વામીજીએ મઠના નિયમો અને હેતુઓ

...અને તેમના શિષ્યોએ અને બૌદ્ધભાષ્યકારોએ આર્યાવર્તને ... અને છેક ... કર્યા કરતા હતા, કે જે ભાષણમાંથી આવતી, અને જીવન કેવું ... કેવે અને વહીવટનું—કેમ કરીને તે બધાં જીવન કેમ ... એ નિયમો અને ક્રિયાઓમાં જ્યોતિષી ... અને તેને સમજવું. એ નિયમો અને દેવોના જ્ઞાન ... સાધકોની રક્ષણ કરતાં ... જેવું અંગ્રેજી લાગે છે અને શિક્ષણ ... તે પણ સમજવું છે. ત્યારે ... પ્રમાણમાં કશી પણ રીતે કરવા ... આવી પ્રકાર કરવા કરવા જોઈએ ...

... પેલી જગ્યામાં બાળકો રહેશે. આ જે ધાર્મિક ક્રિયાઓ ... અને વિદ્યાર્થીનું શિક્ષણ ... જે જ્ઞાનથી નીકળતી ... કઠિન ... વિષયો દેખાડે. તે આત્મજ્ઞાનની ... પ્રવૃત્તિઓ અને અજ્ઞાનને દૂર માટે ... અહીંથી આગળ ... આપવામાં આવશે. તે દાન, શક્તિ અને કર્મનો સુયોગ આપશે. ... જીવન એવાં આવશે કે જેથી આ બધા બાળકોનું જીવન મનુષ્યોના ... આ સઘળું જાણી લેવાને ... મહાત્માઓએ ... કર્યા છે.

... આ ભૂમિ ઉપર ... ની મહિમા પ્રમાણમાં આવશે. ... સાહિત્ય, વિજ્ઞાન, ... વ્યાકરણ, તત્ત્વજ્ઞાન, ... શિખવવામાં આવશે. વેદ ... અને સ્મૃતિઓ તથા ... શાસ્ત્રોનો અભ્યાસ કરશે. ... બ્રહ્મચારીઓ રહેશે અને ... વર્ષ પછી તે બ્રહ્મચર્યમાં ... તેમને ભોજન વગેરે મળશે. ... અને ગૃહસ્થાશ્રમ ... જીવન ... પિતાને ઘેર પાછા જવાની અને ... અથવા તેમની મરજી હશે તો ... આપવામાં આવશે. ... સંન્યાસ ... તેઓ મહાન ... આજ્ઞા વિરુદ્ધ વર્તનારો કે ... કરશે. કોઈ પણ બ્રહ્મચારી નિયમ વિરુદ્ધ ... તો તેને કાઢી મૂકવામાં આવશે. અહીંનું ... પાલન પછી તો ...

છોકરાઓને ન્યાત જાતના ભેદ વગર શિખવવામાં આવશે અને જેઓને તેવા ભેદનું પાલન કરવું હશે તેમણે પોતાને હાથે રસોઇ વગેરે કરવું પડશે. તેઓને અધ્યયન કરવાને માટે વર્ગમા સૌની જોડે બેસવું પડશે. તેઓના ચારિત્ર ઉપર મઠના અધિકારીઓ પુરતી દેખરેખ રાખશે. જે મનુષ્યે મઠમા અમુક વર્ષ સુધી કેળવણી લીધી નહિ હોય તેને સંન્યાસ આપવામા આવશે નહિ."

એ વખતે શરદચંદ્ર જે સ્વામીજીના "શિષ્ય" તરીકે ઓળખાય છે તે ત્યા હાજર હતા તેમણે પૂછ્યું, " ત્યારે મહારાજ, તમે તો આપણા દેશમા પ્રાચીન ગુરૂકુળને ફરીથી સ્થાપવા માગો છો?"

સ્વામીજી—હા, ખરેખર તેમજ. આધુનિક કેળવણીમા બ્રહ્મવિદ્યાના વિકાસને માટે જરાએ સ્થાન નથી. પ્રાચીન બ્રહ્મચર્યાશ્રમની વ્યવસ્થા ફરીથી ચાલુ થવીજ જોઇએ. પણ તેનો પાયો ઘણા ઉદાર અને વિશાળ વિચારો ઉપર સ્થાપવો જોઇએ. તેમા આધુનિક સમયને લગતા કેટલાક ફેરફારો પણ કરવા જોઇએ.

" આપણા મઠની પાસે આવેલી પેલી જમીનનો કકડો આપણે લેવો પડશે. ત્યા શ્રીરામકૃષ્ણના સ્મરણાર્થે એક અન્નક્ષેત્ર ઉઘાડવામાં આવશે. ત્યાં ખરેખરા ગરિબોને અન્ન આપવામા આવશે ગરિબોને નારાયણનાં સ્વરૂપોજ ગણવાના છે. ફંડ પ્રમાણે તેના કાર્યની વ્યવસ્થા કરવામા આવશે. ઉત્સાહી બ્રહ્મચારીઓને એ અન્નક્ષેત્ર ચલાવવાને કેળવવામા આવશે તેઓ તેના નિભાવને માટે ઘેર ઘેર માગીને ફંડ એકઠું કરશે. તેને મઠ તરફથી દ્રવ્યની મદદ કરવામા આવશે નહિ. બ્રહ્મચારીઓ એ પ્રમાણે પાચ વર્ષ વ્યતીત કરશે ત્યાર પછી તેમને સરસ્વતી મંદિરમા દાખલ કરવામા આવશે. આ પ્રમાણે દસ વર્ષ સુધી કેળવણી લીધા પછી તેઓ સન્યાસદિક્ષાના અધિકારી થશે અને તેમને મઠના અધિકારીઓ યોગ્ય રીતે સન્યાસ આપશે."

અનારોગ્યને લીધે હવાફેરના માટે સ્વામીજીનું હવે ઘણે ભાગે
તામાંજ રહેવું થયું હતું. તબીયત નાદુરસ્ત છતાં પણ અનેક
ની પ્રવૃત્તિઓમાંજ તેમનો આખો દિવસ જતો હતો. એ પ્રવૃત્તિઓ
એક શિષ્ય નીચે પ્રમાણે લખે છે:—

" જ્યાં સુધી સ્વામીજી કલકત્તામાં રહ્યા ત્યાં સુધી સભાઓ દર-
જ ભરવામાં આવતી. સવારથી તે રાતના આઠ નવ વાગતા સુધી
આખો દિવસ મનુષ્યોનાં ટોળે ટોળાં તેમને મળવાને આવતાં અને
તેથી તેમનું ભોજન પણ અનિયમિત થઇ જતું. તેમના ગુરૂભાઇઓ
અને મિત્રોએ સ્વામીજીને સલાહ આપી કે અમુક સમય સિવાય
તમારે કોઇને મળવું જોઇએ નહિ. સ્વામીજીએ જવાબ આપ્યો કે
" તેઓ પોતાને ઘેરથી ચાલીને મને મળવા સારૂજ આટલે દૂર
સુધી આવવાનો શ્રમ લે છે અને હું શું મારી તબીયતની બ્હીકનો
માર્યો અહીંઆં બેઠો બેઠો પણ તેમની સાથે વાત ન કરૂં ? "

સ્વામીજીનું ખાસ કામ શિષ્યોને કેળવવાનું કામ પણ હતું જારીજ
હતું. કલકત્તેથી સ્વામીજી પાસેના શિષ્યોના મુકામપર વારંવાર જતા
અને તેમને અનેક પ્રકારનો બોધ આપતા. રામાયણ, મહાભારત અને
પુરાણોમાંથી અનેક વાતો તેમને સંભળાવતા. જનમેજયે કરેલો યજ્ઞ,
સાવિત્રી, નળ-દમયંતિ, રામ અને સીતા, ધ્રુવ, પ્રહ્લાદ, ભરત, વિક-
માદિત્ય વગેરેનાં જીવનો તે એમને સંભળાવતા અને શ્રીકૃષ્ણ તથા
બુદ્ધનાં અનુપમ ચારિત્રો એમના મગજમાં ઠસાવતા. સ્વામીજી બ્હેન
નિવેદિતાના ખાસ સુક્ષ્મ અધિકારને લીધે તેમને પોતાની પુત્રીજ ગણતા
અને તેમની આધ્યાત્મિક ઉન્નતિ સાધવાને અનેક પ્રયાસ કરતા. ભારત-
વર્ષની સ્ત્રીઓની કેળવણી તેમના હાથમાં સોંપવી એવા વિચારથી એક
કન્યાશાળા તેમની દેખરેખ નીચે શરૂ કરવામાં આવી હતી.

સ્વામીજીની સલાહથી નિવેદિતા શ્રીરામકૃષ્ણનાં પત્ની શ્રીશારદા-

જેમ જેમ વધારે સ્વાર્થત્યાગ કરે છે તેમ તેમ તે વધારેને વધારે ઉન્નત દશાએ પહોંચતો જાય છે. ખરો વિચારવંત પુરૂષ વસ્તુસ્થિતિઓ સાથે નહિ, પણ પોતાની આંતરવૃત્તિઓ સાથેજ લડે-મા યુદ્ધ કર્યા કરે છે. કેમકે જેણે મન જીત્યું છે, તેણે આખા જગતને જીત્યું છે.

અહીંઆ એક શિષ્યે સ્વામીજીને પ્રશ્ન કર્યો, "ત્યારે તમે શા અમારી શારીરિક ઉન્નતિ કરવાની એટલી બધી અગત્ય બતાવો છો?" તરતજ સ્વામીજી સિંહની માફક ગર્જના કરીને બોલ્યા, "શું હિંદુઓ મનુષ્યો છો? તમે પશુઓ કરતાં સારા છો? પીવામાં, સુવામાં અને પ્રજોત્પત્તિ કરવામાં, એક બીજાનો દ્વેષ અનિતીઓને નીતિ મનાવવામાં, ધનવાનો અને બળવાનોની અને ગુલામી કરવામાં અને દુઃખ તથા પ્રતિકૂળતા આવતાં "આપણાં નસીબમાં એ લખ્યું હશે તે કોણ ટાળનાર છે?" એવું માની મૂગા રહેવામાંજ સંતોષ માનનારા છો. ભલે તેઉ અનીતિનો પૈસો કે સત્તા હોય તેનાથી પણ તમે સદા ભયભીતજ રહ્યા કરો છો. તમારામાં જે થોડી ઘણી બુદ્ધિ રહી ગઇ છે તે જો ન રહી હોત તો તમે જરૂર નેવર્ષે જનાવરોજ બની રહ્યા હોત. તમારામાં સ્વમાનની લાગણી તો હવે જરાએ રહી નથી તમે પરસ્પર અદેખાઇ કરો છો અને પરદેશીઓના ધિક્કારનું પાત્ર બની ગયા છો. તમારી નકામી બાબતોને વેગળી મૂકે તમારી અતિ ઉચ્ચ પવિત્ર કલ્પનાઓને આળી મસોળી નાખીને તમારી નાગાઇ(નાગાઇ ઓની ફેશન ચાલતી ??) હવે બંધ કરતી બતાવે. તમારા વ્યાવહારિક જીવનના કાંઇએનોજ વિચાર કરો. પાશવ વૃત્તિઓનું જે સામ્રાજ્ય તમારા ઉપર ચાલી રહેલું છે તેથીજ હું તમને પ્રથમ જીવનકલહમાં કૂતેહ મેળવવાનું કહું છું. પ્રથમ તમારા શરીરને બળવાન બનાવવાની અગત્ય

આપું છું તેનું કારણ એજ છે કે તેથી કરીને તમે તમારા મન ઉપર કાબુ મેળવવાને માટે શક્તિમાન થશો. હું વારંવાર કહું છું કે નિર્બળ મનુષ્યો આત્માનો સાક્ષાત્કાર કદીએ કરી શકવાના નથી. એકવાર મનુષ્ય પોતાના મનને વશ કરીને પોતેજ પોતાનો નેતા બની રહે તે પછીજ તેને તેનું શરીર બળવાન હોય કે નબળું હોય તેની કશું દરકાર રાખવી પડતી નથી."

સ્વામીજી હવે કલકત્તેથી બેલુરમઠમાં આવ્યા. બેલુરમઠ હવે સંપૂર્ણ આનંદ અને ભજન, ધ્યાન વગેરેનું સ્થાન બની રહ્યો હતો. પોતાના શિષ્ય શરચ્ચંદ્રને સ્વામીજી વારંવાર કહેતા કે "અહીંઆં વારંવાર આવજો. ધાર્મિક ચર્ચાઓ અને સાધનોથી આ સ્થાન કેવું પવિત્ર બની રહેલું છે? અહીંઆ તને પવિત્ર મનુષ્યોનો સમાગમ કરવાનું મળશે. પવિત્ર ભાગીરથીમાંથી અહીંઆં આવતી શીતળ પવનની લહેરો કેવી આનંદ અને આરોગ્યદાયક છે! અહિંના જેવું મઠનું સ્થળ તને આખા કલકત્તામાં કોઈપણ જગ્યાએ મળશે?"

તે દિવસોમાં સ્વામીજીએ "ઉદ્બોધન" નામનું બંગાળી માસિક શરૂ કર્યું. તેમના ગુરૂભાઈઓ અને શિષ્યોએ તેમાં બંગાળીમાં લેખો લખવાનું માથે લીધું. એક ગુરૂભાઈને—સ્વામી ત્રિગુણાતીતને—એ માસિકની વ્યવસ્થાનું કામ સોંપવામાં આવ્યું. સ્વામીજી પોતે પણ ઘણા ઉત્તમ લેખો લખવા લાગ્યા. એ માસિકમાં હિંદુ પ્રજાની શારીરિક, માનસિક અને આધ્યાત્મિક સુધારણા વિષેનાજ લેખો લખવાના હતા. સ્વામીજીનો દૃઢ આગ્રહ હતો કે કોઈ પણ ધર્મ કે પંથની વિરૂદ્ધ ચર્ચા કે લેખ તેમાં લખાવો ન જોઈએ. સાહિત્ય, તત્વજ્ઞાન, કવિતા અને કળાઓ ઉપર ચર્ચા કર્યા કરવી અને તેનો લોકોની ઉન્નતિ કરવામાં સદુપયોગ કરવો આવો એવો સ્વામીજીનો વિચાર હતો. કોઈ પણ ધર્મને નિંદવો નહિ, કોઈને પણ

તેની મહત્તાથી અજાણ્યો નહિ અને વેદ અને વેદાન્તના ઉત્તમ સિદ્ધાંતોને કઈ રીતે સાદામાં સાદી ભાષામાં અને સરલ વિચાર શૈલીમાં રજુ કરવા એજ તેનો હેતુ હતો. સર્વત્ર આત્મભાવ, ઐક્ય અને શક્તિનાજ પ્રચારનારું આ માસિક હોવું જોઇએ એવો સ્વામીજીનો આગ્રહ હતો.

સ્વામીજીની તબીઅત નાદુરસ્ત હોવાથી હવાફેર કરવા જવાનો તેમનો વિચાર હતો. પ્રથમ વૈદ્યનાથ જવું અને પછીથી ફરીથી યુરોપ તથા અમેરિકાના પ્રવાસે નીકળવું એવો તેમનો નિશ્ચય થયો. વૈદ્યનાથ ગયા પછી સ્વામીજી ત્યાં ઘણોખરો વખત એકાન્તવાસમાંજ ગાળતા. જો પણ તે પુસ્તકોનું અધ્યયન કર્યા કરતા, તો કસરત કરતા અને ઘણો વખત ખુલ્લી હવામાં હરવાફરવા માં ગાળતા. તેમને દમનો વ્યાધિ લાગુ પડ્યો હતો અને તે કેટલીકવાર તો જીવ નીકળી જાય એવી સખત પીડા કરતો હતો. વૈદ્યનાથમાં સ્વામીજી બાબુ પ્રિયનાથ મુકરજીના અતિથિ થઇને રહ્યા હતા. એક વખત સાંજે સ્વામીજી અને સ્વામી નિરંજનાનંદ બહાર ફરવા માટે ગયા હતા તે વખતે તેમણે રસ્તા ઉપર એક મનુષ્યને પડેલા જોયો. તે મનુષ્ય તદ્દન નિરાધાર હતો અને ટાઢથી ધ્રુજતો હતો. તેને સખત ઝાડો થયો હતો અને તેની પાસે જે એકજ ફાટેલું મેલું ઘેલું લુગડું હતું તે પણ ઝાડાથી બગડેલું હતું. તે માણસનું દુઃખ જોઇને સ્વામીજીનું દયાળુ હૃદય ભરાઇ આવ્યું. તેને શી રીતે મદદ કરવી એનો વિચાર સ્વામીજી કરવા લાગ્યા. તે પણ કોઇના અતિથિ હતા, તેથી જેને ઘેર ઉતર્યા હોય તેને પૂછ્યા વગર એવા દર્દીને તેને ઘેર કેમ લઇ જવાય? સ્વામીજી વિચારમાં પડયા. શું કરવું તે એમને સુઝે નહિ, તેમજ તે માણસને એમને એમ મૂકીને તેમનાથી એક ડગલું આગળ ભરાય નહિ. આખરે તે દર્દીને પોતાને મુકામેજ લઇ જવાનો તેમણે નિશ્ચય કર્યો. બંને જણાએ પેલા દર્દીને પોતાને મુકામે લઇ

[illegible] વિધવાઓ [illegible] સ્વતંત્રપણે [illegible] [illegible] [illegible] કર્યું [illegible] [illegible] [illegible] કરી અને તે [illegible] [illegible] [illegible]

[illegible] [illegible] વિચારોને [illegible] [illegible] [illegible] [illegible] [illegible] છે.

" [illegible] [illegible] ......ઈતિ, મુનિ અથવા [illegible], સમાજને અમુક રીત [illegible] બંધનમાં, [illegible] નથી. જેમ [illegible] જેમ જેમ [illegible] [illegible] જેમ જેમ સમાજ [illegible] [illegible] વિચારોને [illegible] [illegible] છે. [illegible] [illegible] [illegible] છે. [illegible] [illegible] [illegible] [illegible] વિચારોને [illegible] [illegible] છે."
[illegible] વિધવાવિવાહનો પ્રતિબંધ છે તે [illegible] મુનિઓમાં [illegible] પ્રતિબંધ [illegible] છે. પણ [illegible] [illegible] [illegible] [illegible]. વિધવાવિવાહ [illegible] છે. [illegible] [illegible] [illegible] [illegible] અને તે [illegible]

છોકરીઓ કરતાં પુરુષોની સંખ્યા વધારે હોય છે તેથી એ પ્રમાણે હિં-
દમાં અને તેજ સબબથી પુરુષોને ઓછી મળી શકે છે. બીજી બાજુ
એ છે કે જુજ વર્ગોમાં પુરુષો કરતાં સ્ત્રીઓની સંખ્યા વધારે હોય છે
અને તેથી દરેક કુંવારી કન્યાને વર ખોળી કાઢવો મુશ્કેલ હોય;
એટલે પછી વિધવાઓને માટે બીજી વારનો વર તો ક્યાંથી લાવવો?
આથી જુજ વર્ગોમાં કુંવારી કન્યાઓ અવિવાહિત ન રહી જાય તેટલા
માટે વિધવાવિવાહનો પ્રતિબંધ સ્વાભાવિક રીતેજ થઈ ગયો છે.
ઘણું પરિણામ નહિ સમજવાથીજ આવશે એટલું જોઈએ કે પવિત્ર
કુંવારી કન્યાઓને માટે પતિ મેળવવાનું કાર્ય દિવસે દિવસે વધુ
અઘરું થતું જાય છે."

"હિંદુઓના માનતા વ્યવહાર અને બીજા એવા સામાજિક રિવાજોનું પણ વિવેચન સમજવું. તેથી માટે જો કોઈપણ સામાજિક રિવાજને બદલવાની જરૂર લાગતી હોય તો તેની ઉત્પત્તિનું મૂળ પ્રથમ શોધી કાઢવું જોઈએ, અને તે મૂળને ખાળી નાંખવાથી રિવાજ પણ એની મેળેજ નષ્ટ થઈ જશે. આ પ્રમાણે ન કરતાં માત્ર તે રિવાજનો ધિક્કાર કર્યા કરવાથી તો કશુંજ વળનાર નથી." "હવે સ્વતંત્રતા એટલે શું? સમાજના સઘળા મનુષ્યોને દ્રવ્ય, કેળવણી અને જ્ઞાન સંપાદન કરવાને માટે એક સરખી તક અને છુટ મળે એનુંજ નામ સ્વતંત્રતા આપી કહેવાય. પરંતુ કેટલાક એમ કહે છે કે જો અભણ અને ગરિબને પણ પુરેપુર સ્વાતંત્ર્ય આપવામાં આવે, તેમનાં શરીર અને દ્રવ્ય સબંધી તેમને સઘળી છુટ આપવામાં આવે અને તેમનાં છોકરાંને ધનવાનોના છોકરાની માફક કેળવણી લેવાની અને પોતાની સ્થિતિ સુધારવાની તક આપવામાં આવે, તો તેઓ ફાટી જાય. ઈંગ્લાંડમાં પણ લોકો કહે છે કે જો નીચલા વર્ગોને પણ સરખા પ્રમાણમાં કેળવવામાં આવે તો પછી અમારી ચાકરી કોણ કરે? આનો અર્થ

શું ? ગુલીબ, ધનવાન લોકોના મોજશોખને માટે હજારો અને લાખો સ્ત્રીપુરુષોને અજ્ઞાનમાં અને દારિદ્રમાં રાખવાં, કારણ કે જો તેમને ધન અને કેળવણી મળે તો સમાજ ઊંધી વળી જાય ! ' પરંતુ સમાજ કોની બનેલી છે ? કેટલાક ઉચ્ચ વર્ગના મનુષ્યોની કે લાખો સ્ત્રીપુરુષોના સમૂહની ? ધારો કે પહેલી વાત ખરી હોય, તોપણ આપણે બીજાઓના નેતા હોઈએ એવો દાવો કરવાનો આપણને શો અધિકાર છે ? શું આપણે સર્વજ્ઞ છીએ ? "

" ' उद्धरेदात्मनात्मानम् ' આત્માવડે આત્માનો ઉદ્ધાર કરો. દરેક મનુષ્યને તેની મુક્તિને માટે પ્રયાસ કરવા દેવો એનું નામજ સર્વ પ્રકારનું સ્વાતંત્ર્ય છે. મુક્તિને માટે પ્રયાસ કરવું એજ મોટામાં મોટો લાભ છે. મુક્તિ તરફ પોતે અને પ્રયાણ કરવું—શારીરિક, માનસિક, અને આધ્યાત્મિક મુક્તિને પ્રાપ્ત કરવી—અને બીજાઓને તેમ કરવામાં મદદ કરવી એજ મનુષ્યનો મોટામાં મોટો લાભનો માર્ગ છે. જે સામાજીક નિયમો મનુષ્યના એવા વિકાસની આડે આવે છે તે અવશ્ય અહિતકર છે અને તેવા નિયમોનો નાશ કરવાને જલદીથી પગલાં લેવાં જોઈએ. જે સંસ્થાઓ મનુષ્યના મુક્તિનો માર્ગ ખુલ્લો કરી આપે છે તે સંસ્થાઓનેજ ઉત્તેજન આપવું જોઈએ. "

સ્વામીજી ફરીથી અમેરિકા ગયા તે પહેલાં થોડો વખત તે કાશ્મીરમાં રહ્યા હતા. ત્યારે તેમના ઉપર અનેક પત્રો આવતા હતા તે પૈકી મુંબઈના પ્રખ્યાત વ્યાપારી અને ધનાઢ્ય પુરૂષ સર જમશેદજી નસરવાનજી ટાટાનો પત્ર જાણવા જેવો હોવાથી તે નીચે આપ્યો છે.

" વહાલા સ્વામી વિવેકાનંદ,

" હું ધારું છું કે તમને યાદ હશે કે જાપાનથી ચિકાગો જતાં આપણે સાથેજ મુસાફરી કરી રહ્યા હતા. હિંદમાં ત્યાગી થઈ જવાની વૃત્તિ ઘણું વધી જતી જોવામાં આવે છે; એ વિષય ઉપર તમે જે વિચારો

કંટાળીને નિરાશાના ઉદ્‌ગાર કહાડતા જણાય છે. કેટલાક આત્માનુભવની વાત નહિ સમજીને માત્ર મોઢાના બ્રહ્મ બ્રહ્મચારિની જપ પાડી બેઠેલા છે તો કેટલાક ધર્મને બહાને કનક કામિનીના મોહમાં પડી ગયેલા છે. રામકૃષ્ણ મિશનના સાધુઓ પણ તેવા ન થઇ પડે તેટલા માટે સ્વામી વિવેકાનંદે તેમના મઠના સંન્યાસીઓના મગજમાં ઠસાવ્યું છે કે आत्मानो मोक्षार्थं जगद्धिताय च ॥ અર્થાત્ સાધુ સન્યાસીઓનું જીવન પોતાનો મોક્ષ સાધવાને અને જગતનું હિત કરવાને માટેજ છે. લોકસેવા એ પણ પ્રભુ સેવાજ હોઇને વર્તમાન સમયમા ઘણાખરા જીજ્ઞાસુઓ અને ભક્તોને માટે મોક્ષ પ્રાપ્તિનો તેમની પ્રકૃતિને બંધ બેસતો એજ માર્ગ છે એમ સર્વને તેમણે સારી પેઠે સમજાવી આપ્યું છે. પોતાના દૃષ્ટાંત અને ચારિત્રથી સ્વામીજીએ વર્તમાન સમયના સાચા સંન્યાસીની આબાદ રૂપરેખા આલેખી બતાવી છે. જો કોઇપણ બાબતથી સ્વામી વિવેકાનંદ અન્ય સંન્યાસીઓથી જુદા પડતા હોય તો તે તેમનું અપૂર્વ જીવનજ હતું. એ જીવન સદા ઉદ્યોગી હતું. પવિત્રતા, દૃઢ વૈરાગ્ય અને પરહિતની લાગણીથી તે ભરપુર હતું. આળસનો લેશ પણ અંશ તેમાં દેખાતો નહિ. સ્વામીજી તેમના શિષ્યોને જે કાંઇ બોધ આપતા તેના કરતા પણ પોતાના ચારિત્ર્યથી તેમનું ચારિત્ર્ય વધારે ઘડતા. તેમનું ચારિત્ર્ય તેમના શિષ્યોને મન અનેક પ્રકારના બોધોનો સાક્ષાત્ ભંડાર થઇ રહ્યું હતું. મુખથી બહુ નહિ પણ ચારિત્ર્યથીજ કેળવણી આપવી એ હિંદના પ્રાચીન ઋષિઓનો જે મહત્વનો સિદ્ધાંત હતો તે સ્વામીજીએ સારી રીતે અમલમાં લાવી બતાવ્યો હતો.

ચારિત્ર્યથીજ ચારિત્ર્યને ઘડવુ એ પદ્ધતિ કેળવણીમાં કેટલી બધી અગત્યની છે? હિંદની કેળવણીમા એ પધ્ધતિની કેટલી બધી જરૂર છે! ગુજરાતમા અને બીજા પ્રાંતોમા આપણા અનેક જાણીતા માણસો

સારી પેઠે વિદ્વતા ધરાવવા સાથે ઘરમાં પણ બે પૈસે સુખી હોવા છતાં પોતાના જ્ઞાન અને ચારિત્ર્યને વહેંચવાને બદલે વેચવાનું જ કામ કરતા જોઇએ છીએ, ત્યારેજ સ્વામી વિવેકાનંદ, રામતીર્થ અને દયાનંદ જેવા મહાત્માઓની મહત્તાનો આપણને કેટલોક ખ્યાલ આવી શકે છે. સ્વામીજી કોઇવાર પોતાના શિષ્યો પાસે રસોઇ કરાવતા. કોઇવાર પોતે જાતેજ રસોઇ બનાવીને તેમને જમાડતા. તેઓ નિયમિત અને સ્વાશ્રયી બને તેવાં કાર્યો તેમની પાસે તે કરાવતા. નાનામાં નાના કાર્યમાં પણ પુરતી કાળજી–ચિત્તને એકાગ્ર કરીનેજ કામ–કરવાની ટેવ તેમને પાડતા. કેટલાકને ઉપદેશકો બનાવવાને માટે વક્તૃત્વશક્તિ પ્રાપ્ત કરવાનું તે શિખવતા અને તેમની પાસે વ્યાખ્યાનો અપાવતા. સ્વામીજી તેમની કેળવણીમાં ઘણા સખત હતા. નિયમોનું યથાર્થ પાલન તે શિષ્યો પાસે કરાવતા અને તેમાં લેશ માત્ર પણ શિથિલતાને તે સહન કરતા ન હોતા. સ્વામીજીમાં મોટામાં મોટો ગુણ એ હતો કે તે કોઇપણ મનુષ્યથી કે બાબતથી ડરતા ન હોતા. નિરાશાને તો તે સમજતાજ ન હોતા. શારીરિક, સામર્થ્ય, માનસિક સામર્થ્ય અને આધ્યાત્મિક સામર્થ્ય એજ તેમનું જીવન સૂત્ર હતું. એ સામર્થ્ય પોતાના શિષ્યોમાં લાવવાને અને તેમને નિડર બનાવવાને સ્વામીજી ઘણીજ કાળજીથી પ્રયત્ન કરતા. તેમની પાસે અનેક કાર્યો કરાવી તેમનો ડર તે ટાળતા. ગમે તેવું કઠણ કાર્ય હોય તેને કરવાની અને ગમે તેવું સંકટ હોય તેની સામે થવાની હિંમત તેમનામાં તે ઉત્પન્ન કરવા મથતા. સ્વામીજી દ્રઢપણે માનતા કે મનુષ્યના આત્મામાં અનેક પ્રકારની શક્તિઓ રહેલી છે. તે શક્તિઓને શી રીતે પ્રગટાવવી એજ માત્ર સવાલ છે. મનુષ્યમાં આત્મશ્રદ્ધા જાગૃત થવાથી તે શક્તિઓ સહેલાઈથી પ્રાપ્ત કરી શકાય છે. એ આત્મશ્રદ્ધા તેમના શિષ્યોમાં જાગૃત થાય તેવી રીતે સ્વામીજી તેમને શિક્ષણ આપતા. પણ સઘળું કાર્ય

સ્વામીજી અત્યંત પ્રેમથી જોતા. પોતાના શિષ્યોમાં કંઇપણ સારૂં સદ્‌ગુણ જેવું જણાય તો તેના તે વખાણ કરવા ચૂકતા નહિ અને [illegible] ગુરૂ અને શિષ્ય [illegible] ગુરૂના મુખમાંથી [illegible] વિચારો અને [illegible] ખાતે

તેઓ ઉપદેશતા કે આત્મશ્રદ્ધાવાળા મનુષ્યને માટે કશુંએ અશક્ય નથી તે દર્શાવતા કે "જગતનો આખો ઇતિહાસ થોડાંક આત્મશ્રદ્ધાવાળાં મનુષ્યોનોજ ઇતિહાસ છે. એ આત્મશ્રદ્ધાથી તમારામાં જે દેવત્વ જાગૃત થાય છે તેના વડે તમે ગમે તે કરી શકો તેમ છો. એ અપરિમિત શક્તિને પ્રગટાવવાને જો તમે પુરે પુરો ખ્યાલ ન કરો તોજ તમે નિષ્ફળ થાવ. આત્મશ્રદ્ધાને ખોનાર મનુષ્ય કે પ્રજાનો જલદીથી નાશ થઈ જાય છે."

'પ્રથમ તમારા પોતાનામાં શ્રદ્ધા રાખો અને પછી ઇશ્વરમાં. આત્મશ્રદ્ધાવાળા મુઠ્ઠીભર મનુષ્યો આખા જગતને ધ્રુજાવવાને શક્તિમાન છે. લાગણીવાળા હૃદયની, વિવેકવાન બુદ્ધિની અને કામ કરવાને સશક્ત શરીરની આપણને જરૂર છે. જ્યારે બુદ્ધિ કંઇક કહે અને હૃદય કંઇક કહે ત્યાં હૃદયનુંજ કહ્યું કરો."

સ્વામીજી તેમને વારંવાર સમજાવતા કે ખરેખરો ત્યાગી હોય છે તેજ જગતમાં મોટાં કાર્યો કરી શકે છે. માટે ખરેખરા સાધુનાં લક્ષણ—વૈરાગ્ય, પવિત્રતા અને સાદાઇ—એ સર્વેનો સુયોગ આપણે આપણામાં સાધવો જોઇએ. સ્વામીજી એમજ માનતા હતા કે સ્વાર્થ દૃષ્ટિથી કરેલું કામ કામજ નથી પારમાર્થિક દૃષ્ટિએ કરેલું કાર્યજ નિત્ય અને શ્રેષ્ઠ ફળને આપનાર નિવડે છે.

લોકસેવા કેવી રીતે કરવી એ વિષે સ્વામીજી અનેક વાર ચર્ચા કરતા. અપંગ અને નિરાધારોનું પોષણ કરવું, આપત્તિના સમયમાં આશ્રય આપવો, માંદાઓની માવજત કરવી, વ્યાધિથી દૂષિત થયેલા ગામમાં સુખકારી સ્થાપવાના ઉપાયો યોજવા, અનાથાશ્રમો ઉઘાડવા, દવાખાના સ્થાપવા, કેળવણીનાં મથકો બંધાવવા એવી એવી અનેક બાબતોને તે તેમના શિષ્યોના મગજમાં ઠસાવતા. સ્વામીજીના આગ્રહથી એ સઘળી બાબતો રામકૃષ્ણ મિશનના કાર્ય

હમેશ ત્યાગમય કરવામાં આવેલી છે. આથી જ આપણું એમ કહીશું કે બ્રહ્મચર્યના અનેક લાભોમાં ઘણાખરા જીવનના ભાગો ત્યાગમય કાર્ય ભળતી રહેલા છે. કોઈપણ સ્થળેથી હુકમો કે આજ્ઞાને ધિક્કાર આપ્યો કે તરત જ એવું આવા સાધુઓ ભરાય આપવાને તે હમેશ તત્પર રહેલા છે અને દુખીઓનાં દુઃખ હરે છે.

આમ, શિષ્યોને ફક્ત ધાર્મિક કે વ્યવહારિક વિષયોનું બોધ-દાન આપવામાં આવતું એમ નહિ, પણ તેમની પાસે આવતું કામ કરાવાય. આવતું, તથા દેહ અને બીજાં પ્રાણીઓને કેવી રીતે સંભાળવાં અને ઉછેરવાં તે પણ તેમને શીખવવામાં આવતું. તેમની ઇન્દ્રિયો ખીલવવાને તેમને યોગ્ય શિખવવામાં આવતું. વળી તેમની શારીરિક ઉન્નતિ સાધવાને સ્વામીજી તેમની પાસે કસરત કરાવતા અને દેશી દંડાવતા. તે કહેતા કે "ધાર્મિક પુરોહિત-શીપ માટે ભણતીઓ અને પ્રાણ ખોનારાઓની ફોજ ઉભી કરી છે. એવા કરીને આવા ધીરજીઓ તમારી મુસ્ત્રીઓને બળવાન બનાવે. શક્તિઓ નવે કરીને દુર્બળ કરે, પણ તેમને કામ કરવાનું છે તેમણે તો સાધુઓને પણ બળવાન બનાવવા જોઈએ." વળી શિષ્યો હિંદના સામાજીક અને ધાર્મિક સવાલો ઉપર પુરેપુરો વિચાર કરતા શિખે અને પૂર્વ-પશ્ચિમના આદર્શોનો ઉપયોગ સાધી શકે તે માટે સ્વામીજી તેમની પાસે તે બાબતોનો અભ્યાસ પણ કરાવતા.

અખંડ બ્રહ્મચર્યની સાથે વૈરાગ્યનું પાલન કરવાથી હૃદયમાં જ્ઞાનનો બેજ પ્રકાશ થઈ રહે છે અને આત્માનો સાક્ષાત્કાર સત્વર થાય છે, એ બાબતને શિષ્યોના મનમાં ઠસાવવાનું સ્વામીજી કદીએ ચુકતા નહિ. સાધુઓએ પોતાના જીવનમાં પ્રકૃતિ સામે અનેક પ્રકારના યુદ્ધ કરવાનાં છે અને આંતર્ શક્તિઓ ઉપર જય મેળવવાનો છે, માટે તેમણે સાત્વિક તપસ્યા કરીને મનોનિગ્રહ અને એકાગ્રતાને

તેઓ ઉપદેશતા કે આત્મશ્રદ્ધાવાળા મનુષ્યને માટે કશુંએ અશક્ય નથી. તે દર્શાવતા કે "જગતનો આખો ઇતિહાસ થોડાંક આત્મશ્રદ્ધાવાળાં મનુષ્યોનોજ ઇતિહાસ છે. એ આત્મશ્રદ્ધાથી તમારામાં જે દેવત્વ જાગૃત થાય છે તેના વડે તમે ગમે તે કરી શકો તેમ છો. એ અપરિમિત શક્તિને પ્રગટાવવાને જો તમે પુરે પુરો પ્રયાસ ન કરો તોજ તમે નિષ્ફળ થાવ. આત્મશ્રદ્ધાને ખોનાર મનુષ્ય કે પ્રજાનો જલદીથી નાશ થઈ જાય છે."

"પ્રથમ તમારા પોતાનામાં શ્રદ્ધા રાખો અને પછી ઇશ્વરમાં. આત્મશ્રદ્ધાવાળા મુઠ્ઠીભર મનુષ્યો આખા જગતને ધ્રુજાવવાને શક્તિમાન છે. લાગણીવાળા હૃદયની, વિવેકવાન બુદ્ધિની અને કામ કરવાને સશક્ત શરીરની આપણને જરૂર છે. જ્યારે બુદ્ધિ કંઇક કહે અને હૃદય કંઇક કહે ત્યા હૃદયનુંજ કહ્યું કરો."

સ્વામીજી તેમને વારંવાર સમજાવતા કે ખરેખરો ત્યાગી હોય છે તેજ જગતમાં મોટાં કાર્યો કરી શકે છે. માટે ખરેખરા સાધુનાં લક્ષણ—વૈરાગ્ય, પવિત્રતા અને સાહસ—એ સર્વેનો સુયોગ આપણે આપણામાં સાધવો જોઇએ. સ્વામીજી એમજ માનતા હતા કે સ્વાર્થ દૃષ્ટિથી કરેલું કામ કામજ નથી. પારમાર્થિક દૃષ્ટિએ કરેલું કાર્યજ નિત્ય અને શ્રેષ્ઠ ફળને આપનાર નિવડે છે.

લોકસેવા કેવી રીતે કરવી એ વિષે સ્વામીજી અનેક ચર્ચા કરતા. અપંગ અને નિરાધારોનું પોષણ કરવું, [illegible] સમયમાં આશ્રય આપવો, માંદાઓની માવજત કરવી, [illegible] દુષિત થયેલા ગામમાં સુખકારી સ્થાપવાના ઉપાયો યોજવા, [illegible] આશ્રમો ઉઘાડવા, દવાખાના સ્થાપવા, કેળવણીના [illegible] એવી એવી અનેક બાબતોને તે તેમના શિષ્યોના મગજમાં [illegible] સ્વામીજીના આગ્રહથી એ સઘળી બાબતો રામકૃષ્ણ મિશન [illegible]

કમમાં દાખલ કરવામાં આવેલી છે. આજે પણ આપણે જોઇ શકીશું કે ભારતવર્ષના અનેક ભાગોમાં રામકૃષ્ણ મિશનના સાધુઓ, યથાશક્ય કાર્ય બજાવી રહેલા છે. કોઇપણ સ્થળેથી દુઃખનો કે આફતનો પોકાર આવ્યો કે તરતજ બેલુર મઠના સાધુઓ સહાય આપવાને તે સ્થળે જઇ પહોંચે છે અને દુઃખીઓનાં દુઃખ હરે છે.

મઠમાં શિષ્યોને ફક્ત ધાર્મિક કે વ્યવહારિક વિષયોનું મોઢાનુંજ જ્ઞાન આપવામાં આવતું એમ નહિ, પણ તેમની પાસે જાતનું કામ કરાવવામાં આવતું, તથા ઢોરે અને બીજાં પશુઓને કેવી રીતે સંભાળવાં અને ઉછેરવાં તે પણ તેમને શીખવવામાં આવતું. તેમની રસવૃત્તિ ખીલવવાને તેમને સંગીત શિખવવામાં આવતું. તથા તેમની શારીરિક ઉન્નતિ સાધવાને સ્વામીજી તેમની પાસે કસરત કરાવતા અને હોડી હંકારાવતા. તે કહેતા કે "ધાર્મિક પુરૂષોમાં-થીજ મારે ખલાસીઓ અને ખાણ ખોદનારાઓની ફોજ ઉભી કરવી છે. એથી કરીને મારા દીકરાઓ, તમારી ભુજાઓને બળવાન બનાવો. યોગીઓ ભલે શરીરને દુર્બળ કરે, પણ જેમને કામ કરવાનું છે તેમણે તો બાહુઓને વજ્ર સમાન બનાવવા જોઇએ." વળી શિષ્યો હિંદના સામાજીક અને ધાર્મિક સવાલો ઉપર પુરેપુરો વિચાર કરતાં શિખે અને પૂર્વ-પશ્ચિમના આદર્શોનો સુયોગ સાધી શકે તે માટે સ્વામીજી તેમની પાસે તે બાબતોનો અભ્યાસ પણ કરાવતા.

અખંડ બ્રહ્મચર્યની સાથે વૈરાગ્યનું પાલન કરવાથી હૃદયમાં જ્ઞાનનો શ્રેષ્ઠ પ્રકાશ પડી રહે છે અને આત્માનો સાક્ષાત્કાર સત્વર થાય છે, એ વાતને શિષ્યોના મગજમાં ઠસાવવાનું સ્વામીજી કદીએ ચુકતા નહિ. સાધુઓએ પોતાના જીવનમાં પ્રકૃતિ સામે અનેક પ્રકારના યુદ્ધ કરવાના છે અને આંતર્ શક્તિઓ ઉપર જય મેળવવાનો છે, માટે તેમણે સાત્વિક તપસ્યા કરીને મનોનિગ્રહ અને એકાગ્રતાને

ગૃહસ્થાશ્રમીઓથી પણ તેણે છેટાજ રહેવું જોઇએ. ”

ભારતવર્ષમાં સૌને શેઠજ થવું ગમે છે, કોઇને નોકર થવું ગમતું નથી. સૌ કોઇને નેતા થવાનું મન થાય છે, પણ નેતા બનેલા એવા નેતાને તાબે રહીને કામ કરવું જોઇએ તે કોઇને ગમતું નથી. એ દુર્ગુણ બ્રહ્મચારીઓમાં ન પેસે તે માટે સ્વામીજી તેમને કહેતા કે “કહો, તમારા દેશમાં મારે શું કાર્ય કરવું? અહીં તો દરેક જણ નેતાજ થવાનું ઇચ્છે છે અને કોઇને તાબે રહીને કામ કરવું ગમતું નથી. મોટાં કાર્યો કરવામાં નેતાની આજ્ઞાનું બરાબર પાલન થવું જોઇએ. જો મારા ગુરૂભાઇઓ મને એમજ કહે કે મારે આજથી મઠની ગટર સાફ કર્યા કરવી તો તમે નક્કી જાણજો કે જરાક પણ શું કે સું કર્યા વગર હું તેમના હુકમને તાબે થાઉં. જે મનુષ્ય પ્રથમ સારો આજ્ઞાધારક બની શક્યા હોય છે તેજ મોટો નેતા અથવા નેતા થઇ શકે છે.”

એક દિવસે સાંજે આમ તેમ ફરતે ફરતે સ્વામીજી ઓરડામાં આવી ગયા અને પોતાના એક શિષ્યને કહેવા લાગ્યા કે:—“મારા દીકરા, સાંભળ. શ્રીરામકૃષ્ણ જગતમાં આવ્યા અને તેમણે પોતાનું આખું જીવન અખિલ વિશ્વને માટે અર્પણ કર્યું. હું પણ મારા જીવનનો ભોગ આપીશ. તમે અને તમારામાંનો દરેક જણ એ પ્રમાણેજ કરજો. આ બધાં કાર્યો તો હજી માત્ર શરૂઆતજ છે. તમે ખાત્રીથી માનજો કે સ્વદેશ કાર્ય કરવામાં આપણે જે પસીનો ઉતારીશું અથવા જે રક્ત આપણે રેડીશું તે પસીના કે રક્તમાંથી મોટા વીર કાર્યદક્ષ પુરૂષો અને પ્રભુના યોદ્ધાઓ ઉત્પન્ન થશે અને તેઓ આખા જગતમાં મોટો ફેરફાર કરી મુકશે. આ વાત કહીને તમે ભુલી જશો નહિ કે સમાજસેવા અને ઇશ્વરનો સાક્ષાત્કાર એજ સાધકોનો આદર્શ છે. તેને વળગી રહો અને પછી મારું

સંન્યાસીઓ કૈલાસનો ૯.નો શ્રીરામકૃષ્ણ, બુદ્ધ અને શંકર ... અને તે ... જુદી ... ભરીને તેમની ભૂમિ ... ઉપર પ્રકાશ ફેલાય છે, ત્યાં ... હદ સુધી દરેક દરેક ધરેલ ... પ્રકાશ ... અને સંપૂર્ણ ... સ્વાભાવિક શક્તિઓ પુરેપુરી ખીલવાથી મુક્ત થાય છે ત્યાં સુધી." ... નવીન જીવનનો આરંભ કરે ત્યાં સુધી ... નહીં ...

વિવેકાનંદ પછી આપણા ... ભક્તિનો અને વેદાન્તનો ... ... અને તેમના જીવનના ... શ્રીરામકૃષ્ણ ... હતી. તેમનામાં પુરુષ ... વિવેકાનંદમાં ... પછી તરત સ્વામીજીએ ... ... કર્યું. ... તેમને કર્યું કે ... ... જેમાં હિન્દી લોકોને ઉપદેશ કરવાને માટે ... ... સ્વામીજી ... ... ને ... કર્યું કે ... ... ભણવા ... ... ત્યારે લોકો તો ... ... ના નામ ... ... " ત્યારે ... છે " ... ... નો ... ... ?" સ્વામીજી ... ... છે." ... ... કામ ... ... નહિ. ... તેવુજ ... ... કામ ... ... આશા ... નહિ.

... પ્રકારે કામ કરે અને ... આશા ... ... કામ કરે ... ... કર્મ કરવું ... અને ... ... કરનારાઓને ... ... સ્વામીજીએ ... અને ... ... આનંદને ... ... સ્વામીજી ... ... પૂજા ... ... મોક્ષ ...

બોલ્યા "હું હવે મારી શક્તિ તમને આપું [illegible] તમને સહાય કરશે." એમ કહીને સ્વામીજીએ તેમના [illegible] નયન [illegible] અને પછી બે શિષ્યો ગુરુનો [illegible]

સ્વામીજીની તીવ્ર ઇચ્છા એવી હતી કે [illegible] વેદાન્ત સૂત્રો, ગીતા અને બીજાં [illegible] જોઈએ. સ્વામીજી [illegible] શાસ્ત્રોનો વધારે ઊંડો અભ્યાસ કરવા [illegible] પાણિનિકૃત અષ્ટાધ્યાયી શિષ્યોને શિખવ[illegible] કેટલાક સંસ્કૃત શ્લોકો પણ બનાવતા હતા [illegible] રચવા. તેમનું બનાવેલું એક સંસ્કૃત સ્તોત્ર [illegible] કૃષ્ણની આરતી વખતે બોલવામાં [illegible] કેટલીક વખત સંસ્કૃતમાંજ વાત કરતા [illegible] બોલવાની છટા અને ઊંડા સંસ્કૃત અભ્યાસ [illegible] બાબુ શરચ્ચંદ્ર નીચે પ્રમાણે લખે છે:—"[illegible] દેવીજ તેમના મુખમાં આવીને બેઠી હોય તેવુંજ [illegible] સંસ્કૃતમાં બોલવાની સ્વામીજીની છટા એવી અદ્ભુત [illegible] હતી, કે મોટા પંડિતોને પણ તેવી સુંદર રીતે [illegible] જોયા નથી." સ્વામીજી સંસ્કૃતમાં કવિતા લખતા અને પછી [illegible] તે આપતા અને કહેતા કે "આને તપાસી જુઓ અને છંદ [illegible] કંઈ ભુલ હોય તો તેને સુધારો. તમે જાણો છો કે લખતી [illegible] વિચારમાં હું મશગુલ થઇ રહેલો હોઉં છું અને તેથી વખતે વ્યાકરણની ભુલો કરી દઉં છું." સ્વામીજીની અગાધ શક્તિ [illegible] શરચ્ચંદ્રને ભાન સ્પષ્ટપણે એક રીતે જોવું હતું. ત્યાં સ્વામીજી [illegible] પ્રમાણે બોલતા સાંભળીને તે કહેતા કે "મહારાજ, સંસ્કૃત ભાષા ઉપર આપે કેટલો બધો કાબુ મેળવેલો છે તે સૌ જાણે છે. જેને

તમે વ્યાકરણની શુદ્ધિ કરો છો તે તો ઋષિઓએ સાહિત્યના પ્રદેશમાં દીધેલી છુટજ છે.” સ્વામીજી પોતે જે કંઈ લખતા તે તરફ પાછી મમત્વ રાખતા નહિ. જે કંઈ લખાયું હોય તે બીજાને સોંપી દેતા અને પછીથી તે માણસ તેમાં સુધારો વધારો કરે અને છપાવે કે ન છપાવે તેની તેમને દરકાર ન હોતી. હસ્તલિખિત પ્રત આપીને તે કહેતા કે “હવે તમારી નજરમાં આવે તેમ કરો. હવે એ વિષે મને કંઈપણ પુછશો નહિ. તેને ફરીથી જોઈ જવા જેટલી પણ ધીરજ મારામાં નથી.” પોતાના લખેલા લેખોમાં કોઈ જાતનો ફેરફાર કરવામાં આવે તો તેની પણ સ્વામીજીને દરકાર ન હોતી. માત્ર વિચારોમાં ફેરફાર કોઇ કરે નહિ એટલુંજ તે જોતા. લેખો લખવાના સંબંધમાં સ્વામીજી કહેતા કે “ થોડામાં બહુ બહુ અલંકારો અને ભારે શુસાડી દઇને લેખો લખવા નહિ, એવું સાહિત્ય આપણા દેશમાં ઘણું છે, તોપણુ આપણા સાશરો એવા લટકા મટકા દર્શાવ્યા વગર કશુંજ લખી શકતા નથી. પરિણામ એ આવ્યું છે કે દેશમાં તેથી બાયલાપણું વ્યાપી રહેલું છે. સામર્થ્ય, ભાષા સામર્થ્ય, આપણને તો સામર્થ્યનીજ જરૂર છે. તમે તમારા કાર્યથી અને લેખોથી પુરૂષાર્થનેજ પ્રેરો. એનીજ આજે આપણને જરૂર છે. હું બંગાળી ભાષામાં એક પ્રકારની જુસ્સાથી ભરેલી નવીજ પદ્ધતિ દાખલ કરવાનો છું.”

આ વખતે મઠમાં એક ચિરસ્મરણીય બનાવ બન્યો. તે બનાવ સ્વામીજી અને નાગમહાશય વચ્ચેની મુલાકાત હતી. નાગમહાશય શ્રીરામકૃષ્ણના પરમ ભક્ત હતા. મઠમાં સ્વામીજીની પાસે અનેક મનુષ્યો આવતા અને તેઓ ધર્મ, તત્ત્વજ્ઞાન અને હિંદની ઉન્નતિ વિષે ચર્ચા કરતા. પણ નાગમહાશયની મુલાકાત જુદાજ પ્રકારની હતી. બંને શ્રીરામકૃષ્ણના બાળકો; બંને પરમ પવિત્ર અને વૈરાગ્યશીલ; જાણે કે મોટી મોટી બે શક્તિઓ એકઠી થતી હોય તેવોજ તેમનો મેળાપ

હતો. નાગમહાશય પ્રાચીન ગાર્હસ્થ્ય ધર્મની સાક્ષાત્ મૂર્તિ હત
અને સ્વામીજી અર્વાચીન સમયના આદર્શ સંન્યાસી હતા. નાગમ
હાશય પ્રભુભક્તિમાં ચકચુર થઇ રહ્યા હતા અને સ્વામીજી અદ્વૈત
વાદની પરાકાષ્ટાએ પહોચી મનુષ્યમાં રહેલા દેવત્વને પ્રગટાવી રહ્યા
હતા. બંનેનું લક્ષ્ય–આદર્શ–સંન્યાસ અને આત્માનુભવ હતો. આવ
બે મહાપુરૂષોનો મેળાપ ચિત્તાકર્ષક, બોધપ્રદ અને મોહક જ હોય
એમાં આશ્ચર્ય નથી.

પરસ્પર નમસ્કાર થયા પછી નાગમહાશય બોલી ઉઠ્યા “જય
શંકર. મારી આગળ સાક્ષાત્ શિવજીને જોઇને મારી જાતને હું
ધન્ય ગણું છુ.” એમ કહેતે કહેતે નાગમહાશય હાથ જોડીને સ્વા
મીજીની સામે ઉભાજ રહ્યા. સ્વામીજીએ તેમને ઘણુંએ કહ્યું પણ તે
બેઠાજ નહિ. સ્વામીજીએ તેમના કુશળ સમાચાર પૂછ્યા ત્યારે નાગ
મહાશય બોલ્યા કે “આ નકામા માસ અને હાડકાંના થેલાના સમા
ચાર કેવા! મને તો અહીંઆં સાક્ષાત્ શિવજીનાં દર્શન કરીને ઘણોજ
આનંદ થાય છે.” એમ કહીને નાગમહાશય સ્વામીજીને સાષ્ટાંગ દંડ
વત્ પ્રણામ કરવા લાગ્યા. સ્વામીજી તેમને ઉઠાડીને વિનતિ કરવા
લાગ્યા કે “મહેરબાની કરીને આવું કરશો નહિ.” આ વખતે શિષ્યોના
વર્ગમાં ઉપનિષદ્ શિખવાતું હતું. સ્વામીજી પોતાના શિષ્યોને કહેવા
લાગ્યા કે “હમણા વર્ગને બંધ કરો. બધાએ આવો અને નાગમહા
શયનાં દર્શન કરો.” સઘળા શિષ્યો ત્યાં આવ્યા અને નાગમહાશયની
આસપાસ વીંટળાઇને બેસી ગયા. સ્વામીજી સર્વને કહેવા લાગ્યા
“જુઓ, નાગમહાશય ગૃહસ્થાશ્રમી છે, પણ એમને શરીર કે જગ
તનું ભાન નથી. એ હમેશા પ્રભુભક્તિમાંજ લીન રહે છે. ભક્તિમાં
લીન થએલો પુરૂષ કેવો હોય તેનું આ જીવંત દૃષ્ટાંત છે.” સ્વામીજી
નાગમહાશયને અરજ કરવા લાગ્યા કે “કૃપા કરીને શ્રીરામકૃષ્ણ વિષે

કેવોક રહે. " નાગમહાશય નમ્રતાથી કહેવા લાગ્યા " હું શું ક
તેમના વિષે કંઈપણ કહેવાને હું નાલાયક છું. પ્રભુના અવતાર શ્રી
મહાપુરુષની સોબતમાં ઉત્તમ આમ આત્મજ્ઞાન મહાવીર (સ્વામીજી)
દર્શનથી મારી જાતને પવિત્ર કરવાને આવેલ છું અહીં આવેલો
શ્રીરામકૃષ્ણનો જય હો, જય હો." સ્વામીજી બોલ્યા " આપણા ગુરુ
તમેજ ખરી રીતે ઓળખતા છો. અમે તો આમ તેમ ભટકી
મારીએ છીએ." નાગમહાશયે ઉત્તર આપ્યો " કૃપા કરીને એવું
બોલશો નહિ. તમે પણ શ્રીરામકૃષ્ણનીજ મૂર્તિ છો. તમે અને એક
સિક્કાની બે બાજુઓ છો. પ્રભુએ જેને આપેલો આપી દીધી જેમ તે
જેમ વરતે. "

થોડીવાર પછી સ્વામીજી બોલ્યા " તમે જો મઠમાં આવીને રહો
તો કેવું સારું થાય! આ છોકરાઓને તેમનું ચારિત્ર્ય ઘડવાને ઉત્તમ
જીવંત નમુનો મળે. " પ્રભુના પરમ ભક્ત પ્રભુનું શરણ લેતા બોલી
ઉઠ્યા, " જગતનો ત્યાગ કરવાનું મેં એકવાર શ્રીરામકૃષ્ણને પૂછ્યું
હતું. તેમણે કહ્યું 'સંસારનો ત્યાગ કરીશ નહિ' તેથીજ હું તે પ્રમાણે
રહ્યો છું. તમે તેમનાં બાળગભ્યઃ હોઇ આપનાં દર્શન કરવાને કોઇ
કોઇવાર અહીં આવીને લાભ લઉં છું. " સ્વામીજી તેમને ઘેર આવ-
વાની ઇચ્છા બતાવતા હતા એવું જાણીને નાગમહાશય ઘણાજ આનં-
દથી બોલ્યા, " અરે તે દિવસ ક્યારે આવશે ! મારું એવું સદ્ભાગ્ય
ક્યાંથી ? તમારા પગની રજથી એ સ્થળ પવિત્ર થશે અને કાશીધામ
બની રહેશે. જેની આંતર્ દૃષ્ટિ પવિત્ર થઇ નથી તે તમને શું ઓળખી
શકે? તમે કેવા છો તે એ શું જાણી શકે? માત્ર શ્રીરામકૃષ્ણજ તમને
બરાબર ઓળખતા હતા. બીજાઓ તો માત્ર તેમણે તમારા વિષે જે કહેલું
છે તેનેજ માને છે. તેઓ જાતે તમને બરાબર ઓળખી શકતા નથી."

સ્વામીજી—આપણા દેશને જાગૃત કરી મૂકવો એજ હવે

અંતઃકરણની લાગણીથી નીકળી રહ્યા હતા. નાગમહાશયનો ભાવ વર્ણ-
વવો મુશ્કેલ છે. જે મનુષ્યો તે મુલાકાત વખતે હાજર હતા તેઓજ
જાણે છે કે એ બંને મહાપુરૂષો એક બીજાને માટે કેટલી લાગણી
ધરાવતા હતા અને તેઓ એક બીજાને કેવા ઉપયોગી સમજતા
હતા. મહાપુરૂષોજ મહાપુરૂષોની યથાર્થ મહત્વા સમજી શકે છે. સામા-
ન્ય મનુષ્યોને તેનો પુરેપુરો ખ્યાલ હોતો નથી. નાગમહાશય પોતાના
વિચારોને એવા ભાવથી દર્શાવતા કે શ્રોતાઓ તેમની વાણીથી ગળગળા
થઇ જતા અને અશ્રુપાત પણ કરતા. સ્વામી વિવેકાનંદને તે શિવનો
અવતાર માનતા અને તેથી કરીને તેમના વિષે જે શબ્દો તે ઉચ્ચારતા
તે અંતઃકરણના પુરા ભાવથીજ બહાર આવીને શ્રોતાઓનાં હૃદયમાં
કોતરાઇ જતા. એકવાર તેમને પૂછવામાં આવ્યું હતું કે "શ્રીરામકૃષ્ણ
ભગવાનનો અવતાર હતા કે નહિ ?" જવાબમાં તેમણે કહ્યું હતું કે
"શ્રીરામકૃષ્ણની તો વાતજ શી! હું તેમના દરેક શિષ્યને પ્રભુનોજ
અવતાર ગણું છું."

એકવાર શ્રીમતી સરલાદેવી બી. એ. ના સાંભળવામાં આવ્યું કે
સ્વામીજી ઘણી સારી રસોઇ કરી શકે છે. તેમણે તે વાત નિવેદિતાને
કહી. સ્વામીજીને એ વાતની ખબર પડી એટલે તેમણે બંનેને ખાસ
જમવાને વાસ્તે બોલાવ્યાં અને પોતાને હાથે સારી સારી વસ્તુઓ
બનાવીને તેમને જમાડયાં. તેમની સાથે વાત કરતે કરતે સ્વામી-
જીએ નિવેદિતાને કંઇક કામ બતાવ્યું. નિવેદિતાએ તે કામને પોતાની
ફરજ અને ગુરૂની સેવા સમજીને ઘણીજ રાજી ખુશીથી કરવા માંડયું.
સરલાદેવીના ગયા પછી સ્વામીજી સર્વને કહેવા લાગ્યા કે "એજ
સમયે નિવેદિતાની પાસે કામ કરાવવાનું કારણ એ હતું કે હમણાં
કેટલાંક શિક્ષિત સ્ત્રીપુરૂષોનું માનવું એવું છે કે અંગ્રેજોનાં વખાણ
કરીને અને તેમના કહ્યા પ્રમાણે ચાલીનેજ મેં તેમને શિષ્ય બનાવ્યા

છે.' ખરી વાત તો એજ હતી કે અંગ્રેજ સ્ત્રીપુરૂષો સ્વામીજીના જ્ઞાન અને ચારિત્ર્યથી આકર્ષાઇને તેમનો સમાગમ અને સેવા કરવાને આવ્યાં હતાં અને વેદાન્તની મહત્તા અને ઉપયોગિતા સમજ્યા પછીજ તેઓ સ્વામીજીના શિષ્યો થઇ રહ્યા હતા. શિષ્યો થવા પછી સ્વામીજી પ્રત્યે તેમનો ભાવ એટલો બધો હતો કે સ્વામીજી જે કાર્ય કરવાનું કહે તે કરવામાં તેઓ પોતાનું અહો ભાગ્ય માનતા.

એક વખત હિતવાદી પત્રના માજી અધિપતિ પંડિત સખારામ ગણેશ દેઉસ્કર તેમના બે મિત્રો સાથે સ્વામીજીને મળવાને આવ્યા. તે મિત્રોમાંનો એક પંજાબનો રહીશ હોવાથી સ્વામીજી તેની સાથે પંજાબની જરૂરીઆતો વિષે વાત કરવા લાગ્યા. પંજાબમાં તે વખતે દુષ્કાળ પડેલો હતો. તેની હકીકત સ્વામીજી પૂછવા લાગ્યા. એ પછી લોકોને કેળવણી કેવી રીતે આપવી, તેમની આર્થિક અને સામાજીક સ્થિતિ કેવી રીતે સુધારવી વગેરે વિષયોઉપર વાત ચાલી. ત્યાંથી જતી વખતે તે પંજાબી ગૃહસ્થ જરા ખેદની લાગણીથી કહેવા લાગ્યા કે "મહારાજ અમે તો ધર્મ વિષયક બાબતોને શ્રવણ કરવાના ઇરાદાથી આપની પાસે આવ્યા હતા. પણ કમનસીબે આખો વખત સામાન્ય વિષયો ઉપરજ વાત ચાલ્યા કરી." સ્વામીજીએ એ સાંભળીને ઘણીજ ગંભીરતાથી કહ્યું કે, **"સાહેબ જ્યાં સુધી મારા દેશનો એક કુતરો પણ ભુખ્યો હશે ત્યાં સુધી તેને ખવરાવવું અને તેનીજ સંભાળ લેવી એજ મારો ધર્મ બની રહેશે."**

સ્વામીજીના જવાબથી ત્રણે સદ્‌ગૃહસ્થો સ્તબ્ધજ બની ગયા. સ્વામીજીના અવસાન પછી શ્રી દેઉસ્કર તેમના એક શિષ્યને કહેતા હતા કે સ્વામીજીના તે શબ્દો તેમના હૃદયમાં સદાને માટે કોતરાઇ રહેલા છે અને ખરું સ્વદેશાભિમાન શું છે એ તે શબ્દોએજ તેમને શિખવેલું છે.

લગભગ તેજ સમયમાં વાયવ્ય પ્રાંતોમાંથી એક પંડિત સ્વા-

ગીજી એકે વેદાન્ત વિષયક ચર્ચા કરવાને આવ્યા હતા. તે વખતે હિંદમાં મધ્યભાગે કેટલીક જગ્યાએ દુકાળ ચાલી રહેલો હતો. લોકોનું સંકટ ટાળવાને સ્વામીજીએ પોતાનાથી બનતા સઘળા ઉપાય કરવા છતાં તેમને સંતોષ થાય તેટલું એ બાબતમાં તેમનાથી નહિ બની શકવાનો વિચાર એ સમયે તેમના મનમાં ચાલી રહેલો હોવાથી તેઓ જરા ખિન્ન હૃદયે બેઠેલા હતા. આ કારણને લીધે તે સમયે તે પંડિત સાથે શાસ્ત્ર ઉપર ચર્ચા કરવાને બદલે સ્વામીજી તેમને કહેવા લાગ્યા કે "પંડિતજી, પ્રથમ તો તમે આ સર્વત્ર વ્યાપી રહેલા દુકાળનું દુઃખ ટાળવાનો પ્રયાસ કરો. તમારા દેશ બંધુઓ ભુખ્યા છે અને તેઓ મુઠી અનાજને માટે હૃદયને ચીરી નાખે એવા પોકારો કરી રહેલા છે તેમને માટે તમારાથી બને તેટલું કર્યા પછી તમે સુખેથી વેદાન્ત ઉપર ચર્ચા કરવાને આવજો. બીજાઓને આત્મવત્ સમજીને, હજારો ભુખ્યાઓના પ્રાણ બચાવવાને, આપણે આપણા જીવનનો પણ ભોગ આપવો એ પણ વેદાન્તનું મુખ્ય રહસ્ય છે."

શ્રીરામકૃષ્ણના બોધને કૃતિમાં મૂકવાને માટે રામકૃષ્ણ મિશને અનેક પ્રકારનાં કાર્યો આરંભેલાં છે તેમાંના એક અગત્યના કાર્યનું વર્ણન અત્રે આપવું આવશ્યક છે. તે કાર્ય શ્રીરામકૃષ્ણદેવના જન્મોત્સવની ઉજવણી છે. શ્રીરામકૃષ્ણનો જન્મદિવસ આખા બંગાળામાં મહોત્સવ તરીકે લેખાય છે. તે દિવસને સઘળા બંગાળીઓ ઘણોજ પવિત્ર અને શુભ ગણે છે. શ્રીરામકૃષ્ણનો જન્મોત્સવ બેલુર મઠમાં દર સાલ ઉજવાય છે અને તે દિવસે બંગાળાના દરેક ભાગમાંથી જુદી જુદી ન્યાત જાત અને પંથના લોકો, પોતાનો ભેદભાવ ભુલીને ઘણા ભક્તિભાવથી ત્યાં ઉતરી પડતા નજરે પડે છે. કલકત્તાના મોટા મોટા નાગરિકો પણ તે ઉત્સવમાં ભાગ લે છે. શ્રીરામકૃષ્ણનો જન્મ દિવસ આખી બંગાળી પ્રજાને ધન્ય દિવસ મનાય

તેમજ ગરિબોને સારી રીતે જમાડવાનું ધોરણ પણ ચાલુ કરવામાં આવ્યું હતું. એ દિવસે બેલુર મઠમાં વીસેક હજાર સ્ત્રીપુરૂષોને ભોજન આપવામાં આવતું હતું, વળી બીજાં મઠોમાં પણ એકંદરે આઠ દશ હજાર મનુષ્યોને જમાડવામાં આવતું હતું. હાલ પણ બેલુરમઠ અને બીજાં મઠોમાં એ પ્રમાણેજ કરવામાં આવે છે. એ ઉપરાંત સર્વ મઠોમાં એ દિવસે પુજા, ભજન, વેદોચ્ચારણ વગેરે ચિત્તાકર્ષક ક્રિયાઓ દ્વારા જનસમુહની ધર્મભાવના જાગ્રત થાય તેમ કરવામાં આવે છે અને ત્યાં આવેલા હજારો સ્ત્રી પુરૂષોનો આત્મા સર્વત્ર વ્યાપી રહેલા પવિત્ર વાતાવરણથી ઉન્નત બને છે. આવા ઉત્સવો સંસારમાં પુરેપુરા લુબ્ધ થઇ રહેલાં સ્ત્રી પુરૂષોને ઘડીભર ધાર્મિક આનંદનો સ્વાદ ચખાડીને તેમને ધાર્મિક મેળાઓમાં, મંદિરોમાં અને ક્રિયાઓમાં ભાગ લેતા કરે છે. મઠમાં એ દિવસે પ્રભુના નામનો ઘોષ સર્વત્ર વ્યાપી રહે છે. ભક્તો અને સાધુઓ પૂજન કરી રહ્યા બાદ "શ્રીરામકૃષ્ણ કથામૃત" કે "બોધવચન" માંથી અસરકારક હકીકતો લોકોને શ્રવણ કરાવે છે. આ સઘળી બાબતો ત્યાં આવનાર મનુષ્યોના હૃદયમાં ધણોજ ઉદાર ભાવ અને પ્રભુ ભક્તિ ઉત્પન્ન કરે છે. ગરિબોને ભોજન કરાવવામાં મઠના સાધુઓ ન્યાત જાત કે ધર્મનો ભેદ ગણતા નથી અને ઘણાજ પ્રેમથી અને સેવાભાવથી તેમને પોતાને હાથે પીરસીને આગ્રહથી જમાડે છે. શ્રીરામકૃષ્ણ જન્મોત્સવની આટલી હકીકત જણાવી હવે આપણે પાછા મૂળ બાબતપર આવીએ.

સ્વામીજીની તબીયત સારી નહિ હોવાથી ખુલ્લી હવાનો લાભ મેળવવા માટે તેઓ એક જમીનદાર મિત્રની હોડીમાંજ હવે સવાર સાંજનો ઘણો ખરો સમય ગાળતા. હોડીમાં ઘણુંખરૂં તે ધ્યાનમગ્નજ રહેતા અને એક બાળક જેવા આનંદી અને કોઇ વખ

જાતની ચિંતા વગરના દેખાતા. સ્વામીજીની દૃષ્ટિ ધીમે ધીમે ઈશ્વર તરફ જતી અને તે સ્થાને [illegible] સ્વામીજી કેટલીકવાર વિચારમાં તો કોઈવાર આત્મધ્યાનમાં લીન થઈ જતા.

સને ૧૮૯૮ ના ડિસેમ્બરમાં ફરીથી અમેરિકા જવાનો વિ[illegible] કર્યો. તેમની પ્રકૃતિ સારી નહિ હોવાથી દાક્તરો અને સ્વામી[illegible] શિષ્યોએ પણ તેમને તેમ કરવાની સલાહ આપી. એપ્રીલ મ[illegible] સ્વામીજીએ અમેરિકામાં પોતાના એક મિત્ર ઉપર [illegible] શારીરિક દુઃખ ભોગવવાથી મરી જીવનમાંથી [illegible] થયાં છે, પણ આત્મા તો તેવો ને તેવોજ [illegible] સ્વામીજી પોતાનો પત્રવ્યવહાર [illegible] બોધ આપવામાં અને [illegible] પણ તેમના [illegible] જતો. વારંવાર [illegible] સ્વામીજીના [illegible] આત્માના ઊંડા પ્રદેશમાંથી નીકળી આવતું [illegible]

સ્વામીજી અમેરિકા જવાના છે એમ જાણીને મઠના [illegible] સાધુઓએ તેમને એક માનપત્ર આપ્યું. તેના જવાબમાં સ્વામી[illegible] “સંન્યાસ, તેનો આદર્શ અને અભ્યાસ” એ વિષય ઉપર વિ[illegible] કર્યું. સ્વામીજીએ સર્વેને જણાવ્યું કે સંન્યાસીનું જીવન [illegible] જેને માટે છે તેને માટે કેવળ ધ્યાનમય જીવન [illegible] અને અશક્ય છે, તેમ કેવળ વ્યાવહારિક બની જવું [illegible] ભુલ છે. આધ્યાત્મિકતા અને વ્યાવહારિકતા [illegible] —બંનેનો સુયોગ અને સદુપયોગ તમારે તમારા જીવનમાં સ[illegible] જોઈએ. તમારે સારી પેઠે ધ્યાનપરાયણ રહેવું જોઈએ [illegible] સાથે દરેકની પ્રકૃતિમાં સ્વાભાવિકપણેજ જે થોડું વા ઘણું [illegible] તમસ રહેલું હોય છે તે તમને ધ્યાનમાંથી અલગ કરે [illegible]

વિચારોમાં અથવા તો નિંદા, આળસ કે વૃથા વિચારોમાં નહિ પણ કર્તા લોકસેવાનાં પોતાને માફક આવે એવાં ઉમદા કાર્યોમાંજ નિષ્કામભાવથી તમારા તન મનને જોડવું જોઇએ. તમારે અવિક્ષો મનનું જોઇએ. ખરો માણસ તો તેજ છે કે જે શરીરે ઘણો બળવાન છતાં જેનું હૃદય સ્ત્રીના જેવું કોમળ છે. તમારા મનમાં તમારા મંડળને માટે ઘણું માન હોવું જોઇએ. તમારે પુરેપુરા આજ્ઞાંકિત થવું જોઇએ. ઉપર પ્રમાણે સર્વને બોધ આપીને સ્વામીજી પિતાની માફક અત્યંત પ્રેમથી સર્વ તરફ જોઇ રહ્યા અને સર્વને આશિર્વાદ આપ્યો.

હવે અમેરિકા જવાનો દિવસ આવ્યો. પરમહંસની માતાજી શારદાદેવીએ સ્વામીજીના માનમાં સર્વ સંન્યાસીઓને જમાડ્યા. તેમનો આશિર્વાદ લઇને સ્વામીજી બંદર ઉપર ગયા. ત્યાં તેમને વિદાય આપવા ઘણા મિત્રો ભેગા થયા હતા. સ્વામીજીની સાથે સ્વામી તુરીયાનંદ અને નિવેદિતા પણ જવાના હતા. તુરીયાનંદે અમેરિકામાં વેદાન્તનો બોધ આપવાનો હતો. અમેરિકામાં ઘણા સંન્યાસીઓની જરૂર હતી તેથી સ્વામીજીએ તેમને ત્યાં જવાની આજ્ઞા કરી હતી. વળી નિવેદિતા કલકત્તાની કન્યાશાળાને માટે ફંડ ભેગું કરવા સારૂ જતાં હતાં. સ્ટીમર ઉપડવાનો સમય થતાં સ્વામીજીના મિત્રો અને શિષ્યો ગળગળા થઇ રહ્યા. સ્ટીમર ઉપડી અને તેની સાથે સ્વામીજી પણ સર્વને આશિર્વાદ આપતા આપતા ઉપડી ગયા.

પ્રકરણ ૫૬ મું—ફરીથી અમેરિકા જવું.

સ્વામીજી કલકત્તેથી મદ્રાસ જઈ સીધી ઇંગ્લાંડ અને પછી અમેરિકા જવાના હતા. તેમની સાથે બહેન નિવેદિતા અને સ્વામી તુરીયાનંદ હતા. તુરીયાનંદ મહા વિદ્વાન અને અધ્યાત્મ વિદ્યામાં

તરિકે એમના જે અમુલ્ય વિચારોને અમે સ્મરી રહેલા છીએ, તેમાં "માનવજાતિ પ્રત્યેનો તેમનો અનુપમ પ્રેમ" સૌથી શ્રેષ્ઠ સ્થાન ભોગવે છે."

"સ્ટીમરમાં સ્વામીજી હિંદના અનેક પ્રાચીન અને અર્વાચીન સાધુઓ, ભક્તો અને સંતોનાં વૃત્તાંતો પણ ઉલ્લાસથી કહેતા અને તેમના જીવન ઉપર રહસ્યમય નવીન પ્રકાશ પાડતા. દરેક સાધુનું વૃત્તાંત આપતાં સ્વામીજીનો આત્મા ઉછળી રહેતો અને શ્રોતાને પણ એમજ લાગતું કે જેનું વૃત્તાંત અપાય છે તેના કરતાં વધારે મોટો બીજો થયોજ નહિ હોય."

"અમે એડન પહોંચવાની તૈયારીમાં હતાં. સમય સાયંકાળનો હતો. મેં સ્વામીજીને સવારેજ પુછ્યું હતું કે હિંદના બીજા હિતેચ્છુઓની યોજનાઓ અને તમારી યોજનાઓમાં શો ફેર છે? એ વિષય ઉપર સ્વામીજીના વિચારોને બહાર કઢાવવાનું ઘણુંજ મુશ્કેલ હતું. સ્વામીજી બીજાઓના વખાણ કરવા તરફ ઉતરી પડતા હતા અને તેથી પ્રશ્નના જવાબનો અંતજ આવતો. પણ તે દિવસે સાંજે તે એકાએક એજ વિષય ઉપર વાત કરવા લાગ્યા.તે બોલ્યાઃ—"

"જેઓ હિંદમાં વીથી વ્હેમોનેજ ઘાલવાનો પ્રયાસ કરે છે તેમનાથી હું તદ્દન જુદો પડું છું. જેમાં પોતાનું હિત સમાયલું છે એવા જનકલ્યાણના કાર્યમાં રસ લેવાનું કામ ઘણુંજ સહેલું છે. વળી પ્રાચીન પુસ્તકોમાં વાંચેલી પરિસ્થિતિ પ્રમાણે ભારતનો પુનરોદ્ધાર કે પુનઃસ્થાપના કરવાની ઇચ્છા કરવી પણ સહેલીજ છે. મારો વિચાર તો એ છે કે પ્રાચીન ભારતમાં જે જે શ્રેષ્ઠ હોય તેની સાથે આધુનિક સમયમાં જે જે શ્રેષ્ઠ લાગે તેનું મિશ્રણ કરવું અને તે મિશ્રણ સ્વાભાવિક રીતેજ કરવું. ભારતમાં લાવવાની નવી વસ્તુસ્થિતિ અને સુધારણા તેની આંતરિક વૃત્તિઓની અને આત્માનીજ હોવી જોઇએ. તેથી કરીને હું માત્ર ઉપનિષદોનોજ ઉપદેશ કરું છું. તમે જુઓ છોજ

[illegible]

[illegible]

સ્વામીદયાનંદના વખતમાં આર્યાવર્તના અવનત દેશ, આર્યધર્મ, અને તેના સાધુઓના વર્ણન તથા આર્યાવાસિઓના એવા મોટા [illegible] ભરેલા હતો કે તે દરેકે પુરવેગ ન દેતા એ સાધુચરિત્રો અને આર્યાવાસિઓ તેમના મનમાં સામે ઉભા રહીને તેમના હિંદુધર્મ [illegible] સાધનને સહાયે લીધો અને ઉપદેશો [illegible]. એવું સ્વદેશાભિમાન પણ હિંદની ધાર્મિકતા અને તેની સાથે સ્વાભાવિક [illegible] મદદ ઉપરાંત દબાવેલું હતું. હિંદના પ્રતિષ્ઠ-

સના પ્રત્યેક પ્રસંગમાં, સંત સાધુઓના ચરિત્રોમાં અને આખ્યાયિકાઓમાં કંઇને કંઇ ગૂઢ હેતુ સમાઈ રહેલોજ તેમને જણાઇ રહેતો. અફસોસની વાત એ છે કે એ સાધુચરિત્રો અને આખ્યાયિકાઓને અત્યારે અસત્ય ગણવામાં આવે છે અને હિંદુઓનાં બાળકોને તે શિખવવામાં આવતાં નથી. ઉપર પ્રમાણે સ્વામીજી અનેક વિષયો ઉપર મહત્વના વિચારો દર્શાવી રહ્યા હતા. તે સઘળા વિચારો અહીં આપીએ તો એક આખું પુસ્તક ભરાય. હિંદુઓના ષડ્દર્શનને તે એક પછી એક હાથ ધરતા અને એક બીજા સાથે તેની તુલના કરી બતાવીને તેમની મહત્તા દેખાડતા. વળી બુદ્ધધર્મ અને એ દર્શનોમાં શો ભેદ છે તે સમજાવતા. આમ પોતાની મુસાફરીમાં સ્વામીજી પોતાના શિષ્યોને હિંદુધર્મ, ભારતવર્ષ, પૂર્વ, પશ્ચિમ વગેરે સંબંધી અનેક બાબતોથી માહીતગાર કરી રહ્યા હતા.

આમ કરતે કરતે સ્વામીજી લંડન આવી પહોંચ્યા. અહીંઆં માત્ર બે અઠવાડીઆં રહીને સ્વામીજી અમેરિકા જવાને ઉપડી ગયા. ત્યાં વેદાન્તના અભ્યાસીઓએ તેમને પુષ્કળ માનથી વધાવી લીધા. અહિં કેટલોક સમય જુદા જુદા સ્થળોમાં ગુજાર્યા પછી સ્વામીજીની તબીયતમાં સારો સુધારો થતાં તેઓ સેન ફ્રાન્સીસ્કો ગયા અને ત્યાં લગભગ દરરોજ ભાષણો આપવા માંડ્યાં તેમજ વર્ગો ચલાવવા માંડ્યા. સેન ફ્રાન્સીસ્કોના સ્વામીજીનાં ભાષણો વિષે ત્યાંના યુનિટિ હેરલ્ડ એન્જેલીસ નામના પત્રે લખ્યું હતું કે:—

"સ્વામી વિવેકાનંદમાં યુનિવર્સીટિના પ્રેસીડેન્ટનું જ્ઞાન, આર્ચ બીશપની ભવ્યતા અને બાળકની લાવણ્યતા, સ્વતંત્રતા તથા મિષ્ટતા એ સર્વેનો સુયોગ થયેલો છે. એક ક્ષણની પણ તૈયારી કર્યા વગર તે એકદમ પ્લેટફોર્મ ઉપર ખડા થઇ જાય છે અને ઝટ દઇને પોતાના વિષયમાં ઉંડા ઉતરી જાય છે. કોઇવાર જ્યારે તેમનું મન

ઉંડા તત્વજ્ઞાનના વિષયમાંથી નીકળીને આધુનિક સમયના ખ્રિસ્તીઓની રીતભાત તરફ વળે છે ત્યારે તેમનો દેખાવ કરડો બની રહે છે. તેઓ કહે છે કે આધુનિક ખ્રિસ્તીઓ એક હાથમાં તલવાર અને બીજા હાથમાં બાઈબલ લઈને દીલોપાધન ટાપુમાં શોધ કરવાને જાય છે. વળી તેઓ દક્ષિણ આફ્રીકામાં એકજ બાપનાં છોકરાંને પરસ્પર કાપી નાખવા દે છે. એ રીતભાતની સાથે સ્વામીજીએ હિંદમાં દુષ્કાળ વખતે જે બન્યું હતું તેની સૂચના કરીને કહ્યું હતું કે હિંદમાં દુષ્કાળ વખતે મનુષ્યો પોતાના ઢોરની આગળ ભુખમરાથી મરી જતા, પણ કદીએ તેમણે તે ઢોરોને મારવાને હાથ ઉગામ્યો નથી. "

સ્વામીજીએ સેન ફ્રાન્સીસ્કો, ઓકલેન્ડ અને આલમેડામાં લગભગ પચાસ ભાષણો આપ્યાં. એ પછી લોકોએ નિયમિત વર્ગો ભરવાની સ્વામીજીને અરજ કરવાથી તેઓ વર્ગો ભરવા લાગ્યા. સેન ફ્રાન્સીસ્કોમાં લોકોનાં મન ઉપર સ્વામીજીના બોધની કેવી ઉંડી છાપ પડી રહી હતી તેનો ખ્યાલ એક અમેરિકને એક વર્તમાનપત્રમાં નીચલા શબ્દોમાં આપ્યો હતો.

" જે ભૂમિએ સ્વામી વિવેકાનંદ જેવા મહાબુદ્ધિશાળી વિચારક અને ઉપદેશકને આપણી આગળ મોકલ્યા છે અને જે ભૂમિ તરફ હમણાં થોડાક સમયથી આપણું લક્ષ દોરાયું છે, તે ભૂમિ પ્રત્યે આપણે જેટલો સદ્ભાવ દર્શાવીએ તેટલો ઓછો છે. શ્રોતાઓ ઉપર સ્વામી વિવેકાનંદના બોધની અસર ઘણીજ ઉંડી થાય છે અને તેના કરતાં વળી તેમના ભવ્ય અને પવિત્ર ચારિત્ર્યની અસર તો ઘણીજ વધારે ઉંડી થાય છે. તેમનું ચારિત્ર તેમના મુખમાંથી નીકળતા અસરકારક શબ્દો કરતાં પણ વધારે અસરકારક છે. જાણે કે એકાદ અદ્ભુત અને સુંદર મ્યાનમાંથી પાણીદાર તેજસ્વી તલવાર બહાર કાઢી પાડી હોય તેમ પૂરી પડતું એ મહાપ્રતાપી વિચારકનું મુખારવિંદ અને બોલવું

જેઓને અમે સ્વપ્નમાં જ મળી શકીએ છીએ. જેઓ તેમના સમાગમમાં આવે છે તેમના તરફ તે અત્યંત માયા દર્શાવે છે. તેમનું માયાળુપણું તેમની સાદાઈ, તેમની નમ્રતા, તેમના સંગીતમય શબ્દો અને તેમનું અલૌકિક વક્તૃત્વ અમને પ્રમાણ પ્રિય અને 'સચોટ' લાગે છે. સ્વામી વિવેકાનંદ શિક્ષક, ઉપદેશક અને તત્વજ્ઞાની કરતાં પણ અધિક છે; કવિતાની કોઈ અદ્ભુત ભૂમિકામાંથી ઉતરી આવેલા તે એક મહાન કવિ છે।"

થોડા વખત પછી સ્વામીજીએ સેન ફ્રાન્સીસ્કોમાં વેદાન્તસમાજ અને "શાંતિ આશ્રમ" નામનો એક આશ્રમ સ્થાપ્યો. તે બંને સંસ્થાઓ આજે પણ સારી આબાદીમાં છે. સ્વામીજીએ એ બંને સંસ્થાઓનું કામ તુરીયાનંદને સોંપ્યું અને પોતે ન્યૂયોર્ક ગયા. ત્યાં તેમણે ગીતાજીનો વર્ગ શરૂ કર્યો. સ્વામીજી અમેરિકામાં આરામ લેવાને માટે આવ્યા હતા; પણ તેમના જેવા અત્યંત દયાળુ મહાપુરૂષ તે આરામ શી રીતે ભોગવી શકે?

એક પરોપકારી બાઈએ ૧૬૦ એકર જમીન શાંતિ આશ્રમ બાંધવાને બક્ષીસ આપી અને તેના ઉપર બાંધવામાં આવ્યો. એ આશ્રમ છેક નજીકના રેલ્વે સ્ટેશનથી પણ ચાલીસ માઈલને અંતરે આવેલો છે તે આશ્રમના હેતુઓ સ્વામીજીના શબ્દોમાં નીચે પ્રમાણે છે:—

"દરેક જીવ પોતાના મૂળ સ્વરૂપમાં દેવ છે. બાહ્ય અને આંતરિક પ્રકૃતિ ઉપર જય મેળવીને એ દેવત્વને ખુલ્લું કરવું એજ માનવજીવનનો અંતિમ આદર્શ છે. કર્મથી, પૂજાથી, યોગથી કે તત્વજ્ઞાનથી, એકથી કે અનેકથી, તે કાર્યને સાધો અને મુક્ત થાઓ. બધો ધર્મ એમાંજ સમાઈ જાય છે સિદ્ધાંતો, ક્રિયાઓ, પુસ્તકો, દેવાલયો, વિધિઓ વગેરે સર્વ એના આગળ ગૌણ છે."

ટૂંકમાં કહીએ તો [illegible] છે. [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] છે. [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] છે. [illegible].

“ [illegible], [illegible], [illegible] અને [illegible] એવા વિચાર કરવાની [illegible] [illegible] [illegible] [illegible] [illegible] મનમાં કલ્પો. તેમાં એક મોટો તંબુ [illegible] [illegible] છે, પણ એક પણ બંધ ઓરડામાં આવતી નથી એમ [illegible] [illegible] [illegible] [illegible] [illegible] ઓરડામાં આવે છે એવી કલ્પના કરો. [illegible] [illegible] [illegible] કરે છે તેને સ્થાને [illegible] [illegible] વિશેની [illegible] [illegible] [illegible] લાવો. ટૂંકામાં કિશોરીઓની વિચાર કરવાની [illegible] સ્થાને પોતા-નામાં રહેલા “દૈવત” ને [illegible] કરવાની તીવ્ર [illegible] કેળવ;

ત્યારેજ તમને શાન્તિ આશ્રમનો પુરેપુરો ખ્યાલ આવશે."

એજ વર્તમાનપત્રનો ખબરપત્રી એકવાર શાન્તિ આશ્રમની મુલાકાત લેવાને ગયો હતો અને તેણે યોગની ક્રિયાઓ શીખવામાં ભાગ લીધો હતો. એ માણસે શાન્તિ આશ્રમની ક્રિયાઓનું વર્ણન નીચે પ્રમાણે આપેલું છેઃ—

"બીજાઓની માફક મે પણ મારી આંખો બંધ કરી. સવારનો વખત ધ્યાનમાં ગાળવાનો હતો. કેટલીકવાર સુધી તો ચંડોળ પક્ષીનો અવાજ, આઘેથી આવતો ગાયોની ઘંટડીઓનો નાદ, પવનનો મંદ સુસવાટ, સળગાવેલા ધુપની મંદ મંદ વાસ અને સંસ્કૃત શાસ્ત્રોના શ્લોકોનું મધુર ઉચ્ચારણ વગેરે સંભળાતું રહ્યું; પણ પછી શાંતિ, નિયમિત પ્રાણાયામ અને બીજી કાંઇ અદ્‌ભુત વસ્તુ—ગમે તો તેને વાતાવરણ કહો કે ગમે તે કહો, હું તેનું વર્ણન કરી શકતો નથી—તેનાવડે હું જરા ચિત્તમાં અપૂર્વ શાંતિને અનુભવવા લાગ્યો જાણેકે આખા વિશ્વમાં એક પ્રકારની નિત્ય શાન્તિ, કલ્યાણમયતા અને વિશ્રાંતિ વ્યાપી રહેલા હોય અને તેમનો હું એક અંશ હોઉં એવો અનુભવ મને થવા લાગ્યો. એ સ્થિતિનું વર્ણન કરવાને મારી પાસે શબ્દો નથી. આવા પવિત્ર વાતાવરણમાં વૃત્તિઓને અંતર્મુખ કરી, અંતર્દષ્ટિ બની, એકાગ્ર ચિત્તથી એકાદ કલાક સુધી પરમ શાંતિને અનુભવવી એ સ્થિતિનો એક સામાન્ય અમેરિકનને શી રીતે ખ્યાલ આવી શકે? એ અનુભવ જેને કરી જોવો હોય તે કરી જુએ અનુભવ કરવા જેવીજ એ વસ્તુ છે. એમ, ઓમ, ઓમ; જયતા જુનામ. જુના વૈદિક ધર્મના મંત્રો અહીંઆં આ કેલીફોર્નીઆની ખીણમાં ઉચ્ચારાય છે. એ ધર્મ એટલો બધો જુનો છે કે એની ઉત્પત્તિનો સમય પણ જડતો નથી."

આ વખતે સ્વામી વિવેકાનંદની શિષ્યા-નિવેદિતા-ન્યુયોર્કમાં

[illegible]

[illegible]

મરવાનું પસંદ કરતાં પણ મદદ કોઇની પાસે માગતા નહિ. આવા અનેક કુટુંબોને સ્વામીએ શોધી કહાડીને તેમને બનતી મદદ પહોંચાડી વળી સરકારી દુષ્કાળખાતામાં કામ કરવાને કેટલાક ઓપુરષો અશક્ત હોવાથી ભુખે મરતા હતા, તેમને પણ સ્વામીએ અનાજ પહોંચાડયું આ પ્રમાણે હજારો મનુષ્યોનું રક્ષણ કરવામાં આવ્યું. કીશનગઢમાં સ્થાપેલા સેવાશ્રમમાં જે લોકો ગયા હતા તેમની બરદાસ એક બીજા સ્વામી—કલ્યાણાનંદ—સારી રીતે કરતા હતા. તેમણે સહાયને માટે વર્તમાનપત્રો દ્વારા માગણી કરી હતી અને હિંદુસ્તાન તથા અમેરિકા માંથી વારંવાર પૈસાની જે મદદ આવતી તે વડે તેઓ હજારો મનુષ્યોના દુઃખ હરી રહ્યા હતા

કલકત્તામાં પણ તે વખતે પ્લેગ અને કોલેરા ચાલી રહ્યો હતો. લોકસેવા કરવાનો તે સમય હતો રામકૃષ્ણ મિશનના સાધુઓ ગરિબ, દુઃખી અને નિરાધારની વારે ધાવાને તત્પરજ હતા. જે ગરિબ મનુષ્યો પોતાના ઘર, ગટરો, મહોરનાઓ વગેરેને પ્લેગવિનાશક વસ્તુઓ વડે ધોવરાવવાને કે સાફ કરાવવાને પૈસા ખરચી શકે તેવા ન હોતા, તેમના મકાનો, ગટરો, મહોલ્લાઓ વગેરેને એ સાધુઓ જાતેજ સાફ કરવા લાગ્યા. બે મહિના સુધી એ સાધુઓએ ગંદા મહોલ્લાઓમાં કામ કર્યા કર્યું અને લગભગ ૧૩૦૦ ઝુપડાઓ અને ૪૦ મકાનો તેમણે સાફ કર્યાં. ૧૯૦ ગાડા ભરીને ગંદો કચરો બહાર કાઢી નાખ્યો અને પ્લેગ તથા કોલેરાના બનાવોથી દુષિત થએલા ૨૪ મકાનોને પ્લેગવિનાશક વસ્તુઓથી ધોઇ નાખ્યા. આ પ્રમાણે કલકત્તામાં આ આપત્તિના સમયમાં રામકૃષ્ણ મિશનના સાધુઓએ જીવનું જોખમ વેઠીને જે નિઃસ્વાર્થ મદદ આપી તેને માટે શેહેરસુધરાઇએ તેમનો ઘણોજ આભાર માન્યો. બે મહિના પછી રામકૃષ્ણ મિશનના પરંદુઃખભંજન સાધુઓ શોભાબજાર પરોપકારી સભા સાથે મળીને

નદીના પૂરથી તણાઇ ગએલાં ગામડાંના લોકોને સહાય કરવા નીકળી પડયા હતા. નદીના પૂરથી જેમનાં ઝુંપડાં તણાઇ ગયાં હતાં તેવા અનેક નિરાધાર લોકોને તેમણે આશ્વાસન અને મદદ પહોંચાડી હતી. આ પ્રમાણે શ્રીરામકૃષ્ણ પરમહંસના સન્યાસી શિષ્યો, પોતાના હૃદયને વધારે ને વધારે સેવાપરાયણ બનાવીને લોકસેવાદ્વારા પરમપ્રભુનો સાક્ષાત્કાર કરવાને મંડી રહ્યા હતા. તેઓ ભારતવર્ષમાં દુષ્કાળ, પ્લેગ, કૉલેરા વગેરેથી પીડાઇ રહેલાં અસંખ્ય મનુષ્યોને સહાય અને આશ્વાસન પહોંચાડી રહ્યા હતા.

એ વખતે પેરીસમાં એક મોટું પ્રદર્શન અને તેની સાથે એક ધર્મપરિષદ્ ભરવાની યોજના ત્યાંના લોકોએ કરી હતી. ત્યાંના રોમન કેથોલીક ધર્મના પાદરીઓને ડર લાગતો હતો કે જો એવી પરિષદ્ ભરવામાં આવશે તો અમેરિકાની માફક પેરીસમાં પણ વેદાન્ત ધર્મની સર્વોપરિતા પાછી ફરીથી સાબીત થશે. એથી કરીને તેમણે એ યોજના ભાંગી પાડી. સર્વેએ મળીને ઠરાવ કર્યો કે એ પરિષદ્‌માં ધર્મ વિષે ચર્ચા કરવી નહિ, પણ ધાર્મિક ઇતિહાસ ઉપરજ ભાષણો કરવાં અને તેટલું નવું અજવાળું નાંખવું. એ પરિષદ્‌માં ભાગ લેવાને સ્વામી વિવેકાનંદને પણ આમંત્રણ મોકલવામાં આવ્યું. સ્વામીજીએ હવે ફ્રેંચ ભાષા કાળજીથી શીખવા માંડી અને બે મહિનામાં તે ભાષામાં વ્યાખ્યાન આપી શકાય તેટલી તૈયારી કરી લીધી અને તેઓ પેરીસ ગયા.

પેરીસમાં સ્વામીજીને પશ્ચિમના અનેક વિદ્વાનો જોડે મુલાકાત થઇ. પરિષદ્‌માં ઘણા વિદ્વાનો, કવિઓ, લેખકો, તત્વવેત્તાઓ, વિજ્ઞાનશાસ્ત્રીઓ અને પાદરીઓ ભેગા થયા હતા. તે સર્વે સ્વામીજીની જોડે ઓળખાણ કરીને પુષ્કળ આનંદ દર્શાવવા લાગ્યા. પરિષદ્‌નું કાર્ય શરૂ થયું અને પશ્ચિમના વિદ્વાનો જગતના ધર્મોનો ઇતિહાસ રજુ કરીને તે ઉપર ચર્ચા કરવા લાગ્યા. હિંદુધર્મ વિષે બોલતાં

તેઓ શિવલિંગ અને શાલિગ્રામના પૂજાની ઉત્પત્તિ અમુક જ ગંદી ભાવનાઓમાંથી થએલી છે એમ કહેવા લાગ્યા તથા ખગોળવિદ્યા, જ્યોતિઃશાસ્ત્ર વગેરે વિદ્યાઓને હિંદુ ઋષિઓ ગ્રીક લોકો પાસેથી શિખી લાવ્યા હતા એમ પ્રતિપાદન કરવા લાગ્યા એ સર્વ બાબતોની વિરૂદ્ધ જવાબ આપવાને સ્વામી વિવેકાનંદ ઉભા થયા અને તેમણે શિવલિંગ તથા શાલિગ્રામના પૂજાની ઉત્પત્તિનો ખરેખરો ઇતિહાસ દર્શાવીને સાબીત કરી આપ્યું કે હિંદુઓએ ગ્રીક લોકો પાસેથી કોઇ પણ પ્રકારનું જ્ઞાન લીધું નથી, પણ સર્વે વિદ્યાઓને તેમણે સ્વતંત્ર પણેજ સંપાદન કરી હતી. હિંદુધર્મ અને તેના ઇતિહાસ વિષે જે અનેક પ્રકારના ખોટા ખ્યાલો પાશ્ચાત્યોના હૃદયમાં બંધાઇ ગયા હતા તે સર્વેને સ્વામી વિવેકાનંદે ઉડાડી નાખ્યા અને હિંદના ધાર્મિક ઇતિહાસ ઉપર તદ્દન નવોજ પ્રકાશ પાડ્યો. પશ્ચિમના વિદ્વાનો સ્વામીજીના જ્ઞાનથી સાનંદાશ્ચર્ય પામ્યા અને તેમની સાથે મિત્રાચારીનો સંબંધ બાંધી રહ્યા. પેરીસથી સ્વામીજી હિંદ જવાને તૈયાર થયા.

પ્રકરણ ૫૭ મું—સેવાશ્રમોની સ્થાપના અને પૂર્વ બંગાળ તથા આસામની મુસાફરી

આ પ્રમાણે પોતાના અમેરિકન મિત્રો, વિદ્યાર્થીઓ અને શિષ્યોને છેલ્લી મુલાકાત આપીને ત્યાંથી પેરીસ થઇને સ્વામીજી હિંદુસ્તાન તરફ પાછા ફર્યા. આ વખતે સ્વામીજીનું શરીર પાછું ઘણું ઘસાઇ ગયું હતું. એ ઘસાઇ જવાનું કારણ એજ કે આ વખતે પણ અમેરિકામાં સ્વામીજીએ અગતોડ મહેનત કરી હતી. અમેરિકા, ઇંગ્લાંડ, પેરીસ અને કલકત્તા, દરેક સ્થળના દાક્તરોએ હવે તેમને એજ સલાહ આપી હતી કે તેમણે કેટલાક વરસ સુધી પુરેપુરી

વિદ્યાર્થિ હતો; પણ તેમ બન્યું કે સ્વાર્થીઓની આગમનમાં આકર્ષ
ર્યું, ત્યાંથી ફરી નહિ હોવા છતાં પણ અત્યંત કમને આવતા
મહી ગ્રંથનું એનો અનુવાદ, ઉપાખ્યાન, ટીકા, ટિપ્પણ, ઇત્યાદિ
થયેલી સુમિત્ર હેતુને નીકળા પામ્યા. ત્યારે તે પાછા આવતા
ત્યારે તેમની અર્પિત પદ્ધતિ મળેલી હતી સિદ્ધાંતો હવે પુસ્તકો આવ્યા
કેવળી તેમને ઉત્તર પડી, કે એક ભાષ્ય. તેમનું કોઈ કંઈ
કોઈ વખત તે કોઈ ભાષા અને રીતિએ ભણ્યા. હવે ત્યાં
ઉપરથી તેમને ઉદ્દેશ્યમાત્ર આવ્યો કે તેમને ધ્યાનમાં પહોંચ નહિ.
તે પ્રકારે આચાર્યોએ રીતિ માત્ર કર્યું અને સમર્પિત કર્યા હતી.

હિ આ પ્રમાણે આચાર્યોના સંબંધમાં આવ્યું કે કરતાર તરફ
સાધુઓ તેમજ સાધ્વીઓ તથા અન્ય શ્રાવકોએ સંપ્રદાયમાં
આવી પોતાની અવસ્થાઓ, ત્યાં આગળ કેટલી સમયથી આચાર્યે પ્રેમ
છે. દુર્ભાગ્ય, કિંતુ એ તો ઈશ્વરેચ્છાએ મને પ્રશ્નોત્તર કહી.
એટલે દૃષ્ટાંત ઉપરથી જણાવવાની તેમને તે તરફ પણ એક સિદ્ધાં-
તનો વિચાર નથી થયો અને તેને પરિણામે પ્રકારની
બાબતો આપણાં કેટલાક સંપ્રદાયમાં સ્થાપવામાં આવ્યો. તે
કાળપૂર્વનું સંપ્રદાય ન તે જાણે એકમાત્ર છે. તે આશ્રમમાં
નિરાધાર મનુષ્યોને કેવળ ઉપદેશ ભોજન આપવાની સગવડ
કરવામાં આવેલી છે. અત્રે સ્વામી સહજાનંદે એ સંપ્રદાયના
અધિષ્ઠાન દેખાયું અનેક સાધુઓની અને નિરાધાર બાળકોની
સેવા કરી હતી છે. કરતાર તરફ બાળકો તથા પ્રત્યેક બાળકો
એક આશ્રમ અને ત્યાં ઘણી રીતોથી સેવા આપવા લોકો આવે છે.
સાધુઓ અને બાળકોને ઉપદેશ કરતાં, કેળવણી તેમજ આશ્રયના
અનેક પ્રયોગો પ્રત્યેક બાબતે આ સંસ્થાએ સમાજ તેમજ દેશની
સેવાને માટે આપે છે. હરરોજ સો ઉપરાંત બાળકો આવી રીતે આ

આશ્રમનો લાભ લેવા આવે છે. રામકૃષ્ણ મિશનના સાધુઓનાં વિશાળ હૃદય, કાર્યદક્ષતા અને આત્મભોગનો યથાર્થ ખ્યાલ આ સ્થળે [illegible] કામકાજ જોવાથીજ આવી શકે તેમ છે. આ આશ્રમમાં [illegible] રીઓ તેમજ સંન્યાસીઓ મળીને દસ ઉપરાંત માણસો સેવાનું [illegible] બજાવે છે. આસપાસથી બોલાવવામાં આવે ત્યાં રોગીઓની સેવા કરવાને જવું, આશ્રમમાં આવતા દરદીઓને તપાસવા, દવા આપવી, ગડગુમડ ધોઇ સાફ કરીને પાટા બાંધવા, આશ્રમમાં નિરાધાર સાધુઓને તેમજ યાત્રીઓને રાખવામાં આવ્યા હોય તેમનાં બિછાનાં સાફ રાખવાં, તેમને વખતસર દવા અને ખોરાક પહોંચાડવો, તેમના ઓરડા રોજ વાળીઝુડીને સાફ રાખવા તેમજ તેમનાં મેલાં વાસણ ઉપાડી જઇ સાફ કરવા, કોલેરાના તેમજ બળીયા વગેરે ચેપી રોગની અને ત્રિદોષની સખત વ્યાધીઓથી પીડા પામતા આશ્રમમાં રાખેલા દરદીઓની પાસે રાત્રિ દિવસ વારા ફરતી રહીને તેમની સર્વ પ્રકારની સેવા ચાકરી કરવી, વગેરે સર્વ પ્રકારનાં કામો ઉપલા બ્રહ્મચારીઓ અને સંન્યાસીઓજ બજાવે છે. કોઇ નિરાધાર રોગી કોઇ ઠેકાણે સહાય વિના રસ્તામાં કે ઓટલા પર પડી રહેલા જોવામાં આવતા તો તેને ઉપાડી લાવવાનું તેમજ આશ્રમમાં કોઇ દરદી મરી જાય તો તેને ઉપાડી જઇ ઠેકાણે પાડી આવવાનું કામ પણ આ કનક કાન્તાના ત્યાગી સંત પુરૂષોજ બજાવે છે. આને એક એવો સેવાશ્રમ બનારસમાં પણ સ્થપાયલો છે. પહેલીવાર [illegible] મમાંથી પાછા આવ્યા પછી સ્વામીજી બનારસ ગયા [illegible] દિવસ [illegible] હતા. તે વખતે ત્યાંના એક પરોપકારી સદ્દગૃહસ્થે બનારસમાં સેવાશ્રમ સ્થાપવાને માટે એક મોટી રકમ સ્વામીજીને ભેટ કરી [illegible] સ્વામીજીની આજ્ઞાથી સ્વામી શિવાનંદ બનારસ ગયા હતા અને ત્યાં એક વાડીમાં આવેલું મકાન ભાડે રાખીને તેમણે આશ્રમ

સ્થાપના કરી હતી. આ આશ્રમમાં આ અને ગોપાળ-જી વિરાજે
છે, તેમાં રહેનારા મનુષ્યો ધ્યાન, ભજન, પૂજન અને
આત્મચિંતન વગેરે સાધનો ભક્તિભાવપૂર્વક સાધે છે. આ ગોપાળજીના
ભક્તોમાંથી સ્વામીના સેવકોમાં કોઈ ભક્ત આવે અને
છે. આવી રીતે સ્થાનના લાભ દેવાને વાસ્તે કરી ધાર્મિક એવી
રચના કરવાની આવી હોય તેમને આશ્રમના અધિકારની
સંપૂર્ણ સંમતિથી આપવામાં આવે છે. આ સ્થાનનો ઉપયોગ એક
વિશ્રામ સ્થાન તરીકે કરવામાં આવે છે. વળી પ્રાચીન સ્થળે અને
જ્યાં આ પણ તીર્થસ્થાનના દર્શન ન કરે ત્યાં સુધી તેમની પોતાની
યાત્રાને અધૂરીજ સમજવી. તીર્થવાસી પંડ્યાઓ પોતાના યજમાન
યાત્રીઓની સાથે રહીને સ્થાનસ્થળ મંદિરોના દર્શન પૂજન કરાવે છે,
પણ આવા વર્તમાન યુગમાં આવા સ્થાનોની તો તેમને ખબર
પણ નથી હોતી અને કદાચ ખબર હોય છે તો કદર નથી હોતી.
વળી કોઈ દક્ષિણા પણ માટે તેવી નથી હોતી, માટે યાત્રાળુઓએ
પોતેજ આવાં સ્થળ જોવા ધ્યાન રાખવું જોઇએ.

આ વખતે સ્વામીજીનાં દર્શન માટે ઘણાં મનુષ્યો એકઠા
થઈ આવવા લાગ્યા. પિતા પોતાના બાળકોની વચમાં ઘૂમતો
હોય તેમ સ્વામીજી તે સર્વેની વચમાં ફરતા. તેમને જે કોઈ
પૂછતા તેનો સહજ પ્રેમથી સમાધાનકારક ઉત્તર આપી પૂછ-
નારના મનની સુન્દર આનંદ. કોઈવાર સ્વામીજી એકલી કૌપીન
પહેરીને માથાં ફરતા તો કોઈવાર એકાદ કપડું પહેરી લાંબી વાતોના
આખડીઓ તરફ વિચાર કરતા ફરતા આવ્યા ત્યાં કોઈવાર તે
એકલા ગંગાજીને કિનારે જ્યાં ફાવે ત્યાં બેસીને આત્મધ્યાનમાં
મગ્ન થઈ જતા. તો કોઈવાર આવા એકાદ ઝાડની છાયા નીચે

બેસી મા શેટીને ધ્યાનદશા અનુભવતા. કોઇવાર મકાનમાં પોતાની ઓરડીમાં બેઠે બેઠે પુસ્તકોજ વાંચ્યા કરતા. વખતો વખત સ્વામીજીને આધ્યાત્મિક સ્ફુરણાઓ થઇ આવતી અને તેઓ આત્મધ્યાનમાં મગ્ન થઇ જતા.

બેલુર મઠમાં થોડાક દિવસ રહ્યા પછીથી સ્વામીજીએ માયાવતી વાળા અદ્વૈત આશ્રમની મુલાકાત લીધી. ત્યાંની સ્વચ્છ હવા, એકાંતવાસ અને અદ્વૈત આશ્રમનું કાર્ય જોઇને સંતોષ થયો. ત્યાંથી બેલુર મઠમાં પાછા આવ્યા પછી પૂર્વ બંગાળા અને ઢાકામાંથી અનેક આમંત્રણો આવવાથી સ્વામીજી તે તરફ કેટલાક દિવસ ગાળી આવ્યા. ત્યાંના મુખ્ય સ્થળ ઢાકામાં ત્યાંના વિદ્વાનોની વિનતીથી સ્વામીજીએ બે ભાષણ આપ્યાં. છેલ્લા ભાષણમાં તેમણે હિંદુઓના પ્રાચીન ગૌરવનું અસરકારક વર્ણન કર્યા પછી જણાવ્યું કે એ બધું ખરૂં છે; પણ આપણા પૂર્વજોના પ્રાચીન ગૌરવનો ગર્વ લઇને તેમજ મોટી વાતો કરીનેજ બેસી રહેવાથી કશું વળવાનું નથી. પ્રાચીનકાળમાં ભારતવર્ષમાં મોટા મોટા ઋષિઓ થયા હતા એ ખરૂં, પણ આધુનિક સમયમાં તેમના કરતાં પણ વધારે મોટા આપણે થવું જોઇએ. સર્વ હિંદુ સંતાનોએ અને વિદ્યાર્થીઓએ વેદોનો અભ્યાસ તો અવશ્ય કરવો જોઇએ. પાશ્ચાત્યોના ગ્રંથો ઉપર મોહી પડતા ભારતવાસીઓને આર્યતત્વજ્ઞાનનો મહિમા સમજાવ્યા પછી તેમણે કહ્યું કે; પશ્ચિમના તત્વવેત્તાઓ અત્યાર સુધીમાં ફક્ત મનુષ્યના મનનેજ શોધી કહાડીને ત્યાંજ અટકી રહેલા છે, ત્યારે હિંદુના પ્રાચીન ઋષિઓએ આજથી હજારો વર્ષ પહેલાં ઘણાજ આગળ વધી જઇને આત્માને શોધી કહાડેલો છે અને વિશ્વમાં નિત્ય અને સત્ય વસ્તુ તે આત્માજ છે એમ સાબીત કરેલું છે. આ મોટા ફરકને લીધેજ પશ્ચિમમાં દ્રવ્યલોભ અને મોજમઝા જીવનનું લક્ષ્ય બની રહેલાં છે અને હિંદુઓનો આદર્શ આત્મદર્શન રહેતો આવ્યો છે.

લોકસેવા અને તત્ત્વજ્ઞાન સર્વને તેમના શિક્ષણમાં પુરતું માન મળતું. અવતારવાદ શ્રીરામકૃષ્ણનો જીવનપ્રદેશ, સંયમ, સમાધિ, બ્રહ્મસાક્ષાત્કાર, પ્રભુકૃપા, ઇશ્વરની સર્વવ્યાપકતા, વૈદિક ઋષિઓની મહત્તા અને શ્રીરામકૃષ્ણ, હનુમાનાદિની પૂજા અને તે પૂજાથી પ્રાપ્ત થતી સામર્થ્ય અને નિડરતા, વગેરે વિષયો એક વખત ચર્ચાતા તો બીજી વખત ભૂતદયા, મનુષ્યપ્રેમ, ભારતવર્ષમાં સ્ત્રીઓની સ્થિતિ સુધારવાના ઉપાયો, સ્ત્રી કેળવણી, ઔદ્યોગિક કેળવણી, વગેરે વ્યાવહારિક ઉન્નતિના વિચારો અને યોજનાઓ સર્વેના મનમાં ઠસાવતી. ટુંકામાં કહીએ તો સ્વામી વિવેકાનંદના શિક્ષણમાં આખો હિંદુધર્મ, તત્ત્વજ્ઞાન, સમાજશાસ્ત્ર, વિજ્ઞાનશાસ્ત્ર અને ભારતવર્ષના ઉદયને લગતી અનેક બાબતો અને યોજનાઓનો સમાવેશ થતો હતો.

કોઇવાર સ્વામીજી રસોડા ઉપર દેખરેખ રાખતા અને કોઇવાર પોતે પણ કેટલીક વસ્તુઓ કરીને સર્વેને જમાડતા. સ્વામીજી ઘણી સારી રસોઈ બનાવી જાણતા પોતાના શિષ્યોને તે કળા શીખવતા. કોઇ કોઇવાર આધ્યાત્મિક વિચારોથી સ્વામીજીના મુખ ઉપર અલૌકિક પ્રકાશ છવાઇ રહેતો. આવે પ્રસંગે તેમની આકૃતિ કેવી સુંદર, ભવ્ય અને મધુર દેખાતી હતી તે વાત તેમની પાસે રહેવાને જેઓ ભાગ્યશાળી થયા છે તેઓજ જાણે છે. ઘડીકમાં સ્વામીજી ઘણુંજ આનંદી જણાતા તો ઘડીકમાં આત્મા—પરમાત્માના કે હિંદના ગંભીર વિચાર કરતા જણાતા. એકવાર એક વિચારને દર્શાવતા તો બીજી વખતે તેનાથી વિરૂદ્ધ વિચારને પ્રતિપાદન કરીને દરેક વિષયની બંને બાજુઓ તે શિષ્યોની આગળ ખડી કરતા અને છેવટે તેનો ખરો નિર્ણય સમજાવી સમાધાન કરતા. કોઈવાર તે નિસ્પૃહી સાધુ જેવા દેખાતા તો કોઇવાર ચુસ્ત સ્વદેશભક્ત કે મોટા પંડિત જેવા માલમ પડતા. તેમનું શરીર

આધિપત્ય થઈ રહ્યું હતું, પણ આધિ તેમના મનને કે બુદ્ધિને સ્પર્શ કરી શકતો ન હોતો.

સ્વામીજીની સંનિધિમાં તેમના શિષ્યો એક પ્રકારનું અલૌકિક બળ અનુભવતા. મઠના કેટલાક સાધુઓ તો તેમને મહાદેવનો અવતાર જ ગણતા. તેમના તેજસ્વી મુખારવિંદ તરફ તેઓ આશ્ચર્યથી નજર કરી જોઈ રહેતા. સ્વામીજીનું જીવન કેવું સાદું હતું ! તેમને જો મોજ-મઝાહમાં રહેવું હોત તો તેમના પાશ્ચાત્ય શિષ્યોએ તેમની આગળ જે જોઈએ તે આણીને મૂકી દીધું હોત. તેમના અંગ્રેજ અને અમેરિકન શિષ્યો મોટા ધનાઢ્ય હતા અને સ્વામીજીની ઇચ્છા હોત તો તેમને રાજ્યવૈભવમાં પણ રાખ્યા હોત; પરંતુ સ્વામીજી ખરેખરા સંન્યાસી હતા. ભાવ વમનને તે ધિક્કારતા અને પાશ્ચાત્યોના ઠાઠ અને મોજશોખને તે વખોડતા. મઠની બહાર આવેલા એક મોટા આંબાના ઝાડ નીચે તે એક સાદા કેનવાસના ખાટલા ઉપર બેસીને પુસ્તકો, મેખો, પત્રો વગેરે વાંચતા, અધ્યયન કરતા અને બોધ આપતા.

બેલુર મઠનું મકાન ભવ્ય અને મોટું છે. તેમાં બીજે માળે ખૂણા ઉપર એક વિશાળ ઓરડી આવેલી છે. એ ઓરડીમાં સ્વામીજી રહેતા. તેમાં પેસતાં ખૂણામાં એક મોટો આયનો મૂકેલો જણાતો અને એક બાજુએ ભમરાં વગેરે ટાંગેલાં દેખાતાં. વચમાં એક પલંગ પડેલો માલમ પડતો, પણ સ્વામીજી તેને વાપરતા નહિ. એતો હમેશા જમીન ઉપરજ સાદી પથારીમાં સૂતા. એ પલંગ તેમના એક અંગ્રેજ શિષ્યે ભેટ તરીકે આપેલો હતો. આગળ જતાં એક નાનું ટેબલ નજરે આવતું. તેના ઉપર ખડીઓ, કલમ, કાગળો વગેરે પડેલું જણાતું. એક બાજુએ મૃગચર્મનું આસન નાખેલું જણાતું. તેના ઉપર બેસીને સ્વામીજી ધ્યાન કરતા. ઓરડીની ભીંતમાં ભગવાન શ્રીરામકૃષ્ણની એક મોટી ભવ્ય છબી મૂકવામાં આવેલી હતી. વારંવાર

છબીની સામે તે ઘણા પ્રેમ અને પૂજ્યભાવથી જોતા. ઓરડીમાંની બીજી બધી વસ્તુઓમાં તે છબીજ તેમને સૌથી વધારે આકર્ષક લાગતી હતી. એ ઓરડીમાં બેસીને ઘણીવાર લખતા, વાંચતા, બોધ આપતા, મુલાકાતો લેતા અને ધ્યાન ધરતા. એક પ્રકારની અલૌકિક પવિત્રતા એ ઓરડીમાં વ્યાપી રહેતી. એ ઓરડીમાજ તેમણે છેલ્લી મહાસમાધિ લીધી હતી. આજે પણ તે ઓરડી તેમાંની વસ્તુઓ સહીત જેવીને તેવી રાખવામાં આવેલી છે અને તેમાં પેસતાંજ અલૌકિક શાંતિ, શુદ્ધિ અને વૈરાગ્ય અનુભવાય છે. હજી પણ હજારો મનુષ્યો ઘણાજ પુજ્યભાવથી એ પવિત્ર સ્થાનનાં દર્શન કરવાને આવે છે.

સ્વામીજી હમેશાં સાદા અને ભોળા સ્વભાવના હતા. મઠમાં તે સર્વેના નેતા હતા, પણ તે કોઇને આજ્ઞા કરતા નહિ. સર્વે તેમના ચારિત્ર્યથીજ આકર્ષાઇને આજ્ઞાંકિત બની રહેતા. તે હમેશાં પોતાના શિષ્યો અને ગુરૂભાઇઓ સાથે મળતા, હળતા, તેમની સાથે ભજનકીર્તન કરવાને બેસી જતા, ઉત્સવના દિવસોમાં સૌની સાથે ઉત્સવમાં ભાગ લઇ અનેક વાદ્યો વગાડતા અને કલાકોના કલાકો સુધી ભજનો લલકારતા. કોઇ કોઇવાર તે પોતાના ગુરૂભાઇઓ સાથે ગમ્મત પણ કરતા અને તેમની મશ્કરી કરીને ખુબ હસતા. કોઇવાર તે તેમને ઠપકો આપતા પણ બીજાની આગળ તો સર્વદા તેમના વખાણજ કરતા.

સ્વામીજી સવારમાં વ્હેલા ઉઠતા અને મઠના જે સાધુઓ ઉંઘતા હોય તેમને પણ જગાડતા. મઠના નિયમોને તે બરાબર પાળતા અને સૌની પાસે તેમનું સખત પાલન કરાવતા. મઠના બગીચાની અને મઠમાં રાખેલી ગાયોની કેવી સંભાળ લેવાય છે તેની પણ તેઓ દેખરેખ રાખતા અને સાદામાં સાદી નજીવી બાબતો ઉપર પણ તેઓ કાળજીભરી સંભાળ રાખતા.

જાનવરોને સ્વામીજી ઘણુંજ ચ્હાતા. મઠમાં તેમણે અનેક પ્રકાર -

રનાં જાનવરો એકઠાં કર્યાં હતાં. તેમની પાસે એક કુતરો હતો. તેને તે "વાઘ" કહેતા અને એક બકરી હતી, તેને તે "હંસી" કહીને બોલાવતા. વળી તેમણે કેટલીક ગાયો, ઘેટાં, બતકો, કુકરો, એક હરણ અને એક બગલું મઠમાં રાખ્યાં હતાં. એક ઘેટાના બચ્ચાને ગળે તે નાની નાની ઘંટડીઓ બાંધતા અને મઠમાં સ્વામીજી જ્યાં જ્યાં જતા ત્યાં ત્યાં તે ઘેટાનું બચ્ચું તેમની પાછળ જતું. અમેરિકાની પરિષદમાં વિજય મેળવનાર સ્વામી વિવેકાનંદનાં દર્શન કરવાને મઠમાં અનેક મનુષ્યો આવતા અને તેઓ યુરોપાદિ દેશોને વેદાન્તના બોધથી ધ્રુજાવી મૂકનાર એ મહા પ્રતાપી વીર સાધુને એ ઘેટાના બચ્ચાની સાથે ખેલી રહેલા અને તેને રીઝવવાને પાંચ વર્ષના બાળકની માફક આમતેમ દોડાદોડી કરી રહેલા જોતા. તેમનો આવો આનંદી અને સારો સ્વભાવ જોઇને તેઓ ઘણુંજ આશ્ચર્ય પામતા અને તેમના તરફ વધારે પૂજ્યભાવ દર્શાવતા. જાનવરોને બરાબર ખવરાવ્યું છે કે નહિ અને તેમનાં સ્થાન સ્વચ્છ છે કે નહિ તેની પણ તે તપાસ રાખતા. કોઇવાર સ્વામીજી પોતાના વ્હાલાં જાનવરો સાથે વાતો કરવા મંડતા. તે ગમ્મતમાં કહેતા કે "માત્રી" તો મારી પેલા અવતારની સગી છે. એ બચ્ચાને જ્યાં ફાવે ત્યાં બેસવા ઉઠવાની છુટ હતી. સ્વામીજીના ખાટલા ઉપર તે સુતું. કોઇ કોઇવાર સ્વામીજી "હંસી" પાસે જતા અને જાણે તે દેમનું કહ્યું કરતી હોય તેમ તેની પાસે ચ્હાને માટે થોડું દુધ માગતા અને તેને દોહતા. વાંચકને કહેવાની જરૂર નથી કે સ્વામીજી ગાયો, બેસો બકરીઓ વગેરેને દોહવામાં પણ ઘણાજ કુશળ હતા. ઉંચામાં ઉંચા જ્ઞાનની સાથે તેમણે વ્યવહારનાં પણ ઘણાં કાર્યોમાં કુશળતા મેળવી હતી. બ્રહ્મજ્ઞાન અને વ્યવહારકુશળતાનો અપૂર્વ યોગ તેમણે તેમના જીવનમાં સાધ્યો હતો. એની સાથે તેમના જીવનમાં ઉપર

જણાવ્યા જેવી સાદાઇ, દાઝ, બાળચેષ્ટા અને નિરાભિમાનતાનો સુયોગ થયેલો હતો. હાલની પાશ્ચાત્ય કેળવણી લઇ પોતાને સુશિક્ષિત માની ઇશ્વરશ્રદ્ધા, વ્યવહારકુશળતા અને સાદાઇને તુચ્છ ગણી મોજશોખ-માજ જીવનને વ્યતીત કરનારા યુવકો કેવા દયાપાત્ર છે એ અહીં વર્ણવી બતાવવાની જરૂર નથી

પોતાના મઠમાં સ્વામીજીને ઘણીજ સ્વતંત્રતા લાગતી; કેમકે અહીંઆ તે પોતાની મરજી પ્રમાણે હરફર કરી શકતા હતા. કોઇવાર ઉઘાડે પગે, કોઇ વાર એકલી કોપીનજ ધારણ કરીને તો કોઇવાર તે એકાદ નાનું ભગવું વસ્ત્ર કેડથી ઘુંટણ સુધી વીંટીનેજ અહીં તહીં ફરતા. પરદેશીઓનો પોશાક તેમને પસંદ ન હોતો. કોટ, ખમીસ, પાટલુન કે બુટ પહેરવા તેમને ગમતાં નહિ. તેથી તેમને કટાળો આવતો. તેમાએ વળી ગળે કોલર પહેરવો તો એમને બીલકુલ ગમતો નહિ. એનાથી તો બહુજ કંટાળતા અને એને બંધન સમાન ગણતા. તે હમેશાં સાદા, ખુલ્લા, દેશી વસ્ત્રો પહેરવાનુંજ પસંદ કરતા અને એકાંતવાસમાં શાંત જીવન ગાળવાનું ચ્હાતા.

સ્વામીજી સૌની સાથે મઠમાં સ્થાપેલા દેવગૃહમાં જતા અને શ્રી શ્રીરામકૃષ્ણની પ્રતિમા સામે ધ્યાન કરવા બેસતા. કોઇવાર તે ગુરૂ-ભાઇઓ અને શિષ્યોને લઇને અખાડામાં કસરત કરવા જતા તો કોઇવાર એકનાજ બહાર ફરવાને નીકળી પડતા. ફરતે ફરતે તે મોટેથી ભજન ગાતા અને એના એજ શબ્દો ફરી ફરીથી ઉચ્ચારીને તેની ધૂનમાં એટલા બધા મગ્ન થઇ જતા કે કલાકના કલાક સુધી એ પ્રમાણે કર્યાજ કરતા. ખરેખર સ્વામીજી જ્યારે મઠમાં હોય ત્યારે મઠ અને તેની આસપાસની હરવા ફરવાની ભૂમિમાં સર્વત્ર પવિત્રતા અને આધ્યાત્મિકતાનું વાતાવરણ પથરાઇ રહેતું.

સ્વામીજીની પાસે ઘણા જીજ્ઞાસુઓ આવતા પણ તેમના ગુરૂ-

માંદગીમાં તેમની તબીયત નાદુરસ્ત હોવાથી તેઓને અટકાવતા. એ વાતની સ્વામીજીને જ્યારે ખબર પડી ત્યારે તેમણે કહ્યું કે:— “ જુઓ આ શરીર શા કામનું છે ? બીજાઓને મદદ કરવામાં ભલે તેનો નાશ થઇ જાય. જ્યારે જીજ્ઞાસુઓની જોડે હું વાત કરૂં છું ત્યારે મને કેટલો બધો આનંદ થાય છે તેનો ખ્યાલ તમને આવી શકશે નહિ. ”

પોતાની મહાસમાધિ પર્યંત સ્વામીજી શિષ્યોને કેળવ્યા કરતા હતા. તેમનામાં આત્મશ્રદ્ધા જગાવવાને અને તેમને સ્વાર્પણની જવાબદારીનું ભાન કરાવવાને તે ઘણુંજ મથતા. મઠ તરફથી પ્રગટ થતાં માસિકોને તે પોતાની યોજના પ્રમાણે ચલાવતા અને તે બાબતમાં પોતાના શિષ્યોને માહિતગાર કરતા અને તેમની પાસે તે માસિકોનું કાર્ય કરાવતા. તેમાં પણ દરેક જણને સ્વતંત્રપણે કામ કરવાનું તેમને શિખવતા. સ્વામીજીએ ઘડેલા નિયમો પ્રમાણે જો શિષ્યો માસિક ચલાવે નહિ તો તે તેમને સખત ઠપકો આપતા અને અમુક પ્રકારના વિચારો અને લખાણો સિવાયનું લખાણ તેમાં આવે નહિ, તેને માટે તે ઘણીજ સાવચેતી રાખતા. જનતાની આગળ માસિકદ્વારા મુકવાના વિચારો વિષે તે ઘણોજ વિચાર કરતા અને એ બાબત કેટલી બધી અગત્યની છે તે ઘણીજ કાળજીથી શિષ્યોને સમજાવતા.

વળી મઠમાં સઘળું વ્યવસ્થાસર અને સ્વચ્છ રાખવાને તે ઘણોજ આગ્રહ કરતા. એમાં પુરેપુરી સ્વચ્છતા અને વ્યવસ્થા જોઇતી હતી. કોઇવાર મઠના નોકરો માંદા પડતા અને મઠનું મકાન બરાબર વળાતું ઝુંડાતું નહિ ત્યારે સ્વામીજી જાતેજ હાથમાં સાવરણી લઇને સઘળું વાળીઝુડીને સાફ કરતા અને કેમે કર્યા હાથમાંથી સાવરણી મુકતા નહિ. એ પ્રમાણે તે સ્વચ્છતા પ્રત્યેના પ્રેમનો અને સ્વાશ્રયનો દાખલો બેસાડતા. તેમને કોઇવાર પુછવામાં આવતું કે તમે શા

બહુજ રાજી થતા. તે પોતાના મિત્રોને કહેતા કે "જુઓ, આમાં સાધુઓ કેવી સાધનાઓ કરી રહ્યા છે. એ ઠીક છે. શ્રીરામકૃષ્ણ કહેતા હતા તેમ સવારે અને સાંજે આપણું મન સ્વાભાવિક રીતેજ ઉંચા વિચારોને માટે વધારે લાયક બને છે અને તે વખતે તેને જલદીથી એકાગ્ર કરી શકાય છે. એ સમયે દરેક જણે અવશ્ય એકાગ્રચિત્તથી પ્રભુનું ધ્યાન ધરવું જોઇએ."

સ્વામીજી વહેલા ચાર વાગ્યે ઉઠતા અને ન્હાઈ ધોઇને મઠના દેવળમાં ધ્યાન કરવાને તેની સાથે બેસતા. દેવળના એક મુખ્ય ભાગમાં એમને માટે આસન નિર્માણ કરી રાખ્યું હતું. તેના ઉપર તે શાંત ચિત્તથી સ્થિર થઇને બેસતા. એ વખતે તે પહાડના પર્વત જેવા પ્રશાંત દેખાતા. ઘણીવાર તેમનું ધ્યાન બે કરતાં વધારે કલાક સુધી ચાલતું. પછીથી તે મુખેથી "શિવ, શિવ," બોલતા ઉઠતા અને તેમના ચહેરા ઉપર અલૌકિક પ્રકાશ છવાઈ રહેલો જણાતો. પછી શ્રીરામકૃષ્ણની પ્રતિમાને પ્રણામ કરીને તે બહાર આવતા અને ચોગાનમાં માતાજીનું કે શિવનું ભજન ગાતા ગાતા અરધા ધ્યાનસ્થ અને અરધા જાગ્રત તે અહીં તહીં ફરતા. એ વખતે એમના મુખ ઉપર અપૂર્વ શાંતિ દેખાતી. ધ્યાનથી કંઇક લાલ થઇ રહેલી તેમની આંખોમાં દૈવી શક્તિ અને પ્રકાશ માલમ પડી આવતાં. સ્વામીજી જ્યારે દેવળમાં બેઠેલા હોય ત્યારે બીજાઓને ધ્યાનમાં ઘણું બળ અને સહાય પ્રાપ્ત થતાં. સ્વામી બ્રહ્માનંદ લખે છે કે:—"અહા! જ્યારે કોઇ નરેન્દ્રની સાથે ધ્યાન કરવાને બેસે છે ત્યારે તે ઝટ દઇને ધ્યાનમગ્ન થઇ જાય છે. જ્યારે હું એકલો બેઠું છું ત્યારે હું ધ્યાનમગ્ન થઇ શકતો નથી." ઉપર પ્રમાણે સ્વામીજી ધ્યાનમાં બેસતા અને બીજાઓને બેસાડતા. કોઇવાર તેમની તબીયત નાદુરસ્ત હોય તો તેમના શિષ્યો અને ગુરુભાઇઓ એકલા ધ્યાન કરતા, કારણ કે

સ્વામીજીનો એવો દૃઢ આગ્રહ હતો અને તેમણે કડક નિયમ કર્યો હતો કે સર્વેએ સવાર સાંજ ધ્યાન કરવુંજ. એ નિયમનો ભંગ કરનારને સ્વામીજી ઘણીજ શિક્ષા કરતા. વારંવાર તે દેવગામાં જઈ જોતા અને જે ગેરહાજર હોય તેમનો જવાબ લેતા અને તેમને દિવસ માટે ભોજન આપવાનું બંધ કરી દેતા. તેમના વૃદ્ધ ગુરૂભાઈ પાસે પણ તે નિયમનું પાલન કરાવતા

તપ, સંયમ અને ધ્યાન એ મનને દૃઢ કરવાના ઉત્તમ સાધન છે અને તેથી મનોબળ ઘણુંજ વધે છે એમ સ્વામીજીનું દૃઢ માનવું હતું. આપણા જીવનમાં કોઈવાર જ્યારે આપણી સામે અનેક આફતો આવી પડીને આપણને નાસીપાસ કરી મૂકે છે. તેવે સમે ધ્યાન અને મનોબળને ખીલવીને તે આફતોની સામે થવાનું સામર્થ્ય આપણે મેળવી રાખ્યું હોય છે તો આપણને કેટલો બધો આનંદ અને લાભ થાય છે ? સ્વામીજી ગૃહસ્થાશ્રમીઓને પણ ગ્રહસ્થને ગ્રોગ્ય બ્રહ્મચર્યના પાલનપૂર્વક ધ્યાન, ધારણા દિ કરવાનો અત્યંત આગ્રહ કરતા હતા. વળી મનોબળ અને તિતિક્ષાને વધારનારા ઉપવાસ અને વ્રતાદિ પણ વિધિસર કરવાની સ્વામીજી બહુજ હિમાયત કરતા અને તેમાં નક્કી કરેલા માર્ગથી જરા પણ આડા અવળા ચાલવાની મના કરતા. સ્વામીજી જેવું કહેતા તેવુંજ પોતે કરતા તેમનું કહેલું કરેલું બધું ખરૂં છે અને ધ્યાન, તપાદિથી કેવું અલૌકિક મનોબળ અને શક્તિ પ્રાપ્ત કરી શકાય છે તે સ્વામીજીએ પોતાના દાખલાથી સર્વેને સિદ્ધ કરી બતાવ્યું હતું

આ ઉપરથી એમ સમજવાનું નથી કે સ્વામીજીએ સર્વેને ધ્યાન ધરી બેસી રહેવાનો ઉપદેશ કરેલો છે. આખો વખત ધ્યાનમાં ગાળી શકે એવું કોઈ વિરલ પુરૂષથીજ બની શકે તેમ હોવાથી ... ખરા ત્યાગીઓ બાકીનો વખત સુઈ રહેવામાં કે ગપસપ ચલવવા ... માં જ ગાળતા હોવાથી એવા જીવનને સ્વામીજી મૃત્યુ સમાનજ ગણતા.

અને એના ઇલ્મથી દૂષિત થયેલું તે જોઈને કહેતા. પોતાના મિત્ર કરશનદાસ આદિ એ નિબંધ ૪૬૪ આર્યસ્ત્રીનો ઉદ્ગાર ટાંક્યું હતું કે—

“ભારતવર્ષની પ્રાચીન આર્ય વૈરાગ્ય છે. એ વૈરાગ્યને તમારી રતિ અત્યંત વિષયિની તથા નિરંકુશ કેળવેલું કર્યું જણાવાનું છે અને તેની અગાધે આશા રાખવાની નથી. સીતા સાથે તેની પણ સરખામણી કરવાની નથી. મહાવીર હનુમાનને તમારા આદર્શ તરીકે લેજો. તમારે એ આદર્શ ધરાવવું તમારા અતિથ્યને આવું જોઈએ. એક આજીવન હનુમાન પોતાના આજીવનથી રાજકુમારીઓના દાસાનુદાસ થયેલા હતા અને ત્રણ આજીવન તે સીતાજીના અનન્ય ભક્ત તરીકે પ્રસિદ્ધ હતા. સીતાની સેવા કરવી અને તેમની આજ્ઞાનું પાલન કરવું એ સિવાય બીજું કંઈ તેમને ગમતું નહિ. એમના જેવી સેવાબુદ્ધિ અને એકનિષ્ઠતાની આજે જરૂર છે. પણ તમે શું કરો છો? તમને તો આજનું અત્યન્ત ગમેલું છે! હવે તો પેલ રમુજીલા વાતો કર્યા કરો છો અને ખરેખર અને કંટાળ સહને અવગણ્યા છે. તમે પ્રાચીન આર્યોના અને યોગીઓના નિર્દોષ ભાવોનું અનુકરણ કરવા લાગ્યા છો, પણ તમારી અધમ વાસનાઓ અને વૃત્તિઓને તમે ક્યાં ત્યજી દીધી છે? ઘણા કરીને આખો દેશ તમોગુણના અંધારામાં પડીને સડી રહેલો છે. નાનપણથીજ આવાં શૃંગારમય ભજનો અને ગાયનો સાંભળી સાંભળીને આપણી પ્રજા વધારેને વધારે બાયલી થતી જાય એમાં આશ્ચર્ય શું છે? આવા વધારે અનિષ્ટનિ બીજ ક્યાં હશે! તમારાં પેલાં વીરત્વવર્ધક ઢોલ અને રણશીંગાં ક્યાં ગયાં? હવે તો મહેરબાની કરીને તમારાં બાળકો અને યુવાનોને તેમના ગંભીર અને ઉત્સાહજનક સાંભળાવજો. આપણે તો ડમરુ અને રણશીંગા તથા ઢોલ અને નગારાનો

મહામાયા જગદંબાનો આશ્રય લે; પછી જો કે નિર્બળતા અને બાયલા-પણું તારી પાસેથી બાર ગાઉ દૂર ભાગી જાય છે કે નહિ.

એમ બોલતા બોલતા સ્વામીજી મેડી ઉપરથી નીચે ઉતર્યા અને બહાર જઇને ચોગાનમાં આવેલા આંબાના ઝાડ નીચે ખાટલા ઉપર હંમેશની માફક બેઠા. તેમની આંખોમાં તે વખતે દિવ્ય તેજ પ્રકાશી રહ્યું હતું. અલૌકિક આધ્યાત્મિક ચેતનથી તેમનું આખું શરીર ઝુલતું હતું. સંન્યાસીઓ અને બ્રહ્મચારીઓ તેમની પાસે બેઠા હતા. તેમના તરફ આંગળી કરીને તે શિષ્યને કહેવા લાગ્યા કે, "તું બ્રહ્મને ક્યાં શોધવા જાય છે? તે પ્રાણી-પદાર્થ સર્વેમાં રહેલો છે. આ સર્વવ્યાપી બ્રહ્મનો અનાદર કરીને જે તેને અન્ય સ્થળે શોધે છે તેમને શરમ છે. હાથમાં રહેલા ફળની માફક બ્રહ્મ આ જગતમાં ઉઘાડુંજ દેખાય છે. અહીંઆં અને આખા જગતમાં બ્રહ્મજ બ્રહ્મ રહેલો છે." સ્વામીજી આ શબ્દો એવા જુસ્સાથી બોલ્યા કે સર્વેનાં હૃદય બ્રહ્મ-ભાવથી ઉછળી રહ્યાં. સર્વેનાં હૃદયમાં અપૂર્વ શાન્તિનો વાસ થઇ રહ્યો અને સર્વે ભાવસમાધિમાં આવી ગયા. તે વખતે સ્વામી પ્રેમાનંદ ગંગામાં સ્નાન કરી પવિત્ર જળનું કમણ્ડલું ભરીને ત્યાં થઇને જતા હતા. તેમને જોઇને સ્વામીજી બોલી ઉઠ્યા કે, અહીંઆં, અહીંઆંજ બ્રહ્મ દૃશ્યમાન થાય છે. તે શબ્દો સાંભળીને પ્રેમાનંદ સ્તબ્ધ બની ગયા. તે ચાલતા અટકી જઇને જ્યાં ઉભા હતા ત્યાંને ત્યાંજ સ્થંભી ધ્યાનસ્થ થઇ ગયા. પાએક કલાક આમ ચાલ્યો ગયો. એ બનાવ હજી પણ મઠના સાધુઓનાં હૃદયમાંથી ખસતો નથી. હજી પણ તે વિસરી જવાયો નથી. એ બનાવ ઉપરથી શ્રીરામકૃષ્ણના જીવનનો એક બનાવ અહીં યાદ આવે છે. પોતાના દેહનો ત્યાગ કર્યો પહેલાં થોડાક સમય પૂર્વે શ્રીરામકૃષ્ણ સમાધિમાંથી જાગીને તરતજ બહાર બગીચામાં આવ્યા હતા. ત્યાં જે કેટલાક શિષ્યો બેઠા હતા

કાઢીને પેલા મૂરદાઓને બાળવાને મશાલ નહિ.

આ મજુરોમાંનો એક મજુર સ્વામીજીને વધારે ગમતો હતો. તેનું નામ "કેશન" હતું. તે સ્વામીજીને કહેતો કે "જો સ્વામી બાબા! અમે કામ કરતા હોઈએ ત્યારે તમે આવશો નહિ. અમે તમારી સાથે વાત કરીએ છીએ ત્યારે અમારાથી કામ થતું નથી અને તેથી મોટા બાબા (સ્વામી અચિંતાનંદ) અમને ઠપકો આપે છે." એ શબ્દો સાંભળીને સ્વામીજીને માઠું લાગ્યું અને તેમણે કહ્યું કે હવેથી ત્યાં આવીને તમને કદીએ કહીશ નહિ. કેમ કે બિચારા તો મજુરોની તંગી અને દુઃખ સાંભળીને સ્વામીજીની આંખોમાં આંસુ આવી જતાં. જ્યારે એવું થતું ત્યારે "કેશન" તેમને કહેતો કે "હવે તમે જાવ, સ્વામી બાબા! અમે હવે કદીએ અમારાં દુઃખની વાત તમને કહીશું નહિ, કારણ કે તમે તેથી રડી પડો છો."

એક દિવસ સ્વામીજીએ કેશનને પુછ્યું કે "તમને અત્યારે અહીંઆં મિજબાની આપીએ અમે કે?" તે મજુરે જવાબ આપ્યો: "બાપજી, જો અમે બીજાને હાથે રાંધેલું ખાવાનું ખાવા પામીએ તો અમને ન્યાત બહાર મૂકે; કારણ કે અમે પરદેશી છીએ." સ્વામીજીએ તેની ખાત્રી કરી આપી કે રસોઈમાં મીઠું નાખવામાં આવશે નહિ. મીઠું ઉપર પીરસવામાં આવશે. એ સાંભળીને મજુરોએ હા પાડી. મજુરોને મિજબાની આપવામાં આવી. પેંડા, બરફી, દહીં અને બીજી સુંદર વાનીઓ કરીને તેમને પીરસવામાં આવી. સ્વામીજી જાતેજ પીરસવાના કામ ઉપર નજર રાખવા લાગ્યા. મજુરો જમતે જમતે બોલતા કે "સ્વામી બાપજી, આ સુંદર વસ્તુઓ તમે ક્યાંથી આણી? અમારી જીંદગીમાં આવી વસ્તુઓ અમે કદીએ ખાધી નથી." તેઓને તેમની ઇચ્છાપૂર્વક બરાબર જમાડ્યા પછી સ્વામીજી તેમને કહેવા લાગ્યા કે "તમે બધા નારાયણો છો. આજે તમને જમાડીને મેં સાક્ષાત્

નારાયણનેજ જમાડયા છે ” પછીથી એક શિષ્ય જોડે વાત કરતા સ્વામીજીએ કહ્યું હતું કે “ મેં તેમનામાં સાક્ષાત્ નારાયણનાજ દર્શન કર્યાં હતાં. તેઓ કેવા સાદા અને ભોળા છે. તેઓ મને ખરા અંતઃકરણથી ચ્હાય છે ” પછીથી થોડીક વારે સ્વામીજી સંન્યાસીઓ અને બ્રહ્મચારીઓને કહેવા લાગ્યા કે—

“ જુઓ આ ગરિબ અભણ લોકો કેવા સાદા અને ભોળા છે ? તમારો હિંદુસ્તાન અત્યારે મોટે ભાગે આવા નિર્દોષ, સાદા, મહેનતુ, પ્રમાણિક અને ધર્મપ્રેમી લોકોથીજ ભરેલો છે; પરંતુ બીજાઓ તેમના ઉપર ચઢી બેસવાને લીધે તેઓ લુખું સુકું અન્ન પણ બે વખત પામી શકતા નથી. મંદવાડમાં તેમને કોઇ દવા પણ આપતું નથી. મારામારી કજીયા ન કરવા માટે તેમને કોઇ સમજાવનારૂં હોતું નથી. પુસ્તકોનો નિર્દોષ અને ઉન્નતિપ્રદ આનંદ લેવા માટે તેમને કોઇ વાંચતાં શિખવનાર કે તેવાં પુસ્તકો સંભળાવનાર હોતું નથી. અફસોસ, કેવા દેવ જેવા માણસો અને તેમની કેવી દુર્દશા ! ” આ શબ્દો બોલતા બોલતાં સ્વામીજીનું શરીર કરૂણાના આવેશથી ધ્રૂજવા લાગ્યું અને તેમની આંખોમાંથી બોર બોર જેવાં આંસુ ખરવા લાગ્યાં. તેઓ જેમ તેમ હૃદયના વેગને રોકીને બોલ્યા કે ‘ ઓ હિંદના સાધુઓ ! ઓ ઋષીમુનિના સંતાનો ! સર્વવ્યાપી પ્રભુના આ લાખો કરોડો જીવતાં જાગતાં મંદિરોમાંનો કચરો પુંજો સાફ કરવા અને તેમાં અપૂજ્ય પડી રહેલા શિવ ભગવાનને સેવાપૂજાથી પ્રસન્ન કરવાને તત્પર થશો ? મોક્ષ મેળવવાને માટે આથી વધારે સારો, સહેલો અને બંધ બેસતો ઉપાય અત્યારે બીજો કયો છે ? પોતાનો પ્રાણ અને સર્વસ્વ બીજાને માટે અર્પણ કરી દેવા એજ વર્તમાન સમયનો સાચો સંન્યાસ છે. ભાઇઓ મોક્ષ ખાતર નહિ, તો માનવદયાને ખાતર પણ આવા મનુષ્યોના કાંઇપણ દુઃખ ટાળી શકશો ? તેમ ન કરો તો પછી

…વા રૂપમાં ધારણ કરવાનો અર્થજ શો રહ્યો? કોઈ કોઈવાર
…એમ પણ થઇ આવે છે કે આ મઠ ફંડ સર્વ વેચી નાખીને એ…
…સેવા કેમ ન કરવી? જેણે રૂપની ભાવનાજ પોતાનું
…માનેલું છે અને હયાતીનેજ મિથ્યાત્વ માનેલું છે એવા આપ-
…સ્થાની શી દરકાર છે? આપણા બંધુઓને પુરૂં ખાવા પહેરવાનું
…મળે નહિ તો પછી આપણા મુખમાં કોળીયોજ શી રીતે પેસી
…? જ્યારે હું પશ્ચિમમાં હતો ત્યારે મારા મનમાં આ વિચારો
…રંવાર જાગી ઉઠતા અને હું રડતે મોઢે શ્રીજગદંબાને પ્રાર્થના કરતો
…કે હે મા, અહીંઆ તારા પુત્રો રૂની શય્યામાં પોઢે છે; સુંદર
ખાનપાનાદિ ઉપભોગ કરે છે અને સંપૂર્ણ રીતે જીંદગીના ભોગો ભોગવે
છે; પણ બીજી તરફ ભારતવર્ષમાં લોકો ભૂખે મરે છે. માતાજી,
એનો ઉપાય કાંઇ થશે કે નહિ?" પશ્ચિમમાં ધર્મનો ઉપદેશ કરવા
જવામાં મારો એક હેતુ એ પણ હતો કે, આપણા દેશને માટે ત્યાંથી
કંઇક સહાય મળી શકે તેમ છે કે નહિ તે જોવું. આપણા દેશના
લોકોની ગરિબાઇ અને દુઃખ જોઇને મને ઘણીવાર વિચાર થાય છે કે
"આ બધા પૂજનના કાક ફેંકી દો—શંખનો નાદ કરવો, ઘંટ વગાડવો,
આરતી કરવી તેમજ બીજી જે કાંઇ મોક્ષ મેળવવાને માટે આપણે
(શાસ્ત્રાધ્યયન વગેરે) સાધનાઓ કરી રહેલા છીએ તે સર્વ ત્યજી
દઇ, ગામે ગામ ફરીને ગરિબોની સેવા કરવામાં જીવનને અર્પણ કરી
દઇ. આપણા ચારિત્ર્ય, ધાર્મિકતા અને તપોમય જીવનથી ધનવા-
નોના હૃદયમાં ગરિબો પ્રત્યેની કરુણાનું ભાન કરાવો અને ગરિબો
તથા દુઃખીઓની સેવા કરવા માટે તેમની પાસેથી ધન મેળવો. આ-
હા! આપણા દેશમાં કોઇપણ મનુષ્ય ગરિબો, દુઃખીઓ અને
અધમોનો વિચાર કરતોજ નથી. જેઓ આપણી પ્રજાનો આધાર છે,
જેમની મહેનતથી અન્ન થાય છે અને જેઓ એકાદ દિવસ કામે ન

... થઈ જાય છે તેવા મનુષ્યો તરફ
સહાનુભૂતિ ... અને તેમના ... માગ લેનાર એક પણ
મનુષ્ય ... દુઃખો ... ની સહાનુભૂતિ વગર
અને ... નાકામાં કેટલા બધા
... થઈ જાય ... કે માત્ર ભુખને
... તેમની દરકાર કરતા
... અને ... જ અગણની લેશ
તેમની ... તેમને પેટ ભરીને
... મનુષ્ય પ્રેમ
... સ્વાર્થ
... પશુના બંધનો
... અને પતિતો,
... લઈને તેમને
... તેઓને સત્કાર
... સામર્થ્ય
અને ... માગ દેશ
... જગતના
... મહર્ષિઓ
... તેમ ... રફતની
... અને
... મજુરી
... આ ... બો,
તેમનું અજ્ઞાન ... વસતા
... આશની માફક ... દેશો
... તેમ ... રહેશે ... રહેતી

છે. તેની તેજ શક્તિ તેમનામાં પણ રહેલી છે. માત્ર તેની જાગ્રતિમાંજ ફેર છે. જ્યાં સુધી આવા વર્ગોમાં ચેતન ફેલાઇ રહે નહિ ત્યાં સુધી દેશનો ઉદ્ધાર થાયજ નહિ. ખાત્રી રાખજો કે શરીરનો એક અવયવ સડવાથી રહી ગયો હોય અને તેના બીજા અવયવો ગમે તેટલા સારા અને મજબુત હોય તોપણ તે શરીર કોઇપણ મોટું કાર્ય કરી શકનાર નથી."

એક શિષ્ય બોલી ઉઠ્યોઃ "મહારાજ, સઘળા પંથો અને ધર્મોના માણસો વચ્ચે સહકાર્ય અને ભ્રાતૃભાવ ઉત્પન્ન કરવાં એ તો ઘણુંજ કઠિન કાર્ય છે."

એ સાંભળીને સ્વામીજી ખીજાઇ ગયા અને મોટા અવાજથી કહેવા લાગ્યા કે, ખરા મનથી અને સર્વ સમય તથા શક્તિપૂર્વક એકવાર કાર્ય કરવા માંડો એટલે કઠિનતાની અને અશક્યતાની સઘળી ભ્રાન્તિ દૂર થઇ જશે. કામ કર્યા જવું એજ તારી ફરજ છે અને તે બજાવવાથી ક્રમે કરીને બધુંજ ઠીક થઇ રહેશે.

જગતનો ઇતિહાસ વાંચ અને તને સમજાશે કે અમુક સમયે દેશમાં એકાદ મહાપુરૂષ ઉભો થયેલો છે અને તે ત્યાંના પ્રજાકિય જીવનના આદર્શનું કેન્દ્રસ્થાન બની રહેલો છે. એ મહાપુરૂષના ચારિત્ર અને વિચારોથી આકર્ષાઇને હજારો મનુષ્યો લોકસેવા કરવાને જીવન અર્પણ કરી રહેલા છે. તમે બધા બુદ્ધિશાળી છોકરા છો અને મારા શિષ્યો થયા છો, પણ મને કહો તો ખરા કે બીજાઓના ભલા માટે તમે શું કર્યું છે? તમે બીજાઓને માટેજ તમારૂં જીવન નિષ્કામભાવે અર્પણ કરી દો અને વેદાધ્યયન અને ધ્યાનાદિ ક્રિયા એતો બીજા જન્મ માટે મુલતવી રાખો. તમારાં શરીરોને બીજાઓની સેવા કરતે કરતેજ પડવા દો. એમ થશે ત્યારેજ હું જાણીશ કે તમે મારી પાસે નકામા આવ્યા નથી.

જે અજ્ઞાનીઓની સેવા કરી રહ્યા છે તે પ્રભુનીજ સેવા કરી

રહ્યા છે. મેં તમને આજે જે કહ્યું તેને મનમાં દૃઢ કરાવીને તે પ્રમાણે વર્તન કરજો. પ્રભુ તમારો નેતા અને સહાયક બનો.

સ્વામીજી આવી રીતે શિષ્યોને બોધ આપીને પોતાના મિત્રો, ગુરૂભાઇઓ અને સ્નેહીઓના આત્માને જાગૃત કરી રહ્યા હતા. તેમની આસપાસ બેસનારા ઉડનારાઓનાં હૃદયોમા આવા અનેક ઉપદેશોથી સુવિચારોનો વાસ તેઓ કરાવી રહ્યા હતા. આમ કરીને કેટલાકનાં હૃદયમા તેમણે ભક્તિરસ રેડયો છે તો કેટલાકને તેમણે જ્ઞાનમાર્ગે ચ્હડાવ્યા છે અને કેટલાકના મનમા સાચી સ્વદેશપ્રીતિ ઉત્પન્ન કરી છે. સર્વ પ્રાણી પદાર્થમા બ્રહ્મનું–પોતાના આત્માનુંજ–દર્શન કરવાનું તેમણે શીખવ્યુ છે અહાહા' કેટલા બધા મનુષ્યોના આત્માને તેમણે જાગૃત કરી મૂકયા છે કેટલાના હૃદયમા તેમણે બ્રહ્મને જગાવેલો છે એક પ્રકારની અતિ પ્રબળ આધ્યાત્મિક જવાલ્હ્નેવી જ્યોતિ–તેમના અંતરમા ઝગહળી રહી હતી પોતાના પરિચયમા આવનાર આત્માઓમા પણ તેવીજ જ્યોતિ પ્રગટાવવાનો પ્રયાસ તેઓ કરી રહ્યા હતા. ડાકટરોની ના છતા પણ પ્રસંગ આવતા સ્વામીજી આવા પ્રકારનો યત્ન સંપૂર્ણ છૂટથી કરતા અને તેથી તેમના વ્યાધિગ્રસ્ત શરીરને વધુ નુકશાન પહોંચતું છતા તેની તે દરકાર કરતા નહિ. તેમના ગુરૂભાઇઓને તેથી ચિંતા થતી પણ સ્વામીજીના ઉત્કટ વૈરાગ્ય આગળ તેમનું કશુ ચાલતું નહિ. તેઓ તેમના શરીરને માટે પ્રભુ પ્રાર્થના કરતા. જાણે કે જીવનનુ કાર્ય જલદી આટોપી લેવું હોય તેમ વધારે ને વધારે જુસ્સાથી સ્વામીજી કાર્ય કરવા મડી જતા. ખરેખર તેમના જીવનનુ કાર્ય હવે ધીમે ધીમે આટોપાતુંજ ચાલતું હતું.

પ્રકરણ ૫૯ મું—મહાસમાધિ.

સ્વામી વિવેકાનંદ મહાસમાધિને પ્રાપ્ત થયા તે અગાઉ લગભગ દોઢ વર્ષ સુધી મઠમાં જે જે બનાવો બન્યા તે સર્વે પ્રસંગે રસમય અને અગત્યના હતા. તે સર્વેમાં સ્વામીજીનો આત્મા પરોવાઈ રહેલો જણાતો. સ્વામીજી બહાર વિચરતા તેના કરતાં મઠમાં તેઓ વધારે સ્પષ્ટ સ્વરૂપમાં દશ્યમાન થતા હતા; કેમકે સાધુ ચરિત્રનું ખરેખરૂં જીવન સ્વામીજી અહીં વધારે છુટથી ગાળી શકતા. જેમ જેમ તેમની મહાસમાધિના દિવસો પાસે આવતા ગયા તેમ તેમ તેઓ સંન્યાસની મહત્તા વધારેને વધારેજ દાખવતા ચાલ્યા.

સ્વામીજી પૂર્વ બંગાળા અને આસામ તરફ જઇ આવ્યા તે પછી તેમનું શરીર વધારે બગડતું ચાલ્યું. તેમને જલંદરનો વ્યાધિ થયો હતો. તેમના પગ પણ હવે સુઝી ગયા હતા અને તેથી ચાલતાં ઘણી મુસ્કેલી પડતી હતી. તેમની જીંદગીના છેલ્લા વરસમાં તેમને ફક્ત ત્રણ કે ચાર કલાકજ ઉંઘ આવતી અને તે પણ બરાબર નહિ. આટલું છતાં પણ સ્વામીજી એક ખરેખરા સંન્યાસીની માફક જરાક પણ ઉં કે ચું કર્યા વગર પોતાનું કાર્ય કર્યે જતા. મિત્રો અને સ્નેહીઓની મુલાકાત લેતા અને તેમની સાથે ઘણાજ આનંદ અને જુસ્સાથી વાતચીત કરતા.

સને ૧૯૦૧ ના જુલાઇ અને ઑગસ્ટ માસમાં સ્વામીજી કાંઇક વધારે આરામ લઇ શક્યા અને તેથી તેમનું શરીર પણ કંઇક સુધર્યું. સાંજે અને સવારે હવે તે બહાર ફરવા જતા અને સાથે તેમના એકાદ બે ગુરૂભાઇઓ પણ જતા. કેટલીકવાર સ્વામીજી તેમની સાથે ગંભીર વિષયો ઉપર વાતચીત કરતા, પણ ઘણુંખરૂં તો તે ગુરૂભાઇઓને પાછળ રાખી વિચારમાં ને વિચારમાં એકલાજ આગળ ચાલ્યા જતા. ગુરૂભાઇઓ પણ તેમના મનની સ્થિતિ સમજી જઇને તેમને એકલાજ ફરવા દેતા.

૧૯૦૧ ના ઓક્ટોબરમા સ્વામીજીની તબીયત પાછી વધારે બગડી. કલકત્તાના પ્રખ્યાત ડૉ૦ સૉન્ડર્સને બોલાવવામા આવ્યા અને તેમણે ભલામણ કરી કે સ્વામીજીએ કંઇ પણ કાર્ય કરવું નહિ: તબીયત છેક નાદુરસ્ત હોય ત્યા સુધી સ્વામીજીને ના છુટકે પથારીમાં પડી રહેવું પડતું. તબીયત જરા ઠીક થવા આવતી કે તરતજ તેઓ કંઈને કંઇ કામ કરવા મડી જતા. કોઇવાર તે જમીન ખોદતા તો કોઇવાર ફળ-પુષ્પાદિના ઝાડ રોપતા અને કોઇવાર બીજ વાવતા. કોઇવાર તે પલાંઠી વાળીને ધ્યાનમા બેસતા તો કોઇવાર વેદોના મંત્રો બોલતા અને કોઇવાર કોઇ પુસ્તકનું વાચન મનન કરતા જણાતા. તબીયત પુરેપુરી સુધરી રહેતા સુધી પથારીમાં પડી રહેવું કે ઘરમા બેસી રહેવું એ તેમને જરા પણ ગમતું નહિ. તેઓ વખતોવખત એકાતમાં જઇ બેસતા અને ત્યા ધ્યાનમગ્ન થઇ જતા જ્યારે તે કોઇ અમુક વ્રતના નિમિત્તથી અપવાસાદિનું પાલન કરતા ત્યારે તેમની ખુશીનો પાર રહેતો નહિ. તપ, સાધના અને અપવાસાદિના અનેક લાભો વિષે બહુજ આગ્રહ કરીને પોતાના શિષ્યોને સમજણ આપતા અને તેટલાજ આગ્રહથી તે તેમની પાસે વ્રત અપવાસાદિનું પાલન પણ કરાવતા. એનાથી શરીરની શુદ્ધિ તો દેખીતી થાય છે અને શરીરની શુદ્ધિથી ચિત્તની શુદ્ધિમાં પણજ અગત્યની સહાય મળે છે. આ શરીરની ચિત્તશુદ્ધિને લીધેજ મનુષ્યો અને પ્રજાઓ સંયમ, બળ, અને સત્યજ્ઞાનને પ્રાપ્ત કરી મોટાં મોટા કામો કરવાને સમર્થ થઇ રહે છે. જે પ્રજા સંયમ વગરની છે તે કોઇપણ દિવસ ઉદયને શિખરે ચ્હડી શકતી નથી. સ્વામીજીએ એ ફાયદાઓને જાતે અનુભવ્યા હતા અને તેથી કરીને તે તેમના શિષ્યો પાસે વ્રત, અપવાસાદિનું યથાર્થ પાલન કરાવતા હતા. શિવરાત્રિ જેવા દિવસોએ આખો દિવસ અપવાસ કરાવી દિવસ અને રાત્રિ ભજન કીર્તનમાંજ ગાળતા.

સ્વામીજીનું આરોગ્ય બગડેલું રહ્યા કરવાથી તેમણે હવે કલકત્તાના કવિરાજ મહાનંદ સેન ગુપ્તની દવા કરવા માંડી. કવિરાજ સ્વામીજી પાસે સખત કરી પળાવતા. તે એટલે સુધી કે સ્વામીજીને તેમણે કેટલાક દિવસ સુધી પાણી પીવાની અને મીઠું ખાવાની પણ બંધી કરી હતી. વળી તેમને માત્ર અમુક સાદો ખોરાકજ ખાવો પડતો અને તે પણ થોડા પ્રમાણમાંજ. તેમ છતાં પણ સ્વામીજીની વિશાળ, ભવ્ય અને તેજસ્વી આંખોનું તેજ હતું ને તેવુંજ હતું અને પહેલાંની પેઠેજ તે કામ કર્યા કરતા.

કવિરાજની દવા શરૂ કરતા પહેલાં થોડા દિવસ ઉપર તેમણે એનસાઇક્લોપીડીઆ બ્રીટાનીકા વાંચવાનું શરૂ કર્યું હતું. એ પુસ્તકની એ સમયે જે નવી આવૃત્તિ બહાર પડી હતી તે એક પાશ્ચાત્ય શિષ્યે મઠની લાઇબ્રેરીમાં ભેટ તરિકે મોકલી હતી.

એક વખત સ્વામીજીને તેમનો શિષ્ય શરચ્ચંદ્ર ચક્રવર્તી મળવાને આવ્યો અને એ પુસ્તકના પચીસ ભાગ ત્યાં પડેલા જોઇને બોલ્યો: "એટલાં બધાં પુસ્તકોમાં લખેલી બીનાઓને એક આખી જીંદગીમાં પણ યાદ ન કરી શકાય." શિષ્યને ખબર ન હોતી કે સ્વામીજીએ દસ ભાગ તો વાંચી નાંખ્યા હતા અને અગીઆરમો ભાગ ચાલતો હતો. સ્વામીજીએ જવાબ આપ્યો: "અરે, એમ તે હોય? આ દસ ભાગમાંથી તું મને ગમે તે પૂછ." શિષ્ય આશ્ચર્ય પામ્યો અને દસે ભાગ આમતેમ ઉથલાવી જઇને તેમાંના દરેક ભાગના અઘરા વિષયોમાંથી અનેક જાતે પ્રશ્ન તેણે સ્વામીજીને પૂછ્યા. સ્વામીજીએ તરતજ તે વિષયોનો સાર કહી બતાવ્યો, એટલુંજ નહિ પણ ઘણાખરા સવાલોના ઉત્તર તો એમણે પુસ્તકમાંનો શબ્દે શબ્દજ બોલીને આપ્યા. પોતાના ગુરૂની વિલક્ષણ બુદ્ધિ અને અસાધારણ સ્મરણશક્તિ જોઇને શિષ્ય ચકિત થઇ ગયો અને પુસ્તકો વેગળાં

દિવસે આગ્રહ કરીને પોતાના એક શિષ્યને તેમણે જાતેજ ખાવાનું પીરસ્યું અને જમી રહ્યા પછી જાતેજ પાણી રેડીને તેના હાથ ધોવ-રાવ્યા તથા એક રૂમાલ વડે લૂંછી નાખ્યા. સ્વાભાવિક રીતેજ બીજા શિષ્યોએ તે કામ કરવા ઇચ્છયું હતું, પણ સ્વામીજીએ જવાબ આપ્યો હતો કે, જિસસ ક્રાઇસ્ટે પોતેજ તેમના શિષ્યોના પગ ધોયા હતા. સને ૧૯૦૨ના જુલાઇની ૪ થી તારીખ તેમણે દેહત્યાગ માટે જાણે પ્રથમથીજ નક્કી કરી રાખી હતી.

જીવનના એ છેલ્લા દિવસે સ્વામીજી બહુજ ગંભીર દેખાતા હતા. હમેશ કરતાં એ દિવસે તે વધારે વહેલા ઉઠ્યા હતા. એ દિવસે તેમનું સઘળું કાર્ય બહુજ વિચારપૂર્વક થતું હોય તેમ લાગતું હતું. સવા-રમાં ચાહ પીધા પછી સ્વામીજી મઠના ઠાકુરઘરમાં ગયા અને ત્યાં આઠ વાગ્યાથી અગીઆર વાગતા સુધી સઘળાં બારીબારણાં અંદ-રથી બંધ કરીને ધ્યાનસ્થ રહ્યા.

પરમાત્મધ્યાનની એ ઉન્નત અને દિવ્ય અવસ્થા ભોગવ્યા પછી તેઓ સંપૂર્ણ ગાન અને ભક્તિથી ભજન ગાવા લાગ્યા. ભજન ગાતે ગાતે પણ તેમનો પુણ્યાત્મા પરમોત્તમ પ્રેમનીજ મસ્તી અનુભવી રહેલો જણાવા લાગ્યો.

ઠાકુરઘરમાંથી નીચે આવ્યા પછી સ્વામીજી મઠના વિશાળ ચોકમાં આમતેમ ફરવા લાગ્યા. આ વખતે તેમનું ચિત્ત કેવળ અંત-ર્મુખ થઇ રહ્યું હતું. તેમનું મન તદ્દન ઉન્નત અવસ્થાને ભોગવી રહ્યું હતું. આમતેમ ફરતાં ફરતાં મનમાં અનેક ઉચ્ચ વિચારો આવી રહ્યા હતા. વિચારોનું બળ એટલું પ્રબળ હતું કે વિચાર કરતાં મોટેથી પણ કોઇ કોઇવાર કંઇક બોલી જતા હતા. તે વખતે સ્વામી પ્રેમાનંદ નજીકમાંજ ઠાકુરઘરના ઓટલા ઉપર ઉભા હતા. વિચારમાંને વિચારમાં સ્વામીજી એટલું મોટેથી બોલતા હતા કે તેમના બધા શબ્દો સ્વામી

ઠીક ગુંચવણ અને અશાન્ત દેખાતા હતા.

આ પ્રકારે કરીને આવ્યા પછી સ્વામીજી કહેવા લાગ્યા કે તેમનું શરીર ઘણું હલકું લાગે છે. થોડીવાર વાત કર્યા પછી તે પોતાની ઓરડીમાં ગયા. ત્યાં જઈને તે ધ્યાનમાં બેઠા અને પોતાના એક શિષ્ય પાસે માળા મંગાવીને જપ કરવા લાગ્યા. લગભગ એક કલાક સુધી ધ્યાન અને જપ કર્યા પછી તેઓ જમીન ઉપર પથારીમાં સૂઈ ગયા અને પેલા શિષ્યને અંદર બોલાવીને પંખાવડે મસ્તક ઉપર વા નાખવાનું કહ્યું. હજી પણ તેમના હાથમાં માળા હતી. શિષ્યને લાગ્યું કે સ્વામીજી જરાક આરામ લેતા હશે. થોડીક વાર પછી તેમનો હાથ જરા ધ્રુજવા લાગ્યો અને સમકાલ નવ વાગ્યાને સુમારે એકદમ બેવાર દીર્ઘ શ્વાસ લઈને અનન્તાવસ્થાને પ્રાપ્ત થયા. શું થયું તે પેલો શિષ્ય સમજી શક્યો નહિ. તેણે એક વૃદ્ધ બ્રહ્મચારીને બોલાવ્યા અને તેમની પાછળ બીજા સંન્યાસીઓ પણ આવ્યા. સંન્યાસીઓએ તેમની નાડી તપાસી પણ તે બંધ પડી ગયેલી જણાઈ. તેઓ સમાધિમાં હશે એમ જાણીને શ્રીરામકૃષ્ણનું નામ તેમના કાન આગળ મોટેથી ઉચ્ચારવામાં આવ્યું. પણ કંઈપણ જણાયું નહિ પછીથી એક પ્રખ્યાત ડાક્તરને બોલાવવામાં આવ્યો અને તેણે કૃત્રિમ રીતે શ્વાસ ઉપજાવવાનો પ્રયત્ન કર્યો, પણ તે મિથ્યા ગયો. ઊર્ધ્વ થયેલા ચક્ષુને તાકી રહેવાના ભાવે તેમ સ્વામીજી હવે શરીરને ત્યજી દઈ સદાને માટે બ્રહ્મલીન થઈ ચૂક્યા હતા. આ પ્રમાણે જગતના આધ્યાત્મિક વાતાવરણમાં પોતાની શાંત પણ અતિ પ્રબળ પ્રભાને પ્રસારતો ભારતવર્ષનો આ અતિ તેજસ્વી તારો સ્થૂળભાવે હવે સદાને માટે અદૃશ્ય થઈ ગયો. એક મહા યોગી, મહા ઉપદેશક, નેતા, સ્વદેશ ભક્ત સાધુ, લેખક, વક્તા અને જનસમાજના નિઃસ્વાર્થ કાર્યકર્તા, જગતમાં આવીને પોતાનું

...ાયા તૈમજ આશ્ચર્યકારક અનુભવ અનુભવી આપીને આ
મોજણ ઉતરવા લાગ્યા. સ્વામી વિવેકાનંદનું શરીર હજી તેઓને
કોઈક સ્થિતિમાં હતું. જે સમાધિમાં એવા નિમ્ન ઉપરાંત નિર્વિ
કલ્પનો અનુભવ થયો હતો, તેમાં અમૃત જેવી નિષ્ઠતા સામે ખામ
ગી રહી હતી અને આ અલૌકિક સ્વામિજીની આત્મિક શાંત-
સંપાદન આવી રહેલી હતી, આ શુન્યતાની ચમકમાં તેમનું મન ખોઈ
ગયું હતું. આ દેખાવ જોઈને ત્યાં આવેલા ભક્તો ઉપર જે હાલ
તેની અસર થઈ રહી હતી તેનું વર્ણન થઈ શકે તેમ નથી.
સ્વામીજીના મુખારવિંદ તરફ જોઈને એક વ્યક્તિએ તો ત્યાં ને ત્યાંજ
ભારતવર્ષની સેવામાં જીવનને અર્પણ કરવાની પ્રતિજ્ઞા લીધી.

વિદ્વાન ડાક્ટરોનો અભિપ્રાય વિરુદ્ધમાં હોવા છતાં પણ ભક્ત
બાબુઓ એવી આશા રાખતા હતા કે હજી પણ સ્વામી વિવે-
કાનંદ શુદ્ધિમાં આવશે. એવી રીતે સ્વામીજીના દેહને તેમણે બીજા
દિવસના બપોર સુધી રાખી મૂક્યું. ઉપરે જ્યારે તેમની ખાત્રી થઈ
ગઈ પછી સર્વ આશા મૂકી દઈને તેઓએ અગ્નિદાહ કરવાની તૈયારી
કરવા માંડી. સર્વત્ર ધૂપ કરવામાં આવ્યો. મઠની આસપાસની જમીન
પર લોકોની મોટી ઠઠ જામી હતી. શ્રીરામકૃષ્ણ અને વિવેકાનંદના
નામનો જયઘોષ આકાશમાં ઉપરા ઉપરી ગરજી ઉઠીને પવિત્ર
ગંગાને સામે કિનારે પહોંચવા લાગ્યો અને ત્યાંના ગામ, દેવાલયો
અને ઠેઠ દક્ષિણેશ્વરના મંદિર સુધી તે સંભળાવા લાગ્યો. સર્વે લોક
હવે છેલ્લીવારના સ્વામીજીના દેહનાં દર્શન કરવા લાગ્યા.

ત્રીજા પહોરે સ્વામીજીના દેહને નીચે ઉતારીને ઓસરીમાં પધરા-
વવામાં આવ્યું. એક કપડા ઉપર પગમાં પાણી લીધા પછીથી આરતી કર-
વામાં આવી. મંત્રોચ્ચાર થઈ રહ્યો. શંખનાદ ગોવરધ ગાજી રહ્યો. ઘંટના
અવાજ સંભળાયા. સર્વત્ર પવિત્રતા અને આધ્યાત્મિકતાનું વાતાવરણ

આપવામાંજ ગાળતા. તે માત્ર ચાર કલાકજ ઉંઘતા. સવારના ચા૨ કે ચાર વાગ્યા કે તરતજ તે પથારીમાંથી ઉઠતા. મઠમાં તે વખતે સંપૂર્ણ શાંતિ પથરાઇ રહેલી જણાતી. તે વેળાએ સ્વામીજીના મુખમાંથી મીરાબાઇ, તાનસેન, નાનક કે કબીરનાં ભજનો એક પછી એક નીકળતાં અને નિદ્રાવશ થયેલા મનુષ્યોની નિદ્રાનો ભંગ થતો. પછીથી હાથમોઢું પરવારીને સ્વામીજી સ્નાન કરવાને જતા અને ત્યાંથી ઠાકુરઘરમાં જઇ ધ્યાન કરવાને બેસતા. એ પછીનો થોડો સમય તેઓ મઠના જાનવરોને પોતાને હાથેજ ખવરાવવામાં અને પંપાળવામાં ગાળતા. ગાયો, બળદ, બેસો, બકરીઓ વગેરે પ્રત્યે મનુષ્યોના જેટલુંજ હેત તે દર્શાવતા. ઝાડ, પાન, લતાદિ તરફ પણ તે બહુજ લાગણીથી જોતા અને ઘણા પ્રેમથી તેમનો સ્પર્શ કરતા. પછીથી શિષ્યોને અધ્યયન કરવાનું કાર્ય શરૂ થતું. કોઇપણ જાતના ફળ વગર સ્વામીજી તે કામ કરતા અને તેમ કરવામાં પોતે કોઈ-વાર ગુરૂ તરિકે તો કોઇવાર પિતા તરિકે અને કોઇવાર શિક્ષક તરિકે કામ કરતા. પછીથી સર્વેના ભોજનની દેખરેખ રાખતા. ઘણીવાર શિષ્યોને સાથે લઇનેજ જમતા. બપોરના સમયમાં તે સર્વેને વેદાધ્યયન કરાવતા. તે પછી તેઓ પોતાને મળવા આવનારાઓની મુલાકાત લેતા અથવા છપાવવા માટે કંઇક સાહિત્ય તૈયાર કરતા અથવા ભાષણ આપવાને કે છાપખાનામાં કંઇ છપાવવાને કલકત્તા જતા. ઉપરનાં સઘળાં કાર્યોમાં સ્વામીજી સવારના ચારથી તે રાતના આઠ વાગતા સુધી ગુંથાઇ રહેતા અને પછીથી તે શ્રીરામકૃષ્ણની પ્રતિમા આગળ ધ્યાન ધરવાને બેસતા. થોડોક આરામ લીધા પછી લગભગ અડધી રાત્રિ સુધીનો સમય વાચનમાં પસાર કરતા અને તે પછી વાચતા વાચતા પોતાની છાતી ઉપર પુસ્તક પડેલું હોય ને સુઇ ગયેલા નજરે પડતા.

ગુરુ અને ઉપદેશક તરીકે સ્વામીજીની જેટલી પ્રશંસા કરીએ તેટલી ઓછીજ છે. હિંદમાં તત્વજ્ઞાનના જે અનેક ઉપદેશકો થએલા છે અને જેમણે પોતાનાં નામ હિંદના ધાર્મિક ઇતિહાસમાં અમર કરેલાં છે તેમાં સ્વામી વિવેકાનંદ પણ અગત્યનું પદ ભોગવી રહેલા છે.

પૂજ્યપાદ ભગવાન શંકરાચાર્યનાં જગવિખ્યાત ભાષ્યોમાં અદ્ભુત સુંદર રીતે પ્રતિપાદન કરેલા આર્યતત્વજ્ઞાનના વિચારોને તેમણે આધુનિક પદ્ધતિપૂર્વક અને અદ્ભુત ખાતરીથી સમજાવ્યા છે. વળી ભગવાન શંકરાચાર્યના વજ્ર સમા અભેદ્ય અને અગમ્ય તત્વજ્ઞાનની સાથે ભૂતદયા અને લોકસેવાનાં કાર્યોની અપૂર્વ ગોઠવણી તેમણે કરેલી છે. લોકસેવાનાં કાર્યોની મહત્તા તેમણે વેદાન્તદૃષ્ટિથી સમજાવી છે. આજકાલ કેટલાક સુધારકો તરફથી પશ્ચિમનું ઉપલકિયું અનુકરણ કરીને લોકસેવા કરવામાં આવે છે. લોકસેવાનાં ખરાં તત્વો હજી તેઓ બરાબર સમજતા નથી. સ્વામીજીએ પોતાની વાણીથી, કર્મથી અને રામકૃષ્ણમિશનની સ્થાપનાથી સમાજસેવાનું ખરૂં રહસ્ય સારી પેઠે દર્શાવી આપ્યું છે. કલકત્તાનું પ્રસિદ્ધ અંગ્રેજી પત્ર કહે છે "રામકૃષ્ણ મિશનના સાધુઓનું જીવન ફાધર ડેમીઅન નામના એક સાધુના જેવું ઉત્સાહ અને ભક્તિથી પ્રેરાઇ રહેલું છે અને પોતાના આચરણથી તેઓ સંન્યાસાશ્રમને અને ભારતભૂમિને ઉજ્જ્વલ કીર્તિ પ્રાપ્ત કરાવી રહ્યા છે."

સ્વામીજીનો બોધ મનોજ્ઞ વિશાળ અને સર્વસામાન્ય હતો. ઉચ્છેદકવૃત્તિ તેમાં જણાતી નહિ. સ્વામીજી કહેતા કે "જ્યાં સુધી મનુષ્ય અમુક વિચારોને સાચા દિલથી માનતો હોય ત્યાં સુધી તેની વિરુદ્ધ એક શબ્દ પણ કહાડશો નહિ. તે મનુષ્યની માનસિક સ્થિતિને પ્રથમ ધ્યાનમાં લ્યો અને ત્યાંથીજ તેનો વિકાસ કરવા માંડો." સ્વામીજીએ દરેક ધર્મ અને પંથનો વિશાળદૃષ્ટિથી અભ્યાસ

કર્યો હતો અને તેથી તે કહેતા કે ધર્મ યા પંથની ધાર્મિક ક્રિયાઓ જે હેતુથી ચાલુ કરાયલી છે તે હેતુ લક્ષમાં રાખીનેજ કરવી જોઇએ. કદીએ સ્વામીજી કોઇ ધર્મ, પંથ કે સંતનું ભુંડું બોલ્યા નથી.

રાજા રામમોહનરાય અને બાબુ કેશવચંદ્રસેન સ્વામીજીના જેટલા વિજયી થઇ શક્યા નહિ તેનું કારણ એ હતું કે હિંદુધર્મના સિદ્ધાંતો માટે એ બંનેને સ્વામીજીના જેટલી શ્રદ્ધા અને પ્રેમ ન હોતા. રાજા રામમોહનરાયનું વલણ ખ્રિસ્તી ધર્મ તરફ વધારે હતું અને કેશવચંદ્રસેને તો હિંદુધર્મની ખામીઓ બતાવવામાંજ વધારે શક્તિ વાપરી હતી. જ્યારે સ્વામી વિવેકાનંદનો આદર્શ પ્રાચીન ભારત—ઋષિમુનિઓનો ભારતવર્ષ—હતો અને તેઓ પ્રાચીન સમયના પુરેપુરા પૂજક હતા. આર્યતત્વજ્ઞાને શીખવેલી અપૂર્વ આત્મશ્રદ્ધા તેઓ ધરાવતા હતા. તેમણે એકવાર કહ્યું હતું કે "મનુષ્ય મનુષ્ય વચ્ચે જે ભેદ જણાય છે તે ભેદ આ શ્રદ્ધાનોજ છે, બીજો નહિ જે વડે એક મનુષ્ય મોટો થાય છે અને બીજો નિર્બળ અને અધમ રહે છે, તે આ શ્રદ્ધાજ છે. મારા ગુરૂ કહેતા હતા કે 'જે પોતાને નિર્બળ ધારે છે તે નિર્બળજ રહે છે' અને તે ખરૂં છે. આ આત્મશ્રદ્ધાએ તમારામાં ઉંડો વાસ કરવો જોઇએ."

બીજું કારણ એ છે કે જ્યારે મનુષ્ય પવિત્ર જીવન ગાળે છે, ઉંચા આદર્શોથી પ્રેરાયલો હોય છે અને આત્મસાક્ષાત્કારને પામી ચૂકેલો હોય છે ત્યારેજ તે બીજાનો ગુરૂ થઇ શકે છે. તે સિવાય તેનો બોધ, ગમે તેટલી વિદ્વત્તા અને બોલવાની છટા હોય તોપણ ઉંડી અને સ્થાયી અસર નીપજાવી શકતો નથી. શ્રીરામકૃષ્ણ કહેતા કે "પોલીસનો ફક્ત એકજ માણસ સહેલાઇથી તોફાનને અટકાવી શકે છે. શા માટે? કારણ કે તેની સત્તા સરકારની સત્તા સાથે જોડાઇ

જોયો હોય છે. તેવીજ રીતે ઉપદેશકે પણ પ્રથમ પરમાત્મ સાક્ષાત્કાર કરીને તેની અનુપમ સત્તા-સ્ફૂર્તિ સાથે પોતાનું જોડાણ અવશ્ય કરવું જોઇએ અને તેમ થતાં સુધી ઉપદેશ કરવા ન મંડી પડતાં આંતરિક અભ્યાસ અને કોશેષ પાછળજ તેણે મંડયા રહેવું જોઇએ." પરમાત્મ સાક્ષાત્કાર પામેલો મનુષ્ય કૃતકૃત્ય બની તેની પ્રજ્ઞા-બુદ્ધિ "ઋતંભરા" થઇ રહે છે અને તેના મન તેમજ વાણીમાં એક પ્રકારનું અસામાન્ય બળ આવી રહે છે. શ્રીરામકૃષ્ણ પરમહંસ આવો આત્મસાક્ષાત્કાર પામેલા હોઇ સ્વામી વિવેકાનંદજી પણ જીવનવડે જ્યોત પ્રકટી રહે તેમ તેમના ઉપદેશથી અને પોતાની સાધનાના બળથી યોગ્યતા મેળવીને તે સાક્ષાત્કારને પામી ચૂક્યા હતા; તેથીજ તેઓ અંગ્રેજો અને અમેરિકનોના હૃદયમાં વેદાંતનાં ઉચ્ચ ધાર્મિક સત્યો આવાર કરાવીને તેને માટે અસાધારણ માન ઉપજાવવાને ભાગ્યશાળી નિવડયા હતા. એક પ્રખ્યાત પુરુષે એકવાર કહ્યું છે કે "ભૌતિકવિજ્ઞાનની શોધો અને પ્રયોગોની તેમજ અવલોકન શક્તિ કે બુદ્ધિની મહત્તાને હું ઉતારી પાડવા માગતો નથી; પરંતુ એ સર્વ વડે પણ જ્ઞાન તો આપણને માત્ર બાહ્ય તત્વોનુંજ થાય છે. આપણી ઇંદ્રિયો, મન તેમજ બુદ્ધિ કરતાં પણ વધારે ઉંડાણમાં રહેલાં સત્યોને અનુભવવા માટે તો આપણે એ સર્વથી અતીતજ થવું પડે છે. જગતને ઉપયોગી થાય એવાં જે અનેક વ્યાવહારિક સત્યો બુદ્ધિવડે શોધી શકાય છે, તે તો એ ઉંડાં સત્યોની આગળ ઘણાંજ ગૌણ અને ઉતરતાં છે. કુદરતમાં અંતર્ભૂત થઇ રહેલાં-માનવના અંતરાત્માના ઉંડાણમાં વસી રહેલાં-અતિ ઉત્તમ સત્યોને તો જેઓ બીજી સર્વ બાબતો મૂકી દઇને એ સત્યોને શોધવા પાછળજ ગાંડા બની રહે છે તેઓજ શોધી અને અનુભવી શકે છે." આવી આત્મવિકાસની અતિ ઉચ્ચ દશાએ શ્રીરામકૃષ્ણ પરમહંસ પહોંચેલા

હતા. આવા મહાન ગુરૂના પવિત્ર ચરણ આગળ બેસીને સ્વામીજીએ વેદાન્તના ગહન સત્યોને જાણ્યાં હતાં તેમજ અનેક પ્રકારનાં સાધન કરીને પરમાત્મ સાક્ષાત્કાર કર્યો હતો. આમ થયા પછીજ તેઓ ઉપદેશક બન્યા હતા. જ્યારે કેશવચંદ્રસેન તો પ્રથમ ઉપદેશક તરિકે યુરોપમાં ફરી આવ્યા પછીજ શ્રીરામકૃષ્ણ પાસેથી એ સત્યોને શિખવાને ભાગ્યશાળી થયા હતા.

ખરેખર, આ જગતમાં પરમાત્મ સાક્ષાત્કાર પામેલા ગુરૂઓ-પોતાના આત્મા વડે બીજાના આત્મામાં પ્રકાશ નાખનાર મહાપુરૂષો-લાખો કરોડોમાં કોઇકજ હોય છે. આવા ગુરૂ અને શિષ્યોનો સંબંધ મિષ્ટ, મૃદુ અને આનંદમયજ હોય છે. એક તરફથી પૂજ્યભાવ અને સેવાભાવથી તેમજ જ્ઞાન પિપાસાથી શિષ્ય ગુરૂના અપૂર્વ જ્ઞાનનું પાન કરી રહ્યો હોય છે અને બીજી તરફથી સાચા મનની તુચ્છ-સ્થૂળ બાહ્ય સેવા અને પૂજ્યભાવથી ગુરૂદેવનું મહા પ્રભાવશાળી અને કોઇ તરફ પણ પક્ષપાત વગરનું હૃદય અગ્નિથી બરફ ઓગળે તેમ કુદરતી રીતેજ ગળી ગળીને શિષ્યના અધિકારી હૃદયને અમૃતમય બનાવી રહ્યું હોય છે. તે વગર માગ્યે પણ સદાય કંઇ ને કંઇ શિષ્યને આપ્યાજ કરે છે અને કોઇપણ પ્રકારે તેનો બદલો ઇચ્છતા નથી. ભગવાન રામકૃષ્ણની પેઠે સ્વામી વિવેકાનંદ પણ આ પ્રકારના સર્વોત્તમ ગુરૂ હતા. પોતાના અસંખ્ય શિષ્યોને માટે સ્વામીજીને જે પ્રેમ હતો તેનું વર્ણન કરવું અશક્ય છે. તેઓ ગરિબ હોય કે તવંગર, ઉચ્ચ કે નીચ હોય, પંડિત કે મૂર્ખ હોય, યુવાન કે વૃદ્ધ હોય, સ્ત્રી કે પુરૂષ હોય, હિંદુ, મુસલમાન, અંગ્રેજ કે અમેરિકન હોય, પણ સ્વામીજી કોઇ તરફ લગારે ભેદભાવ રાખતા નહિ. ઉલટો તેમનો પક્ષપાત ગરિબ અને દુઃખી તરફ વધારે રહેતો. ગમે તેવા અકળામણના પ્રસંગમાં પણ સ્વામીજી કોઇને આકરો શબ્દ કહેતા નહિ. તેઓ વારંવાર

કહેતા કે "હાથીના દાંત અને બોલાયલા શબ્દો પાછા મોઢામાં પેસતા નથી." તેઓ ઘણુંજ ધાર્મિક ભાવથી બોલતા કે "મારી પાસે જે કંઈ એકમાં એક વસ્તુ હશે તે હું તમને અવશ્ય આપી દઈશ. મેં જે કાંઈ આધ્યાત્મિક અનુભવ પ્રાપ્ત કર્યો હશે તે તમારોજ છે."

પવિત્ર બેલુર મઠમાં જગતના જુદા જુદા ભાગોમાંથી જે લોકો આવીને સ્વામીજીની સંનિધિમાં દિવસના દિવસ ગાળતા તે તેમને કમારની માફકજ જણાઈ રહેતા. તે જે કંઈ બોલતા એ અત્યંત ભાવથી અને અંતઃકરણપૂર્વકજ બોલતા. દંભ તેમને જરાએ ગમતો નહિ. નિકટતાએ તો તેમનામાં સાક્ષાતજ વાસ કરેલો હતો. તેમણે જે કાંઈ કહેવું ધાર્યું હોય તે નિઃસ્પૃહપણેજ કહી દેતા અને પરિણામની કદીજ પરવા કરતા નહિ. ન્યાત, જાત કે ધર્મનો ભેદ રાખ્યા વગર સર્વે તરફ તે સમાન પ્રીતિ દર્શાવતા. નિવેદિતા લખે છે કે "યુનાઇટેડ સ્ટેટ્સમાં કોઈવાર અજાણ્યા લોકો તેમને હબસી તરીકે ધારતા અને પોતાના બારણા આગળથી કાઢી મૂકતા. એ ભૂલ પાછળથી જાણ્યા પછી અવશ્ય સુધારવાને આવતા અને આબરૂદાર કુટુંબો તેમને બહુજ આદરસત્કારથી વધાવી લેતા. તે વખતે સ્વામીજી હબસી નહિ હોવાનું મુખેથી બોલતા નહિ. એવું મૌન ધરવાનું કારણ પૂછવામાં આવતું ત્યારે તે કહેતા કે "શું એમ કહેવાથી મારા હબસી ભાઈઓનો મેં તિરસ્કાર કર્યો એમ નથી ઠરતું?"

સ્વામી વિવેકાનંદના કલ્યાણકારક પ્રવૃત્તિઓ વિષે જેટલું કહીએ તેટલું ઓછુંજ છે. તેમની વિરુદ્ધ મત ધરાવનારા હિંદુઓ અને ખ્રિસ્તીઓએ પણ એ બાબતમાં તેમને માટે પ્રશંસાના ઉદ્ગારો કહાડેલા છે.

એમની અગાઉ કોઈપણ મનુષ્યે પૂર્વ અને પશ્ચિમનો મેળાપ કરાવ્યો નથી. એ કઠિન કાર્યને સ્વામી વિવેકાનંદે સાધ્યું છે. સ્વામીજી અમેરિકામાં લગભગ ત્રણેક વર્ષ રહ્યા અને તે પણ અહીં ...

પ્રાચીન ભારતનો અતિ ઉજ્જ્વળ અને યશસ્વી ઇતિહાસ સ્વામી વિવેકાનંદની નજરે તેના ખરા સ્વરૂપમાં ખડો થવા લાગ્યો. જાણે કે કોઇ પ્રત્યક્ષ પદાર્થ હોય તેમજ તેને તે પોતાની દૃષ્ટિ આગળ જોવા લાગ્યા. એક હાલતા ચાલતા પૂતળાની માફક પ્રાચીન ભારત તેમની દૃષ્ટિ આગળ ખડું થવા લાગ્યું. તે દશામાં સ્વામીજી વીરરસ, કરૂણારસ અને આધ્યાત્મિકતાના અતિ પવિત્ર ચિત્રો નિહાળવા લાગ્યા. ભારતજ સકળ ધર્મની જનની છે અને તેથી સમસ્ત જગતનું ગુરૂ પદ તેનેજ લેવાનું છે એમ તેમનો નિશ્ચય થયો અને એ નિશ્ચયથી તેમની સ્વમાનની લાગણી અને સ્વદેશપ્રીતિ જાગૃત થઇ રહ્યાં. તેથી કરીને એમજ કહેવું પડે છે કે સ્વામીજીની સ્વદેશપ્રીતિ રાજસિક કે તામસિક ન હોતી. તેમનું સ્વદેશાભિમાન રાજદ્વારી પુરૂષોના સ્વદેશાભિમાન જેવું ન હોતું. તે કેવળ માતૃભૂમિની આધ્યાત્મિક શ્રેષ્ઠતાનું ભાન અને તેથી ઉપજતી અટલ ભક્તિ રૂપજ હતું.

સ્વામીજી ભારતવર્ષને પુણ્યભૂમિ ગણતા, તેથી તેને તે પૂજતા. તેને તે દયા, ક્ષમા અને સંયમનું સ્થાન લેખતા અને તેથી તે તેના તરફ પ્રેમથી જોતા. તે તેને આધ્યાત્મિકતાનું પારણું માનતા અને તેથી એના તરફ અત્યન્તમાન રાખતા. એમની એ ભક્તિ, પ્રીતિ અને પ્રેમ પાશ્ચાત્ય પ્રદેશોનું બારીક અવલોકન કર્યા પછી વધારે દૃઢ અને તીવ્ર બની રહ્યાં હતાં.

કોલંબોમાં આવ્યા પછી તમણે એક જાહેર ભાષણમાં કહેલું છે કે "આજે હું અહીંઆં સત્યની ખાતર કહીને કબુલ કરું છું અને માનું છું કે જગતમાં જો કોઇ પણ ભૂમિ પુણ્યભૂમિ હોવાનો દાવો ધરાવી શકતી હોય તો તે આ ભારતભૂમિજ છે. પ્રત્યેક પ્રયાણ કરનારે મનુષ્યાત્માએ જે ભૂમિમાં આવ્યા વગર ચાલે તેમજ નથી જે ભૂમિમાં દયા, ક્ષમા, શાન્તિ અને પરોપકાર પરાકાષ્ઠાએ

"તેઓ સ્વદેશ પ્રીતિ વિષે વાતો કરે છે. હું પણ સ્વદેશ પ્રીતિમાં માનું છું અને તે સંબંધી મારો પોતાનો પણ આદર્શ છે. પ્રથમ તો હૃદયમાં દેશની દશા પ્રત્યે લાગણી પ્રકટાવો અને તે પ્રકટી એટલે પછી બીજો આપજ પ્રેરણા થશે. પ્રેમ ઉઘાડે નહિ તેવા દરવાજાઓને પણ ઉઘાડે છે. પ્રેમજ વિશ્વના સર્વ ગુપ્ત ભેદોનું દ્વાર છે. માટે હે ભવિષ્યમાં થનારા સુધારકો! ભવિષ્યમાં થનારા સ્વદેશ ભક્તો! લાગણી ધરાવો. તમને લાગણી છે? તમને લાગણી થાય છે કે દેવો અને ઋષિઓના લાખો વંશજો આજે લગભગ જંગલી જેવા બની રહેલા છે? તમને લાગણી થાય છે કે હજારો સ્ત્રી પુરૂષો અને વૃદ્ધ તથા બાળકો આજે ભુખે મરી રહેલા છે અને વર્ષોનાં વર્ષોથી તે ભુખેજ મરતા આવ્યા છે? તમને લાગણી થાય છે કે એક કાળા વાદળાની માફક અજ્ઞાન દેશ ઉપર ફરી વળેલું છે? એ વાદળને જોઇને તમે તેથી ઉપર થઇ જાઓ છો? એ જોઇને તમારી નિદ્રા ઉડી જાય છે? એ દશ્યની અસર તમારા લોહીમાં અને તમારી નસોમાં પ્રવેશ કરી રહેલી છે? તમારા હૃદયના ધબકારા સાથે તે એક રસ રહેલી છે? તેનાથી તમે ગાંડા જેવા બની રહેલા છો? ફક્ત એક એ દુઃખનો વિચાર તમારા મગજમાં ઘુમી રહેલો છે અને તે વિચારથી તમે તમારું નામ, કીર્તિ, સગાંવહાલાં, માલ મિલકત અને તમારા દેહને પણ ભુલી ગયા છો? તમે તેમ કર્યું છે? સ્વદેશભક્તિનું એ તો હજી પહેલુંજ પગથીયું છે. તમે બધા સમજો છો તેમ હું ધર્મ પરિષદને માટેજ અમેરિકા ગયો નહોતો, પણ આવી પ્રબળ લાગણી મારા હૃદયમાં હતી અને હું બાર વર્ષ સુધી આખા હિંદમાં ફર્યો, પણ મને મારા દેશીભાઇઓ માટે કાર્ય કરવાનો રસ્તો જડ્યો નહિ. તેથીજ હું અમેરિકા ગયો. તે વખતે જેઓ મને ઓળખતા હતા તે આ વાતને જાણે છેજ. અમેરિકાની ધર્મપરિષદને માટે

કોને દરકાર હતી ? અહીં હિંદમાં માત્ર અસંખ્ય શરીરો કે જે દુઃખમાં દટાતાં હતાં તેમની સંભાળ કોણ લેતું હતું ? એ માટે સ્વદેશ કાર્ય માટે પહેલું પગલું હતું."

અમેરિકા ગયા પછી સ્વામીજીએ હિંદમાં પોતાનાં શિષ્યો ઉપર જે અનેક પત્રો લખેલા છે તેમનાં એકાદ એનો સાર અહીં [illegible] એ પરે સ્વામીજીનું વિશાળ હૃદય ગરીબો તરફની લાગણી અને આત્મશ્રદ્ધાના ઉત્તમ વિચાર આપણને આપે છે. એક પત્રમાં સ્વામીજીએ લખ્યું હતું કે —

"પવિત્રતાના [illegible] વેગવાન પ્રભુમાં અત્યંત શ્રદ્ધાળુ અને ગરીબ [illegible] અને [illegible] પતિત અને પાદાક્રાન્ત મનુષ્યોને માટે દયાની [illegible] [illegible] ને [illegible] કરી રહેલા એક લાખ સ્ત્રીપુરુષો [illegible] છેક સુધી વિચરતું બોધ અને [illegible] મુક્તિ [illegible] ઉગારવા અને સમાનતાનો બોધ આપવા જોઈએ.

નિરાશ થશો નહિ [illegible] એક મારા પુત્રો, એ કાર્યને માટે પરમેશ્વરે મને નિર્મેલો છે. હું આખી જીંદગી વિપત્તિ અને દુઃખમાંજ ઘસડાયો છું. મેં [illegible] અને સગાં વહાલાંઓને પણ [illegible] સુખમરણથી મરતાં જોયાં છે અને દગા અને [illegible] [illegible] કરતા મનુષ્યને માટે દયાની લાગણી ધરાવવાને લીધે પણ એને નિર્મળ [illegible] મારી મશ્કરી થએલી છે. મારામાં અવિશ્વાસ [illegible] છે અને મેં ઘણું સહન કરેલું છે પણ મારા પુત્રો! આ દુઃખ તે જેમ આ જગત વિપત્તિની શાળા છે તેમજ [illegible] [illegible] અને પાપમગ્નોને માટે દયા, ધૈર્ય અને અવિચળ [illegible] [illegible] કે નહિ એવા આત્મા અને મનનો વિકાસ કરવાને પણ શાળા છે."

"ભગવાન બુદ્ધો ઉપર વિશ્વાસ રાખીશ નહિ. તેમનું અજ્ઞાન
દૂરનું નથી ધૂળવત્ છે. અને આવા કેટલાક બોધિસત્ત્વો, અર્હત્, પણ
નિર્વાણવાળા મનુષ્યોમાંજ છે. સદ્ધર્મ સદા રાખો; મુક્તિનું કામ નથી.
પ્રાણિઓને માટે સામગ્રી પ્રચંડ અને સહાય માટે આવું અમારૂં
(બુદ્ધત્વની ઇચ્છા) નહિ, તેમની ઉપર (પ્રેમ વગર) જ મુક્તિ
તે આપવા થવા રહીશ નહિ. મારા હૃદય ઉપર એ સ્થાને ઉપાડીને
અને મારા મનમાં એજ વિચાર રાખીને આજ વર્ષ સુધી હું રહીં
છું. હું ભગવાન અને બોધ કરવાના મનુષ્યોને પૈર ધૈર્ય બેઠો છું. પણ
તેમણે મારૂં કંઈ સાંભળ્યું નથી. પ્રાણિઓને માટે સહાય મેળવવાને
હું કેટલીક ઉત્તમ કાર્ય અહીંથી સુધી લોકોમાંને આ પરોઢની
ભૂમિમાં આવેલો છું. પણ સમજું છું કે હું જાણું છું કે તે મને સહાય
કરે. હવે આ મૃત્યુ કરવા કે છતાંયે હું મરી જાઉં, પણ
મુક્તાત્મા તું તમને પરસ્પરમાં મારી આ દયાની સામગ્રી—આ અર્હત્,
અશક્ત અને દુઃખી માણસની વાત મોકલું છું. ઉમજુ.જ. આ સર્વોત્તમ
પારમિતાથી બોધિસત્ત્વના અધિકાર તમે ભવ્યો અને એ લોકના અર્હત્
અને નાશ ભોગવનારાઓના મિત્ર ને અમલ ગુરુને પણ આસથી
જેઓ હતા અને જેઓ બુદ્ધાવતારના ભગવાનોના આમંત્રણને માનુષે
જુદી એક વેશમાં આમંત્રણ પ્રથમ સ્વીકારીને તેને વારી હતી, તે
પ્રભુની આગળ તમારૂં શિર નમાવો અને જેમણે અર્હત્, અધમ અને
દુઃખીઓને માટે વારંવાર અવતાર લીધેલો છે, તેમને માટે
તમારા આખા જીવનનું બલિદાન આપો. આ જોસ કરો. પ્રાણિઓની
મુક્તિને માટે તમારા આખા જીવનને સમર્પણ કરવાનું વ્રત લ્યો."

"એ કાર્ય એક દિવસનું નથી અને તેનો માર્ગ પણ અનેક
કંટકોથી ભરેલો છે, પણ એની સાથે પારમિતાઓ—બોધિનાં આપણા
સારથિ થવાને તૈયાર છે; તે આપણે જાણીએ છીએ. તેમના

નામમાં અને તેમનામાં અડગ શ્રદ્ધા રાખીને હિંદ ઉપર હુમલો [illegible] રદ્બદલમાંથી [illegible] જશે એ ખાતું મોટું કાર્ય છે અને [illegible] પણ આપણી જાતિના [illegible] [illegible] સનાતન [illegible] અનુભૂતિ, તીવ્ર શ્રદ્ધા [illegible] નથી [illegible] નહીં, [illegible]

[illegible] અમેરિકા [illegible]

[illegible] સ્વામીજીએ [illegible]

ાર્ગ શોધી લેવાને સંપૂર્ણ આત્મશ્રદ્ધાથી અને નવીન બળથી વહેતો રહેલ એજ તેમના સંન્યાસનો મર્મ હતો. તેમનું મન હિંદ આર્યત્વથી ભરપુર હતું. હિંદના યુવાનો આધુનિક મોજશોખના પ્રયોગો પસંદ કરે. શું તેમને તે કરવાનો હક નથી ? શું તેમનું મન પાછું ફરશે નહિ ? હિંદનું ખરૂં જીવન નૈતિક, ભવ્ય અને આધ્યાત્મિક છે. જે પ્રજા પવિત્ર ગંગાને કિનારે મૃત્યુને ભેટે છે તે યાંત્રિક શક્તિઓના ભપકાથી લાંબા વખત સુધી અંજાયલી રહેવાની નથી. ”

“ બુદ્ધે સંન્યાસનો બોધ કર્યો અને એ સૈકામાંજ હિંદ એક સંપૂર્ણ મહારાજ્ય બની રહ્યું. એકવાર ફરીથી એ શક્તિને અને એ સંન્યાસને તેની નસોમાં વ્યાપી રહેવા દો અને તેની નવીન જાગૃત થએલી આધ્યાત્મિક શક્તિ આગળ પૃથ્વી ઉપરની સત્તા ટકી શકશે નહિ. ફક્ત પોતાના ખરા જીવનમાંજ હિંદને જીવન જડશે; અને અનુકરણમાં નહિજ. પોતાના પ્રાચીન સભ્ય અને સ્થિતિના ભાનથીજ ભારતવર્ષ પ્રેરિત થશે અને નહિ કે પરદેશીઓથી. ”

સ્વામીજીને મન ભારતવર્ષની દરેક વસ્તુ પવિત્ર લાગતી. તેમની દૃષ્ટિએ તેમાં ઉંડો અર્થ સમાઇ રહેલો લાગતો. મૂર્તિપૂજા, વીરપૂજા અને પ્રકૃતિપૂજાને ઘણી યુક્તિ, તર્ક અને ઉંડા જ્ઞાનવડે તે સમજાવતા અને તેમના ઉપર નવોજ પ્રકાશ પાડતા. એકવાર પ્રકૃતિપૂજા વિષે બોલતાં તેમણે કહ્યું હતું કેઃ—

“ હું પોતે તેજ કરૂં છું. તમે જોતા નથી કે એ જડ પદાર્થની પૂજા નથી ? તમારાં હૃદય પણ જેવાં કઠણ થઇ ગએલાં છે અને તેથી તમે જોઇ શકતા નથી કે ભાગ્ય ખુદજ કરે છે. ભાગ્ય સર્વત્ર જાગૃત જ્યોતિજ છુએ છે. જ્ઞાનને લીધે આપણામાંથી આજની તે દૃષ્ટિ ખસી જાય છે, પણ આપણે ઉચ્ચ જ્ઞાનને પ્રાપ્ત કરીને

જે અસંખ્ય સ્વદેશીઓને પોતાનાંજ શરીરો ગણે છે, જે તેમનાજ સુખે સુખી છે અને તેમના દુઃખે દુઃખી છે, જે ભારતવર્ષમાં જન્મ લીધાથી મનમાં ગર્વ ધરે છે, જે સ્વદેશના પ્રાચીન ઇતિહાસમાં નિમગ્ન થયેલો છે, જેને તેની વર્તમાન અને ભાવી દશામાં સંપૂર્ણ વિશ્વાસ છે, જે સ્વદેશને માટે નિડર અને હિંમતવાન બની રહેલો છે, જે પોતાના બાપદાદાની પ્રાચીન ભાવનાઓનો પ્રચાર કરવાને સદાયે તત્પર છે, જેને મન તેનો દેશ તેનો પ્રભુ છે અને જે સદાયે પોતાના હૃદયમાં "હિંદ! હિંદ! હિંદ!" એમ જપને જપી રહેલો છે."

આ ઉપરથી સર્વેને સમજાશે કે સ્વામી વિવેકાનંદ એક પ્રભુ-પ્રેરિત આધુનિક હિંદના સ્વદેશભક્ત સાધુ હતા. તે હિંદના અંતરાત્માનું શુદ્ધ સ્વરૂપ ભારતવાસીઓને—જગતને સમજાવી રહ્યા હતા. પ્રાચીન ભારતનો મહિમા તે આધુનિક પ્રજાઓ આગળ ધરી રહ્યા હતા. તેમ સ્વપ્નામાં તે હિંદની ભાવી દશાની રૂપરેખા આંકી રહ્યા હતા. એક દિવસ અવશ્ય એવો આવશે કે જ્યારે ભારતવર્ષ ઉન્નતિને શિખરે પહોંચશે અને આખા જગતને ધાર્મિક બનાવી મૂકશે. એવી એ સ્વદેશભક્તના હૃદયમાં દૃઢ શ્રદ્ધા હતી. એ શ્રદ્ધાથીજ તે પોતાનું અખિલ જીવન એ કાર્યમાં સમર્પણ કરી રહ્યા હતા અને જગતની સઘળી પ્રજાઓમાં પ્રેમ, જ્ઞાન, શાંતિ અને પરસ્પર સ્નેહ વધારનારા દેવદૂત તરીકે વિચરી રહ્યા હતા.

દક્ષિણેશ્વરમાં શ્રીરામકૃષ્ણની સંનિધિમાં આધ્યાત્મિક અનુભવોને અનુભવ્યા પછી સ્વામી વિવેકાનંદ અખિલ ભારતવર્ષમાં પ્રવાસ કરવાને માટે નીકળી પડયા હતા, પણ તેમનો પ્રવાસ અમેરિકન કે અંગ્રેજ મુસાફર જેવો ન હોતો. શ્રીમદ્ ભર્તૃહરિએ કહ્યું છે કે, શય્યા સુમિતલ્પં ક્વચિદપિ વસનં શાકાહારં ભોજનમ્ એવીજ રીતે પ્રવાસ કરીને તેમણે ભારતવર્ષના નગર, ગામ, શેરી અને ઝુંપડાંઓમાં પ્રવેશ કરીને હિંદુ

જીવન નિહાળ્યું હતું, કે જે ભારતવર્ષમાં એકવાર અનંત સુખ-સમૃદ્ધિ વાસ કરી રહ્યાં હતાં ત્યાં આજે દુઃખ, દૈન્ય અને નિરાશા વ્યાપી રહેલાં છે. તેમને સર્વત્ર અજ્ઞાન અને દ્વેષ પ્રવર્તેલા જણાયા. કોઈ કોઈ ઠેકાણે પ્લેગ, કોલેરા, દુકાળ અને જ્વરાદિ વ્યાધિઓ પ્રસરી રહેલા તેમણે જોયા. ભારતવાસીઓની આ દુર્દશા જોઈને અનેક આંસુઓથી તેમનું હૃદય ઉભરાઈ ગયું. તેમણે ભારતવર્ષના પ્રાચીન સભ્ય તથા રીતિ રિવાજો અને કિમ્મતી પ્રાચીન ભાવનાઓનો સજીવન કરવાની આવશ્યકતા અને શક્યતા તેમને સમજાઈ. તેમને સમજાયું કે,— 'જો કે સૈકાને સૈકા સુધી થયેલા હુમલાઓથી અને ભારતવાસીઓની બેદરકારી અજ્ઞાન તથા ક્રૂરપણાથી તેના અનેક કીર્તિસ્તંભો, સ્થાનો વગેરે નષ્ટ થઈ ગયેલાં છે, તોપણ તેનું ભવ્ય કાયા-પાયા હજી ટકી રહેલા છે. જે આધ્યાત્મિક પાયા ઉપર હિંદના અદ્ભુત કીર્તિસ્તંભો પ્રભુને હેતે અને અખિલ વિશ્વને પ્રેમના સ્મારકરૂપે ઉભા કરવામાં આવેલા છે, તે તો હજી પણ તેઓને તેવાજ અખંડ છે."

ત્યારે વર્તમાન કાર્ય શું? સ્વામીજીએ તેનું કારણ ખોળી કાઢ્યું [illegible] પ્રયાસ કર્યો. તેમની [illegible] કે [illegible] છે - હિંદની દુર્દશા તેના [illegible] ધર્મને લીધે થયેલી નથી, પણ ધર્મના [illegible] [illegible] [illegible] છે. તેમનું કહેવું કે [illegible] [illegible] તેમને [illegible], [illegible], [illegible] અને [illegible] [illegible] [illegible] અને [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] છે. [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] તે [illegible] [illegible] છે. [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

સ્વરૂપ, ધૈર્ય અને સહનશીલતાની સંપૂર્ણ અવતાર—સીતા; આદર્શ રાજા શ્રીરામચંદ્ર; આદર્શ સેવક અને કાર્ય કર્તા મહાવીર હનુમાન; વીરપુરૂષ દાનેશ્વરી કર્ણ; અડગટેકી, સંત અને વીર ભીષ્મ પિતામહ; આદર્શ બાળક, આદર્શ યોગી, આદર્શ સારથિ અને આદર્શ જ્ઞાની શ્રીકૃષ્ણ; યોગીઓના યોગી, ત્યાગી, વૈરાગ, લોકહિતાર્થે વિષનું પણ પાન કરી જનાર અને મહાસમર્થ જ્ઞાની શ્રીમહાદેવ; કેવા અદ્ભુત ચારિત્ર્ય! કેવા ભવ્ય વિચાર! આમ છતાં તેમને આ વાત પણ સમજાઇ કે અત્યારે તો હિંદુસમાજમાં ધર્મ કેવળ શુષ્ક, નિર્જીવ આચારક્રિયાઓ અને રિવાજોમાંજ તેમજ માત્ર રસોડામાં અને આભડછેટમાંજ આવી રહેલો છે. તેથીજ તેના પાલનમાં વિચારને બીલકુલ અવકાશ રહેલો નથી.

સ્વામીજી પશ્ચિમમાં ગયા અને ત્યાંની સંસ્કૃતિને નિહાળી. તેમણે તે સંસ્કૃતિને કેવળ જડવાદથીજ ભરેલી એમ માની નહિ, પણ તેઓના પુરૂષાર્થ, કાર્યપરાયણતા, સાહસિકતા, સામાજીક સ્વાતંત્ર્ય અને નાગરિક તરીકેના આદર્શ જોઇને તેનાં ભારે વખાણ કરવા લાગ્યા. તેમણે લખ્યું છે કે:—

" આર્થિક કંગાલિની વિરૂદ્ધ આપણે મુખેથી બોલીએ છીએ અને ના મળે એટલે ભિખારીની માફક કામને ખાટી કહીએ છીએ. ધારો કે આર્થિક સુધારો ખોટો છે, તોપણ હિંદમાં અત્યારે ખરેખરા ધાર્મિક પુરૂષો કેટલા છે ? બહુ તો દશ એક લાખ! હવે શું આ લાખ મનુષ્યોની ધાર્મિકતાને માટે ત્રીસ કરોડ મનુષ્યોએ અજ્ઞાન અને ભુખમરો વેઠવો ? શા માટે એક પણ ભુખે મરે ? "

સ્વામીજીનું વારંવાર ધારવું એવુંજ હતું કે જો કદાપિ ભારતવર્ષનો ઉદય થશે તો તે ધર્મદ્વારેજ થશે. તેમણે કહેલું છે કે " સઘળા સુધારા ધર્મદ્વારાજ આવવા જોઇએ. આર્થિક સુધારો, સામાજિક

સુધારો અને [illegible] સુધારો."

આ પ્રમાણે [illegible] વ્યક્તિઓએ સર્વ વસ્તુઓમાંથી ધર્મને જ વધારે [illegible] ઉત્તમ છે. છતાં ધારો કે તે [illegible] કરવામાં આવેલી હોવાથી અને હવે [illegible] ફરીથી તો ધર્મનું જ [illegible] તેની અધમ સ્થિતિમાં આવી પડવા [illegible] ધાર્મિક અને [illegible] સીતારામ, [illegible] અને [illegible] બની જાય છે [illegible] છે અને પ્રેમ [illegible] હિંદુ પ્રજા [illegible] શ્રદ્ધા અને [illegible] ધર્મને નવીન રીતે [illegible] તેમનું વેદાન્ત, [illegible] વિચાર [illegible] એમ સ્વામીજી [illegible] અનુભવવાળા [illegible] તેમનું વેદાન્ત [illegible] અને ભાવી બુદ્ધિવિજ્ઞાન [illegible] તે [illegible] રહેલું ન હોતું, ન [illegible] સિદ્ધાંત તેને પ્રકટ કર્યું હતું. સર્વ ધર્મ, જ્ઞાન, [illegible] અને [illegible] દશા ભિન્ન ભિન્ન બુદ્ધિવાળા મનુષ્યોને [illegible] સમન્વય [illegible] વિચાર [illegible] હતું [illegible] કે [illegible] સિદ્ધાંત તેમ જ [illegible] નહિ [illegible]

આત્મા–બોધ એજ તેનું મુખ્ય લક્ષણ હતું. જુદા જુદા પંથના, ભિન્ન ભિન્ન સ્વભાવનાં અને ભિન્ન ભિન્ન વિચારવાળાં મનુષ્યોને તે જ્ઞાન પૂરું પાડતું. સ્વામીજી કહેતા કે "વેદાન્ત ધર્મ તરીકે સાર્થ થવાને માટે પણ જ વ્યાવહારિક હોવું જોઇએ. આપણે તેને આપણા જીવનના દરેક દરેક અંગમાં ઉતારવાને શક્તિમાન થવું જોઇએ. વેદાન્તજ્ઞાન ઉપરની ઘણીજ સુંદર ટીકારૂપ ભગવદ્‌ગીતા ઉપદેશવા માટે પણ શ્રીકૃષ્ણે યુદ્ધસ્થળને પસંદ કર્યું છે. ગીતાના દરેક પૃષ્ઠમાં જે મુખ્ય બોધ પ્રકાશી રહેલો છે તે અત્યંત પ્રવૃત્તિ વિવેનો છે, પણ તે પ્રવૃત્તિમાં પૂર્ણ નિષ્કામતા અને ધીરજ રાખવાની છે. આ સિદ્ધાંતજ આપણી પ્રકૃતિને રસ પડે તેવી રીતે ઉપયોગમાં લઇને તેમજ ખીલવીને મોક્ષપદ પામવાની કુંચી છે. એ કુંચી સર્વને પ્રાપ્ત કરાવવી એજ વેદાન્તનું લક્ષ્ય છે. સર્વ એક ઉન્નતિની અદ્દભુત ચાવીરૂપ આ સિદ્ધાંતો જંગલમાં કે ગુફાઓમાં રહેવા જોઇએ, એટલુંજ નહિ પણ તે બહાર આવવા જોઇએ; તે ન્યાયની અદાલતોમાં, દેવળોમાં, ગરીબના ઝુંપડામાં, વિદ્યાર્થીઓમાં, કારીગરોમાં, મજુરોમાં, માછીઓમાં અને સર્વમાં પ્રસરવા જોઇએ."

ભારતવર્ષના આત્મામાં આ વેદાન્ત ઉંડું પેસેલું રહેલું છતાં પાશ્ચાત્ય સંસ્કૃતિના મોહથી અત્યારે તે પોતાના શુદ્ધ સ્વરૂપને બહુજ ભૂલી ગએલું છે. તેને પોતાના શુદ્ધ સ્વરૂપનું ભાન કરાવીને તેના જીવનપ્રવાહને જગતમાં પોતાનું સ્થાન ખોળી લેવાને ફુરો મુકી દેવો એ એમના મનની ધારણા હતી. પરમપદનો સાક્ષાત્કાર કરવાને માટે આ સમયના સર્વ શ્રેષ્ઠ માર્ગ તરીકે જનસેવા પાછળ સર્વભાવે આત્મભોગ આપવાનું તે શિખવતું હતું અને એથીજ કરીને સ્વામી વિવેકાનંદ હિંદના જીવનમાં એક પ્રકારનું નવીન ચેતન રેડી શક્યા છે. ધાર્મિક મનુષ્યોને તેમણે ધર્મને વ્યાવહારિક સ્વરૂપ આપવાનું, તેના

સિદ્ધાંતોને કૃત્રિમ મૂકવાનું અને નતનોડીને જનસમૂહની સેવા કરવાનું કહ્યું છે અને જગતે નેતાઓને તેમણે આધ્યાત્મિકતાના સિદ્ધાંતોને અનુસરીને કર્મ કરવાનું સમજાવ્યું છે કારણકે સ્વામીજી દૃઢપણે માનતા હતા કે અદ્વૈતવાદના સિદ્ધાંતે રહીને કામ કરવાથીજ મનુષ્યો સ્થિર મનના અને કર્મ કરનારને ચીવટપણે પોતાના કાર્યને વળગી રહેશે. આ રસ્તે સ્વામીજીનું તત્ત્વ મનુષ્યના આધ્યાત્મિક વિકાસ અને બુદ્ધિવિષયક સમાધાનને માટે હતું એટલુંજ નહિ પણ તે માનવજાતિનું દુઃખ ટાળવાને અને સંસારની આફતો સામે મનુષ્યને ધૈર્યવાન બનાવવાને માટે પણ હતું.

સ્વામીજીએ કહ્યું હતું કે "ધર્મ જ્ઞાનરૂપી અમૂલ્ય ખજાનો ભરેલો છે પણ મનુષ્યો તેનો ઉપયોગ ન કરે તો પછી એ શા કામનો? એની સાથે આ વાત પણ તેઓ સારી પેઠે જાણતા હતા કે મનુષ્યને પુરતું અન્નવસ્ત્ર મળે ત્યારેજ તેની બુદ્ધિનો અને આત્માનો વિકાસ કરી શકાય. જે દેશમાં મનુષ્યો અર્ધા ભુખ્યા રહે અને તેમનું મન તથા શરીર સદાએ એ ભુખમરો ટાળવાના ઉપાયોમાંજ રોકાઇ રહેતું હોય તે દેશમાં તે આધ્યાત્મિક વિકાસ શી રીતે હોઈ શકે? જ્ઞાનને માટે આપણને અવકાશ અને અનુભવની જરૂર છે. અનુભવને માટે કાર્ય કરવાની જરૂર છે અને કાર્ય કરવા માટે ખોરાક અને તંદુરસ્તીની જરૂર છે.

એ કારણને લીધેજ સ્વામીજીએ કર્મયોગ–સમાજસેવાનો શ્રેષ્ઠ માર્ગ સૌને બતાવ્યો છે. તેઓ પોતે પણ છેવટ સુધી તેજ કાર્યમાં પ્રવૃત્ત રહ્યા છે. રાત અને દિવસ એજ કાર્ય તે કરતા અને કહેતા કે "મારૂં જીવન મારી માતૃભૂમિને અર્પણ કરેલું છે અને જો મારે એક હજાર અવતાર લેવા પડશે તો તે અવતારની પણ દરેક ક્ષણ, મારા મિત્રો! હું તમારીજ સેવામાં અર્પણ કરીશ." દેશમાં

અને ત્યાં દેશમાં આગળ દુઃખી મનુષ્યોની સ્વામીજીના મુખ દીઠાં હતાં. ગરીબ મનુષ્યરૂપે શિવ, અજ્ઞ મનુષ્યરૂપે શિવ, જ્ઞાતિહીન મનુષ્યરૂપે શિવ—એ સર્વેની સેવા કરવાના કાર્યમાં સ્વામીજી પ્રભુ-મય કહેતા. "કામ કરો" એમજ તે અત્યંત પોકારતા. પ્રેમથી કાર્ય કરો, નિઃસ્વાર્થપણે કાર્ય કરો, નિંદા કે સ્તુતિને ગણ્યા વગર કાર્ય કરો એમજ તે કહેતા. આવો કે આપણે કાર્ય કરવામાં કેટલો બધો આનંદ રહેલો છે? કામ મનુષ્યને સ્વતંત્ર કરવાથી શિવ કેટલું બધું હર્ષથી ઉભરાય છે? સ્વામીજી કહેતા કે "આપણામાંના બીજાઓને સુખમાં બનાવવાનું મુખ્ય છે. ઇશ્વરની જાતે છે અને મનુષ્ય કર્મને પેદા કરે છે; કર્મ કદી મનુષ્યને પેદા કરતું નથી. માટે તેઓ કહેતા કે ભારતના ઉદ્ધારને માટે સર્વથી પ્રથમ મનુષ્ય, મનુષ્ય અને સાચા મનુષ્યત્વ આપણને જોઈએ છે."

આ પ્રમાણે ભારતવર્ષની દુર્દશા સ્વામીજીએ પરિચય કરીને જોઈ, પરિચય તેના ઉપાય શોધ્યા, તેના ઉત્કર્ષના વિચારોમાં અને ક્રિયાઓમાંજ તેમણે પોતાનું આખું જીવન ગાળ્યું અને તે છતાં પણ એક બાળકના જેવા નિરભિમાની તે રહ્યા હતા.

જગદંબા પ્રત્યે તે વારંવાર કહેતા કે "મા, મા, તુંજ કર્તા છે. હું તારો ગુલામ છું. તું મને આગળ ધપાવ; તું મને આગળ દોર; તુંજ સર્વસ્વ છે. હું એક બાળક છું. તું મોટામાં મોટી છે. જગતમાં તુંજ તારું કાર્ય કરે છે. તુંજ દુઃખી મનુષ્યરૂપે પણ રહે છે ને તુંજ સેવા પણ કરે છે. તારી ગતિ કોઈથી કળાય તેમ નથી. મારા મનમાં અહંકાર ઉત્પન્ન થવા ન દે. મારે માન અને પ્રશંસા પણ જોઈતાં નથી. મારા ચિત્તને તારાં ચરણ કમળમાં મગ્ન રહેવા દે"

શિકાગોથી લખેલા એક પત્રમાં સ્વામી વિવેકાનંદે લખ્યું હતું કેઃ—"યાદ રાખજો કે ભારતની પ્રજા મહેલોમાં નહિ પણ ઝુંપડાંમાંજ

વમેલી છે અને અફસોસ કે કોઇએ તેને માટે કંઇપણ કર્યું નથી. આપણા આધુનિક સુધારકો વિધવા વિવાહને માટે ભારે ગરબડ કરી રહેલા છે. અલબત્ત, દરેક સુધારા તરફ મારી સહાનુભૂતિ છે, છતાં પ્રજાના ઉદયનું માપ પરિણીત વિધવાઓની સંખ્યા ઉપર રહેલું નથી, પણ તેના સર્વસામાન્ય જનસમૂહની સ્થિતિ ઉપરજ રહેલું છે. તેની સ્થિતિ તમે સુધારી શકશો, તેના હૃદયમાં ઉંડી પ્રવેશી રહેલી ધાર્મિકતાને હણ્યા વગર તમે તેને તેનું ગુમાવેલું વ્યક્તિત્વ પાછું આપી આપી શકશો, ભ્રાતૃભાવ, સ્વાતંત્ર્ય, કાર્ય અને ઉત્સાહમાં આપણે ખરેખરા પાશ્ચાત્ય થવું, પણ સાથે સાથે ધાર્મિક વિચારો અને ભાવનાઓમ તો ચુસ્ત હિંદુજ બની રહેવું, એ તમારાથી થઇ શકશે? એજ કરવાનું છે અને તેને આપણે કરીશું. તમે બધા તે કરવાનેજ જન્મેલા છો. આત્મશ્રદ્ધા ધરો. દૃઢ થયેલી ઉત્તમ ભાવનાઓજ મહાન કાર્યોને ઉત્પન્ન કરે છે. માટે મારા પુત્રો, સદાએ આગળ ધપો. જીવનની દરકાર ન કરતાં ગરીબ પદાક્રાન્ત તરફ સહાનુભૂતિ અને આગળ દર્શાવો. એજ આપણું પરમસાધન છે. એમ કરીને આપણો ધર્મ અને મોક્ષ બન્ને માર્ગ દિપાવો.' "

ઉપરનો પત્ર સ્પષ્ટ રીતે જણાવે છે કે સ્વામી વિવેકાનંદ કેવા પ્રકારના સુધારક હતા. હાર્દિક હૃદયથી તે ખામે ખામ કર્યા હતા અને જનસમુહની સ્થિતિ અને લાગણીઓનો બારીક અભ્યાસ કર્યો હતો. તેથીજ તેમનો સુધારો ઉચ્છેદક ન હોતો. પ્રજાના હૃદયમાં વસી રહેલી ધાર્મિકતાને તે અત્યંત માન આપતા અને ધાર્મિકતાને રસ્તેજ તેનો ઉદય કરવાને તે મથતા. પ્રજાના હૃદયને સમજ્યા વગર, તેના વિચારોને જાણ્યા વગર અને ઘણા કાળથી ચાલી આવતી તેની દંતકથાઓ, અને ભાવનાઓનો અભ્યાસ કર્યા વગર કરવા માગેલો સુધારો કેવળ જનને પરસ્પર વિનાશજ ઉત્પન્ન કરે છે આધુનિક સમયના સુધારકો

વિશેષ આભાર ઉપજાવી શકતા નથી એનું કારણ એજ છે કે તેઓ પોતે ક્રીશ્ચિયન ધર્મ ઉપદેશક મહાત્મા છે અને પ્રજાના મોટા ભાગના ઐહિક અને દુન્યવી વર્તની તેમને માહિતી કે પરવા હોતી નથી; તેમજ હિંદુ ધર્મ અને તત્વજ્ઞાનનું પણ તેઓ પુરેપુરૂં જ્ઞાન મેળવતા નથી. અમેરિકનું દુઃખ જોઈને અને સાંભળીને સ્વામીજીને એટલું બધું લાગી આવતું કે તે વડે ઘણા ઘણીવાર એવુંજ કહેતા પોતાની જીંદગીમાં ફરતા તે જોવામાં આવતા.

ઘણુંએ કહે છે કે સ્વામી વિવેકાનંદ પ્રાચીન આર્યનો મહિમા આગળ મોટેથી ગાઈ બતાવ્યો હતો. પણ ખરેખરી વાત તો એ હતી કે હિંદની આધુનિક અવદશાને માટે હિંદુઓને વારંવાર એમના જેવો ઠપકો આપનાર વિરલાજ હશે. તેમનું લાહોરમાં આપેલું વેદાન્ત ઉપરનું વ્યાખ્યાન વાંચવાથી વાચકોને જણાઈ રહેશે કે સ્વામીજીએ હિંદુસ્તાનમાં અને ધર્મમાં પેઠી ગએલી ખામીઓને કેવી સખતાઈથી ખુલ્લી કરી છે અને હિંદુઓને તેમણે કેવો સખત ઠપકો આપેલો છે; પરંતુ ઠપકો આપવાથી તેમની લોકપ્રિયતામાં વધારોજ થતો હતો. દરેક સ્ત્રીપુરૂષને તે આદર સન્માન આપતા. દરેક લોકો તે સંપ્રદાયવાળાઓ જોતા. દરેક ધર્મ કે પંથના સાધુઓ અને સંતો પ્રત્યે તે માનની લાગણી રાખતા. કોઈપણ ધર્મ કે સંસ્થાની તે નિંદા કરતા ન હતા. કોઈપણ ધાર્મિક ક્રિયા કે આચારની તે અવગણના કરતા ન હોતા. તેમણે કદીએ કોઈના વિચારોને વખોડ્યા નથી, પણ તે વિચારો ધરાવનારને આગળ વધવાનુંજ કહેલું છે. તેમના જેવી સ્વદેશભક્તિ, ધર્મપ્રીતિ તેમજ ચારિત્ર, પાંડિત્ય અને અનન્ય ગુરૂ ભાઈની લાગણી આજે કોઈકજ ધરાવતું હશે. એવા મનુષ્યો ભારતના પ્રેમનું પાત્ર બને એમાં નવાઈજ શી!

સામાજીક સુધારા વિષે સ્વામીજીએ પોતાનો મત નીચે પ્રમાણે

સ્વામીજી મનુષ્યત્વને પ્રાપ્ત કરાવવાના કાર્યને મુખ્ય ગણતા અને તેનેજ તે વધારે મહત્તા આપતા. સ્વામીજીના મત પ્રમાણે જે કેળવણી, જે સુધારો કે સંસ્થા મનુષ્યના હિંમ્યારમાંને બાહેર કરે અને જે જનક, રાનડે, અગસ્ત્ય કે વસિષ્ઠ જેવાને ઉત્પન્ન કરી શકે તેજ સંસ્થા સ્પૃહણીય ગણાય. ગાર્હિત્ય સ્વામીજીનું આદર્શ હતું. તેમને મન આદર્શ ગૃહસ્થાશ્રમી ઋષિજ હતો. ઋષિ એટલે શું? પવિત્ર, પ્રભુપરાયણ અને મહામુનિ અગસ્ત્ય જેવો પરાક્રમશાળી પુરૂષ. આપણાં હિંદુશાસ્ત્રો ગૃહસ્થાશ્રમીના કર્તવ્ય દર્શાવતાં કહે છે કે ગૃહસ્થાશ્રમીએ પ્રભુપરાયણ થવું. જ્ઞાની થવાની ઇચ્છા રાખ્યા વગર તેણે કાર્ય કરવું અને બીજાને મદદ કરવી. તેણે દ્રવ્ય કમાવું પણ અપ્રમાણિકપણે નહિ. તેણે યાદ રાખવું જોઇએ કે તેનું જીવન પ્રભુભક્તિ અને ગરિબ તથા દુઃખીની સેવાને માટે છે. તેણે પોતાની પત્ની સિવાય અન્ય સ્ત્રી સામું જોવું પણ નહિ; તેણે તેનાં સગાં વહાલાંને સહાય અને ગરિબને દાન આપવું; તેણે હમેશાં હૃદયને શુદ્ધ રાખવું; બીજાને મદદ કરવાને તેણે સદાએ તત્પર રહેવું; આખી સમાજના રક્ષક તેણે થવું અને દુઃખીની સેવા કરવી. ગૃહસ્થાશ્રમીનાં આવા આવાં કર્તવ્યોનું હિંદુઓને પુરેપુરૂં ભાન કરાવવું એમાંજ સ્વામીજી ખરી સામાજિક સુધારણા રહેલી જોતા. આધુનિક સુધારકો જે ઉપરચોટીઆ સુધારો કરાવવા માગે છે તેને નાપસંદ કરતા. સુધારકોને તેમણે એકવાર નીચે પ્રમાણે કહેલું છે:—

"સુધારકના કરતાંએ પણ હું મોટો સુધારક છું. તેઓ અમુક આગળનોજ સુધારો કરવા માગે છે અને હું તો મૂળથીજ સુધારો કરવા—મૂળનેજ સુધારવા ઇચ્છું છું. અમે માત્ર પદ્ધતિમાંજ જુદા પડીએ છીએ. તેઓની પદ્ધતિ જુનાની ઉચ્છેદક છે. મારી તેની પોષક છે. હું 'બાહ્ય સુધારો' માનતો નથી; હું આંતર્ વિકાસ માનું છું."

મનુષ્યત્વ પ્રાપ્ત કરાવનારી મુનિવૃત્તિ સ્વીકારી અને વ્યાવહારિક તથા ધાર્મિક કેળવણી ઉપર આપણેજ કાબુ રાખવો.

એક સમયે કેલીફોર્નીઆમાં તેમણે કહ્યું હતું કેઃ—

" આધુનિક શિક્ષણની પદ્ધતિજ ખોટી છે. મન વિચાર કરતાં શિખે તે પહેલાંજ તેમાં અનેક વાતો ભરવામાં આવે છે. જો મારે કેળવણી લેવાની હોય અને મારો તેમાં હાથ હોય તો હું સર્વથી પ્રથમ મારા મન ઉપર કાબુ મેળવતાંજ શિખું. જરૂર હોય તો બીજી વાતોને તેમાં ભરૂં. લોકો પોતાના મનને એકાગ્ર કરી શકતા નથી તેથીજ તેમને અભ્યાસ કરતાં ઘણો વખત લાગે છે. મેકોલેનો ઈંગ્લાંડનો ઇતિહાસ મોઢે કરવા માટે મારે તેને ત્રણવાર વાંચવો પડ્યો હતો, પણ મારી મા તો તે પવિત્ર પુસ્તકને એકજવાર વાંચીને મોઢે કરી નાખતી. લોકો ચિત્તને એકાગ્ર કરતા નથી તેથીજ તેઓને ભમવું પડે છે."

"તમે મને તેવી નવલકથાઓ અને બીજું જે આવ્યું તે વાંચવા મંડી પડો છો. પણ એવું વાચન તમે જેમ થોડું વાંચો તેમજ સારૂં. વાચનના એ બોજાને તમારે આગળ ઉપર મનમાંથી કહાડીજ નાખવો પડે તેમ છે તેવા બોજાથી ચિત્તને શા માટે ભરી દો છો ? ગીતાજીને વાંચો, વેદાન્તનાં બીજાં સારાં પુસ્તકો વાંચો, કેમકે તેની તમારે આખા જીવન સુધી જરૂર છે. "

સ્વામીજી વાચન કરતાં મનનને વધારે મહત્તા આપતા. અનેક પુસ્તકોના ઉપરચોટીઆ વાચન કરતાં એક બે પુસ્તકોના સંપૂર્ણ અભ્યાસ અને મનનનેજ તે વધારે પસંદ કરતા. દરેક બાબતમાં—સંસાર સુધારા કે કેળવણીમાં—તે મૂળનેજ પકડતા અને તેનેજ સુધારવાનો તે યત્ન કરતા. લોકોની સ્થિતિ સુધારવામાં પણ તે તેમના આંતરવિકાસને વધારે મહત્વ આપતા અને લોકોની લાગણીઓ તથા ભાવનાઓને ઉત્તેજન આપીને તે દ્વારાજ તેમનો વિકાસ કરાવવાને મથતા.

કુવાને તેઓ જાણતા, પણ તેનો ઉપયોગ તેમણે કદીએ જાણ્યો નથી.

આપણા પંડિતો આધુનિક પ્રજા ઉપર કોઇપણ જાતની અસર
ઉપજાવી શકતા નથી તેનું કારણ એજ છે કે તેમને અંગ્રેજી સાહિત્યનું
અને વિજ્ઞાનનું જ્ઞાન હોતું નથી. સ્વામી વિવેકાનંદ આત્મતત્ત્વજ્ઞાન
અને ધર્મશાસ્ત્રોના જ્ઞાન ઉપરાંત ઉપરની બંને બાબતોમાં પણ સંપૂર્ણ
હતા; તેથી કરીને તેમનો બોધ સચોટ બની રહેતો. વળી સ્વામીજી
ઘણી ભાષાઓ જાણતા અને બોલી શકતા હતા અને જર્મન
ભાષા પણ તે જાણતા અને પારિસમાં સર્વધર્મપરિષદ્ વખતે તેમણે
ફ્રેંચ ભાષામાં ભાષણ આપ્યું હતું. તે દર્શાવે છે કે ફ્રેંચ ભાષા
ઉપર પણ તેમણે કેટલો બધો કાબુ મેળવ્યો હતો. આમ અનેક
ભાષાઓને જાણનાર, અનેક પ્રજાઓનાં ધર્મશાસ્ત્રો, સાહિત્ય, ઇતિહાસ
અને વિજ્ઞાનમાં પારંગત થઇ રહેનાર સ્વામી વિવેકાનંદ જેવા
વિદ્વાન જ્ઞાની અને વિશાળ હૃદયવાળા મહાપુરૂષ સર્વત્ર વિજયી
નિવડે એમાં નવાઇજ શી? પોતાના દૃષ્ટાંતથી એમણે પંડિતોને
બોધ આપ્યો છે કે બહાર નીકળો; કુવામના દેડકાની માફક બાપદા-
દાના કુવામાં ભરાઇજ ન રહો. આપણી સંસ્કૃતિ સર્વોત્તમ છે એવા
વિચાર માત્રથીજ સંતોષ માની બેસી ન રહો, કારણ કે એવા
વિચારથી બેસી રહેનારી પ્રજાનાં જ્ઞાન અને હૃદય સંકુચિત બની જાય
છે અને આખરે એ પ્રજા જડતાનેજ પ્રાપ્ત કરી રહે છે.

સ્વામીજીનો સ્વભાવ રમુજી અને વિનોદી હતો. સ્વજનોની સાથે
તે રમુજ અને વિનોદ વારંવાર કરતા. પાશ્ચાત્યો એમના એ ગમતી
સ્વભાવને જોઇને આશ્ચર્ય પામતા. તત્ત્વજ્ઞાન જેવા ગંભીર વિષયને
બહુજ ગંભીરતાથી પ્રતિપાદન કરી સભાઓમાં અને ખાનગી બેઠકોમાં
અસંખ્ય મનુષ્યોનાં ચિત્તને હરનાર સ્વામીજી જેવા મહાપુરૂષ રમુજ
ભરેલું બોલતા, ખડખડ હસતા અને કોઇની રમુજ કરતા જોઇને

ઘણા લોકો વિસ્મય પામતા. તેમને એમજ થતું કે એકજ વ્યક્તિમાં રોગ અને જ્ઞાનનું ગાંભીર્ય બંને શી રીતે હોઇ શકે? સ્વામીજીનો રોગ સદાએ નિર્દોષ હતો. ગમ્મતની ખાતરજ તે ગમ્મત કરતા. સચ્ચિદાનંદ -બ્રહ્માનંદમાં રમમાણ થઇ રહેનાર સ્વામીજીને મન સર્વત્ર આનંદજ વ્યાપેલો લાગતો અને એ આનંદનો સ્થૂલ આવિર્ભાવ ક્વચિત્ ક્વચિત્ રોગમાં પણ થઇ જતો. પશ્ચિમમાં એક સ્ત્રીએ તેમને પૂછ્યું હતું કે "હિંદુ સ્ત્રીઓ બાળકોને ગંગામાં ફેંકી દે છે, એ વાત ખરી કે?" સ્વામીજીએ હસતે મુખે તેનો જવાબ આપ્યો હતો કે "હા. ખરી વાત. મને પણ ગંગામાં ફેંકી દેવામાં આવ્યો હતો, પણ હું તો એવો જબરો કે તરીને બહાર નીકળી આવ્યો અને જુઓ આ તમારી આગળ ઉભો છું!" એમ કહીને તે ખડખડ હસી પડતા હતા.

ભાષણકર્તા તરિકે પણ સ્વામીજી અસાધારણ યોગ્યતા દર્શાવતા. બીજા ભાષણકર્તાઓ કરે છે તેમ તે કોઇપણ દિવસ વિષયની નોંધ પહેલેથી કરી રાખતા નહિ. તેમને અરજ કરવામાં આવે કે તરતજ તે કોઇપણ વિષય ઉપર ભાષણ આપતા અને તેમાં કોઇ વખત પણ પુનરૂક્તિનો દોષ આવતો નહિ. હમેશાં તે કંઇને કંઇ નવુંજ કહેતા. ભાષણ થઇ રહ્યા પછી સવાલો પૂછવાની તે છુટ આપતા. એકવાર સભામાં તેમને ઘણા પ્રશ્નો પૂછવામાં આવ્યા, તેથી એક મનુષ્યે કંટાળો આણીને સૌને તેમ નહિ કરવાને કહ્યું, પણ સ્વામીજીએ પોતાના ગભીર સ્વભાવથી હસતે મુખે જવાબ આપ્યો કે "તમારે જેટલા પૂછવા હોય તેટલા પ્રશ્નો પૂછો; જેમ વધારે પૂછશો તેમ વધારે સારૂં. હું તેને માટેજ અહીંઆં ઉભો છું. તમે બરાબર સમજશો નહિ ત્યાં સુધી હું પણ તમને જવા દઇશ નહિ." એ સાંભળીને સભામાં ઘણીજ હસાહસ થઇ રહી. જે વિષય હોય તે શ્રોતાઓને બરાબર સમજાવવો એ એમનું કાર્ય હતું. એ કાર્યમાં એમનો જોડો વિજય

કેટલેક અંશે ખ્યાતિ પ્રાપ્ત કરી હતી. વેદાન્ત જેવા ગહન વિષયને સાધારણ બુદ્ધિમાં પણ ઉતરે એવો કરી મૂકવો એ અદ્ભુત કાર્યને તે શક્ય કરી શક્યા હતા. સ્વામીજી કહેતા કે "ભારતવર્ષના લોકો મને કહે છે કે શું? અદ્વૈત વેદાન્ત બધા લોકોને સમજાવાતું નહિ. કેમકે સર્વથી તે સમજી શકાતું નથી. હું કહું છું કે નાના બાળકને પણ હું તે સમજાવી શકું તેમ છું. ઉચ્ચ આધ્યાત્મિક સત્યો તો મનુષ્યને જેમ વહેલાં શિખવવામાં આવે તેમજ વધારે સારું છે."

એકવાર એક સભામાં કાર્ય પુરું થયા પછી તેમણે ઉભા થઇને કહ્યું હતું કે:—

"આવતી કાલે હું "મન અને તેની શક્તિઓ" ઉપર ભાષણ આપીશ. વળી હું કેટલાક લોકોના રોગો પણ ફેડીશ." એમ કહેતે કહેતે તે હસતે મ્હોંએ સઘળા શ્રોતાઓ તરફ જોવા લાગ્યા. પછી પોતાનો હાથ ઉંચો કરીને તેમણે કહ્યું કે "આવજો, તેથી તમને ફાયદો થશે." બીજે દિવસે ભાષણમાં ઉભા રહેવાની પણ જગ્યા રહી નહિ. મનોબળ પ્રાપ્ત કરવાને માટે બ્રહ્મચર્યની ખાસ જરૂર દર્શાવ્યા પછી એ ભાષણમાં અમેરિકનો તરફ અનેક કટાક્ષ તેઓ કરવા લાગ્યા. તેમણે કહ્યું કે "એક જુવાન હિંદુ અહીંઆ—અમેરિકામાં મને મળવાને આવ્યો હતો. એકેક વર્ષથી તે અહીંઆ રહે છે. તેનું શરીર ઠીક નહિ રહેતું હોવાથી અમેરિકાના ડાક્તરોએ તેને સલાહ આપી છે કે હેણે બ્રહ્મચર્યનો ભંગ કરવો; કારણકે તેઓ એમ સમજે છે કે બ્રહ્મચર્ય પાળવાથી શરીરને નુકશાન થાય છે. મેં તો તેને હિંદમાં પાછા જવાની અને સૈકાઓથી બ્રહ્મચર્ય પાળી રહેલા તેના બાપદાદાનાં વચનોને અનુસરવાનીજ સલાહ આપી." એટલું કહીને સ્વામીજી બહુજ કંટાળા ભરેલે મ્હોંએ કહેવા લાગ્યા કે, "આ દેશના ડાક્તરો, તમે એમ ધારો છો કે બ્રહ્મચર્યનું પાલન કુદરતની વિરૂદ્ધ છે. પણ તમે

[illegible] સ્વામી વિવેકાનંદે [illegible]

[illegible]

[illegible]

નિહાળે છે; જે આ આત્માના નિત્ય પ્રતિષ્ઠિત થતા પ્રદેશમાં એ પરમ સત્યનેજ જોઈ શકે છે તેમને જ નિત્ય સુખ અને શાંતિ છે; બીજાને નહિ; બીજાને નહિ.'

एको वशी सर्वभूतान्तरात्मा
एकं रूपं बहुधा यः करोति ।
तमात्मस्थं येऽनुपश्यन्ति धीरा-
स्तेषां सुखं शाश्वतं नेतरेषाम् ॥
नित्योऽनित्यानां चेतनश्चेतनानां
एको बहूनां यो विदधाति कामान् ।
तमात्मस्थं येऽनुपश्यन्ति धीरा-
स्तेषां शान्तिः शाश्वती नेतरेषाम् ॥

કઠોપનિષદ-અ-૨, વલ્લી-૨, મંત્ર ૧૨-૧૩.

આપણ આર્ય જે પરમ હિતાવહ અને મહાન સત્યોને આપણું અનુપમ વેદાન્ત શિખવી રહેલું છે, તે સત્યોનું ભાન હિંદુ પ્રજાના હૃદયમાં ફરીથી જાગૃત થાઓ! ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ

સમાપ્ત.